Registered No. B. 525.

ॐ

# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૬.) માર્ગશિર્ષ, વીર સંવત ૨૪૩૬. જાન્યુઆરી સને ૧૯૧૦. (અંક ૧ લો.

प्रकट कर्त्ता.
श्री जैन ( श्वेतांवर ) कॉन्फरन्स ऑफिस, मुंबई.

## विषयानुक्रमणिका.

| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| મારૂં ગત વર્ષ ... | ૧ |
| ારી દયા કેમ થાય ? ... | ૩ |
| Vegetarian Prize carry written by a Mahomedan. માંસના ખોરાક વિરૂદ્ધ એક મુસલમાન વિદ્વાનનો અભિપ્રાય. ... | ૩ |
| ર્હૂમ વીરચંદ રાઘવજી ગાંધી ... | ૭ |
| ુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરપું અને વર્તમાન જૈન સાહિત્ય ... | ૧૧ |
| ૬ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક છનામી પરીક્ષાના સવાલ ... | ૧૬ |
| ી સુકૃત ભંડાર ફંડમાં આવેલી રકમ. ... | ૨૪ |
| ી સુકૃત ભંડાર ફંડ. ... | ૨૫ |
| ा सो मेरा ... | ૨૬ |
| ીતિની કેળવણી ... | ૪૯ |

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १-४-०

श्री 'जैन' प्रिन्टिंग वर्कस कि. १२ वेंकसिट मुंबई.

श्री महावीर जैन आराधना केन्द्र कोबा

## કોન્ફરન્સ ઓફિસમાંથી વેચાતાં મળતાં પુસ્તકો.

### શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ—પ્રથમ ભાગ.

આ પુસ્તકમાં ગુજરાત, કાઠિઆવાડ, કચ્છ અને મારવાડ દેશના દેરાસરોની (ઘર દેરાસર સુદ્ધાંત) હકીકત આપવામાં આવેલી છે. મુંબાઇની કોન્ફરન્સ ઓફીસ તરફથી મહાન ખર્ચ કરી શરૂ કરવામાં આવેલ ડીરેકટરીના અમૂલ્ય તેમજ પ્રથમ ફળ રૂપે આ પુસ્તક જૈન સમાજના હિતને માટે બહાર પાડવામાં આવેલ છે. હિંદુસ્તાનમાં આવેલ આપણું પવિત્ર ક્ષેત્રોની યાત્રા કરવા જનાર જૈન ભાઇઓને આ પુસ્તક એક સુંદર ગાઇડ (ભોમિયો) તરીકે થઇ પડવા સંભવ છે. આ પુસ્તકમાં જુદા જુદા કોલમો પાડી દેરાસરવાળા ગામનું નામ, નજીકનું સ્ટેશન યાને મોટા ગામનું નામ તથા તેનું અંતર, દેરાસરનું કેણ, બાંધણી વર્ણન, બંધાવનારનું નામ, મૂળનાયકનું નામ, બંધાયાની સાલ, પ્રતિમાજીની સંખ્યા, નોકરોની સંખ્યા તથા મકાનની સ્થિતિ વિગેરે તમામ હકીકત સવિસ્તર દાખલ કરવામાં આવી છે. આ પુસ્તક રૉયલ સાઇઝ ૨૬૦ પાનાનું સુંદર કપડાનાં પુંઠાથી બંધાવેલું છે. બહાર ગામથી મંગાવનારને વી. પી. થી મોકલવામાં આવશે. મુલ્ય ફકત રૂ૦ ૧–૮–૦ રાખવામાં આવેલ છે.

---

## ખાસ સુચના.

અમારા સુજ્ઞ ગ્રાહકોને જણાવવાની રજા લઇએ છીએ કે અત્યાર સુધી હેરલ્ડ માસિકના લવાજમનો રૂ. ૧) લેવામાં આવતો હતો, તેથી આ માસિકને અંગે કોન્ફરન્સને નુકશાની ભોગવવી પડી છે. તો હવે ચાલુ વર્ષથી લવાજમ રૂ. ૧) ને બદલે રૂ. ૧–૮–૦ ટપાલ ખર્ચ સહિત રાખવામાં આવેલ છે. તો અત્યારસુધી જેવી રીતે જે ગૃહસ્થોએ આ માસિકના ગ્રાહક થઇ આશ્રય આપ્યો છે તેવી રીતે હવે પછી પણ તેઓ સાહેબ ગ્રાહક તરીકે કાયમ રહી અમને આભારી કરશે એવી નમ્ર વિનંતિ છે.

આસીસ્ટંટ સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતાંબર કોનફરન્સ.

---

**તૈયાર છે!** **તૈયાર છે!!** **તૈયાર છે!!!**

## કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવલિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષય ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા, સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત્, હાલ ક્યા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારું આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફૂટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ટ, ગ્રંથ કર્તા અને પૃષ્ટ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપુર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સભામંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. ૩–૦–૦.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन (श्वेताम्बर) कोन्फरन्स हेरल्ड.

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ।
*सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो*
वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥

**ભાવાર્થઃ**—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ છે. વળી આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે. જ્ઞાનના મહાસાગર એવા તે જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે એજ આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તેજ પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

પુસ્તક ૬.) માર્ગશિર્ષ, વીર સંવત્ ૨૪૩૬. જાન્યુઆરી, સને ૧૯૧૦. (અંક ૧.

## મારૂં ગત વર્ષ.

મારૂં પાંચમું વર્ષ મારા પ્રકટકર્તાની દેખરેખ નીચે કેવી રીતે પસાર થયું તેનો ટુંક હેવાલ આ નવીન વર્ષના આરંભ સમયે જૈન પ્રજા સમક્ષ રજુ કરવો તે યોગ્યજ ગણાશે.

ગત વર્ષના શરૂઆતના અંકમાં જણાવ્યા પ્રમાણેજ મારૂં જીવન એક વર્ષ સુધી બરાબર પસાર થયું છે. ધર્મનીતિની કેળવણીને લગતા ઉપયોગી વિષયો, પાંજરાપોળના રીપોર્ટ તથા પાંજરાપોળોને ઉપયોગી લેખો મારા પંચમ વર્ષ દરમિયાન મારાં પૃષ્ઠોમાં પ્રસિદ્ધ થયેલ છે. મારા વાંચકોને હરેક રીતે સંતોષ આપવા મેં યથાશક્તિ પ્રયાસ કરેલો છે. પ્રાસંગિક નોંધમાં કોન્ફરન્સ ઓફીસ સંબંધી સર્વે હકીકતો પ્રજાની જાણ માટે નિયમસર આપવામાં આવતી હતી. તદુપરાંત અનેક ઉપયોગી વિષયો મારા પાનામાં ચર્ચાઇ જૈન કોમમાં અગત્યની ચળવળ જારી રાખી છે.

પ્રથમ ગત વર્ષના અંગ્રેજી વિષયોની પર્યાલોચના કરતાં મારે જણાવવું જોઇએ કે ધી જૈન ગ્રેજ્યુએટસ એસોસીએશન, નૈતિક અને ધાર્મિક કેળવણીને લગતા ફ્રોબેલના મૂળતત્વો, શુદ્ધ કેળવણી, પ્રજાકીય જીંદગીમાં સ્ત્રીઓની જગ્યા, જૈન બાંધકામ, હિંદુસ્તાનને અરજીઓ,

કેળવણીના આધુનિક ખ્યાલ ઉપર ટુંક નોંધ, આપણાં મકાનો, ધર્મ વિજ્ઞાન સંવાદ અને જૈન ધર્મ એ સર્વે વિષયો ખરેખર મનન કરવા લાયક છે. વાચક વર્ગને જોકે અંગ્રેજી આદિ આટલા વિષયો સંતોષ આપશે નહિ, પરંતુ તેને માટે હું દિલગીર છું. કારણ કે મારી કૃતેહનો મુખ્ય આધાર મારા લેખકો ઉપર છે અને મારે આ પ્રસંગે ભૂલવું નહીં જોઇએ કે મારા અંગ્રેજી લેખકો બહુ જૂજ છે અને તે પણ જવલ્લેજ લખે છે તો પણ નિરાશ નહીં થતાં હું આ જુજ પણ વધતા જતા અંગ્રેજી લેખકોને પ્રાર્થના કરીશ કે તમારી લેખિનીનો સદુપયોગ કરશો અને તમારા સુલેખોથી મને અલંકૃત કરશો.

હિંદી લેખો પરત્વે લખતાં અફસોસ જણાવ્યા વગર છૂટકો નથી. આપણામાં હિંદી લેખકો ઘણાજ છે પરંતુ તેઓ ભાગ્યેજ મારામાં પોતાના લેખો મોકલતા હશે અને તેથી મારા હિંદી ગ્રાહકોને અસંતોષ થાય એ સ્વાભાવિક છે. તોપણ હું તેમને પણ આ સ્થળે વિનંતિ કરીશ કે આપ જરૂર આપના સરસ લેખો મોકલી મને શોભાવશો અને વધારે ઉપયોગી બનાવશો, અને જે ગૃહસ્થોએ થોડાક પણ લેખો મોકલ્યા છે તેઓનો આ સમયે આભાર માનું છું

હવે ગુજરાતી વિષયોના અંગે લખીએ છીએ. ગુર્જર ભાષામાં લખાએલા અનેક સુંદર લેખો મારા ગત વર્ષના જીવન દરમિયાન ચર્ચાયેલા છે. રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ. એલ એલ. બી. નો હાનિકારક રીતરીવાજોનો લાંબો પણ બોધદાયક અને અસરકારક લેખ મારા વાંચનાર સજ્જનો પુનઃ વાંચી સાર ગૃહણ કરશે તો ખરેખર આપણા જૈન કોમને અનેક લાભો થવા સંભવ છે. તદુપરાંત શ્રી સંઘની એકત્ર સત્તા શું છે, ચતુર્વિધ સંઘ, પ્રાચીન શિલાલેખો, શેઠ સાહેબો તેમજ વિદ્વાનોને ખૂલ્લા પત્રો, ધર્મનીતિની કેળવણીના સર્વે વિષયો, નામદાર ગાયકવાડનો સંદેશો, પાંજરાપોળની હાલહવાલ સ્થિતિ અને તેમાં કરવો જોઇતો સુધારો, સુકૃતભંડારનું યશોગાન, જૈનોનો ઉદય ક્યારે થશે, જૈન કોન્ફરન્સ, અને સુકૃતભંડારફંડ, શ્રીમાન હરિભદ્રસૂરિ અને વર્તમાન જૈન સાહિત્ય આદિ વિષયો આપણી કોમ માટે ઘણાજ ઉપયોગી હોવાથી હું મારા વાંચકોને પુનઃ વાંચવા ભલામણ કરીશ.

શ્રી અંતરીક્ષજીના કેસ વખતે પણ મારા ગ્રાહકોને વખતસર સમાચાર આપી આપણા જૈન ભાઈઓની મારાથી બની તેટલી સેવા મેં કરી છે તેમજ શ્રી ગિરનારજી કેસને અંગે બીજા પત્રોમાંથી ઉતારા લઇને મારા વાંચક વર્ગને સંતોષવા પ્રયાસ કરેલો છે.

પ્રાસંગિક આટલું લખાણ કર્યા પછી ગ્રાહક તરીકે કાયમ રહેવા તથા અન્ય ગ્રાહકો વધારવા તેમજ લેખક વર્ગને નિયમિત પોતાના લેખો મોકલવા અને અન્ય લેખકને લખવાની પ્રેરણા કરવા વિનંતિ કરી મારૂં કર્ત્તવ્ય બજાવવાને હવે હું નવીન વર્ષમાં પ્રવેશ કરૂં છું.

છેવટમાં પરમકૃપાળુ પરમાત્મા પ્રત્યે એટલીજ પ્રાર્થના કરવાની છે કે દરેક જૈન બંધુ કર્ત્તવ્ય પરાયણ થતાં શીખે, સર્વત્ર શાંતિ તથા સંપ પ્રસરે અને જૈનકોમ ઉન્નત દશાને પામે. તથાસ્તુ.

# ખરી દયા કેમ થાય?

સન ૧૯૦૮ માં અત્રેની ઇસલામ હાઇસ્કુલમાં જીવદયાના શિક્ષણાર્થે મી. લાભશંકરની સુચના ઉપરથી શેઠ મગનલાલ કંકુચંદ મારફતના-જીવદયા ખાતામાંથી રૂ. ૫૦) મોકલી આપવામાં આવેલ, અને નિબંધો લખાવવાનું નક્કી કરેલ. તેમાં ૪ અંગ્રેજી લેખો લખાયા. તે શ્રી કોન્ફરન્સ ઓફીસ મારફત શેઠ મોતીલાલ જમનાદાસ સેવકલાલ જે. પી. તથા ડો. ત્રિભુવનદાસ લ્હેરચંદ એલ. એમ. એન્ડ એસ. ને પરીક્ષકો નીમી તપાસાવ્યા જે પૈકી મી. એસ. વી. પઠાણ નામના એક મુસલમાન બંધુ તે વખતે એલ એલ. બી. ના અભ્યાસી હતા (હાલ પાસ થયા છે) તેઓનો નિબંધ સર્વોત્તમ લખાયેલો જાહેર કર્યો છે. પરીક્ષકોના જણાવવા પ્રમાણે તે ગૃહસ્થને ૧ લું ઇનામ અને બીજાઓને અનુક્રમે ઇનામ વહેંચી આપવાને ઇસલામહાઇસ્કુલના સેક્રેટરી સાહેબને લખી જણાવ્યું છે. આ નિબંધની ઉત્તમતા માટે મી. લાભશંકર કે જેમણે પણ આખો નિબંધ વાંચી ઘણીજ પ્રશંસા કરી છે તેમણે કોન્ફરન્સને આવા પ્રકારની હીલચાલ ચાલુ રાખવા મજબુત ભલામણ કરેલ છે. તેથી તેવા ઉપયોગી નિબંધને આ માસિકમાં પ્રકટ કરવા જરૂર વિચારી છે. જે વાંચકોને સંપૂર્ણ મનન કરવા ભલામણ કરવી અયોગ્ય કહેવાશે નહીં.

લી०

તા. ૧૦-૧-૧૦
પાયધુની, મુંબઇ.

**લલ્લુભાઇ કરમચંદ દલાલ.**
ઓનરરી સેક્રેટરી જીવદયા કમીટી
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ

## VEGETARIAN PRIZE ESSAY WRITTEN BY A MAHOMEDAN.

### માંસના ખોરાક વિરૂદ્ધ એક મુસલમાન વિદ્વાનનો અભિપ્રાય.

Eating is for living and praying.
(While) thou believest that living is for eating.

God created man for the execution of a special mission which, it ought to be his duty to carry out to the best of his abilities. That mission may succintly and most appropriately be described in the word of a Hindustani Poet.—

God created man for sympathising with others;
Otherwise there was no lack of angels to sing his praises.

The Fulfilment of this duty *viz* to be kind to those around us, be they rational or irrational creatures, should be our aim and object and our thoughts ought always to be engaged in devising means which would enable us to accomplish it. In this paper I do not propose to discuss in detail the various avenues which lead to this coveted garden, but will take only one of them and show that it is possible for man to live without doing any harm to other creatures inhabiting this infinitesimally small portion of the all-pervading Kingdom of God.

A machine works fast or slow according as the energy received by it is greater or less; similarly man is active or inactive, religious or irreligious, kind or cruel according as his surroundings and food are virtuous and pure or vicious and impure. Our movements, our deeds nay our very thoughts are influenced by the food we eat. We should therefore find out the food-stuffs, which, while satisfying the needs of the body, will also help us to be in tune with the infinite. It often happens that man remains ignorant of the most essential things, while he stuffs his brain with trifles. He pays much more attention to things ornamental than to things useful. Instead of cultivating good physique which is of great importance to him in self defence, he wastes away his time and energy in ephemeral pleasures. So also it is with diet.

It is universally acknowledged that the question of diet is the most important and that it ought to be carefully studied, yet how many are there who have given even a moment's reflection to this all important subject. We are every day extremely anxious to know about anarchy in Persia, the wiles of Russia, the *Pros* and *cons* of the American tariff and take the first opportunity to enlighten ourselves on these points, but we display the most astonishing aversion to spend even a second of our thus most properly utilized time in reading books on hygeine or diet. It is not only to common men that this blissful ignorance about diet is confined, but it encircles within its folds a majority of the learned professors of the healing art also.

How this deprecable neglect of the most useful branch of science has led to pernicious results I shall later on try to show. For the present, I shall consider the ingredients required for making up the wear and tear of the body and the up-keep of the human frame. Dr. Lyons in his excellent treatise on Medical Jurisprudence shows that an adult at work, requires on the average per day 30 to 45 grains of nitrogen per 1 lb. of body-weight; 1 to 3 ounces of fat, ¼ to ½ an ounce of salt, 3 to 6 pints of water and one grain of carbon to 15 grains of Nitrogen. Nitrogen is required for forming flesh, building

muscles and producing strength.. Carbon produces heat and supplies energy; fatty matter sustains and nourishes the nervous system and provides heat also and salt produces the chemical action by the aid of which proteid and other substances are dissolved. The accompanying table taken from Dr. Lyon's book indicates the proportion in which principal food-stuffs supply these ingredients.

A cursory glance at the table will reveal that pulses and other cereals supply Nitrogen and carbon—the two chief and most necessary ingredients in a greater quantity than does Mutton. Besides the flesh of the healthiest of animals contains parasites which defy observation by the most precise microscope. In order to destroy these germs each particle of flesh should be subjected to uniform heat of 215° F. H. which in every day cooking seems utterly impossible nor are we sure the healthiest of animals will be slaughtered, because the prevalence of various diseases amongst these animals leaves only a small percentage immune; so much so that 90 per cent of the late Queen Victoria's dairy cows were, on inspection, found to be suffering from tuberculosis. If this is the condition of those animals which are in model farms, what must be the state of those improperly housed and less cared for. Tuberculosis, anthrax, cancer, foot and mouth diseases are common among beasts whose flesh is used as food by a majority of Creophagists.

The love of gain which is the dominant passion in man compels butchers to import meat of emaciated and lean animals. Those who are regular readers of the Times of India must have noticed the frequent prosecutions of butchers and other persons for illicit importation of meat in Bombay. One morning we read that a diseased buffalo's meat was secretly brought in the market, the next one hails us with the unpleasant news that a donkey's flesh was smuggled in Bombay and on the third "The skill of a detective who caught a butcher selling dog's flesh in open market" writ in bold types attracts our attention. These abominable practices are not particularly confined to India alone; the civilized countries of

urope and the continent of America labour under the same sadvantages. Not very long ago the gifted author of the Jungle" exposed the scandalous mismanagement in the meat icking factories of Chicago which created a stir in the civized world.

The instantaneous killing of an animal by cutting its roat leads to a sudden cessation of the movement of the heart id so the machinery which purified food—raw food eaten by the iimal—is stopped once for all and the limbs of the animal which main quivering for hours draw their supply from the unpurified od remaining in the belly of the dead animal. The uric acid ontained in the food was formerly thrown out by the kidneys, e lungs and other excretory organs, but they are stopped ith the action of the heart and the Uric acid remains in the rcass rendering the whole flesh poisonous. To this must be lded the poison introduced by poisonous herbs eaten by easts and the additional quantity of Uric acid to be found in the sh itself. It is true that certain organs of man have got the wer of destroying germs and removing poison; but the cessive demand made on them renders them ineffete. The sh-juice introduced in the body paralyzes the white blood rpuscles which are germicides and deprives the blood-serum its alkalinity which frees blood from parasites. The liver so suffers from exhaustion and so dyspepsia sets in.

Under these circumstances, it is not surprising if a reophagist suffers from many harassing maladies. The Uric id gives rise to rheumatism, gout, mental disturbances and irious other diseases. Lenham says that animal diet raises e proportion of fibrine in human-blood, causing thereby ieumonia and Rheumatism. The remedy for many of these seases is in total abstention from flesh-diet. In Rheumatism id gout, simple vegetable food, and dried fruits are prescribed diet for the patient. The classic treatment of scurvy was give to the patient fresh fruits and vegetable diet. Children iowing a tendency toward consumption are absolutely ebarred from tasting flesh-diet.

# મહુંમ વીરચંદ રાઘવજી ગાંધી.

''સીંચ્યું નેને જગપર અમી, મીઠડાં વેણુ વાઇ
ભેદ્યાં ગાઢાં જીવનતિમિરો, અન્તરો દુઃખ છાયી;
શીળી કૂંળી પ્રણયલ હરી ઉરકુંજે સુહાતી,
+ × × ×
ઝૂલ્યાં ઘેરાં જગત ઝૂલડે, આશ ભિતિ અનેરાં,
જીવ્યાં વર્ષો સુખદુઃખ ભર્યાં જીંદગીનાં ઘણેરાં,
પહેર્યાં પ્રેમે રજની વસનો અન્યનાં પાપ ભીનાં
ને સૌજન્યે ન્હવાડયાં મનુજ દુઃખ દહ્યાં, પ્રીતિ કુંડે હૃદેનાં.
* * * *

આશરે બારેક વર્ષ ઉપર કેશરીઆ વાઘામાં સજ્જ થએલા નરના દર્શન પછી થએલા સંકલ્પના સિદ્ધિ આજે પણ થતી જોઇ સ્વાભાવિકજ આનંદ ઉદ્ભવે એ સર્વ કોઈની અનુભવ સિદ્ધ વાર્તા છે.

પ્રભુ અને પ્રભુભક્ત, સજ્જન અને મહર્ષિ, રાજવીર, રણવીર, અને ધર્મવીરની જનેતા, ગુણવંતા ગિરનાર અને સુંદર શત્રુંજયથી સોહાતી સૌરાષ્ટ્રના ભાવનગર સંસ્થાનના મહુવા ગામે એક રંક માતાની ગોદમાં આજથી લગભગ ૪૫ મે વર્ષે મહુંમ ખેલતા હતા; તે વખતે ભાગ્યેજ કોઇએ કલ્પના કરી હશે કે આ રંક માતાપિતાનો પુત્ર ''રંકના રત્ન ''તરિકે ઓળખાશે.

ઇંગ્રેજી સત્તાનું પરિબળ સૌરાષ્ટ્રમાં વધ્યેજ જતું હતું. પૂરાણા જાતીય ખમીરનો તિરોભાવ થતો હતો, હિંદુસ્તાનના પાટનગરોમાં સુધારાની ઘોષણા વધ્યેજ જતી હતી, પ્રવૃત્તિ નિવૃત્તિના પડઘા સર્વત્ર સંભળાતા હતા, કેળવણી માટે પ્રયત્ન ચાલુ થયા હતા, યુનિવર્સિટીની સ્થાપના થઇ ગઇ હતી, મહારાજા લાયબેલ કેસના નરવીર અગ્રેસરની કથા વાર્તા સર્વેને તાજીજ હતી; રાજારજવાડામાં દેશાટણનો પ્રચાર આરંભાયો હતો. તેમ કેળવણીની અમી છાંટ મોટાં મોટાં ગામોમાં નંખાઇ હતી. મહુવા એ સૌરાષ્ટ્રના સુધારકોની જનેતા છે. તેમજ વેપાર ઉદ્યોગને લઇ વસ્તી પણ વધુ હોવાથી, મહુંમને શિક્ષણનો પાસ જલદી લાગ્યો.

ગ્રામ્ય ધોરણાનુસાર કેળવણી પ્રાપ્ત કરી, "પુત્રના લક્ષણ પારણામાંથી જણાય" તદ્દવશાત્ વીરચંદના સંબંધમાં થયું. સ્વાભાવિક બુદ્ધિબળ અને ચાંચલ્ય સર્વના જાણ્યામાં આવ્યાં, ગમે તેમ કરી અંગ્રેજી શીખવુંજ જોઇએ. બાર વર્ષના બટુકની જીજ્ઞાસા તૃપ્ત થઇ અંગ્રેજી શીખવાનો પ્રસંગ મળ્યો, શૈશવ, કૌમાર પછી તરૂણાવસ્થાના પ્રારંભમાં તો પ્રવેશક ( Matric ) પરીક્ષામાં માન સાથે પસાર થયા. અને એક શિષ્યવૃત્તિ સંપાદન કરવાને યોગ્ય ગણાયા. શિષ્યવૃત્તિ મળતાં, કોલેજનો અભ્યાસ આદર્યો; એક પછી એક સંકલ્પની સિદ્ધિ થતાં કોનામાં ઉલ્હાસ ન ઉદ્દભવે. વિદ્યાલયમાં એક ઉત્તમ વિદ્યાર્થી તરીકે પંકાતા, છેવટ: બી. એ. ની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા.

હિંદુસંસારની એક મુશ્કેલી, અદ્યાપિ પર્યંત વિદ્યાર્થીના લલાટે ચહોંટીજ રહી છે, બાળલગ્ન સાથે વિદ્યાર્થીને શિરે આવી પડતો કુટુંબભાર અનેક ઉગતી આશાને લુપ્ત કરે છે, આ સ્થિતિમાં આ ચરિત્રના નાયક પણ સપડાયા. રંક માતાપિતા અને કુટુંબનું પોષણ કરી આગળ અભ્યાસ કરવો એ મહા વિકટ કાર્ય છે. છેવટ અનેક વિચાર કરી નોકરી સ્વીકારવી એ નિર્ણય થયો અને એક સોલીસીટરની પેઢીમાં દાખલ થયા.

જીવનનો મન્થનકાળ હતો. અને આ મન્થનકાળમાં અનેક વિચાર અને તરંગની પરંપરા દરેક જુવાનના મગજને ડોલાવે છે. મર્હુમ સાક્ષર શ્રી નવલરામ એ સંબંધમાં આ-લેખે છે કે,, "અને એનું મન પહેલ વહેલુંજ જુવાનીને ચકડોળે ચડયું હતું, બધા મા-ણસની જીંદગીમાં આ સમય કાંઇ કારમોજ કહેવાય છે. એ સમે પહેલાં નહી અનુભવેલી એવી અનેક ઇચ્છાઓ ઉત્પન્ન થાય છે આત્મા ચગડોળે ચડેછે, અને છેવટે જે સ્થાયી વલણ તે લે છે તેની ઉપરજ ઘણો ખરો આખા ભવના અને પરલોકના પણ સુખ દુઃખનો આધાર રહે છે. આ આત્મમંથનમાંથી વિવેક રત્નો પણ નીકળે અને ઝેર પણ નીકળે × × × આપણામાં ૧૬થી ૨૫ વર્ષ સુધીનો વખત સાધારણ રીતે ગધ્ધાપચીસી કહેવાય છે અને જો તે માણુસને વિષયની ગધ્ધાઇમાંજ ડુબાવી મારે તો તે નામ ખરૂં છે પણ આ સમયે સ્ત્રી વાસનાનોજ ઉદય થાય છે એમ નથી. આ સમે આત્માની મહેચ્છાઓ વ્યક્ત થઇ પ્રવૃત્તિ શોધેછે. આ સમે જેટલો સ્ત્રી વાસનાનો તેટલોજ પરાક્રમ કરવાનો કે નામાંકિત થવાનો જુસ્સો પણ આત્માને ડોહોળી નાંખે છે. × × + × તેમજ પ્રસિધ્ધિની ઇચ્છાઓ કોઇને ધેલાઇ ને પતરાજી કરવા, કોઈને ધનપ્રાપ્તિ કરવા, કોઈને માન મર્તબો મેળવવા અને કોઇને વિદ્યા, ધર્મ કે યુદ્ધનાં પરાક્રમો કરવા પ્રેરે છે, છેલ્લા વર્ગના પુરૂષોમાં આ લાગ-ણી પર્યંતે નિર્મળ વિદ્યાભક્તિ, ધર્મભક્તિ કે દેશભક્તિમાં કૈવલ્યને પામે છે. ઘણાંમાં તો પ્રેમને શૌર્ય એ બંને વૃત્તિઓ પચીશ વર્ષની ઉમ્મર સુધીમાં શિથિળ થઇ જઈ તેમને માત્ર દુનીયાદારીનાં માણુસ બનાવે છે. કમાવું, કુટુંબને પોષવું અને બે પૈસા મળે તો ખર્ચી તેમને જાત-માં સારા કહેવડાવવું એજ આ કાળમાં સાધારણ હિંદુઓ પોતાનું કર્તવ્ય સમજે છે. એથી ઉચ્ચ લાગણીઓ આ કે પરલોકની ક્વચિતજ જોવામાં આવે છે. અગરજો સ્વધર્મ શ્રધ્ધા મોઢે તો અપ્રવૃત્તિ કાળે બહુ બોલાય છે."

મર્હુમ વીરચંદના અંતરમાં વિદ્યા, સત્સંગ, વાંચન, અને દેશકાળની પ્રવૃત્તિથી અનેક શુભ વાસના સ્ફુરેછે. અને પોતાના કૂળ ધર્મી જૈનોને માટે પોતાનું જીવનનું બળિદાન આ-પવાનો નિશ્ચય કરાય છે. સુધારાની વેડીથી બહિષ્કૃત થએલો રડવા કૂટવાનો હાનિકારક રિવા-જ બંધ પાડવાને એક વ્યાખ્યાન આપે છે, છપાવે છે, બલ્કે પોતાને ત્યાં આચારમાં મૂકે છે. સુધારાની ભરતીના જુવાળની વીર શાત થતી હતી. સ્વામી દયાનંદ અને સૂરિ વિજયાનંદ ( આત્મારામજી મહારાજ ) ના ઉપદેશ સમાજને પોષતા હતા, અને પરમહંસ રામકૃષ્ણની ભક્તિમય મુદ્રામાં કેશવ બાબુ જેવા મહાત થતા હતા. કોંગ્રેસ અને બીજી સંસ્થાઓના ગર્ભબંધારણ કે જન્મ થઈ ચૂકયા હતા. સારા હિંદુસ્તાનમાં નવ ચૈતન્ય સ્ફુર્યું હતું. મહોમેદનનો સર સૈયદ અહમદખાન પણ પોતાની અનેરી પ્રવૃત્તિમા મશગુલ થઇ રહ્યો હતો. આવા પ્રસંગે આપણો ચરિત્રનાયક "જૈન એસોસિએશન

ઓફ઼ ઇંડિયા" નામનું મંડળ સ્થાપી તેનું મંત્રીપદ સ્વીકારે છે. નવલરામે નર્મદનું જીવન જોયું; અને આલેખ્યું તેજ નવલરામનું જીવન ગોવરધનભાઇ લખે છે, અને નવલરામની મહેચ્છાનું સ્વરૂપ દર્શાવે છે કેઃ—

"મહેચ્છાઓ જુવાનીમાં ઉછાળા મારે છે તે જુદા જુદા મનુષ્યોમાં જુદી જુદી રીતે પરિણામ પામે છે. કેટલાકમા ઉછાળા એકલાજ હોય છે, તે થોડા સમયમાં થાકી શાંત થઇ જાય છે. આ ઉછાળા હોય છે ત્યારે અત્યંત વેગવાળા અને ઉદ્ધત હોય છે. કેટલીક ન્હાની નદીયોમાં પૂર આવે છે, અને કલાકમાં નદી સૂકાઇ જાય છે, એ આમની દશા છે. કેટલીક નદીઓમાં આખું ચોમાસું ધીરે ધીરે પાણી વધ્યા કરે છે, કેટલોક વખત તો વધે છે કે નહીં એ પણ ન સમજાય એટલું ધીરૂં પૂર હોય છે, ઓછું થતું નહીં પણ આ નદીઓનું પાણી બીજા ચોમાસા સુધી ટકે છે અને વર્ષોવર્ષ એ નદીનો પટ ધ્યાન ખેંચ્યા વિના વધી કેટલેક વર્ષે લોકોને ચમકાવે છે. કેટલાકની મહેચ્છાઓ આવી રીતે વધે છે. નવલરામની મહેચ્છા અને પ્રવૃત્તિ આ જાતની હતી. એક વર્ષે તેમાં પૂર, બીજે વર્ષે શાંતિ, ત્રીજે વર્ષે પાછું વેગવાળું પૂર, વળી શાંતિ, અને અંતે ઉત્તરોત્તર વૃદ્ધિ.

મર્હુમ વીરચંદનુ જીવન પણ આવુંજ હતું. પરંતુ ત્હેને કામ કરવાનું ક્ષેત્ર વિચિત્ર હતું. જૈન કોમમા રૂઢિનું પ્રબળ એટલું બધું વ્યાપી ગયું હતું કે ધર્માચાર્યોને પણ લોકના મન્તવ્યને આધીન થવું પડતું. વૈષ્ણવોમાં મહારાજ, હિંદુઓમાં બ્રાહ્મણ તેમ જૈન સમાજમાં ગોરજીઓ ગુરૂ તરિકે વંદાતા, કોઇ કોઈ મુનિ મહારાજોમાં નીતિમત્તા હતી, પણ તેને સમાજમાં મૂકવાને ભય પામતા. આવા સમયમાં વીરચંદની મહેચ્છાઓ પૂર્ણ થવાને કેટલી વિટંબણા પડી હશે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુલક્ષી ધર્મપ્રવૃતિ થવી જોઇએ. માનવ સમાજની નાનાવિધ પ્રવૃતિનું અવલોકન કરી નિર્ણય કરી પોતાનો માર્ગ શોધે છે. નિર્ધનતા, કુટુંબભાર, સમાજની અજ્ઞાનતા આવા સંજોગોમાં પોતાની મનોકામના કેમ સરળ કરવી ત્હેનો માર્ગ શોધે છે.

જુદા જુદા ધર્મના સાહિત્યનું વાચન કરે છે, વિચારે છે, વર્તમાન પ્રવૃતિને અવલોકે છે. અને તે સાથે સ્વધર્મના ગ્રંથોનું વાચન મનન કરે છે; યોગ અને તત્વજ્ઞાનના ગ્રંથો સાથે સૂત્રગ્રંથોનું અધ્યયન પણ કરાય છે. અને તેમાંથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને અનુસરતો ઉપદેશ, પોતાના સંબંધી સ્નેહી અને મિત્રમંડળમાં ચર્ચાવે છે, કેટલાક અનુયાયી થાય છે, અને કેટલાક શત્રુ પણ બને છે. આ સમયમાં મુનિમહારાજ આત્મારામનો ઉપદેશ જૈન સમાજની આંખ ખોલે છે. વીરચંદભાઇનામાં આશાના અંકુર ફુટે છે અને મુનિમહારાજના દર્શન કરે છે.

જગતમાં પાપની દિવાલ જમીન દોસ્ત થાય છે, સહરાનો હબસી કે અમેરિકાનો નિગ્રો સુદ્ધાં પોતાનું સ્વત્વ સમજતો થાય છે. "સાધુતા બંધુતા અને અવશતાનાં બ્યૂગલ" સ્થળે સ્થળે ફુંકાય છે. એક કવિવરના શબ્દોમાં કહિયે તોઃ—

"જગત ઉન્નતિના વિધિ શોધતા,
સ્વજનને જનશાસ્ત્ર ય બોધતા;

ગૂઢ રહસ્ય વિશાળુ વિલોકતા,
અસીમ શા અવકાશ વટાવતા.
ભુત કથા વીર કેરી વિચારતા,
પરમ દર્શન ભાવિતુંકલ્પતા;

\+ × ×

વિભુ જયા જય રાજ પ્રવૃત્તિના
શિથિલ ગોખ વિષે પડી નિમતા"

\+ + + +

આમ જગતના શાણા પુરૂષોમાં પ્રવૃત્તિ ચાલી રહેલી જણાય છે. અને સ્નેહી હૃદયમાં માનવ સમાજનો વિચારગર્ભ બંધાય છે. તે માનવ સમાજ તો મળે ત્યારે ખરી, પણ અમેરિકાના ચિકાગો નગરમાં "ધર્મ સમાજ" સ્થપાય છે. મરહુમ ગાંધી ત્હેમાં પ્રતિનિધિ તરિકે જવાનો સંકલ્પ કરે છે. મહારાજ આત્મારામજી ત્હેને અનુમોદન આપે છે જૈન સમાજ સહાયતા આપે છે. એટલે એ વીરનર ધર્મસમાજ ગજાવે છે. સ્વામી વિવેકાનંદ બૌદ્ધ ભિખ્ખુ ધર્મપાલ અને જૈન વકતા વીરચંદ, અમેરીકનોના હૃદય જીતી લે છે. ત્રણેના શિષ્યો થાય છે અને મંડળો સ્થાપે છે, અને પોત પોતાની મહેચ્છાઓ અને શ્રેષ્ઠતા દર્શાવે છે. એક વર્ષ ત્યાં આ ધાર્મિક પ્રવૃત્તિમાં મંડયા રહી પાછા સ્વદેશમાં પધારે છે. જૈન કોમ ઘેલી ઘેલી થઈ એ નરવીરને પ્રેમથી વંદે છે, સત્કારે છે, કહો કે પૂજે છે.

પુનઃ પ્રયાણુ આદરે છે, પોતાના પુત્ર અને પત્ની ઉભયને સાથે લઇ જાય છે, પ્રવૃત્તિનું પગરણુ કરે છે. આર્થિક સ્થિતિ બદલાતાં, ઈંગ્લાંડના વાસી થઈ, બારીસ્ટરનો અભ્યાસ આદરી તેમાં ફતેહમંદ થાય છે. એક પત્રમાં દારિદ્ર દશાનું હૃદયદ્રાવક ચિત્ર ચિતરે છે. અને માતાને આશ્વાસન આપે છે. શેઠ વીરચંદ દીપચંદ સાથે પત્રવ્યવહાર કરેલો માલમ પડે છે. એક કેસમાં એમના તરફથી પ્રવૃત થતાં પેસાની તાણુ બતાવે છે છતાં અમેરિકાના દર્શન કરી, સ્વભુમિમાં આવી ધૂમે છે. એમજ નહીં પણુ સ્થળે સ્થળે વ્યાખ્યાન આપી, પોતાના ધર્મબંધુને જાગૃત કરે છે, નવ વર્ષનો એમનો દીકરો મોહન સર્વને મોહિની લગાડે છે. મ્હોટા મ્હોટા શ્રીમંત શેઠીઆ તેડી એ બાળકને બોલાવતા સન્માનતા. આજે તેની શી સ્થિતિ છે? કોઇ કહેશો!

એમના ભાષણુ અને લેખ, વાર્તા અને વિવેચનમાં સર્વત્ર બહુશ્રુતત્વની છાયા ઓતપ્રોત થએલી નજરે પડે છે. સમાજમાં શાંતિ સાથે શ્રીમાન્ મહાવીરના વચનામૃતના પાન કરાવવા મથે છે. અને તે માટે ભિન્ન ભિન્ન ગ્રંથોનું વાચન મનન અને નિદિધ્યાસન છેવટ પર્યંત ચાલુ રાખે છે. વિવેક અને સંભાળ રાખ્યા છતાં પણુ જડવાદની જ્વાળા સમી થિયોસોફીના રંગમાં રંગાય છે. આ રંગ એમની લેખિની દ્વારા સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.

વ્યાખ્યાન શક્તિ સરસ હતી, સૌરાષ્ટ્રનો સ્વાભાવિક મીઠો કંઠ, વિશાળ વાંચન અને બહુશ્રુતત્વનો અનુભવ નમાલા વિચારને પણુ માલવાળો બનાવતા અને અસરકારક શબ્દમાં પ્રેક્ષકોને પ્રબોધી તેમને રંજીત કરતા. કેટલીકવાર પ્રેક્ષકોના અધિકારાનુંસાર પણુ ઉપદેશની શૈલી

રાખતા છતાં દરેક પ્રકારના શ્રોતાને જોઇએ તેવું મળતું અને સૌ કોઇ આનંદ પામતાં, પામતાં વિચાર અને વાર્તાલાપમાં ચર્ચા ચલાવતા. વાદવિવાદમાં પણ સ્વત્વ રાખવામાં ધર્માંધ નહીં પણ ધાર્મિક બનતા.

છૂટા છૂટા કાગળોઆં, અને તે પણ રખડતાં રઝળતાં ત્રીજે હાથે કેટલાક વર્ષ ઉપર વંચાયેલા તેથી તૈયાર કરેલી નોંધમાંથી આ રૂપ રેખા દોરી છે. ભૂલ ઘણીએ હશે. છતાં કાંઇ નહિ તો કાંઇ પણ નવું જાણવાને મળશે તો આ લેખકનો પરિશ્રમ સફળ થયો ગણાશે.

" પંથી ગયા ને પગલાં રહ્યાં " જૈન સમાજ એ પગલાંને કાંઇક સત્કારે, એ પંથીનું જીવન ચરિત્ર લખાવે તો જૈન યુવકમાં અનેક સદ્ગુણનો પ્રવેશ થાય એમ છે. સાધનો તો હજીએ કાયમ છે. મળશે, અને લખનારે નીકળશે. પણ તેને બહાર પાડનાર મળવા મુસ્કેલ છે. મહાજનોના ચરિત્રની કીમ્મત કોણ કરી શકે ? વખત ચાલ્યો જશે અને આ સત્ય અનુભવાશે.

" ખબરે તેહયુર ઇશ્કસુન, ન જનું રહા ન પરી રહી;
ન તો તું રહા ન તો મેં રહા, જો રહીસો બે ખબરી રહી "

વિશ્વહિતૈષી

---

# મુનિમહારાજ શ્રી બુદ્ધિસાગરજી અને વર્તમાન જૈન સાહિત્ય.

---

(લેખક **મોહનલાલ દલીચંદ દેશાઇ, બી. એ.**)

**અકબર** **સહેનશાહના** સમયમાં આપણા પવિત્ર તીર્થો માટે રાજ્યલેખ પોતાની અદ્ભુત બુદ્ધિથી મેળવી જૈનની અપ્રતિમ સેવા બજાવનાર શ્રીમદ્ હીરવિજયસૂરિ જૈનોને સુવિદિત છે, તેના શિષ્યથી સહેજસાગરજીથી ' સાગર શાખા ' ની ઉત્પત્તિ થઇ. તે શાખામાં ઉતરી આવેલા ઉક્ત બુદ્ધિસાગર મુનિને દીક્ષા લીધા દશ વર્ષ ઉપર થયા જણાય છે. તે દશ વર્ષમાં તેમણે સારો અભ્યાસ કરી ' યોગનિષ્ઠ ' કેટલાકના મોઢેથી સંભળાયા છે. ઉક્ત દશ વર્ષના અરસામાં તેમણે પ્રકાશેલા જૈન ગ્રંથો આપણે જોઇએ.

૧—સંવત્ ૧૯૫૮ માં **રવિસાગરજીનું ચરિત્ર** લખ્યું. આ ચરિત્રમાં સાગરશાખાનો ઇતિહાસ જોવા યોગ્ય છે. તે સિવાય ઐતિહાસિક કે ચારિત્ર વિષયક વસ્તુ કે જે હૃદયને વિશેષ રસોત્પાદક થાય તેવું જોવામાં આવી શકતું નથી.

૨—સંવત્ ૧૯૫૯ માં **શોકવિનાશક ગ્રંથ**-આમાં મરણ પછી થતા સંસારી શોકને દૂર કરવા માટે ધર્મધ્યાનમાં ચિત્ત લગાડવાનું બતાવ્યું છે.

ઉપલી : એ ચોપડી સાથે એક નાની ચોપડીના આકારમાં છપાવવામાં આવી છે.

૩ **વચનામૃત.** ' જૈન ' પત્રમાં ઉક્ત મુનિના પ્રસ્તાવક પ્રબોધ રૂપે આવતા ટુંકા લેખોનો એક નાની ચોપડીના આકારમાં સમાવેશ કર્યો છે. સામાન્ય રીતે પ્રકૃત જનોને વાંચવા

યોગ્ય છે. ' જૈન ' પત્રની જે તારીખે તે લેખો આવ્યા હોય તે આપી હત અને દરેક લેખ એક બીજાથી છૂટા પાડી શકાયા હોત તો વધારે યોગ્ય થાત. આ 'બુકલેટ' પાદરાના વકીલ અને ઉક્ત મુનિના શિષ્ય મી. મોહનલાલ હીમચંદે છપાવેલ છે.

**૪ ષડ્દ્રવ્ય વિચાર.** આ પણ એક નાની ચોપડીના આકારમાં છે. આ અને ઉપલી ત્રણ ચોપડીઓ મુનિના પ્રથમ પ્રયાસ લાગે છે. આમાં અનુક્રમણિકા નથી છતાં કરી શકાય તેવું છે કે તેમાં છ દ્રવ્યના ગુણપર્યાય નામથી બતાવેલ છે, અને તેઃ બતાવવામાં શ્રીમાન્ દેવચંદજીના ' આગમસાર ' ઉપરાંત કંઈ નવું અને તાત્વિક લખાયું હોય તેમ જણાતું નથી. આ પછી સાત નય, સાત ભંગીનું સ્વરૂપ, ધ્યાન અને દ્રવ્યના સ્વભાવ ટુંકામાં જણાવેલ છે.

જૈનધર્મમાં પરમ રહસ્યરૂપ અપૂર્વ શાસ્ત્રીય અને તાત્વિક વસ્તુ (ફિલસુફી) દ્રવ્યાનુયોગ છે. તે અનુયોગનું યથાર્થ પ્રત્યક્ષ દર્શન એકપણ પુસ્તકમાં અત્યાર સુધી થયું નથી, એ અપશોષ છે. જ્યાં સુધી આ પૂર્ણ પ્રકાશથી જગત્‌ને અરે! ફક્ત જૈનોને વિદિત થયો નથી, ત્યાં સુધી જડવાદની પ્રગતિ અટકવાની નથી, ધર્મ રહસ્ય પ્રગટવાનું નથી. દ્રવ્ય સંબંધમાં વર્તમાનમાં અનેક ગ્રંથો લખાયા છે છતાં દિલગીરી સાથે કહેવું પડે છે કે એકકેમાં દ્રવ્યનું યથાર્થ સર્વ પ્રકારે નિરૂપણ થયું નથી. પૂર્વાચાર્યોના પ્રણીત મહાન્ દ્રવ્યાનુયોગ ગ્રંથોનો આધાર લઈ, સૂત્રોની સાક્ષી ટાંકી, વર્તમાન શાસ્ત્ર અને વિજ્ઞાન દૃષ્ટિથી તેના પર વિવેચન કરી અને તુલનાત્મક રીતે ધર્મોના સંગત અસંગતપણાને જૈન દૃષ્ટિની સાથે તપાસીને એક મહાન દ્રવ્યાનુયોગ કોઇ સમર્થથી લખવામાં આવશે ત્યારેજ જૈનધર્મની ખરી ખૂબી સમજાશે, મહાવીરની વાણિમાં અપ્રતિમ શ્રદ્ધા બેસશે અને જૈન ધર્મની જગત્‌ના તત્વજ્ઞાનમાં અપૂર્વ જ્યોત પ્રકાશશે.

આવા ગ્રંથ પ્રાકૃત (હમણાની પ્રચલિત દેશી) ભાષામાં થાય તેની સાથે જો અંગ્રેજીમાં તૈયાર કરાવવામાં આવશે અગર થશે ત્યારેજ જગતના વિવિધ ધર્મોની સાથે આપણો પવિત્ર જૈનધર્મ સારી પદવીએ બીરાજશે.

**૫. સમાધિ શતક**—મૂળ આ ગ્રંથ સંસ્કૃતમાં છે એ પ્રસ્તાવનામાં જણાવ્યું છે અને તે મૂળની સાથે શ્રીમદ્ યશોવિજયજીએ તેના પર કરેલી ટીકા રૂપે ભાષા ( દોહરા-દોધકમાં ) આપેલી છે. આ મૂળ ગ્રંથ સંસ્કૃત કોણે–ક્યા આચાર્યે બનાવેલો છે તે બિલકુલ દર્શાવેલું નથી, તેમજ છેવટે મૂળ ગ્રંથની પ્રશસ્તિ પણ મૂકવામાં આવી નથી. અમે તે પ્રશસ્તિ નીચે મૂકીએ છીએ.

येनात्मा बहिरन्तरुत्तममिदा त्रेधा विवृत्त्यादि ते
मोक्षोऽनन्तचतुष्टयामलवपुः सद्ध्यानतः कीर्तितः
जीयात्सोऽत्र जिनः समस्त विषय श्रीपादपूज्यो ऽमलो
भव्यानन्दकरः समाधिशतकः श्रीमत्प्रभेन्दुः प्रभुः ॥

આ પ્રશસ્તિમાં કેવી અર્થ ગૌરવવાળી જિનની સ્તુતિ છે અને તેની સાથે સમાધિશતકના કર્તા શ્રીમત્ પૂજ્યપાદસ્વામિનું નામ પણ ખુબીથી દર્શાવેલું છે!

શ્રીમત્પૂજ્યપાદ સ્વામી એ દિગંબરીય મહાન આચાર્ય થઇ ગયા છે. આ પૂજ્યપાદ ૧ પૂજાકલ્પ, ૨ સિદ્ધપ્રિય, ૩ પાણિનીયસૂત્ર વૃત્તિકારિકા શ્લોકસંખ્યા ૩૦૦૦૦, ૪ પંચ.ધ્યાયી જૈનેન્દ્રસ્ય ટીકા ૫. પંચવાસુકમ ૬. જૈનેન્દ્ર વ્યાકરણ લઘુ ટીકા ૭. વૈદ્યક ૮ શ્રાવકાચાર ૯ સમાધિતંત્રના કર્તા બીજા લઘુ પૂજ્યપાદ એકજ હોવા જોઇએ કારણ કે ઉપર લખેલું સમાધિતંત્ર અને આ સમાધિશતક એકજ છે કારણ કે આ સમાધિશતકના છેલ્લા ૧૦૫ મા શ્લોકમાં સમાધિતંત્ર એ નામ આપેલ છે.

આ પરથી જણાશે કે આ દિગંબરીય મૂલ કૃતિ છે, અને તે ઘણીજ ઉત્તમ હોવાથી અમે તેનાપર થયેલી શ્રીમદ્ યશોવિજયજીની ભાષા આપી તેના પર ભાવાર્થ અને વિશેષાર્થ લખ્યો છે એવું મુનિરાજ શ્રી બુદ્ધિસાગરજીએ સ્વીકાર્યું હત તો અમોને ઘણો આનંદ થાત. કારણ કે પ્રસ્તાવનામાં એમ કહેવું કે 'સમાધિશતક નામનો આ ગ્રંથ પણ તેમના બનાવેલો છે' એ બરાબર નથી, કારણ કે ત્યાર પછી પણ જરા ક્લિષ્ટ ભાષા કરી દઇ ને ગ્રંથના કર્તા માટે બરાબર પ્રકાશ પાડયો નથી. ત્યાર પછીના શબ્દો આ છે "મૂળ સમાધિશતક એક સંસ્કૃત ભાષામાં ગ્રંથ છે તે ઉપરથી કેટલોક સુધારો વધારો કરી બાળજીવોને બોધ પ્રાપ્તિ અર્થે ભાષામાં રચ્યો છે"—કોણે રચ્યો છે એ વાત કંઇ નહિ ! મૂકી દીધી છે.

હવે ગ્રંથ તરફ આવીએ સંસ્કૃતમાંનો મૂળ ગ્રંથ એવો ઉત્તમ અને મધ્યસ્થદષ્ટિથી રચાયલો છે કે ગમે તે અન્યધર્મી તેને વાંચી મનન કરવાથી અવશ્ય ધર્મલાભ મેળવી શકે તેમછે. આ ગ્રંથ સદ્ગત સાક્ષરશ્રી મણિલાલ નભુભાઇએ તેના પર મુગ્ધ થઇ તેનું ભાષાંતર વડોદરા શ્રીમંત ગાયકવાડ સરકારની ખરમાસથી છપાતાં ગ્રંથોમાં પ્રસિદ્ધ કર્યું હતું. અને તેની પ્રસ્તાવનામાં ઉક્ત સાક્ષરે આ ગ્રંથના મહત્વપર ઘણી સારી ટીકા કરી છે—તે સાક્ષરે આ ગ્રંથ માટે આટલેથીજ સંતોષ ન પામી તે ગ્રંથ આપણામાંના એક જૈન વિદ્વાન શ્રાવક શા. ગિરધરલાલ હીરાભાઇની વિનંતિથી મૂળ અને તેનાપરની પ્રભાચંદ્ર (વિક્રમ સંવત્ ૧૩૧૬ ) કૃત સંસ્કૃત ટીકા સાથે અને તેનાં ઇંગ્રેજી ભાષણ સાથે છપાવ્યો; કર્તા શ્રીમત્ પૂજ્યપાદ અને ટીકાકાર શ્રીમદ્ પ્રભાચંદ્રની જીવનકલા તેમજ પૂજ્યપાદનો સમય મળી શકયા નથી, પ્રોફે૦ મણિભાઇ આ ગ્રંથના મૂળ કર્તા તરીકે મૂલમાં છેલ્લી પ્રશસ્તિના છેલ્લા શ્લોક પરથી પ્રભેન્દુ નામના આચાર્ય કહે છે પરંતુ ખરીરીતે પૂજ્યપાદ છે. ટીકાકાર શ્રીમત્ પ્રભાચંદ્રે અનેક ગ્રંથોપર ટીકા, પંજિકા લખી છે અને ક્રિયાકલાપ અને અષ્ટકામૃત જેવા સ્વતંત્ર ગ્રંથો લખ્યા છે. આ ગ્રંથોના નામ માટે જુઓ 'સનાતન જૈન્' પુસ્તક ૪ થું અંક ૩થી ૬ પૃષ્ઠ ૧૨૮ નંબર ૧૭૧ તેમાં બેતાળીસ ગ્રંથોના નામ આપેલાં છે, આ પરથી જણાય છે કે ઉક્ત ટીકાકાર મહા બુદ્ધિશાળી પ્રખર વિદ્વાન્ હોવા જોઇએ.

મુનિશ્રી બુદ્ધિસાગરજીના સમાધિશતકમાં ઉક્ત પ્રભાચંદ્રની મૂળ સંસ્કૃત ટીકા આપી નથી, તે આપી હત તો ગ્રંથના ગૌરવમાં અચૂક વધારો થાત. પરંતુ તેમણે આપેલા વિશેષાર્થમાં ઉક્ત ટીકા ઘણે અંશે સહાયકારક થઇ પડી છે તેથી તે ટીકાને ગુજરાતી ભાષામાં ઉતારી છે એ ઠીક કર્યું છે.

ગ્રંથમાં અર્થ ગાંભીર્ય ઘણું છે તેથી બાલજીવોના ઉપકાર અર્થે તેનાપર બહુજ વિસ્તારમાં વિશેષાર્થ થવો જોઇએ અને તેજ પ્રમાણે મુનિશ્રીએ કર્યું છે જાણી આનંદ થાય છે. આની સાથે છેલ્લા શતકોમાં થયેલા જ્ઞાની મહાત્મા શ્રીમદ્ આનંદઘનજી, ચિદાનંદજી વીગેરેના આધારો લઇ અર્થ સરલતામાં વિશેષ વધારો કર્યો છે.

આ ગ્રંથ સમાધિ જેવા ગહન વિષયમાં પ્રવેશ કરનારા સર્વ જીવોને પ્રથમ પાયારૂપ ઉત્તમ ગ્રંથ છે; ભાષા શૈલી સરલ છે તેથી સર્વને સમજી શકાય તેમ છે, અને અન્યમાં જે રાજયોગ કહેવામાં આવે છે તેજ રાજયોગ મૂળ કર્તાએ અપૂર્વ વાણિથી ફક્ત ૧૦૫ શ્લોકમાં સૂક્ષ્મરીતે બતાવેલ છે તે ખાસ મનન કરવા યોગ્ય છે.

આવા ગ્રંથોને જૈન ધર્મ પરીક્ષાના અભ્યાસક્રમમાં ( દાખલા તરીકે સ્વ૦ અમરચંદ તલકચંદના સ્મરણાર્થે નીકળેલ ) તથા આપણી જૈન બોર્ડીંગ સ્કૂલોમાં ધર્મના અભ્યાસક્રમમાં સ્થાન મળવું જોઇએ; હજુ સુધી મળ્યું નથી તે માટે દીલગીરી છે પણ આશા રાખી શકાય છે કે કોઇ વર્ષે આ ગ્રંથને અવશ્ય સ્થાન અપાશે.

૬. આ સાથે **આત્મશક્તિ પ્રકાશ** નામનો સ્વરચિત ગ્રંથ જોડેલો છે તેમાં આત્મામાં શ્રદ્ધા રાખવાનું જણાવ્યું છે અને ત્રાટક (હઠયોગનો પ્રથમ ક્રમ) કેમ રાખવો તે જણાવેલ છે. ભાષા હમેશ મુજબ સરલ છે, આ પણ દરેકે વાંચવા યોગ્ય છે.

૭. **આત્મપ્રકાશ**—આ ગ્રંથ મુનિશ્રીનો રચાયેલો છે. તેનું અવલોકન 'જૈન' પત્રના અગાઉના અંકમાં આવી ગયું છે તે જોઇ લેવું. તે સિવાય અહીં વધારે લખવું ઉચિત નથી.

૮ **'અધ્યાત્મ વ્યાખ્યાનમાળા'** મહારાજ શ્રી જ્યાં જ્યાં ચાતુર્માસ રહે ત્યાં ત્યાં આત્મોપાસક યોગ મંડળનો મેલાવડો કરવો અને ત્યાં તેમના શિષ્ય તેમજ સહાનુભૂતિ દર્શાવનાર જૈનોને બોલાવી તેમાં વ્યાખ્યાનમાલા અપાવવી એવો કંઈ ઠરાવ થયો લાગે છે. આવો પ્રથમ મેળાવડો માણુસા મુકામે થયો હતો તેમાં જે વ્યાખ્યાનો થયા તે આ ગ્રંથમાં છપાવવામાં આવ્યા છે.

આ ગ્રંથમાં પ્રથમનાં ચાર ભાષણો, પાંચમો અધ્યાત્મ તત્વપર નિબંધ, પછી એક ભાષણ અને છેલ્લું સમાધિનું અને ક્ષમાપનાપર ભાષણ ઉક્ત મુનિના છે. વળી ષડાવશ્યક ઉપર ગીરધરલાલ હેમચંદનો અને શાંતિનું સ્થળ ક્યાં છે તે પર રા. મણિલાલ નથુભાઈ દોશી બી. એ. નો જરા લાંબો લેખછે. ત્યાર પછી ગુરૂભક્તિ, વિવેચન શુધ્ધ, આત્મા સંબંધી ઉદ્ગાર વિવેક આદી ભાષણો છે.

શ્રેયઃસાધક વર્ગ જે રીતે કાર્ય કરે છે તે રીતે આ મંડળનો સમારંભ જોઇ આનંદ થાય છે. મુનિશ્રીના અને રા. મણિભાઇના વ્યાખ્યાનો વાંચવા જેવા છે. કિંમત પણ ઘણી જુજ એટલે ચાર આના રાખવામાં આવી છે.

૯ **બુધ્ધિપ્રભા** ઉક્ત મુનિશ્રીના નામના સ્મારક રૂપે બુધ્ધિપ્રભા નામનું માસિક નીકળે છે. ઉપર બતાવેલા મંડળની નોંધ લેતાં અમને શ્રેયઃસાધક વર્ગની તુલના કરવાનું મન સહજ થાય છે. તે વર્ગ તરફથી નીકળતાં મહાકાલ, પ્રાતઃકાલ આદિ માસિકો જેવું એકપણ માસિક જૈનો માટે નીકળે તો વધારે સારૂં. તે પ્રમાણે આ માસિક યોજાયું છે જાણી હર્ષ થાય છે, પણ પરમ આનંદનું કારણ ત્યારે થશે કે જેમ શ્રેયઃસાધક વર્ગના ભગવાન ઉપેન્દ્ર લેખો

લખેછે તેમ મુનિશ્રી બુધ્ધિસાગર લેખો લખે, અને રા. છોટાલાલ લખેછે તેવા રા. મણિલલ લખે; તો માસિક ઘણુંજ સારૂં બનશે.

હમણાં જે લેખો આવેછે તે સારા નીતિ બોધક છે. ધર્મ અને ઇતિહાસને સ્થાન મળ્યું છે. સ્વતંત્ર કૃતિના લેખોની ખાસ જરૂર છે; એકંદરે તે માસિકનો ઉદય ઇચ્છીએ છીએ.

**૧૦-૧૧-૧૨ પદસંગ્રહ**—ભજનસાગર ભાગ ૧-૨-૩ મુનિશ્રી સામાન્ય જનોપર અસર કરનાર સારાં ભજનો જોડી શકે છે, અને કેટલીક વખત તે ભજનો કથંચિત્ ભાવવાહી થાય છે. ભાવવાહી કવિતા એ અંતરના ઉદ્ગાર છે, અનુભવ વાણી છે, ભાવવાહી ભજનમાં હૃદયની તૃપ્તિ રહી છે, અધ્યાત્મ રસ રહ્યો છે, વૈરાગ્યનું અમૃત રહેલું છે. તેવાં ભજનો ગાતાં, લાંબા સૂરથી લલકારતાં, અને તેની સાથે તલ્લીન થતાં જે આનંદ થાય છે તે અવર્ણનીય છે.

કોળીનાળી લોકો અને અન્યધર્મી કેટલાક ગામડીઆએ પણ મુનિશ્રીનાં ભજનોની કદર કરી છે, એટલે તેઓને પણ આ ભજનો ગમે છે, તેથી ગાય છે અને મજા લે છે. એવી બહાર આવેલી વાત સત્ય હોય તો ખરેખર તે ભજનો પોતાની સુગમ, સરલ અને તરતજ ઉતરી જાય તેવી અર્થ અને શબ્દશૈલિ પૂરવાર કરે છે. એટલુંજ નહીં પરંતુ તેમાં આકર્ષક ભાવનો પ્રવાહ પણ અમુક અંશે રહેલો છે એવું સિદ્ધ કરે છે.

અમારા જૈન ભાઇઓ અમદાવાદના બાલાભાઇની જૈન સઝાય માળાના ત્રણ ભાગનો સારી રીતે ઉપયોગ કરે છે. તેઓ સઝાયની સારી રીતે ગરજ સારનાર આ ભજનસાગરના ત્રણ ભાગનો છૂટથી ઉપયોગ કરવા ચૂકશે નહિં.

ઉપરનાં પુસ્તકોમાંનાં ઘણાં ખરા પુસ્તકો જાણીતા જૈન બુકસેલર શા. મેઘજી હીરજીની કું-માંગરોળ જૈન સભા- પાયધુણી, મુંબઇ—એ સ્થલેથી મલશે.

વર્તમાન જૈન સાહિત્યમાં સ્વતંત્ર કૃતિના સ્વતંત્ર, સૂક્ષ્મ અને ઉંડા વિચારથી જૈન તત્વજ્ઞાનનાં ગહન રહસ્યને ઉકેલનારા ગ્રંથોની વર્તમાન ભાષામાં બહુજ જરૂર છે. ઉપરના ગ્રંથોનું સામાન્ય અવલોકન અમારી નમ્ર દૃષ્ટિથી આપ્યું છે અને તે ગ્રંથો લગભગ ડઝન થવા જાય છે. આ ગ્રંથો સીવાય બીજા અમારી જાણમાં નથી. આ ઉપરથી જોતાં મુનિ શ્રી બુદ્ધિ સાગરે જે કંઇ પ્રયાસ કર્યો છે તે બધો પ્રસિધ્ધ થયો છે. હવે તે પ્રયાસ બહુજ ગૂઢ વિષયમાં ઉતાર્યા કરશે એમ ઇચ્છીશું. પોતે યોગનિષ્ઠ કહેવાય છે એટલે યોગામૃતનો અનુભવ સર્વને ચખાડશે. વતમાનમાં શ્રીમદ્ હેમચંદ્રાચાયના યોગશાસ્ત્રની બે જુદી આવૃત્તિ (એક ભીમશી માણેકની અને કેશરવિજય ગણિની) બહાર પડી છે અને તેથી વિશેષ કહો તો શ્રીમદ્ હરિભદ્રસૂરિનું યોગબિંદુનું સ્વ૦ પ્રોફે૦ મણિલાલ નભુભાઇએ બહાર પાડયું છે. તે એ સિવાય અન્ય કોઇ યોગનો ગ્રંથ બહાર પડયો નથી. યોગ સંબંધે હમણાંજ કોન્ફરન્સ તરફથી બહાર પડેલી જૈન ગ્રંથાવલિમાં ઘણાં પુસ્તકો આપણામાં પ્રભાવશાલી આચાર્યોએ લખ્યા માલૂમ પડે છે. તેમાંથી એક એક મૂળ, ભાષાંતર અને વિશેષાર્થ સાથે ઉકત 'યોગનિષ્ઠ' મુનિ બહાર પાડશે તો જૈન યોગાભ્યાસીઓને પરમ યોગસાધન મળશે. મુનિ પોતે ઘણું કહી અને કરી શકે તેવા છે. તેઓ પોતે માધ્યસ્થ દૃષ્ટિથીજ જોનારા છે એવું તે પોકારી પોકારી કહે છે તો તેઓ આ ઉપર જે લખ્યું છે તેવા સ્વરૂપમાંજ જોશે એવું ખાત્રીથી ઇચ્છી હાલ તો વિરમીએ છીએ.

# શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી તા. ૨૬-૧૨૦૯ ના રોજ લેવાયેલી શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મીક ઈનામી પરીક્ષાના સવાલ પત્રકો.

## ધોરણ ૧ લું.

**પરીક્ષક—મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ.**

ટેક્સ્ટ બુક—શ્રી પ્રતિક્રમણ સૂત્ર. પ્રકાશક શા૦ ભીમજી માણેક.

સવાલ.

૧. પ્રતિક્રમણ એટલે શું? તેનો હેતુ શું? તેમાં કયા છ આવસ્યકનો સમાવેશ થાય છે? પાંચ પ્રતિક્રમણ કયા કયા? અને નીચેના દોહરાનો અર્થ ટુંકમાં લખો.

પંચ પડિક્રમણા અને રે સ્તોત્ર સ્તવન બહુ ભેદ
અર્થ વિના કંઠે કરી રે, ગયો અંતર નહિ ખેદ. ૧૦

૨. મંગળનો અર્થ શું? તે કેટલી જાતના છે? સિદ્ધના આઠ ગુણોની સાથે આઠ જાતના કર્મોનો શું સંબંધ છે? નમીનાથ એ નામ શાથી પડયું? ૧૦

૩. નીચેનાના અર્થ લખો.

पंच परमेष्ठी, संपदा, खमासमण, आचार्य
इरिया वहियाए विराहणाए, तस्स मिच्छामि दुक्कडं,
काउसग्ग, सामाहिवरं, सामायिक, धम्मवरचाउरंत चक्क-
वट्टीणं, अणुप्पेहाए, वेआवच्चगराणं, परमहानिहिअट्ठा,
भंते, अमे अतिचार. १०

૪. પહેલા પાંચ સ્મરણના નામ લખો અને બીજા સ્મરણના મૂળ સાથે અર્થ લખો. ૧૦

૫. નીચેપર ટુંક વિવેચન લખો.

(१) अभयदयाणं चक्खुदयाणं मग्गदयाणं सरणदयाणं बोहिदयाणं।

(२) उवसम विवेक संवर भासा, समिई छ जीव करणाय।
धम्मिअ जण संसग्गो, करण दमो चरिण परिणामो ॥

(३) भव्यानां कृत सिद्धे, निर्वृत्ति निर्वाण जननि सत्वानां।
अभयप्रदाननिरते, नमोऽस्तु स्वस्तिप्रदे तुभ्यम् ॥ १०

૬. ગુરૂને વાંદણા માટે કહીએ છીએ તે વાંદણાના સૂત્રનો પાઠ અને વિશાલ લોચનનો પાઠ મૂળમાંજ એટલે ફક્ત મૂળ ગાથામાં લખો. ૧૦

૭. તપાચારના ભેદ, સમકિતના અતિચાર અને ત્રીજા અણુવ્રતના અતિચાર મૂળ ગાથા સાથે ટુંકમાં સમજાવી લખો. ૧૦

૮. નીચેની ગાથાના અર્થ લખો.

(१) सोमगुणेहिं पावइ न तं नव सरय ससी
तेअ गुणेहिं पावइ न तं नव सरय रवी ।
रूव गुणेहिं पावइ न तं तिअस गण वइ
सार गुणेहिं पावइ न तं धरणिधर वइ ॥

(२) यदुवंशसमुद्रेंदुः कर्मकक्षहुताशनः ।
अरिष्टनेमिर्भगवान् भूयाद्वोऽरिष्टनाशनः ॥

(३) एगो हं नत्थि मे कोइ नाहमन्नस्स कस्सई ।
एवं अदीण मणसो अप्पाण मणुसासई ॥

૯. પખ્ખી પ્રતિક્રમણની વિધિમાં અને દેવસિ પ્રતિક્રમણની વિધિમાં ફેર શું?

૧૦. નીચે લખેલ છે તેનો સંબંધ દર્શાવો એટલે તે આખા પંચ પ્રતિક્રમણમાં ક્યાં આવે છે તે જણાવો.

(१) सव्वपावप्पणासणो
(२) पंचमहव्वयधारा, अट्ठारस सहस्स सीलंग धारा ।
(३) सव्वस्स समणसंघस्स भगवओ अंजलिं करिय सीसे ।
(४) आगमणे निग्गमणे ठाणे चंकमणे अणाभोगे ।
(५) कलंकनिर्मुक्तममुक्तपूर्णतं कुतर्कराहुग्रसनं सदोदयम् ॥ १०

---

## ધોરણ ૨ જું.

**પરીક્ષક—શેઠ અમરચંદ ઘેલાભાઈ.**

**ટેક્સ્ટબુક**—નવસ્મરણ, જીવવિચાર, નવતત્વ મૂળ તથા અર્થ.

સવાલ. **નવસ્મરણ.**

૧. ઉવસગ્ગહરંની ત્રીજી ગાથા (चिट्ठउ दूरे मंतो) શુદ્ધ લખી તેનો અર્થ લખી લાવો—૨

૨. સંતિકરંની તેરમી ગાથા (इअ संति नाह सम्म) શુદ્ધ લખી તેના શબ્દાર્થ તથા ભાવાર્થ લખો. ... ... ... ... ... ... ... —૩

૩. તિજયપહુત્તની નવમી ગાથા (पंच दस कम्म भूमिसु) શુદ્ધ લખી તેનો અર્થ લખો—૨

४. नमिऊणुनी त्रीजी अने चोथी( **सडिय कर चरण नहमुह** तथा **ते तुह चलणा राहण**) ए बंने गाथा मूळ तथा अर्थ सहित लखी लावो. ... ... ... —६

५. नमिऊणुनी ओगणीशमी गाथा (**एवं महा भयहरं**) अर्थ सहित लखी लावो—३

६. अजितशांति स्तवनी सत्तरमी गाथा (**सोमगुणेहिं पावइ न तं**) मूळ तथा अर्थ सहित लखी लावो. ... ... ... ... ... ... —४

७. अजितशांति स्तवनी पांत्रीशमी गाथा (**छत्रं तव बल विउलं** ) मूळ तथा तेना शब्दार्थ तथा भावार्थ लखी लावो. ... ... ... ... ... —४

८. भक्तामरनी नवमी गाथा ( **आस्तां तव स्तवनमस्तसमस्तदोषं** ) मूळ अर्थ सहित लख लावो. ... ... ... ... .. ... ... --४

९. भक्तामरनी पच्चीशमी गाथा (**बुद्धस्त्वमेव**) मूळ, तेना पदच्छेद, शब्दार्थ तथा भावार्थ साथे लखी लावो. वृत्तनुं नाम लखो. ... ... ... ... --८

१०. कल्याणमंदिरनी अगीआरमी गाथा (**यस्मन् हरप्रभृतयोपि**) मूळ, तेना पदच्छेद, शब्दार्थ तथा भावाथ साथे लखी लावो. ... ... ... ... —७

११. कल्याणमंदिरनी साडत्रीशमी गाथा (**नूनं न मोह**) मूळ अर्थ सहित लखी लावो.--५

१२. बृहत्शांतिनी पहेली गाथा शुद्ध लखी तेनो अर्थ लखो तथा ते वृत्तनुं नाम जाणुता हो तो लखो. ... ... ... ... ... ... ... —५

१३. बृहत्शांतिमांथी ( ॐ **पुत्र मित्र** ए पदथी **दौर्मनस्योपशमनाय शांतिर्भवतु**) एटले सुधीनो पाठ तथा अर्थ लखी लावो ... ... ... ... ... —४

## नवतत्त्व.

१. पाप केटला प्रकारे बंधाय तेनां नाम लखो ... ... ... ...—२
२. (**पायच्छित्तं विणओ**) ए गाथा शुद्ध लखी तेनो विस्तारथी अर्थ समजावो—४
३. अजीव तत्त्वना भेद केटला तेनां नाम लखो... ... ... ...—२
४. पुण्य तत्त्वना बेंताळीश प्रकार गणावो ... ... ... ...—२
५. आश्रव, संवर अने निर्जरानो अर्थ शुं तथा पुण्य अने पाप ए बे तत्त्वोनो ए त्रणमांथी कया तत्वमां समावेश थइ शके ? ... ...—३
६. आठे प्रकारना कर्मोनो उत्कृष्ट स्थितिबंध केटलो ? ... ... ...—२
७. (**पयइ सहावो वुत्तो**) ए गाथा शुध्ध लखी तेनो अर्थ लखी लावो...—३
८. (**नरगइ पणिंदि तस भव**) ए गाथा शुध्ध लखी तेनो अर्थ लखी लावो...—३
९. दश प्रकारनो यति धर्म अर्थ साथे लखी लावो. ... ... ...—३

## जीवविचार.

१. साधारण वनस्पतिकाय अने प्रत्येक वनस्पतिकायनां लक्षण समजावो. ...—२
२. तिर्यंच पंचेंद्रियना भेद केटला ते नाम साथे लखो. ... ... ...—२

૩. જીવના (૫૬૩) ભેદ વિસ્તારથી સમજાવો. ... ... ... ...—૩
૪. (**इगहा जियाण पाणा**) એ પદથી શરૂ થતી બે ગાથા મૂળ તથા અર્થ સાથે લખી લાવો. ... ... ... ... ... ...—૪
૪. વિગલેંદ્રિય જીવોનું ઉત્કૃષ્ટ અને જઘન્ય આયુષ્ય કેટલું ? ... ...—૨

**પૂર્વે અભ્યાસ કરેલામાંથી.**

વંદિતા સૂત્રની (**जहा विसं कुठ गयं**) એ ગાથા મૂળ અર્થ સાથે લખો ...—૨
લઘુશાંતિની (**भव्यानां कृतसिद्धे**) એ ગાથા મૂળ અર્થ સાથે લખો... ...—૨
સકલાર્હતની (**विश्वोपकारकीभूत**) એ ગાથા મૂળ અર્થ સાથે લખો ... ...—૨

---

## ધોરણ ૩ જું.

**પરીક્ષક—મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ,** બી. એ. એલએલ. બી સોલીસીટર.

ટેક્સ્ટ બુક—દેવવંદનાદિ ત્રણ ભાષ્ય સાર્થ તથા પ્રથમ બે કર્મગ્રંથ સાર્થ. પ્રકાશક શા. ભીમશી માણેક.

પ્રશ્ન ૧.—નીચેના પારિભાષિક શબ્દો તમારી ભાષામાં સમજાવો.

**अभ्युपगमसंपदा, आगंतुगागार, द्रव्यजिन, सम्माणवत्तिआए, एवमाइआ-चउरो, जिअलदोष, मुक्ताशुक्तिमुद्रा, संसत्तओ, अवनत, ढढ्ढरदोष, तुंभंपिवद्धए, तव्वगए, महत्तरागारेणं, पडुच्चमक्खिएणं, फासिअं.** ૧૯

પ્રશ્ન ૨.—( ક ) 'ચૈત્ય સ્તવાધ્યયન' અને 'નામ સ્તવ' દરેકની પદ સંખ્યા, સંપદા, સર્વ અક્ષર સંખ્યા, ગુરૂ અક્ષર સંખ્યા અને લઘુ અક્ષર સંખ્યા લખો, અને શક્ર સ્તવની સંપદાઓનાં નામ અને તે ક્યાંથી શરૂ થાય છે તે વિગતથી લખો.
( ખ ) ત્રણ અવસ્થા કયે કયે વખતે ભાવવી તે સ્પષ્ટ રીતે સમજાવો.
( ગ ) ત્રણ મુદ્રાની મૂળ ગાથાઓ લખો અને તે દરેક કેવી રીતે થાય તે સ્પષ્ટ કરીને સમજાવો.
( ઘ ) ચત્તારી અટ્ઠદસના અધિકારવાળી ગાથામાં કેવી રીતે દેવ વંદન કર્યા છે તે સર્વ પ્રકાર લખી જણાવો. ૧૦

પ્રશ્ન ૩.—( ક ) ગુરૂવંદનનાં પાંચે નામો અને તે પર દ્રષ્ટાંતો સંક્ષેપથી સમજાવો.
( ખ ) નિત્યપિંડ અને અગ્રપિંડની વ્યાખ્યા કરો અને પાસથ્થાનું સ્વરૂપ બાંધો.
( ગ ) અને ત્રણે પ્રકારના કુશળીઆનાં લક્ષણ સંક્ષેપથી સમજાવો.
( ઘ ) સ્થવિર કેટલા પ્રકારના હોય છે, તેનાં નામ અને સ્વરૂપ લખો. ૮

પ્રશ્ન ૪.—( ક ) બત્રીશ દોષ વંદનના કહ્યા છે તેની મૂળ ગાથાઓ માત્ર લખો.
( ખ ) દશવિધ ઉત્તર ગુણ પચ્ચખ્ખાણ સંક્ષેપથી સમજાવો અને સાંકેતિક પચ્ચખ્ખાણના ઉત્તર ભેદના પ્રકારો લખી જણાવો.
( ગ ) ચારે આહારમાં સ્વરૂપ બતાવનારી મૂળ ગાથા લખો અને તેનાં સ્વરૂપ સમજાવો.
( ઘ ) નીચેની વસ્તુઓ તમે ચાર આહારમાંથી કયા પ્રકારમાં ગણુશો.
શેરડીનો રસ, ધાણી, કાથો, પીપરીમૂળ, ધરાખ, જાયફળ, સાકર, ખેરસાર, ચોપચીની.
( ઙ ) પુરિમઢ્ઢના પચ્ચખ્ખાણમાં આગાર કેટલા અને કયા કયા છે તે ગણાવો અને તે દરેક આગારનું સ્વરૂપ અને હેતુ સંક્ષેપથી સમજાવો
( ચ ) દુધનાં પાંચ નિવિઆતાં કેવી રીતે થાય છે તે નામ સાથે સમજાવો. ૧૫

પ્રશ્ન ૫.— નીચે લખેલ પ્રત્યેકના હેતુ સમજાવો.
( ક ) ત્રણ નિસિહી અને ગુરૂવંદનથી ઉપજતા ગુણો.
( ખ ) પચ્ચખ્ખાણનો શબ્દાર્થ અને તે કરવાના હેતુ, કારણો, અને લાભ ઉપર વીશથી ત્રીશ લીટીનો નાનો નિબંધ લખો. ૧૫

પ્રશ્ન ૬ —( ક ) પંદર બંધનનાં નામો લખો.
( ખ ) કર્મબંધનના હેતુ કેટલા છે તેના મૂળ અને ઉત્તર ભેદનાં નામ લખો.
( ગ ) અગ્યાર શુભ વર્ણાદિકનાં માત્ર નામ લખો. ૯

પ્રશ્ન ૭.—( ક ) ચાર પ્રકારની બુદ્ધિનું સ્વરૂપ સમજાવો અને તેનાં નામ લખો.
( ખ ) વ્યંજનાવગ્રહ અને અર્થાવગ્રહ વચ્ચેનો તફાવત સમજાવો.
( ગ ) અપ્રત્યાખ્યાની ક્રોધની સ્થિતિ, સ્વરૂપ અને ગુણ નાશ લખો.
( ઘ ) પરાઘાત અને આતપ નામકર્મનું સ્વરૂપ સમજાવો.
( ઙ ) તિર્યંચ ગતિના બંધ હેતુ ગણાવો.
( ચ ) મિથ્યાત્વને ગુણઠાણું શા માટે કહ્યું છે તે સમજાવો. ૧૦

પ્રશ્ન ૮.— નીચેના શબ્દોની ટુંક વ્યાખ્યા કરો.
**बहुअवग्रह, प्राभृतसमास, थीणद्धि, संघातन.** ૮

પ્રશ્ન ૯.— સુક્ષ્મસંપરાય ગુણસ્થાનકે બંધ, ઉદય, ઉદિરણા અને સત્તામાં આઠ કર્મમાંથી પ્રત્યેક કર્મની કેટલી કેટલી પ્રકૃતિ રહે છે તેની સંખ્યા ગણાવો અને આતપ નામકર્મનો બંધ અને ઉદયમાંથી કયે ગુણસ્થાનકે ક્ષય થાય છે તેનાં નામ માત્ર લખો અને ઉદિરણાના સંબંધમાં તમારા મનમાં શું ખ્યાલ છે તે વિગતથી સમજાવો. ૧૦

## ધોરણ ૪ થું.

**પરીક્ષક—મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, બી. એ એલ એલ. બી. સોલીસીટર.**
ટેક્સ્ટ બુક—ત્રણથી ૭ કર્મગ્રંથ સાર્થ. પ્રકાશક શા. ભીમશી માણેક.
મહાવીર ચરિત્ર—ભાષાંતર. પ્રકાશક શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા.
સવાલ.

૧. ત્રીજા, ચોથા, પાંચમા ને છઠ્ઠા કર્મગ્રંથનાં નામ અને તેનાં કારણો.

૨. કર્મગ્રંથ ત્રીજાની ગાથા ૧૯ મી, કર્મગ્રંથ ચોથાની ગાથા ૪૬ મી ને ૬૯ મી, કર્મગ્રંથ પાંચમાની ગાથા ૩૫–૬૧–૮૪મી તથા કર્મગ્રંથ છઠ્ઠાની ગાથા ૨૭ મી ને ૫૩ મી લખો. અમુક સંખ્યાવાળી ગાથા સ્મરણમાં આવવા માટે તેની અગાઉની ગાથાના પહેલા પદ આ નીચે જણાવ્યા છે.

| કર્મગ્રંથ. | ગાથા. | પ્રથમ પદ. |
|---|---|---|
| ૩ | १८ | जाजीव वहिस चउमास |
| ૪ | ४५ | पच्छाणु पुव्वि लेसा |
| ૪ | ६८ | बीए केवल जुअलं |
| ૫ | ३४ | इग विगल पुव्व काडी |
| ૫ | ६० | जलहि सयं पण सीयं |
| ૫ | ८३ | गुणसेढी दल रयण |
| ૬ | २६ | तेवीस पन्नवीसा |
| ૬ | ५२ | इक गछडि किगारि |

૩. ત્રીજો કર્મગ્રંથ—યોગ માર્ગણા પૈકી કાય માર્ગણાએ કેટલા ગુણઠાણા અને તે દરેક ગુણઠાણે કેટલી કેટલી પ્રકૃતિનો બંધ હોય? તે સાતે પ્રકારના કાય યોગ માટે યંત્ર કરીને લખો. ૮

૪ કર્મગ્રંથ ચોથો—

૧. માર્ગણાદ્વારે છ કાય જીવો પૈકી દરેક કાયને કેટલી લેસ્યા હોય?
૨. સાતમે ગુણઠાણે કેટલા યોગ, ઉપયોગ ને લેસ્યા હોય?
૩. ચૌદ ગુણઠાણે જીવોનું અલ્પ બહુત્વ લખો
૪. આઠે કર્મ ઉપર પાંચે ભાવ ઉતારો.
૫. પહેલું અસંખ્યાતું કેમ થાય તે ટુંકામાં લખો. ૨૦

૫. કર્મગ્રંથ પાચમો—

૧. અગ્યાર ગુણશ્રેણીનાં નામ અને તેને ઓળખી શકાય તેવી તેની સ્વરૂપ-સૂચક વ્યાખ્યા લખો.
૨. યોગ કોને કહીએ? તેનું સમજાય તેવું સ્વરૂપ લખો અને તેના ઓછા-વત્તાપણાનું કારણ જણાવો.

૬. કર્મગ્રંથ છઠ્ઠો— મૂળ પ્રકૃતિ સંબંધી.

૧. નામકર્મ બાંધતાં બંધસ્થાન કેટલાં હોય ?
૨. આઠ કર્મ બાંધે ત્યારે ઉદયમાં ને સત્તામાં કેટલા કર્મ હોય ?
૩. અગ્યારમે ગુણઠાણે બંધમાં, ઉદયમાં ને સત્તામાં કેટલાં કર્મ હોય ?

ઉત્તર પ્રકૃતિ સંબંધી.

૧. મોહની કર્મની ઉત્તર પ્રકૃતિ ૨૮ પૈકી બંધસ્થાન કેટલા ને કયા કયા ?
૨. તેમાં બાવીશ પ્રકૃતિના બંધમાં કેટલા ભાંગા હોય ને તે શી રીતે ?
૩. બાવીશના બંધ સ્થાનકે ઉદયસ્થાન કેટલા હોય ને કયા કયા ?
૧. ઉપશમ શ્રેણીનું ટુંકામાં સ્વરૂપ લખો. —૨૦

૭. સામાન્ય સવાલ—કર્મબંધ અટકાવવા માટે પ્રયત્ન શું કરવો ? તે અધિકારી પરત્વે લખો.

માર્ગાનુસારી, સમ્યક્ત્વી, દેશવિરતિ ને સર્વવિરતિ એ ચારને અધિકારી સમજવા. —૬

૮. ચેલણાના મહેલમાંથી આમ્રની ચોરી કરનાર ચોરને શોધી કાઢવા માટે અભયકુમારે કેવી યુક્તિ કામે લગાડી હતી તે સાથેની કથા સહિત લખો. —૮

૯. પ્રસન્નચંદ્ર રાજર્ષિના ચરિત્ર પરથી 'ચિત્તદમન' સંબંધમાં તમને જે વિચારો ઉપજતા હોય તે સંક્ષેપથી જણાવો. —૫

૧૦. મહાવીર સ્વામીના ઉપસર્ગો, અગાઉના સત્તાવીશ ભવ અને દેશનાપધ્ધતિ વિગેરે પરથી તેમના જીવન ચરિત્ર અને ચારિત્રપર એક ટુંકો લગભગ ત્રીશ લીંટીનો નિબંધ લખો. —૮

કુલ—૧૦૦

---

## ધોરણ ૫ મું

### પરીક્ષક—મનસુખલાલ વિ. કીરતચંદ મહેતા.

ટેક્સ્ટ બુક —( ૧ ) શ્રી ઉમાસ્વાતિ વાચક કૃત સભાષ્ય તત્વાર્થાધિગમસૂત્ર (હિંદી અનુવાદ.)
( ૨ ) શ્રી હરિભદ્રસૂરિ કૃત ધર્મબિન્દુ ( શ્રાવકધર્મ સંહિતા. )

પ્રશ્ન—( ૧. ) નીચેના ગમે તે વિષય ઉપર નિબંધ લખો; ૨૫

( ક ) તત્ત્વાર્થ સૂત્રનો સારસમુચ્ચય.
( ખ ) લોક સ્વરૂપ અથવા વિશ્વ વ્યવસ્થા.
( ગ ) અઢીદ્વીપનું વર્ણન.
( ઘ ) દ્વાદશાનુપ્રેક્ષા અથવા બાર ભાવના.
( ઙ ) જ્ઞાનાદિ પંચાચાર અને તેના ભેદ.
( ચ ) માર્ગાનુસારીપણું અથવા ગૃહસ્થ યોગ્ય સામાન્ય ધર્મ.
( છ ) ગૃહસ્થ યોગ્ય બાર વ્રત તથા તેના અતિચાર.

પ્રશ્ન ( ૨. ) નીચેના શબ્દોની વ્યાખ્યા આપોઃ— ૨૦

( ૧ ) ધર્મ; ( ૨) ઔપચારિક અથવા વ્યવહાર ધર્મ; (૩) નિશ્ચય ધર્મ; ( ૪ ) યોગ–ક્ષેમ; ( ૫ ) નય; ( ૬ ) ઉપવાસ; ( ૭) પરિણામ; (૮) સમ્યક્ત્વ; ( ૯ ) મૈત્રી; ( ૧૦ ) પ્રમોદ; ( ૧૧ ) કરૂણા; ( ૧૨ ) માધ્યસ્થ; ( ૧૩ ) સ્યાદ્વાદ; ( ૧૪ ) સાર્થક અને નિરર્થક ( ૧૫ ) સાપેક્ષ અને નિરપેક્ષ; ( ૧૬ ) અપવર્તન; ( ૧૭ ) ઉપક્રમ ( ૧૮ ) દ્રવ્યેન્દ્રિય; (૧૯) ભાવેન્દ્રિય; (૨૦) વ્યંજનાવગ્રહ.

પ્રશ્ન ( ૩. ) નીચેની બાબતો સમજાવોઃ— ૨૦

( ૧ ) કયાં કારણો સેવ્યાથી જીવને દર્શનમોહ ઉપજે ?

( ૨ ) કયાં કારણો સેવ્યાથી જીવ તીર્થંકરપણું પામે ?

( ૩ ) કયાં કારણો સેવ્યાથી જીવ મનુષ્યપણું પામે ?

( ૪ ) કયાં કારણો સેવ્યાથી જીવ નીચ ગોત્રમાં ઉપજે ?

( ૫ ) જીવ સિદ્ધ થઈ લોકાગ્રેજ કેમ રહે છે ? આગળ અનંત આકાશ છતાં ત્યાં કેમ નથી જતો ?

( ૬ ) " વ્યંતર " એટલે શું ?

( ૭ ) 'અસુરકુમાર' ' નાગકુમાર ' એમાં ' કુમાર ' નામ શા માટે આપ્યું છે?

( ૮ ) ઔદાયિક ભાવના ભેદ કયા કયા?

( ૯ ) કર્મ બન્ધના મુખ્ય હેતુ શું છે? કર્મ યોગ પુદ્ગલ જીવ કયા મુખ્ય કારણને લઇને ગ્રહણ કરે? મિથ્યા દર્શન હોય તો અવિરતિ હોય કે નહિ? અવિરતિ હોય તો મિથ્યા દર્શન હોય કે નહીં?

( ૧૦ ) આ કાલે આ ક્ષેત્રે આયુષ્ય પ્રાયઃ કેવું ગણાય? અપવર્તનીય કે અનપવર્તનીય ? અપવર્તનમાં ઉપક્રમ રૂપ નિમિત્ત શું હોય ?

( ૧૧ ) " ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય, એ ત્રણેથી યુક્ત તે સત્; " આવી ' સત્ ' ની વ્યાખ્યા છે; ' સત્ ' ના ત્રણે ગુણો નહી સ્વીકારતાં એકલો ધ્રૌવ્ય સ્વીકારીએ તો શો વિરોધ આવે?

( ૧૨ ) " પૂર્વ પ્રયોગ ને ગતિ પરિણામે બંધન છેદ અસંગ " આ ચારે કારણો જીવન સિદ્ધ થતા ઉર્ધ્વ જવામાં કેવા પ્રકારે સહાયભૂત થાય છે ?

પ્રશ્ન ( ૪. ) નીચેની બાબતો ઉપર ટુંક વ્યાખ્યાન ( Notes or commentary ) લખોઃ— ૧૫

( ક ) ' કર્મ ' સત્ય છે પણ કલ્પના નથી.

( ખ ) " સમ્યક્ત્વ ન થયું હોય ત્યાં લગણ વ્રત ગ્રહણ કરવાની યોગ્યતા કહેવાયજ નહિ "

( ગ ) " ( ગૃહસ્થે ) પરસ્પર હરકત ન પહોંચે એવી રીતે એ ત્રણેનું (ધર્મ, અર્થ, કામનું ) સેવન કરવું. "

( ઘ ) " વિભવ લાભનો અત્યંત રહસ્ય ભૂત ઉપાય ન્યાયજ છે."

( ઙ ) " **मूर्छा परिग्रहः** " મૂર્ચ્છા એ પરિગ્રહ "

( ચ ) " **निःशल्यो व्रती** " શલ્ય રહિત તે વ્રતી."

(૭) " વિવાહની આવશ્યકતા શા માટે? સગોત્રીય વિવાહમાં વાંધો શું? કન્યા ગામમાં ને ગામમાં આપવાના રીવાજને એ વાંધો નડે ખરો?"

**પ્રશ્ન (૫.)** 'દ્રવ્ય' એટલે શું? એ કેટલાં ક્યાં ક્યાં છે? તેના ગુણ-લક્ષણ અને તે પ્રત્યેકના ભેદ સમજાવો. १०

**પ્રશ્ન (૬.)** નીચેની બાબતોમાં શું ભેદ ( Difference ) છે તે સમજાવો. ५

( १ ) જ્ઞાન અને અજ્ઞાન.

( २ ) ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક.

( ३ ) જરાયુજ, અંડજ, પોતજ અને સમ્મૂર્છન.

( ४ ) સ્વદારસંતોષી અને પરદારવિરત એમાં ભેદ શું; તથા એમાં કોણ વધારે સારો?

( ५ ) સમ્યગ્ દર્શન અને સમ્યગ્ દૃષ્ટિ એમાં ફેર શું? કેવલી સમ્યગ્ દર્શની હોય કે સમ્યગ્ દૃષ્ટિ હોય?

**પ્રશ્ન (૭.)** નીચેની ગમે તે એક બાબત વિષે લખોઃ— ५

( १ ) જીવના જુદા જુદા ભેદો દેખાડનારૂં એક વૃક્ષ દોરો અથવા એક કોઠો (table) લખો

( २ ) કર્મની મૂળ તથા ઉત્તર પ્રકૃતિઓનો એક કોઠો લખો.

( ३ ) 'અતિચાર' એટલે શું એ સ્ફુટ દાખલા સાથે સમજાવો

( ४ ) 'કાળ'ના વિભાગ આપો.

( ५ ) શ્રીમાન્ ઉમાસ્વાતિ વાચક વિષે જે જાણતા હો તે લખો.

( ६ ) કષશુદ્ધિ, છેદશુદ્ધિ અને તાપશુદ્ધિ શાસ્ત્ર ઉપર ઉતારો, અર્થાત્ કેવાં શાસ્ત્ર કષશુદ્ધ, છેદશુદ્ધ અને તાપશુદ્ધ કહેવાય?

## શ્રી સુકૃતભંડાર ફંડમાં આવેલી રકમો

રૂ. ૫૫૮१-૬ ૯ ગયા અંકમાં જણાવ્યા પ્રમાણે

આ ઉપરાંત મુંબઇના મોતીના કાંટાને પણ આ સ્કુલને અમુક વાર્ષિક ર આપવાની વિનંતિ કરવી. કારણકે તે ખાતા તરફથી જુદી જુદી પાંજરાપોળો ર જીવદયાના ખાતાઓને મદદ મળે છે, અને આ પણ તેવીજ જાતનું એક ખાતુ હોવ તેને મદદ મળવા પુરતો સંભવ છે.

શ્રી સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના આસીસ્ટંટ સેક્રેટરીની સાથે હું જ્યારે મુ ઇમાં હતો ત્યારે વાતચીત થતાં તેઓ ભાઇનું એવું બોલવું થયું હતું કે જો અ ખાતુ ઉઘાડવામાં આવે તો સ્થાનકવાસી કોન્ફરન્સ તરફથી પણ થોડી મદદ મળે ખ

થોડી ઉપજવાળા દેશી રાજ્યો અને જાગીરદારોને વેટેરીનરી સરજનોના પગા ખર્ચ પોસાતું નથી જેથી તેઓને આવા ટુંક પગારના પશુ વૈદ્યોની ઘણી જરૂર જો આપણે આવા દેશી રાજ્યો અને જાગીરદારોને વિનંતિ કરીશું તો તેઓ પણ સ્કુલ નીભાવવાને સારી મદદ કરશે.

આ ઉપરાંત સરકારને પણ આ સ્કુલને કાંઇ વાર્ષિક મદદ ગ્રાંટ રૂપે આપવ જો આપણા તરફથી અરજ કરવામાં આવે તો આશા રહે છે કે સરકાર આપ આ કામમાં જરૂર મદદ કરશે.

અમદાવાદમાં ઘણા જૈન ભાઇઓ મોટા શ્રીમંત છે, અને તેઓને ત્યાં ગ ઘોડા, ભેંસ, કૂતરા, બળદ વીગેરે ઘણા જનાવરો હોય છે. જ્યારે તે ભાઇઓનાં જનાવરો માંદાં થાય ત્યારે તેઓને બીજી જગ્યાએ નહીં મોકલતાં સારવાર માટે

સ્કુલમાં મોકલવામાં આવે અને આ સ્કુલના ડાકટરની મદદ લેવાનું વિચારે તો આ સ્કુલને અંગે સારી Private Practice ચાલવાનો પુરતો સંભવ છે, અને જો તેમ થાય તો આ સ્કુલનું ખર્ચ તેમાંથીજ નીકળશે.

છેવટ.

ગુજરાત અને કાઠીઆવાડમાં ફક્ત પાંજરાપોળોને માટેજ આવા ઓછામાં ઓછા ૧૦૦ પશુ વૈદોની જરૂર છે. ઉપર જે બજેટ મેં કર્યું છે તે બજેટ પ્રમાણે જો દર વરસે ૧૨ પશુ વૈદોને તૈયાર કરીશું, તો આ સ્કુલનું કામ આઠ વરસ લગી ચાલશે. દર ૧૨ ને બદલે દર વરસે ૨૫ પશુ વૈદોને બહાર પાડીશું તો બજેટમાં ફક્ત રૂ. ૬૦૦) કે છસોનોજ વાર્ષિક વધારો ( તેઓના ખાધા ખર્ચનો ) કરવો પડશે, અને જો તેમ થશે તો ફક્ત ચાર વરસમાંજ આપણું કામ પૂરૂં થશે.

આ કામ પૂરૂં થયા પછી આ સ્કુલ આગળ ચલાવવી કે નહીં તે બાબતનો વિચાર હાલમાં કરવા કરતાં તે વખતેજ કરવો વધારે સલાહ ભરેલું છે. જો આ સ્કુલનું પરિણામ સારૂં આવે અને પાંજરાપોળોને તેમજ દેશને આ સ્કુલની ઉપયોગિતા જણાય તો સ્કુલ કાયમ રાખવી. નહીંતર તે વખતે તે સ્કુલ બંધ કરવાનો વિચાર કરવો.

## ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

### જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે ખારવાડામાં આવેલા શ્રી સ્થંભન પાર્શ્વનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ છગનલાલ પાનાચંદ તથા શેઠ ખુબચંદ મુળચંદ તથા શેઠ મગનલાલ પાનાચંદ અને શેઠ ભોગીલાલ જેઠાભાઇ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૩ ના આસો વદ ૦)) સુધીનો હિસાબ અમે તપાસ્યો. તે જોતાં હિસાબ ચોખ્ખો છે. પરંતુ આ મંદિર એક તીર્થ સ્થળ છે તેના પ્રમાણમાં વહીવટ તથા નામું રાખવામાં આવેલ નથી. સદરહુ દેરાસરજી સુધારવાની કેટલીક જરૂર જણાય છે તે ઉપર વહીવટ કર્તાઓએ તથા જૈન ગૃહસ્થોએ ધ્યાન આપવા જેવું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનપત્ર વહીવટકર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * *

### જીલ્લે ખેડા તાબે સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે આવેલા શ્રી સાગરગચ્છના નેમસાગરજીના ઉપાશ્રયની મારફત દેરાસર, જ્ઞાન, કબુતર અને સાધારણ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ વહીવટના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ છગનલાલ પાનાચંદ તથા શેઠ પોપટભાઇ મૂળચંદ બીન દીપચંદ હસ્તકનો સં. ૧૯૫૯ થી સં. ૧૯૬૩ ના આસો વદી ૦)) સુધીનો હિસાબ અમે તપાસ્યો છે. તે જોતાં હિસાબ રીતસર રાખવામાં

આવ્યો છે તે માટે તેમનો આભાર માનીએ છીએ. આ ખાતું તપાસી જેજે ખામીઓ જોવામાં આવી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * *

### જીલ્લે ખેડા તાબે સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે ખારવાડામાં આવેલા શ્રી આદીશ્વર મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ છગનલાલ લખમીચ હસ્તકનો હિસાબ સં. ૧૯૬૪ સુધીનો અમે તપાસ્યો છે. તે જોતાં નામું બીલકુલ રા વામાં આવ્યું નથી. અમોએ સદરહુ દેરાસરજીનો હિસાબ તપાસવાની માગણી કર તુરત પોતાની પાસે જે હિસાબ હતો તે બતાવી દીધો છે તેથી તેમનો આભ માનીએ છીએ.

આ ખાતુ તપાસી જેજે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર ગૃહસ્થોને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યા આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

### જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે ભોંયરાપાડામાં આવેલા શ્રી નેમનાથજી મહારાજના તથા શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ પુંજાભાઇ સુરચંદના હસ્તક હિસાબ અમે તેમની પાસે હતો તે તપાસ્યો. નામું તેમના હસ્તકમાં નહીં હોવા તેમની પાસે દાગીના તથા રોકડ જે કંઇ મીલ્કત હતી તેના હિસાબની માગણી કર તુરત દેખડાવી દીધો છે, તેથી તેમનો આભાર માનીએ છીએ. પરંતુ સદરહુ દેરાસ જીનો બાકીનો હિસાબ શેઠ મગનલાલ વીરચંદ પાસે છે. તેઓની પાસે ઘણીવ માગણી કરવા છતાં હજુ બતાવ્યો નથી. તે બહુ દીલગીર થવા જેવું છે.

આ ખાતુ તપાસી જેજે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર ગૃહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યા આપી બંદોબસ્ત કરશે.

× × ×

### જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે જીરાળાપાડામાં આવેલા શ્રી અરનાથજી મહારાજના દેરાસરના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ વખતચંદ લક્ષ્મીચંદ હસ્તકનો સં. ૧૯૬૧ થી સંવત ૧૯૬૪ ના શ્રાવણ વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો છે, તે જોતાં વહીવટ ચોખવટથી રાખી અમોએ માગણી કરતાં તુરત ખુલાસે સાથે દેખડાવી આપ્યો છે, તે માટે તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * *

**જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ (ખંભાત) મધ્યે આવેલા ભોંયપાડાના શ્રી મલ્લિનાથજી મહારાજના દેરાસરને લગતો રીપોર્ટ.**

સદરહુ દેરાસરના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ હીરાચંદ જેઠાભાઇ ચોકસીના હસ્તકનો સંવત ૧૯૬૧ થી ૧૯૬૪ ના અશાડ વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં વહીવટકર્ત્તાએ હિસાબ ચોખ્ખો રાખી અમે માગણી કરતાં તુરત દેખડાવી દીધો છે તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર ધ્યાન આપી તાકીદે બંદોબસ્ત કરશે.

લી. શ્રી સંઘનો સેવક.
ચુનીલાલ નહાનચંદ
ઓનરરી ઓડીટર, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

## પ્રજાની આબાદી તેજ રાજ્યની આબાદી.

—એક સ્તુત્ય ઠરાવ—

નીચલી ખબર જામનગરના દરબારી ગેઝેટમાં પ્રગટ થઈ છે:—

"આ સ્ટેટમાંથી ગાય, બળદ, ઘોડા, ટટ્ટુ વિગેરે જાનવરો સંખ્યાબંધ પરદેશ ચડે છે તેથી ખેતીને ધક્કો લાગવા સંભવ છે. માટે વસ્તીની આબાદી ખાતર ઢોરને પરદેશ ચડતાં અટકાવવાની જરૂર છે. સબબ ઠરાવવામાં આવે છે કે હવેથી આ સ્ટેટનું કોઇ પણ ઢોર તરી અગર ખુશકી રસ્તે પરદેશ ચડાવવામાં આવશે તેની વેચાણ કિંમત ઉપર સેંકડે ૫૦ ટકા જકાત લેવામાં આવશે."

મજકુર ઠરાવ ઘણોજ સ્તુત્ય છે કેમકે જે ઢોર રૂ. ૫૦) માં વેચાતું હોય તેના જ્યારે રૂ. ૧૦૦) આવે તોજ હવે વેચી શકાય, કેમકે રૂ. ૫૦) જકાતના જાય અને તેમ કરવું વેચનારને પાલવે નહીં તેથી બહારગામ ખાતે કોઇ જનાવરો જાય નહીં. જ્યારે જનાવરો, તે પણ ઉપયોગી, જનાવરોની નિકાશ અટકે તો ગામમાં ઓછી કિંમતે વેચાણ થાય જેથી ગરીબો પણ લઇ શકે અને જો આ રીતે દરેક રાજ્યો કરે તો હજારો ઢોરો બચે અને પરિણામે ઢોરો ઉપર આજીવિકા ચલાવી શકનારાઓ જે દુર્બળ સ્થિતિ ભોગવે છે તે સુધરે. ખેતીવાડીને આ રીતે ટેકો મળતાં મોંઘવારીમાં ઘટાડો થવા પામે અને તે રીતે પ્રજાની આબાદીમાં વધારો થાય તે નિર્વિવાદ છે. જ્યારે પ્રજા આબાદ તો રાજ્ય આબાદ છે. એટલુંજ નહીં પણ પ્રજા આબાદીમાં જેમ વધારો તેમ રાજ્યશાંતિમાં પણ વધારો. આ શું જેવો તેવો લાભ છે?

લી. મધુકર.

॥ श्री ॥

# सच्चा सो मेरा.

(लेखक लक्ष्मीचंदजी घीया)

## ॥ जैनम् जयति शासनम् ॥

श्लोकः ८.

सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् न ब्रूयात् सत्यमप्रियम् ।
प्रियं च नानृतं ब्रूयात् एष धर्मः सनातनः ॥

६ जैन समाचार पत्रोंके मालिक व सम्पादकों को मैं यह सम्मति जाहिर करता कि यद्यपी कोई सत्य हो तो भी ऐसा आक्षेपभरा लेख प्रकाशित न किया जाय जिस धार्मिक व व्यवहारिक उन्नतिके कार्यमें उलटा धक्का न पहुंचे.

आशा है के पूर्वोक्त प्रार्थना पर सर्व जैन बंधु लक्ष देकर अपनि श्रीमति महासभाव पक्षपाति बनकर निम्न लिखित विषयोंको अमलमें लानेकी कोशिश कर भविष्यका सुधार करें ताके मनुष्य जन्म सार्थिक हो.

श्लोकः ९.

आलस्यं हि मनुष्याणाम् प्राणपरहरणो रिपुः ।
रिपुर्दहति को काले आलस्य च पदे पदे ॥

प्रथम विषय

# तीर्थ व जिनमंदिर जीर्णोद्धार

श्लोक १०

श्रीतीर्थपांथरजसा विरजी भवन्ति
तीर्थेषु बंभ्रमणतो न भवे भ्रमन्ति ।
द्रव्यव्ययादिह नराः स्थिरसंपदः स्युः
पूज्या भवंति जगदीशमथार्चयंतः ॥

१ भाइयो प्रमाद निद्राको छोडकर लाभालाभ विचारो अपनि धर्मस्थिति की और तनिक आंख उठाकर देखो तो सही, पूर्वकाल में जैनधर्मका प्रकाश सर्वत्र सूर्यके माफीक चमकताथा अब वर्तमान छोटी २ बातें छोडकर देखो अपने परम पवित्र तिर्थों के ऊपरभी हाथ डालते कोई बिचार नहिं करता यह अपनी बेदरकारीका ही फल है! हृदय कैसे रोका जाय कहना नहीं पडता है कि वह परमपूज्य श्री हीरविजयजी जैसे प्रभाविकाचार्यने बादशाह अकबरको उपदेश देकर कैसे २ फरमानपत्र तीर्थरक्षा व जीवरक्षाके लिए कराए, अब उस्को अमलमें लानेकी कोशिश करनेमें भी हम असमर्थ होगये क हमारे परमपूज्य पवित्र तीर्थ पर हमेशाका कब्जा होते हुवेभी रक्षा करनेमें बेदखल होने लगे, अफसोस! समस्त भारतवर्षीय श्री तीर्थ संरक्षण कमेटीको इस तरफ सुधारा व प्रबंध करनेकी तरफ पूरा २ लक्ष देना चाहिए. और एक अच्छे प्रमाणीक व प्रभाविक इन्सपेक्टर फिरनेकी व्यवस्था की जाय और जगह २ ऐसे साइन बोर्ड द्वारपर लगाने चाहिए के, जिस चिजसे आसातना होतीहो अंदर लेकर कोई न जा सके.

## श्लोक ११—१२

चैत्यं चकारयेद्धन्यो जिनानां भक्तिभावितः ।
तत्परमाणुसंख्यानि वर्षाणि त्रिदशो भवेत् ॥
नवीनजिनगेहस्य विधाने यत्फलं भवेत् ।
तस्मादष्टगुणं पुण्यं जीर्णोद्धारेण जायते ॥

२ एक समय ऐसा था कि बडे २ भव्य देरासर एवम् जिनालय अथाग द्रव्य खर्च करके पुण्यवानोंने जैसेकी सम्प्रति कुमारपाल आदि महाराजा व वस्तुपाल तेजपाल आदि मंत्री व धनाशाह विमलशाह आदि साहूकारों ने बनाकर इस आर्य भूमिको जिन मंदिरोंसे विभूषित कर दी थी अब बहोतसे ग्रामों मे ऐसेही प्रान्तों में श्री जिनालयकी शोचनीय स्थिति होगई वास्ते जीर्णोध्धार कराना अपना श्रावकों का मुख्य कर्त्तव्य है कई जगह तो अन्यमति पूजारे रखकर पूजा कराई जाती है. ठिक है आजतो पैसा खर्च जिन प्रतिमाकी पूजाकरानेका कार्य दुसरेके सिपुर्द कर निश्चित होगये, अब उपवास व्रतादिभी गरिब भाइयोंको पैसा देकर करावेंगे उस्का भी कष्ट नहि उठाना पडेगा, बलिहारी इस भक्तिकी! जैसी देवकी आसातना होति है वैसी अपनी भी स्थिति खराब होती है वास्ते स्वयम् पूजा करना अपना कर्त्तव्य है.

३ और उपरोक्त लिखे अनुसार मंदिर व धर्मस्थानों के द्वारपर नोटिस कान्फरंसकी तरफसे छपवाकर लगाने की व्यवस्था की जाय जिस्से कोई आसातना न कर सके.

४ ध्यान दिजिये की एक मंदिरमें सहस्रों रूपेकी आय होती है और एकमें पूजन खर्च के लिएभी तंगी है, तो उस बडे मंदिरके खजानेमेंसे मदद देकर पूजाका प्रबंध क्यों न किया जाय? क्या वह परमपूज्य परमात्माकी मूर्ति नहिं हैं ?

द्वितीय विषय

# प्राचीन शास्त्रोद्धार तथा शिलालेख

श्लोक १३—१४

श्रुत्वा धर्मं विजानाति श्रुत्वा त्यजति दुर्मतिम् ।
श्रुत्वा ज्ञानमवाप्नोति श्रुत्वा मोक्षं च गच्छति ॥
लेखयित्वा च शास्त्राणि यो गुणिनः प्रयच्छति ।
तन्मात्राक्षरसंख्यानि वर्षाणि त्रिदशोभवेत् ॥

१ नजर डालिएकी हमारे परमोपकारी पूर्वाचार्य हरिभद्रजीसूरि व हेमचंद्राचार्य आदिने हमारेपर कितने बडे भारी उपकार किये कि क्रोडों शास्त्र लिखकर छोडगए, जिसमेंसे बहोतरे तो पहले नष्ट किए गए परन्तु हमारेमे तो यह ताकत रहा के अबजो बाकी रहे उनकोभी संभाल न सकें, या यों कहिए कि उनकों उपयोगमें लाने योग्य हम न रहे तब उनकों किडे ऊदई आदि काममें लाकर नाश कर रहे हैं यह आंखसे देखा हुवा है, क्या अब पचीसमें तिर्थंकर होनेवाले हैं, सो पुनः सर्वज्ञ द्वादशांगी रचि जायगी? नहिं २ बंधुओं जागृत हो! ग्रंथोंका उद्धार कराके संभाल कर काममें लाओ यही अपना खास फर्ज है.

२ एक ज्ञानमंदिर अच्छे स्थलपर ऐसा होना चाहीए की जिसमें शास्त्र जो वर्त्तमान में हैं वह कुलही एकत्र कर उसमें रखे जावें.

३ शिलालेखोंकी नकलें जगह २ की फोटो या मुसालेसे उतरवाकर एकत्रित करना चाहिए जो वक्तपर काममें आवे और प्राचीन ऐतिहासिक बात ज्ञात हो.

तृतीय विषय

# धार्मिक तथा व्यावहारिक शिक्षा.

श्लोक १५—१६

न चौरहार्यं न च राजहार्यं, न भ्रातृभाज्यं न च भारकारी ।
व्यये कृते वर्ध्धत एव नित्यं, विद्याधनं सर्वधनप्रधानम् ॥

आचार्यपुस्तकसहायनिवासवित्तं
बाह्याश्च पंच पठनं परिवर्द्धयन्ति ।
आरोग्यबुद्धिविनयोद्यमशास्त्ररागाः,
पश्चान्तराः पठनसिद्धिकरा भवन्ति ॥

१ धार्मिक शिक्षाके बिना सच्चे देव, गुरु, धर्म व दर्शन, ज्ञान, चारित्रका स्वरूप ज्ञात नहिं होता, इस्के बिना मोक्ष नहि. व्यावहारिक शिक्षाके बिना कृत्याकृत्य कैसे मालुम हो, वास्ते चारों वर्गको प्राप्त करनेवाली एक विद्या ही उत्तम उपाय है, इस लिए मुख्य २ स्थलपर सेंट्रल कॉलेज खोलकर क्रमवार धार्मिक व व्यावहारिक शिक्षा लडके तथा लडकीयोंको दीजाय, और साथ २ औद्योगिक कला कौशल्य (हुनर) भी सिखाया जाय, और धार्मिक शिक्षामेंभी कक्लास यानि दर्जह कायम कर जैसे मिडल, एन्ट्रैन्स आदि पास होते हैं वैसे ही परीक्षा लेकर पास करनेकी पद्धति जारी की जाय, ईस्से उम्मेद होति है कि विद्यार्थी दिलसे महेनत करेंगे. ऐसेही बालाओंके वास्ते भी प्रबंध कीया जाय, ताकी शीघ्रोन्नति हो, स्त्री शिक्षाकीभी बडी आवश्यकता है क्यों कि दुरस्त दो पहियों बिगैर गाडी नहीं चलसकती.

२ प्रान्त २ में छात्रालय (बोर्डिंग हौस) खोलकर विद्यार्थीयों के लिए पुरा प्रबंध कियाजाय.

चतुर्थ विषय

# निराश्रितोंको आश्रय.

श्लोक १७

वात्सल्यं बन्धुमुख्यानां संसारा हविवर्द्धनम् ।
अहिंसालक्षणो धर्मो संसारोदधितारकम् ॥

अफसोस है कि हम उत्तम तरह २ के भोजन करते हैं और हमारे कितनेक दीन सहधर्मी भाइ बहन अन्न वस्त्रके वास्ते भटकते फिरते हैं, तकलिफ पा रहे हैं इनको तन मन धनसे प्रचलित उद्योगमें लगाकर धर्ममें दृढ करना धनिक धार्मिक पुरुषोंका मुख्य कर्तव्य हैं. देखिये बिचारे छोटे २ बालकों को जिनके मा, बाप प्लेग कॉलेरा आदिसे मर गए उनकी कैसी दुर्दशा है आर ध्यान देनेसे *मालुम होता है कि हमारी दयाका यह कैसा नमुना है, तैसे ही अच्छे २ योग्य* घरानेकी विध्वा स्त्रीयां कुछ कार्य नहिं कर सक्ती वे आपना निर्वाह बहोत कष्ट से करती है इस

ओर भी लक्ष देकर प्रबंध करना चाहिए. विचारिये, समाजी, इसाई आदि कैसे २ उद्योग करतें छप्पनके दु:काल में भिक्षा मांगते हुवे बालक जिनको स्पर्श करनेसे घृणा होती थी वेही अ बाबू कहे जाते हैं वैसा मार्ग अपनेकोभी अखतियार करना चाहिए.

## पञ्चम विषय.

# जीवदया

### श्लोक १८–१९

तस्माद्धर्मार्थिना कर्तव्या प्राणीनां दया।
अहिंसालक्षणो धर्मोह्यधर्मः प्राणिनां वधः॥
यादृशं भुज्यते चान्नं बुधिर्भवति तादृशी।
दीपेन च तमो भुक्तं नीहारोपि च तादृशं॥

१ अहिंसा परमो धर्मः यह अपने पवित्र धर्मका मूल सिद्धान्त है! ईस लिए जगह पांजरापोल वगेरा स्थान नीयत कर अनाथ पशु आदिका संरक्षण करना, तथा जो २ चिज जीवोंकी हिंसासे बनाई जाती है उसको काममें नहिं लाना कारण दया धर्मका मूल सिद्धान्त जैसे की परोंकी टोपी, चार्बिकी मोमबती, साबुन, अशुद्ध शक्कर, अशुद्ध पदार्थोंसे बनाई हुई द ईयें व हाथी दांतके चुडे आदि!

२ जीव दयाका प्रबंध अपने घरहींमें उपदेश करनेसे कैसे हो सकता है निरपरा दीन पशुओंको हथीयारोंकी तिक्षण धाराकी त्राससे बचाकर इस आर्य भूमिको धन धा वृद्धिको प्राप्त करना है तो, वेजिटेरियन पक्षवालोंके माफिक रास्ता लेना चाहिए, द दयाका पूतल मि० लाभशंकर लक्ष्मीशंकरके विचार मुजिब सहायता देकर उपदेश प्रबंध होना चाहिए, जिससे रूपेका काम पेसेमे होना संभव है.

३ दर साल विजयादशमी नवरात्री इन मांगलीक दिवसोंमें निरपराधि पशुओं अभयदान दिलानेके लिए प्रथमसेही राजामहाराजाओंको दरखास्तें भेजकर वकालत क अपनें जैनियोंका व कॉन्फरसका खास फर्ज है.

छठ्ठा विषय.

# हानिकारक रीवाज

श्लोक २०

ययोरेव समं शीलं ययोरेव समं कुलम् ।
तयोर्मैत्रीविवाहश्च न तु पुष्टविपुष्टयोः ॥

श्लोकः २१

अन्यायोपार्जितं द्रव्यं दशवर्षाणि तिष्ठति ।
प्राप्यतैकादशे वर्षे समूले च विनश्यति ॥

श्लोक २२

न जारजातस्य ललाटशृंगम्
कुले प्रसूतस्य न पाणिपद्मम् ।
यदा यदा मुंचति वाक्यबाणम्
तदा तदा जातिकुलप्रमाणम् ॥

**शरमको भीयाहांपर शरम आयहै.**
**जो बेशरम हो वो न शरमायहै.**

लोकनिन्दनिय, धर्मविरूद्ध जीवितमांस विक्रय करने जैसा हीन रिवाज जैनबन्धु-ओंको अवश्य त्यागने योग्य है. क्यों की, प्रत्यक्ष देखनेमें आताहै के जिसने यह अन्यायका पैसा लेया ऊस्की ऊद्योगबुद्धिका नाश हो कर दुःखी अवस्थामें आगए हैं, तैसे ही दुर्गतिका कारण जानकर जरूर छोडना चाहीये

१ जैन बंधु कहते हैं कि हमारी कोम दूसरी जातियोंकी अपेक्षा कमजोर हैं. क्यों न हो! छोटे २ बच्चाओंका विवाह कर दिया जाताहै, फिर दिलावर सन्तान कहां से पैदा हो?

२. कोई कहते हैं कि पुनर्विवाह के लिए जैनी भी चर्चा करने लगे यह ठिक नहिं परन्तु यह नहिं सौचते कि ईस्का कारण वृद्धविवाह है. उसहीको रोकनेकी कोशिश की जाय, कोशिश क्या कि जाय? कन्याविक्रयकाभी तो भयानक रिवाज चल पडा है फिर निर्दोष अबलाओं के दुःखकी कोन चिन्ता करे! माबापको मतलब से काम है फिर भला हो कैसे!

जैन विधिसे भी विवाह न किया जाता, विचारिये, जब की अपने शास्त्रोमें संस्कार विधि होते हुवे अन्य विधिसे विवाह आदि कराना कहां तक मांगलिक के लिए हो सकता है? सच्ची श्रध्धाही सम्यक्त्वका कारण है. फाल्गुन मासमें अथवा विवाहसमयपर अच्छे २ कुलवान स्त्रीपुरुष निःशंक होकर विवेक रहित निर्लज्जताके गीत गाते हैं और अपने शीलमें लाञ्छन लगाते हैं क्या यह उच्च जातिके लिए लज्जाकी बात नहिं है? विवाहके समय दारूदखाना छोड कर अपने पैसो पर आग लगाना और बेचारे जानवरों को त्रास पहुँचाना क्या दयाधर्मियोंके लिए अनुचित नहिं है? तेसे ही वैश्याके नृत्यमें बहोत रूपे शोखके लिये खर्च कर देते हैं वैश्या उन रूपियेंमेंसे कुरबानीके लिए हिस्सा निकालती है, उसमें भी अपन भागी होते हैं फिर पञ्जरापोल बनाकर पशुओंकी रक्षा करनेका क्या मतलब है? शोचिये तो सही !

श्लोक २३

यस्यास्ति वित्तं स नरः कुलीनः स पंडितः स श्रुतिमान् गुणज्ञः।
स एव वक्ता स च दर्शनीयः सर्वे गुणाः कांचनमाश्रयन्ते ॥

५ बिना हैसियत के जिमन नुक्ता ( कारियावर ) के लिए जेवर जायदाद गिरवे रखकर या बेचकर अथवा करजा लेकर जिमन करना कोनसी चतुराईकी बात हैं ! मरनेवालेको तो १००) रूपेभी दान या शुभकार्यमें व्यय करनेके लिए नहिं देते और नुक्तेमें सहस्त्रों रूपेका पानी करना कोनसे शास्त्रका वाक्य है; बिचारी बारह पन्द्रह वर्षकी विधवा कोनेमें बेठकर रो रही है और हम लड्डु खावें यह प्रेत यानि राक्षसी भोजन नहिं तो क्या है ? भाइयों में किसीके लड्डू खानेमें अंतराय नहिं डालता. अपने खुशीके वक्त भोजन करना कौन मना करता है? केवल पीछेसे दुःख हो वैसा कार्य न करना चाहिए, इससे कई बरबाद हो चुके हैं यह जातिके अग्रेसरोंके विचारपर छोडता हूँ.

सप्तम विषय

# भ्रातृभाव ( संप ) बढानेके विषयमे.

श्लोक २४

बहूनामल्पस्वराणाम् समवाप्येदुरत्ययः ।
तृणैर्विधियते रज्जुर्बध्यंते दन्तिनस्तथा ॥

१ प्रिय बंधुओं! आप जानते हैं कि जो २ जातिय जैन है यह सब आचार्योंके उपदेशसे स्थापित हुई है वेही एक धर्मी होते हुवे यह समझ नहिं आता कि परस्पर व्यवहार बंद क्यों? यदि एक धर्म, एक आचरणवाली जितनी सर्व वैश्य जातियां है वह सब एक हो जाय तो क्या धर्म विरुद्ध है? अथवा नुकसानदायक है? कदापी नहिं! सच्चे भ्रातृभावके लिए दूसरा कोई रास्ता नहिं दिख पडता! यह विचार अपनी जातिके हिताकांक्षियोंके उपर छोडता हूँ—और अपने परस्परके लेन देन आदिके झगडे अपनी पंचायतसेही तह करालेना चाहिए क्यों कि ऐसा न होनेसे द्रव्यहानि और कषायकी वृद्धि होनेसे दुःखका कारण होता है.

## आठमा विषय

# जैन डाईरेक्टरी

जैन डाईरेक्टरी हुवे बिगेर अपने बंधुओंकी सँख्या व स्थिति पूरी २ मालुम नहि हो सक्ती. ईस हेतू से कान्फरंससे कितनिक जगहकी तो डाईरेक्टरी हो चुकी है बाकी जहां न हुई है वहांके बंधुओंको चाहिए कि बम्बई ओफिससे फॉर्म मंगाकर शीघ्र डाईरेक्टरी भरा देवे ताकी देशाटनमें सर्वको सुभिता रहे और जैन समुदायकी स्थिति ज्ञात हो जाय.

## नवमा विषय.

श्लोक २५

चेइदव्वविणासे रिसिवाये पवयणंस्स उड्डाये. ।
संजइ च उत्त भंगे मूलग्गि बोहिलाभस्स ॥

# धार्मिक खाताओका बराबर हिसाब

जैन धर्मका सार्वजनिक खाता, जैसेकी देवद्रव्य, ज्ञानद्रव्य, साधारणद्रव्य ग्राम २ शहर २ में अग्रेसरोंके पास रहता है, उसका हिसाब बराबर रखना, जिससे परिणाममें गोटाळा न हो सके, और सालीयाना आय व्ययकी रिपोर्ट संघ समक्ष जूदी २ या हेरल्डद्वारा प्रकाशित करना चाहिए, कोइ जैन बंधु अथवा कोन्फरन्सकी तरफसे कोई इन्स्पेक्टर हिसाब देखने आवे तो जरुर बताना योग्य है. तीर्थादी बडी संस्थाका हिसाब व रीपोर्ट छापेद्वारा जाहीर करनेकी कोई आवश्यकता नहीं, ऐसेही तीर्थ स्थलपर जाकर हीसाब देखना सर्व जैन बंधुओंका हक है.

## दशमा विषय.

# सुकृत भंडार फंड

कान्फरन्स निभावफंडके लिए प्रति मनुष्य ४ आना देवे ऐसी योजना की गइ है परन्तु इस सिवाय भी योग्य सहायता देना आवश्यक है. क्यों कि मुख्य आधार इसही पर है.

## अग्यारहमा विषय

## अनुचित पर्दा.

अपने जैन वर्गमें कितनिक जगह स्त्रियोंके पर्दा रखनेका अधिक प्रचार है. परन्तु देवगुरुकी भक्ति व धर्मका बाधा हो ऐसी पर्देकी रखना ठीक नाहिं तेसेही स्त्रीयोंके लिए बिल्कुल बेपर्दगी भी अनुचित है.

श्लोक २७

( कवित )

सुकाजकु छोड कुकाज करे, धन जात है व्यर्थ सदा तिनको;
एक रांड बुलाय नचावत है, नहीं आवत लाज जरा तिनको
मृदंग भने धिक्क है धिक्क है, स्वर ताल पुछे किनको किनको;
तब उत्तर रांड बतावत है, धिक्क है इनको इनको इनको.

# ठराव एकपर दूसरी स्त्री, मरण पीछे पीटणा

कितनेक जगे यह रीवाज हैकिं कोई मनुष्य मरजानेसे स्त्रीवर्गमें खुले मुंह होकर पीटणा लीजाती है इसमे सीवाय कर्म बंधके और कुछ फायदा नहीं. मराहुवा पीछा नहीं आता सच्चा रोना दीलके अंदर मोहनीके उदयसे होता है उसको रोकना मुश्कील है परंतु जाहेर बाजारके बीचमें लोकोंके देखते निर्लज्ज होकर मोटे आवाजसे गायके साथ पीटणी लेलेकर रोना अपने जैनीयोंके लीये अनुचित है वास्ते इस प्रथाको बंध करनी चाहीए.

# ठराव.

अपने कितनेक जैनबंधु प्रथम स्त्रीके साथ संबंध करके फिर बिनाकारण निर्दोष अबलाको बिनाधार छोडकर दूसरा बिवाह करलेते हैं. यह विश्वासघाती रीवाज आर्य लोकोंके लीये

नुचित है. ऐसा होनेसे कई अनर्थ व्यभिचार ही दुषण पैदा होते हैं वास्ते ख्याल रखना
ग्य है.

# अन्तिम प्रार्थना.

उपरोक्त सर्व बाबतोंसे यह तो निःसंदेह विदित हो गया कि कोन्फरन्सने जो अपनी
न्नतीकाही बीज बोया है इससे पूर्ण आशा है कि जैनकोम पीछी अपनी असली हलतको पहोंच
वेगी. परंतु अफसोस इस बातका हैकि हमारे कितनेक भाई बिनाही बिचारे अक्षेप करते हैं
कान्फरन्सने अभीतक क्या कीयाहे. उन साहीबोंसे पूछना पडता है कि, मेहेरबानीकर इतना
फरमावे की आपने कोन्फरन्सके कार्यमें कितना प्रयास लीयाहै. हम टावेके साथ कह सक्ते
कि जीतनी खामी इसके कार्यमें जीन साहीबोंको मालुम देतीहै वह उनही साहीबके तर्फकी है
ों कि कोन्फरन्स इमारत या कोइ आदमी या कोई देवका नाम नहीं है. किंतु खास अपने
मस्त भारतवासी जैनीयोंकी एक महासभाका नाम है. जीसमे आक्षेप करताभी शरीक है.
इसके जो जो उद्देश है उनकों पार लगाना वो सर्वका फर्ज है. नकी आक्षेप करनेका. क्यों
ठहराव करनेवालेभी अपन और उसको अमलमें लानेवालेभी अपन तो अब बताए कि, आक्षेप
सके उपर करते है. ख्याल करनेकी बात है कि, जैसा पहेनकर आरीसेमें देखेंगे ऐसा ही दिखेगा
उसे कमज्यादा कब दिख सक्ता है. इसी तरह सुधारा व उन्नति वगेरा अपन करेंगे इतना ही
गा ज्यादा कहांसे होगा. वास्ते हे बंधुओ! अपनी उन्नतिके लीये कोन्फरन्स माताकी एक
लिसे दृढ चित्त होकर भक्ति करना चाहीए. मेरी सर्व सज्जन पुरुषोंसे अंतिम प्रार्थना है
; जो जो रीवाज प्राचीन अथवा अर्वाचीन लाभदायक हो वही ग्रहण करना चाहिए.
। जो रीवाज प्राचीन या अर्वाचीन कोइभी हानीकारक हो वह अवश्य त्यागना उचित है. इस्का
म सच्चासो मरा है. इसीही द्वारा उन्नतिका विजय बावटा फरकाना चाहिए ॥ इति शुभंभवतु ॥
शांतिः ॥ शांतिः ॥ शांतिः ॥

अन्तिम मेरी सर्व जैन बंधुओंसे यह प्रार्थना है कि, जो २ इस लेखमें सार हो, उसको
ग्रहण करेंगे. और जो २ असावधानीसे गलती होगइ हो, तो उसको सुधारलेंगे. ऐसी आशा
कोई धर्म विरुद्ध भूलसे बात लिखी गई हो तो उसके लिये मिच्छामि दुक्कडं देता हुं.

श्लोक २९

मङ्गलं भगवान् वीरो, मङ्गलं गौतमः प्रभुः ।
मङ्गलं श्रीस्थुलिभद्राद्या, जैनो धर्मोस्तु मङ्गलम् ॥

॥ इति ॥

# ધર્મ નીતિની કેળવણી.

"શુધ્ધતા વિચારેં ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૧)—ધાર્મિક શિક્ષણની પદ્ધતિ કેવી હોવી જોઇએ?

ન્હાનાં બાલકોની સમજશકિત કાચી હોય છે. તેની વિવેક બુદ્ધિ અપરિપક્વ હોય છે. તેની નિર્ણયશક્તિ તદ્દન બીજાવસ્થામાં હોય છે. તેને ભવિષ્યનો કશો વિચાર હોતો નથી. આટલા માટે પર્યેષણાની પગથી પર ચ્હડાવવાની લાલસા આપણે રાખવાની નથી. પણ અતિ સાદિ, રસિક, પરિચિત, ને તેના સ્વભાવને અનુકૂલ રુચિ તરફ દોરી નીતિના શિખર ભણી તેને દોડતાં કરવાનાં છે. વર્તાઓ અને સંગત્તિ એ બે તેનાં પ્રબલ સાધન છે. માબાપનું ઉત્તમ ચારિત્ર્ય, સહચરાઓની ઉત્તમ સંગત્તિ ને શિક્ષકનું અનુકરણીય વર્ત્તન એ શબ્દ વગરનું પણ સફળ શિક્ષણ છે; અને ઉન્નત જીવનની રસિક વાતો એ શાબ્દિક શિક્ષણ છે. જે ઉમ્મરે બાલક વાંચવાને અશક્ત છે તે ઉમ્મરે આવી વાતો મ્હોડેથી કહેવી; અને જ્યારે તે વાંચવાની સ્થિતિપર (સમજીને વાંચવાની સ્થિતિપર) પહોંચે ત્યારે તેને તેવી વાતોનું પુસ્તક આપવામાં કશી હરકત અમે જોતા નથી. બાલવર્ગથી (તેથી ન્હાની ઉમરે પણ એટલે કે ઘરમાં) તે ત્રીજા ધોરણ સુધી વર્તા મ્હોંએ કહેવામાં આવે તો પણ ચાલે.

ડી. એ. તેલંગ, બી. એ.

જીવાભાઇ અમીચંદ પટેલ.

જે પ્રકારના ધર્મના સંસ્કાર ખીલવવાના હોય તે પ્રકારના ઉત્તમ દ્રષ્ટાન્તો રસભરી રીતે તે તે બાળક આગળ તેવાજ ઉત્સાહથી વર્ણન થવા જોઇએ; અને જે શિક્ષક હોય તેને ખાસ કરીને પોતામાં શ્રદ્ધા હોવી જોઇએ; એટલું નહિ પણ એણે તે તે સમયે તદ્દાત્મ થવાની જરૂર છે. શિક્ષકમાં ધર્મની દ્રઢ લાગણી હોતી નથી તો તેણે કરેલો પ્રયત્ન ક્વચિતજ

વિજયી નીવડે છે. પુસ્તકોથી ધર્મનું જ્ઞાન માત્ર કરાવી શકાય છે, પણ ખરૂં શિક્ષણ તો મોઢેથી અને તેથી વધારે સૂચનથી અને પોતાની કૃતિથી અપાય છે. તેથી બાર વર્ષની ઉમ્મર પૂર્વે સાધારણ જ્ઞાનમાત્ર આપી શકાય છે અને પછીજ તેને સકારણ સમજાવવાનો યત્ન કરાય છે: છેક નાનપણમાં આવા ગંભીર વિષયની ચર્ચા બાલકના મગજમાં પ્રવેશવા સંભવ ઓછો છે. જેની ચર્ચા કરવા જેટલી મતિ નહિ હોય તેને સાધારણ Emotion (લાગણી) ને અસર થાય તેવી રીતેજ ઠેઠ સુધી શિક્ષણ આપવાની જરૂર પડે છે. બુદ્ધિનો નિર્ણય શિક્ષકે પોતેજ કરવો જરૂરનો છે.

* * * *

ગુજરાતી ધોરણ ૧-૭ સુધી અર્થાત્ ઉમ્મર ૬ થી ૧૨ સુધી ધર્મ તથા નીતિના સિદ્ધાન્તો પ્રત્યક્ષ રીતે નહિ પરન્તુ પરોક્ષ રીતે કથાદ્વારા શીખવવા જોઇએ. કથા એજ પ્રધાન હોવી જોઇએ. સિદ્ધાન્ત કાંતો શિષ્યની પાસે કહડાવવો કે તે સમજે તેવા પરિચિત રૂપમાં મૂકવો ને બહુ કઠિન ન હોય તો પછી શિષ્યોએ સ્વીકારેલા રૂપમાં પરિચય થવાને માટે મૂકવો. આ કોટિમાં કથારૂપને બહુ પ્રાધાન્ય આપવું.

અંગ્રેજી ધોરણ ૪ થી મેટ્રિક સુધીને માટે સિદ્ધાન્ત, ત્હેનું તાત્પર્ય સ્પષ્ટ રીતે સમજાય તેવું વિવરણ–exposition,–ને ત્હેનાં દૃષ્ટાન્તો એવી પદ્ધતિ રાખવા.

આ ઉપરથી સમજાશે કે philosophic treatment અર્થાત્ તત્વજ્ઞાનની દૃષ્ટિથી શાસ્ત્રીય મંડન કે ખંડન, કે criticism મૅટ્રિક સુધી રાખવીજ નહિ. મૅટ્રિક સુધી તો તત્વજ્ઞાનના સિદ્ધાન્તો કરતાં નીતિના સિદ્ધાન્તો ઉપર વધારે ધ્યાન અપાવું જોઇએ, ને ત્હેમાં પણ આચારોપદેશ યુક્તિપૂર્વક કરવા તરફ વધારે લક્ષ રાખવું જોઇએ.

**ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ.**

શૈલી તો વાર્તાની–રસભરી–બોધભરી જોઇએ. શિક્ષકને તે વિષય માટે રસ હોય, પ્રેમ હોય તોજ શીખવવું કામનું છે. પ્રાથમિક ધોરણ એટલે ગુજરાતી ચાર ધોરણ સુધી તો મોઢેથીજ શિક્ષણ આપવું જોઇએ, ત્યારપછી છોકરાઓને મદદ માટે નાના પુસ્તક હોય તો હરકત નથી, જો કે ચૌદ પંદર વર્ષ સુધી વગર પુસ્તકે ચલાવાય તો વધારે સારૂં.

**હિમ્મતલાલ ગણેશજી અંજારિયા, એમ. એ.**

પુસ્તકોથી નિયમિત ધર્મ શિક્ષણ આપવાનું લગભગ દશ વર્ષની ઉમ્મરથી શરૂ કરી શકાય.

જે છોકરાંની ઉમ્મર ઓછામાં ઓછી પંદર વર્ષની થઇ હોય તેમને પ્રથમ ન્યાય વ્યાકરણાદિનાં મૂળતત્વો સમજાવ્યા પછી તત્વદૃષ્ટિએ ધર્મનું શિક્ષણ આપી શકાય.

**છોટાલાલ નરભેરામ ભટ્ટ.**

(૧) પોતાના ધર્મ સંબંધી બની શકે તેટલું પુરું જ્ઞાન આપવું. (૨) બીજા ધર્મોન આચાર રૂપ સિદ્ધાન્તો સમજાવવા, અને તે ધર્મોમાં પણ અમુક સત્ય અને સત્ત્વ છે સમજાવવું, જેથી સ્વમતાન્ધતા ન થાય. (૩) પોથીમાંનાં રીંગણા થાય નહિ માટે કેવ પુસ્તકોનુંજ કે સૂક્ષ્મ વિષયો સંબન્ધીજ જ્ઞાન આપવું નહિ; પરંતુ ધર્મનીતિનો વ્યવહાર શો ઉપયોગ છે, અને આપણી આસપાસના બનાવો, સંયોગો, વ્યતીકરો, વગેરેમાં તે જ્ઞાનને શો ઉપયોગ હોવો જોઇએ તે બહુ સારી રીતે ઠસાવવું.

* * * *

ઓછામાં ઓછા નવ દશ વર્ષની ઉમર સુધી ધર્મનીતિનું જ્ઞાન મોઢેથીજ આપવુ જોઇએ. તે ઉમર થતાં પહેલાં પુસ્તકો વાપરવાથી મ્હોટે ભાગે તો વ્યર્થ શ્રમજ કરવો પ છે. પછીથી ધીમે ધીમે ધર્મના વિષયમાં રસ પડતો જાય અને સમજણ ખીલતી જાય તેમ તેમ પુસ્તકો દાખલ કરવાં. શિક્ષણની શરૂઆત ધર્મ સંબંધી વાર્તાઓ કહીને કરવી. એ વાર્તાઓની અસર બાળકોના આચાર ઉપર થાય ત્હેની તજવીજ રાખવી. ધર્મનીતિનું શિક્ષણ પોપટીઉં થઇ જાય નહિ, પરંતુ વિદ્યાર્થીઓના હૃદયમાં બરાબર ઉતરે એવી જીવંત રીતિથી શિક્ષણ આપવું જોઇએ.

**કાન્તિલાલ છગનલાલ પંડ્યા, બી. એ.**

ધિક્કાર ઉપજાવવાના શુદ્ધ હેતુથી દુર્ગુણોનું દર્શન કરાવવા કરતાં પ્રેમ ઉપજાવવાના શુદ્ધ હેતુથી સદ્ગુણોના ચિત્ર-પટ પ્રત્યક્ષ કરવા એ વધારે સલામતી ભરેલું છે.

**ગણપતરામ અનુપરામ ત્રવાડી**

વ્યભિચારાદિ બાબતો કિશોર ને તરૂણ વયના બાળકના કાનપર નાખવી એ અયોગ્ય થશે. એજ રીતે **શિયળ** વગેરે બાબતનો નિષેધ ન છતાં પણ તે અમુક વયે બોલવા જે નથી. કેમકે તે કહેતાં તેથી ઉલટી વાત છોકરાંના મનમાં આવી જાય છે.

**હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાલા.**

બાળકની વય ધ્યાનમાં રાખી નિષેધક આજ્ઞાઓનું શિક્ષણ આપવું. વ્યભિચારાદિ દુષ્ટ કર્મો બાલકોની વિચાર શક્તિથી પણ દૂર છે. માટે તેવા દુર્ગુણો તરફ તેને દોરવાં નહિ. પરંતુ દિવસના મ્હોટા ભાગમાં બાળકો સ્વાભાવિક રીતેજ સંગતાદિ કારણોથી જે દુર્ગુણો તરફ વળે છે તે દુર્ગુણોના અનિષ્ટ પરિણામો બતાવવાની ખાસ જરૂર છે. જે તેને પરિચિત નથી. તે પરિચિત નહિ કરવું; પણ જે પરિચિત છે તેનાં લાભ હાનિ બતાવવાં.

**ડી. એ. તેલંગ, બી. એ.**

**જીવાભાઇ અમીચંદ પટેલ.**

## (૭)- ધાર્મિક શિક્ષણ માટે કેવાં પુસ્તકો રચાવાં જોઇએ

બાળક અને બાળકીની વય તથા બુધ્ધિ લક્ષમાં રાખીને સાદી, સરળ અને સમજી શકાય એવી ભાષામાં ગ્રહણ-ધારણ શક્ત્યાનુસાર જ્ઞાન આપવાનું બને, એવી રીતના અંક રચાવા જોઇએ.

ગણપતરામ અનુપરામ ત્રવાડી.

**ધર્મશિક્ષણમાળા** માટે જે પાઠ અને વાર્તાઓ લખવાં તે એવાં હોવા જોઇએ કે તેથી હૃદયના સદ્‌ભાવ અને સત્ કલ્પના ખીલતાં જાય અને પોષાય, એટલે હૃદય અને કલ્પનાદ્વારા નીતિના નમુનાઓ અને આદર્શો તરફ આપો આપ પ્રિતિ ફુટે અને તે બલવાન થતી જાય. પરંપરાગત આખ્યાનો પ્રસંગો અને મહાપુરૂષોના વૃત્તાંતો તરફ સૈકાઓથી માખી જનો પુજ્યભાવ પ્રદીપ્ત છે; તેવાનો ઘટતો ઉપયોગ કરવાથી આવું શિક્ષણ એકદમ પચી જાય છે અને સરળ બને છે. બાળકોની કુદરતે બક્ષેલી શુભ લાગણીઓ, કલ્પના, જીજ્ઞાસાનો લાભ લઈ આ પ્રમાણે એ ભુમિમાંજ ધર્મ અને નીતિનાં બીજ વાવવાં જોઇએ. વચ્ચે વચ્ચે કોઈક કઠણ સૂત્ર કે પદ્યો આવે તેનો બાધ નહીં. એ બાળક શીખી લે, અને તેનું અર્થ ગ્રહણ પછી મોટી ઉંમરેજ જાણે. પરંતુ તે પ્રસાદવાળાં અને ઉપર ઉપરનો અર્થ બાળક સમજી શકે એવાં તો હોવાંજ જોઇએ.

અમુક ધર્મનો પોતે હિમાયતી છે. તેનો પક્ષવાદ કરવાની જરૂર છે, અને તે પોતે યથાશક્તિ કરે છે એવી છાપ ભૂલે ચૂકે પણ વિદ્યાર્થિના મગજ ઉપર ન પડે માટે સાવધ રહેવું. વિવાદમાં ઉતરવું નહીં; પરનિંદા કરવી નહીં.

× + × × + ×

જે જે વિષય આવશ્યક ન હોય અગરતો શિક્ષણ ક્રમના બીજા કોઇ પેટા ભાગ સાથે વધારે નિકટ સંબંધ ધરાવતા હોય તે તે સર્વ વિષયથી ધર્મશિક્ષણમાલાને મુક્ત રાખવી જોઇએ.

× × + × × × +

આ ધર્મમાલાનું પહેલું ધોરણ હાલની ચોથી ચોપડીમાં વિદ્યાર્થીને નવમું વર્ષ બેસે ત્યારથી આરંભીએ તો છોકરો છોકરી સોળ વર્ષનાં થાય ત્યાં સુધીમાં એમને ધર્મનીતની કેળવણી યોગ્ય પધ્ધતિથી સારી રીતે અપાઇ જાય એવી વ્યવસ્થા અને એવી ચોપડીઓ રચવી જોઇએ. *

બલવંતરાય ક. ઠાકોર, બી. એ.

* વસન્ત, ચૈત્ર, સંવત્ ૧૯૬૨.

## ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી.



"હાથથી ગુંથવાના સંચા."

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઇ શકે તેવા સરસ અને સફાઇદાર મોજાં, ગલપટા, ટોપીઓ, ગંજીફરાક વીગેરે ઘણીજ સહેલાઇથી અને ઝડપથી બનાવવાનાં અસલ ઇંગ્લીશ બનાવટના સંચા ધુપેલીઆ એન્ડ કું૦ માં મળે છે. પ્રાઇસલીસ્ટ મફત.

ઠે૦ જે૦ એચ૦ એ૦ નં૦ ૧૨૫ ગુલાલવાડી—મુંબઈ. નં૦ ૪.


# શોક જનક મૃત્યુ.

જૈન કોમમાં એક પછી એક એ પ્રમાણે વૃદ્ધ આગેવાનોની ખોટ પડતી જાય છે. હજુ તો ગયાવર્ષમાં થયેલ શેઠ વીરચંદ દીપચંદના મૃત્યુની ખોટ પુરાઇ નથી એટલામાં તો ૬૮ વર્ષની ઉમરે તા. ૨૪-૧-૧૦ ના રોજ પાલણપુરનિવાસી શેઠ અમુલખ ખુબચંદ આ ફાની દુનીયાનો ત્યાગ કરી પરલોકગામી થયા છે. મર્હુમ શેઠ ઝવેરીના ધંધામાં બહુ બાહોશ હતા. તેમના મૃત્યુથી અત્રેના ઝવેરી મંડળમાં મોટી ખોટ પડી છે. તેઓ ધર્મિષ્ટ, પરોપકારી અને શાંત હતા. તેમજ જીવદયા પ્રત્યે બહુ લાગણી ધરાવતા હતા. અમે ઇચ્છીએ છીએ કે પરમાત્મા તેઓના આત્માને શાંતિ આપે.

બાદ બીજા અઠવાડીઆમાં ભાવનગર ખાતે તા. ૩-૨-૧૦ ના રોજ એક શ્રીમંત આગેવાન, કાપડના વ્યાપારી અને આપણી કોન્ફરન્સના આસી. જનરલ સેક્રેટરી શેઠ કુંવરજીભાઇના પિતાશ્રી શેઠ આણંદજી પુરૂષોત્તમ ૭૮ વર્ષની ઉમરે આ અસાર સંસારનો ત્યાગ કરી પરલોકમાં સિધાવ્યા છે. મર્હુમનું જીવન અનુકરણીય છે. તેઓ જાત મહેનતથી ગરીબાઇમાંથી લક્ષાધિપતિ થયા હતા, ભાવનગરના સંઘમાં ગુંચવાડા ભરેલા કાર્ય વખતે એવી કુશળતાથી કામ લેતા કે દરેકને તેમનું વચન માન્ય રાખવું પડતું. તેઓ ધાર્મિક કાર્યોમાં તથા સખાવતોમાં પૈસાનો શુભ વ્યય કરતા હતા. છઠ્ઠી કોન્ફરન્સ વખતે મર્હુમે રૂ. ૨૦૦૦૦) ની મોટી રકમ કાઢી શ્રાવિકાશાળા સ્થાપી છે. એજ તેમની સખાવત બતાવી આપે છે. તેઓ પરોપકાર વૃત્તિવાળા, અડગ શ્રદ્ધાવાળા, દયાર્દ્ર હૃદયવાળા અને સ્વભાવે મિલનસાર હતા. તેઓના આત્માને શાંતિ મળો એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

No. 183 of 1910

From Legal Department.

**L. C. Crump Esqr, I. C. S.**

*Secretary to Government*

To,

**Tribhowandass L. Shah Esqr. L. M. & S.**

*Secretary, Jain Graduates' Association, BOMBAY.*

Bombay Castle, 24th February 1910,

Sir,

In reply to your letter dated the 4th January 1910 submitting a Memorial dated the 31st December 1909 to the address of His Excellency the Viceroy on the subject of the representation of the Jain Community on the Legislative Council of the Governor General, I am directed to inform you, in accordance with the orders of the Government of India, that it is not possible to assign definitely to the Jain Community a seat on the Imperial Legislative Council but that the claims of that Community will receive due consideration along with those of other minorities from time to time when nominations are made.

I have the honour to be,

Sir,

Your most obedient servant,

(Sd) **G. French**

*For Secretary to Government.*

---

## ખાસ સુચના.

અમારા સુજ્ઞ ગ્રાહકોને જણાવવાની રજા લઇએ છીએ કે અત્યાર સુધી હેરલ્ડ માસિકના લવાજમનો રૂ. ૧) લેવામાં આવતો હતો, તેથી આ માસિકને અંગે કોન્ફરન્સને નુકશાની ભોગવવી પડી છે. તો હવે ચાલુ વર્ષથી લવાજમ રૂ. ૧) ને બદલે રૂ. ૧–૪–૦ ટપાલ ખર્ચ સહિત રાખવામાં આવેલ છે. તો અત્યાર સુધી જેવી રીતે જે ગૃહસ્થોએ આ માસિકના ગ્રાહક થઇ આશ્રય આપ્યો છે તેવી રીતે હવે પછી પણ તેઓ સાહેબ ગ્રાહક તરીકે કાયમ રહી અમને આભારી કરશે એવી નમ્ર વિનંતિ છે.

આસીસ્ટંટ સેક્રેટરી,

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

Registered No. B. 525

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૬.)    માહ, વીર સંવત્ ૨૪૩૬, માર્ચ સને ૧૯૧૦.    (અંક ૩ જો

प्रकट कर्त्ता.

श्री जैन (श्वेतांबर) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય | પૃષ્ઠ. |
| --- | --- |
| दांतकी चुडीका गायन .... .... ... ... ... ... | ५७ |
| Vegetarian Prize Essay written by a Mahomedan, માંસના ખોરાક વિરૂધ્ધ એક મુસલમાન વિદ્વાનનો અભિપ્રાય... ... ... ... | ૫૮ |
| શ્વેતાંબરીય જૈન તજાનું વર્તમાન સાહિત્ય ... ... ... ... | ૬૧ |
| શ્રી નવપદ પ્રકરણની સંક્ષિપ્ત વ્યાખ્યા. ... ... ... ... | ૬૮ |
| શ્રી સુકૃત ભંડાર ફંડ ... ... ... ... ... ... | ૭૫ |
| પ્રવાસ વર્ણન ... ... ... ... ... ... ... | ૭૭ |
| प्राचीन तीर्थ श्री वई पार्श्वनाथ ... .... ... .... ... | ८१ |
| नोटीस ... ... ... ... ... ... ... ... | ८३ |
| ધર્મનીતિની કેળવણી... ... ... ... ... ... ... | ૮૭ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु० १–४–०

धर्म विजय प्रेस, पायधुनी—मुंबई.

ટનાં પેટંટો — સર્ટીફીકેટો




ઓનરો, હજારો આનરી — પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી
રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદો,**
**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનારા,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર
દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે ?

# હરીચંદની  તિજોરીઓ.



છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની (વાળેલ એકજ પતાની, અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ' વગેરે જાતોની) પ્રો૦ ગર્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલો ભરેલી, મુંબઇના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઇમાં સૈથી પહેલી આવનારી અને તેથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

**સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી.**

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ.

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો ! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેજો ! !

સારડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી (સરકારી ખાસ પેટંટ મેળવેલી) જરા ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં૦ ૧ ની ચાવીથી વસાય અને નં૦ ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો,

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર છે.

કારખાનામાં બનતી વખતે જ માલ જુઓ. મસાલામાં નોટ મુકીને અથવા આખી તિજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું ! આખું ગામ જોઇને પછી આવો ! !

**પ્રીમીયર સેફ એન્ડ લોક વર્ક્સ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૦ ૧૩૧, ગુલલવાડી
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શો રૂમ—નં૦ ૩૨૦, આંટરેડ કોર્ટ.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ।
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो
वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥

ભાવાર્થ:—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ છે વળી આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે. જ્ઞાનના મહા સાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે. એ આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તે પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

પુસ્તક ૬ ) માહા, વીર સંવત ૨૪૩૬ માર્ચ, સને ૧૯૧૦ ( અંક ૩

## दांतकी चुडीका गायन.

### देसी रेखता. गजल.

अहो हिन्दु सभी जैनो गजराज पुकार सुनाता है
गजदंतकी चुडी कारण हमारा प्राण जाताहे. ॥ अहो० ॥ १ ॥
जैनधर्मी कहलाके आप त्रसहिंसामें उत्तेजन दो
अन्याय येतो भारी हे वाड उठके खेत खाताहे. ॥ अहो० ॥ २ ॥
अहिंसा धर्मी होके तुम हिंसकको उत्तेजन दो
तभी भारत हुवा गारत धन जाय ओर हड्डी आताहे ॥ अहो० ॥ ३ ॥
करोडो हिन्दु भूखे रहते जीनकी तो खबर न्हीं लेते हो
हमारा प्राण सतानेको तुमें लाखों रूपे मील जाता हे ॥ अहो० ॥ ४ ॥
धर्मस्थानमें कोई हड्डी डाले केस उसपर तुम चलातेहो.
खुद पहिनके भीतर घुस्ते जीस्का दिल रँजन आता हे ॥ अहो० ॥ ५
कहांतक ठीक समझके तुम पहींनो गजदंतकी चुडी

करो नही भृष्ट देवळको वीरपुत्र तुमें जगाताहे. ॥अहो० ॥ ६ ॥
तुमसें तो विझीटेरीयन अछे जो करोडों प्राण बचाते हे
छोडो त्रसाहिंसावस्तुको न्ही तो करम नचाता हे ॥ अहो० ॥ ७ ॥
सुधारो सुल अपनी अब जो सुख चाहते हो आगे
नहीं तो फीर पिस्ताओगे काल बली सीर आता हे ॥ अहो० ॥८॥
कर जोडी अर्ज करता हुं मन पहीनो दांतकी चुडी
तुमारा द्रव्य न जानेने हमें कोइ न्ही रुलाताहे ॥ अहो० ॥ ९ ॥

जितमल लोढा मंदसोर.

# Vegetarian Prize Essay Written by a Mahomedan.

માંસના ખોરાક વિરૂદ્ધ એક મુસલમાન વિદ્વાનનો અભિપ્રાય.

ગયા અંક પાને ૭૩ થી ચાલુ.

The juices of sweet fruits act as solvents, eliminate the urates and other impurities from human blood and thus render man free from inflammatory diseases. Apples purify the blood and eliminate urates. Tomatos are good for a sluggish liver; Figs contain very nutritious elements and are easily digestible; Dates sustain and warm the body and Walnuts feed and strengthen the nerves as they contain oil: Plantains contain a considerable quantity of phosphorous and so form the best food for mental workers. It has been estimated by Alexander Von Humboldt, the noted Traveller and scientist that a Banana plantation would feed 25 human beings where a potato field of equal area would support two ( 2 ) and a wheat-farm one only.

It has already been foreseen by those who read the signs of the time what a great revolution this mode of living will bring about in the economic history of the world. The maltreatment of the Indians in Transvaal, the opposition of the Canadians to the introduction of Indian labour in their country and the anxiety of the Californians

to shut their gates against the Japanese will show to any man of ord inary intelligence that flesh-eaters have miserably failed in competitio with the vegetarians Their simple habits and shrewdness, activity an diligence give to the Vegetarian Asiatic a superiority over the flesheatin Westerner. They can turn out a greater quantity of work at a less co and can therefore undersell their adversaries in the market. In additio to its cheapness it has one special advantage for India which ough not to be overlooked. The adoption of the vegetable diet will remov the discord now existing between the Hindoos and the Mahomedan the antipathy, which borders on hatred against the Musalmans may, some extent be wiped out and the task of union and progress, render easier. Many noble souls have tried their hand at the solution of th difficult problem of the fusion of the two races. The first and the for most among these was Akbar the great. The Deen Ilahi was founded f this very purpose but it failed to achieve its object. The causes of Akbar failure are not far to seek. The open degradation of the leading Mullas, th assuming of the title of Khalifaul Khuda, the alteration in the form o salutation and the indirect pressure brought to bear on the Courtiers subscribe to the faith of the Emperor nipped the movement in the bu

After Akbar came Baba Nanak, the Gura of the Shikhs, wh forbade the Mussalmans from killing cows and preached to the Hin doos to give up the worshipping of stones. Every religion is inaugura ted with the most humane motives but as time passes the followers o the new religion turn militant and try toforce their views on others a the point of bayonet. The spirit of reconciliation and the policy of lea resistance observable in the acts of the originator become scarce and scarc and the form instead of the spirit of the reforms remains behind. Kabee was the third man who grappled with the hard problem and preache practically the same doctrines which his predecessors had done wit the exception that he wisely refrained from adding one more sect t the already existing many.

I have traced in brief the history of the efforts made to unite th Hindus and the Musalmans, in order to show that there still remai one more means for bringing about the desired result which if purs ed in a peaceful manner is sure to be successful. But we must wa

warily and cautiously lest we rouse that demon of suspicion which brings in its train blind and unreasonable resistance– the rock which shattered the ships of hope of so many energetic sailors. I may be permitted to mention here that the restrictions placed on the Musalmans and other flesh-eating races by some of the Chiefs of Kathiawar are to say the least, impolitic. It may be put down here without fear of contradiction that force in matters social and religious creates resistance which at times throws the society into convulsions, from which it takes years and years to restore it to its normal state.

The marked discrepancy in the mode of living being removed, the obstacles in the path of inter-marriages between the Hindoos and the Mahomedans may easily be overcome. The Hindus already know that a majority of the Indian Musalmans comes from their ranks and that many of them can claim to be the scions of the noblest Hindoo families. What then is the cause which keeps these brethren apart from each other? I would with all the certainty at my command answer that it is this difference in living and nothing else.

The intermarriages will lead to a better understanding of and a greater respect for each other. The gulf which separates the two races will be bridged and the social upheaval will lead to political salvation which ought to be the goal of every true Indian.

I am afraid, this part of my essay will be regarded as out of point and considered to be the wild effusion of an idle and impractical brain. I would respectfully ask my generous and well-meaning critics to dive a little deep into the spirit of the suggestion, to read between the lines and then to call me a dreamer, if they like. In my opinion this union of the two races will be the greatest good, coming out of vegetarianism and it ought to be the chief if not the sole aim with which it should be preached in India.

It has been demonstrated above that the adoption of vegetable-food will heal many of the sores which at present subject the body of the Indian society to agonizing tortures. Let us see what more weight can we add to our arguments in favour of vegetarianism from scriptures and the lives of prophets and saints.

# શ્વેતાંબરીય જૈન પ્રજાનું વર્તમાન સાહિત્ય.

( લખનાર— મોહનલાલ દલીચંદ દેશાઈ બી એ )

" મૃદુ હૃદયની જાગો! જાગો! મીઠી નવ ભાવના!
હૃદુ પવનની વાધો! વાધો! નવી કુમળી લતા!
દિવ્યમનની ખીલો! ખીલો! સુહાગી કલી સદા!
સુમન સુરભી! મ્હેકો! મ્હેકો! પૂરેપૂરી સર્વદા!"

सागर.

જૈન ( શ્વેતાંબરીય ) પ્રજામાં પત્રસાહિત્ય હમણાં હમણાં ખીલ્યું છે, નવી જાગૃ થઇ રહી છે; ક્યાંક કોલાહલ સંભળાય છે, ક્યાંક માનના નાદ થઇ રહ્યા છે; કે સ્થળે અખંડ પ્રીતિની શાંતિ પ્રસરી રહી છે; તો બીજે ઠેકાણે પ્રીતિની હુતાશન હોમ આપી રાખની અપેક્ષા થઇ રહી છે. કોઇને સુલક્ષ્ય શું છે તેનો વિચાર સરો પણ નથી, તો કોઇને લક્ષ્ય આવું હોવું જોઇએ એવી કંઈ ઝાંખી છે, છતાં તે ત વર્તન નથી. આમ આમ વ્યવહારી સંસારપક્ષે વર્તી રહ્યું છે. યતિપક્ષની શું સ્થિ છે, તે યતિઓ વિચારશે.

આ કથનની કંઈ ઝાંખી આપણો વિષય નામે જૈન પત્રસાહિત્ય ચર્ચતાં પહે તે સંબંધે વિચારતાં પ્રત્યક્ષ થશે, પરંતુ તે કથનને આ પત્રસાહિત્યને સંબંધે વિસ્તા પૂર્વક લગાડતાં ઉપજતો કડવાશ દૂર રાખી મથાળે ટાંકેલી કડીઓમાંની શુભ ઇચ્છ ભાવી સમભાવે વર્તવાની શુભ કોશેષ કરીએ.

આપણું પત્રસાહિત્ય ગણાવતાં નીચેનાં અઠવાડિક અને માસિક લઇએ.

**જૈન**—આ અઠવાડિકને સાતમું વર્ષ જાય છે. તેની તદ્દન ઉછરતી વય સા હાલનું તેનું વય સરખાવતાં ઘણો સ્થિત્યંતર માલૂમ પડે છે. અમદાવાદની હવા તે વધારે પ્રોત્સાહક અને બલવતી નીવડી હતી. મુંબઇની હવા તેને ક્ષીણ, મંદ અ બલહીન બનાવે છે. આ કથન તેમાં આગળ આવેલા અને હવે આવતા લેખો સરખામણી કરતાં સત્ય જાહેર થશે. (૧) અગ્ર લેખોની ભાષા ક્લિષ્ટ, ગ્રામ્ય અ અસંગત આવ્યા કરે છે. (૨) જૈન નોંધ અને ચર્ચા—એ ભાગ નીચે જે ચર્ચાના વિષ ઉપસ્થિત થાય છે અને જે રીતે ઉપસ્થિત થાય છે તે કેટલીક વખત નિર્માલ્ય હે છે, કેટલીક વખત એક બીજાને અસંગત હોય છે. એક વખત જૈન ગ્રેજ્યુએટ એસોસીએશનને સત્ય દલીલો વગર નીંદે છે, અને બીજી વખત તે એસોસીએશન પ્રતાપથી જાહેર તહેવારો મળે છે, ત્યારે પૂર્ણ અભિનંદન તેને ન આપતાં સરકાર ધન્યવાદ માનવા મંડી જાય છે. એક વખત તે સભા એકઝીક્યુટીવ ને લેજીસ્લેટીવ જૈનોના હક્ક સંભાળવાનું સરકારને વિનવે છે ત્યારે જૈન મશ્કરી કરે છે, જ્યારે બી વખત ધારા સભામાં જૈનોના હક્ક સરકાર સાચવશે એમ તે ઉલટભેર આશા રા છે. આમ એકબીજાથી વિરોધી વચન આવતાં જૈનના હૃદયમાં સત્ય શું છે તે પ્રગટ

l. વળી ચર્ચાના વિષયોની ચુંટણી પણ હવે તો કંઇ આપણે આગળથી ન ધારીએ l-અપૂર્વ આવે છે. હવે (૩) જો ભાગ **મુનિવિચાર** આવે છે; તેમાં આપણામાં ી અને વિદ્વાન્ ગણાતા શ્રી બુદ્ધિસાગરજી, આણંદસાગરજી, કેશરવિજયજી, વિજયજી, નેમિવિજયજી, ચારિત્રવિજયજી વિગેરે તરફથી લેખો ન આવતા ચક્રનેમિ ાણે મુનિ મણિવિજય, મુનિ માણેક અને યતિ બાલવિજયજીના લાંબા લચક, લેખો ચા આવે છે—(૪) થો ભાગ **વિષયમાળાનો** શ્રાવકોના લેખો માટે રાખ્યો છે. ષેયોની માળામાં પુષ્પો, ગુલાબ, મોગરા, જુઈ, ચંબેલી વગેરે સુગંધી આવવાની શા રખાય. પરંતુ તે આશા થોડા અપવાદો સિવાય ઘણી વખત કહેવાઈ ગયેલા મા લેખોમાં કરમાઇ ગયેલા કે તેના જેવા પુષ્પોના જેટલી લઈ શકાય તેટલી લેવી છે. (૫) મો વિભાગ કોઇ વખત ચર્ચાપત્રનો તો કોઇ વખત સમૂળગો નહિજ- મ દેખાવ દે છે. ચર્ચાપત્રીઓને જૈનમાં કેટલું સ્થાન મળે છે, તે ચર્ચાપત્રીઓ જાણે પુસ્તકની પરીક્ષા થાય છે કે નહિ, અને થાય છે તે કેટલાં પાનાં વાંચીને થાય અથવા કેવી શૈલીએ થાય છે, તે અમારે લખવાની જરૂર રહેતી નથી.

હમણાંના જૈનની આવી સ્થિતિ કરતાં પહેલાં ઘણી સારી સ્થિતિ હતી, તે કહ્યા ર ચાલે તેમ નથી. પહેલાં જેમ પત્રસાહિત્યનો વિષય અત્યારે ચર્ચવામાં આવે તેમ તેમાં માસિક સાહિત્યનો વિષય ઠીક ચર્ચવામાં આવતો; પુસ્તકોની પરીક્ષા ધારણ સારી થતી; વિષયો અને લેખો વધારે સારા આવતા અને રા. અધિપતિ ! પોતાના લેખો લખવામાં તેમજ પત્રને અપૂર્વ અને સુંદર બનાવવા ઘણો પ્રયત્ન ા. ભાષા સારી અને હમણાંથી વિશેષ સંસ્કારી વપરાતી. હમણાં જરા ચિત્રદશા ં તેમાં વિશેષ સુધારો અને સુંદરતા આવશે એમ સૌ જૈન અંતઃકરણપૂર્વક છશે અને તેમ થશે તો તેનો બહોળો વિસ્તાર જામશે.

પત્રસાહિત્ય એ આ જમાનામાં પૈસો મેળવવાના સાધન કરતાં પ્રજાજાગૃતિ ાનું ઉચ્ચ સાધન છે; આ પત્ર જૈન પ્રજોપયોગી હોવાથી તે પત્ર જૈન પ્રજાના ર્થિક, ધાર્મિક, વ્યાવહારિક અને સામાજિક ગૂઢ પ્રશ્નો ચર્ચી તેનું સમયાનુસાર ક્તપુરઃસર નિરાકરણ લાવી સમાજનું સર્વ રીતે શ્રેય કરવા માટે છે, તેજ તેનો શ છે, અને તે સદાને માટે હોવો જોઇએ.

હવે આ પત્રની સુધારણા ( Remodelling ) વિષે કંઈ બોલીએ-જૈન પત્ર મ મેળવેલી કીર્તિ હજુ ઓછા વધતા પ્રમાણમાં જારી છે અને તે જારી રાખી ાય એટલુંજ નહિ, પરંતુ તેનાથી ઘણીજ યશદાયી કીર્તિ મેળવી શકાય. તે પત્ર ડવાડિક તરીખે આખી શ્વેતાંબરીય પ્રજામાં પ્રથમ છે, તેનાપર તે પ્રજાનો ઘણો તેક હક્ક છે, આધાર છે, શ્રેય-કલ્યાણ છે. તેથી તેનાપર સૌની મીઠી દૃષ્ટિ-અમીમય ખ હોવી જોઇએ. તે આપણું વ્હાલું સાત વરસનું બાલક છે, તેનામાં આપણી વેષ્યની સારી આશાઓ હોવાથી આંખ ઠરીને હીમ થાય છે; છતાં પણ તેને ધારવાનું કામ પ્રથમ આપણેજ કરવું જોઈએ અને તેથી નીચેની સૂચના મીઠાં સુથી કરીએ છીએ.

૧—અધિપતિના લેખોમાં પ્રાસંગિક વિષયો–જેવા કે શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક પરીક્ષા–તેને કઇ રીતે સુંદર અને સરસ બનાવી શકાય ?, શિવજીભાઇ અને તેમના ગુપ્ત પ્રવાસનું રહસ્ય,—જૈન બોર્ડીંગો અને તેની ઉપયોગિતામાં થવો જોઈતો વધારો—લાલનની સાથે અધિપતિની મસલત, એજ્યુકેશન બોર્ડ અને એજ્યુકેશન ફંડ વિગેરે વિગેરે ઉંડા રહસ્ય સત્યની ખોજ જણાવનારાં, કડક અને સત્ય, નિડર અને નિઃશંકિત, સમાજના સત્વને પોષક અને સમાજના રાગના શોષક લખાણો આવવાં જોઇએ; વિચારશ્રેણીની પદ્ધતિ નિર્મલ અને અવિરોધી હોવી જોઇએ, ભાષા સુંદર, ઘરગતુ છતાં સંસ્કારી થવી જોઇએ, અને વિચાર અનુકરણીય હોવા જોઇએ. હમણાં મુનિમાર્ગ સંબંધના જુદા જુદા વિષયની શ્રેણી ઠીક આવે છે. જૈન નોંધ અને ચર્ચા માટે આ વિચારો લાગુ પડે છે. અધિપતિ પોતે પત્રના બહોળા અનુભવી અને ઘડાયેલા યુવક નર છે, તેથી ઉપલા વિચારો એમને માન્ય હશેજ !

૨—મુનિવિચાર—આ ભાગથી મુનિશ્રીઓના જુદા જુદા વિચારોના સંક્રમણનો લાભ મળે તે સ્તુત્ય છે, અને આવો વિભાગ કાઢવાથીજ મુનિશ્રીઓ હવે લેખિની હાથમાં લઇ લેખ લખવાનો પ્રયાસ કરતા રહ્યા છે તે ખરેખર અભિનંદનીય છે. ખરા ઉપદેશકો વગર શ્રોતાઓનું કલ્યાણ નથી. તેજ ખરા માર્ગને બતાવી લઈ જનારા છે, તેના આચાર અને વિચારથીજ આપણા વિચારોપર અસર થાય છે, તેથી તેમના તરફથી આવેલા લેખો સ્વીકારણીય છે; પરંતુ ઉત્તમ વિદ્વાન્ મુનિઓને લખવાનું ખાસ આમંત્રણ કરવું, તેમજ બીજાઓના લાંબા લચક આવતા લેખોમાંથી તેના ટુંક પારા કરી તેમના બધા વિચારો તત્ત્વે આવી જાય તેમ કરવું. આથી તેમને તેમના વિચારોનું સંક્રમણ કરવું પડશે. વળી તેમને જૈન ઐતિહાસિક ભાગોપર વિશેષ લક્ષ્ય રાખવાને વિનવતાં અનેક વિધવિધ બાબતપર અજવાળું પડશે. વળી તેઓને બીજાઓ તરફથી આવતા ગૂઢ સવાલોના જવાબ આપવાનું નિમંત્રણ કરવું, અને તેમાંથી જેના સારા ઉત્તર આવે તે બધાને સારાંશરૂપે પ્રગટ કરવાથી ધર્મપ્રશ્નોનું નિરાકરણ થશે, અને તેવા ઉત્તમ વાદથી તત્ત્વનો બોધ થશે. હમણાં કોઇ કચ્છી ગૃહસ્થે જૈનમાં પૂછેલા ઘણા ઉત્તમ અને ગૂઢ પ્રશ્નોનું નિરાકરણ હજુ સુધી કોઇ વિદ્વાન્ ગૃહસ્થ કે મુનિશ્રીએ કર્યું નથી આ કરવાની દરકાર કરી નથી. આથી તે પ્રશ્નો પ્રશ્નોજ રહ્યા છે.

૩ વિષયમાળા—આ ભાગમાં આપણા જૈન વિદ્વાનો જેવા કે રા. રા. મનસુખલાલ કિરતચંદ, મોતીચંદ ગિરધર કાપડીઆ, ગોવિન્દજી મૂળજી મેપાણી, વગેરે તરફથી ખાસ આવવા જોઇતાં લખાણો આવે તો તે કેવું શોભી નીકળે તેમ છે ? વિષયો સંગીન હોવા જોઇએ એટલે કે જે ઉપરથી લગારએક આંખ ફેરવતાં જાણી જવાય તેવા ન હોવા જોઈએ. નહિ તો પછી જૈન હાથમાં લીધું અને પાંચ દશ મીનીટ જોઇ છોડી દીધું એમ થાય. પણ સંગીન હોય, તો તેમ ન થાય. દાખલા તરીકે સાધારણ નોવેલોમાં વાર્તાના રસમાં એકદમ પાનાં ઉથલાવ્યે જઇએ છીએ, પરંતુ સરસ્વતીચંદ્ર કે ગુલાબસિંહમાં તેમ થઇ શકે તેમ નથી, કારણ કે સંગીન નોવેલો છે. હાલના કોઇ કોઇ વિષયો નિરસ, અને ઘણી વખત કહેવાઇ ગયેલા ( Hackneyed ) આવે છે, માટે પસંદગી ઉત્તમ થવી જોઇએ. આ પસંદગી ઉત્તમ થવા માટે તેમજ ઉછરતા

લેખકોને ઉત્તેજન આપવા માટે ખાસ કોલમ રાખવું ઘટે છે કે જેમાં તેઓને જવાબ આપી શકાય, સુધારીને લખવાનું કહી શકાય અથવા આવેલા લેખોમાંના ઉત્તમ ભાગોના કાપલા કરી તેને યુક્તિથી ગોઠવી ટુંકમાં પ્રગટ કરાય, તો લેખકો સમજી શકે, કે આવી રીતે લખવું જોઇએ. ચર્ચાપત્રોના સંબંધમાં પણ તેમજ થવું જોઇએ.

૪ પુસ્તક પરીક્ષા—આ સંબંધે ખાસ અને નિડરતાથી ગુણ દોષ પ્રગટ કરવાની અતિશય જરૂર છે. આજકાલના ચીંથરીઆં પુસ્તકો, અશુદ્ધ ભાષાંતરો, પ્રાસ કરી મેળવી દીધેલાં કવિત્વ વગરનાં જોડકણાંઓ, પિંગળ જ્ઞાન વગર બેસાડી દીધેલા છંદો, ભક્તિ વગરનાં ભજનો, યુક્ત વિવેચન વગરનાં વિવેચનો, મોટી કીંમત લઇ પૈસા કમાનારા લેભાગુઓ, પંડિતવરનો દાવો કરનારાઓ, માલ વગરનાં પુસ્તકોની, તેમાં અર્પણ કરનારાઓ પાસેથી પૈસા લેનારાઓ, વગેરે વગેરેની કરડી, ખાસ, ચાબકેથી કલ્યાણકારી ખબર લેવાની મોટી જરૂર છે. મધ્યમ વર્ગના પુસ્તકોનાં ગુણ અને દોષની સમાનતા ઓળખાવી પ્રદર્શિત કરવાના છે, ઉત્તેજન યોગ્ય લેખકોના પહેલા પ્રયોગોને અભિનંદી પ્રોત્સાહક બનાવવાનું છે, અને અધ્યાત્મ કલ્પદ્રુમ, રાજબોધ, રાયચંદ્ર કાવ્યમાળા, વગેરે સસ્તા અને ઉચ્ચ સાહિત્યને યોગ્ય રીતે પૂર્ણ સત્કાર આપી તેમને પોષવા, અભિનંદવા અને સ્તવવા ઘટે છે. બાહ્ય દૃષ્ટિથી ગ્રંથકર્તાને લક્ષ્યમાં રાખી અંતર દૃષ્ટિથી આંતરિક ગુણોની તપાસ પુસ્તકમાંની વસ્તુ સર્વ રીતે તપાસ્યા વગર ઉપર ઉપરથી અભિપ્રાય આપી દેવો એ ઘણુંજ સહેલું છતાં દોષજનક અને ખામીવાળું કાર્ય છે. તે પુસ્તકની પરીક્ષા છે એમ જણાવવું તે અયોગ્ય છે—અને પરીક્ષાના અર્થને ઉતારી પાડવા સમાન છે. પરીક્ષાનો અર્થજ અક્ષરશઃ કરવા બેસીએ તોપણ પરિ એટલે ચારેકોર-ઇક્ષા એટલે જોવું-ચારેકોર જોવું એમ થાય છે. આ અર્થની સાર્થકતા થાય તોજ પરીક્ષા સત્તાધારી બને, અને લોકો તેપર પૂર્ણ વિશ્વાસ રાખી તેનો ઉપાડ કે ન ઉપાડ કરી શકે. આથી ઉચ્ચનો સત્કાર થશે, કનિષ્ઠનો નાશ થશે, અને એમ થવાની ખાસ જરૂર છે.

આટલું ટુંકમાં કહ્યા બાદ બીજા વિભાગો જૈનમાં કરવામાં આવશે, તો તેના આંતરિક મૂલ્યનો અચૂક વધારો થશે. તે વિભાગો નીચે પ્રમાણે સૂચવી શકાય. ૧—સામાયિક પત્રસાહિત્ય કે જેમાં દર મહિને પ્રકટ થતા આપણા પત્રોની નોંધ અને તેમાંના લેખોપર અભિપ્રાય આવી શકે. ૨—જૈન વિવિધ જ્ઞાન વિસ્તાર કે જેમાં જૈનો અને જૈન ધર્મ સંબંધી બીજા અંગ્રેજી તેમજ અન્ય ભાષામાં જેવી કે મરાઠી, બંગાળી, હીંદી વગેરે જે જે જાણવા યોગ્ય આવી શકે તેનો સમાવેશ થઇ શકે. ૩—ચિત્રો—આ ભાગમાં હમણાં બેચાર વ્યક્તિના ફોટો આવ્યા છે, પરંતુ તેના કરતાં વિશેષ આવે તો સારૂં. જેવાં કે પ્રો. જેકોબી, સતીશચંદ્ર વિદ્યાભૂષણ, પ્રોફે. વેબર, ડા. પીટર્સન, ડાકટર સ્વાલી, જગમંદીરલાલ, ઇત્યાદિ ઇત્યાદિ. ૪—જેમ પારસીપત્રો પટેટીનો અંક કાઢે છે, હિંદુઓ દિવાલીનો અંક કાઢે છે, તેમ જૈન પણ ખાસ સંવત્સરીનો અંક મ્હોટો, ઉત્તમ વાંચનથી ભરપુર, સચિત્ર કાઢી શકે. ૫—ઉત્તમ ટુંકી કવિતાઓ. ૬—જૈન ટુંકી વાર્તાઓ. ૭—કોન્ફરન્સ વર્તમાન કે જેમાં કોન્ફરન્સ તરફથી

થતા અને થવા જોઈતા ખાસ શુભ કામો, તેની નોંધ, તેની યોજનાઓ, તેન પ્રજાનું ખેંચવું જોઇતું લક્ષ્ય, અને તેની ઉત્તમ કામગીરી. તેના પોષણ, વૃદ્ધિ, ઃ આગાદીના પ્રયત્નો વગેરે.

જૈન માટે ઘણાબધાએ ઘણું કરવાનું છે, છતાં અહીં જે સૂઝમાં આવે છે એક ઉડતી તપાસે લખી જવાય છે.

જૈન ધર્મ પ્રકાશ—આ પત્ર જૂનામાં જૂનું છે. તેના ૨૫ વર્ષની જ્યુબિ ( આનંદોત્સવ ) હમણાંજ પ્રસાર થયો છે. આ પત્ર જૈન ધર્મ પ્રસારક સભા ભાવન તરફથી પ્રગટ થાય છે, અને તેની પદ્ધતિ ગુજરાતી વર્નાક્યુલર સોસાઈટ ' બુદ્ધિપ્રકાશ ' માસિક જેવી ધીમે ધીમે ઉત્ક્રાંત થતી આવે છે. હાલમાં તેનું વધારવામાં આવ્યું છે. આ પત્રે જૈન સમાજની ઘણી ઉપયોગી સેવા બજાવી છે ર બજાવતું જાય છે. હમણાં વિદ્વાન્ મુનિ અને વિદ્વાન્ શ્રાવકો તરફથી જે લેખો અ છે તે મનન કરવા યોગ્ય છે. દાખલા તરીકે છેલા અંકોમાં ' શ્રી જ્ઞાનસાર ર સ્પષ્ટીકરણ ' મુનિશ્રી કર્પૂરવિજયજીના વિવેચન સહિત આવે છે તે ખાસ મનન છે, અને રા. રા. મનઃસુખ કિરતચંદ મહેતાનો ' એક ઐતિહાસિક પ્રશ્ન ( ઉપદે માળાના કર્તા ક્યારે થયા ? ) ' એ વિસ્તારપૂર્વક લેખ લેખકની તલસ્પર્શિતા અ તેથી માસિકની સારી શોભામાં વધારો કરે છે. આવા આવા લેખો જેમ જેમ વિદ્વા તરફથી આવતા જશે, તેમ તેમ માસિક વિશેષ ઉપયોગી, પ્રૌઢ અને સંસ્કારદાયક થ

તેમાં પ્રથમ પાને આવતી કવિતાઓ કાવ્ય તરીકે જોતાં માસિકને વિશેષ જે આપે તેવી નથી. સારી કવિતાઓ માસિકનાં આભૂષણો છે; પરંતુ તેવી કવિતા પ્રાપ્ત ન થાય, તો આપણા પૂર્વના આચાર્યો, સંતો, મહાત્માઓ જેવા કે ચિદાનંદ વિનયવિજયજી, યશોવિજયજી, દેવચંદ્રજી, આનંદઘનજી આદિનાં એક એક પદો લ તેપર સુઘટનાથી પદનો ઉચ્ચ આશય સમજાવે તેવાં વિવેચન લખાય તો ઘણુ સારૂં. આ માસિક જે સભાના શુભ આશ્રય તળે છે તે સભાની પાસે જૈન પ્રાચ સાહિત્યનો ભંડોળ એટલો બધો છે કે તેનો ઉપયોગ ઐતિહાસિક વિભાગ, ત વિભાગ, અધ્યાત્મ જ્ઞાન, ન્યાય આદિ બુદ્ધિ અને હૃદયગમ્ય વિષયોમાં કરવામાં અ તો આ માસિક ઘણુંજ સુંદર અને પ્રમાણભૂત સંગીન વાંચન પૂરૂં પાડી શકે તે છે. વળી કથેલું કથવામાં વિશેષ લાભ નથી. જૈન ન્યાયને હજુ સુધી ક્યાંઇ પણ—એટ કોઇ પણ માસિકમાં સ્થાન મળ્યું નથી જાણી ઘણો ખેદ થાય છે. જૈન ન્યાય સ્વતંત્ર લેખો ન મળી આવે ત્યાર સુધીમાં નયકર્ણિકા, કે નયમાર્ગપ્રવેશ, અનેકાં જયપતાકા, કે શ્રી યશોવિજયજીકૃત ટુંકા અને સરસ ન્યાયના ગ્રંથો મૂળમાં અ સાથે ગુજરાતી ભાષાંતર અપાવાં જોઇએ. તેપર સંસ્કૃતમાં થયેલી ટીકાઓના આધ વિવેચન થાય તો ઘણુંજ સારૂં. આથી જૈન ન્યાયમાં ચંચુપાત કરવાને આપણને ત મળશે, અને તે તકનો લાભ લઇ કોઈ વિદ્વાન્ ટુંક વખતમાં તેનો અભ્યાસી નીક આવશે. અભ્યાસી નીકળતાં બીજા ધર્મોના ન્યાયની તુલનાત્મક ગણના કરનારો પ જાગશે.

ચરિતાનુયોગ આ માસિકમાં આવે છે તે ખુશ થવા જેવું છે, પરંતુ અધીન પ્રમાણે તેને બદલે ઐતિહાસિક ચરિતો આવે તો વિશેષ ઉત્તમ છે, અને તેથીજ ધ્યમાં જૈન ધર્મ અને જૈનોનો ઇતિહાસ બની શકશે. ધર્મકથાનો ઉપયોગ સ્વતંત્ર લેખથી ન કરતાં ધાર્મિક અને નૈતિક લેખોમાં ઉપયોગ કરી શકાય તો વધારે દાખલા તરીકે ઉજ્જિતકુમાર કે એક પોપટની કથા—એને બદલે વિક્રમમાં ાની પ્રબલતા, શિલાદિત્ય, શ્રેણિક અને તેનો સમય, ભદ્રબાહુના સમયની સ્થિતિ, દે આદિ વિષયોની ચર્ચા વિશેષ ઉત્તમ થશે.

આ સર્વને માટે ક્ષેત્ર તરીકે આ માસિકને બનાવવા માટે તેમાં વિષયોનો તાર વધારે જોઇશે. તો તેમ કરવા હમણાં વપરાતા મોટા ટાઇપોને બદલે નાના પો વપરાય, અને તેના કદમાં સહેજ વધારો એટલે બત્રીશ પૃષ્ઠને બદલે-ચાલીશ છત્રીશ પૃષ્ઠ કરવામાં આવે તો માસિક વિશેષ લાભદાયી, સંગીન અને સુંદર બની તેમ છે.

આત્માનંદ પ્રકાશ—આ પત્રનું વર્ષ ૭ મું છે. તે પત્રની વસ્તુનો વિચાર કરતાં પ્રગતિ કરે તો સારૂં એમ થાય છે. તેમાં આવતા લેખો ખાસ ચોપાનીયું ગમે કરી કાઢવું અને તેથી લખવા જોઇએ તેવી રીતે લખાય છે. ઘણી વખત એનું જોવામાં આવે છે. માર્ગાનુસારીના ૩૫ ગુણ તેમાં અનેક વખત આવ્યા. મૂળચંદભાઇના વખતમાં તેની વૃદ્ધિ સારી હતી. હવે તો દેખાવ કંગાલ ન થાય માટે ખાસ પ્રયત્નો થવા જોઇએ છીએ. તેમાં આવતા મુનિવિહારના લાંબા રીપોર્ટો ા કે કચ્છમહોદય આદિથી શું સંગીન વાંચન મળી શકે ? અગર તે શું માસિકને ય લેખો તરીકે ચાલીશ કે ? તેવા રીપોર્ટો અઠવાડિક, કે દૈનિકપત્રને વધારે યોગ્ય છે.

આત્માનંદ સભા ( ભાવનગર )ની પ્રવૃત્તિ તળે રહેલા આ માસિકને અમે ઘણી ય દશામાં જોઇ શકીએ; વિષયની સંગીનતા, સાહિત્યનો રસ, અધ્યાત્મનો આનંદ માનંદમાં કેમ ન હોય ?

વિષય ( મેટર ) ન મળે એટલે મોટા ટાઇપ રાખવા, એવું હાલ ઘણે ઠેકાણે ામાં આવે છે. આમાં ખાસ તેમ થયું છે, એમ તેના સંબંધમાં સત્તાધારી પુરૂષ ાવે તે આ માસિકને યોગ્ય કહેવાય ?

આનંદ—આનું સાતમું વર્ષ ચાલે છે. ઉત્પત્તિ પાલીતાણાનો જૈન ધર્મ વિદ્યા ારક વર્ગ છે. આમાં મુખ્ય લેખનો ખાસ વિભાગ હમણાં રાખવામાં આવ્યો છે. તેમાં ક્ષ આમંત્રિત લખાણો આવે છે, તેથી તેની યોગ્યતા સારી છે. બાકીનામાં નોવેલ ામન્ત વનવીર ) જંગલનો મુસાફર આદિથી સહૃદયની રસતૃપ્તિ થઇ શકતી નથી. l પ્રગટ થયેલા લેખો ફરી આમાં પ્રગટ થાય, એ કોઇ પણ ઇચ્છશે નહિ. કાર્તિકના ાર્મા ઉપદેશમાળા પ્રકરણ આપેલ છે, તે એક ગ્રંથરૂપે ક્યારનું પ્રગટ થઇ યું છે.

સનાતન જૈન—આ પત્રની ઉત્તમ કારકીર્દિ છે. સમગ્ર ગુજરાતી પ્રજામાં ઉત્તમ કું ' વસન્ત ' માસિક—તેના જેવું ઉત્તમ માસિક જૈન પ્રજામાં નીકળી શકે તેમ તેનું આ પત્ર પ્રત્યક્ષ ઉદાહરણ છે. ચાલુ ચર્ચામાંના વિષયો પ્રસંગને અનુસરતા અને

સુઘટિત છે. મુખ્ય લેખો-સ્વતંત્ર વિચાર, સ્વતંત્ર કૃતિ અને સૂક્ષ્મદર્શિતાનું પ્રાકટય દર્શાવે છે. અન્ય સર્વ લખાણ ઉત્તમ માસિકને પૂર્ણ શોભાવે તેવું છે. તેમાં જૈન વિવિધ જ્ઞાન વિસ્તાર, પ્રાચીન શોધખોળ, પાશ્ચાત્ય વિદ્વાનો સાથેનો પત્રવ્યવહાર, તેઓના લખાણનું ભાષાંતર, ઐતિહાસિક વૃત્તાંતો, વગેરે વગેરે જૈન સાહિત્યમાં અતીવ વૃદ્ધિ કરનારૂં છે. વળી અંગ્રેજી મેટરને પણ આમાં સ્થાન આપ્યું છે તે ઘણુંજ યોગ્ય છે. હાલમાં જૈન સુશિક્ષિત વર્ગ મૂળ અંગ્રેજીમાં લેખ લખી શકે તેમ નથી-અગર લખવાની દરકાર કરતા નથી, તેથી તેમાં તો ફક્ત ઉતારા આવે છે. છતાં તેવા ઉતારાની પસંદગી પણ ઉત્તમ થાય છે. આ માસિકે હોપકિન્સે ( અમેરિકન વિદ્વાન્ ) જૈન ધર્મપર કરેલા આક્ષેપો બહાર પાડી ઉત્તમ ચર્ચા ઉપજાવી છે; આ માસિકના તંત્રીએ જૈનોથી ગુજરાતી ભાષાનો જન્મ સંભવે છે તે સંબંધી ઉત્તમ દલીલોપૂર્વક ચર્ચા કરી ગુજરાતી સાહિત્યપ્રિય પ્રજાનું જે ધ્યાન ખેંચ્યું છે, તે પ્રબળ છે. પરંતુ તેની મોટામાં મોટી ખામી કહેવાતી હોય તો તે એ છે કે તે ઘણુંજ અનિયમિત છે. ઘણી વખત તે ચાર મહિનાનું, ત્રણ માસનું, બે માસનું ભેગું નીકળે છે, અને તેમ નીકળીને પણ વખતને પકડી શકતું નથી. તેને ત્રિમાસિકમાં ફેરવી નંખાય તોપણ તે બરાબર નિયમિત નીકળે એવું નિશ્ચિત તે કહેવરાવી શકતું નથી. છેલ્લું જુલાઇમાં નીકળ્યું છે, અને આ મહિનો માર્ચ ચાલે છે છતાં પત્તો નથી કે તે આ મહિને નીકળશે. પત્રનું નામ માસિક છે, અને છતાં તેના અનિયમિત કાળને માટે તેને ત્રિમાસિક નામ આપવું, કે ચાતુર્માસિક કે શું આપવું તે એકદમ કહેવું મુશ્કેલ છે, છતાં તેને ત્રિમાસિક નામ અપાય તો યોગ્ય કહેવાશે. હમણાં તો તેના વિષે ભય રહે છે કે તે વાર્ષિક થઇ જાય એટલે બારે માસના અંકો એક મ્હોટા પુસ્તકને આકારે કદાચ બહાર પડે. અમે ઇચ્છીએ છીએ કે તેના પ્રચાલકો માસિકને નિયમિત કરવા બનતો પુરૂષાર્થ કરશે.

આ માસિકની અમે ફત્તેહ ઇચ્છીએ છીએ; તેનું કદ બધા માસિકો કરતાં વધુ, વિષય સંગીન, લવાજમ માત્ર સવા રૂપીઓ એટલે તેનો અભ્યુદય થાય, પરંતુ તેમ થવામાં પ્રબલ અનિયમિતતા બહુ આડે આવે છે એ જાણી ખેદ થાય છે.

જૈનપતાકા—આ મિત્રની થોડાં વર્ષ હયાતી થયા પછી બનારસ જૈન પાઠશાળાને તે સુપ્રત થતાં તેમાં વિષય આક્ષેપ સિવાય સારા આવવા લાગ્યા, પરંતુ દુર્ભાગ્યે તે એક વર્ષ ચાલી સૂતું છે, અને હવે આશા ઘણીજ થોડી રખાય છે કે તે જાગે; આ જાણી ઘણો ખેદ થાય છે.

તત્વવિવેચક—જાગ્યું, ઉદય થયું, અસ્ત પામ્યું.

જૈન કોન્ફરન્સ હેરલ્ડ—આ માસિક શ્રી કોન્ફરન્સના આશરા તળે નીકળે છે. તેમાં સારા લેખકોના લેખો થોડા થોડા ઠીક આવે છે. બાકી કેટલુંક તો તેના કાર્યવાહકો અંગે છે. તેમાં જો પ્રયાસ કરે અને વિદ્વાન્ લેખકોને ખાસ આગ્રહથી આમંત્રે તો આ માસિક વધારે સારૂં બની શકે તેમ છે. હમણાં તે તરફ પ્રયાસ થતો જોવામાં આવે છે. ધર્મ કેળવણીનો ખાસ વિભાગ આમાં જોડવાથી માસિકની

પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે. કોન્ફરન્સના શુભ કામોનાં રિપોર્ટ ટુંકા અને રસદાર હોવા જોઇએ; તેના ગુચવાડા ભર્યા પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે વિદ્વાનોના અભિપ્રાય માંગવાની સાથે તેને ચર્ચાના વિષયો કરવા જોઇએ, અને તે ચર્ચા મુદ્દાસર, ટુંકી અને બધુ શિખવનારી હોવી જોઇએ. આના વિષયે આટલુંજ.

બુદ્ધિપ્રભા—આને માટે અભિપ્રાય જૈન કોન્ફરન્સ હેરલ્ડના જાન્યુઆરી ૧૯૧૦ ના અંકમાં આવી ગયો છે, એટલે તે માટે વિશેષ લખવાની જરૂર રહેતી નથી.

નોટઃ—જેટલાં જૈન શ્વેતાંબરીય પત્રો જાણમાં છે તેટલાની ટુંક અને ઉડતી નોંધ ઉપર પ્રમાણે લેવાઇ છે. તેમાં સારગમ્ય લાગે તો ગ્રહણ કરવાનું છે, દોષને માટે ક્ષમાની યાચના છે. મૈત્રી મૈત્રીભાવે પરિણમશે, અને સમભાવના વર્તનનો સાક્ષાત્કાર થશે. 'ન કરવા કરતાં કાંઇ કરવું' એ સૂત્ર મને બહુજ માન્ય છે. પરંતુ કાંઇ થતું જાય, તેમાં સુધારો થતો હોય તો પત્રસાહિત્ય લોકપર ઘણી અસર કરનારૂં જબરૂં સાધન છે, તેથી તે ધ્યાનમાં રાખી સુધારો ગ્રહણ થશે તો જનસમુદાયનું કલ્યાણ થશે.

"જેના ઉપર દેશના ઉદયનો આધાર છે સર્વથા,
જેના આગળ ઐશ્ચય અન્ય સઉની લાગ્યા કરે છે વૃથા;
જે આપી ઉપદેશ ગુપ્ત રહીને વિઘ્નો થકી વારતી,
પૂરો તે સઉ વર્ષમાં નિખિલની સૌ કામના ભારતી."

---

ॐ अर्हम्

# શ્રી નવપદ પ્રકરણની સંક્ષિપ્ત વ્યાખ્યા.

( પીઠબંધ: ૧-૯ )

૧ શ્રી અરિહંતાદિક નવ પદને હૃદયકમળમાં ધ્યાયી શ્રી સિદ્ધચક્રનું ઉત્તમ માહાત્મ્ય હું સંક્ષેપથી કહું છું.

૨-૩ ભો ભો મહાનુભાવો ! આ દુર્લભ મનુષ્ય જન્મ, ઉત્તમ ક્ષેત્ર, ઉત્તમ કુલાદિક તેમજ સદ્ગુરૂની સામગ્રી પુન્યયોગે પામી, મહા હાનિકારક પંચવિધ પ્રમાદને શીઘ્ર તજી સદ્ધર્મ-કર્મને વિષે તમે સમુદ્યમ કરો ?

૪ તે ધર્મ સર્વ જિનેશ્વરોએ દાન, શીલ, તપ, અને ભાવ ભેદે કરી ચાર પ્રકારનો ઉપદેશેલો છે.

૫ તેમાં પણ ભાવ વિના દાન સિદ્ધિદાયક થતુંજ નથી. તેમજ ભાવ વિનાનું શીલ પણ જગમાં જરૂર નિષ્ફળ થાય છે.

૬ ભાવ વિના તપ પણ સંસારની વૃદ્ધિજ કરે છે. તે માટે પોતાનો ભાવજ સુવિશુદ્ધજ કરવો જરૂરનો છે.

૭ ભાવ પણ મનસંબદ્ધ છે, અને આલંબન વિના મન અતિ દુર્જય છે, તેથી તેને નિયમમાં રાખવા માટે સાલંબન ( આલંબનવાળું ) ધ્યાન કહેલું છે.

૮ યદ્યપિ અનેક પ્રકારનાં આલંબન શાસ્ત્રમાં વખાણ્યાંજ છે, તથાપિ નવ પ ધ્યાનજ મુખ્ય છે એમ જિનેશ્વરો કહે છે.

૯ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યક્ત્વ, જ્ઞાન, ચારિત્ર અને તપ એ નવ પદ જાણવાં

( નવ પદનું સંક્ષિપ્ત સ્વરૂપમ ૧૦–૨૦ )

૧૦ એ નવ પદમાં પ્રથમ પદે અષ્ટાદશ દોષ વિમુક્ત થયેલા, વિશુદ્ધ જ્ઞાનથ ભરેલા, તત્ત્વ પ્રકાશક અને સુરરાજ વંદિત એવા શ્રી અરિહંત ભગવાન નિરંતર ધ્યાન કરો.

૧૧ બીજે પદે સકળ કર્મબંધનથી વિમુક્ત થયેલા અને અનંત જ્ઞાન, દર્શન, ચારિ તથા વીર્યરૂપ અનંત ચતુષ્ટય સંપ્રાપ્ત થયેલા એવા પંદર ભેદે પ્રસિ સિદ્ધભગવાનનું સદા તન્મયપણે ધ્યાન ધરો.

૧૨ ત્રીજે પદે પંચાચારવડે પવિત્ર, સર્વજ્ઞ દેશિત વિશુદ્ધ સિદ્ધાંત સંબંધ દેશના દેવામાં ઉજમાળ, અને પરોપકાર કરવા સદા તત્પર એવા સૂરિવર નિરંતર ધ્યાન કરો.

૧૩ ચતુર્થ પદે ગચ્છની સંભાળ કરવા સદા સાવધાન, સૂત્રાર્થનું અધ્યાપન કરા વવામાં ઉજમાળ અને સ્વાધ્યાય ધ્યાનમાં લીન મનવાળા શ્રી ઉપાધ્યા મહારાજનું સમ્યગ્ ધ્યાન ધરો.

૧૪ સર્વ કર્મભૂમિઓમાં વિચરતા, અનેક ગુણગણે કરી સંયુક્ત, ત્રણ ગુપ્તિએ ગુપ્ત, અને નિષ્પરિગ્રહી એવા નિષ્કષાયી મુનિરાજનું પંચમ પ ધ્યાન કરો.

૧૫ છઠ્ઠે પદે સર્વજ્ઞપ્રણીત આગમમાં કહેલા જીવાદિક તત્ત્વાર્થને વિષે શ્રદ્ધાનરૂ દર્શનરૂપી રત્નદીપકને નિરંતર મનમંદિરમાં સ્થાપો.

૧૬ સાતમે પદે જીવાજીવાદિક પદાર્થ સમૂહના યથાર્થ અવબોધરૂપ જ્ઞાનને સ ગુણોના મૂળ કારણભૂત જાણીને વિનય–બહુમાનવડે ભણો.

૧૭ આઠમે પદે અશુભ ક્રિયાઓના ત્યાગરૂપ અને શુભ ક્રિયાઓમાં આદરરૂ ઉત્તમ ગુણયુક્ત ચારિત્રને યથાર્થ પાળો.

૧૮ નવમે પદે આકરાં કર્મરૂપી અંધકારને હરી લેવા સૂર્ય સમાન દ્વાદશવિ તપનું કષાય તાપ રહિત રૂડી રીતે સેવન કરો.

૧૯ આ પ્રમાણે ઉપર બતાવેલાં નવે પદો જિનેશ્વર પ્રભુએ કથેલા ધર્મ સારભૂત છે, અને આરાધન કરનાર ભવ્યજનોને કલ્યાણકારી છે તેથી યથાવિધ આરાધવા યોગ્ય છે.

૨૦ એ નવપદોવડે નિષ્પન્ન એવા શ્રી સિદ્ધચક્રને ઉપયોગયુક્ત આરાધનાર પ્રાણ શ્રી શ્રીપાળકુમારની પેરે સુખ–સમાધિ પામે છે.

નવપદ વિશેષ વર્ણન, 'તત્ર પ્રથમ શ્રી અરિહંતપદ વર્ણનમ્' ( ૨૧-૨૯ )

૨૧ શેષ ત્રણ ભવ રહેતાં મનુષ્યભવે અરિહંતાદિક વીશ સ્થાનક ( તપ )નું આરાધન કરીને જેમણે તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું છે તે અરિહંતોને હું પ્રણમું છું.

૨૨ છેલ્લે ભવે ઉત્તમ રાજકુળમાં ચૌદ મહા સ્વપ્નોવડે સૂચિત ગુણવાળા જે અવતરે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

૨૩ જેઓના જન્મ સમયે ૫૬ દિક્કુમારીઓ અને દેવનાયકો આવીને પ્રમુદિત મનથી મહિમા-ઉત્સવ કરે છે તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

૨૪ જન્મથી માંડીને જેમના દેહમાં લોકને આશ્ચર્યકારી એવા ચાર અતિશયો હોય છે, તે અરિહંતોને હું પ્રણમું છું.

૨૫ જેઓ ત્રણ જ્ઞાને સહિત છતાં ભોગાવળી કર્મને ક્ષીણ થયેલું જાણી ચારિત્રરૂપ નિવૃત્તિ માર્ગને આદરે છે, તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

૨૬ ચારિત્ર ધર્મમાં સદા ઉપયોગી અને અપ્રમત્ત છતાં નિર્મળ ધ્યાનથી ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થઈ મોહને હણી જે કેવળલક્ષ્મી વરે છે, તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

૨૭ કર્મના ક્ષયથી ૧૧ અને દેવકૃત ૧૯ અતિશયો જેમને હોય છે, તે અરિહંતોને હું પ્રણામ કરૂં છું.

૨૮ અષ્ટ પ્રાતિહાર્યોવડે શોભિત અને સુરનાયકોવડે સેવિત જે સદાકાળ વિચરે છે તે અરિહંતોને હું પ્રણમું છું.

૨૯ પૃથ્વી પીઠ ઉપર વિચરતા ૩૫ ગુણયુક્ત વાણીવડે જે ભવ્યજનોને વિબોધે છે તે અરિહંતોને હું પ્રણમું છું.

'દ્વિતીય શ્રી સિદ્ધપદ વર્ણનમ્' ( ૩૦-૩૮ )

૩૦-૩૧ કેવળી સમુદ્ઘાત કરેલા કે નહિ કરેલા અરિહંતો કે સામાન્ય કેવળીઓ શૈલેશીકરણવડે અયોગી કેવળી થઇ આયુષ્યના છેલ્લા બે સમયમાંના પહેલે સમયે ૭૨ પ્રકૃતિઓને ખપાવી અને છેલ્લે સમયે ૧૩ પ્રકૃતિઓને ખપાવી જેઓ શિવસુખ પામ્યા તે સિદ્ધ ભગવાનો મને શિવસુખ આપો.

૩૨ ચરમ શરીરના ત્રીજા ભાગે ન્યૂન અવગાહનાવાળા છતાં જે એક સમયમાં લોકના અંતે જઇ પહોંચ્યા તે સિદ્ધભગવાન મુજને શિવસુખ આપો.

૩૩ ધનુષ્યમાંથી છૂટેલા બાણની પેરે પૂર્વ પ્રયોગથી, તુંબડાની પેરે અસંગપણાથી, એરંડાના ફળની પેરે બંધન-છેદથી અને ધૂમાડાની પેરે ઉર્ધ્વ સ્વભાવથી જેમની ઉર્ધ્વ ગતિ કહી છે તે સિદ્ધભગવાન મુજને શિવસુખ આપો.

૩૪ સિદ્ધશિલ્લાની ઉપર એક યોજનના $\frac{૧}{૨૪}$મા ભાગમાં લોકના અંતે નિશ્ચે જેમની સ્થિતિ પ્રસિદ્ધ છે તે સિદ્ધભગવાન મુજને શિવસુખ આપો.

૩૫ જે અનંત, અપુનર્ભવ, અશરીરી, અનાબાધ, તથા સામાન્ય વિશેષ ઉપયો સહિત છે તે સિદ્ધભગવંત મુજને શિવસુખ આપો.

૩૬ જે અનંતગુણી, નિર્ગુણી, ૩૧ અથવા ૮ ગુણવાળા અને અનંત ચતુષ્ક સહિ છે તે સિદ્ધભગવંત મુજને શિવસુખ આપો.

૩૭ જેમ ભીલ નગરના ગુણ જાણતો છતાં પણ કહી શકતો નથી, તેમ જેમ ગુણ જાણતા છતા પણ જ્ઞાની કહી શકતા નથી તે સિદ્ધભગવંત મુજ શિવસુખ આપો.

૩૮ જે અનંત, અનુત્તર, શાશ્વત અને સદાનંદ, એવા સિદ્ધિસુખને પામ્યા સિદ્ધભગવંત મુજને શિવસુખ આપો.

'તૃતીય આચાર્યપદ વર્ણનમ્.' ( ૩૯-૪૭ )

૩૯ જે પંચવિધ આચારને સદા આચરતા છતાં ભવ્યજનોના અનુગ્રહને મા તેનો ઉપદેશ આપે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

૪૦ દેશ, કુળ, જાતિ, અને રૂપાદિક બહુ ગુણસમુદાયથી સંયુક્ત છતાં યુગપ્રધાન છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

૪૧ જે સદા અપ્રમત્ત, વિકથાવિરક્ત, કષાયત્યાગી, અને ધર્મોપદેશ દેવા આસક્ત છે, તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

૪૨ જે સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાવડે નિરંતર સ્વગચ્છની સંભા રાખે છે, તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

૪૩ જે સૂત્રાર્થના જાણ છતાં પરોપકાર રસિક હોવાથી તત્ત્વોપદેશ આપે છે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છું.

૪૪ જિનેશ્વરરૂપી સૂર્ય અને સામાન્ય કેવળીરૂપી ચંદ્ર અસ્ત થયે છતે મનુષ્યક્ષેત્રમાં દીપકની પેરે તત્ત્વનો પ્રકાશ કરે છે તે આચાર્ય ભગવંતો હું નમસ્કાર કરૂં છું.

૪૫ પાપના ભારથી આક્રાન્ત થયા છતાં સંસાર રૂપી ઊંડા અંધ કૂવામાં પડ પ્રાણીઓનો જે ઉદ્ધાર કરે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કાર કરૂં છુ

૪૬ માત, તાત અને બાંધવ પ્રમુખથી પણ અધિક હિતકાર્ય અત્ર જીવો સાધનાર આચાર્ય ભગવંતને હું નમસ્કાર કરૂં છું.

૪૭ જે બહુ લબ્ધિઓથી સમૃદ્ધ અને અતિશયવંત છતાં શાસનને દીપાવે છે તેમજ રાજાની પેરે નિશ્ચિંત રહે છે તે આચાર્ય મહારાજને હું નમસ્કા કરૂં છું.

'ચતુર્થ શ્રી ઉપાધ્યાયપદ વર્ણનમ્' (૪૮-૫૬ )

૪૮ જે દ્વાદશાંગ સ્વાધ્યાયના પારગામી, તેનાં રહસ્યના ધારક, તેમજ તદ્ ઉભ યનો વિસ્તાર કરવામાં રક્ત એવા ઉપાધ્યાય મહારાજને હું ધ્યાવું છું.

૪૯ સૂત્રધારાવડે કરીને પથ્થર જેવા જડ શિષ્યોને પણ જે સર્વપૂજનિક ક છે તે ઉપાધ્યાયને ધ્યાવું છું.

૫૦ મોહરૂપી સર્પ ડસ્યાથી જેમના જ્ઞાન-પ્રાણ નષ્ટ થઈ ગયા છે એવા જીવોને જાંગુલી મંત્રવાદી-ગારૂડીની પેરે નવું ચૈતન્ય આપે છે તે ઉપાધ્યાયજી મહારાજને હું ધ્યાવું છું.

૫૧ અજ્ઞાનરૂપ વ્યાધિથી પીડિત થયેલા પ્રાણીઓને ધન્વંતરી વૈદ્યની પેરે શ્રુત જ્ઞાનરૂપી શ્રેષ્ઠ રસાયણ આપી જે સજ્જ કરે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૨ ગુણ-વનનો વિનાશ કરનાર મદ-ગજને દમવા અંકુશ સમાન જ્ઞાનદાન ભવ્યજનોને જે સદા આપે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૩ બાકીનાં દાન દિવસ, માસ કે જીવિત પર્યંત પહોંચનારાં જાણીને જે મુક્તિ પર્યંત પહોંચનારૂં શાશ્વત જ્ઞાનદાન સદા દે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૪ અજ્ઞાન-અંધ જનોનાં લોચન રૂડા શાસ્ત્રરૂપી શસ્ત્રના મુખવડે જે સારી રીતે ઉઘાડી નાંખે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૫ બાવન અક્ષરરૂપ બાવના ચંદનના રસવડે લોકોના પાપ-તાપને એકદમ ઉપશમાવી દે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

૫૬ યુવરાજ સમાન, ગચ્છ-ચિંતામાં સાવધાન અને આચાર્યપદને લાયક છતાં જે શિષ્ય વર્ગને વાચના આપે છે તે ઉપાધ્યાયજીને હું ધ્યાવું છું.

‘પંચમ શ્રી સાધુપદ વર્ણનમ્’ (૫૭-૬૫).

૫૭ દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપ અનુપમ રત્નત્રયીવડે જે મોક્ષમાર્ગનું સાધન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂં છું.

૫૮ આર્ત અને રૌદ્ર એ બંન્ને પ્રકારનાં દુષ્ટ ધ્યાન તજી ધર્મ અને શુકલ એ બે ધ્યાનનેજ ધ્યાવવાવાળા જે ગ્રહણશિક્ષા અને આ સેવના[1]-શિક્ષાનો અભ્યાસ કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂં છું.

૫૯ ત્રણ ગુપ્તિવડે ગુપ્ત, ત્રિશલ્ય રહિત અને ગારવત્રય[2] વિમુક્ત છતાં જેઓ જિનાજ્ઞાનું પાલન કરે છે તે સર્વ સાધુઓને વંદન કરૂં છું.

૬૦ ચારે પ્રકારની વિકથાથી વિરક્ત તેમજ સર્વ પ્રકારના કષાયના ત્યાગી છતાં જેઓ દાનાદિક ચાર પ્રકારના ધર્મની દેશના દે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

૬૧ પાંચે પ્રમાદના પરિહારી, અને પાંચે ઇંદ્રિયોનું દમન કરવા છતાં જેઓ પાંચે સમિતિઓનું પાલન કરે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

૬૨ છ જીવનિકાયનું રક્ષણ કરવામાં નિપુણ અને હાસ્યાદિક[3] ષટ્કથી મુક્ત છતાં જેઓ છ વ્રતોને પ્રાણની પેરે ધારે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

---

૧, ગુરૂગમથી સમજાયેલી આજ્ઞાનું પરિપાલન કરવું તે. ૨, રસ ગારવ, રિદ્ધિ ગારવ અને શાતા ગારવ. ૩, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય અને દુગંછા.

૬૩ જેમણે સાત ભય જીત્યા છે, આઠ મદ ટાળ્યા છે અને અપ્રમત્ત થઇ જે નવ બ્રહ્મ ગુપ્તિઓનું પાલન કરે છે તે સર્વ સાધુઓને હું વંદન કરૂં છું.
૬૪ દશવિધ યતિધર્મ, દ્વાદશવિધ સાધુ-પડિમા અને દ્વાદશવિધ તપને જે આરાધે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.
૬૫ સત્તર પ્રકારના સંયમને પાળતા અને અઢાર હજાર શીલાંગને ધારણ કરતા છતાં જેઓ કર્મભૂમિમાં વિચરે છે તે સર્વ સાધુજનોને હું વંદન કરૂં છું.

'ષષ્ઠમ શ્રી દર્શનપદ વર્ણનમ્' (૬૬-૭૪).

૬૬ શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મરૂપ તત્ત્વસંપત્તિની શ્રદ્ધારૂપ જે સમ્યક્ત્વ વખાણ્યું છે તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.
૬૭ જ્યાં સુધી કર્મની સ્થિતિ ઘટાડીને એક કોડાકોડી સાગરોપમ જેટલીજ બાકી રહે એવી થઇ ન હોય ત્યાં સુધી જેની પ્રાપ્તિ થઇ શકતી નથી તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.
૬૮ અર્ધ પુદ્ગલ પરાવર્તનથી વધારે સંસાર સ્થિતિ જેમને રહી નથી એવા ભવ્યજીવોને રાગદ્વેષમય ગ્રંથિનો છેદ થયે છતે જેની પ્રાપ્તિ થાય છે તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.
૬૯ ઉપશમિક, ક્ષયોપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારે જે જિન આગમમાં ભાખ્યુ છે તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.
૭૦ જે ઉપશમિક પાંચવાર, ક્ષયોપશમિક અસંખ્યવાર અને ક્ષાયિક એકજવાર પ્રાપ્ત થાય છે તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.
૭૧ જે ધર્મવૃક્ષનું મૂળ, ધર્મપુરનું દ્વાર અને ધર્મમહેલનો પાયો કહેવાય છે તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.
૭૨ જે પૃથ્વીપેરે સમસ્ત ધર્મનો આધાર, ઉપશમ રસનું ભાજન અને ગુણરૂપી રત્નોનું નિધાન છે એમ મુનિજનો કહે છે તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.
૭૩ જેના વિના જ્ઞાન પણ અપ્રમાણ છે, ચારિત્ર ફળીભૂત થતું નથી અને મોક્ષ-પ્રાપ્તિ તો થતીજ નથી તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.
૭૪ જે સદ્દહણા, લક્ષણ અને ભૂષણ પ્રમુખ બહુ ભેદોવડે સિદ્ધાંતમાં વર્ણવેલું છે તે સમ્યગ્ દર્શનને અમે નમીએ છીએ.

'સપ્તમ શ્રી જ્ઞાનપદ વર્ણનમ્' (૭૪-૮૩).

૭૫ સર્વજ્ઞ પ્રણીત આગમમાં ભાખેલા યથાસ્થિત તત્ત્વોનો જે શુદ્ધ અવબોધ તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.
૭૬ જેવડે ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, ગમ્યાગમ્ય અને કૃત્યાકૃત્ય જણાય છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૭૭ લોકમાં સકળ ક્રિયાનું મૂળ શ્રદ્ધા છે, તે શ્રદ્ધાનું પણ જે મૂળ ( કારણ ) છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૭૮ જે મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, અને કેવળ એમ પાંચ પ્રકારે સુપ્રસિદ્ધ છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૭૯ કેવળજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની કે અવધિજ્ઞાનીનાં પણ વચન જે મતિશ્રુત-રૂપે લોકોનો ઉપગાર કરે છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૮૦ દ્વાદશાંગરૂપ શ્રુતજ્ઞાનજ જેમાં જગ ઉપકારી કહેલું છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૮૧ તેટલા માટેજ ભવ્યજનો જે ભણે છે, ભણાવે છે, દે છે, નિસુણે છે, પૂજે છે અને લખાવે છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૮૨ જેના બળથી આજ પણ ત્રણે લોકના ભાવ હાથમાં રહેલા આંબળાની પેરે જણાય છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

૮૩ જેના પસાયથી ભવ્યજનો લોકમાં પૂછવા જોગ, માનવા જોગ અને વખાણવા જોગ થાય છે તે સમ્યગ્ જ્ઞાન મારે પ્રમાણ છે.

‘ અષ્ટમ શ્રી ચારિત્રપદ વર્ણનમ્ ’ ( ૮૪-૯૨ )

૮૪ જે દેશવિરતિરૂપ અને સર્વવિરતિરૂપ અનુક્રમે ગૃહીને અને મુનિને પ્રાપ્ત થાય છે તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

૮૫ જ્ઞાન અને દર્શન પણ જેની સાથે રહ્યા છતાજ જીવોને સંપૂર્ણ ફળ આપે છે તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

૮૬ જે સુસામાયિકાદિક પાંચ પ્રકારે મુનિજનોને અધિકાધિક ફળદાયી જિનાગમમાં સુપ્રસિદ્ધ છે તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

૮૭ જિનેશ્વરોએ જે પોતે સ્વીકાર્યું, આરાધ્યું, સમ્યક્ પ્રરૂપ્યું અને અન્ય જનોને આપ્યું તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

૮૮ છ ખંડની અખંડ રાજરિદ્ધિને તજી ચક્રવર્તીઓએ જે સદ્ભાવથી આદર્યું તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

૮૯ જેની પ્રાપ્તિથી રંક જીવો પણ ત્રિભુવનમાં સર્વ પૂજનિક થાય છે, તે ચારિત્ર જગતમાં જયવંતુ વર્તે છે.

૯૦ જેનું પાલન કરતા મુનીશ્વરોના ચરણમાં દેવ દાનવના નાયકો ઉલ્લાસથી નમસ્કાર કરે છે તે ચારિત્ર જગમાં જયવંતુ વર્તે છે.

૯૧ અનંત ગુણવાળું છતાં શાસ્ત્રમાં મુનિવરોએ જે સત્તર પ્રકારનું અથવા દશ પ્રકારનું વર્ણવ્યું છે તે ચારિત્રનું મને શરણ છે.

૯૨ ૧૨ય સમિતિ અને ત્રણ ગુપ્તિ, ક્ષમાદિક ગુણનું સેવન, અને મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયવડે જેની સિદ્ધિ-પૂર્ણતા પ્રાપ્ત થાય છે, તે ચારિત્રનું મુને નિ શરણ છે. અપૂર્ણ.

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

## શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસમાં સુકૃત ભંડાર ફંડમાં

### સંવત ૧૯૬૫ની સાલમાં આવેલાં નાણાંની ગામવાર રકમ.

રૂ. ૨૬૯૦ ૧૦ ૬ સંવત ૧૯૬૪ ની સાલ સુધીમાં આવેલા તે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨-૧૨-૦ | કાકડા. | ૯- ૦-૦ | ગંભીરા. | ૦-૧૨-૦ | તારાગામ |
| ૧૯- ૮-૦ | કરજન. | ૬- ૮-૦ | ગોરૈયા. | ૦-૧૨-૦ | તલી. |
| ૨- ૪-૦ | કાનવાડી. | ૨- ૦-૦ | ગોરડકા. | ૫- ૪-૦ | ત્રાપજ. |
| ૮- ૪-૦ | કોસીંદ્રા. | ૭-૧૦-૦ | ગાડરવાડા. | ૧૨-૧૧ ૦ | તાલ. |
| ૨-૧૫-૦ | કારીયાણી. | ૧૪- ૪-૦ | ગાંભુ. | ૦- ૮-૦ | થરાદ. |
| ૯-૧૪-૦ | કનગેટી. | ૧૦- ૮-૦ | ચીતાખેડા. | ૪૬- ૮-૦ | દસાડા. |
| ૨- ૦-૦ | કાકેર. | ૧૮- ૪-૦ | ચમારા. | ૫- ૦-૦ | દેત્રોજ |
| ૧- ૮-૦ | કંથારીઆ. | ૦- ૮-૦ | ચાંગા. | ૨- ૪-૦ | દંતેલી. |
| ૬- ૦-૦ | કજગામ. | ૦- ૪-૦ | ચીચોડી. | ૨- ૮-૦ | દઢાણા. |
| ૦- ૮-૦ | કુકડીસર. | ૭- ૦-૦ | ચાંપાખેરાજા. | ૫- ૮-૦ | દાહોદ. |
| ૯-૧૨-૦ | કાવીઠા. | ૨૬- ૧-૩ | છોટીસાદડી. | ૧૧- ૮-૦ | દાવડ. |
| ૧- ૦-૦ | કણીયા. | ૧૨- ૪-૦ | છનીઆર. | ૧૨- ૪-૦ | દાઠા. |
| ૫૫- ૦-૦ | કરાંચી | ૧૦ ૧૨-૦ | જીરન | ૨૯- ૭-૬ | ધમતરી. |
| ૧૬- ૦-૦ | કુરડુવાડી. | ૩૨- ૦-૦ | જુન્નેર. | ૧૩- ૪-૦ | ધરમજ. |
| ૧- ૦-૦ | કાંધરેટી. | ૦-૧૨-૦ | જોશીકુવા. | ૧-૧૨-૦ | ધુડાકુવા. |
| ૨- ૮-૦ | કણજટ. | ૬- ૩ ૦ | જાવદ | ૮-૧૨-૦ | નીમચકેમ્પ |
| ૨- ૮-૦ | કરમસદ. | ૧- ૮-૦ | જનડા. | ૧૬-૧૧-૦ | નાશીક. |
| ૧- ૦-૦ | કાચોર | ૫- ૦-૦ | જલસણ. | ૫- ૩-૦ | નારણગઢ. |
| ૧- ૮-૦ | કુણપર. | ૨- ૪-૦ | જાલીસણા | ૭- ૦-૦ | નવાખલ. |
| ૨- ૦-૦ | કોરોલી | ૦- ૮-૦ | ઝીંઝાવદર મોટા. | ૪- ૦-૦ | નવાપરા (માળવ |
| ૮-૧૪-૦ | ખેડા. | ૨- ૦ ૦ | ઝાંઝ | ૭- ૦-૦ | નવાપરા. |
| ૫- ૦-૦ | ખેડબ્રહ્મા. | ૩- ૦-૦ | ઝાંઝરવા. | ૬- ૮-૦ | નીકોરા. |
| ૫- ૪-૦ | ખેડાસા. | ૨-૧૨-૦ | ઝાંઝમેર. | ૧- ૦-૦ | નાગલપર. |
| ૬- ૦ ૦ | ખઢાણ. | ૩-૧૨-૦ | ટાટમ. | ૨૧- ૮-૦ | નીંબાહેડા. |
| ૦-૧૨-૦ | ખટલાલ. | ૫-૧૪-૦ | તેલહારા. | ૮- ૮-૦ | નડીયાદ. |
| ૦- ૪-૦ | ખડકી. | ૨- ૦-૦ | તાજપર | ૮- ૪-૦ | નરસંડા. |
| ૧૨- ૬-૦ | પાદરા. | ૧- ૦-૦ | મુલપાડ. | ૧-૧૨-૦ | વલેરવું. |
| ૧- ૮-૦ | પીંપળ. | ૬- ૦-૦ | મનાસા. | ૭- ૦-૦ | વડનગર. |
| ૦- ૪-૦ | પુના. | ૧૬- ૦-૦ | મંદસોર. | ૬૬- ૮-૦ | વેરાવળ. |
| ૬- ૦-૦ | પીંપળી. | ૧- ૦-૦ | મેઘવડીઆ. | ૧૪- ૪-૦ | વતરા. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩-૧૨-૦ | પીંપલ્યા | ૧૫-૮-૦ | મોઢેરા. | ૨-૧૨-૦ | વડનેસા. |
| ૦-૮-૦ | પીંપળીઆ | ૬-૮-૦ | મહેલાવ. | ૪-૦-૦ | વડદલા. |
| ૯-૪-૦ | પંચાસર. | ૮-૦-૦ | રણુ. | ૧૯-૧૨-૦ | વિલાયતથી. |
| ૯-૮-૦ | પાડગોળ. | ૨-૦-૦ | રહાજણ. | ૭-૪-૦ | વીઠલપુર. |
| ૫-૦-૦ | પાલજ. | ૬૭-૪-૦ | રાંદેર. | ૪-૧૨-૦ | વેરાણ. |
| ૭-૧૨-૦ | પુદેડા. | ૧-૦-૦ | રાણીવાડા. | ૦-૮-૦ | વાસણા. |
| ૯-૧૨-૦ | બારસીરોડ | ૧-૦-૦ | રાજપરા. | ૨૦-૧૨-૦ | વડાવલી. |
| ૧-૪-૦ | બામણગામ | ૫-૦-૦ | રણશીપુર. | ૨-૪-૦ | સાત્રોલા, |
| ૨-૪-૦ | બીલીપાડ | ૧-૮-૦ | રાવાસર. | ૫-૦-૦ | સંધાણા. |
| ૧-૩-૦ | બરડુ. | ૦-૧૨-૦ | લાલપર. | ૪-૧૫-૦ | સૈલાના. |
| ૦-૧૨-૦ | બોતલગંજ. | ૩-૭-૦ | લાઠીદડ. | ૦-૧૨-૦ | સાંગાવદર. |
| ૦-૮-૦ | બગદેઇ. | ૪-૭-૦ | લાખેણી. | ૧-૦-૦ | સરોના. |
| ૪-૪-૦ | બીલીમોરા. | ૪-૧૨-૦ | લધુણા. | ૩-૦-૦ | સુકલતિર્થ. |
| ૧-૮-૦ | બરઢીઆ. | ૫૯-૪-૦ | વેરાવળ. | ૧-૪-૦ | સુંદયણા. |
| ૦-૧૨-૦ | બોરી. | ૨-૦-૦ | વાડી. | ૨૨-૧૨-૦ | સીરપુર. |
| ૧-૦-૦ | બોચાસણ. | ૦-૪-૦ | વરસોડા. | ૯-૪-૦ | સીતાપુર. |
| ૮-૦-૦ | બેંગલોર. | ૦-૮-૦ | વાંકાનેર. | ૧-૦-૦ | સોલગામ. |
| ૦-૧૨-૦ | બામણવા. | ૩-૦-૦ | વડુ. | ૨૬-૪-૦ | સરદારપુર. |
| ૩-૦-૦ | બાંધણી. | ૪-૧૧-૦ | વીસાવડી. | ૮૦-૨-૦ | સીતામહુ. |
| ૪-૧-૦ | ભીલસા. | ૦-૪-૦ | વઇપારસનાથ. | ૭-૪-૦ | સાબલી. |
| ૩-૮-૦ | ભોપાળ. | ૪-૪-૦ | વડગામ | ૦-૮-૦ | સેલાવદર, |
| ૨-૪-૦ | ભાંભણ. | ૧૭-૧૨-૦ | વાલવોડ. | ૨-૦-૦ | સુણાવ. |
| ૦-૧૨-૦ | ભીમડાદ. | ૧૪-૧૨-૦ | વાસદ. | ૦-૮-૦ | હામાપર. |
| ૫-૦-૦ | ભીંડર. | ૪-૪-૦ | વસઇ. | ૭-૦-૦ | અંજાર. |
| ૯-૩-૦ | મહુડી. | ૨-૦-૦ | વડલા. | ૧-૪-૦ | આસરમા. |
| ૨-૧૫-૦ | માલેગામ. | ૨-૦-૦ | વીરછમ. | ૬-૪-૦ | આમરોદ. |
| ૨-૦-૦ | માનપુર. | ૧૮-૦-૦ | વટાદરા. | ૫-૮-૦ | અંબાલી. |
| [illegible]-૧૪-૦ | મસુર. | ૧૧-૪-૦ | વણોદ. | ૧૮-૪-૦ | આંકલાવ. |
| ૧-૭-૦ | મલારગઢ. | ૨-૪-૦ | વાલર. | ૩-૦-૦ | અલારસા. |
| ૦-૧૨-૦ | આસોદર. | ૧-૦-૦ | અંબાઇ. | ૬-૧૪-૦ | ઓડુ. |
| ૩-૧૨-૦ | એકલારા. | ૧૮-૪-૦ | આદરીયાણા. | ૨-૮-૦ | અમરાવદ. |
| ૧-૮-૦ | અમદાવાદ. | ૧-૪-૦ | ઇડરગઢ. | ૧૫૦-૦-૦ | ઉદેપુર. |
| ૫૭-૦-૦ | ઉમેટા. | ૨-૦-૦ | ઉગામેડી. | ૩-૮-૦ | ઉધરેજ. |
| ૦-૧૨-૦ | ઉંચડી. | ૬૨૧-૪-૦ | મુંબઇ. | | |

કુલ રૂ. ૫૦૫૦-૩-૩

# પ્રવાસ વર્ણન.

## લેખક મણિલાલ ખુશાલચંદ પારેખ—પાલણપુર.

પાલણપુરથી પગ રસ્તે ૧૯ ગાઉપર પાલણપુર રાજ્યનું સાતસણ ગામ છે. ત્ય હાલ શ્રાવકોની વસ્તી નથી પણ દેરાસર છે. તેની સંભાળ મઢાડ વિગેરે આસપાસન ગામોવાળા રાખે છે. મૂળનાયક શ્રી શાંતિનાથજીની તથા બીજી ૩ પ્રતિમાજી પાષા ણનાં છે. દેરાસરની સ્થિતિ સારી છે. સિદ્ધચક્રજી નહીં હોવાથી તે રાખવા તથા દેરાસ ઉપર ધજા દંડ નથી તે ચડાવવા મઢાડના શ્રાવકોને ભલામણ કરી છે. સાતસણથ મઢાડ ૧ ગાઉ છે. તેમાં શ્રાવકોનાં ઘર ૨૫૦) આશરે છે. ગચ્છભેદ નહીં હોવાથ સર્વ એક સાથે વર્તે છે. ધર્મનો રાગ સારો છે. ઉપાશ્રય વિગેરે ધર્મસ્થાનો પણ ઠીક છે. દેરાસર બે છે તેની વીગતઃ—

૧ શ્રી મહાવીર સ્વામીનું દેરાસર હાલ જે સંઘના હસ્તક છે તેમાં મૂળ શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા પાષાણની બહુ મોટી અને અલૌકિક છે. તે સિવાય બીજી પાષાણની પ્રતિમા ૪ તથા ધાતુની પ્રતિમા ૪ અને ધાતુના સિદ્ધચક્ર ૨૧ છે

મૂળનાયક શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા બે કાઉસ્સગીઆ સહીત ગામન જોડેના ભાણર પાસે કણબીઓ ખોદતા હતા ત્યાંથી સંવત ૧૮૫૪ ની સાલમાં નીકળેલ છે. ત્યાંથી લાવીને ઉપાશ્રયમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા, અને બે કાઉસ્સ ગીઆ જગ્યાના સંકોચને લીધે શ્રી ધર્મનાથજીના દેરાસરમાં પધરાવેલ હતા. પણ પાછળથી સંવત ૧૯૨૦ ની સાલમાં નવું દેરાસર થતાં ( હાલ જ્યાં છે ત્યાં ) તેમ પધરાવવામાં આવ્યા હતા. દેરાસરનો વહીવટ સારો છે. પૂજારી સારો હોવાથી પૂજ વિગેરેનું કામ સંતોષકારક છે.

૨ શ્રી ધર્મનાથનું દેરાસર ( જે હાલ મહાત્માના કબજામાં છે તે )—આ દેરાસ ઉપરના દેરાસરની અગાઉનું છે. તેમાં પ્રતિમાજી પણ જૂના વખતના છે. મૂળનાય શ્રી ધર્મનાથની પ્રતિમા પાષાણની છે. તે સિવાય પાષાણની બે પ્રતિમા તથા ધાતુન ૨૮ પ્રતિમા અને ૧ સિદ્ધચક્ર છે. ગભારા બહાર અને દેરાસરના મુખ્ય દ્વાર અંદરન બન્ને બાજુએ કાઉસ્સગધ્યાને ઉભેલા શ્રી પાર્શ્વનાથજીની બે પ્રતિમા મોટી છે. ત મહાવીર સ્વામીની પ્રતિમા સાથે નીકળેલ છે. આ દેરાસર મઢાડના શ્રી સંઘનું છે તેના ઘણા પ્રત્યક્ષ પુરાવા હોવા છતાં તેમજ તે સંબંધી કેટલાક દાખલા અત્રેન પંચના ચોપડામાં હોવા છતાં અહીંના મહાત્મા અમીચંદજી તથા તેમના ભાઇ મેઘજી બન્ને જણ સંવત ૧૯૪૦ ની સાલમાં શ્રી સંઘ સાથે કંઇ નહીં જેવી સંસારિક તક રાર ( કે જે ઘણાખરા જૈન ભાઇઓના જાણવામાં છે ) પડવાથી આ દેરાસર તો અમા રૂંજ છે તેમ કહી પોતાને કબજે કરી બેઠેલા છે. મઢાડના શ્રાવકોને સેવા પૂજા અથવ દર્શન પણ કરવા દેતા નથી. ( બહારગામના કોઇ આવે તેને પણ પોતાની મરજીમ આવે તો સેવા પૂજા કે દર્શન કરવા દે. નહીં તો નહીં. ) પ્રથમ કેટલાક વખત સુધી તેઓ જાતે પૂજા કરતા અથવા નોકર રાખી તેની પાસે પૂજા કરાવતા પણ છેલ્લાં ત્રણ ચાર વરસથી તો તેમણે પોતે સેવા પૂજા કરી નહીં, કોઇ પાસે કરાવી નહીં અને

ગધી પ્રતિમાજી અપૂજ રાખેલ તે હકીકત વધારે બહાર આવી. અને કેટલાકોની ભલામણથી કોન્ફરન્સ તરફથી શેઠ મનસુખભાઇ ભગુભાઇએ તે સંબંધી હીલચાલ ફેરી ગયા માગશર માસમાં શીરોહીના રાજા સાહેબ મારફત તે મહાત્માઓને હુકમ ફેરાવેલ છે કે તે દેરાસરમાં પૂજા થવી જોઇએ. તેથી તે હુકમને માન આપવાની ખાતર મહાત્મા હાલ તે દેરાસરમાં પૂજા કરે છે પણ પાષાણની પ્રતિમાજીને નવ અંગે ને બાકીની પ્રતિમાજીને જમણે અંગુઠે પણ પૂજા નહીં કરતાં ડાબે અંગુઠેજ પુજા કરેલી અમારા જોવામાં આવી. આ બાબત મહાત્માને કહેતાં તેમણે કહ્યું જે ઠીક; તમો પૂજા કરીને ચાલ્યા જાઓ. જેમ કરતા હશુ તેમ કરશું. મતલબ કે તેઓ વિચિત્ર પ્રકારના છે. કોઇનું કહેવું માને તેવા નથી. દીવા ધૂપ વિગેરેનું પણ કાંઈ ઠેકાણું નથી. તે ઉપરથી પૂજા હમેશાં થતી હશે કે નહીં તે પણ સંશય પડતું છે. વળી દેરાસર દિવસનો ઘણો ભાગ તદન બંધ રાખે છે તો કોન્ફરન્સે પોતે આ કરેલા કાર્યથી સંતોષ માની બેસી રહેવાનું નથી પણ દેરાસર શ્રાવકોને સોંપાય તેવી ગોઠવણની જરૂર છે કે જેથી મહાત્મા સાથે તકરારમાં ન ઉતરવું પડે. ને હમેશાં સેવા પુજા થાય. આ બાબત શેઠ મનસુખભાઈ ભગુભાઇને ખાસ પ્રયાસ કરવાની જરૂર છે કેમકે તેઓ સાહેબને સીરોહી મહારાજા સાથે ઘણો સારો સ્નેહ છે. તેથી તેઓ સાહેબ ધારે તો સહેલાઇથી કામ કરી શકે તેમ છે માટે ઉપર લખ્યા પ્રમાણે બંદોબસ્ત કરાવવા કોન્ફરન્સને હું ભલામણ કરૂં છું અને શેઠ સાહેબ મનસુખભાઇ પણ ઉપર લખ્યા પ્રમાણે બંદોબસ્ત કરાવવા ધ્યાનમાં લેશે એવી તેઓ સાહેબને વિનંતિ કરૂં છું. માટે તેઓ સાહેબ થોડી મેહેનતે મોટું પુણ્ય ઉપાર્જન કરવા ભાગ્યશાળી થશે. તથાસ્તુ.

મઢાડમાં થોડા વખત અગાઉ ૧ પાઠશાળા ઉઘાડવામાં આવી છે. તેમાં યતિજી શ્રી વિવેકવર્ધનજી અભ્યાસ કરાવે છે. હાલ પંચ પ્રતિક્રમણ તથા પ્રકરણોનો અભ્યાસ ચાલે છે. તપાસ કરતાં ૧૫ વિદ્યાર્થી પૈકી ૧૦ નો અભ્યાસ સારો છે. પ્રયાસ સ્તુતિ પાત્ર છે. તોપણ મારવાડી ભાષાને લીધે અને ખાસ વિદ્યાર્થીઓની જોઇએ તેવી કાળજી નહીં હોવાથી અશુદ્ધતા જણાય છે તેને માટે ભલામણ કરી છે. સાથે કેટલીક બાળાઓ પણ ભણે છે તેમાંથી એકાદ બે ને તપાસવામાં આવતાં છોકરાઓ કરતાં તેમનો અભ્યાસ સારો છે. આવી રીતે છોકરાઓનો અભ્યાસ સારો થાય તો આગળ ઉપર ઘણુંજ સારૂં પરિણામ આવે, એ નિઃસંશય છે. આ પાઠશાળા ઉપર અહીંના શ્રી સંઘની દેખરેખ બરાબર હોય તેમ લાગતું નથી તો તેઓએ બનતી કાળજી રાખવા ભલામણ કરૂં છું. તેમજ આ યતિજી વિવેકવર્ધનજી કાયમ રહેવાના ન હોય તો બીજો સારો માસ્તર રાખીને આ શાળા ચલાવવાથી ઘણોજ લાભ થશે.

આ ગામની મધ્યમાં એક ટેકરી છે. તેના ઉપર મઢાડ દેવીનું સ્થાન છે. તેમાં અત્રેના મહાત્માઓના વડવાઓની પાદુકા જોડી ૧૧ પાષાણની છે. ટેકરીના છેડે ટોચ ઉપર એક મંદિર છે. તેમાં એક મહાદેવનું લિંગ છે. તેને નીલકંઠ મહાદેવ અથવા લીલાધારી કહે છે. તેની અહીંના શ્રાવકોને ઘણીજ શ્રદ્ધા છે. મહાદેવની સાર સંભાળ

તથા આસ્તા જેટલી બીજા લોકો નથી રાખતા તેથી વિશેષ આસ્તા અને સાર સંભાળ શ્રાવકો લે છે. તેના દરેક કામનો વહીવટ પણ શ્રાવકો કરે છે. વળી કેટલાક શ્રાવ કોએ પોતાની દેશાવરની દુકાનમાં તે મહાદેવના નામનો ભાગ રાખેલ છે. આ કેટલું બધી અફસોસની વાત છે કે પોતાનાં દેરાસર. જ્ઞાનભંડાર વિગેરે ધર્મનાં ખાતાં નિભા વવા માટે ખર્ચની તો કાંઇ પણ ગોઠવણ નથી, અથવા કાંઈ પણ લાગો નથી તેમ વહીવટ પણ કરતા નથી. આવું હડહડતું અને પૂર્ણ મિથ્યાત્વીપણું આપણા જૈન ધર્મીઓમાં જોઇ ઘણોજ ખેદ થાય છે. તો મહાડના શ્રી સકળ સંઘને વિનંતિ સાથે ભલામણ કરૂં છું કે તેઓ પોતાના ધર્મનેજ વળગી રહી બીજા મિથ્યાત્વને છોડી દેવા બનતો પ્રયત્ન કરી પોતાના આત્માને સુધારવા ધ્યાનમાં લેશે.

એકંદર ક્ષેત્ર સારૂં છે તેમ લોકો પણ ભોળા છે. માટે ઉપદેશકોની અને તેમ પણ ખાસ કરી મુનિ મહારાજાઓના વિહારની ખાસ જરૂર છે, તો આ ક્ષેત્ર સુધરી જાય, માટે ઉપરાઉપરી લાંબા વખત સુધી મુનિ મહારાજાઓની આ તરફ વિચરવાની આવશ્યકતા છે. વિવેક વિનય ઓછા ઓછા હોવાથી તે વખતે ભાષણરૂપે મારા તરફથી બે બોલ કહેવામાં આવ્યા હતા તેનો ટુંક સારઃ—

પ્રથમ મંગળાચરણ કરી જણાવ્યું કે આપણે પંચેંદ્રિય મનુષ્યનો અવતાર ને તેની સાથે શુદ્ધ જૈન ધર્મ પામ્યા છતાં પણ આપણી સ્થિતિ દિન પ્રતિદિન આવી ખરાબ થાય છે તેનું કારણ ટુંકામાં માત્ર એટલુંજ કે પ્રથમ તો આપણામાં આચાર નથી. એટલે ખાવા પીવાની રીત ઘણીજ અશુદ્ધ છે. અને તેથી કહેવત છે કે "અન્ન તેવો ઓડકાર" તે કહેવત મુજબ બુદ્ધિ પણ અશુદ્ધ છે; અશુદ્ધ બુદ્ધિથી વાણી તથા જ્ઞાન અશુદ્ધ છે, અશુદ્ધ જ્ઞાનથી કૃત્યાકૃત્યનું અજાણપણું છે, અને તેથી અજ્ઞાનતા છે. અજ્ઞાનતાથી રડવું, કુટવું, ફટાણાં ગાવાં, બિભત્સ ભાષણ કરવું, મરણ પાછળ ફરજીઆત જમણવાર કરવા, બાળલગ્ન, વૃદ્ધવિવાહ, કન્યાવિક્રય અને મિથ્યાત્વનું સેવન. જેવું કે કુળદેવી, ખેતલા આદિને માનવા પૂજવા તથા બીજા અન્ય દર્શનીય દેવની માનતા કરવી. કુગુરૂની સોબત ને કુધર્મનું સાંભળવું તથા હોળી વીગેરે મિથ્યાત્વી પર્વ કરવાં વીગેરે કુરીવાજો દાખલ થયા છે અને તેથી સુદેવ, સુગુરૂ, સુધર્મ પ્રત્યે શુદ્ધ શ્રદ્ધા રહી નથી અને શુદ્ધ શ્રદ્ધા ન હોવાથી સમ્યક્ત્વ મલીન છે. મલીન સમ્યકત્વથી ધર્મની યોગ્યતા નથી અને તેમ થવાથી આપણે આવી ખરાબ સ્થિતિએ પહોંચ્યા છીએ. માટે સમયને અનુસરી તે સ્થિતિ સુધારવા આપણી કોન્ફરન્સ અથાગ પ્રયાસ કરે છે, અને કોન્ફરન્સનો હેતુ પણ એજ છે. કોન્ફરન્સ એ કોઈ એક વ્યક્તિ નથી કે જે કંઇ કરી શકે. પણ આપણો સકળ સંઘ તેનું નામજ કોન્ફરન્સ છે, તો દરેક ગામનો સંઘ પોત પોતાનામાં સુધારો કરે જાય તો કોન્ફરન્સે કરવા ધારેલ કાર્યો તરત સફળ થઇ જાય. કોન્ફરન્સની યોજનાઓ સારી છે પણ તેને અમલમાં મૂકવી તે આપણા હાથમાં છે. કેમકે દરેક માણસ પોતાનો જાતેથી સુધારો કરે તો તરત સુધારો થઇ શકે માટે ભાઇઓ ઉપર કહેલા રીવાજોમાં કદાચ કોઇ રીવાજ તમારે ત્યાં ઓછો હશે, પણ ઘણા ખરા કુરીવાજ તો બહુજ ચાલે છે, તેને માટે તમારે સુધારો કરવો જોઇએ. અને તેમાં

રણ કન્યા વિક્રય, અને સમ્યકત્વને મલીન કરનાર મિથ્યાત્વ સેવનને તો તમારે ખાસ રી દેશવટો આપવો જોઇએ. કે જેથી તમારા આત્માનું તરત કલ્યાણ થાય. સ્ત્રી રૂષોને કેળવણી આપવા પ્રયાસ કરવો. કેળવણી પામેલા હશે તો સુધારો થતાં વાર ાગશે નહીં વિગેરે બાબતો ઉપર કહેવામાં આવ્યું હતું. આ પ્રમાણે દરેક મુનિ મહારાજાઓનું આ તરફ પધારવું થાય અને ઉપદેશદ્વારા કહેવામાં આવે તો વેળાસર રીવાજ નાશ પામે. માટે દરેક મુનિ મહારાજાઓ મારી નમ્ર વિનંતિ ધ્યાનમાં લેશે એવી પ્રાર્થના છે.

મઢાડથી ૪ ગાઉ ઉપર વરમાણ ગામ છે. ત્યાં શ્રાવકોનાં ૨-૩ ઘર છે. અહીં બાવન જીનાલયનું ભવ્ય મંદિર છે પણ મૂળ ગભારા સિવાય બાકીની દેરીઓમાં પ્રતિમાજી નથી. તેમ કેટલોક ભાગ તૂટેલો છે. મૂળનાયક શ્રી મહાવીરસ્વામીની પ્રતિમા પાષાણની મોટી અને પ્રાચીન છે, તે સિવાય ૧ પાર્શ્વનાથની પાષાણની પ્રતિમા તથા બે પ્રતિમા પાર્શ્વનાથની પાષાણની કાઉસ્સગ્ગધ્યાને છે પણ સિદ્ધચક્રજી નથી. મહારાજ પણ પરોણા દાખલ છે. દેરાસર જીર્ણ હોવાથી તેનો કેટલોક ભાગ સુધારવા જેવો છે. આ દેરાસરનો વહીવટ મઢાડ વીગેરેના આસપાસના ગામોના શ્રાવકો કરે છે. સિદ્ધચક્રજી રાખવા તથા મહારાજને બિરાજમાન કરવા અને જીર્ણ ભાગને સુધારવા મઢાડના શ્રાવકોને ભલામણ કરી છે. દેરાસરમાં જુજ રકમ છે તેથી બાકીની ખૂટતી રકમની મદદની જરૂર છે તો કોન્ફરન્સે આ બાબતની તપાસ કરી બનતા પ્રયત્ને સુધારવાની જરૂર છે. ગામ બહાર એક તૂટેલું મંદિર વૈષ્ણવોનું છે. તેની બાંધણી વિગેરે જોતાં આ ગામ આગળ મોટું શેહેર હોવું જોઈએ. તે બાબત લોકોને પૂછતાં કહે છે કે આગળ વરમાણ નગરી હતી.

વરમાણથી ૪ ગાઉ ઉપર જીરાવળા ગામ છે. ત્યાં શ્રાવકોનાં ૧૦-૧૨ ઘર છે. અહીં શ્રીજીરાવળા પાર્શ્વનાથજીનું તીર્થ છે, તે ઘણું પ્રાચીન છે. સકલ તીર્થમાં લખ્યુ છે કે "જીરાવળો ને થંભણ પાસ" તેમજ વળી તીર્થમાળાના સ્તવનમાં કહ્યું છે કે "જીરાવળો જગનાથ તીરથ તે નમું રે." ભાખરના થડમાં જીરાવળા પાર્શ્વનાથનું બાવન જીનાલયનું ભવ્ય મંદિર છે. મૂળ ગભારામાં મૂળનાયક શ્રી નેમનાથજીની પાષાણની પ્રતિમા છે તથા બીજી ૧ ધાતુની પ્રતિમા અને ૧ સિદ્ધચક્ર છે. મૂળ ગભારાની જમણી બાજુની ભીંતે બે ઓરડીઓ છે. તેમાંની પેલી ઓરડીમાં જીરાવળા પાર્શ્વનાથની પ્રતિમા નાજુક નાની અને મનોહર છે. જીર્ણ થઈ ગએલ હોવાથી લેપ કરાવેલ છે. આ પ્રતિમાજીની સુંદરતા જોઈ અત્યંત આલ્હાદ થાય છે. તેમની જોડે બીજી એક પાર્શ્વનાથની પ્રતિમા પાષાણની છે. બીજી ઓરડીમાં ભીંતમાં તક્તા તરીકે પાષાણની ૧ પ્રતિમા તથા સ્વસ્તિક (સાથીઓ) પાષાણના ચોડેલા છે. બાકીની ઓરડીઓ ખાલી છે. આ દેરાસર ઘણુંજ અલૌકિક અને રમણિય છે. જે ભાગ સુધારવા જેવો છે તેનું કામ ચાલે છે. દેરાસરનો વહીવટ ત્યાંના શ્રાવકો કરે છે. થાંભલાઓ ઉપર તથા ઓરડીઓ ઉપર લેખો ઘણા છે પણ કલઈથી ધોળેલ હોવાથી ઘણા ખરા બંધ બેસતા નથી. એક લેખમાં આ પ્રમાણે વાંચવામાં આવ્યું છે "સંવત ૧૮૫૧ આશાઢ સુદ ૧૫ ઉજવાળા—એ રૂ. ૩૦૩૧

ખરચી ઉદ્ધાર કરાવેલ છે" જીરાવળા પાર્શ્વનાથજીની પ્રતિમાના સંબંધમાં નીચે મુજબ દંતકથા છે.

વરમાણ અને જીરાવળાની વચમાં પાણીનો ખાડો છે. તેમાંથી ઘણા લાંબા વખત ઉપર આ પ્રતિમાજી નીકળ્યાં હતાં, તેની ખબર પડતાં ઘણા શ્રાવકો ત્યાં આવ્યા. વરમાણવાળા કહે કે અમે લઇ જઇશું ને જીરાવળાવાળા કહે કે અમે લઇ જશું. એ તકરાર પડી ત્યારે બધા એવા ઠરાવ ઉપર આવ્યા કે આકડાના ડોકાની ગાડલી બનાવો અને એક દિવસના જન્મેલા બે વાછરડાને જોડી તેમાં મહારાજને બિરાજમાન કરો. પછી તે ગાડી જ્યાં જાય ત્યાંના શ્રાવકો તે મહારાજને રાખે. આ વાત દરેકે કબૂલ કરવાથી તેમ કર્યું એટલે ગાડી જીરાવળા જઇ ઉભી રહી તેથી જીરાવળાના શ્રાવકોએ દેરાસર કરીને પ્રતિમાજી બિરાજમાન કરવામાં આવેલ. આ ચમત્કારને લઇનેજ બીજા લોકો પણ જીરાવળા પાર્શ્વનાથજીને દાદાના નામથી માને છે અને તેમની એટલી આસ્તા રાખે છે કે આવા ભરજંગલમાં દેરાસર હોવા છતાં ત્યાંથી કાંઇ પણ ચીજ કોઇ ઉઠાવતું નથી. દર વરસે આ દેરાસર ઉપર ભાદરવા શુદ ૪ ના રોજ ધ્વજા દંડ ચડે છે તથા ભાદરવા શુદ ૬ ને દિવસે મેળો ભરાય છે. તેમાં તમામ વર્ણના લોકો આવે છે. ઉતરવાને ધર્મશાળા છે. તીર્થ બહુમાન્ય ગણાય છે માટે તેને પ્રસિદ્ધિમાં લાવવાને બનતો પ્રયત્ન કરવાની કોન્ફરન્સને ખાસ ભલામણ કરવામાં આવે છે.

જીરાવળાથી વરમાણ થઇ પાછા મઢાડ આવી બીજે રસ્તે પાલણપુર આવતાં રસ્તામાં મઢાડથી ૩ ગાઉ ઉપર આરખી ગામ છે. અહીં શ્રાવકોનાં ઘર છે. દેરાસર નવું બનાવેલું છે. મૂળનાયક શ્રી શાંતિનાથજીની પ્રતિમા પાષાણની તથા બીજી બે પ્રતિમાજી પાષાણની ને બે પ્રતિમા ધાતુની છે. બે સિદ્ધચક્રજી ધાતુના છે. પ્રતિષ્ટા થઇ નથી. આરખીથી ૧ ગાઉ પાંથાવાડું ગામ છે. ત્યાં શ્રાવકોનાં ઘણાં ઘર છે. દેરાસર સારૂં છે. સુધારવાનું કામ ચાલુ છે. મૂળનાયક શ્રી આદીશ્વરજીની પ્રતિમા ૧ પાષાણની છે તથા પાષાણની બીજી ત્રણ પ્રતિમાઓ છે; ધાતુની પાંચ પ્રતિમા અને ત્રણ સિદ્ધચક્રજી વિગેરે છે. ઇતિ શુભં ભવતુ. વીર સંવત ૨૪૩૬ કાર્તિક શુદ ૫ ગુરૂ.

---

# प्राचीन तीर्थ श्री वई पार्श्वनाथ.

मंदसौर ( मालवा ) के पास थरोद स्टेशन से २ मिल पश्चिम कि तरफ एक वई नामक ग्राम है वहां बहोतही प्राचीन श्री सम्प्रति राजाका बनाया हुआ चमत्कारिक श्री पार्श्वनाथ स्वामीका तीर्थ स्थल है । प्रतिवर्ष जन्म कल्याणक के दिन यानि पोष वद १० को एक मेला होता है, इस मोके पर कुछ यात्री आकर तीर्थ सेवाका काम प्राप्त करते हैं । इस वर्ष श्रीयुत शेठ लक्ष्मिचंद साहब बीया प्रॉविनसीयल सेक्रेटरी श्री जैन श्वे. कॉन्फरंस ( जो कि बडे उत्साही और हर धार्मिक कार्य में अग्रभाग लेते हैं, ) ने विचार किया कि, तीर्थका प्रबंध ठीक हो जाय इस्के लिए कोशिश करना अत्यावश्यक है । इस सुविचार से आपने वई तीर्थके

स्टोयों को सूचित किया कि इस मेले का कुंकुपत्रिका छपवा कर सारे मालवेके मुख्य स्थलोंमें भेजादिजावे, इधरसे आपने साध्वीजी महाराज देवश्रीजी आदि ठाणा ११ जिनका चातुर्मास प्रतापगढ था,-वई पधारनेके विनंति कर मंजुरी लेली, इससे लोगोंका उत्साह अधिकसे वई जानेके लिए बढगया, श्रीयुत शेठजीको यद्यपि मक्षी आदिके मेले पर पधारनेके लिए आमंत्रण पत्रिका पहुंच गईथी तदपि आपने वई पधारनाही उचित समझा और मक्षी मेले पर कोठारी शेरसिंहजी उपदेशक जैन श्वे. कोन्फरंस को भेज दिये, इधरसे साध्वी जी महाराजभी ए २९० यात्रियोंके पोष वद ८ को वई जो कि प्रतापगढसे ८ कोस है--पधार गए। प्रति वर्ष दोसो तीनसो यात्रीसे अधिक नहिं आते इस वर्ष दो तीन सहस्र यात्री एकत्रित हुवे, जन्म कल्याणक महोत्सव बहोतही आनंदसे हुवा, कलश पूजन आदिका असर भी बहोत अच्छी हुई. इस यात्रामें गायन मंडलीने बडी भक्ति दिखाई जिससे यात्रीयोंको बहोतही हर्ष प्राप्त हुवा, व्याख्यान सभा हुई श्रीमान् शेठजीका बहोतही गंभिर शब्दमें दिया ऐक्यता व तीर्थोन्नति के विषयमें भाषण हुवा, आपके कहनेके असरमें सराय बनवाने के लिए टीप शुरू की गई जिसकी बडी आवश्यक्ता है. औरभी कई सज्जनोंने विवेचन किया.

दूसरे दिन श्रीवई पार्श्वनाथ तीर्थ संरक्षण कमेटी स्थापित कीगई जिसमें निम्न लिखित सज्जन कायम किए गए.

### मेम्बर.

सा. फुलचंदजी संघवी मंदसौर, सा. रिषभदासजी नाहार मंदसौर, सा. सवाइरामजी चापडोत मंदसौर, सा. हजारीमलजी लोढा मंदसौर, पोरवाड हीरालालजी, चंपालालजी, मुथरालालजी कणगेटी.

### सेक्रेटरी.

सा. नाथुरामजी उदेचंदजी, मंदसौर.

उक्त मंदरजीमें जानेवालोंके लिए नियम एक बोर्ड खुदवाकर दरवाजा पर लगानेकी तजविज की गई अब समस्त श्री जैन श्वेतांबर संघसे सादर प्रार्थना है कि उक्त तीर्थके दर्शन का लाभ जरूर प्राप्त करें व तन मन धनसे तीर्थोन्नति तथा धर्मशालाके लिए मदद करें। यह तीर्थ राजपूताना मालवा रेलवेके थरोद स्टेशन से २ मिल पश्चिममें है। यहां के सेक्रेटरी सा. नथुजी उदाजी मंदसौर वालेने कितनाक जीर्ण कार्यका सुधारा व मरम्मत करनेमें अच्छा किया है। आशा है आगेभी ऐसाही करते रहेंगे।

मंत्री, श्री जैन श्वेताम्बर सभा प्रतापगढ। मालवा.

॥ श्रीः ॥

# ❀ नोटीस ❀

धर्म्म करत संसार सुख धर्म्म करत निर्वान ।
धर्म्म पंथ साधन बिना, नर तिर्यंच समान ॥
जिन पूजा आनन्द लखि, मनमें धरो हुलास ।
जैसे चातक मेघकी, निस दिन धारै आस ॥

श्री जैन तीर्थस्थान पंचपहाड़ व गांव मंदिर मुकाम राजगृहीजी जिला पटनाके भंडार की तरफ से -

नं० १ सर्व जैन भाईयों से सविनय निवेदन है कि इन तीर्थ पर यहां के पंडेलोग ही गुमस्ता पुजारीसाबिक में थे जो उनका मतलब होता सो करते थे मैनेजर की कुछ देखरेख नहीं थी ॥

सं० १९६२ में इसतीर्थ का ईतजाम दूसरा हुवा जो अभीतक चलता है ।

नं० २ इसतीर्थ पर कई तरह की गोलमाल इस कारण से हुवा के जब पंडेलोगों को भंडार के काम अलग कर दिया तब उनोंने बहुत से झुठ झगडे किये लाचार उनपर मुकदमा चलाये गये सो सं० १९६५ आसोजसुदी १ से लगायत सं० १९६६ दूजा श्रावण सुदी १९ तइ चार मुकदमें करने हुत्र जिसमें ३ मुकदमा फौजदारी १ दावानी सो इनमें बहुत खरचा हुवा उन पंडों के झगडे से भंडार को बहुत नुकसानी पहुंची परंतु धर्म के प्रसाद से चारो मुकदमें में श्री सब की जीत हुई मुकदमा का हाल लिखने से बहुत बढ जायगा इस वास्ते नहीं लिखसके जो भाई मुकदमें के हाल को जानना चाहै वो भंडार के मैनेजर के पास से ब्रीफ लेकर बांच सकते हैं ॥

नं० ३ अब इस मुकदमें को दफे १४४ जापते फौजदारी की रूसे उन पंडों को जैनमंदिर वा धर्म्मशाला वगैरहमें आना बंद किया गया ।

नं० ४ अब बडे लोक जात्री भाइयों का तरह तरह से बहकाते हैं और उनका मतलब यात्रियों के दिल को खराब करने का रहता है हरतरह की शिकायत करते है सो उनके बहकाने पर कुछ खयाल न कीजियेगा क्योंकि उनके बहकाने का वजह सब ऊपर लिख चूकाहूं ।

नं० ५ तलेटी याने गांवके मंदिरजी में १ बकस सीसे का रखा है सो जो जात्रियों को भेंट करना हो सो उस बकस में डलदे और जो आभूषण छत्र चवर बरतन प्रमुख चडहाना सो जो चढा कर उसको भंडार की बही में लिखदे जो नकद्री

पूजा वो बोली का हो वो भी बही में अपने हाथ से लिखदे और उसकी रसीद छपीहुई कारपरदाज से लेलिजिये जिसमें आपका चढाना सफल हो ।

६ पंचपहाड़ के मंदिर में जो नगदी चडाहावे वो बोली या पूजा की जो नकदी हो या सोना चांदी प्रमुख या आभूषण प्रमुख जो चढावे उसको वहां नहीं छोडकर वहां से लेतेआवे गांवमंदिर के मनेजर कि सपुर्द करके भंडार की वहीमें पूर्वित लिखके रसीद लेलेवे पहाड पर छोड़ने से लुटेरे लूट लेते हैं वो भंडार में न आया तो आपका चढना व्यर्थ है और धर्म में उलटा कर्मका बंध हुवा न जाने के वे लुटेरे उस द्रव्य को किस कार्य में लगावे और वे लोग मांसाहारी भी हैं ॥

## इस तीर्थस्थान पर नीचे लिखे कार्य्यों की विशेष आवश्यकता है ॥

१ पांचों पहाड के रस्ते बहुत खराब है जात्रियों को बहुत कष्ट होता है ।

२ गांव में जो धर्म्मशाला है सो बहुत कम है जब जादे जात्री आते हैं तब उतरने को जगह नहीं मिलती है जब पंडो का बदोबस्त था तो वो लोग अपने लोभ के वास्ते जात्रियों को जब जगह न मिलती तो अपने मकानों में भी उतारते थे सो अब यह बात नहीं है अब जगह न मिलने से जात्री और मनेजर को पूरा कष्ट होता ॥

उपर लीखे नं० १ । २ को बांचकर सक्ती माफक इसपर दृष्टी देके साधरन-खाते में दीजिये जिसमें ये कष्टता दूर हो और जो स्वजन ४०० को मदद करेंगे उनके नामसे १ कमरा बनवाया जायगा और संसार के बढानेके तो सक्ती से जादे करजा करके भी विवाहादिक कार्य करते है परन्तु जो इसकार्य में खरचैगें उनका लोक परलोक सब में बेहतरी होगी यह भी विचारियेगा इस तीर्थपर पहाडों के सबब नौकर का खरचा जादे है । गरमी में पहाड पर पानी पीने का मजूर ले जाता है । फी मजूर को । ) देना होता है । जीन जात्रियों को नौकर कहार पहाड पर ले जाने को चाहिये सो भंडार के सिपाही के मारफत कीजियेगा कारण अगर आप अपने से नौकर प्रमुख करोगे तो उसका जवाबदेही मनेजर के उपर नहीं होगा.

## इहां का दरयान लिखें ।

२॥=) पांचो पहाड के दरसन केराने की डोली की मजूरी ≡) मजयूर खिदमतगार ॥=) मजदूर जो १२ वर्षतई के लड़के को पांचो पहाड़ पर दरशन करावेगा उसको ॥=) कोई बख्त ॥) भी है

दूध दर -)॥। =) फी सेर अपने सामने दूहाके लेने से ।

ता० अकटुबर सन १९०९ सं० १९६६ आसीन बदी ८ शुक्रवार

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૭)–ધાર્મિક શિક્ષણ માટે કેવાં પુસ્તકો રચાવાં જોઇએ?

પ્રાથનિક શાળાઓમાં તો કથા રૂપે ધર્મ ને નિતિનો બોધ કરવો જોઇએ; અર્થાત્ સારા નીતિમાન અને ધર્મિષ્ઠ પુરૂષો કે સ્ત્રીઓનાં ચરિત્રો બનેલાં કે બનાવટી છોકરાંઓને રસ પડે એવી રીતે લખાવાં જોઇએ. નિયમોનું કે સિધ્ધાન્તોનું પોપટીયા જ્ઞાન કરાવવાની જરૂર નથી. કથાઓ મ્હોંએ કહેવાય તો બહુ સારૂં, પરન્તુ ત્હેમને માટે કથાવાલા પુસ્તકો તો શિક્ષકના આધાર માટે જોઇએજ. ચોથી પાંચમી ચોપડીથી તો શિષ્યોનાં પુસ્તકોમાંજ કથાઓનું મિશ્રણ કરી દેવું.

માધ્યમિક શાળાઓ Secoudary Schools માં સિધ્ધાન્તો અને નિયમોનું સંક્ષિપ્ત કથન થવું જોઇએ, ને કેવળ ત્હેનો **અર્થ સ્પષ્ટ રીતે સમજાય** તેવું વિવરણ તથા તે બરાબર મનમાં ઠસે માટે દૃષ્ટાન્ત એટલું હોવું જોઇએ. આ કોટિમાં શાસ્ત્રીય પધ્ધતિથી ખંડન મંડન નજ હોવું જોઇએ.

કૉલેજો ને માટે જે પુસ્તકો નિમાય ત્હેમાં સિધ્ધાન્તો તથા નિયમોનું બરાબર પદ્ધતિ પુરઃસર મંડન થવું જોઇએ. તે સિધ્ધાન્તો તથા નિયમોની મર્યાદાઓ પણ બરાબર લક્ષમાં રાખવી જોઇએ.

આ બધા ક્રમમાં ધીમે ધીમે ઉત્તરોત્તર વિકાસ થવો જોઇએ. બહુ ઉંચા પ્રકારની તત્વ દૃષ્ટિથી તો શિક્ષણ વિરલ અધિકારીનેજ આપી શકાય, ને તેને માટે તો પ્રાથમિક, માધ્યમિક કે કૉલેજ કોઇ યોગ્ય સ્થાન નથી. પરન્તું સાધારણ ખંડન મંડન વગેરેથી ને reasoning થી શિક્ષણ આપવાનું કૉલેજોમાં રાખવું જોઇએ. ત્યાર પહેલાં નહિ.

* * *

પુસ્તકના સ્વરૂપના સંબન્ધમાં નીચેની સુચનાઓ કરવાની છે:—

( ૧ ) પુસ્તક શિષ્યના અધિકારને અનુસરીને હોવું જોઇએ. અર્થાત્ વિષયોની પસંદગી ભાષા, વગેરે એવું હોવું જોઇએ કે વિદ્યાર્થીને ત્હેમાં રસ પડે ને શ્રમ બહુ પડે નહિ. બને ત્યાં સુધી Conversational method ઉપર રચાયલાં પુસ્તકો હું વધારે પસંદ કરૂં છું. આપણામાં ગુરૂશિષ્યની પ્રશ્નોત્તર માળાના પુસ્તકો આવે છે એથી આ પદ્ધતિ જુદી છે. જેવી રીતે શિક્ષક શિષ્યની સાથે વાત કરતો હોય તેવી સ્વાભાવિક રીતેજ લખાણ થવું જોઇએ.

( ૨ ) પુસ્તક એવું જોઇએ કે જેથી વિદ્યાર્થીને વિષયમાં Living interest પડે. સિદ્ધાન્તો વગર સમજ્યે મ્હોંએ કરી જવાના કોષ્ટક જેવું ન હોવું જોઇએ.

**શિક્ષકોને માટે** માર્ગ સુચનના જુદાં પુસ્તકો છપાવવાની જરૂર બહુ નથી. ત્હેને સ્થાને ધર્મ શિક્ષણ કેમ આપવું જોઇએ ત્હેના સિદ્ધાન્તો ને દષ્ટાન્તો આપનાર પુસ્તકો લખાવાં જોઇએ.

**ચન્દ્રશંકર નર્મદાશંકર પંડ્યા, બી. એ.**

જે બધાં પુસ્તકો રચાય તેમજ જે પધ્ધતિથી શિક્ષણ આપવામાં આવે તેમાં એક મહાન મુલાધાર તત્વ એ સ્મર્ણમાં રાખવું જોઈએ કે વિદ્યાર્થીના મગજમાં અમૂક ધર્મ સંબંધી જ્ઞાન ઠાંસવાના કરતાં ત્હેની ધર્મ ભાવના વધારે પ્રદીપ્ત થાય એમ કરવું વધારે મહત્વનું છે. અલબત ધર્મ સંબંધી જ્ઞાન આપવાનું છે પણ તે જ્ઞાનથી ધર્મ ભાવના પ્રદીપ્ત થાય એવી રીતે તે આપવાનું છે; કેવળ શુષ્ક જ્ઞાનને અર્થે નહિ. આ મહાન નિયમ ધ્યાનમાં રાખીને પુસ્તકો રચવાં જોઇએ અને શિક્ષણ આપવું જોઇએ.

**બહેચરલાલ નટવરજી ત્રિવેદી, બી. એ, એલ, એલ. બી.**

૧. **જૈન ધર્મનાં મૂળ તત્વો સર્વથી** સ્વીકારાય એવાં ઉદારતા ભરેલાં હોઇને શિક્ષણ માળામાં દાખલ થાય તો વધારે સારૂં. દરેક ધર્મવાળાએ અન્ય ધર્મ મતાવલંબીઓને પોતાના તરફ ખેંચવાનો પ્રયાસ કરવો જોઇએ, છેટા પડવાનો નહિ.

૨. વિદ્યાર્થીઓ ધર્માંધ તથા મિથ્યાગ્રહી બને એવો એક પણ પાઠ કે વાક્ય ધર્મ શિક્ષણમાં નહિ આવે તેની સંભાળ રાખવી.

૩. અન્યધર્મો ઉપર અભાવ કે તિરસ્કાર આવે એવા શિક્ષણને કયાંઈ પણ સ્થાન નહીં મળવું જોઇએ.

સ્વર્ગસ્થ **રાયચંદ્રજી** જેવા વિશાળ દષ્ટિવાળાઓના સિદ્ધાન્તોનું અનુકરણ કરવું જોઇએ.

**વૈદ્ય જટાશંકર લીલાધર.**

Moral Instruction League નાં બહાર પડેલાં પુસ્તકો શિક્ષકોને માટે બહુ સારાં છે; અને તે જોવાની ખાસ ભલામણ કરૂં છું. અને Mr. F. G. Gould કૃત

Moral Lessons ની જે આર ચોપડીઓ બહાર પડી છે તેના નમુના પ્રમાણે ગુજરાતીમાં પુસ્તકો લખાવાય તો તે વિદ્યાર્થીઓને પણ રસ સાથે નીતિના નિયમોનું ભાન આપે તેમ છે.

**હરિલાલ માધવજી ભટ્ટ, એમ. એ.**

( ૧ ) શ્રધ્ધા અને ઉત્સાહને વધારે તેવાં, ( ૨ ) સ્વાત્માર્પણ કરવાનો આવેશ રહે તેવાં, ( ૩ ) સત્યપર પરમ પ્રેમ ઉપજે તેવાં, ( ૪ ) જગત, પરમેશ્વર, જીવ આદિના સ્વરૂપો સ્પષ્ટ થાય તેવાં, તથા નીતિ વગેરેનો તે સાથે સંબંધ જણાવનારાં પુસ્તકો રચાવાં જોઇએ.

* * * * *

મોટાઇની વાસના અને વાર્તાપર પ્રેમ એ બાળકમાં સ્વાભાવિક છે; માટે તે બન્નેની યોગ્ય મેળવણીથી ધર્મશિક્ષણમાળા રચાવી જોઇએ. બાળકો પ્રાચિન વાત અને અદ્ભૂત રસના પ્રેમી હોય છે.

* * *

છોકરાઓ માટે બાળવિલાસ કે ચારિત્રની ઢબ પર અમુક અમુક ગુણ પરત્વે દૃષ્ટાંત લખવાં; અને એવા દૃષ્ટાંતથી તે ગુણના ફાયદા સમજાવવા. શિક્ષકને માટે નર્મકથાકોષ જેવા પુસ્તકની જરૂર છે. શિક્ષક તેવી બધી વાતોથી જાણીતો હોય તો બાળકને દૃષ્ટાંત આપવામાં અચકાય નહિ. પ્રાચિન કથાઓમાં તેવું બહુ છે.

* *

અને નીચેને ક્રમે ત્રણ અંકો પુરતા જણાય છે:—

( ૧ ) ધાર્મીક પુરૂષોના ચરિત્રો, સતી ચરિત્રો.

( ૨ ) સ્વ સિદ્ધાંત દર્શન— ( ધર્મ સિધ્ધાંત ).

( ૩ ) કાર્ય આલોચના–ધર્મ અને વ્યવહારનો સંબંધ.

પહેલાથી મનોભાવના ધાર્મિક અને ઉદાર બનશે. બીજાથી પોતાના ધર્મનું ગૌરવ સમજાશે. ત્રીજાથી કેટલીક ખરાબ રૂઢીઓને તપાસી તજી દેવા વૃતિ કેળવાશે.

**કહાન ચકુ ગાંધી.**

પ્રાથમિક શાળાઓ બાલકને કેળવણી આપવાની આરંભની શાળાઓ છે. ત્યાંથીજ **માનસશાસ્ત્રના સિદ્ધાંતો** લાગુ કરવામાં આવેછે. હું તો આગલ વધીને કહીશ કે સુશિક્ષિત માતાએ તો બાલક જન્મે અને પોતે તેને સ્તનપાન કરાવે અને તેને ઉંઘાડવાને હાલરડાં ગાય ત્યાંથીજ માનસ શાસ્ત્રનો કક્કો અમલમાં મુકવાનો છે. ઇંદ્રિય કેળવણીની શરૂઆત પ્રાથમિક શાલામાં કરવાનું 'ધોરણ' માં જણાવ્યું છે; પણ જ્ઞાનેન્દ્રિય–તથા કર્મેન્દ્રિય કેળવણીનો આરંભ બાળકને આપણે ઘેરથીજ થાય છે, તે સૌ કોઇ અનુભવથી જાણે છે; અને તેથી એવા અગત્યના માનસશાસ્ત્રનાં સુસ્થાપિત સિધ્ધાન્તો પ્રમાણે અભ્યાસક્રમ ગોઠવવાની તથા ધર્મ નીતિનો ક્રમ પણ તેવીજ રીતે ગોઠવવાની અને તેજ પ્રમાણે શીખવવાની પારાવાર અગત્ય છે.

**ગણપતરામ અનુપરામ ત્રવાડી**

જૂના ગ્રંથોને માનસશાસ્ત્રના ક્રમનાં ગોઠવી તેને ધર્મશિક્ષણમાળા નામ આપવાથી શિક્ષણની અનુકૂલતા વિશેષ થવા સંભવ છે.

**છોટાલાલ નરભેરામ ભટ્ટ.**

આધુનિક માનસશાસ્ત્ર કાર્ય નિરીક્ષણે કારણ કલ્પનાવેષ્ટિત છે. પ્રાચીન માનસશાસ્ત્ર કારણાંગે નિષ્પન્ન થતાં કાર્યની અબાધિત પ્રણાલિકા તુલ્ય છે. વ્રતિઓનો વિકાશ પૂર્વ અને વર્તમાન કર્માનુવલંબિત છે. તત્સંબંધી કાલ્પનિક નિર્ણય સર્વગ્રાહ્ય થઈ શકે એમ નથી તસ્માત્ પૂર્વ પ્રણાલિકા ઘણાંશે સ્વરૂપબદ્ધ કરવાની જરૂર છે.

**ગીરજાશંકર કાશીરામ દ્વિવેદી.**

ક્રિયાકાંડને લગતી ચોપડીઓ જુદીજ હોવી જોઇએ. તેવા પાઠો ધર્મશિક્ષણમાળામાં દાખલ થવા ન જોઇએ. "મોક્ષમાળા" ની શૈલી પુસ્તકો રચતી વખતે ખાસ ધ્યાનમાં લેવા જેવી છે.

**પોપટલાલ કેવળચંદ શાહ.**

જીવ વિચારાદિ પુસ્તકો પણ જમાનાને અનુસરીને આચાર્યોએ બનાવેલા છે તેથી કાંઇ પૂર્વના ગ્રંથોનો અનાદર થતો નથી. તેમજ નવીન રચના આગમાનુસાર કરવામાં આવે તો પણ કાંઈ હરકત નથી.

**પન્યાસ શ્રી કમલવિજયજી મહારાજ.**

**મુનિરાજ શ્રી કેશરવિજયજી.**

શિક્ષકો અને તેમના ધર્મ, શિક્ષકો અને તેમનું કાર્ય, પ્રત્યક્ષ જીવનની બોધપર થતી અસર, હિંદુ પુરાણ સારસંગ્રહ, વગેરે પુસ્તકો જ્યાં શિક્ષકોને પોતાને ધર્મનો અને ફરજનો બોધ મળે અને ધર્મજ્ઞાન આપતાં નિકળતા કઠણ સવાલોનું જ્યાં નિરાકરણ કરેલ હોય તેવાં પુસ્તકો નવાં લખાવવાની બહુ જરૂર છે. હિન્દુ કે હિન્દુસ્તાનના ધર્મના ઇતિહાસનું એકે પુસ્તક હિન્દવાને લખ્યું જોયું છે? દેશ ભાષામાં તેવાં કેટલાં પુસ્તકો છે? પુસ્તકો સંબંધે તો ઘણું કરવાનું છે. ખરેખર એ વિષય હાથમાં લેવાય તો સીધો નકીતો આડકતરો લાભ થવાનો સંભવ ઘણો છે.

**હિમ્મતલાલ ગણેશજી અંજારિયા, એમ એ.**

---

## ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી




### " હાથથી ગુંથવાના સંચા. "

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઇ શકે તેવા સરસ અને સફાઇદાર મોજાં, ગલપટા, ટોપીઓ, ગંજીફરાક વીગેરે ઘણીજ સહેલાઇથી અને ઝડપથી બનાવવાનાં અસલ ઇંગ્લીશ બનાવટના સંચા ધુપેલીઆ એન્ડ કું૦ માં મળે છે. પ્રાઇસલીસ્ટ મફત

ઠે૦ જે૦ એચ૦ એ૦ નં૦ ૧૨૫ ગુલાલવાડી—મુંબઇ. નં૦ ૪.


# પુસ્તકોની પહોંચ.

નીચેનાં પુસ્તકો અમોને ભેટ તરીકે મોકલવામાં આવ્યા છે તેનો ઉપકાર સાથે સ્વીકાર કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧ | શિવાનંદ ગ્રંથમાળા મણકો ૧ લો. | મુંબઇ, બુકસેલર મેઘજી હીરજી તરફથી. |
| ૨ | સદર „ ૨ જો. | |
| ૧ | ઢુંઢક હૃદય નેત્રાંજન.... ... ... .... | મુનિ મહારાજ અમરવિજયજી તરફથી. |
| ૧ | અજ્ઞાનતિમિર ભાસ્કર. | શ્રી ભાવનગર જૈન આત્માનંદ સભા—તરફથી. |
| ૨ | જીવવિચાર. | |
| ૩ | નવ તત્ત્વ. | |
| ૪ | દંડક. | |
| ૫ | નયમાર્ગદર્શક | |
| ૬ | જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર. | |
| ૭ | પૂજા સંગ્રહ. | |
| ૮ | દેવસીરાઇ પ્રતિક્રમણ. | |
| ૯ | હંસવિનોદ. | |
| ૧૦ | કુમારવિહાર. | |
| ૧ | શ્રી ગાતમસ્વામીનો રાસ, | શ્રી ભાવનગર જૈન ધર્મ પ્રસારક સભા-તરફથી. |
| ૨ | શ્રી પુન્યપ્રકાશનું સ્તવન. | |
| ૧ | સ્થાનકવાસી સાધુમાર્ગીની સત્યતા-ઉપર કુહાડો... ... ... ... | મુંબઇવાળા કોઠારી રીખવચંદ ઉજમચંદ તરફથી. |
| ૧ | ભજન પચાસા | સીકંદરાબાદવાળા શેઠ જવાહરલાલ જૈની તરફથી. |
| ૨ | કલિયુગી કુલદેવી | |
| ૩ | રાત્રીભોજન અભક્ષ વિચાર | |
| ૧ | પ્રશમરતિ... ... ... ... ... | શ્રી મહેસાણા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી |

જૈન બંધુઓ વાંચો અને અમુલ્ય લાભ લ્યો.

# શ્રી જૈન શ્વેતામ્બર ડીરેકટરી.

વ્હાલા બંધુઓ, આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કોન્ફરન્સ વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેકટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલા શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ, ભાગ ૧ લો બહાર પાડવામાં આવ્યો હતો. ત્યાર પછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ મુશ્કેલ કામના દ્વિતીય ફળ રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેકટરીના ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને ભાગ ૨ જો (દક્ષિણ ગુજરાત)—એવી રીતે બે ભાગ આ સમયે જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવાલાયક હકીકતો દાખલ કરવામાં આવી છે. જૈનોની વસ્તીસંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થ-સ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હોવાળો સુંદર નકશો પણ આપેલો છે ટુંકમાં જૈનોની વસ્તીવાળા જીલ્લા અને તાલુકાવાર ગામ. રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા. ઉપાશ્રય. પુસ્તક ભંડાર, લાયબ્રેરી, પાઠશાળા પાંજરાપોળ અને સભામંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેકટરી ભરપૂર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની, કુંવારા, પરણેલ, વિધુર અને વિધવાની તેમજ ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેકટરીમાં સમજપૂર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે. વિશેષમાં જીલ્લાવાર તેમજ જનરલ રીપોર્ટ તથા તે ઉપરથી ઉપજતા વિચારોથી આ ડીરેકટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. છતાં આ બુકની કીંમત માત્ર પહેલા ભાગના રૂ. ૦-૧૨-૦ અને બીજા ભાગના રૂ. ૧-૪-૦ અને બન્ને ભાગ સાથેના રૂ. ૧ ૧૪-૦ રાખવામાં આવેલ છે. ડીરેકટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૬૦૦૦ ની મોટી રકમ ખર્ચવામાં આવી છે, તે છતાં આ બુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો લાભ આપવાનું છે. માટે સર્વે જૈન બંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ એવી અમારી સંપૂર્ણ ખાત્રી છે.

નકશાની છુટી નકલ અઢી આનાની પોસ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

તૈયાર છે! તૈયાર છે!! તૈયાર છે!!!

## કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઓપદેશિક, ભાષા,, સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફૂટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ટ, ગ્રંથ કર્તા અને પૃષ્ટ, રચ્યાનો સંવત ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સભામંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. રૂ. ૩-૦-૦

Registered No. B. 525

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૬.) ફાગણ, વીર સંવત્ ૨૪૩૬, એપ્રિલ સને ૧૯૧૦. (અંક ૪થો

प्रकट कर्त्ता.

श्री जैन (श्वेतांबर) कॉन्फरन्स ऑफिस, मुंबई.

## विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| Vegetarian Prize Essay written by a Mahomedan, માંસના ખોરાક વિરૂધ્ધ એક મુસલમાન વિદ્વાનનો અભિપ્રાય... ... ... ... | ૮ |
| શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનો પ્રથમ છ માસિક રીપ... ... | ૯ |
| સિદ્ધર્ષિગણિ ... ... ... ... ... ... ... | ૯ |
| શ્રી નવપદ પ્રકરણ સંક્ષિપ્ત વ્યાખ્યા ... ... ... ... ... | ૧૦ |
| एक आश्चर्यजनक स्वप्न ... ... ... ... ... ... | ૧૦ |
| ધાર્મિક હીસાબ તપાસણી ખાતું ... ... ... ... ... | ૧૧ |
| ધર્મનીતિની કેળવણી... ... ... ... ... ... ... | ૬૧ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु० १—४—०

धर्म विजय प्रेस, पायधुनी—मुंबई.

ગવર્નમેન્ટનાં પેટંટો સર્ટીફીકેટો




ઓનરો, હજારો ખાનગી પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી
રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદો,**
**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનારો,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર
દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે ?




# હરીચંદની તિજોરીઓ.

છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની (વાળેલ એકજ પત્રાની, અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ', વગેરે જાતોની) પ્રો० ગર્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલો ભરેલી, મુંબઇના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઇમાં સૌથી પહેલી આવનારી અને સૌથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

**સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી.**

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ.

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો ! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેશો ! !

સાપડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, (સરકારી ખાસ પેટંટ મેળવેલી) હજારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં० ૧ ની ચાવીથી ઉલટો અને નં० ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો.

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર છે.

કારખાનામાં બનતી વખતે જ માલ જુઓ, મસાલામાં નોટ મુકીને અથવા આખી તીજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું ! આખું ગામ જોઇને પછી આવો ! !

**પ્રીમીયર સેફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં० ૧૩૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શો રૂમ—નં० ૩૨०, ઠાંટરોડ કોર્નર.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ।
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो
वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥

ભાવાર્થ:—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઈંદ્ર શ્રેષ્ઠ છે, વળી આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે, જ્ઞાનના મહા સાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એક આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તેજ પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

પુસ્તક ( )    ફાલ્ગુન, વીર સંવત ૨૪૩૬ એપ્રિલ, સને ૧૯૧૦    અંક ૪

## Vegetarian Prize Essay Written by a Mahomedan.

માંસના ખોરાક વિરૂદ્ધ એક મુસલમાન વિદ્વાનનો અભિપ્રાય.

ગતાંક પૃષ્ઠ ૬૦ થી ચાલુ.

The first work which was given to man was not that of a hunter but that of a husbandman. Adam did not kill birds and beasts with his splendid arrows but he took to the slow and peaceful task of a tiller of the Soil. He trimmed the trees in the garden of Eden, removed weeds from the beds of flower-trees, pruned his vines and nurtured the fruit-trees in his garden. Nowhere do we find Adam described as the eater of flesh: on the contrary we can point out many passages which go to show that the first parents of mankind were not flesh-eaters.

God permitted Adam to partake of everything which grew

his garden except the fruit of the tree of knowledge. The beasts looked upon Adam with an affection and familiarity which suggest the idea of a keeper and a protector rather than that of terrorizer and destroyer. When the sins of mankind drew upon them the wrath of God in the form of an all-devastating deluge the phrophet Nooh embarked with provisions sufficient for himself, his family and other animals in the ark. No oat was killed to satisfy the hunger of the prophet and his family hile on voyage and the first thing which he did on finding a halting round was to liberate the birds and beasts sheltered in the ark. The ahomedan religion itself does not (with the solitary exception of the ast of sacrifice) ask its votaries to kill beasts for food. The prophet may the salutation of god be upon him) led a most abstemious life nd did not touch meat as far as possible. The Mussalman saints such s Khawaga Moinuddin Chushti and Hazarat Nizamudin Aulia (may he peace of God be upon them) are known for their abstention from nimal-food. History tells us that the zealous, pious and unfortunately nuch blasphemed emperor Aurangzeb did not take animal-food for nany days during the year. It is a fact known to all that [illegible]n erforming the Chilla lives on cereals.

Before quoting any passage from the Koran I beg to submit hat I do not pretend to any deep or exhaustive study of the Holy-ook; Nor do I say that there are passages in the Book which permit the onsumption of flesh. There may be or I should say that here are certain passages which mean that God created some nimals to be used as food by man; but there are also many thers which recommend a vegetarian diet to his human-creation. he following passages describing paradise and the earth may be ead with advantage. I do not take upon myself the responsibility f saying that these are the all or the only passages describing paradise ut I would say that only a few if there be any might have escaped y observation.

I And a sign for them is the dead earth which we have quikened and brought forth; therefrom **seed** and **from it do they eat.** e made therein gardens and palms and grapes and we have caused ountains to gush forth therein that they may eat from the fruit there f and of what their **hands have made.**

II Theirin they have fruit and they shall have what they call for.

III These shall have a stated provision of fruit and they shall be housed in the gardens of pleasure upon couches facing each other. They shall be served all round with a cup from a spring white and delicious to those who drink wherein is no insidious spirit nor shall they be drunk therewith.

IV Dishes of gold and pitchers shall be sent round to them therein is what should desire and the eyes shall be delighted and ye then shall dwell for aye; for that is paradise which ye are given as an inheritance for that which ye have done. Therein shall ye have much fruit whereof to eat.

V The similitude of paradise which is promised to the pious in it are rivers of water without corruption and the rivers of milk the taste whereof changes not and rivers of honey clarified; and there they shall have much fruit.

VI As for him who is given his book in the right hand he shall say 'Here' take and read my book. Verily I thought that I should meet my reckoning; and he shall be in a pleasing life, in a lofty garden whose fruits are nigh to cull- eat ye and drink with good digestion for what ye did aforetime in the days that have gone by

VII Verily the pious are amidst shades and springs and frui and such as they love. Eat and drink with good disposition for tha which ye have done.

In the above quotations the thing which strikes a reader mos of all is the repeated mention of fruits and the total exclusion of meat In my opinion these repetitions are intended to impress upon the min of the reader that God desires that man should abstain from meat an take to the rational and natural diet consisting of fruits, honey, mil and other things made or produced with his own hand.

The Devout and pious people of every religion abstain fro meat. The saint Benedict rules prohibit the flesh of quadrupeds to a except the feeble and the sick; the rule of St Francis is severely Veg tarian forbidding even eggs and milk; and the monks of St Dominic and St. Basil orders are all vegetarians.

Take any religion and you will find that it permits the slayi

of beasts for food only in cases of urgent and pressing necessity; Although some of the Hindoos, have in these days the audacity to assert that their religion does not prohibit the consumption of flesh, yet a close and critical study of their religion and philosophy discloses facts quite to the contrary. " Ahinsa parmodharma " is as much a principle of Hinduism or any other religion as it is of Buddhism. The lives of the Hindoo saints are replete with examples of kindness to animals and it would certainly be an act of desecration to impute the slightest inclination towards flesh-diet to any of them.

The lives of the lower animals are as precious as those of men and they have as great a privilege to live as any which man can put forth to justify his own existence in this world. It passes one's imagination to conjecture what these flesh-eaters would say if any strong man-eating race of rational bipeds were to arise and commence the work of devouring them. We curse the Gog and the Magog because it is said that they would in some remote futurity devour mankind.

God created man a vegetarian and non-flesh-eater. An examination of the human constitution discloses many similarities between it and the constitution of a superior ape. The liver, the gall-bladder, the peritonium, the onecuta and the sudoriperous glands of man bear a marked resemblance to those of the anthropoid ape. Those who have taken a stroll in the Albert museum and examined the craniums placed therein must have marked a close resemblance between the cranium of man and that of the Orang-outang. The human saliva even in this Creophagist condition resembles strongly the saliva of the herbivora. The human bites represent the same composition as that of the herb-eaters and possess power of sacclarification not discovered in the corresponding secretion of the carnivora. The teeth of man are precisely the same in number and arrangement as those of the Gorilla and the tongue, the fingers and finger-nails of the two animals disclose but little dissimilarity. It is said that the spikelike teeth of man resemble those of the carnivora and so man must be a flesh-eater. The anthropoid apes which along with man stand at the head of the mammiferous animals possess similar teeth and yet they are not flesh-eaters. It is suggested that these teeth are meant for cracking nuts and

other similar hard substances. If we are to believe what the expert say we shall have to admit that man is the direct descendant of th monkey and belongs therefore to the class of the herb-eaters and fr uit-eaters. In fact these tendencies are remarkably exhibited by the ch ld. If we take a child to a herd of sheep and kids, we shall find th innocent being fondling and caressing the kids while he displays a inclination to eat any fruit or vegetable which may be placed in his wa

One argument against vegetarianism is that stronger creatures fee upon weaker ones and consequently man has every right to kill these an mals which are weaker than he. Benjamin Franklin had once given u flesh-eating but he resumed it on finding a small fish in the belly of large one, saying that when animals of the same species eat one anothe there is no reason as to why man should show mercy to them. The learne doctor perhaps did not care to know that man is endowed with reaso which enables him to produce his food in many other ways and that it is n cogent argument that A should do a thing because B has done it.

Another objection against vegetarianism which apparently appe ars to be weighty and sound is that if man were not to eat the fles of animals, they would multiply and become a curse to mankind. Natur will control and check the growth of these animals as it does in the cas of others. Nobody butchers man for food and yet the total num ber of the world's population does not rise much. The Malthusian theor has been refuted and it is no use taking shelter under it. Now, the lio the panther, the horses and the asses are not used as food and yet the never over-run the earth. These animals have in fact been reduced i number owing to the unnatural pleasure which man takes in killin them and the Government has therefore been obliged to pass game-law for their preservation (Vide Girnar forest-act passed to preserve th lions therein). The carcasses of beasts who have died a natural death wi provide leather and bones sufficient for the use of man.

These are the arguments that I can adduce in favonr o vegetarianism which I hope will be sufficient for the purpose of con vincing any reasonable man that a nonflesh-diet is the natural an proper food for man.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનો

## પ્રથમ છમાસિક રીપોર્ટ.

સાતમી જૈન શ્વેતાંબર કોન્ફરન્સનું અધિવેશન પુના શહેરમાં સંવત્ ૧૯૬૫ ના માસમાં કરવામાં આવ્યું તે પ્રસંગે જૈન કોમની કેળવણીના સવાલ પ્રત્યે બહુ ંબાણથી ચર્ચા કરવામાં આવી, અને સર્વનો એકત્ર વિચાર થયો કે ચાલુ જમાનામાં .મનો અભ્યુદય કેળવણીની અગત્ય પીછાની તેનો સર્વ દિશામાં એક સરખો પ્રયાસ ્વામાં રહેલો છે. કેળવણીના સવાલને કોન્ફરન્સે પ્રથમથીજ હાથ ધર્યો હતો. પરંતુ ના આગળના અધિવેશનોમાં આ સવાલને અંગે ચર્ચા ચલાવવામાં જેટલો વખત ઢવામાં આવ્યો હતો, તેના કરતાં છેલ્લા અધિવેશન વખતે બહુ વધારે વખત કાઢી ને માટે પૂરતી જાગ્રતિ દેખાડવાની જરૂરીઆત સ્વીકારવામાં આવી, અને તે સંબં-માં બહોળા પાયા ઉપર એક લંબાણ ઠરાવ ઘડી રજુ કરવામાં આવ્યો. એ ઠરાવમાં તાવેલી કેળવણીને લગતી અનેક બાબતોને વ્યવહારૂ આકારમાં મૂકવા અને તેને ાટે યોજનાઓ તૈયાર કરવા એક કેળવણી બોર્ડનું સ્થાપન કરવાનો ઠરાવ કરવામાં ાવ્યો. જે ઠરાવ કોન્ફરન્સ હેરલ્ડના ગત વર્ષના (૧૯૦૯) જુન માસના અંક ૬ ઠા માં ૃષ્ઠ ૧૫૧ મે દાખલ કરવામાં આવેલ છે. તેમજ કમીટીના સભાસદોનાં નામ પણ તેજ ૃષ્ઠમાં આપેલ છે.

સદરહુ ઠરાવ અનુસાર તે વખતે મેમ્બરો વધારવાની સત્તા સાથે ૨૬ મેમ્બરોનું ોર્ડ રચવામાં આવ્યું. આ પ્રમાણે આપણા બોર્ડની હસ્તિ મુકરર કરવામાં આવી તે ાપ સર્વને વિદિત છે.

કોન્ફરન્સનો મેળાવડો ખલાસ થયા પછી તા. ૧૩-૬-૦૯ ના રોજે બોર્ડના ુંબઈના તેમજ બહારગામના મેમ્બરોનો એક મેળાવડો મુંબઇ કોન્ફરન્સ હેડ ાફીસમાં કરવામાં આવ્યો, અને તે વખતે ધારા ધોરણ ઘડવા માટે એક પેટા કમીટી ેમવામાં આવી. એ કમીટીએ સૂચવેલા ધારા ધોરણો ત્યાર પછી બોર્ડની બીજી ીટીંગમાં છેવટને માટે પસાર કરવા પહેલાં તેની એક એક નકલ મુંબઈના ેમજ બહારગામના મેમ્બરોને મોકલવાનું ઠરાવવામાં આવ્યું. ત્યાર પછીની ત્રીજી ીટીંગમાં લંબાણ ચર્ચા ચાલ્યા પછી સર્વાનુમતે જે નિયમો ઘડવામાં આવ્યા તે ોન્ફરન્સ હેરલ્ડના સન ૧૯૦૯ ની સાલના અગષ્ટ માસના અંક ૮ માના પૃષ્ટ ૨૦૩ ાં દાખલ કરવામાં આવેલ છે.

એ પ્રમાણે પસાર થએલા નિયમો પૈકી પાંચમા નિયમથી બોર્ડની સાધારણ ીટીંગો મુંબઇમાં બોલાવવાનું અને છઠ્ઠા નિયમથી કોન્ફરન્સ મળવાની જગ્યાએ તેના ાગલા દિવસે બોલાવવાનું ઠરાવવામાં આવ્યું, તેમજ પ્રમુખ, ઉપપ્રમુખ અને ઓ. ેક્રેટરીઓની નીમણુક કરવામાં આવી. જુદે જુદે પ્રસંગે ત્યાર પછી સાતમા ઠરાવ

અનુસાર મેમ્બરોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો, અને હાલ બોર્ડના મેમ્બરો ૫૪ છે. જેમાં ૨૫ મુંબઇ શહેરના અને ૨૯ બહારગામના છે. બોર્ડની મીટીંગ મળ પહેલાં બહારગામના મેમ્બરોને કાર્યક્રમની યાદિ મોકલી તે પર તેઓની સૂચના માગવા આવે છે, અને છેલ્લી મીટીંગના ઠરાવ અનુસાર હવે દરેક મીટીંગનું પ્રોસીડીંગ તેઓને મોકલવામાં આવશે. ડીસેમ્બરની આખરે બોર્ડમાં જે મેમ્બરો હતા તેએ લીસ્ટ નીચે પ્રમાણે છે.

(૧) પ્રમુખ-શેઠ કલ્યાણચંદ શોભાગચંદ　(૧) ઉપપ્રમુખ-મી. લખમશી હીરજી મૈસ

### સેક્રેટરીઓ.

(૧) મી. મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ.　(૨) મી. મનસુખલાલ કીરતચંદ મ્હે

### મુંબઈના મેમ્બરો.

(૧) શેઠ અમરચંદ ઘેલાભાઇ.
(૨) મી. ગોવિંદજી મૂળજી મેપાણી.
(૩) શેઠ હેમચંદ અમરચંદ.
(૪) શેઠ માણેકલાલ ઘેલાભાઈ.
(૫) મી. સાકરચંદ માણેકચંદ ધડીઆળી.
(૬) મી. મોહનલાલ દલીચંદ દેશાઇ.
(૭) ડો. ત્રીભોવનદાસ લ્હેરચંદ.
(૮) પં. ફતેહચંદ કપૂરચંદ લાલન.
(૯) શેઠ પદમશી ઠાકરશી.
(૧૦) શેઠ મોહનલાલ પુંજાભાઇ.
(૧૧) શેઠ ટોકરશી નેણશી.
(૧૨) મી. ઉમેદચંદ દોલતચંદ બરોડીઅ
(૧૩) શેઠ ગુલાબચંદ દેવચંદ.
(૧૪) મી. મનસુખલાલ રવજીભાઇ મ્હેતા.
(૧૫) શેઠ નાનચંદ માણેકચંદ.
(૧૬) મી. મકનજી જુઠાભાઇ મ્હેતા.
(૧૭) શેઠ વેલજી આણંદજી મૈસરી.
(૧૮) શેઠ પુનશી હીરજી મૈસરી.
(૧૯) મી. હીરાચંદ લીલાધર ઝવેરી.
(૨૦) શેઠ મોહનલાલ હેમચંદ.
(૨૧) મી. મોતીલાલ કુશળચંદ શાહ

### બહારગામના મેમ્બરો.

(૧) મી. કેશવલાલ પ્રેમચંદ મોદી-અમદાવાદ
(૨) શેઠ વેણીચંદ સુરચંદ મેહેસાણા.
(૩) શેઠ શીવજી દેવશી—પાલીતાણા.
(૪) શેઠ દામોદર બાપુશા—યેવલા.
(૫) શેઠ મગનલાલ ચુનીલાલ વૈદ્ય—વડોદરા.
(૬) શેઠ મણીલાલ નથુભાઇ—અમદાવા
(૭) મી. કેશવલાલ અમથાશા—અમદાવાદ.
(૮) શેઠ કુંવરજી આણંદજી—ભાવનગર
(૯) શેઠ અનોપચંદ મલુકચંદ—ભરૂચ.
(૧૦) શેઠ રાજકુમારસીંગ બાબુ-કલકત્ત
(૧૧) મી. ગુલાબચંદજી ઢઢ્ઢા એમ. એ.-જેપુર.
(૧૨) શેઠ કુમારસીંહજી નાહર-આજીમગં
(૧૩) મી. સાકરચંદ મોકમચંદ દલાલ—અમદાવાદ.
(૧૪) શેઠ ડાહ્યાભાઇ હુકમચંદ-ધંધુકા.
(૧૫) મી. ગુલાબચંદ વાઘજી વઢવાણ સીટી.
(૧૬) મી. જગજીવન મુળજી બનીઆ જામનગર.
(૧૭) મી. સાકરચંદ નારણજી-જામનગર.
(૧૮) પારેખ દેવચંદ ઉત્તમચંદ-રાજકે
(૧૯) શેઠ વલ્લભદાસ ઉત્તમચંદ—જુનાગઢ.
(૨૦) શેઠ પુરણચંદજી નાહર-આજીમગં

(૨૧) શેઠ સોમાભાઇ ભાઇલાલ–ખેડા. (૨૨) શેઠ છોટાલાલ ત્રીકમલાલ–વીરમગામ.
(૨૩) શેઠ છોટાલાલ લલ્લુભાઇ વકીલ-સાદ્રા. (૨૪) શેઠ ચુનીલાલ છગનલાલ–સુરત.
(૨૫) મી. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની–વરસોડા. (૨૬) કોઠારી ધરમચંદ ચેલજીભાઇ–પાલણપુર.
(૨૭) મી. સુરચંદ પી. બદામી–ગોધરા. (૨૮) મી. નારણજી અમરશી શાહ–વઢવાણ સીટી.
(૨૯) મી. મોહનલાલ ચુનીલાલ દલાલ–અમદાવાદ.

પુના કોન્ફરન્સે કરેલા ઠરાવથી કેળવણીને લગતું સર્વ કાર્ય એજ્યુકેશન બોર્ડે કરવાનું ઠરાવવામાં આવ્યું હતું. અત્યાર સુધી કેળવણીના કામના સંબંધમાં બે રીતે કામ ચાલતું હતું. કેટલાંક કાર્યો અમદાવાદની બ્રાંચ ઓફીસ તરફથી કરવામાં આવતાં હતાં, અને કેટલાંક કાર્યો મુંબઈની એડવાઇઝરી બોર્ડે નીમેલ કેળવણી કમીટી કરતી હતી. આ બંને જગોપર કામ કરવાની ઉલટ સારી હતી. એડવાઇઝરી બોર્ડે પુનાના અધિવેશનમાં કેળવણીનાં સર્વ કાર્યો કરવા સ્વતંત્ર બોર્ડની નીમણુક થયેલ હોવાથી કોન્ફરન્સ તરફથી કેળવણી કમીટી જે દરેક અધિવેશન પછી ચાલુ કરવી જોઇએ તે ન કરતાં બંધ કરી, અને કેળવણી ખાતું અમદાવાદથી મુંબઇ ઓફીસમાં આવ્યું, અને બોર્ડે તે સંભાળી લીધું.

સર્વથી મોટી મુશ્કેલી આ ખાતું હાથમાં લેતી વખતેજ આવી, અને જે મુશ્કેલીનો ફડચો હજુ સુધી સંતોષકારક રીતે થઇ શકતો નથી. તે કેળવણી ખાતાને લાગે નાણાં સંબંધીની છે. કોન્ફરન્સની શરૂઆતમાં કેળવણી ખાતે જે ગંજાવર રકમ ઓફીસને મળી હતી તેનો બહુ ઉત્તમ પ્રકારે વ્યય થયો. ઘણા જૈન બંધુ તેથી વેપારી ધંધાઓ, ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ, નામું વીગેરે શીખ્યા. ઘણાને સ્કોલરશીપો મળી, અને ઘણા સારે ધંધે લાગી ગયા. તેમજ ધાર્મિક અભ્યાસ કરાવનારી પાઠશાળાઓને મદદ મોકલવામાં આવી. પણ એજ કારણથી જ્યારે બીજા ખાતાઓમાં નાણાં બહુ વપરાયા નહીં ત્યારે કેળવણી ખાતે મોટી રકમનો ખર્ચ થઇ ગયો, અને છઠી તથા સાતમી કોન્ફરન્સના વચ્ચેના વખતમાં પણ ચાલુ ખર્ચ કેમ નભાવવો એ એક મોટી મુશ્કેલીનો સવાલ થઇ પડયો હતો. કોન્ફરન્સનો સાતમો મેળાવડો થયા પછી લગભગ એજ સ્થિતિમાં બોર્ડ આવી પડયું. કારણ કે છેલ્લી કોન્ફરન્સ વખતે કેળવણી ખાતે મુંબઇની ઓફીસના ચોપડામાં રૂ. ૧૨૩૭–૪–૮ જમે હતા, પણ અમદાવાદ ઓફીસમાં કેળવણી ખાતે તે વખતે લગભગ રૂ. ૨૦૦૦) ખર્ચાયા હતા. શ્રી કોન્ફરન્સના સામા રૂ. ૮૦૦) લેણા હતા. કેટલીક જુની ઉઘરાણી અને પુના કોન્ફરન્સ વખતે ભરાયેલા રૂપીઆ વસુલ કરવાના હતા, પણ અત્રે જે બતાવવાનું છે તે એકે આવી મુશ્કેલીથી બહુ કફોડા સંયોગો વખતે આ બોર્ડનું કામ શરૂ કરવામાં આવ્યું.

પૈસા સંબંધી ઉપર જણાવી તેવી અગવડવાળી સ્થિતિ વચ્ચે શરૂ કરવાર આવેલ કામમાં કોન્ફરન્સે સુકૃતભંડારના સંબંધમાં કરેલ ઠરાવે મદદ કરી. તે ઠરાવ સુકૃતભંડાર ખાતે આવેલી રકમમાંથી અડધી રકમ કેળવણી ખાતાને મળવા લાગ ડીસેમ્બરની આખર સુધીમાં સુકૃતભંડાર ખાતે રૂ. ૫૭૯૩ આવ્યા. જેના અડધા ભાગ કેળવણી ખાતે રૂ. ૨૮૯૬-૮-૦ આવ્યા તેથી અત્યાર સુધી બોર્ડનો વહીવટ ચાલ્યો આ ઉપરાંત અમદાવાદ કોન્ફરન્સની ઉઘરાણીમાંથી રૂ. ૫૦) તથા ભાવનગર કોન્ફરન્સની ઉઘરાણીમાંથી રૂ. ૨૬૦) અને પુના ખાતે કેળવણી ફંડમાં ભરાયેલી રકમે માંથી રૂ. ૭૨૯-૯-૦ તથા પરચુરણ રૂ. ૬૯-૧૫-૦ તથા અગાઉના રૂપીઆના વ્યાજ રૂ. ૧૧૪૮-૧૪-૧૦ વસુલ થયા તેથી પણ બોર્ડ કામ ચલાવવાને શક્તિવાન થઈ છે. આવ જાવકનો વિગતે હેવાલ નીચે આપ્યો છે.

## ( મુંબઈ ઓફીસ હસ્તુ ) કેળવણી ખાતું.

## તા. ૧-૬-૦૯ થી તા. ૩૧-૧૨-૦૯ સુધી.

| જમા | | ઉધાર | |
|---|---|---|---|
| ૧૨૩૭- ૪- ૮ | બાકી તા. ૧-૬-૦૯ | ૨૭૯૭-૧૨-૬ | અમદાવાદ ખાતે ખર્ચાયા. |
| ૫૦- ૦- ૦ | અમદાવાદ કોન્ફરન્સની ઉઘરાણીમાંથી આવ્યા. | ૨૦૦-૧૦-૩ | જેપુર ઓફીસના રૂ. ૨૬) તથ સુરતની ફકીરચંદ પ્રેમચ લાઇબ્રેરીને રૂ. ૩૦) તથા મુંબ ઓફીસ તરફથી પાઠશાળાએ અને વિદ્યાર્થીઓને મદદ મંજુર થએલા રૂ. ૧૪૪-૧૦- અપાણા. |
| ૨૬૦- ૦- ૦ | ભાવનગર કોન્ફરન્સની ઉઘરાણીમાંથી આવ્યા. | ૩૬૫-૧૦-૬ | એજ્યુકેશન બોર્ડને આ પાઠશાળાઓ વીગેરેને આપ્ય |
| ૭૨૯- ૯- ૦ | પુના કોન્ફરન્સની ઉઘરાણીમાંથી આવ્યા. | ૪૯૭- ૪- ૯ | બાકી. |
| ૬૯-૧૫- ૦ | પરચુરણ આવ્યા. | | |
| ૧૧૪૮-૧૪-૧૦ | છેલ્લા પાંચ વર્ષના અગાઉના રૂપીઆના વ્યાજના આવ્યા. | | |
| ૩૬૫-૧૦- ૬ | પાઠશાળા વીગેરેને મદદના આપેલા તે એજ્યુકેશન બોર્ડને ખાતે ઉધારી જમા કર્યા. | | |
| ૩૮૬૧-૬-૦ | | ૩૮૬૧-૬-૦ | |

સને ૧૯૦૯ના ડીસેમ્બર સુધીમાં એજ્યુકેશન બોર્ડની છ મીટીંગો કોન્ફરન્ ઓફીસમાં મળી હતી. પ્રથમ મીટીંગમાં ઉપર જણાવ્યું તેમ બોર્ડના ધા ધોરણો ઘડવા માટે એક પેટા કમીટી નીમવામાં આવી, અને કેટલીક નીમણુકો કર

ીજી મીટીંગમાં તૈયાર કરેલો ધારા ધોરણનો ખરડો મુંબઇ તેમજ બહાર ગામના ર્વ મેમ્બરોને મોકલવામાં આવ્યો, અને ત્રીજી મીટીંગમાં તે છેવટનો પસાર કરવામાં ાવ્યો. તા. ૭ મી આગષ્ટે મળેલી ચોથી મીટીંગમાં પુરૂષ શિક્ષકો અને સ્ત્રી શિક્ષકો યાર કરવાની જરૂરીઆતપર વિચાર કરી તે સબંધમાં યોજના કરવા માટે એક ટા કમીટી નીમવામાં આવી. તેમજ ધાર્મિક શિક્ષણક્રમ દરેક પાઠશાળામાં એક ારણુસર ચાલતું ન હોવાથી તે સંબંધમાં એક સરખો અભ્યાસક્રમ ગોઠવવાની જરૂ .આતપર વિચાર કરી તે સંબંધમાં યોગ્ય સૂચનાઓ મેળવી તેપર બોર્ડના વિચાર ાટે રીપોર્ટ કરવા સારૂ એક પેટા કમીટી નીમવામાં આવી. તા. ૯ મી અકટોમ્બરે ળેલી પાંચમી મીટીંગમાં શેઠ અમરચંદ તલકચંદ ધાર્મિક ઇનામી પરીક્ષાનું કામ ાર્ડની દેખરેખ નીચે લેવા સંબંધમાં પત્રવ્યવહાર રજુ કરી તે કામ બોર્ડે રવાનું ઠરાવવામાં આવ્યું. તા. ૧૨ મી ડીસેમ્બરે મળેલી છઠ્ઠી મીટીંગમાં આર્થિક થિતિપર વિચાર કરવામાં આવ્યો.

ઉપર જણાવેલ ચોથી, પાંચમી અને છઠ્ઠી દરેક મીટીંગ વખતે નાણાં સંબંધી શ્કેલીનો ફડચો કેવી રીતે કરવો એ સવાલપર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું હતું, ાને તે સંબધમાં દરેક વખતે ઠરાવો રજુ કરવામાં અને પસાર કરવામાં ાવ્યા હતા.

એજ્યુકેશન બોર્ડ તરફથી પાઠશાળાઓ, સ્કુલો, કન્યાશાળા વીગેરે ૩૯ સંસ્થા- ાને ડીસેમ્બર ૧૯૦૯ ની આખર સુધીમાં દરેક માસે મદદ આપવામાં આવી છે. ામાં સુરતની રત્નસાગરજી પાઠશાળાને માસિક રૂ. ૩૦), મુંબઇની માંગરોળ સભા રફથી ચાલતી શાળાને રૂ. ૩૦), અમદાવાદની શ્રાવિકા ઉદ્યોગશાળાને રૂ. ૨૦) એ ાટી મદદોમાં છે. આવી રીતે ડીસેમ્બરની આખર સુધીમાં કુલ રૂ. ૧૦૦૦) અપાયા તેની વિગત પરિશિષ્ટ અ માંથી વિગતવાર મળશે. તે પરિશિષ્ટમાં રૂ. ૨૦૦) ની દદ કોન્ફરન્સ ઓફીસ તરફથી લખી છે. તે બોર્ડની હસ્તક કામ આવ્યા પછી ન્ફરન્સ ઓફીસે આપેલી મદદ છે. જેને તા. ૧૨-૧૨-૦૯ ના ઠરાવથી બોર્ડે મંજુરી ાપી છે. આ સર્વ સંસ્થાઓ તરફથી અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓના તેમજ આવક, વક, અભ્યાસ, હાજરી વીગેરેની સંપૂર્ણ માહિતી દર્શાવનાર પત્રક બોર્ડ તરફ મોક- ાવામાં આવે છે. જે પરથી તેમની ચાલુ સ્થિતિ અને વધારા સંબંધી વિગત ળ્યા કરે છે.

તેજ અરસામાં જુદા જુદા ધોરણોમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓને માસિક ાલરશીપોના ડીસેમ્બરની આખર સુધીમાં રૂ. ૭૬૬) આપવામાં આવ્યા છે. તેઓનાં મ આપવા યોગ્ય ન લાગ્યાથી તેઓનાં ધોરણ અને મદદનો આંકડો ડીસેમ્બર ૧૯૦૯ ધીનો નીચે આપ્યો છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| વિદ્યાર્થી | મેટ્રીકયુલેશન | રૂ. ૧૦૦ | ૨ વિદ્યાર્થી | ઇંગ્લીશ | ધો. ૬ | રૂ. ૪૩ |
| ,, | ઇંગ્લીશ ધો. ૫ | રૂ. ૬૬ | ૩ ,, | ,, | ,, ૪ | રૂ. ૬૬ |

| | | | |
|---|---|---|---|
| ૬ ,, ,, ,, ૩ | રૂ. ૭૨ | ૨ ,, ,, ,, ૨ | રૂ. ૩ |
| ૧ ,, ,, ,, ૧ | રૂ. ૬ | ૧ ,, મેટ્રીકની ફી તથા ચોપડીઓ. | રૂ. ૧ |
| ૧ સ્ત્રિ ,, ટ્રેનીંગકોલેજ અમદાવાદ | રૂ. ૪૨ | ૨ ,, કળાભુવન મધ્યમ પદ | રૂ ૭ |
| ૧ ,, કોમર્શીયલ કલાસ | રૂ. ૩૬ | ૧ ,, ગ્રાંટ મેડીકલ કોલેજ | રૂ. ૩ |
| ૨ ,, બી. એ. ,, | રૂ. ૯૫ | ૧ ,, ડ્રોઇંગ | રૂ ૨ |
| ૧ ,, ભાયખાલા ટેકનીકલ-કોલેજ | રૂ. ૨૫ | ૪ ,, કોન્ફરન્સ ઓફીસ તરફથી અભ્યાસ જણાતો નથી. | રૂ. ૨ |

કુલ રૂ. ૭૬૧

ઉપર પ્રમાણે કુલ ૩૫ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવી છે, અને તેન માસિક રકમ ઓછામાં ઓછી રૂપીઆ એકથી દસ સુધી હતી.

આ સાથે આવક જાવકનું સરવૈયું આપવામાં આવ્યું છે તે પરથી જણાશે અત્યાર સુધીમાં સુકૃતભંડાર વીગેરેમાંથી રૂા. ૨૮૯૬) જમે મળેલા છે. તેમાંથી રૂ. ૭૬૧ સ્કોલરશીપના, રૂ. ૯૯૧) પાઠશાળાને માસિક મદદ પેટે આપવામાં આવ્યા છે. મની ઓરડર ખર્ચ રૂ. ૨૧-૧૧-૬ અને પત્ર વ્યવહાર ખર્ચ રૂ. ૫-૧૫-૯ થયો છે. તેમજ પરચુરણ ખર્ચ રૂ. ૨૩-૨-૬ તથા કલાર્કને રૂ. ૧૬) આપ્યા. તથા ધાર્મિક પરીક્ષ માટે રૂ ૪૪-૦-૯ ખર્ચના થયા તેથી છેવટે રૂ ૯૮૭-૫-૬ ડીસેમ્બર ૧૯૦૯ ની આખ સુધીમાં રહે છે. તેમાંથી ડીસેમ્બર માસની કુલ મદદ તથા સ્કોલરશીપો અને કેટલી આગલી સ્કોલરશીપો આપવાની છે.

રૂ. ૫૦૦) શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક પરીક્ષાના ઇનામો માટે શે હેમચંદ અમરચંદ પાસેથી મંગાવતાં તા. ૧૬-૧૧ ૦૯ ના રોજે આવેલા છે તે તેજ તારીખે કોન્ફરન્સ ઓફીસમાં અનામત મુકવામાં આવેલા છે.

કોન્ફરન્સ હસ્તકના કેળવણી ખાતામાંથી રૂ ૪૯૭-૪-૯ મળવા બાકી છે તે મળશે, અને તે ઉપરાંત કેળવણી ખાતે લગભગ રૂ. ૨૫૦૦) ઉઘરાણીના છે જે હજુ વસુલ થયા નથી

પાઠશાળાઓ બહુ નાની મદદથી ચાલી શકે છે, અને નાનાં ગામડાંઓની મદ બંધ કરવામાં આવશે તો એક સાથે મોટી સંખ્યામાં પાઠશાળાઓ બંધ કરવાનો વખત આવશે. વિદ્યાર્થીઓની પણ બહુ અરજીઓ આવેલી છે પરંતુ કેળવણી ફંડની સ્થિતિ ધ્યાનમાં લઇ માત્ર અપાતી મદદજ ચાલુ રાખી છે, અને ખાસ એકાદ બે વિદ્યાર્થી ઓને નવી ટુંક મદદ આપી છે. ઘણા વિદ્યાર્થીઓ એવી ગરીબ સ્થિતિના છે કે તેઓની સ્કોલરશીપો બંધ થશે તો તેઓ અભ્યાસ કરતા અટકી જશે. સુકૃતભંડારની યોજનાનો બરાબર અમલ થાય તો આ સર્વ નીવેડો આવી શકે તેમ છે. પણ હજુ તે સંબંધમાં બહુ ઓછું થયું છે તે ખેદની બાબત છે. કેળવણી એ કોમનું જીવન છે, અને ભવિષ્યનો મોટો આધાર કેળવણીપર છે. કમનશીબે બોર્ડના હસ્તકમ ખાતું આવ્યું ત્યારથીજ નાણાં સંબંધી અગવડનો સવાલ ઉભો થયો છે, જેથી કાંઇ પણ નવીન યોજના થઇ શકતી નથી. દરેક યોજના માટે પણ મોટો ખર્ચ કરવો પડે તેમ

છે. દાખલા તરીકે શિક્ષકો માટે ટ્રેનિંગ કોલેજ, અભ્યાસક્રમ, કોલેજના વિદ્યાર્થીઓને આગળ અભ્યાસ કરવામાં મદદ કરે તેવી યોજના, હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય જેવા મહાન પુરૂષના જીવન ચરીત્ર અને સોસાઇટીપર તેની અસર વીગેરે સંબંધમાં શોધખોળ કરી તૈયાર કરેલા લેખો અને ભાષણો વીગેરે વીગેરે અનેક કામો કેળવણીના વિસ્તૃત અર્થમાં કરવાના છે જેને માટે પૈસાની જરૂર છે. ઉપર જણાવેલ છે તે ઉપરાંત બીજી અનેક યોજનાઓ બોર્ડના મેમ્બરોના મનમાં છે, પણ તેને વ્યવહારૂ રૂપ આપવામાં નડતી અગવડોનો ઉપાય વિચારવાનું આખી જૈન કોમ ઉપર છોડવા સિવાય ચાલે તેમ નથી.

આ વરસે શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક ઇનામી પરીક્ષાનું કામ બોર્ડ તરફથી કરવામાં આવ્યું હતું, અને તે માટે જુદી જુદી જગાપર તે પરીક્ષા લેવામાં આવી હતી. તે પરીક્ષાના પાંચ ધોરણ કરવામાં આવ્યાં હતાં. પહેલા ધોરણમાં અર્થ મૂળ સહિત પંચપ્રતિક્રમણ બીજા ધોરણમાં નવસ્મરણ, જીવવિચાર, અને નવતત્વ અર્થ સહિત. ત્રીજામાં ત્રણ ભાષ્ય અને બે કર્મગ્રંથ, ચોથામાં બાકીના ચાર કર્મગ્રંથ અને મહાવીરચરિત્ર. પાંચમામાં તત્ત્વાર્થાધિગમસૂત્ર અને ધર્મબિંદુ એવી રીતે તેના વિભાગ પાડવામાં આવ્યા હતા. પરીક્ષામાં કુલ ૧૧૬ વિદ્યાર્થી બેઠા હતા, જેનું પરિણામ ફેબ્રુઆરી ૧૯૧૦ ના હેરલ્ડમાં બહાર પાડવામાં આવ્યું છે. આ પરિક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને રૂ. ૫૦૦) ના જુદા જુદા ઇનામો આપવાના છે, અને તેને અંગે થયેલ પરચુરણ ખર્ચ બોર્ડ તરફથી કરવામાં આવ્યો છે. આ પરીક્ષાની બાબતમાં યોગ્ય ગોઠવણ કરવા માટે બાર મેમ્બરોની પેટા કમીટીની થયેલ નીમણુક બોર્ડે બહાલ રાખી હતી. તે કમીટીના સર્વ મેમ્બરોએ અને ખાસ કરીને તેના ઉત્સાહી સેક્રેટરીઓ મેસર્સ ઉમેદચંદ દોલતચંદ બરોડિયા તથા મી. નાનચંદ માણેકચંદ મહેતાનો તેમજ પરીક્ષકોનો બોર્ડ આભાર માને છે. સદરહુ પરીક્ષા મુંબઇ તેમજ બહાર ગામમાં બહુ લોકપ્રીય થઇ છે, અને તેને બરાબર જાહેરાત આપવાથી આવતી વખતે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેનો લાભ લેશે એમ માની શકાય છે.

ધાર્મિક શિક્ષણક્રમની તથા સ્ત્રી પુરૂષ શિક્ષકો તૈયાર કરવાની યોજના માટે નીમાએલી કમીટીનો રીપોર્ટ હજુ આવ્યો નથી.

ડીસેંબર ૧૯૦૯ની આખરસુધીના હિસાબનું સરવૈયું પરિશિષ્ટ ચમાં આપવામાં આવ્યું છે.

આ છ માસમાં બીજી કેટલીક યોજનાઓ હાથ ધરવા ઇચ્છા હતી પણ જોડીઆ સેક્રેટરી મી. મનસુખલાલ કીરતચંદ મહેતા પોતાની સાંસારિક અગવડોને લીધે તેમજ માંદગીને લીધે મુંબઇ આવી શકયા નથી તેથી નવીન યોજનાઓ હાથમાં લઇ શકાણી નથી. ચાલુ પત્રવ્યવહાર વીગેરે કામ નીયમીત ચાલ્યા કરે છે. બોર્ડની આર્થિક સ્થિતિ ધ્યાનમાં લઇ કોન્ફરન્સ ઓફીસના કારકુનને બોર્ડનું કામ સોંપવાની હા પાડવાથી બોર્ડને માથેથી એક બોજો ઓછો થયો છે, તે સંબંધમાં કોન્ફરન્સ ઓફીસનો આભાર માનવામાં આવેછે.

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ<br>મનઃસુખ વિ. કીરતચંદ મહેતા<br>સેક્રેટરીઓ.

કલ્યાણચંદ શોભાગચંદ<br>પ્રમુખ.

## પરિશિષ્ટ અ.

એજ્યુકેશન બોર્ડ તરફથી નીચે લખેલી પાઠશાળા-ઓને નવેમ્બર ૧૯૦૯ સુધીની મદદ અપાણી છે.

| | ગામ | નામ | બોર્ડ તરફથી | ઓફીસ તરફથી | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | -શ્રાવિકા ઉદ્યોગશાળા | રૂ. ૧૨૦ | ૦ | ૧૨૦ |
| ૨ | અમરેલી | પાઠશાળા | ૧૨ | ૦ | ૧૨ |
| ૩ | ઇડર | ,, | ૨૫ | ૫ | ૩૦ |
| ૪ | ઉંઝા | ,, | ૧૬ | ૮ | ૨૪ |
| ૫ | ચોટીલા | ,, | ૨૦ | ૪ | ૨૪ |
| ૬ | ઝીંઝુવાડા | ,, | ૧૫ | ૩ | ૧૮ |
| ૭ | તણસા | ,, | ૧૮ | ૦ | ૧૮ |
| ૮ | ત્રાપજ | ,, | ૮ | ૦ | ૮ |
| ૯ | દહેગામ | ,, | ૧૨ | ૪ | ૧૬ |
| ૧૦ | છત્રાસા | ,, | ૪ | ૦ | ૪ |
| ૧૧ | બોરસદ | ,, | ૩૨ | ૮ | ૪૦ |
| ૧૩ | બોટાદ | ,, | ૩૫ | ૭ | ૪૨ |
| ૧૩ | મહુધા | ,, | ૮ | ૪ | ૧૨ |
| ૧૪ | રાધનપુર | ,, | ૧૫ | ૫ | ૨૦ |
| ૧૫ | લીંબડી | ,, | ૨૦ | ૫ | ૨૫ |
| ૧૬ | લાઠીદડ | ,, | ૯ | ૩ | ૧૨ |
| ૧૭ | વીંછીઆ | ,, | ૮ | ૨ | ૧૦ |
| ૧૮ | સાવરી | ,, | ૨૪ | ૮ | ૩૨ |
| ૧૯ | સાણંદ | ,, | ૧૬ | ૪ | ૨૦ |
| ૨૦ | સરધાર | ,, | ૬ | ૨ | ૮ |
| ૨૧ | વળા | ,, | ૧૬ | ૪ | ૨૦ |
| ૨૨ | જસપરા | ,, | ૮ | ૨ | ૧૦ |
| ૨૩ | રાણપુર | ,, | ૧૨ | ૪ | ૧૬ |
| ૨૪ | ધોરાજી | ,, | ૨૦ | ૫ | ૨૫ |
| ૨૫ | ખુંટવડા | ,, | ૧૨ | ૪ | ૧૬ |
| ૨૬ | વતરા | ,, | ૬ | ૩ | ૯ |
| ૨૭ | ચુડા | ,, | ૧૬ | ૪ | ૨૦ |
| ૨૮ | સરદારગઢ | ,, | ૨ | ૦ | ૨ |
| ૨૯ | મહુડી | ,, | ૬ | ૩ | ૯ |
| ૩૦ | ભાણવડ | ,, | ૯ | ૩ | ૧૨ |
| ૩૧ | સમી | ,, | ૧૬ | ૪ | ૨૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૨ | લીંચ ,, | ૫ | ૦ | ૨૫ |
| ૩૩ | મુંબઈ અને માંગરોળ સભા—મુંબઈ | ૬૦ | ૦ | ૬૦ |
| ૩૪ | સુરત—રત્નસાગરજી જૈન પાઠશાળા | ૧૫૦ | ૦ | ૧૫૦ |
| ૩૫ | મંદસોર—પાઠશાળા | ૪ | ૦ | ૪ |
| ૩૬ | તળાજા ,, | ૫ | ૦ | ૫ |
| ૩૭ | રામપુરા ,, | ૦ | ૨ | ૨ |
| ૩૮ | મુંબઈ-વિદ્યાશાળા ઠે. શાંતિનાથજીના દેરાસરે | ૦ | ૫૦ | ૫૦ |
| ૩૯ | મેહેસાણા પાઠશાળા | ૦ | ૪૦ | ૪૦ |
| | | ૮૦૦ | ૨૦૦ | ૧૦૦૦ |

પુના કોન્ફરન્સ પછીથી તે તા. ૩૧-૧૨-૦૯ સુધીમાં રૂ. ૧૦૦૦) પાઠશાળા ૩૯ ને મદદ આપવામાં આવી, પણ તેમાંથી મહુડી પાઠશાળા નહીં ચાલતી હોવાથી રૂ. ૯) પાછા મંગાવી લીધા છે.

## પરિશિષ્ટ ગ.

### એજ્યુકેશન બોર્ડનું તા. ૩૧-૧૨-૦૯ લગીનું સરવૈયું.

| જમા | | ઉધાર | |
|---|---|---|---|
| ૨૮૯૬-૦-૦ | એજ્યુકેશન બોર્ડને કોન્ફરન્સ ઓફીસમાં સુકૃતભંડારના આવેલા રૂપીઆમાંથી અડધા હિસ્સાના મળ્યા તે. | ૧૪૮૭-૫-૬ | શ્રી કોન્ફરન્સ ઓફીસ ખાતે. |
| ૫૦૦-૦-૦ | શ્રી ધાર્મિક પરીક્ષા ખાતે જમા શેઠ હેમચંદ અમરચંદ તરફથી મળ્યા તે. | ૪૪-૦-૯ | શ્રી ધાર્મિક પરીક્ષા ખાતે. |
| | | ૧૮૧૮-૧૩-૯ | એજ્યુકેશન બોર્ડ તરફથી નીચે મુજબ ખર્ચ થયો તે |
| | | ૭૬૧- ૦-૦ | શ્રી સ્કોલરશીપ ખાતે. |
| | | ૫-૧૫-૯ | શ્રી કોરસપોંડસ ખાતે. |
| | | ૯૯૧- ૦-૦ | શ્રી પાઠશાળાને મદદ. |
| | | ૨૩- ૨-૬ | શ્રી પરચુરણ ખર્ચ. |
| | | ૨૧-૧૧-૬ | શ્રી મનીઓરડરના કમીશન ખર્ચ. |
| | | ૧૬- ૦-૦ | શ્રી પગાર ખર્ચ. |
| | | ૧૮૧૮-૧૩-૯ | |
| | | ૪૫-૧૨-૦ | શ્રી પરાંતે જણસે. તા. ૩૧-૧૨-૯ |
| ૩૩૯૬-૦-૦ | | ૩૩૯૬-૦-૦ | |

ઉપરના રૂ. ૨૮૯૬)માંથી રૂ. ૧૮૧૮-૧૩-૯ એજ્યુકેશન બોર્ડે વાપર્યા છે, અ રૂ. ૧૦૭૭-૨-૮ બાકી રહેલા છે. તેમાંથી ડીસેમ્બર માસની પાઠશાળાઓ અને વિદ્ય ર્થીઓને આપવાની સ્કોલરશીપના રૂ. ૫૨૫)ના આશરે દેવાના છે. તેમજ નવેમ્બ માસની મદદના પણ રૂ. ૧૫૦)ના આશરે દેવા છે. ધાર્મિક પરીક્ષાના ખર્ચ માટે ૫૦) મંજુર કરેલા માંડીવાળવા બાકી છે. તે કુલ મળી રૂ. ૬૨૫) જતાં બાકી રૂ. ૪૫ રહે છે તેમાંથી જાનેવારીની મદદ આપી શકાશે, પણ ફેબ્રુઆરી સને ૧૯૧૦ ની મ પૂરી આપી શકાય તેમ નથી.

## સિદ્ધર્ષિ ગણિ.

### ( લેખક–ઉદયચંદ લાલચંદ શાહ મુંબઇ. )

આ સિદ્ધર્ષિ ગણિનો સમય નક્કી કરતાં ઘણી મુશ્કેલીઓ નડે છે. કારણ કે ઘ ખરા વિદ્વાનોના મતો જુદા જુદા છે. તેમજ સિદ્ધર્ષિ ગણિ મહાવીરસ્વામીના મૃ પાટે થયા નથી, તો પણ ઘણા વિદ્વાનોના મતોને અનુસરતાં તેમજ તેઓના દાખ દલીલો તરફ નજર કરતાં જણાય છે કે આ મહર્ષિ મહાશય વિક્રમની નવમી સદી છેવટના ભાગમાં તેમજ દસમી સદીમાં હશે એમ પણ માની શકાય છે. મહાકા શિશુપાળવધ યાને માઘકાવ્ય તેના લખનાર કવિ માઘ તે સિદ્ધર્ષિના સાંસારિક વ્ય હારે કાકાના પુત્ર હતા. ( જુઓ પ્રભાચંદ્ર સૂરિનું કરેલું પ્રભાવક ચરીત્ર જે વિક્ર સંવત ૧૩૩૪ માં રચાયું છે. ) ઉપમિતિ ભવ પ્રપંચ પીઠબદ્ધ ગ્રંથના કર્તા તે આ સિદ્ધર્ષિ ગણિ છે, અને તે વિક્રમ સંવત ૯૬૨ એટલે ઇસ્વીસન ૯૦૬ માં તેઓ ઉપરોક્ત ગ્રંથ રચ્યો છે. ( જુઓ, ઉપમિતિ ભવ પ્રપંચ ગ્રંથના પીઠબદ્ધના ભાષાંતર પ્રસ્તાવના પાને ૪ થે, જે ભાષાંતર રા. રા. મોતીચંદ ગિરધરલાલ કાપડીયા બી. એલ. એલ. બી. સોલીસીટરે કરેલું છે. )

તેમના ગુરૂ મહાશય ગર્ગઋષિ સંવત ૯૬૨ માં હયાત હતા. ( જુઓ જૈન ધર્મ પ્રાચીન ઇતિહાસ ભાગ બીજો પાને ૧૪૫ મે ) તેવીજ રીતે દંતકથાઓ અને ઇતિહ સાધારે જણાય છે કે રાજા ભોજ પણ દસમી સદીમાં હતો. તે સમયમાં કવિમા પણ ભોજરાજા ( તે અવંતી નગરીનો રાજા તે અવંતી આજે ઘણું કરીને ઉજ્જે નામથી ઓળખવામાં તે હોયતો હોય જે માળવા દેશમાં છે. ) ના સમયમાં હયા હતો. અને પાશ્ચાત્ય વિદ્વાન ડૉ. કલાટ પણ માઘકવિના સમય માટે ચોક્કસ રી વિક્રમની નવમી સદીનો છેવટનો ભાગ કબૂલ રાખે છે એ ઉપરોક્ત કારણોથી જણ છે કે ઉપમિતિ ભવ પ્રપંચ પીઠબદ્ધના રચનાર, શિશુપાળવધના લેખક કવિ મા ના કાકાના પુત્ર, ગર્ગઋષિના શિષ્ય, તે સિદ્ધર્ષિ ગણિ આજથી વિક્રમ સંવત્ ૧૦ વર્ષ પહેલાં અને વીર સંવત્ ૧૪૭૪ પહેલાં આ ભારત વર્ષની પવિત્ર ભૂમિના ભૂ ઉપર વિહાર કરી ભવ્ય જીવોને ધર્મ રૂપી અમૃતનું પોતાની દેશના વડે પાન કરાવ હતા, અને તેઓ અવંતી નરેશના અને કવિ માઘના સમકાલી ન હતા એમ જા શકીએ છીએ.

તે મહાશય સિદ્ધર્ષિ ગણિનું જીવન ચરિત્ર, સાંસારિક બાબતો સાથે આજે વિસ્તાર સહિત વાંચકો સન્મુખ રજુ કરવાની મારી અલ્પમતિ પ્રમાણે આતક લઉં છું.

જંબુદ્વીપમાં આવેલા ભારતવર્ષની ભૂમિના ભૂષણ રૂપ ગુર્જર (ગુજરાત) દેશમાં ભવ્ય કૂપવન, ઉપવનાદિ વડે સુશોભિત 'શ્રીમાળ' નામનું નગર હતું. એ નગરની વિશાળતા ઘણા વિસ્તારમાં હતી. આધુનિક સમયમાં જે શ્રીમાળી વંશ પ્રવર્તે છે. તેનું મૂળ-ઉત્પત્તિ-સ્થાન અને શ્રીમાળ વંશના મૂળ-આદિ પુરૂષોનું નિવાસ સ્થાન શ્રીમાળ નગર હતું. તે નગરમાં શૂરવીર શીરોમણિ, વૈરીઓના માનને મર્દન કરનાર, ક્ષત્રિય ધર્મ ધુરંધર **શ્રી વર્મલાભ** નામે રાજા રાજ્ય કરતો હતો તે સામ, દામ, ભેદ ને દંડ એ ચાર પ્રકારની રાજનીતિ રૂપ લતાને નવ પલ્લવિત કરતો હતો. ટુંકમાં શ્રીમાળ નગરના રાજ્યની રૈયત સુખી હતી. એથી કરીને શ્રી વર્મલાભ ભૂપતિની યશકીર્તિ ભારતવર્ષમાં સુમનની સુગંધિની માફક સર્વ સ્થળે પ્રસરી રહી હતી.

તે શ્રી વર્મલાભ રાજાને દયા, ક્ષમા, સરળતા ઇત્યાદિ અનેક ગુણોએ કરીને સુશોભિત **સુપ્રભદેવ** નામનો મંત્રી હતો તે ઘણોજ નીતિમાન, ન્યાયસંપન્ન અને ઘણી પ્રવીણતા-ચાતુર્યતાને ધરાવનાર હતો. એવા તેના ગુણરૂપી લોહચુંબકના પ્રભાવે આકર્ષાએલો રાજા તે પ્રવીણ પ્રધાન ઉપર બહુજ પ્રીતિ રાખતો હતો. તેના વિષે તે પોતાના મનમાં બહુજ માનની નજરે તેને જોતો. તે મંત્રી રાજાને ઘણો માનનીય હતો. તેનો ચહેરો નિરંતર ખુશનુમા રહેતો હતો. તેનામાં સૌમ્યતાનો ગુણ બહુજ મોટો હતો. માન અને મરતબાવાળી અને દબદબા ભરેલી મોટી પ્રધાનની પદ્વી તે ભોગવતો હતો. પરંતુ કોઇ ન્હાનામાં ન્હાનું બાળક તથા કોઇપણ ગરીબ મનુષ્યની પાસે જતો ત્યારે તેની સાથે સૌમ્યતા પૂર્વક તે વાતચીત કરી તેના હૃદયને નમ્ર વાણીવડે સંતોષિત બનાવતો હતો.

તે સરળ હૃદયના સદ્ગુણી સચીવને બે પુત્રો નામે દત્ત અને શુભંકર હતા. (સુપ્રભદેવ)નો બીજો પુત્ર જે શુભંકર તેને લક્ષ્મીનામા સ્ત્રી હતી. એ સ્ત્રી પોતાના નામ પ્રમાણેજ ગુણોને ધારણ કરનારી અને વાસ્તવિક રીતે જોતાં તે ખરેખર લક્ષ્મીજ હતી. તે ભલી ભાગ્યવંત ભામીનીના હૃદયમાં શ્રાવિકાના સર્વે સદ્ગુણોએ વાસ કરેલો હતો. શુભંકર અને લક્ષ્મીનું પ્રેમી યુગલ પોતાના ધર્મમાં પ્રવર્તતા હતા, અને સુખ સમાધિમાં સમય નિર્ગમન કરતા હતા. તેમના એવા ધાર્મિક ગુણોથી શ્રીમાળનગરની સર્વે પ્રજા તેમના ઉપર અત્યંત સ્નેહ પ્રીતિ રાખતી.

તેના ઘરના એક એકાન્ત ભાગમાં ધાર્મિક ક્રિયાઓ કરવાને માટે જુદોજ ભાગ રાખવામાં આવેલો હતો, તે ભાગ ધર્મગૃહનાજ નામથી ઓળખાતો હતો. તેમાં નિરંતર શુભંકર અને લક્ષ્મી ધર્મ સંબંધી કાર્યો જેવાં કે સામાયિક, પૌષધ, સ્વાધ્યાય ને અભ્યાસ ઇત્યાદિક સર્વે પવિત્ર કાર્ય તે ધર્મગૃહમાંજ થતાં હતાં.

એકદા પ્રાતઃકાળનો સમય હતો તે સમયે સચીવપુત્ર શુભંકર શય્યામાંથી જાગ્રત થઇ શૌચકર્મ કરી શુદ્ધ થઇને તેમજ પોતાના નિત્ય શારિરિક કાર્યોમાંથી

પરવારી તે નિયમિત ધાર્મિક ક્રિયા સારૂ ધર્મગૃહમાં આવવા નીકળ્યો. તે સમયે તેની પરમ પ્રેમાળ પવિત્ર પત્ની પોતાના પતિ પાસે આવી પોતાની મધુર વાણીનું લાલિત્ય પ્રગટ કરી બોલીઃ—

લક્ષ્મી—(સવિનય હાથ જોડી) પ્રિય પ્રાણપતિ પ્રાણેશ, આજે મેં સ્વપ્ન વિષે એક સભા મંડપ અવલોકયો—જોયો અને તેમાં મોટી પરષદાને બોધ આપતા એક મુનિરાજને જોયા. ત્યાર બાદ મારાં નેત્ર નિદ્રાથી રહીત થઇ ગયાં એટલે હું જાગી ઉઠી.

શુભંકર—(મંદ હાસ્ય સહિત) પ્રિયા ! એ સ્વપ્નનું દર્શન સર્વોત્તમ છે કોઇ જૈન યોગી મહાશય તમારા ગર્ભમાં અવતરશે. અને તે સત્પુત્ર જૈન દીક્ષા લઇ આપણા મંત્રીકુળનું માન અને ગૌરવ વધારશે. કુળને દીપાવશે.

આવાં પોતાના પતિનાં સુખકારી વચનો શ્રવણ કરી આનંદસાગરમાં ગરકાવ થઇ ગઇ. વિદ્વાન પુત્રના પ્રસવની વાટ જોતી અંગુલીઓના વેઢાપર દિવસો ગણવા લાગી ' સ્વાભાવિક રીતે એવું જણાય છે કે સ્ત્રીઓને કોઇ પણ મોટામાં મોટી આશા હોય તો તે પુત્રનીજ છે. ' હવે શુભંકરની મનહર માનુની લક્ષ્મી સગર્ભા થઇ. તે સદ્ગુણી સુશિલ, સોંદર્યવાન્ શ્રાવિકાના ભાલ ઉપર ધાર્મિક તેજ ચળકતું હતું. પહેલાંના કરતા હવે તેની ધાર્મિક વૃત્તિઓ વિશેષપણે દ્રઢ થતી ગઇ. નિરંતર સ્વાધ્યાય ધ્યાનમાં વિશેષ પ્રવૃત્તિ રાખવા લાગી, અને સરસ—સુંદર ભાવનાઓ ભાવ્યા કરતી હતી વિવિધ પ્રકારના પવિત્ર દોહદો તેના હૃદયમાં પ્રગટ થતા તે શુભંકર પૂર્ણ કરતો હતો.

જ્યારે યોગ્ય સમય થયો ત્યારે લક્ષ્મીએ શુભ સમયે એક તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. તે પ્રભાવિક પુત્રના જન્મ સમયે સર્વે દિશાઓ નિર્મળ થઇ ગઇ અને સર્વ સ્થળે ધાર્મિક ઉદ્યોત થઇ રહ્યો. કુદરતે આ મહાપુરૂષનાં શુભ ચિન્હો પ્રગટ કરી દીધાં. મંત્રિ પુત્ર શુભંકરને ઘેર પુત્ર જન્મના શુભ સમાચાર સાંભળી શ્રીમાળનગરની સર્વે પ્રજા સંતુષ્ટ થઇ. સર્વે જ્ઞાતિઓના અગ્રેસરો પોતાની ખુશાલી પ્રગટ કરવા માટે શુભંકરના ઘર પ્રત્યે આવવા લાગ્યા. લક્ષ્મીના સુતિકા ગૃહની આગળ સૌભાગ્યવતી સુંદરીઓ ટોળેટોળા આવી બાળકની માતાને ખુશખબર-સુખશાતા પુછતી હતી. શ્રીમાળ નરેશ શ્રી વર્મલાભ રાજાએ પણ પોતાના હજુરી મનુષ્યોને મોકલી મોટી ખુશાલી પ્રદર્શિત કરી, અને પોતાના પ્રમાણિક પ્રધાનના કુટુંબીઓ ઉપર નિરવધિ પ્યાર દર્શાવ્યો-પ્રગટ કર્યો. મંત્રીના કુટુંબીઓમાં પણ સર્વત્ર આનંદની ઉર્મિઓ ઉછળવા લાગી. માંગલિક વાજાંઓ વાગવા લાગ્યાં. દીન જનોને પુષ્કળ અન્ન વસ્ર વહેંચ્યું. ગરીબોને જમણ આપવામાં આવ્યું. ટુંકામાં કહીએ તો મંત્રીએ પોતાને છાજે એવી રીતનો પૌત્ર જન્મ મહોત્સવ મહાન ઠાઠમાઠ સાથે કર્યો. બાળક બાર દિવસનો થયો ત્યારે ગોત્રીઆઓને જમણ આપવામાં આવ્યું, અને શુભ મતિવાળા શુભંકરે નૈમિત્તિકને બોલાવી પોતાના પુત્રના જન્મ ગ્રહો જોવરાવી તેના નામ માટે પુછયું. નૈમિત્તકે રાશીચક્ર જોઈ કહ્યું કે પ્રધાન પુત્ર, આ આપના કુમારનું નામ

કુંભ રાશીપર આવે છે. તે ઉપરથી તેણે ( શુભંકરે ) વિચાર કર્યો કે, આ પુત્રની માતાને શુભ સ્વપ્ન આવેલ છે તે ઉપરથી જણાય છે કે આ પુત્ર પોતાના પરલોકનાં કાર્યો સિદ્ધ કરશે. પુનઃ તે આર્હત્ ધર્મની પવિત્ર દીક્ષાનો અંગિકાર કરીને કોઇ વાર સિદ્ધની પદવીનો અધિકારી થવાનો છે, માટે પુત્રનું નામ સિદ્ધજ રાખવું યોગ્ય છે. એવી રીતે અનેક વિચારો કરી મંત્રિ પુત્ર શુભંકરે પોતાના પુત્રનું નામ ' સિદ્ધ ' રાખ્યું.

જેવી રીતે શુકલપક્ષની અંદર ચંદ્રમા વૃદ્ધિ પામે છે, તેવી રીતે એક સ્ત્રીના હાથમાંથી બીજીના હાથમાં, એક સ્ત્રીના ખોળામાંથી બીજીના ખોળામાં એમ અનુક્રમે વૃદ્ધિ પામતો હતો. તેના બાલ્યવયથીજ બુદ્ધિના ચમત્કારો દૃશ્યમાન થતા હતા. એની વૃત્તિમાં વાગ્દેવીના સુંદર બીજો અંકુરિત થયાં હતાં. સ્મરણ શક્તિની તીવ્રતા ઉદય પામી અજ્ઞાનતાના અંધકારનો નાશ કરી દિવ્ય પ્રભાવને સંપાદિત કરતી હતી.

સંસારમાં કોઇ માણસની ધારેલી ધારણા સફળતાને પામતી નથી. જેની ધારેલી ધારણાઓ સફળ થાય એવા થોડાજ બલ્કે વિરલાજ ભાગ્યવંત પુરૂષો આ અવનીમાં છે. મનુષ્ય ધારે છે શું અને કર્મ કરે છે શું, કર્મની પ્રબળ સત્તા આગળ કોઇ મનુષ્યનું કાંઇ પણ ચાલી શકતું નથી. કર્મની આગળ શાણપણ-ડહાપણ નિષ્ફળ થાય છે. અયોધ્યાના રાજા દશરથના પ્રાણથી પણ પ્રિય પુત્ર રામને તેની રાણી કૈકેયીએ વનવાસે મોકલ્યા ત્યાં રામચંદ્ર બાર વર્ષ પર્યંત ફળ ફુલને આધારે જીવનને ટકાવી રહ્યા હતા, ત્યાં સીતાને રાવણ હરી ગયો એ સર્વ કાર્ય કર્મના છે. તે કર્મનાજ પ્રસાદ છે. સત્યવાદી રાજા હરીશ્ચંદ્રે પોતાની પ્રિય પત્નીને વેચી, ચાંડાળની સેવા કેઠાવી, નળ જેવા રાજવીએ પોતાના પ્રાણથી પ્રિય પતિવ્રતા પત્નીને ભયંકર વેરાન જંગલમાં રાત્રીને સમયે અર્ધ વસ્ત્ર સહિત ત્યાગી. નામ, ઠામનું ગોપન કરીને તેને (નળને) કાળ નિર્ગમન કરવો પડયો. સંપૂર્ણ પરિપૂર્ણપણે રૂપનો ભંડાર કે જેના રૂપથી ત્રણેલોક અંજાઇ ગયું હતું એવા સનત્કુમાર ચક્રવર્તીને પણ સાતસો વર્ષ પર્યંત જુદાજુદા સાત પ્રકારની વેદનાઓ ભોગવવી પડી. દેવાંશી સ્વરૂપના પાંચ પાંડવોને બારબાર વર્ષ પર્યંત વનવાસનું સેવન કરવું પડયું, આદિનાથ ભગવાનને એક વર્ષ પર્યંત અન્ન ન મળ્યું. અન્તિમ તીર્થંકર વીર પરમાત્માએ બાર વર્ષ સુધી અનેક પ્રકારની અસહ્ય વેદનાઓ સહન કરી, એ સર્વે કર્મની પ્રસાદી છે. મનુષ્યના શુભકર્મોના શુભ પુદ્ગલો ઉદય પામે છે ત્યારે જીવ સુખ અનુભવે છે. અશુભકર્મોના અશુભ પુદ્ગલો ઉદય પામે છે ત્યારે જીવ દુઃખ અનુભવે છે. ઉપર કહેલા રાજાઓ, મહારાજાઓ, ચક્રવર્તીઓ અને તીર્થંકરોને પણ કર્મે વિડંબના પમાડી તો સાધારણ માણસ તે શા હિસાબમાં છે. મહાન્ બળવાન પુરૂષો કર્મની સત્તા આગળ સબળ છતાં પણ નિર્બળ થઇ ગયા. રાંકની માફક થઇ ગયા.

શું ! બિચારા શુભંકરે મનમાં એવું ધાર્યું હતું કે સિદ્ધ રૂપી જળમાંથી અગ્નિ પ્રગટ થશે. ચંદનમાંથી શીતળતા અને સુગંધીપણું નષ્ટ પ્રાયઃ થઇ જશે.

સુવર્ણને છેદતાં, કસતાં, બાળતાં તે પીતવર્ણને તજશે. શેલડી સંચે પિલાતાં મધુર પણાને તજી દેશે ? એમ સ્વપ્ને પણ કદાપિ નહોતુ ધાર્યું કે મારો પુત્ર સિદ્ધ તે સદ્ ગુણોને ત્યાગી દુર્ગુણોનું સેવન કરશે, પરંતુ તેની ધારણાએ કર્મરાજે ખોટી પાડી.

અનુક્રમે સિદ્ધ બાલ્યાવસ્થામાંથી મુક્ત થઇ કિશોરાવસ્થાને પ્રાપ્ત થયો. ત્યારે તેનામાં સારા સદ્ગુણોને બદલે દુર્ગુણોનો પ્રાદુર્ભાવ થવા લાગ્યો. તેની પ્રવીણતા અને ચાતુર્યતા ભરેલી બુદ્ધિનો પ્રવાહ વિપરીત માર્ગે દોરાવા લાગ્યો. સમાન વયના બાળકોના ટોળામાં રમતો રમવાને માટે તેનું મન આકર્ષાયું. તેનો પિતા તેને ઘણી વખતે સમજાવતો-બોધ આપતો, તો પણ તે ઉચ્છંખલ થયેલો બાળક પોતાના પિતાએ આપેલા બોધનો તિરસ્કાર અને સમજણનો અનાદર કરી નિરંતર-સર્વદા બાલ્યવૃંદોમાં ક્રીડા પરાયણજ રહેતો. એક સમયે તેના પિતાએ તેને પાસે બોલાવી ઉત્સંગમાં બેસાડીને કહ્યું વત્સ ? તું હવે યુવાવસ્થાનો અધિકારી થયો છે, હવે તારે તારા હૃદયમાં વિચારવું જોઇએ કે હું કોણ છુ ? કોના કુટુંબનો છું અને મારો ધર્મ શું છે બેટા તું આ શ્રીમાળ નગરના ભૂપતિના મુખ્ય મંત્રિના કુટુંબનો એક માનવંતો પુત્ર છે. તારા પિતામહની કીર્તિ ભારત ભૂમિની ચારે દિશાઓમાં પ્રસરેલી છે. તારૂં કુળ આર્હત્ ધર્મનું ઉપાસક છે. તારા ઘર કુટુંબમાં પવિત્ર જૈન ધર્મ—આર્હત ધર્મની ભાવનાઓ રહેલી છે. આવો વિચાર તારા મનમાં લાવી તારે તારી અસભ્યતા ભરેલી ચાલ ચલગત સુધારવી જોઇએ. તારા જેવો મંત્રિ પૌત્ર અને શ્રાવક પુત્ર થઇ અનુચિત અયોગ્ય કાર્ય આચરે તે કેવું ખરાબ, અયોગ્ય અને અનુચિત કહેવાય ? પ્રિય પુત્ર તું વિચાર કરીજોકે થોડાજ સમયમાં એક સુંદર સદ્ગુણી. સુસ્વરૂપવાન્, સુશિલ કુલીન કુમારિકા સાથે તારો વિવાહ કરવાનો છે. વિવાહ થયા બાદ તું એક ગૃહસ્થ ધર્મનો ભોક્તા થવાનો છે, અને ગૃહસ્થ ધર્મને પ્રાપ્ત થયેલા મનુષ્યે કેવું પ્રવર્તન, આચરણ આચાર, વિચાર કેવા રાખવા જોઇએ તે પણ તારેજ વિચારવાનું છે. પિતાના આવા પ્રકારનાં વચનો સાંભળી સિદ્ધ કાંઇપણ બોલ્યો નહીં. તેમજ તેના ઉચ્છંખલ થયેલા હૃદયમાં પોતાના પિતા શુભંકરના હિતકારક અને સુખદાયી વચનોએ કાંઇપણ અસર કરી નહીં અને તરતજ પિતાના ઉત્સંગમાંથી ઉઠી તે ઉચ્છંખલ અને ઉદ્ધત બનેલા પુત્રે ક્રિડા કરવાને માટે બાળકોના વૃંદ તરફ ચાલવા લાગ્યો પુત્રની આવી વિષમ પ્રવૃત્તિ જોઇ તેના પિતા શુભંકર વધારે ચિંતાતુર થઇ ગયા. તે સમયે તેની ભાર્યા (સ્ત્રી) લક્ષ્મી અંતગૃહમાંથી બહાર આવી અને પોતાના પતિને ચિંતાતુર નિહાળી એ ચતુર ચતુરાએ બોલવાનો પ્રારંભ કર્યો.

લક્ષ્મી—સ્વામીનાથ, શાની ચિંતા કરો છો. ? આપણો સિદ્ધ કયાં ગયો છે. હું તેને માટેજ તમોને કહેવા આવી છું. પ્રાણનાથ, મારા સ્વપ્નને માટે આપે જે ફળ બતાવ્યું હતું તે તદ્દન મિથ્યા થાય છે. તે શુભ સ્વપ્ન સૂચિત પુત્ર એવો દુર્ગુણી કેમ થાય ? તેમજ આવા દુર્ગુણી પુત્રથી શુભની આશા શી રીતે રાખી સકાય ?

શુભંકર—સુંદરી, તમારાં આવાં વચનો સાંભળી મને પણ એજ આશ્ચર્ય થાય છે. તો પણ મારા હૃદયમાં રમી રહેલી શાસ્ત્ર ઉપરની શ્રદ્ધા તે શિથિલતાને પામતી

શ્રી. શાસ્ત્રકારોએ સ્વપ્નને માટે જે ફળો કહેલાં છે. તે સર્વથા સત્યજ છે. તે
ૢી પણ અન્યથા થતા નથી. ખોટા પડતા નથી. ગમે તેમ થાય તોપણ શાસ્ત્રી વચનો
ષા-મિથ્યા થતા નથી. પરંતુ જ્યારે પુત્ર સિદ્ધના પ્રવર્તન અને આચરણોનું અવ-
ાકન કરૂં છું, ત્યારે મને આશ્ચર્ય થાય છે. પ્રિયા, અત્યારેજ મેં પુત્ર સિદ્ધને શાંતિ
ર્વક ઉપદેશ આપવા માંડયો તોપણ તે ઉચ્છંખલ પુત્ર મારા ઉપદેશ કારક શાસ્ત્રીય
ચનોનો અનાદર કરીને તે ચાલ્યો ગયો અને પત્થર ઉપર પાણીની પ્રમાણે અને છાર
પર લીંપણાની સમાન મારા ઉપદેશીય વચનો વ્યર્થ ગયાં-નકામાં થયાં અને હવે
ત્રને માટે શું કરવું? તેજ વિચારમાં રહું છું. અને વિચાર કરી અન્તમાં એવા નિશ્ચય
પર આવુ છું કે. જોએ તરૂણ પુત્રનો વિવાહ કરવામાં આવે તો વખતે તે સન્માર્ગનો
ાથી થાય કારણ કે લોઢાને પારસમણિનો સ્પર્શ થતાંજ તે લોહું કંચન સ્વરૂપમાં
ાવી જાય છે તેમજ પુત્ર સિદ્ધ એકદમ નહીં સુધરે તો આસ્તે આસ્તે સુધરશે
ને કુલીન કાંતાના સહવાસથી સ્વભાવ સુધરી જાય. તેમજ બુદ્ધિ મતિ અને જ્ઞાન-
તે કુલીન બાળાના સંયોગે તેનામાં સમજણ આવે એ સંભવિત લાગે છે.

આ પ્રકારના પોતાના પતિના વિચારો વચન દ્વારાએ શ્રવણ કરી લક્ષ્મી ખુશ થઇ
ને તેની મનોવૃત્તિમાં પુત્ર સુધારવાની ઉત્તમ આશા પ્રગટી આવી-ઉત્તમ થઇ આવી.
ને સહાય કરતી પોતાના પતિ પ્રત્યે બોલીઃ—

અપૂર્ણ.

---

# શ્રી નવપદ પ્રકરણ સંક્ષિપ્ત વ્યાખ્યા.

(લેખક—મુનિમહારાજ કર્પૂરવિજયજી.)

ગતાંક પૃષ્ટ ૭૪ થી શરૂ.

## નવમ શ્રી તપપદ વર્ણનમ (૯૩-૧૦૧)

૯૩, યથોત્તર ગુણકારી બાહ્ય અને અભ્યંતર ભેદે કરી જે બાર પ્રકારે જિના-
ગમમાં વર્ણવેલ છે તે તપપદને હું આદરથી વંદન કરૂં છું.

૯૪, તદ્ભવ સિદ્ધિ જાણતાં છતાં શ્રી રિષભદેવ પ્રમુખ તીર્થંકરોએ જેનું સેવન
કરેલું છે તે તપપદને હું વંદું છું.

૯૫, સમતા સહિત જેનું સેવન કરવાથી નિકાચિત કર્મનો પણ ક્ષણમાત્રમાં ક્ષય
થાય છે તે તપપદને હું નમસ્કાર કરૂં છું.

૯૬, જેમ અગ્નિવડે સુવર્ણ થકી કિટ્ટી વિગેરે તત્ક્ષણ પિટ્ટીને જૂદાં પડે છે તેમ
જેનાવડે જીવથકી કર્મમળ કિટ્ટી જુદો પડી જાય છે તે તપપદને હું પ્રણમું છું.

૯૭, જેના પસાયથી ' આમો સહિત ' પ્રમુખ અનેક લબ્ધિઓ અવશ્ય પ્રગટે છે તપપદને હું પ્રણામ કરૂં છું.

૯૮, આશંસા રહિત કર્મ-નિર્જરા અર્થે જેનું સેવન કર્યે છતે મહાસિદ્ધિઓ સંપ છે તે તપપદને હું પ્રણામ કરૂં છું.

૯૯. કલ્પવૃક્ષની જેમ સુરવર અને નરવર સંબંધી સંપદારૂપ જેનાં ફુલ છે અ મોક્ષરૂપ ફળ છે તે તપપદને હું પ્રણામ કરૂં છું.

૧૦૦, અત્યંત અસાધ્ય એવાં પણ સર્વ લોકનાં કાર્યો જેના વડે લિલા-માત્રમાં શી સીજે છે તે તપપદને હુ પ્રણામ કરૂં છું.

૧૦૧, દધિ દુર્વાદિક માંગલિક પદાર્થોમાં જે પ્રથમ મંગળરૂપ જગતમાં ગવાય છે તપપદને હું પ્રણામ કરૂંછું-

**નવપદ સંબંધી નિશ્ચય સ્વરૂપમ ( ૧૦૨-૧૧૪ )**

૧૦૨, આ નવપદનું આરાધન સર્વ સુખનું મૂળ છે તે આ પ્રમાણે નવપદોનું વર્ણન કર્યા તમારાથી સમજાયું.

૧૦૩, નવપદની આરાધનાનું મૂળ પ્રાણીઓનો કેવળ શુભ ભાવજ છે. તે શુભ ભા નિશ્ચે નિર્મળ આત્માઓને હોય છે પણ બીજા મલીન પરિણામી જીવો હોતો નથી.

૧૦૪, જે સંકલ્પ વિકલ્પ વર્જિત નિર્મળ પરિણામી આત્મા છે તેજ નવપદ છે અ નવપદમાં પણ તેજ છે.

૧૦૫, કારણ કે ધ્યાતા પુરૂષ પિંડસ્થ, પદસ્થ અને રૂપસ્થ એવા અરિહંત ભગવાન ધ્યાતો છતો નિશ્ચે અરિહંત પદમય પોતાના આત્માને પ્રત્યક્ષ દેખે છે. અરિ હંત દેવની આકૃતિનું ધ્યાન તે ' પિંડસ્થ ધ્યાન. ' અરિહંતાદિક પદોનું ધ્યાન ' પદસ્ત ધ્યાન ' અને સમવસરણસ્થ ભાવ-અરિહંતનું ધ્યાન તે ' રૂપસ્થ ધ્યાન ' છે

૧૦૬, કેવળ જ્ઞાન અને દર્શનાનંદ રૂપ રૂપાતીત સ્વભાવ વાળા જે પરમાત્મા તે નિશ્ચે સિદ્ધાત્મા જાણતા.

૧૦૭, પંચ પ્રસ્થાન મય, મહામંત્ર-ધ્યાનમાં લીન મનવાળા, અને પંચવિધ આચા મય જે આત્મા તેજ આચાર્ય સમજવા.

૧૦૮, મહાપ્રાણ ( ધ્યાન ) વડે સૂત્રાર્થ તદુભય રહસ્ય યુક્ત દ્વાદશાંગને જેણે ધ્યાય છે અને સ્વાધ્યાયમાં સદા તત્પર રહેનાર એવો આત્મા એજ ઉપાધ્યાય છે.

૧૦૯, રત્નત્રયી વડે મોક્ષ માર્ગનું સમ્યગ્ રીતે સાધન કરવા જેના તન મન વચ સાવધાન છે એવો નિત્ય અપ્રમત્ત આત્માજ ખરેખર સાધુ છે.

૧૧૦, મોહના ક્ષયોપશમ વડે શમ સંવેગાદિક લક્ષણવાળો પરમ શુભ પરિણા મય પોતાનો આત્મા એજ દર્શન છે.

૧૧૧, જ્ઞાનાવરણના ક્ષયોપશમ વડે યથાસ્થિત તત્ત્વોના શુદ્ધ અવબોધ રૂપ આત્મા જ્ઞાન કહેવાય છે.

૧૧૨, સોળ કષાય અને નવ નોકષાય રહિત અને વિશુદ્ધ લેશ્યાવંત એવા સ્વસ્વભાવમાં રહેલા પોતાના આત્માનેજ ચારિત્ર સમજો.

૧૧૩, ઇચ્છાના નિરોધથી શુદ્ધ સંવર વાળો અને સમતા ગુણે પરિણમ્યો છતો કર્મની નિર્જરા કરતો આ આત્માજ તપરૂપ છે.

૧૧૪, નવપદનું નિશ્ચય સ્વરૂપ આવું હોવાથી હે ભવ્યો! પોતાના આત્માનેજ નવપદમય જાણીને પોતાના આત્મ-સ્વરૂપમાંજ સદા લીનમનવાળા થાઓ!

નવપદ—ધ્યાનોપદેશ (૧૧૫-૧૨૪)

૧૧૫, જેમણે કામ ક્રોધાદિક અંતરંગ શત્રુ વર્ગને જીતી લીધો છે તથા ઉત્તમ જ્ઞાનવંત સત્પ્રાતિહાર્યાદિક અતિશયો વડે પ્રધાન અને સંશયસમૂહરૂપ રજને ઝાટકી કાઢવા એવા શ્રી અરિહંત ભગવાનને તમે નિરંતર ધ્યાવો.

૧૧૬, દુષ્ટાષ્ટ કર્માવરણથી મુક્ત થયેલા, અનંત જ્ઞાનાદિક ચતુષ્ટયસંપદા વરેલા, અને સમગ્ર લોકમાં અગ્રપદને પામી પ્રસિદ્ધ થયેલા એવા સિદ્ધ ભગવાનને નિરંતર મનમાં ધ્યાવો!

૧૧૭, આ સંસારમાં સૂરિચરણ જે સુખ આપે છે તેવું સુખ માતા પિતા પણ આપી શકતા નથી. તેથી તેમનુંજ સદા સેવન કરો કે જેથી તમે મોક્ષનાં સુખ શીઘ્રમેળવી શકો!

૧૧૮, ઉત્તમ નીર, ક્ષીર અને અમૃત સમાન સ્વાદિષ્ટ સૂત્ર અર્થ અને સંવેગમય શ્રુત જ્ઞાનવડે જેઓ ભવ્ય જનોને સંતોષ પમાડે છે તે અનુગ્રહ કારી ઉપાધ્યાય મહારાજને નિરંતર ધ્યાવો!

૧૧૯, ક્ષમાવંત, જિતેન્દ્રિય, સુગુપ્તિ ગુપ્ત, સંતોષી, પ્રશાન્ત, ઉત્તમ યોગયુક્ત, અપ્રમાદી, અને મોહમાયા રહિત એવા મુનિવરોના ચરણોનુ સદાય ધ્યાન કરો.

૧૨૦, ષડ દ્રવ્યાદિકમાં શ્રદ્ધાનરૂપ સર્વ ગુણમાં પ્રધાન એવું જે દર્શન તે કુગ્રહ વ્યાધિને ઉત્તમ રસાયણની જેમ હઠાવી કાઢે છે?

૧૨૧, નૈગમાદિક નય સમૂહથી નિષ્પન્ન અને પ્રસિદ્ધ એવા તત્ત્વાવબોધ રૂપ પ્રધાન જ્ઞાનને, તમોહારી માણિક્ય દીપકની પેરે તમારા મન મંદિરમાં સ્થાપો!

૧૨૨, મોહનો નિરોધ કરવા સમર્થ અને અતિચાર રહિત મૂળોત્તર અનેક ગુણવડે પવિત્ર એવા પંચવિધ સુસંવર રૂપ નિર્મળ ચારિત્રને તમે નિત્યે સેવો.

૧૨૩, અતિ દુર્જય કુકર્મનો ભેદ કરનાર અને પાપ માત્રનો નાશ કરનાર એવા બાહ્ય અભ્યંતર ભેદવાળા તપને તમે આગમ નીતિયુકત દુઃખક્ષયાર્થે નિરાશી ભાવે સેવો!

૧૨૪, ઇષ્ટ ફળને દેનાર એ નવપદને જે ભવ્યજનો આરાધે છે, તેઓ શ્રી શ્રીપાળ નરેશ્વરની પેરે સુખની પરંપરાને પામે છે.

એમ સમજી આ પંચમ કાળમાં પણ પ્રગટ રીતે કલ્પવૃક્ષની પેરે અનુપમ એવાં અમૃતફળ ચખાડી સર્વ વ્યાધિને અપહરનાર શ્રી સિદ્ધચક્ર (નવપદ) મહારાજને સર્વ પ્રમાદ તજી તમે પૂર્ણભકિતભાવથી ભજો.

## પ્રાસંગિક પદ્ય વડે નવપદને નમસ્કાર.

( ૧ ) ઉત્પન્ન થયેલા નિર્મળ જ્ઞાન જ્યોતિથી ભરેલા, સત્પ્રતિહાર્ય યુક્ત સિંહાસ ઉપર સંસ્થિત થયેલા, અને સદ્ દેશના વડે જેમણે સજ્જનોને આનંદિત કરેલ છે તે જિનેશ્વરોને સદા સહસ્રશઃ નમસ્કાર હો !

( ૨ ) પરમાનંદ લક્ષ્મીના સ્થાપનરૂપ અને અનંત ચતુષ્કના સ્વામી એવા સિદ્ધ ભ વંતને વારંવાર નમસ્કાર !

( ૩ ) કુમતિ-કદાગ્રહને હઠાવી કાઢનાર અને સૂર્ય સમાન પ્રતાપી એવા આચાર મહારાજને વારંવાર નમસ્કાર !

( ૪ ) સૂત્ર અર્થ અને તદુભયનો વિસ્તાર કરવા તત્પર એવા વાચકવરોને વારંવાર વંદન

( ૫ ) જેનણે સમ્યગ્ રીતે સંયમને સેવેલું છે એવા દયાળુ અને દમનશીલ સાધુ જનોને વારંવાર નમસ્કાર !

( ૬ ) જિનોક્ત તત્વને વિશે રૂચિ-પ્રીતિ થવી એ છે લક્ષણ જેનું એવા નિર્મ દર્શન ગુણને વારંવાર નમસ્કાર !

( ૭ ) અજ્ઞાન અને મોહરૂપ અંધકારને દૂર કરવા સૂર્ય સમાન સમર્થ જ્ઞાન ગુણ વારંવાર નમસ્કાર !

( ૮ ) આત્માની સંપૂર્ણ શક્તિ જેનાવડે પ્રાપ્ત થયેલી છે તે સંયમ વીર્યને વારંવા નમસ્કાર !

( ૯ ) અષ્ટવિધ કર્મરૂપી વચનને ઉખેડી નાંખવા કુંજર સમાન તીવ્ર તપ સમુદાયં વારંવાર નમસ્કાર !

એવી રીતે નવપદોથી નિષ્પન્ન શ્રી સિદ્ધચક્ર મહારાજને હે ભવ્યજનો તમે ભક્તિ ભરથી ભજો　　　　ઇતિ શમ્.

## શ્રી સિદ્ધચક્ર-આરાધન વિધિ.

ઉપર કહ્યા મુજબ નવપદના ગુણ સમજી શાશ્વત સુખના અર્થી જનોએ તેન સદા સદ્‌ભાવથી સેવન કરવું. ત્રિકાળ પૂજા સેવા ભક્તિ બહુમાન પૂર્વક મનમાં નિરંતર નવપદનું સ્મરણ કરવું. દ્રઢ અભ્યાસથી નવપદનું ધ્યાન ધરનાર પોતેજ નવપદરૂપ થઇ શકે છે. તેથી અહોનિશ હૃદય કમળમાં નવપદનું સ્થાપન કરી રાખવું જરૂરનું છે. આસો અને ચૈત્ર માસમાં વિશેષે કરીને શુદ ૭ થી ૧૫ સુધી નિરંતર 'આયંબિલ તપનું સેવન કરવું, અને એકેક દિવસે અનુક્રમે ૐ હ્રીં પૂર્વક ૧ **नमो अरिहंताणं**, ૨ **नमो सिद्धाणं**, ૩ नमो आयरियाणं, ૪ **नमो उवज्झायाणं**, ૫ नमो लोए **सव्वसाहूणं**, ૬ **नमो दंसणस्स**. ૭ **नमो नाणस्स**, ૮ **नमो चारित्तस्स**, ૯ **नमो तवस्स** એ નવપદનું ગણણું ગણવું હરેક પદનો ૨૦૦૦ જાપ કરવો અથવા એકેક પદથી ૨૦ નવકારવાળી ગણવી. ગણણું ગણતાં અરિહંતાદિક પદમાંજ ઉપયોગ સ્થિર કરવો. સ્થિર આસન કરી મન તથા ઇંદ્રિયોને કાબુમાં રાખી, એકાંત અને પવિત્ર સ્થળમાં અડગ ધ્યાન ધરવું. ઉભયકાળ

તિક્રમણ અને પડિલેહણ તથા ત્રિકાલ દેવવંદન સંબંધી ક્રિયા યથાવિધ પ્રમાદ રહિત કરવી. પ્રતિક્રમણ એટલે કરેલાં પાપનું પશ્ચાત્તાપ પૂર્વક સદ્ગુરૂ સમીપે આલોચન કરી નિઃશલ્ય થઇ પુનઃ તેવાં પાપથી ડરતા રહેવું અને સર્વ જીવ ઉપર સમાન બુદ્ધિ રાખવી. રાગ, દ્વેષ ક્રોધાદિક કષાય, નિંદા, ચૂગલી મિથ્યા આળ તથા કલહ માદિક નિંદ્ય કામથી સદંતર દૂર રહેવું. યથાશક્તિ દાન દેવું. નિર્મળ મન રાખી શુદ્ધ શીલ પાળવું. નવ દિવસ સુધી યથાવર્ણ એકજ ધાનથી, રસ કસ વિના લુખાસ ...ન્તિથી એકજ વખત સ્થિર આસને ભોજન કરવું. પહેલે દિવસે શ્વેત અન્ન-ચોખા પ્રમુખ, બીજે દિવસે લાલ અન્ન ઘઉં પ્રમુખ, ત્રીજે દિવસે પીત અન્ન-ચણા પ્રમુખ, ચોથે દિવસે નીલ વર્ણ-મગ પ્રમુખ, પાંચમે દિવસે કૃષ્ણ વર્ણ-અડદ પ્રમુખ અને છેલ્લા ચાર દિવસે શ્વેત વર્ણ શાલિ પ્રમુખ રાંધેલું ધાન વાપરી દેહને આધાર આપવો મૈત્રી પ્રમુખ ભાવના ચતુષ્ટયનું સદાય સેવન કરવું. સર્વ જીવોનુ સદાય હિત ઇચ્છવું, સદ્ગુણીને દેખી પ્રમુદિત થવું. દીન-દુઃખીનું દુઃખ ટાળવા બનતુ કરવું અને કઠોર ...લના નિર્દય પ્રાણી ઉપર પણ દ્વેષ લાવવો નહિં. દેહાદિક પુદ્ગલિક વસ્તુઓનું અનિત્ય પણું અને અસાર પણું વિચારી સદા શાશ્વત અને સાર ભૂત ધર્મનુંજ દ્રઢ આલંબન લેવું. સર્વજ્ઞ પ્રણીત ધર્મજ આ દુઃખોદધિમાં ડુબતા જીવોને સહાય ભૂત . નવપદમાં દેવ ગુરૂ અને ધર્મ એ ત્રણેનો સમાવેશ થાય છે. તેથીજ તેનું દ્રઢતર અવલંબન કરવું ઉચિત છે. એ નવપદનું સવિશેષ સ્વરૂપ સદ્ગુરૂ સમીપે સમજી આશંસા રહિત નિષ્કામીપણે તેનું સેવન કરવામાં આવે તો અલ્પ કાળમાં અક્ષયસુખ પ્રાપ્ત થઇ શકે છે. ઉક્ત નવપદ અનંત ગુણનિધાન છતાં તેના અનુક્રમે ૧૨, ૮, ૩૬, ૨૫, ૭, ૬૭, ૫૧, ૭૦ અને ૧૨ ગુણો શાસ્ત્રમાં વર્ણવેલાં છે તે પ્રમાણે તેટલા લોગસ્સનો કાઉસ્સગ્ગ, તેટલાંજ ખમાસણાં અને તેટલીજ પ્રદક્ષિણા વિગેરે કરણી સ્થિર ઉપયોગથી નવ દિવસ સુધી અનુક્રમે કરવી કહી છે. વળી દિન દિન વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન, પ્રમુખ ધર્મ વ્યાપાર, શુદ્ધ મન વચન કાયાના યોગથી કરતાં આત્મા અવશ્ય મોક્ષનો અધિકારી થાય છે. આ પ્રમાણે નવપદનું આરાધન ૪ાા વર્ષ સુધી અને બની શકે તો જીવિત પ્રર્યંત કરવાનું છે. ૪ાા વર્ષમાં સર્વ મળીને ૮૧ આયંબિલ ઉપર મુજબ કરવાના છે, અને સાથે સાથે બીજી ધર્મ કરણી યથાવિધ સમજ પૂર્વક કરવાની છે. દરેક ધર્મ કરણી કરવાનો પરમાર્થ સદ્ગુરૂ સમીપે સમજી તેનું સેવન કરનારને યથાર્થ લાભ મેળવવા એટલું અવસ્ય લક્ષમાં રાખવાની જરૂર છે કે તે કરણી નિષ્કપટપણે કરવી. ભય—પરિણામની ચંચળતા, દ્વેષ-અરૂચિ, અને ખેદ રહિત ચઢતે પરિણામે બની શકે તેવી અને તેટલી ધર્મ કરણી—કરવી દોષ રહિત કરેલી કરણી ઉત્તમ ફળ આપે છે. એમ સમજી સુજ્ઞ સજ્જનોએ સર્વ મત કદાગ્રહ મૂકી દઇ ઉક્ત નવપદનું સ્વરૂપ યથાર્થ રીતે નિષ્પક્ષપાત પણે નિર્ધારી તેનું સેવન—આરાધન નિર્મળ શ્રદ્ધાથી ઉલ્લસિત ભાવે પ્રમાદરહિત કરવું એવી રીતે શુદ્ધ ભાવથી સિદ્ધચક્રજીની આરાધના કરનાર શ્રી શ્રીપાળ અને મયણા સુંદરીની પેરે અત્ર મનુષ્યભવમાં અદ્ભુત સુખ અનુભવી અનુક્રમે સ્વર્ગનો અને મોક્ષનાં અક્ષય અનંત સુખ પ્રાપ્ત કરે છે.

ઇતિ શમ.

# ॥ एक आश्चर्यजनक स्वप्न ॥

## ( लेखक शेरसिंह कोठारी उपदेशक )

अति मनोहर मालवदेशमें एक रमणीय मक्षी नामक पवित्र तिर्थ स्थान है. वहांपर प्रति वर्ष पौष वद १० को मेला हुवा करताहै. देश २ के यात्री लोग वहां आकर अपने जन्मकी साफल्यता करते हैं. मैंभी अपने इष्ट मित्रों सहित वहां पर पहुंचा. शीतकाल होनेसें शामके वख्त सर्वभाइ अपने २ अगों पर नाना प्रकार के पोशाक पहीने हुवे. शरीर पर दुशाले ओदे हुवे, इधर उधर अटन करते हुवे, शोभायमन् दिखते थे, मैं अपने मित्रों सहित वहांरकी धर्म शालामें बैठा हुवा, ज्ञान गोष्टी कर रहाथा; कि रात्रिके बारा बजेका समय आन पहुंचा. और दुष्ट दर्शनावर्णिय कर्मने आन सताया. बस क्या पुछीये? उस दुष्टके आते ही अचेत होन पडा और निद्राके वश पूर्ण रूपसें होगया. पिछली रात कों करीब चार बजे के वख्त स्वप्नमें क्या देखता हुं की मैं एक सुंदर उपवन (Garden) के अंदर खडा हुं. वो बगीचा पूर्ण रूपसें हरा भरा हुवा नजर आता था. विविध प्रकारके पुष्प उसके अंदर खिले हुवे थे. कइ प्रकारके फल परिपक्व हुवे हुवाभे मालुम होते थे. चारो तर्फसें नाना प्रकारके पक्षीओंकी मधुर वाणी चित्तको अलग ही आल्हादित कर रही थी.

अहा! इस सुखसें आनंद मनाता हुवा जबकी मैं इधर उधर टहलने लगा तो थोडी दूर जाकर क्या देखता हुं की एक अति मनोहर विशाल और अवर्णनीय शोभावाला महल बना हुवा है. उस महलको बहारसें देखतेही मैं चकित होगया. और इच्छा हुइ कि भीतर जाकर देखुं इस बातको सोचते २ मैंने उस मकानके अंदर प्रवेश किया. उस मकानको अंदरसे देखते ही मुझे निश्चय होगया कि, वह साक्षात इन्द्र भुवनसाही था उस महलमें बिजलीकी रोशनी Electric light लगी हुइ थी. प्रत्येक कमरा बडे उदमा तौरसें सजाया हुवा था. बीचके दालान में टेबल तथा कुरशीये लगी हुइ थी, परंतु उफ! वो महल बीलकुल शुन्य था, परींदे जाततककाभी उसमें निवास नहीं था. उस समय मुझे इतनी तज्ज्ञाजुबी हुइ की मैं अपने मुखसे उसका वर्णन नहीं कर सकता. खेर. अखीर मैंने उस महलके चारों ओरके किंवाड बंध कर दिये. और एक कुर्सीपर बैठ कर पुस्तक पढने लग गया. वो पुस्तक ऐसी मजेदार Interesting थी के थोडेही मिनिटोंमें मेरा चित्त उसीकी तर्फ स्थिर होगया. और मआलुम होने लगा की मानो वह पुस्तक स्वयंमेव मुझसेंही बातें कर रही है.

परंतु सज्जनो सुनो तो! थोडीही देरमें मुझे ऐसा मआलुम होने लगाकी बहारसें मुझे कोइ आवाज दे रहा है. वो आवाज सुनतेही मैं एकदम चौंक पडा. सबब कि मेरा ध्यान

स पुस्तक की तर्फथा. मैंने कुछ भी तवज्जे नहीं दीया और फिरसें पुस्तक पढना शुरू रादिया. दो चार मिनिटोंमें फिर भी आवाज आया, मैंने सोचा " वह कौन आवाज देता है? ायद दीपक तो न बोलता हो? " खेर पुनः मैंने पढना शुरू कर दिया. अभी'में एक जोर ा आवाज आया कि " किंवाड खोलो वरना तोड दिये जावेंगे " तब मैं बोला, " ठेरो ोलता हुं. "

जब कि मैंने दरवाजा खोला तो मैं क्या देखता हुं कि, चार यौवनवति अतिरूपवान ीयां एकदमसे उस महलमें घुसकरके टेबलके पास जाकर खडी होगई. और मुझे हाथके शारेसे अपने पास बुलाने लगी. सज्जनो, जब मैं उनके पास गया तो मुझे मआलुम हुवा की, ्नोंने बाल २ मोतीसारे हुवे और सोला श्रृंगार पहीने हुवे थे. तदपि उनके चहरे पर ्दासी नजर आती थी.

पश्चात् मैंने पुछा " हे माताओ! आप कौन हैं? यहां क्यों आइ हो? तथा ऐसी रूप-ान् होते हुवेभी जो अपने चहरेपर शोकके चिन्ह धारण कर रही हो. इसका क्या कारण है? " स परसें वह सर्व माताएं एक दमसे बोल उठी " हे भाइ! हम बडी दुःखी हो रही हैं क्षाकर २ " ऐसे रौद्र वचन सुन मेरे रोम २ कांप गये; परंतु मैंने विचारा कि, इस वख्त धैर्य ा अवलम्बन करना ठीक होगा. पश्चात् मैं कर जोडकर सविनय बोला, " हे माताओ! आप ़बराइयेगा नहीं. और प्रथम आप अपने प्रथक् २ नाम बतवें " उन चारोंमेंसे प्रथमने मैत्री, ्ितीयने प्रमोद, तृतीयने कारूण्य, और चतुर्थने आपना नाम मध्यस्थ बताया.

उनके कहने पर से मुझे निश्चय होगया कि जिन चार भावनाओंका वर्णन हमारे जैन ाास्त्र में किया गया है. येही मेरी मातायां स्त्री रूप होकर मेरे सन्मुख खडी है.

तब मैंने प्रथम स्त्रीसें पुछा, " हे मैत्री माता! तुझेमें इतना क्या दुःख आन पडा है ो कृपया मुझे सविस्तर सुनादे. "

वह माता बोली, " मुझ दुःखिणीका दुःख अपार है. आज कल मैं बडी दुर्बल होती ाती हूं. देख तो? जैनशास्त्रों के अंदर मेरा वर्णन बडे विस्तारसें किया गया है. उन्हीं ाास्त्रोंको मानने वाले आज मुझे मान तक नहीं देते. अर्थात् जहां देखा जाता है वहां मित्रता े बजाय कुसंपही कुसंप नजर आता है. भाइ भाइ के, पिता पुत्र के, सासु वहुके, और पति ्नी आदिके आपसमें ऐसे झगडे चलते हैं कि, जिनका वर्णन मैं अपने मुखसें नहीं कर ाकती हुं. हे वत्स! जहां तक आपसमें संप नहीं होगा वहां तक जैनजातिका उदय होना ़डा कठिन है.

अपूर्ण.

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) માં બજાર વચ્ચે શાગોટાપાડ મધ્યે આવેલા શ્રી આદિશ્વર ભગવાનના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ નેમચંદ સકલચં હસ્તકનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં સદરહુ વહીવટ કર્તાએ દાગીના વીગે રેનો હીસાબ તથા નોંધ ચોખ્ખી રીતે રાખી શીલીક જૈન શાળામાં રહેતી હોવાથી ઉપજ ખર્ચનું નામું માંડયું નથી. સદરહુ વહીવટ કર્તા પાસે જે હીસાબ હતો તે અમોએ માગણી કરતાં તુરત દેખડાવી દીધો છે તેથી તેમનો આભાર માનીએ છીએ

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકી ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યેના કુંભારવાડામાં આવેલ શ્રી શીતળનાથજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના પ્રથમના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ બાપુલા ખુબચંદના હસ્તકનો સં. ૧૯૬૪ ના આસો સુદ ૧૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યે તે જોતાં હીસાબ ચોખ્ખો છે પણ નંબર. ૨ ના વહીવટ કર્તા શેઠ મોહનલાલ પોપ ટચંદ જોડે કેસ લડી તેમાં જે ખર્ચ થયો તેના પૈસા દહેરાસરજી ખાતે ઉધાર્યા છે તે રીતથી ઉલટું હોવાથી તે નાણાં દહેરાસરજીમાં ભરી દેવા સૂચવ્યું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકી ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

*　　*　　*　　*

જીલ્લે ખેડા તાબે શ્રી સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે કડાકોટડીમાં આવેલા શ્રી પદ્મપ્રભુજી મહારાજના દહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ ગુલાબચંદ અમથાભા હસ્તકનો સં. ૧૯૬૧ થી સં. ૧૯૬૪ ના પોષ વદી ૦) સુધીનો હીસાબ અમોએ તપાસ્યે છે. તે જોતાં હીસાબ ઘણો ચોખવટથી રાખ્યો છે. તેમ દહેરાસરજીની દેખરેખ પણ સારી રીતે રાખે છે. તેમજ સદરહુ દહેરાસરજીનો હીસાબ તપાસણી માટે અમોએ માગણી કરતાં તુરત તેમણે દેખડાવી દીધો છે તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવટ ર્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

* * * *

જીલ્લે નીમાડ તાબે ખંડવા મધ્યે આવેલા શ્રી આદિશ્વરજી ભગવાનના ઘર દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દહેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટ કર્તા શેઠ ચુનીલાલ અનોપચંદના હસ્તકનો સં. ૧૯૫૮ ની સાલથી તે સં. ૧૯૬૫ ના માગસર વદી ૧ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં હીસાબ રીતસર રાખ્યો છે.

આ ગામમાં દહેરાસરજી તથા પોશાળ નહીં હોવાથી તે કરાવવા માટે સંવત ૧૯૫૮ની સાલમાં મુનિ મહારાજ શ્રી હંસવિજયજીના ઉપદેશથી ટીપ ભરાવી તેમાંથી થોડા રૂપીઆ ઉઘરાવી તેની જગ્યા લીધી છે. બાકીની ટીપના રૂપીઆ વહીવટ કર્તા સ્વર્ગવાસ થવાથી ઉઘરાવવા બાકી છે.

હાલમાં શ્રી બુરાનપુરથી શેઠ શીરચંદ ઠાકોરદાસની વિધવાબાઈ શીવકોર બાઈએ શ્રી માંડવગઢ તીર્થનો સંઘ કાઢી મુનિ મહારાજ પન્યાસજી કમલ વિજયજી આદિ ઠાણાં ચારને સાથે લઈ ગયાં હતાં. રસ્તામાં ખેડવા ગામ આવવાથી, ત્યાં બે દિવસ મુકાણા ને દીગંબર દહેરાસરજીમાં આપણા આદિશ્વરજી ભગવનની પાષાણની પ્રતિમાજી હતાં, તે લાવવાનો પન્યાસજી સાહેબે ઉપદેશ આપવાથી તે પ્રતિમાજી મોટા મઠ માઠથી લાવી, એક જગ્યા ભાડે લઈ, તેમાં બિરાજમાન કરવામાં આવ્યાં છે.

આ ગામ સમેતશીખરજી જવાના રસ્તામાં હોવાથી સંઘ તથા છુટા જાત્રાળુઓ તેમજ સાધુ મુનિરાજોનો આવવાનો પરિચય ઘણો છે, માટે ત્યાં એક દહેરાસરજી તથા પોષધશાળાની ઘણી જરૂર છે. તે ઉપર ત્યાં રહેનાર જૈન ગૃહસ્થનું ધ્યાન ખેંચ્યું છે તો આશા રાખીએ છીએ કે જે ગૃહસ્થને શુભમાર્ગે રૂપીઆ વાપરવાના હોય, તેઓ થોડા ખર્ચમાં મોટો લાભ મેળવવાનો આ અમુલ્ય તક ખોશે નહિ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી, તેને લગતું સૂચના પત્ર વહીવટ કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે તો આશા રાખીએ છીએ કે, તે ઉપર તાકીદે ધ્યાન આપી યોગ્ય બંદોબસ્ત કરશે.

લી૦ શ્રી સંઘનો સેવક,

ચુનીલાલ નહાનચંદ

ઓનરરી ઓડીટર

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મીક તથા નૈતિક શિક્ષણ વિષે કેટલાક વિદ્વાનોના અભિપ્રાયો.

### (૮) ક્રિયાકાંડનાં સૂત્રો.

વિદ્યાર્થીને મોઢે કેટલાં સૂત્રો રહ્યાં છે તેના કરતાં તેના જીવનમાં કેટલાં ઉતર છે, એ ઉપર ધર્મ શિક્ષણની સફળતા ગણવી જોઇએ.

મંગળજી હરજીવન ઓર

ન સમજી શકાય તેવાં મૃત ભાષાનાં સૂત્રોની ગોખણપટ્ટી તે માનસ્ શાસ્ત્ર દ્રષ્ટિથી એક ધિક્કારવા લાયક ને બાળકની શક્તિનો ઘાણ કાઢનારી પદ્ધતિ છે.

ડી. એ. તેલંગ, બી. એ.
જીવાભાઈ અમીચંદ પટેલ.

ગોખણને કદી પણ ઉત્તેજન આપવું ન જોઇએ. સૂત્રોનો અર્થ સમજાવ્યા વિ માત્ર મુખપાઠ કરાવવાની રૂઢી બહુ ખોટી છે અને શિક્ષણ શાસ્ત્રના નિયમોથી તદ વિરૂદ્ધ છે.

લખમસી હીરજી મૈશેરી, બી. એ. એલ. એલ. બી.

સમજ્યા વગરનું મોઢે કરાવવું એ ભૂલ છે. માટે બહુ નાના બાળકો જે અ સમજવા લાયક વયના નથી તેને મોઢે અમૂક શબ્દો અથવા 'ક્રિયા' કરાવવી તે વિરૂદ્ધ હું છું. એવી રીતે નાના બાળકોને મોઢે કરાવવાથી ગંભીર વિષયો પોતા ગંભીરતા ખોઇ એક રમત રૂપ થઇ પડે છે અને ગમે ત્યારે ગમે ત્યાં અને ગમે રીતે એ શબ્દો ઉચ્ચારાય છે.

જગજીવન મુળજી બનીઆ, બી. એ. બી. એસસ

'પોપટ રામ કહે' તેવું શિક્ષણ હોવું જોઇએ નહિ. જેટલું શીખવવામાં આ તે બરાબર સમજ સાથે તથા અર્થ સાથે શીખવાવું જોઇએ.

સૂત્રોનું શિક્ષણ ૧૨ વર્ષની ઉમર થયા બાદ અપાવવું જોઇએ અને તે વ્યાકરણ, ંસ્કૃત તથા માગધીનો અભ્યાસ કરાવ્યા બાદ આપવામાં આવે તો વધારે શ્રેષ્ઠ છે.

શાહ ડાહ્યાભાઈ હુકમચંદ, પ્લીડર.

બાળવયથી ક્રિયાકાંડના પાઠો મુખે કરાવાય છે પણ અર્થ સમજ્યા સિવાય તે પયોગી નથી. વલી નિશાળના બીજા પાઠોના બોજાથી, તે પાઠો ભૂલાઇ નિરૂપયોગી ίવડે છે. માટે થોડું પણ અર્થ સહિત તથા બાળકને ઉપયોગમાં આવે તેટલુંજ ખપાઠ કરાવાય તે યોગ્ય લાગે છે.

પન્યાસ શ્રી કમલવિજયજી મહારાજ.

મુનિરાજ શ્રી કેશરવિજયજી.

વિદ્યાર્થીને બાળવયથીજ ક્રિયાકાંડનાં સૂત્રોનો માત્ર મુખપાઠ કરાવવાની જે રૂઢી ડી ગએલી છે તે સારી નથી. અમુક ક્રિયામાં અમુક લાભ સમાએલા છે અને તેના ,મુક હેતુ છે અને તે કરવાની આવશ્યકતા છે એમ સમજાવવાથી સૂત્રો મુખપાઠે રવા એ પોતે પોતાની મેળે કર્ત્તવ્યને અવશ્ય સ્વિકારશે તો કરી લેશે. ફરજીઆતની ૩ર નથી.

મુનિરાજ શ્રી ચારિત્રવિજયજી.

ક્રિયાકાંડના સૂત્રોનાં સુગમ રહસ્યાર્થ પ્રચલિત દેશ ભાષામાં ઉતારી ઉપદેશવામાં—ીખવવામાં-કંઠાગ્ર કરાવવામાં આવે તો વિશેષ લાભપ્રદ થાય એમ છે; આ વાત અનુ-વમાં આવે એવી છે....સૂત્રપાઠનો નિષેધ કરવો એમ કહેવું નથી; પછી ભલે એ ત્રો કંઠાગ્ર કરવામાં આવે.

× × ×

માગધીભાષા વિદ્યાર્થીના અભ્યાસક્રમમાં દાખલ થાય ત્યારે પછી ભલે મૂળ ત્ર-ભાષા દ્વારા શાસ્ત્રો અવગાહવામાં આવે; અથવા એ દાખલ ન થાય તો પણ મૂળ ત્રની ભાષામાંજ સૂત્રો અવગાહવા ઇચ્છનારને તે ભાષા શીખવા—શીખવવા હરકત થી; પણ આવા શીખનારા થોડા નીકળે; માટે સામાન્ય સમૂહના માટે જો વર્તમાન શ ભાષામાં થાય તો બહુ સારૂં. શ્રી મોક્ષમાળા, આત્મસિદ્ધિ આદિ નમુના રૂપે ખવી શકાય.

મનઃસુખલાલ કીરતચંદ મહેતા.

પ્રતિક્રમણ મોટી ઉમરે શીખવવું યોગ્ય થશે.......યોગ્ય વયે યોગ્ય વિધિથી .પાયેલ શિક્ષણ ઘણી વખત ધર્મ અને ધર્મીઓને ખોટી ચર્ચાના ભોગમાંથી બચાવે છે.

કહાન ચકુ ગાંધી.

૧૨ થી ૧૬ વર્ષની ઉમરે પ્રતિક્રમણ વિષય સમજપૂર્વક શીખવવું વ્યાજબી થશે.

ગુલાબચંદ વી. શાહ, પ્લીડર.

**कियाकांडका अर्थ सहित मुखपाठ १२ से १६ वर्ष तकमें कराना चाहिए. ह्मचर्य व्रतकी बात १५, १६ वर्षकी उमरमें समझाकर शिखलाना.**

जीवविचार आदि प्रकरण ग्रंथोंकी मूळ गाथाओंका अर्थ सहित मुखपाठ १ वर्षसे कम उमर वाले बालकोंको कराना वाजबी नही होगा, कारण इसमें ऊन लोग पर अतिरिक्त बोझा डालवाना होगा.

कुमारसींग नहार, बी. ए.

## છોકરાંઓની નીતિ માટે શિક્ષકે લેવાના ઉપાય.

### કેળવણીનું શાસ્ત્ર અને તેની કળા.

વર્ત્તન તપાસવું.

૧. વર્ગમાં કામ ચાલતું હોય, ત્યારે તેમનું વર્ત્તન તપાસવું, એટલે તેઓ ભણ તરફ ધ્યાન આપે છે કે કેમ, બીજા સાથે કેમ વર્તે છે, જુઠું બો વાથી ને નકલ કરવાથી અલગ રહે છે કે કેમ, સ્વાર્થી થઇ બીજા તકાવે છે કે શું, પોતાની આજ્ઞા ઉલ્લંઘે છે કેમ, શાળાના નિય સાચવે છે કે નહિ, તે જોવું. શાળાના વખતમાં ઘણું કરીને નીતિનાં આટલાં તત્વો ખપ પડે છે, અને તે બાળકથી સમજાય એવાં અને તેમનાથી પળાય એવાં હોય

નિશાળ બહારનું વર્ત્તન.

૨. છુટીના વખતમાં કે નિશાળ બહાર હોય, ત્યારે પણ બાળક ઉપરનાં તત ઉપર ધ્યાન રાખી પોતાનું આચરણ ચલાવે છે કે કેમ, તે ઉ શિક્ષકે લક્ષ આપવું. રમતના વખતમાં ને અખાડાની કસરતો થ હોય ત્યારે શિક્ષકે હાજર રહેવું જોઇએ. તેમની હાજરીજ છોકર આડે માર્ગે જતાં અટકાવે છે, એટલુંજ નહિ, પણ જ્યારે કે અણઘટતું બોલે ( રોચડી બકે ) કે ખોટી તકરાર કરે, ત્યારે તેનું શા માટે ખોટું તેની સમજ પાડી તેને ખોટા માર્ગથી અટકાવવું જોઇએ. રમતમાં જુઠું કે વાંકું બો વાની લાલચ બાળકને બહુ થાય છે, પરંતુ એ મહા દુર્ગુણ અટકાવવા માટે શિક્ષ પ્રથમથીજ લક્ષ આપવું જોઇએ. કોઇપણ દુર્ગુણે ઘર કર્યું. એટલે તે નીકળવો મુશ્કે પડે છે, માટે છોકરાંના કુમળાં હૃદયમાં તે પ્રવેશ થવાજ ન પામે, તેને માટે ઇલા લેવાની ફરજ માબાપની ને શિક્ષકની છે.

શિક્ષક નીતિનો નમુનો જોઇએ.

૩. છોકરાં મોટાનું અનુકરણ કરે છે, તેથી મોટાંની ખોડખાંપણો ને અવગુ તેમનામાં દાખલ થાય છે. એટલા માટે શિક્ષક પોતે ખોડખાં વગરનો ને સદ્ગુણનો નમુનો હોવો જોઇએ. શિક્ષકમાં પગ હલ વવાની, આંખ મચમચાવવાની, બોલવામાં નકામા શબ્દ વારેવ ઉમેરવાની, અવિવેકી કે બિભત્સ વેણ બોલવાની ખોડ હોય, તો તે નકલ છોકરાં કરે છે. શિક્ષક પોતે અનિયમિત, આળસુ, જુઠા બોલો, સ્વાર્થી, અન્યા કે નિર્દય હોય તો વિદ્યાર્થીમાં તેવા અવગુણ થોડા કે ઘણા દાખલ થાય છે.

૪. છોકરાં જ્યારે ખોટું કામ કરે, ત્યારે શું કરવું? કેટલાક શિક્ષક તેમને ઠપકો દે છે, કે સખત માર મારે છે; વળી કેટલાક દયાળુ કે

**[શિ]ક્ષકની નાપસંદગી ને નારાજીપણું.** કાર શિક્ષક એવે પ્રસંગે કંઇજ કરતા નથી; પરંતુ એ બંને માર્ગ વાંધા ભરેલા છે. શિક્ષકની નાપસંદગી અને નારાજીપણું એજ વિદ્યાર્થીને કુમાર્ગથી અટકાવનાર મુખ્ય સાધન છે. આર્નોલ્ડના વિદ્યાર્થીઓ કહેતા, કે "આર્નોલ્ડના મોં આગળ જુઠું બોલવું એ પાપ છે." [એ]વી ઉચ્ચ સમજ જો વિદ્યાર્થીના મનમાં શિક્ષક લાવી શકે, તો તેને ખરેખરો કુશળ [ને] ફતેહમંદ શિક્ષક સમજવો. જાણે પોતાથી કંઇ પાપ થઇ ગયું હોય, ને જેવી [લ]ાગણી શિક્ષકને થાય, તેવીજ લાગણી વિદ્યાર્થીથી થઇ ગએલા પાપને માટે શિક્ષકને [થ]ાય, તો તેની અસર વિદ્યાર્થી ઉપર થયા વગર રહેજ નહિ. શિક્ષક આપણા શુભેચ્છક [છે], અને આપણું સારૂં ચહાય છે, એવી સમજ વડે વિદ્યાર્થીઓ તેની મરજીને [અ]નુસરનારા જરૂર થાય છે.

**[દા]ખલા દ્રષ્ટાંત** ૫. દાખલા દૃષ્ટાંત વડે નીતિનું શિક્ષણ સારૂં મળે છે. ઇસપ નીતિની અને બીજી વાતો એવા હેતુથી જોડેલી હોય છે. ગામમાં કે ગામની આસપાસ સારાં કામ કરનારને મળેલા સુખનાં કે નઠારાં આચરણ આચરનારને પડેલા દુઃખના દાખલા બાળકના મનને અસર કરે છે. [ઇ]તિહાસ એ દૃષ્ટાંતરૂપે નીતિ શીખવવાનું મોટું સાધન છે, માટે તે શીખવતી વખતે [તે]નો લાભ અવશ્ય લેવો.

**[ન]ીતિના પાઠોની સમજૂત.** ૬. વાંચનમાળામાં કે બીજે ઠેકાણે નીતિના પાઠ આપેલા હોય, તે ચલાવતી વખતે નીતિનાં તત્વો સારી પેઠે સમજાવવાં ને છોકરાંના મનમાં ઠસાવવાં. નીતિના પાઠ એકલા વંચાવી જવાના નથી. દાખલા દૃષ્ટાંત આપીને દરેક તત્વનું ખરૂં સ્વરૂપ છોકરાંના મનમાં ઠસાવવું. ઘણી વાર બોલાવાથી કે વાપરવાથી જરૂરનાં સૂત્રો તેમને મોઢે થઇ જાય, [તો] તે હમેશ યાદ રહેશે.

**[ક]ર્તવ્ય કરવાની ફરજ છે.** ૭. પોતાનાં કર્તવ્ય સમજવાં, ને અદા કરવાં, એ મનુષ્ય માત્રની ફરજ છે. બીજાને ખુશી કરવા, બીજાથી માન મેળવવા, કે લાભની પ્રાપ્તિ થવા ખાતર કર્તવ્ય કરવાનાં નથી; પરંતુ તે કરવાની પોતાની ફરજ છે—ઇશ્વરની આજ્ઞા છે, એ વાત ભણનારના મનમાં દૃઢ કરવી જોઇએ.

**[ન]ીતિનું શાસ્ત્રીય જ્ઞાન.** ૮. બીજા વિષયોની માફક નીતિ પણ સંયોગીકરણની રીતે શીખવાય છે. જાણીતા દાખલા દૃષ્ટાંત વડે અમુક કરવા ન કરવાની બાળકને વધારે સમજ પડે છે. જેનું પરિણામ તાત્કાલિક આવે. અને બાળકને તેનો અનુભવ થાય, તે વાત તેના મનમાં દૃઢ થાય છે. આ સર્વ નીતિની કળા કહેવાય. એ કળા જે શાસ્ત્ર ઉપર આધાર રાખે છે, તે શાસ્ત્રનું [પ]રિણામે જ્ઞાન થવું જોઇએ; એટલે દાખલા દૃષ્ટાંત વગેરે ઉપરથી જે નીતિના નિયમો [ની]કળે છે, તેની તેને સમજ પડવી જોઇએ. આ પ્રમાણે નીતિનું શાસ્ત્રીય જ્ઞાન છોકરાં [મો]ટાં થાય, ત્યારે ઉપલા વર્ગોમાં આપવાથી ઠીક પડે છે. બીજાં શાસ્ત્રોની પેઠે નીતિ[શ]ાસ્ત્ર એ બુદ્ધિનો ખોરાક થઇ પડે છે, તથા તે નીતિના વિચાર દૃઢ કરે છે. પરંતુ [શિ]ક્ષકે જે ખાસ લક્ષમાં લેવાનું છે, તે એ કે નીતિના નિયમો કાચી વયમાં બાળકને [મા]ત્ર ગોખાવવાથી લાભ થતો નથી. અર્થ વગરનાં વાક્યો સમજ્યા વગર પોપટની [પે]ઠે ગોખી રખાવવાં, તે નિરૂપયોગી છે.

# ટ્યુટોરીયલ-કલાસીઝની ત્રીમાસિક પરીક્ષા.

પ્રસ્તુતી પર આવેલ શેઠ વીરચંદ કરમચંદ જૈન ફ્રી રીડીંગ રૂમ એન્ડ લાઇ-
ના હોલમાં ચાલતા ટ્યુટોરીયલ કલાસીઝ કે જેમાં ૧૭ વિદ્યાર્થીઓ લાભ લે છે
ત્રીમાસિક પરીક્ષા તા૦ ૨૦-૪-૧૦ ની રાત્રે રા. રા. ઉમેદચંદ દોલતચંદ બરોડિયા
એ. ના હસ્તકથી લેવામાં આવી હતી જેનું પરીણામ પરીક્ષક તરફથી પૂરતું
તોષકારક જણાવવામાં આવેલ છે. શ્રીયુત પરીક્ષકે કરેલ મીનીટ નોંધ, ( જે નીચે
પ્રમાણે છે તે ) મજકુર કલાસીઝમાં કરવામાં આવતા સંગીન કામનો પૂરતો પૂરાવો
છે. જે દરેક સદ્‌ગૃહસ્થોને વાંચવાની ખાસ ભલામણ છે.

I examined the Students of the Tutorial-classes on the 20th April 1910 at the request of the Proprietor and was highly pleased to find that they all showed good progress within a period of four months. The teachers seem to have worked hard for their pupils. However I wish they would take care in future that their pupils learn English Pronunciation better. These Classes are the first of their kind in the Jain Community of Bombay and if they are properly encouraged, they will be a boon to the Young students who can not attend school because of their poverty, age and employment. The New Scheme adopted here is commendable. I wish every prosperity to these Classes.

Sd. U. D. BARODIA. B. A

21st. April 1910.

TEACHER, CHANDA RAMJI
GIRLS' HIGH SCHOOL & SUPDT.
G. M. JAIN HOSTEL


ધંધાદારીઓને ઇંગ્રેજી વાતચીત, વેપારી પત્રવ્યવહાર એક વર્ષમાં ખાસ નવીન ઢબ મૂજબ (સાધારણ) શીખવવામાં આવે છે. ફી રૂ. ૫૦) તે ચાર હફતે દર ત્રણ ત્રણ માસ માટે રૂ. ૧૨॥ એડવાન્સ લેવામાં આવે છે. ટાઇમ રાત્રીના ૮ થી ૯ (મુ.ટા.) હાઈસ્કુલના વિદ્યાર્થીઓને કલાસના ધોરણ મુજબ શીખવવામાં આવે છે. અનુભવી કેળવાયેલા શીક્ષકો રોકવામાં આવ્યા છે. વધુ હકીકત માટે લખો યા મળો.

ઠે. વી. કે. જૈન લાઇબ્રેરી.
પાયધુની—મુંબઈ.

લાલચંદ લક્ષ્મિચંદ શાહ.
પ્રોપ્રાયટર ટ્યુટોરીયલ—કલાસીઝ

# ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી.



" હાથી ગુંથવાના સંચા. "

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઇ શકે તેવા સરસ અને સફાઇદાર મોજાં, ગલપટા, ટોપીઓ, ગંજીફરાક વીગેરે ઘણીજ સહેલાઇથી અને ઝડપથી બનાવવાનાં અસલ ઇંગ્લીશ બનાવટના સંચા ધુંગીઆ એન્ડ કાં૦ માં મળે છે. પ્રાઇસલીસ્ટ મફત.

ઠે૦ જે૦ એચ૦ એ૦નં૦ ૧૨૫ ગુલાલવાડી—મુંબઈ. નં૦ ૪.

જૈન બંધુઓ વાંચો અને અમુલ્ય લાભ લ્યો.

# શ્રી જૈન શ્વેતામ્બર ડીરેક્ટરી.

વ્હાલા બંધુઓ, આપ સારી રીતે જાણતા હશો કે વડોદરા અને પાટણ કોન્ફરન્સ વખતે જૈન શ્વેતાંબર કોમની આધુનિક સ્થિતિ જાણવા માટે સર્વે જૈન બંધુઓનો વિચાર થવાથી ડીરેક્ટરી કરવાનું કામ કોન્ફરન્સ ઓફીસે હાથ ધરેલું હતું. આ મહાભારત કામના પ્રથમ ફળ રૂપે અમદાવાદ કોન્ફરન્સ પહેલા શ્રી જૈન શ્વેતાંબર મંદિરાવળિ, ભાગ ૧ લો બહાર પાડવામાં આવ્યો હતો. ત્યાર પછી કોન્ફરન્સ ઓફીસ તરફથી આ મુશ્કેલ કામના દ્વિતીય ફળ રૂપે શ્રી જૈન શ્વેતાંબર ડીરેક્ટરીના ભાગ ૧ લો (ઉત્તર ગુજરાત) અને ભાગ ૨ જો (દક્ષિણ ગુજરાત)—એવી રીતે બે ભાગ આ સમયે જૈન પ્રજા સમક્ષ પ્રસિદ્ધિમાં મુકવામાં આવે છે. આ બન્ને ભાગમાં સમસ્ત ગુજરાત દેશની પ્રાચીન તેમજ અર્વાચીન જાણવાલાયક હકીકતો દાખલ કરવામાં આવી છે. જૈનોની વસ્તીસંખ્યા દેખાડનારી ગામની નિશાનીઓ ઉપરાંત તીર્થસ્થળ, દેરાસર, તથા રેલ્વેની સરળ માહિતી આપનારાં ચિન્હોવાળો સુંદર નકશો પણ આપેલો છે ટુંકમાં જૈનોની વસ્તીવાળા જીલ્લા અને તાલુકાવાર ગામ, રાજ્ય, નજીકનું સ્ટેશન અને તેનું અંતર, નજીકની પોસ્ટ તથા તાર ઓફીસ, દેરાસર, તીર્થસ્થળ, ધર્મશાળા, ઉપાશ્રય, પુસ્તક ભંડાર, લાયબ્રેરી, પાઠશાળા પાંજરાપોળ અને સભામંડળ વિગેરેને લગતી સઘળી ઉપયોગી બાબતોથી આ ડીરેક્ટરી ભરપૂર છે. આ સિવાય ગામવાર જ્ઞાતિ અને ગચ્છની, કુંવારા, પરણેલ, વિધુર અને વિધવાની તેમજ ભણેલ તથા અભણની સંખ્યા આ ડીરેક્ટરીમાં સમજપૂર્વક આપવામાં આવેલ હોવાથી દરેક જૈન બંધુને આપણી આધુનિક સ્થિતિ નજરે તરી આવે છે. વિશેષમાં જીલ્લાવાર તેમજ જનરલ રીપોર્ટ તથા તે ઉપરથી ઉપજતા વિચારોથી આ ડીરેક્ટરી જૈન સમાજ માટે બહુ ઉપયોગી કરવામાં લગાર પણ કચાશ રાખવામાં આવી નથી. છતાં આ બુકની કીંમત માત્ર પહેલા ભાગના રૂ. ૦-૧૨-૦ અને બીજા ભાગના રૂ. ૧-૪-૦ અને બન્ને ભાગ સાથેના રૂ. ૧ ૧૪-૦ રાખવામાં આવેલ છે. ડીરેક્ટરી તૈયાર કરવા પાછળ રૂ. ૧૬૦૦૦ ની મોટી રકમ ખર્ચવામાં આવી છે, તે છતાં આ બુજ કિંમત રાખવાનું કારણ કમાવાની ખાતર નહીં પરંતુ શ્રીમંત તેમજ ગરીબ જૈન બંધુને આ પુસ્તકનો લાભ આપવાનું છે. માટે સર્વે જૈન બંધુઓ આ મોટો લાભ અવશ્ય લેશેજ એવી અમારી સંપૂર્ણ ખાત્રી છે.

નકશાની છુટી નકલ અઢી આનાની પોસ્ટ ટીકીટ મોકલનારને મોકલવામાં આવશે.

તૈયાર છે ! તૈયાર છે !! તૈયાર છે !!!

## કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

# શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી, ઔપદેશિક, ભાષા,, સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સવત્, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફૂટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ટ, ગ્રંથ કર્તા અને પૃષ્ટ, રચ્યાનો સંવત ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સભામંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. રૂ. ૩-૦-૦

Registered No. B. 525

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૬.)  ચૈત્ર, વીર સંવત્ ૨૪૩૬, મે સને ૧૯૧૦.  (અંક ૫ મો.

प्रकट कर्त्ता.

श्री जैन (श्वेतांबर) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય. | પૃષ્ઠ. |
|---|---|
| What we need to-day ... | ૧૧૩ |
| જીવદયા–અહિંસા. Humanitarianism ... | ૧૧૫ |
| જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષાના નિયમો તથા અભ્યાસક્રમ ... | ૧૧૯ |
| સિદ્ધર્ષિગણિ ... | ૧૨૩ |
| પાંજરાપોળના પશુઓમાં જણાતો સાધારણ રોગ ... | ૧૨૭ |
| एक आश्चर्यजनक स्वप्न ... | ૧૨૯ |
| ધાર્મિક હિસાબ તપાસણી ખાતું. ... | ૧૩૩ |
| ધાર્મિક શિક્ષણનો ક્રમ... ... | ૬૫ |
| ધર્મશિક્ષણમાં પ્રતિક્રમણ સૂત્રોનું સ્થાન ... | ૬૮ |
| ધર્મ ગ્રહણ કરવાની યોગ્યતા ... | ૭૨ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु० १–४–०

धर्म विजय प्रेस, पायधुनी—मुंबई.

ગવર્નમેન્ટનાં પેટ્રો સર્ટીફીકેટો




ઓનરો, હજારો ખાનગી પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૨૧ સોનાના અને બીજા ઘણા ચાંદો,**
**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનારા,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવનો પહેલ વહેલો હુન્નર દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે?

# હરીચંદની  તિજોરીઓ.


છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની (વાળેલ એકજ પતરાની, અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ' વગેરે જાતોની) પ્રો૦ ગજ્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલો ભરેલી, મુંબઇના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઇમાં સૌથી પહેલી આવનાર અને સૌથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

**સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી.**

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ.

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેજો!!

સાયડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, (સરકારી ખાસ પેટંટ મેળવેલ) હજારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં૦ ૧ ની ચાવીથી ઉલટો અને નં૦ ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો.

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર છે.

કારખાનામાં બનતી વખતે જ માલ જુઓ, મસાલામાં નોટ મુકીને આખી તીજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું! આખું ગામ જોઇને પછી આવો!!

**પ્રીમીયર સેફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૦ ૧૩૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શો રૂમ—નં૦ ૩૨૦, ગ્રાંટરોડ કોર્નર

|| ॐ नमः सिद्धेभ्यः ||

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः

सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ।

सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो

वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥

ભાવાર્થ:—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ છે વળી આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે. જ્ઞાનના મહા સાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એજ આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીના પેઠે ઉન્નતિ પમાડે છે તેજ પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

પુસ્તક ( ) [illegible] ત્ર, વીર સંવત્ ૨૪૩૬ મે, સને ૧૯૧૦ અંક ૫

## What We Need To-day ?

Mr. Jagmunderlal Jaini M. A. Bar-at-Law Editor of "Jain Gazette" who was lately in our midst, while expressing his views on " Elevation of Jainism " seriously drew the attention of the Jain public on the utter necessity of picking up the task of preparing a work in English which can fully speak of what Jainism is and hence arises the paramount duty of our Graduates as well as well-to-do persons to meet the said demand of the day by selecting various principles acceptable to the three sects of Jainism in general that are laid down in Jain Scriptures, getting them translated and published in one volume into English.

It was an august day in the history of Jainism when the late Mr. Virchand Raghavji Gandhi Bar-at-Law, the Champion of our faith, for whose noble and enthusiastic work there is no difference of opinion, went with his mission to England and America where he preached the ideals of our Lord Mahavira which were pronounced to be receiving attention even in influential quarters, but as a Gujarati proverb tells of "આરંભે શૂરા

we lacked in sending a further mission to foreign countries whereby our progress in spreading the doctrines of our Lord Mahavira, was arrested prematurely.

However it being the characteristic of Western people to discover and accept the true knowledge wheresoever it can be obtained in the world in order to promote their physical, social and spiritual well-being, they have often been demanding our publishing bodies for our s riptures translated into English and I think it is high time for us in order to answer their requirements to publish a volume or two in English language, the language that has become the language of the world, such as to give an adequate idea of our noble spiritual possessions.

This will help us, not only in spreading our doctrines in foreign countries, but we shall also be able to introduce our work in the Indian Universities by frequent appeals to the authorities concerned and get our students, the future heroes of our community, learn the character and doctrines of their own religion. Many have general impression that the B. A.s and M. A.s of [illegible] University do not know even the alphabet of their own religion (exceptions excluded). Then I think, this proposed task if brought into existence will more or less remove the stain that lies on these Bechalors and Masters of Arts, and the day will be drawing nigh as our Lord professed, when the Jainism will achieve the highest rank in the world's religions.

It is of course certain that to carry out Mr. Jaini's above proposal is not so easy as can be suggested on papers or in public meetings. There are many problems frowning at our face. The proposal has to make its way through the prejudices of our orthodox people. They have not moved an inch in handing over the Scriptures that lie decaying in Patan, Jesulmir and some other places. However it is not quite impossible to get their possession if the influential men of those cities are impressed with the advantages derived through the revealation of Jain literature or if this procedure meets with failure we must ask them to let us have copies at our expense and I think, they will not be so stubborn to reject this reasonable request.

In conclusion let me therefore invite the attention of ou Graduates as well as Shethias ( because without the co-operation o each other the task can not be caried out) to ponder over the propos of Mr. Jaini in its true light and realise the necessity, the necessit that can not be dispensed with at this juncture, of bringing into existenc a work that we need to-day, partly to solve the problem of religiou education in University and partly to spread our mission all over th world and hope this will not fall on deaf ears.

93, Tambakanta,
Bombay.

K. B. VAKIL.

# જીવદયા—અહિંસા. HUMANITARIANISM.

( લેખક રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ; એલ એલ. બી. )

"*Harmlessness is the highest religion.*"

"It is iniquitous to inflict avoidable suffering on any sentient bei g

"Blessed are the merciful, for they shall obtain mercy."

"Do unto others as you would be done by."

"To destroy is easy, to create is difficult."

"Humanitarianism is not merely a kindly sentiment, a produc o the heart rather than of the brain but an essential portion of an intelligible system of ethics or social science."

"The future of the human race lies in spiritual unfoldment tou ching mankind with a divine love and compas ion which sympathise with the sorrows and sufferings of all forms of sentient life"

( *Mr. R W. Martindale* )

" The progress of mankind individually and nationally towards th higher or spiritual life is hopelessly barred by the prevalent habit o feeding upon blood-stained food. Such diet produces hardness of hear and soul-blindness."

"Has God, thou fool, worked solely for thy good,

Thy joy, thy pastime, thy attire, thy food?" (Pope)

" Eating is for living and praying ( while ) thou believest tha living is for eating."

अहिंसा परमो धर्मः दया धर्मस्य जननी ॥
आत्मवत् सर्व भूतेषु यः पश्यति स एव पश्यति ॥
अयं निजः परो वेति, गणना लघुचेतसां ।
उदारचरितानां तु, वसुधैव कुटुम्बकम् ॥
मित्ती मे सव्वभूएसु, वेरं मज्झं न केणइ ॥
दया धर्मको मूल है, पाप मूल अभिमान;
तुलसी दया न छांडीए, जब लग घटमें प्राण.

( શ્રીમદ્ રામચંદ્ર ભક્ત તુલસીદાસજી )

" તન ધન તરૂણાઇ, આયુ એ ચંચળા છે, પરહિત કરી લેજે તાહરો એ સમે છે.

* * *

નળ કરણ નરિંદા, વિક્રમા રામ જેવા, પરહિત કરવા જે, ઉદ્યમી દક્ષ તેવા.

( સૂક્ત મૂક્તાવલી )

કલ્પલતા સમાન, ચિંતામણિ સદૃશ શ્રી ચતુર્વિધ સંઘની પ્રતિનિધિ રૂપ પરમ માનનીય આપણી મહાન્ કોન્ફરન્સે હાથ ધરેલ વિષય-શ્રેણીમાં જીવદયાના વિષયને પણ અગ્રસ્થાન આપવામાં આવેલ છે અને તદ્‌વિષયક જુદે જુદે માર્ગે જે કંઇ પ્રયાસ કોન્ફરન્સ ઓફીસ તરફથી-તેના કાર્યવાહકો તરફથી અદ્યાપિ પર્યંત કરવામાં આવેલ છે તેટલાથીજ માત્ર સંતોષ માની બેસી નહિ રહેતાં જીવદયાના મહાન્ કાર્યને અનેક રીતે ચર્ચી આગળ વધારવાની જરૂર છે એવા લક્ષ્યાર્થથીજ આ વિષય સંબંધી યત્-કિંચિત્ ઉહાપોહ કરવાનું ઉચિત ધારવામાં આવેલ છે.

**વિષયની અગત્યતા.** આ માસિકના ગત વર્ષોના કોઈ કોઈ અંકમાં જુદા જુદા જે જે વિષયો પરત્વે મારા તરફથી લેખ દ્વારાએ ચર્ચા કરવામાં આવી હતી, તે વિષયો માત્ર જૈન કોમ તરફજ દ્રષ્ટિબિંદુ રાખી ચર્ચવામાં આવ્યા હતા અને તેથી તે વિષયોની ચર્ચા કેટલેક અંશે એક દેશીય હતી, પરંતુ આ જીવદયાનો વિષય જૈન પ્રજા સિવાય સમસ્ત હિંદુ પ્રજા તો શું મરકે ભૂમંડળ ઉપર વસતી તમામ પ્રજાને ઘણે અંશે ઉપયોગી હોવાથી એક અંગ્રેજ વિદ્વાનના મુખપૃષ્ઠ ઉપર ટાંકેલ અંગ્રેજી વાકયના ભાવાર્થ અનુસાર સમગ્ર મનુષ્ય જાતિની આત્મિક ઉન્નતિનું ભવિષ્ય જુદા જુદા દેહધારી સર્વ પ્રાણીઓનાં દુઃખ અને તેથી થતી દિલગીરીમાં સહાનુભૂતિદર્શક કરૂણાની લાગણી ઉપર આધાર રાખતું હોવાથી—આ વિષયની સર્વમાન્યતા પ્રતિપાદન કરવાના હેતુથી, યથાશક્તિ સર્વ દર્શી નજરથી—વિસ્તારથી કરવાની અપેક્ષા રાખવામાં આવે છે અને તેથી આશા છે કે અન્ય સાક્ષર બંધુઓ પણ આ વિષય પરત્વેની ચર્ચામાં સ્વતંત્ર કલમનો ઉપયોગ કરી પોતા તરફનો ફાળો આપવા ઉત્સાહવંત થશે અને દુનિયામાં પ્રચલિત સર્વ ધર્મને

માન્ય ' અહિંસા પરમો ધર્મઃ ' ના સિદ્ધાંતને વધારે દૃઢતાથી વળગી રહેવાને—ત અનુસાર વર્તન રાખવાને જનસમુદાયને અસાધારણ પ્રેરણા કરશે તો પરિણામે દીઘ દૃષ્ટિથી વિચાર કરતાં સ્પષ્ટ રીતે એમ પણ સમજાય છે કે જીવદયાના સિદ્ધાંતનો પ્રચા દિન પ્રતિદિન વધતાં આપણા દેશની આર્ય પ્રજાને અપરિચિત ( foreign ) અરાજક( ( anarchism ) નું તત્ત્વ કંઇક અંશે દાખલ થવા પામેલ છે તેનો પણ સદંત નાશ થશે.

**જીવદયાના પ્રકાર.**

જુદી જુદી અપેક્ષાએ જૈન તત્ત્વવેત્તાઓએ દયાના અનેક ધોરણથી જુદા જુ ભેદ પાડી જૈન દર્શનનું સ્યાદ્વાદપણું સિદ્ધ કરી આપ્યું છે. જૈ શાસ્ત્રકારો દયાના મુખ્યતાએ બે ભેદ પાડે છે. દ્રવ્યદયા અને ભાવ દયા. જીવોના પ્રાણોનું રક્ષણ કરવું તે દ્રવ્યદયા અને તેથી અનં( ગુણી ઉપકારક, જીવના જ્ઞાન. દર્શન, ચારિત્રાદિક ભાવપ્રાણોની રક્ષ કરવી તે ભાવદયા. દ્રવ્યદયા કરવા વડે જીવ પુણ્ય કર્મના બંધથી ઉત્તમ ગતિ પ્રા કરી શકે છે, પરંતુ ભાવદયાના પરિશીલનથી જ્ઞાન, દર્શન, ચારિત્રાદિ સાધનસં જ્ઞતા મેળવી જીવ મોક્ષગામી થઇ શકે છે. દ્રવ્યદયા સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃ જીવોને સામાન્ય છે પણ ભાવદયા સમ્યગ્દ્રષ્ટિ જીવોમાંજ દ્રષ્ટિગત થાય છે. દ્રવ્ દયા ભાવદયાનું નિમિત્ત છે. ભાવદયામાં વર્તતો જીવ ચૌદ રાજલોકમાં વસતા સ( જીવોને અભયદાન આપે છે.

ભાવદયા બે પ્રકારની—સ્વભાવ દયા અને પરભાવ દયા. પોતાના આત્માના જ્ઞાનાદિ ગુણની વૃદ્ધિ કરવી તે સ્વભાવ દયા અને અન્યના આત્માઓને તત્ત્વબોધ આપી સમ્યકત્વનો લાભ આપવો તે પરભાવ દયા. વળી વ્યવહાર દયા અને નિશ્ચય દય એમ પણ ભેદ પાડવામાં આવે છે. સર્વ જીવોની અનેક બાહ્ય ઉપાયોથી દયા કર( તે વ્યવહાર દયા અને આત્માને કર્મમલથી રહિત કરવા દયાના જે પરિણામ થા તે નિશ્ચય દયા કહેવાય છે. એક અપેક્ષાએ જીવે મનથી, વચનથી અને કાયાથી અન જીવની હિંસા કરતાં, કરાવતાં અને કરનારને અનુમોદન આપતાં વિરમવું એમ પ( ભેદ પાડી શકાય. માત્ર પ્રાણાતિપાત વિરમણનો અક્ષરશઃ અર્થ કરી અન્ય જીવન પ્રાણધ્વંસ કરતાં અટકવું એટલામાંજ જીવદયા પાળી ગણી સંતોષ પકડી બેસી નહિ રહેતાં, અખંડ ધારાએ દયાર્દ્ર ચિત્ત રાખી અન્ય પ્રાણીને પોતાના તરફથી કંઇપણ બાધા-પીડા ન ઉપજાવવી અગર અન્ય તરફથી થતી અયોગ્ય રીતની વ્યથા નહિ થ( ઘટતો પ્રયાસ કરવો એટલુંજ નહિ પણ કરૂણા બુદ્ધિથી અન્ય પ્રાણીના ઉત્કર્ષ તર લક્ષ્ય રાખી તેના આત્મિક ગુણો ખીલવવા બનતો પ્રયાસ કરવો આવશ્યક છે એ ધ્યાનમાં રાખવું જોઇએ. ભાવદયા સંબંધીના વધારે ઉપદેશ માટે વિદ્વાન્ મુનિવ ઉપર આધાર રાખી અત્ર માત્ર દ્રવ્યદયા સંબંધીજ લખવાનું ધાર્યું છે.

જૈન શાસ્ત્ર અનુસાર ગૃહસ્થધર્મ અને સાધુધર્મના યોગ્ય પાલન નિમિત્તે જે જે વ્રત-નિયમ આદિનું સેવન આવશ્યક ગણવામાં આવે છે તે સ(

દયા એ સર્વ ધર્મનું મૂળ છે. વ્રતો-સાધુનાં પંચ મહાવ્રત અને ગ્રહસ્થનાં પાંચ અણુવ્રત, ત્રણ ગુણ વ્રત અને ચાર શિક્ષાવ્રત-તમામનો આધાર એક રીતે કહેતાં પ્રથમ વ્રત ઉપરજ છે એમ માનવામાં આપણે ભૂલ કરતાં કહેવાઇશું નહિ. સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, નિઃપરિગ્રહીપણું વગેરે મુખ્ય વ્રતો—સદ્વર્ત્તન નિમિત્તે ધારણ કરવા યોગ્ય તમામ આવશ્યક ગુણો થોડે ઘણે અંશે પ્રાણતિપાત વિરમણ વ્રત નામના પ્રથમ વ્રતનેજ પુષ્ટિ આપતા માલમ પડે છે. પ્રથમ જણાવવા મુજબ ખરેખરી રીતે જીવદયા પાળનાર મનુષ્ય આપોઆપ સર્વ વ્રતો પાળતો જોવામાં આવશે અને ક્રમશઃ ઉંચી હદે પહોંચતાં તેજ મનુષ્ય શિરસા વંદનીય થઇ પડશે. જીવદયાના વિષયમાં જેનું આચરણ શિથિલ હશે તે પ્રાણી રાક્ષસ સ્વરૂપ મનાઇ પોતાનું અને પરનું કંઇ પણ હિત કરવા સમર્થ ધારવામાં આવશે નહિ. સુધરેલી દુનિયામાં એવો કોઇ ધર્મ નથી કે જે એકાંત હિંસાનોજ ઉપદેશ આપતો રહેતો હોય. ગમે તેટલાં પુસ્તકો ફેંદી નાખવામાં આવતાં કોઇ પુસ્તકમાંથી એવું કથન નહિ કાઢી શકાય કે જે દયાશૂન્ય ચિત્તને તેના હિંસાના કાર્યમાં ઉપકારક થાય. તદ્દન જંગલી મનુષ્યના હૃદયમાં—હજારો પશુઓનો ઘાત કરનાર ક્રુર ચાંડાળ-ખાટકી (Butcher) ના હૃદયમાં પણ કવચિત્ મનુષ્યો તરફજ કંઇ નહિ તો તેના સંબંધીઓ તરફજ દયાનો કિંચિત્ માત્ર અંશ પ્રગટ થતો માલમ પડશે અને તે ખરે માર્ગે પ્રેરનાર (conscience) અંતરાત્માની શકિતનુંજ શુભ પરિણામ સમજવું. જુદા જુદા પ્રાણી આશ્રયી, જુદા જુદા મતાવલંબીઓના સમુદાય આશ્રયી દયાના અસ્તિત્વનો—વધારે ઓછા પ્રમાણમાં (degrees) જ ફરક સમજવાનો છે. ક્રિશ્ચિયન ધર્મવાળાઓ જ્યારે માત્ર મનુષ્ય પ્રાણીઓ તરફજ દયા બતાવવાનો—મનુષ્ય જાતિનાં દુઃખો ઓછાં કરવાનો—તેમનાં દુઃખમાં સહભાગીદાર થવાનો-તેમનાં સુખ માટે યત્ન કરવાનો ઉપદેશ આપી શાંત રહે છે ત્યારે હિંદુ ધર્માનુયાયીઓ અને તેમનાથી પણ આગળ વધીને જૈન મતાવલંબીઓ, સર્વ પ્રાણી માત્ર તરફ-તે ગમે તે સ્થિતિમાં-જાતિમાં કર્મ વશાત્ આવી રહેલ હોય તેમના તરફ પરમ વિવેકબુદ્ધિથી કરૂણા રાખવાનું-સામ્ય દ્રષ્ટિથી જોવાનું શાસ્ત્રનું ફરમાન માન્ય રાખે છે. આવી રીતે જગત્ના સર્વ જીવો-જન્તુઓ તરફ સમાન નજરથી જોનાર અને સર્વ પ્રાણીને પોતાનાજ આત્માતુલ્ય સમજનારને, ખરેખર જોનાર, શાસ્ત્રકારોએ કહ્યો છે અને આથી ઉલટી રીતે વર્તનારને અંધ પુરૂષની ગણનામાં મેલ્યો છે. અહો ? શાસ્ત્રકારોની પરમોન્નત-છેલ્લી કોટીની દયાલુપણાની દશાને-સ્થિતિને ધન્ય છે. પરમાર્થથી જીવદયાના નિયમ સાથે બંધ બેસતું ન થાય તેવા માંસાહારનું ભક્ષણ કરનાર મુખ્ય કોમ મુસલમાનના ધર્મપુસ્તક 'કુરાન' માં પણ ખોરાક સંબંધીના વિવેચનમાં જણાવેલ છે કે ખોરાક તરીકે 'Fruits of the earth' ને ઉપયોગમાં લઇ શકાય અને તેનો અર્થ પૃથ્વીની પેદાશ (ફળો) એમ કરી પેદાશમાં માત્ર અન્ન, ફળ, શાકને દાખલ કરીનેજ સંતોષ નહિ માનતાં *કેટલાએકોએ અંદર પ્રાણીઓને પણ* દાખલ કર્યા અને માંસાહાર સશાસ્ત્ર ઠરાવ્યો; પરંતુ આવી રીતે ખેંચી-તાણીને અર્થ કરતી મુસલમાન પ્રજાને પણ તેમના મહાન પેગમ્બરનું એવું ફરમાન છે કે મકાશરીફે હજ કરવા જતાં અને હજ (પવિત્ર જાત્રા) પૂરી થતાં દરમ્યાન કોઇ પણ પ્રાણીનો

વધ કરવો નહિ; માંકડ સુધ્ધાંતને મારવો નહિ. આ શું હમેશને માટે અનુસર૰ યોગ્ય ફરમાન નથી ? આ ઉપરથી આપણે જોઇ શકયા કે સર્વ ધર્મનાં સિધ્ધાંતો અ૰ સાર જીવદયા એ ધર્મનું મૂળ છે અને તેનેજ વિશેષ રીતે પ્રકટ કરતાં તુલસીદાસ૰ કહે છે કે 'દયા ધર્મકા મૂળ હે, પાપ મૂળ અભિમાન; તુળસી દયા ન છાંડીએ, જ૰ લગ ઘટમેં પ્રાણુ.

(અપૂર્ણ.)

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બો૰.

## શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા.

તેના નિયમો તથા સને ૧૯૧૦ તથા ત્યાર પછીના ત્રણ વરસો માટેનો અભ્યાસક્ર૰

### નિયમો.

૧ મજકુર પરીક્ષાઓ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડે નિમેલ, નીચે જણાવે૰ એજંટોની દેખરેખ નીચે, નીચેનાં સ્થળોએ દર વર્ષે ડીસેંબર માસમાં હવે પ૰ મુકરર કરવામાં આવનાર દિવસે એકજ વખતે લેખીત લેવામાં આવશે.

| સ્થળ. | એજંટ. |
|---|---|
| ૧ મુંબઇ | શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ. |
| ૨ સુરત | મી. ચુનીલાલ છગનલાલ શરાફ. |
| | ,, મગનલાલ પી. બદામી. |
| ૩ અમદાવાદ | મી. મણીલાલ નથુભાઇ દોશી. |
| | ,, હીરાચંદ કકલભાઇ. |
| ૪ માંગરોળ | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા. |
| ૫ મહેસાણા | શ્રી મહેસાણા જૈન પાઠશાળા. |
| ૬ પાલીતાણા | મી. વિઠ્ઠલદાસ પુરૂષોત્તદાસ. |
| | ,, કુંવરજી દેવશી. |
| ૭ ભાવનગર | શ્રી જૈન ધર્મ પ્રસારક સભા. |
| ૮ વેવલા | શેઠ દામોદર બાપુશા. |
| | ,, બાલચંદ હીરાચંદ. |
| ૯ બનારસ | શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા. |
| ૧૦ જયપુર | શેઠ ધાંસીલાલ ગુલેચ્છા. |
| ૧૧ ગુજરાનવાલા | શ્રી આત્મારામજી જૈન પાઠશાળા. |
| ૧૨ રાજકોટ | મી. ચત્રભુજ જેચંદ. |
| | ,, કાલીદાસ દેવજી. |
| ૧૩ રતલામ | શેઠ વર્ધમાનજી વાલચંદજી. |
| | ,, રતનલાલજી સુરાના. |

**સૂચના**—આ સ્થળો ઉપરાંત અરજીઓ આવેથી પરીક્ષા લેવાનાં સ્થળો વધારવાનો વિચાર કરવામાં આવશે.

**અભ્યાસક્રમ.**

૨ નીચે મુજબ પાંચ ધોરણોની પરીક્ષા લેવામાં આવશે. આ પ્રસિદ્ધ કરેલા અભ્યાસ-ક્રમમાં સને ૧૯૧૦ અને તે પછીના ત્રણ વરસમાં અતિ અગત્યના કારણ વગર ફેરફાર કરવામાં આવશે નહીં.

**ધોરણ ૧ લું.**

**પંચપ્રતિક્રમણ** મૂળ, અર્થ, વિધિ અને હેતુ સહિત ( શેઠ હીરાચંદ કકલભાઈવાળું પુસ્તક ). વિધિપક્ષવાળા ઉમેદવારો માટે શેઠ ભીમસિંહ માણેકનું છપાવેલ વિધિપક્ષ પંચપ્રતિક્રમણસૂત્ર મોટું. સિવાયના ગચ્છવાળાઓની પરીક્ષા તે તે ગચ્છના પ્રમાણભૂત પુસ્તકના અનુસાર લેવામાં આવશે.

**ધોરણ ૨ જું.**

નીચેના બેમાંથી કોઇ પણ એક વિભાગ.

૧ **જીવવિચાર** તથા **નવતત્ત્વ** પ્રકરણ (શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તકો).
**શ્રાવક ધર્મસંહિતા** ( માંગરોળ જૈન સભાનું છપાવેલું ).
**ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લો.** *

૨ **નવતત્ત્વ, નવસ્મરણ અર્થ સહિત** ( શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તકો).
**ત્રણ ભાષ્ય** ( શેઠ વેણીચંદ સૂરચંદ અથવા શેઠ ભીમસિંહ માણેકવાળું પુસ્તક ) **અર્થ અને સમજણ તથા હેતુપૂર્વક**

**ધોરણ ૩ જું.**

**યોગશાસ્ત્ર** ( મુનિ કેશરવિજયજી તરફથી પ્રગટ કરેલું પુસ્તક ).
**મહાવીર ચરિત્ર ભાષાન્તર હેમચંદ્રાચાર્ય કૃત** ( શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ થયેલું.)
**આનંદઘનજીની ચોવીશી** ( જ્ઞાનવિમળસૂરિના ટબાવાળી ).

**ધોરણ ૪ થું.**

**આગમસાર** દેવચંદ્રજી કૃત ( શેઠ ભીમસિંહ માણેક તરફથી છપાએલ ).
**તત્ત્વાર્થાધિગમસૂત્ર** ( રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળામાંથી ).

**ધોરણ ૫ મું.**

નીચેના પાંચ વિભાગમાંથી કોઇ પણ એક વિભાગ.

૧ **ન્યાયઃ—સ્યાદ્વાદ મંજરી** ( રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળામાંથી ).
**નયકર્ણિકા** વિનયવિજયજી કૃત ( પંડિત લાલન તરફથી છપાએલ ).

* આ બુક હાલમાં મળતી ન હોવાથી આ વરસે તેમાંથી સવાલ પૂછવામાં આવશે નહીં, શુ આવતા વર્ષથી તે બુકમાંથી સવાલ પૂછવામાં આવશે.

૨ દ્રવ્યાનુયોગઃ—છ કર્મગ્રંથ ( શેઠ ભીમસિંહ માણેક તરફથી છપાએલ ).

૩ અધ્યાત્મઃ— અધ્યાત્મ કલ્પદ્રુમ ( મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલી સિટર તરફથી બહાર પડેલું ).

દેવચંદ્રજીની ચોવીશી ( શેઠ ભીમસિંહ માણેક તરફથી વિવેચન સાથે છપાએલ. )

૪ પ્રકીર્ણઃ— ઉપદેશ પ્રાસાદ પાંચે ભાગ ( શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથ છપાએલ) તેના પર વિવેચન અને વિચારપૂર્વક કરેલ અવલોકન સાથે

૫ ઇતિહાસઃ—ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર પર્વ ૧ થી ૧૦ નું ભાષાંતર સંપૂર્ણ (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ) ઐતિહાસિક તથ તત્ત્વદૃષ્ટિએ વિદ્યાર્થીએ અવલોકન કરવાનું.

૩ મજકુર પરીક્ષા લીધા પછી આશરે દોઢ મહિને ઇનામ મેળવનાર તથા પાઃ થનાર ઉમેદવારોનું લીસ્ટ શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી જાહે પત્રદ્વારા બહાર પાડવામાં આવશે.

૪ આ પરીક્ષામાં ઉંચે નંબરે આવનાર ઉમેદવારોને તેની લાયકાત પ્રમાણે નીઃ મુજબ શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષાના ઇનામો મજકુ પરીક્ષા પછી આશરે બે મહિને આપવામાં આવશે.

વર્ગ ૧ લો:–દશ ઇનામો રૂ. ૯૨) નાં.

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૨૧) | ૬ ઠું ઇનામ રૂ, ૭) |
| ૨ જું ,, ,, ૧૭) | ૭ મું ,, ,, ૫) |
| ૩ જું ,, ,, ૧૫) | ૮ મું ,, ,, ૩) |
| ૪ થું ,, ,, ૧૧) | ૯ મું ,, ,, ૨) |
| ૫ મું ,, ,, ૯) | ૧૦ મું ,, ,, ૨) |

વર્ગ ૨ જો:—આઠ ઇનામો રૂ. ૧૦૦) નાં.

| ૧ લા પેટા વિભાગ માટે | ૨ જા પેટા વિભાગ માટે |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૨૧) | ૧ લું ઇનામ રૂ. ૨૧) |
| ૨ જું ,, ,, ૧૫) | ૨ જું ,, ,, ૧૫) |
| ૩ જું ,, ,, ૯) | ૩ જું ,, ,, ૯) |
| ૪ થું ,, ,, ૫) | ૪ થું ,, ,, ૫) |

વર્ગ ૩ જો:— પાંચ ઇનામો રૂ. ૬૩) નાં.

| | |
|---|---|
| ૧ લું ઇનામ રૂ. ૨૫) | ૪ થું ઇનામ રૂ. ૮) |
| ૨ જું ,, ,, ૧૫) | ૫ મું ,, ,, ૫) |
| ૩ જું ,, ,, ૧૦) | |

વર્ગ ૪ થો:-- ત્રણ ઈનામો રૂ. ૬૦) નાં.

૧ લું ઇનામ　રૂ. ૩૦)　　　　૩ જું ઇનામ　રૂ. ૧૦)
૨ જું　„　　„ ૨૦)

વર્ગ ૫ મો:-- પાંચ ઈનામો રૂ. ૧૫૦) નાં.
પાંચ વિભાગમાંના દરેક વિભાગમાં રૂ. ૩૦)

પ્રકીર્ણ સૂચના:—કોઇ પણ વિદ્યાર્થી એકી વખતે એકજ ધોરણમાં પરીક્ષા આપી શકશે, પણ તેમાં તે નિષ્ફળ થશે તો તે ધોરણમાં તે બીજે વરસે બેસી શકશે. બીજા તથા પાંચમા ધોરણમાં એકથી વધારે વિષયો છે, તેથી દરેકમાં જુદે જુદે વરસે પરીક્ષા આપી શકાશે, અને પાસ થનારને લાયકાત પ્રમાણે ઇનામ અથવા પ્રમાણપત્ર મળશે.

એક તૃતીયાંશ માર્ક મેળવનારનેજ પાસ થયેલ ગણવામાં આવશે પણ ઇનામને લાયક થવા માટે ઓછામાં ઓછા પચાશ ટકા માર્ક મેળવવાજ જોઇશે.

પાંચમા ધોરણમાં હાલ તુરત ઇનામ નાનાં દેખાય છે, પણ જે વિભાગમાં બેસનાર નહીં હોય તેનાં ઇનામો અન્ય વિભાગમાંના ઇનામની રકમ અથવા સંખ્યા વધારવા માટે ઉપયોગમાં લેવામાં આવશે.

દરેક પેટા વિભાગનાં ઈનામો એક બીજાથી સ્વતંત્ર છે, તેથી તે ધોરણના પેટા વિભાગોમાં અંદર અંદર હરીફાઇ રહેશે નહીં.

બીજા ધોરણમાં અને ત્યાર પછીના ધોરણમાં નવસ્મરણ સિવાય કોઇ પણ વિષયમાં મુખપાઠના સવાલો પરીક્ષામાં પૂછવામાં આવશે નહીં.

ગયે વખતે જે બીજા ધોરણમાં પાસ થયા હશે તે આ વરસે અથવા હવે પછી બીજા ધોરણના (૧) લા પેટા વિભાગમાં બેસી શકશે નહીં પણ તેજ ધોરણના (૨) જા વિભાગમાં બેસી શકશે. તેમજ ત્રીજા ધોરણમાં પાસ થયા હશે તે બીજા ધોરણના (૨) જા પેટા વિભાગમાં બેસી શકશે નહીં, પણ પેટા વિભાગ (૧) લામાં બેસી શકશે. જુના ચોથા ધોરણમાં પાસ થયેલ વિદ્યાર્થી નવા ધોરણ પાંચમાંના પેટા વિભાગ (૨) જામાં બેસી શકશે નહીં. તેમજ જુના પાંચમા ધોરણમાં પાસ થયેલ વિદ્યાર્થી નવા ચોથા ધોરણમાં બેસી શકશે નહીં.

આ પરીક્ષામાં સ્ત્રીઓ પણ બેસી શકશે.

આંખે અપંગ હોય તેને માટે લખનારની વ્યવસ્થા કરી લેવામાં આવશે તો તેની યોગ્યતાનું પ્રમાણપત્ર આપવામાં આવશે પણ તેને ઇનામ મળશે નહીં.

આ પરીક્ષાના ધોરણ વિગેરે સંબંધમાં ખુલાસો પૂછવો હોય તે નીચેના સરનામેથી મંગાવવો.

પરીક્ષામા બેસવા ઇચ્છનાર દરેક વિદ્યાર્થીએ નવેંબરની ૩૦ મી તારીખ પહેલાં નીચે તે પ્રમાણે અરજી બોર્ડના સેક્રેટરી તરફ મોકલી આપવી. પાંચમા ધોરણમાં બેસનાર વિદ્યાર્થીએ અરજી તા. ૩૧ અકટોબર પહેલાં મોકલી આપવી. દરેક અરજી નીચે જણાવેલી વિગત સાથે મોકલવી.

૬ આ પરીક્ષામાં બેસનાર ઉમેદવારોએ પોતાનું નામ, ઠેકાણું, ગામ, ઉમર, જન્મ તારીખ, જન્મભૂમિ, કયા ધોરણમાં, કયા પેટા વિભાગમાં, કયે સ્થળે પરીક્ષા આપવી છે, તેમજ તેની વ્યવહારિક કેળવણી કેટલી છે અને ધંધો શું છે તેની વિગત નીચેના સરનામે ચોખ્ખા અક્ષરે લખી મોકલવી.

પાયધુની, પોષ્ટ નં० ૩<br>
મુંબઇ, તા. ૧-૫ ૧૦

મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ<br>
મનસુખલાલ કીરતચંદ મહેતા<br>
ઓનરરી સેક્રેટરી.<br>
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

# સિદ્ધર્ષિ ગણિ.

( લેખક-ઉદયચંદ લાલચંદ શાહ મુંબઈ. )

અનુસંધાન ગતાંકને પાને ૧૦૪ થી

લક્ષ્મી:—પ્રાણપતિ, મને તમારા વિચારો યોગ્ય લાગે છે. વિવાહિત થએલો સિદ્ધ નહીં સુધરે એ વાત મને પણ અસંભવિત લાગતી નથી. કુલીન કન્યાઓ કુળનો ઉદ્ધાર કરનારી હોય છે. એ વાત શાસ્ત્રમાં અને લોકમાં પણ પ્રગટ પણે છે. ઘણાંખરાં ઉચ્છૃંખલ, ઉધ્ધત અને ઉન્મત્ત યુવાન પુરૂષો રમણિના રસના રસિક બની સુખ સંપાદન કરી શકયા છે, વ્યભિચાર જેવા દુર્વ્યસનમાં આસક્ત બનેલા યુવાનોને ઘણી સદ્ગુણી, સુશીલ સુંદરીઓએ સારે માર્ગે દોરી લાવેલ છે. તેથી કરીને જો સ્વામિનાથ, આપણો સિદ્ધ વિવાહિત થાય તો પત્નીના સંયોગે સુધરી સારાસારનો વિચાર કરી, હિતાહિત સમજી, સન્માર્ગે ચઢી, સારી સ્થિતિમાં આવશે. એમ મારી માન્યતા છે. તેમજ આપના દીર્ઘ-દૃષ્ટિ ભરેલા વિચારોને હું મળતી થાઉં છું.

આ પ્રમાણે બન્ને દંપતીએ વિચાર કરી તેજ નગરમાં રહેનાર વિમળમતિ નામના ધનાઢયની સુબોધા નામની કુમારિકા સાથે સિદ્ધનો સંબંધ જોડવામાં આવ્યો, અને તેઓના વિવાહને માટે બન્ને ઘરમાં તૈયારીઓ થવા લાગી, કુમારી સુબોધા વાસ્તવિક રીતે ખરેખર સુબોધાજ હતી. વ્યવહારમાં અને ધર્મમાં ઉપયોગી થાય એવું કેટલું એક જ્ઞાન તેણે સંપાદન કરેલું હતું. સતી પણાની તેમજ પતિવૃત્તા ધર્મની શુધ્ધ છાપ તેના હૃદયમાં પડેલી હતી. તેની મનોવૃત્તિઓમાં સ્ત્રી જીવનની સાર્થકયતા કેવા પ્રકારે થાય, અને સ્ત્રી જીવનની ઉન્નતિ શામાં સમાયેલી છે, એજ પવિત્ર અને શુભ્રાશય-વાળાં અનેક વિચારો તેણીના હૃદયમાં ક્ષણે ક્ષણે ઉદ્ભવતા હતા.

એ સુબોધાની સાથે માંગલિક મુહુર્તે આનંદોત્સવ પૂર્વક સિદ્ધનો વિવાહ જોડયો, અને શુભ સમયે તેમનાં લગ્ન કરવામાં આવ્યાં; તેમના મહાન આનંદોત્સવમાં શ્રીમાળ નગરની પ્રજાએ સારી રીતે ભાગ લીધો. સિદ્ધ અને સુબોધા પરસ્પર એક

બીજાના સુખ દુ:ખના ભાગીદાર થયાં; પતિ પત્નીરૂપે દાંપત્ય યુગલ જોડાયું, નગરના અનેક લોકો એવી વાતો કરવા લાગ્યાં કે, કયાં કાદવ અને કયાં કસ્તુરી, એવી રીતે આ બંન્ને દંપતીનો સંબંધ થયો છે; કારણકે, સિદ્ધ એક ઉચ્છૃંખલ, ઉન્મત્ત અને ઉદ્ધત તેમજ અજ્ઞાની યુવક છે. ત્યારે સુબોધા સુશીલ. સદ્‌ગુણી અને સુશિક્ષિત સુશ્રાવક બાળા છે. એમનો સંસાર સુખી કેમ નિવડશે! એ સંબંધ અનુચિત છે. પરંતુ કર્મરાજની સબળ સત્તા સામે કોઈનું કાંઈ પણ ચાલતું નથી. એમ કહી. ભવિષ્યના-ભાવીભાવ હોય તે પ્રમાણે બને છે, એમ સમજી શાંતતાને ભજતાં હતાં.

આ સંસાર સાગરમાં નજર નાંખતા એમ ભાસે છે, કે, કર્મની ગતિ વિચિત્ર છે. કારણ કે ઉચિત અને અનુચિત, કોમળ અને કઠિન, ચિત્ર અને વિચિત્ર એવા પરસ્પર વિપરીત ધર્મના યોગ કર્મથીજ થાય છે. કર્મરાજની એટલી સબળ સત્તા ચાલે છે; કે, તે ઘડીના તો શું બલ્કે પલકના છઠ્ઠા ભાગમાં રાજાને રંક, અને રંકને રાજા બનાવી દે છે. કર્મ એક મહાન વસ્તુ છે. તે એક છતાં વિવિધ પ્રકૃતિઓને લઈને અનેક રૂપે થયા કરે છે. તેની પ્રકૃતિ જાળમાં સર્વ સૃષ્ટિ ઓતપ્રોત થઈ રહે છે. અતકર્ય ભાવો, અવનીના અદ્‌ભુત ચમત્કારો અને અઘટીત ઘટનાઓ-બનાવો એ કર્મ રાજની બળવાન્ સત્તાને લઈનેજ થયાં કરે છે.

જેમ જેમ શુભંકરનો પુત્ર સિદ્ધ યુવાવસ્થાને પ્રાપ્ત થતો ગયો, તેમ તેમ તેની અંદર દુર્ગુણો અને દુર્વ્યસનો પ્રગટપણે દેખાવા લાગ્યાં " ઉન્નતિના શિખરનો નાશ કરવામાં વજ્રસમાન, નીતિરૂપી કલ્પવેલીને છેદન કરવામાં-ઉન્મૂલન કરવામાં શસ્ત્ર સમાન. સદ્‌બોધ રૂપી સરોવરને સુકવવામાં ગ્રીષ્મ ૠતુ સમાન, ધર્મરૂપી ચંદ્રમાનો ગ્રાસ કરવામાં રાહુના મુખ સમાન, અનીતિને બોલાવનાર, વ્યભિચારને આમંત્રણ કરનાર, ચોરીને માન આપનાર, આબરૂના સુરમ્ય-સુંદર વૃક્ષને છેદન કરવામાં તેમજ નિર્મૂળ કરવામાં કુઠાર સમાન, તેવીજ રીતે છળ, કપટ, કામ, ક્રોધ, દંભ, મદ, અને અહંકાર એ દુર્ગુણોનું પઠન પાઠન ( શીખવવામાં ) કરાવવામાં પરમ પાઠશાલા સમાન, " એવું નીચમાં નીચ જુગાર રમવાના દુર્વ્યસનમાં તે વિશેષપણે આસક્ત થયો. જુગારીની દુ:ખદાયક જાળમાં તે પોતાના આત્માને મલીન કરવા લાગ્યો. નિરંતર રાત્રિ દિવસ જુગાર રમી પોતાના આત્માને આનંદિત અવસ્થામાં માનતો, એથી કરીને અનેક સ્વાર્થી ફોલીખાનારાં જુગારી લોકો તેના મિત્ર થયાં હતાં. આવા દુર્ગુણી આચરણો અંગિકાર કરવાને લીધે સિદ્ધની યુવાવસ્થા કલંકિત થઇ ગઇ. જુગારની ભ્રમણામાં અહર્નિશ રાત્રિ દિવસ ભટકવા લાગ્યો, ભમવા લાગ્યો, અને ફક્ત ભોજન કરવાને માટે ઘેર આવતો, કોઈ કોઇ વખતે શયન કરવાને માટે તો અર્ધીરાત વિત્યાબાદ અથવા કોઇ કોઈ કાળેતો સહવારના સમયમાં શયન કરવાને આવતો હતો, એથી કરીને તેની સ્ત્રી સુબોધા ઘણીજ મુંઝાતી હતી. કારણ કે, તે જાણતી હતી કે ' પતિના સુતા પછી સૂવું અને પતિના ઉઠ્યા પહેલાં ઉઠવું. ' એ પતિવ્રતાની ધર્મ રીતિ પ્રમાણે તે સુજ્ઞ બાળા ચાલતી હતી, અને શયનભુવનમાં પોતાના પતિની વાટ જોતાં થાકી ને તે કંટાળી જતી, અને મનમાં મુંઝાતી.

એક સમયે સિધ્ધની માતા લક્ષ્મીએ પોતાના પુત્રની વધૂ સુબોધાને કૃશ થઇ ગયેલી અને ચિંતાતુર જોઇ વિચારવા લાગી; કે, સિદ્ધ દુર્ગુણી પુત્ર છે. એથી કરીને બિચારીને સિદ્ધની તરફથી દુઃખ થતું હશે. માટે કરીને મારે તેની સંભાળ લેવાની આવશ્યક્તા છે. અને કદાપી જો હું વધુ તરફ ઉપેક્ષા રાખીશ તો એ બાળા બહુજ દુઃખદાવસ્થાને પામશે. અને કોઇ વખતે આત્મઘાત પણ કરી બેસશે આ પ્રમાણે વિચાર કરીને લક્ષ્મીએ સુબોધા પ્રત્યે પુછયું.

લક્ષ્મીઃ—હે સદ્ગુણી વધૂ ! તમારૂં શરીર કૃશ થઇ ગયેલું લાગે છે, તેમજ તમારૂં સૌદર્ય અને હૃદય એ બન્ને ચિંતારૂપી અગ્નિથી દગ્ધ થઇ ગયેલાં જણાય છે માટે વત્સે ! તારે જે દુઃખ હોય તે મારી સમક્ષ કહે.

આવા પ્રકારનાં પોતાની સાસૂનાં આશ્વાસનસૂચક શબ્દો સાંભળી સુબોધા નીચે મુખે ઉભી રહી. તેણીના આંખમાંથી અશ્રુધારાઓ ચાલવા લાગી. એવી સ્થિતિ જોઇ લક્ષ્મીને વધારે દયા આવી. તેણી પોતાની વહુને હૃદય સાથે ચાંપીને બોલીઃ—

લક્ષ્મીઃ—બેટા ! શોક ન કર. હૃદયમાં ધૈર્યને ધારણ કર. અને તારા હૃદયના દુઃખો મારી પાસે સુખેથી નિઃશંક થઇ પ્રગટપણે જણાવ ?

સુબોધાઃ—પૂજ્યપાદ સાસૂજી ! પતિની નિંદા કરવી, પતિના અવર્ણવાદ બોલવા, એ સતી સ્ત્રીના પતિવ્રતા ધર્મથી વિરૂદ્ધ-ઉલટું છે. યાને તે પતિવ્રત પાળનારી સતી સ્ત્રીનો ધર્મ નથી. પતિની નિંદા કરવી તે ઇષ્ટદેવની નિંદા કરવા બરોબર છે. તોપણ મારે મારા પતિના હિતને માટે તમારી સમક્ષ કહેવું પડે છે કે, તમારા પુત્ર પ્રતિદિન રાત્રિને સમયે શયન કરવાને માટે બહુ મોડા આવે છે. કોઇ કોઇ વખતે તો કુકડાના નાદ સમયે તેમનો ઘરમાં પ્રવેશ થાય છે. એથી કરી મારે નિરંતર દુઃખ ભોગવવું પડે છે. તેમજ રાત્રે તેમને આવવાને માટે જે વિલંબ થાય છે, તેનું કારણ પણ વિપરીત જણાય છે. તેઓ જુગારના ખરાબ વ્યસનમાં એટલા તો આસકત થયા છે; કે, જેથી કરીને તેમના ઉપર વિપત્તિનું વાદળ છવાઇ ગયું છે. અને તેને લઇને મારા અંતરમાં ચિંતાની મોટી જવાલા પ્રજ્વલિત થઇ છે. મને એ ચિંતામાંથી છોડાવવાની યોજના કરો ? માતાજી !" પતિને દુર્ગુણોના ભયંકર દરિયામાં આસક્ત થયેલા તમારા પુત્રને ઉગારવાને માટે ઉપાયો આદરો ? એમ પુનઃ પુનઃ વિનીત વનિતાએ પોતાની સાસૂને પોતાના પતિના શ્રેયને માટે કહ્યું

લક્ષ્મીઃ—વિવેકી વધુ, તારા પતિને તેના પિતાએ અને મેં ઘણી વેળાએ શિખામણો આપી છે. સમજાવવાને ઘણાં પ્રયત્નો કર્યા છે. છતાં પણ તે માનતો નથી. હવે અમે પણ શિખામણ આપતાં અને સમજાવતાં કંટાળી ગયા છીએ. માટે તારે તેવા પતિની પાછળ દુઃખી થવું નહીં. અને સિદ્ધ આજે જ્યારે મોડો આવે ત્યારે તારે ઘરનું બારણું ઉઘાડવું નહીં. તે સમયે હું તેને શિખામણ આપીશ. અને સમજાવીશ.

સુબોધા—( સાસૂના ઉપરોક્ત વચન સાંભળી અસંતોષિત હૃદયે ) સાસૂજી, એ કામ મારાથી કેમ બને, પતિ પોકાર કરે અને તે હું શ્રવણ કરીને તેમની આજ્ઞા ન પાળું તો મારા સતી ધર્મમાં બાધ આવે એ કેટલું બધું અનુચિત કહેવાય !

લક્ષ્મીઃ—બેટા પુત્ર વધુ, એ વિષે શંકા રાખીશ નહીં. કારણ કે, એમ કરવાથી તારો પતિ સુધરી જશે. અને તેથી કરીને તેનું પૂર્ણપણે હિત થશે, પોતાના પતિનું શ્રેય થાય, મર્યાદા સચવાય, અને પોતાના ધર્મમાં બાધ ન આવે તેપ્રકારે પતિનુ હિત કરવું–શ્રેય કરવું એ સતી સ્ત્રીનો ધર્મ છે. માટે તેમ કરવાથી તને પતિના વચન ભંગપણાનો દોષ લાગશે નહીં. તેના દોષનું પાત્ર પણ તું થવાની નથી. કારણ કે, હું તને તે પ્રમાણે કરવાની આજ્ઞા આપું છું.

આ પ્રમાણે સાસૂનાં વચનો સાંભળી સુબોધાએ શંકા દૂર કરી, અને પોતાના પતિના શ્રેયને માટે તેમ કરવાને તૈયાર થઇ, અને પોતાની સાસૂની આજ્ઞાનો પતિના શ્રેય માટે અમલ કરવા સારૂં તત્પર થઇ ગઇ.

તેજ દિવસે રાત્રિનો વખત થયો. જુગારના ખરાબ વ્યસનમાં આસક્ત બનેલો સિદ્ધ અન્ય જુગારીઓ સાથે નગરમાં ભટકવા નિકળી પડયો. અને નગરમાં ભમવા લાગ્યો. જ્યારે ચાર પ્રહર રાત્રિમાંથી બે પ્રહર રાત્રિ અવશેષ રહી, ત્યારે સિદ્ધનું ઘર તરફ આવવું થયું, ઘેર આવી તેણે દરવાજો ઉઘાડવાને માટે પોતાની પત્નિને ઉદ્દેશી તે અવાજ આપ્યો, સુબોધાએ પતિના બોલવાનો સ્વર સાંભળીને દ્વાર ઉઘાડવાને માટે દરવાજા તરફ જવાનો વિચાર કરતી હતી, તેટલામાં તો સિદ્ધ ઉપરા ઉપરી એક પછી એક એમ બૂમો પાડવા લાગ્યો, તે બુમોના અવાજ વડે તેની માતા જાગ્રત થઇ બોલી ઉઠી.

લક્ષ્મીઃ—( કૃત્રિમ કોપ સહિત ઉંચે સ્વરે ) અરે સિધ્ધ ! તું શા સારૂં બુમો પાડે છે ! તારે સિધે માર્ગે ચાલ્યો જા, આવી રીતે નિરંતર મોડો આવે છે તેથી કરીને અત્યારે બારણું નહીં ઉઘાડવામાં આવે. આ સમયે જે સદનના ( ઘરના ) દરવાજા ઉઘાડાં હોય ત્યાં તું જા અને ત્યાંજ શયન કર.

આવી રીતના માતાના કોપ યુકત કર્ણ કઠોર કર્કશ વચનો શ્રવણ કરી સિધ્ધ મૌનપણાને ધારણ કરી રહ્યો. અર્થાત્ બોલ્યો નહીં. પરંતુ ચિંતાતુર થઇ ચાલી નિકળ્યો. આટલી મોડી નિશા ( રાત્રી ) એ કયાં અને કોને ઘેર શયન કરવા જવું ? આ સમયે કોના ઘરના બારણાં ઉઘાડાં હશે ? એવી રીતે મનને પ્રશ્ન પૂછતો, ચિત્તમાં ચિંતવતો, આમ તેમ ભમવા લાગ્યો. કર્મવશાત્ તેણે એક ખુલ્લાં દરવાજાવાળું સ્થાન જોયું. અને સિધ્ધ તે સ્થાનમાં ગયો તે સ્થાન જૈન મુનીઓને સ્વાધ્યાય ધ્યાન કરવાનું સ્થળ હતું. ( જે જૈન સમુદાયમાં ઉપાશ્રય તરીકે ઓળખાય છે. આવા ઉપાશ્રયોના દ્વાર રાત્રિ દિવસ ખુલ્લાંજ રહે છે.) જે સમયે સિધ્ધે તે સદનમાં પ્રવેશ કર્યો, ત્યારે પવિત્ર ધર્મ ધ્યાન કરનારા મુનિઓ તે વખતે વિવિધ પ્રકારની સ્વાધ્યાયોના પાઠનું પઠન કરતા હતાં. અંદર આવતાંજ તે પવિત્ર પુરૂષોના મુખનો સ્વાધ્યાયનો ધ્વનિ તેના સાંભળવામાં આવ્યો. અને તેમના સ્વાધ્યાયનો સ્વર સાંભળી સિદ્ધ તેમની સમીપે આવી ઉભો રહ્યો.

( અપૂર્ણ. )

# પાંજરાપોળના પશુઓમાં જણાતો સાધારણ રોગ.

Cancer of the Horn—કંઓડી.

લેખક-ડૉ. મોતીચંદ કુરજી ઝવેરી. જી. બી. વી. સી. જામનગર.

આ એક જાતનો ચેપી રોગ કે જેને ગુજરાતમાં "કમોડી" અથવા "કરમોડી" અને કાઠીઆવાડમાં "કંઓઇ" કહે છે તે રોગ ભેંસ અગર પાડાઓમાં જોવામાં આવતો નથી. ગાયોમાં જવલ્લેજ પણ બલધોમાં વધારે જોવામાં આવે છે. આ રોગ જનાવરને એકજ શીંગડાપર અને તે પણ ઘણું કરીને ડાબી બાજુના શીંગડાપર થાય છે. જમણી બાજુના શીંગડાપર તેમજ બંને બાજુપર આ રોગ ક્વચિતજ જોવામાં આવે છે. આ રોગ ઘણુ કરીને ઘરડાં જનાવરોમાં વધારે જોવામાં આવે છે અને જો શરૂઆતમાંજ તેની રીતસર દવા કરવામાં આવે તો રોગ નાબુદ થવાનો પૂરતો સંભવ છે કારણ—લોહીના બગાડથી અગર જનાવરના શીંગડા પથર અગર એવીજ કોઇ બીજી વસ્તુ સાથે પછડાવાથી આ રોગ લાગુ પડે છે. આ રોગવાળાં જનાવરો સાજાં જનાવરોના સહવાસમાં આવવાથી તેને પણ આ રોગ થવાનો સંભવ છે; તેમજ આ રોગથી પીડાતી ગાય જો બચ્ચાને જન્મ આપે તો તે બચ્ચાને પણ આ રોગ થાય છે.

ખેડુત લોકોનું માનવું એવું છે કે જનાવરોના શીંગડામાં એક જાતનો જંતુ કાંઇ ન જાણી શકાય તેવા કારણથી પેદા થાય છે; જે શીંગડાનો અંદરનો ગર્ભ ખાઇ જાય છે અને ધીમે ધીમે મગજમાં ઉતરી જનાવરને બેભાન કરી મારી નાંખે છે.

ચિન્હો—પહેલ વહેલાં શીંગડાના મૂળમાં ( માથા અને શીંગડાના સાંધાની ઉપર ) નીચેની બાજુએ એક ઝીણો મસ થાય છે જે આસતે આસતે સુજીને મોટો થાય છે અને તેની અંદર ગુમડાં થાય છે; જે ફુટીને છેવટે ચાંદી પડે છે. તેને લઇને જનાવરને વેદના વધારે થાય છે અને વખતે વખતે પોતાનું શીંગડું તથા માથું પથર સાથે તથા એવીજ કોઇ બીજી કઠણ વસ્તુ સાથે પછાડે છે. જેમ જેમ મસ વધતો જાય છે તેમ તેમ શીંગડાના મુળીઆની અંદરનું માંસ ખવાતું જાય છે; જેથી શીંગડાનુ મૂળીઉં ઢીલુ પડે છે અને શીંગડું વાંકું થઇ જઇને છેવટે પડી જાય છે.

વ્યાધિને લીધે દરદી પૂરૂં ખાઇ શકતો નથી. જેથી શરીરમાં નબળાઇ વધી જઇ જનાવર બીલકુલ નાકોવત થઇ જાય છે. આ મસને જરા લાગવાથી દરદીને બહુજ વેદના થાય છે અને અતિશે લોહી નીકળે છે. વેદનાને લઇને જનાવર પોતાનું માથુ પથર સાથે પછાડે છે અને તેમ કરવાથી ઉલટું વધારે લોહી નીકળે છે અને વધારે વેદના થાય છે. જ્યારે બધો મસ સળી જાય છે ત્યારે તે દરદ સાવ મટી જાય છે પરંતુ આમ જવલ્લેજ બને છે કારણ કે જ્યારે એક બાજુથી મસ સળી જાય છે ત્યારે નજીક બીજી બાજુ નવો મસ થાય છે અને કેટલીક વખત તો મસ તદ્દન સળી જતા પહેલાંજ દરદી અશકતિને લઇને મરી જાય છે; પરંતુ જો મસ સળી જાય તો તે

ગ્યા કાળી અને પોચી થઇ જાય છે. ઉપલાં કારણોને લઇને ઘણી જગ્યાએ આ રદ મટતું નથી તો પણ જો પહેલાંથીજ સાવચેતીના ઉપાયો લેવામાં આવે તો ઘણોજ ાયદો થવા સંભવ છે.

ઉપાયો—મસ સળવા માંડે છે ત્યારે તેમાં દુર્ગંધ પેદા થાય છે—જે દુર કરને માટે દેશી કોલસાનો અથવા લીંબડાના સુકા બાળેલાં પાનનો ભૂકો તે સપર છાંટવો.

કંબોડી થયેલા શીંગડાના મૂળથી ચાર તસુ ઉંચે શીંગડાના મધ્ય ભાગ સુધી ારડીથી આડો વેહ ( સાર ) પાડી તેમાં સંખીઓ સોમલ ઝીણો વાટીને તોલો એક રવો. સોમલને બદલે ખાંડ તોલા બે તથા કપુર તોલો એક વાટીને ભરવાથી પણ યદો થાય છે.

શીંગડાને ચાર તસુ રાખીને બાકીનો ભાગ કરવતી અગર ગરમ દાતરડાવતી કાપી ખવો અને પછી અંદરથી સડેલું માંસ કાઢીને જખમ ગરમ પાણીવતી ધોઇને તેમાં ાવળના મૂળની છાલનો ભૂકો ભરવો અથવા સીતાફળીનાં પાનને વાટી તેની લુગદી ી તે જખમમાં મૂકવી અને ઉપર મજબુત પાટો બાંધવો. દર ત્રીજે દિવસે અગર ની શકે તો દરરોજ તે જખમ ઉપર પ્રમાણે સાફ કરી નવી દવા ભરી પાટો બાંધવો ને આ પ્રમાણે જ્યાં સુધી જખમ રૂઝાઇ જાય ત્યાં લગી ચાલુ રાખવું.

સૌથી ઉત્તમ ઇલાજ તો એ છે કે શીંગડું જરા વાંકું વળે અને દરદ થયું છે મ ખાતરી થાય કે તરતજ તે શીંગડાને મૂળમાંથી કાપી નાખવું અને અંદરનો સ પણ કાપી કાઢી નાખવો; પરંતુ આ કામ પાસ થયેલા વેટેરીનરી સરજન પાસેજ ાવવું વધારે સલાહભરેલું છે. કાપતી વખતે લોહી બહુ નીકળે તો પહેલાંથીજ લસાવતી ધગાવીને તૈયાર રાખેલા દાતરડા અગર કોશવતી ડાંભી દેવો. પછી તે ખમ જેમાં લીંબડાનાં પાન ઉકાળેલાં હોય તેવા ગરમ પાણીવતી ધોઇ સાફ કરવો ને તેપર ત્રણ ભાગ સોમલ, પંદર ભાગ હીંગળો અને સાત ભાગ સળેલી સોપાની રાખ એ ત્રણે ચીજ પાણીમાં વાટી તેની થેપલી કરીને મૂકવી, જેથી કાપકુપમાં ા મસનો ખરાબ ભાગ રહી ગયો હશે તો તે બળી જશે. બીજે દીવસે પણ એવીજ તે ગરમ પાણીવતી જખમ ધોઈ નાંખવો અને જો હજુ પણ મસનો ખરાબ ભાગ લો જણાય તો તે પ્રમાણેજ ઉપર લખેલી ચીજોની થેપલી કરી જખમ ઉપર મૂકવી ને પાટો બાંધવો. જ્યારે મસ તદ્દન જતો રહે ત્યારે ઘા રૂઝવવાને માટે દરરોજ ઘાને સવા શેર પાણીમાં એક તોલો મોરથુથુ નાખી તે પાણીવતી ધોઈ સાફ કરવો ને કરંજીઆ અગર લીંબોડીના તેલમાં રૂનું પોતું બોળી તે જખમ ઉપર મૂકી ટો બાંધવો અને આમ જખમ સાવ રુઝાઇ જાય ત્યાં લગી કરવું. કેટલીક વખતે ોના માલીકોની બેદરકારીને લઇને શીંગડું સળી જઇ તદ્દન જુદું પડી જાય છે. વખતે નીચે પ્રમાણે ઇલાજો કરવા.

વડાગરૂં મીઠું તોલા દશ અને કેરડાંની કુંપલો તોલા પાંચ પાણીમાં ભેગાં વાટી તેની લુગદી કરીને સળેલા ભાગપર તે લુગદી મૂકવી અને તેનાપર ચામડાની કોથળી ઘાલી મજબુત પાટો બાંધવો. આ પાટો દરરોજ છોડી જખમ ગરમ પાણીવતી ધોઇ સાફ કરી જ્યાં લગી જખમ તદન રૂઝાઇ જાય ત્યાં લગી ઉપર પ્રમાણેની લુગદી મૂકવી.

બીજા ઉપાય તરીકે મજીઠ તોલા દશ ઝીણા વાટી તલના મીઠા તેલ તોલા દશમાં કાલવી ઉનું કરી શીંગડાપર ગરમ લેપ માફૂક લગાડી પાટો બાંધવો. આ પાટો દરરોજ છોડી જખમ સાફ કરવો. સીંદોર તોલા દશ અને મીઠું તેલ તોલા પાંચ બંને મેળવી ઉકાળી તેનો લેપ કરવાથી પણ ફાયદો થાય છે.

પાંજરાપોળ ઇન્સ્પેકટર તરીકેના મારા અનુભવમાં ગુજરાત અને કાઠીઆવાડની પાંજરાપોળોમાં આવા દરદીઓ ઘણા જોવામાં આવ્યા છે. દિલગીરીની વાત એટલી છે કે આપણો ખેડુત વર્ગ જ્યારે પોતાનાં ઢોરને આ રોગ લાગુ પડે ત્યારે પહેલાં તો તદ્દન બેદરકાર રહે છે; પરંતુ જ્યારે દરદ ઘણુંજ વધી જાય અને દરદી બચી શકે નહીં એવી સ્થિતિમાં આવી જાય ત્યારે પાંજરાપોળને બદનામ કરવાને માટે ત્યાં મોકલાવે છે. જ્યાં જોકે માવજત સારી રીતે થાય છે પરંતુ દરદ ઘણુંજ વધી ગયેલું હોવાને લીધે જનાવરને આરામ થવાનો સંભવ ઘણો થોડો રહે છે, જેથી જો આપણા ખેડુત ભાઇઓ પોતાનાં જનાવરોને આ રોગ લાગુ પડે કે તરતજ ઉપર બતાવેલા ઉપાયો કરે અથવા જનાવરના રોગમાં પાસ થયેલા કોઇ ડાકટરની સલાહ લેવાનું વિચારે તો દરદ મટવાની ઘણી આશા રહે છે.

---

# एक आश्चर्यजनक स्वप्न

( लेखक शेरसिंह कोठारी उपदेशक )

अनुसंधान गतांकने पाने ११०थी

हे वत्स! एक दिन ऐसा था कि हमारे जैनधर्मका झंडा चारों तर्फ निडर फरी रहाथा, हजारों श्रीमान् और राजे महाराजे इस धर्मकाही आश्रय लिये हुवे थे परंतु आज वह दिन आगया है कि, हमारा वही कल्पतरू सम धर्म दिन प्रति दिन गिरती दशाकों प्राप्त होता चला जा रहा है. तो असल मेरे कहनेका मतलब यही है, कि जितनी दशा इस धर्मकी बिगड़ी है, यह परस्परमें कुसंप होनेहीसे है.

अरे वत्स! आज कल जो गच्छादिकोंके झगडे चल रहें है. उनको देख कर मेरे तो रोमरोम कांपते है. न मआलुम अक्लके अंधे श्रावक भाई इस झगडेमें पडकर क्या फायदा

निकालते हैं. भाई गच्छादिकोंके पक्षपातमें कुछ मोक्ष नही रखा है. किंतु आपस में लडते २ हमारे महान् आचार्योंपर दोषका आरोपण होता है. कोइ कहता है तुमारे हेमचंद्राचार्य, यशोविजयजी, आत्मारामजी आदिने क्या किया, वह केवल आपना पक्ष तानतथे. तो दुसरा बोल उठा की, तुमारे जिनदत्त सूर्यादिने क्या किया! बस इन्ही बातोंसे मूख लोग धर्मकी हिलना करवाते हैं. एक कवि कहते हैं कि, आपसमें संप रखना अच्छा है. तद्यथा:—

श्लोक

**संगति श्रेयसी पुंसां , स्वकुलैरल्पकैरपि ॥**
**तुषेणापि परित्यक्त्वा, न प्ररोहन्ति तण्डुलाः ॥ १ ॥**

अर्थः—चाहे अपने कुलके थोडेही लोग हो. परन्तु उनसे मिलकर रहनेमें बडा फायदा है. परन्तु जैसे तुषको छाडनेके बाद चांवल नही उग सकता है. वैसेही कुसंपी पुरूषकी जड नहीं जमती.

हे वत्स ! मुझे कहते हुवे बडा शरमाना पडता है कि, हमारे मुनिराज जिन्होंनें कि, गृहस्थावासको त्याग दिया है. वह मूर्ख श्रावकोंके कहनेसे स्वयं झगडोंमें फस जाते हैं, और दिलमें समझते हैं कि, हमने बडा भारी नाम प्राप्त किया. परन्तु उन मेरे पवित्र मुनिवरोंको यहभी खयाल नहीं रहता कि, ऐसा करनेसे उनका भव बिगडनेवाला है.

हाय हाय कितने अफसोस का मुकाम है; कि, हमारे मूर्ख शिरोमणी श्रावकभाइ परस्परमें लडाइ करके श्वान (Dog ) की उपमाको प्राप्त होते हैं. हे वत्स! यदि वास्तवमें विचारा जावे तो चोराशी लक्षजीवयोनी पर अपनेको मैत्रिभाव रखना चाहिए. देख. एक कविने कहा है.

श्लोक

**अयं निजः परोवेति, गणाना लघुचेतसाम् ।**
**उदारचरितानां तु, वसुधैव कुटुम्बकम् ॥ १ ॥**

तो इससे सिद्ध होता है कि, आपसमें संप रखनेहीसे सर्व कार्य हो सक्ते हैं. एक अंग्रेजी कविने कहाभी है.(Unity is Streangth) अर्थात् ऐक्यता यह एक अपूर्व ताकत है.

हे भाई जैसे एक तृणको तोडनेमें देरी नही लगती है. वैसेही एक पुरुषके कार्यको बिगाडनेमेंभी कुच्छ मुशकीली नहीं पडती है, परन्तु यदि वही तृण, पचास साठ वा कीतनेभी

मीलाकर जो रस्सेपन्नको प्राप्त हो जवे तो अवश्यमेव मदोन्मत्त हास्तिको बांध सकते हैं. तैसेही जो बहुत पुरूष मीलकर किसी कार्यको करना चाहेतो निःसंशय वह कार्य शिघ्र तथा निर्विघ्नतासे सम्पूर्ण हो सकता है.

हे वत्स देख संप रखनेसें जो फायदा होताहै. वह मैं तुझे एक छोटेसे दृष्टांतसे बता देती हूं.

जो पुरूष तास ( Playing Cards ) का खेल खेलते हैं, उन्हें भली प्रकार मआलुम होगा कि, दुर्री को तीर्री लेजाया करतीहै. एवं दस्सीतक क्रममें समझले. जो दसजने एक हो तो अकेला बादशाहका गुलाम उन्हें लेजा सकताहै. गुलामको बाबी तथा बीबीको बादशाह लेजाता है. पर "एक्का" ( Unity. ) कातो वडी चीजहै सो सबको अपने बसमें कर सक्ता है.

हे भाई ! मुख्य करके यह कुसंप किस कारणसे होता है सो तुझे मआलुमहै क्या ?
मैं--हे मातेश्वरी, कृपाकर आपही बताइये.
मैत्रि–हे भाई, तु ध्यानपूर्वक सुन, मै कहती हूं.

हे वत्स! जितना यह कुसंप पड रहा है वह केवल मात्र अविद्याहीका कारण है. आजकाल जो जैन जातिके अंदर विद्या की दुर्दशा हो रहीहै सो कुछ तुझसे छुपी नहीं है ! थोडासा नाम मात्रका गणित तैयार हुवाके एकदम दुकानों पर व्यापार करनेको बच्चोंको बिठा देते हैं, परंतु मेरे प्यारे भाई! इतना भी नहीं समझते कि, युवावस्थामें वह लडके सिवाय पछतानेके कुछभी नहीं कर सकेंगे.

जो पुरूष राजभाषा तथा धार्मिक विद्याका अभ्यास कर लेते हैं वह कैसे सुख चेन उडाते हैं ? और उनको सर्वत्र इज्जतभी होती है. देख किसी कविने कहाहै:—

**श्लोक**

**विद्वत्वं च नृपत्वं च , नैव तुल्यं कदाचन ।**
**स्वदेशे पूज्यते राजा , विद्वान् सर्वत्र पूज्यते ॥ ३ ॥**

भावार्थ:—विद्वताकी और राजापनकी बराबरी हो नही सक्ती. सबब कि, राजा तो केवल अपने देशमेंही मान पाता हैं किंतु विद्वान् तो सर्वत्र प्रतिष्ठाको पाताहै.

आज कल जोकि, कितनीक पाठशाळाओंमें केवल धार्मिक या केवल व्यवहारिक शिक्षा दीजाती है, सो ठीक नहीं. कारण कि, जहांतक दोनोंही विद्या पद्धति सहित नहीं दीजावेगी तहांतक जैन जातिका उदय होना मुशकिल है देख, जो पुरूष व्यवहारिक शिक्षाकि तर्फभी नहीं देखते उनकी कैसी दुर्दशा होती है? बिचारेंको शुद्ध लिखना तक नहीं आता. और कईवखत अर्थका अनर्थकर देतें. जिस तरह कि, मैं तुझे एक छोटासा दृष्टांत बताती हूं:—

एक पुरुषने अपने संबंधी को चिट्ठी लिखी उसमें उसने स्वरोंपर ध्यान नहीं देकर केवल व्यंजन इस प्रकार लिखे, " क क ज अजमर गय अमन र इ ल न छ त म प ण र इ ल ज " असलमें उसके लिखनेका तो यह मतलब था कि, काकाजी अजमेर गये हैं. हमने रूई ली है, तुमने भी रूई लेना, परन्तु उस अकलके अंधोने समझ लियाके " काकाजी आज मर गये हमने रोय लियाहे तुम पण रोयलेना " बस क्या पूछीये पत्र पढतेही रोना पीटना शुरू होगया, और बादमें सत्य बात मआलुम होनेपर पछताने लगे. वाह, वाह, क्या इसी बात पर जैन लोग अपने बडपनका दावा करतेहैं. ३.

जो भाई केवळ व्यवहारिक अभ्यास करके धार्मिक की तर्फ बिलकुल तवज्ञे नहीं देते हैं; वर अखीर धर्मभ्रष्ट हो जाते हैं. वास्ते हरगांवमें पाठशाला मुकरर करके दोनों प्रकारकी शिक्षा दी जाना चाहिये.

विद्या यह एक ऐसी चीज है जो कुरूपी को भी खुबसूरत बना देती है. और इसके धारण करनेवाओंको कुछभी जाय नही रहता; देख किसी कविने कहा है: —

श्लोक

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्न गुप्तं धनं ।
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणा गुरुः ॥
विद्या बंधुजनो विदेशगमने विद्या परं दैवतम् ।
विद्या राजसु पूजिता न हि धनं विद्याविहीनः पशुः ॥ ४ ॥

भावार्थ—विद्या यह एक मनुष्यका अधिक रूप गुप्त धन भोग तथा यश की करनेवाली और गुरूओंकीभी गुरू है. पुनः यह विद्या विदेशमे बन्धुके सदृश तथा परम दैव है. वह जैसी राजाओंसे पूजी जाती है. सिवाय उसके धन नहीं है, वास्ते जो विद्यासे हीन है वह पशुओंके समान है. तो इससे मआलुम हुवा कि विद्या सर्वमें श्रेष्ट है.

आजकल जिधर देखा जावे ऊधर यही पोकार उठता है; कि निराश्रितों को आश्रय दो २ परंतु यदि हमारे अंदर पढनेकी नौवत होती तो आज यह मौका पेश नहीं आता.

यह तो प्रत्यक्ष देखनेमें आरहा है कि, पढे लिखे लोग बडे २ उहदोंपर मुकरर होकर सुखचेन उडा रहें हैं और अपढ मनुष्य आने या दो आने रोजकी मजदुरी पर कैसे कठिन काम करते हैं, तिसमें भी उन्हे धूप या ठंड बचाना मुशकिल हो जातीहै. वास्ते सर्व भ्राताओं से प्रार्थना है कि, अपने २ बचोंको पढावें. जो माता पिता अपने बचों को नहीं पढाते हैं वह किस उपमा को प्राप्त होते हैं. सो सुनियेगा.

श्लोक

माता शत्रु पिता वैरी, येन बालो न पाठितः ।
न शोभते सभामध्ये, हंसमध्ये बको यथा ॥ ९ ॥

( इसका अर्थ सहल है )

तबतो निश्चय होगया कि, खास करके इसमें मात पिताओंकी गलती है.

जितनी व्यवहारिक या धार्मिक शिक्षा दीजाय सर्व साथही दीजाना चाहिए क्यों कि बगैर अर्थके तो ते बाला रटन हो जाता है.

कई लोग कह देते हैं कि, " बच्चोंको अंग्रेजी विद्या नहीं पढाना चाहिए सबब कि, वह धर्मभ्रष्ट हो जाते हैं. परतु उन मेरे मान्यवरोंको यह भी खयाल नहीं रहता कि, जहांतक राजभाषा नहीं पढाई जायगी तहांतक वह लोग अपने व्यवहारिक दशाकी कदापि उन्नति नहीं कर सकेंगे. हां अलबत्ता इतना तो जुरूर कहुंगा कि, व्यवहारिकके साथको साथ धार्मिक शिक्षा दीजाना चाहिये. ( अपूर्ण. )

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

દેશ ગુજરાત જીલ્લે ખેડા તાબે ગામ સ્થંભતીર્થ ( ખંભાત ) મધ્યે આવેલા શ્રી કંસારી પાર્શ્વનાથજી મહારાજ તથા મહાવીરસ્વામીજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ બન્ને દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ વાડીલાલ છોટાલાલના હસ્તકનો સં. ૧૯૫૮ થી સં. ૧૯૬૫ ના માગશર વદી ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં સદરહુ વહીવટના ચોપડા નવા બનેલા જેવા અમોને લાગવાથી સદરહુ વહીવટકર્તાને તે સંબંધી પૂછતાં, તેમણે ખુલાસો કર્યો કે સદરહુ વહીવટના જુના ચોપડામાં, જુની રૂઢીએ નામું લખાએલું હોવાથી, તેમાં સમજ નહિ પડે તેવું લાગવાથી, તેમજ સરવૈયું મળે તેમ નહિ હોવાથી તે ચોપડા ઉપરથી નવા ચોપડાઓમાં નામું ઉતારી સરવૈયું મેળવેલ છે.

સદરહુ દેરાસરજીના દાગીના તપાસતાં ( ત્રીજોરીમાંથી ) રૂ. ૧૩૨ા≈ ની રકમની બે પોટલીઓ નીકળી. તે રકમ ચોપડીઓમાં લખાએલી નહિ હોવાથી સદરહુ વહીવટકર્તાને પૂછતાં તેમણે ખુલાસો કર્યો કે રૂ ૧૩૨ા≈ મધ્યેથી રૂ ૧૦૦) ગામ ખેડવેથી

ભગવાનની આંગી કરાવવા બદલ આવ્યા છે. તે અમોએ હજુ જમે ખર્ચ કર્યાં નથી અને રૂ. ૭૨ાત્ર ની રકમ કોની આવી છે તે અમોને ખબર નથી. તે સિવાયનો હીસાબ સારી રીતે છે.

સદરહુ વહીવટકર્તાએ હીસાબ દેખાડવામાં આજકાલના વાયદામાં અમારો બે મહિનાનો ટાઈમ રોકયો છે તે દિલગીર થવા જેવું છે તોપણ છેવટે બીજાઓથી પોતે છુટા પડી હીસાબ દેખડાવ્યો તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટ-કર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે.

દેશ દક્ષિણ જીલ્લે વરાડ તાબે ગામ ખામગામ મધ્યે આવેલા શ્રી આદિશ્વરજી ભગવાનના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના શ્રી સંઘતરફથી વહીવટકર્તા શેઠ હંસરાજ લધા, શેઠ ધનજી કાનજી તથા શેઠ વસનચંદજી ગોવનચંદજી તથા શેઠ રીખવદાસ સવાઈરામના હસ્તકનો સંવત ૧૯૬૨ થી સં. ૧૯૬૪ ના આશોવદ ०)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો છે. ( કારણ આ દેરાસરજીની પ્રતિષ્ઠા સંવત ૧૯૬૧ ની સાલમાં થઈ છે ) તે જોતાં સદરહુ વહીવટકર્તાની નામાની અંદર દ્રષ્ટિદોષથી કોઇ કોઈ જગ્યાએ ભૂલ થયેલ છે. તેથી સરવૈયામાં પણ ફેરફાર આવે છે; પરંતુ નામું રીતસર લખી હીસાબ ચોખ્ખો રાખ્યો છે તે જોઈ બહુ ખુશી થવા જેવું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટ-કર્તા ગૃહસ્થોને આપવામાં આવેલ છે.

જીલ્લે વરાડ તાબે મલકાપુર મધ્યે આવેલા શ્રી સુપાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના તથા સાધારણ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના તથા સાધારણ ખાતાના વહીવટકર્તા શેઠ રતનચંદ અમરચંદના હસ્તકનો સંવત ૧૯૬૧ ના કારતક સુદ ૧ થી તે સંવત ૧૯૬૫ ના પોષ વદી ૧ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તેમાં અમારે જરૂર પડવાથી તે પહેલાંનો હીસાબ અમોએ માગ્યો. તેના જવાબમાં તે પહેલાંનો હીસાબ મુદ્દલ છેજ નહિ તેવો ખુલાસો મળવાથી અમો બહુજ દિલગીર થયા છીએ, કારણ કે પ્રથમ આ શહેરમાં ગુજરાતીનાં ઘરો ઘણાં હતાં અને દેરાસરજીનો એવો બાંધો બાંધવામાં આવ્યો છે કે તેમાં અવશ્ય આગળની મિલ્કત હોવી જોઇએ. હાલમાં ગુજરાતીનું એકજ ઘર છે અને તેઓને મજકુર સંસ્થાની મિલ્કત સંબંધી પૂરેપૂરી માહિતી હોવી જોઇએ; માટે તેઓ મજકુર સંસ્થાની દરેક બાબત સાથે મિલ્કત દેખડાવશે નહિ તો ભવિષ્યમાં તે આખી મિલ્કત ખોરંજે પડી જવાનો સંભવ રહેશે માટે જેમ બને તેમ તાકીદે મજકુર વહી-

દેશ ગુજરાત જીલ્લે ખેડા તાબે ગામ ખંભાત ( સ્તંભતીર્થ ) મધ્યે આવેલ ઓસવાળ તરફના ઉપાશ્રય ખાતાને લગતો રીપોર્ટ.

સદરહુ ઉપાશ્રયના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ વાડીલાલ છોટાલાલના હસ્તકનો હીસાબ અમોએ તપાસ્યો છે. તે જોતાં આ વહીવટ પણ દેરાસરજીના વહીવટની માફક નવા ચોપડાઓમાં ઉતારેલો છે, તેનો ખુલાસો પણ દેરાસરના રીપોર્ટ પ્રમાણે.

સદરહુ વહીવટના ચોપડા નવા બનેલા જેવા અમોને લાગવાથી સદરહુ વહીવટ કર્તાને તે સંબંધી પૂછતાં તેમણે ખુલાસો કર્યો કે સદરહુ વહીવટના જુના ચોપડામાં જુની રૂઢીએ નામું લખાએલું હોવાથી તેમાં સમજ પડે તેવું નહિ હોવાથી તેમજ સરવૈયું મળે તેમ નહિ હોવાથી તે ચોપડા ઉપરથી નવી ચોપડીઓમાં નામુ ઉતારી સરવૈયું મેળવેલ છે.

સદરહુ વહીવટકર્તાએ હીસાબ દેખડાવવામાં આજકાલના વાયદામાં અમારો ૨ મહીનાનો ટાઇમ રોકયો છે તે દિલગીર થવા જેવું છે તોપણ છેવટે બીજાઓની પોતે છુટા પડી હીસાબ દેખડાવ્યો તેથી તેમનો આભાર માનીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટ કર્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે.

જીલ્લે નીમાડ તાબે મલકાપુર મધ્યે આવેલા શ્રી સુપાર્શ્વનાથજી ભગવાનના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ દેરાસરજીના વહીવટકર્તા શેઠ ગુલાબચંદજી વૃદ્ધિચંદજી તથા શેઠ રામલાલજી બાગમલજીના હસ્તકનો સંવત ૧૯૫૫ની સાલથી તે સંવત ૧૯૬૫ ના પોષ સુદી ૧૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોઇ બહુ ખુશી થયા છીએ કે અમોને બોલાવી દરેક બાબત સાથે હીસાબ દેખડાવી આપ્યો છે તેથી તેઓને ધન્યવાદ ઘટે છે

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટ કર્તા ગૃહસ્થોને આપવામાં આવ્યું છે.

દેશ દક્ષિણ જીલ્લે વરાડ ગામ બાલાપુર મધ્યે આવેલા શેઠ પાનાચંદ નથુશાના સાધારણ તથા છોકરાંને ભણાવવા ખાતાને લગતો રીપોર્ટ.

સદરહુ વહીવટના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ લાલચંદ ખુશાલચંદના હસ્તકનો હીસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં આ વહીવટના ચોપડા જુદા રાખવામાં આવ્યા નથી પણ વહીવટકર્તાના ખાનગી ચોપડામાં નામું લખ્યું છે તે તપાસી ઉતારી લીધું છે. સદરહુ ખાતામાં જે જે સૂચનાઓ કરવા જેવી હતી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે

શ્રી મુંબઇ મધ્યે બારકોટ પાયધુની ઉપર આવેલા શ્રી ગોડીપાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના તથા સાધારણ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ એમચંદ મોતીચંદ તથા શેઠ બેહેચરદાસ માનચંદ તથા શેઠ માણેકચંદ કપુરચંદ તથા શેઠ થોભણભાઇ દામજી તથા શેઠ કીકાભાઇ પ્રેમચંદ તથા શેઠ નગીનભાઇ મંછુભાઇ તથા શેઠ નગીનભાઇ ઘેલાભાઇ તથા શેઠ પોપટભાઇ અમચંદ તથા શેઠ મોતીચંદ દેવચંદ તથા શેઠ પ્રભુલાલ છોટાલાલ તથા શેઠ હીરાચંદ નેમચંદના હસ્તકનો સંવત ૧૯૫૯ થી તે સંવત ૧૯૬૧ ના આશોવદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં શેઠ માણેકચંદ કપુરચંદના તાબાના વહીવટનું નામું રીતસર લખાણું છે, પણ તે પહેલાંના વહીવટનું નામું ગુંચવણ ભરેલું થઇ જઇ તેના મોટા ભાગની ઉઘરાણી વસુલ થયા વગરની ટાઢી પડી ગએલી જોવામાં આવે છે અને વહીવટમાં કેટલીક જાતની ખામીઓ દેખાણી છે તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે. આશા રાખીએ છીએ કે તે ઉપર વહીવટકર્તા ગ્રહસ્થો ધ્યાન આપી તાકીદે બંદોબસ્ત કરશે.

સદરહુ વહીવટમાં શેઠ માણેકચંદ કપુરચંદે સ્તુતિપાત્ર સુધારો કર્યો છે તેમજ નગીનભાઇ મંછુભાઇ તેમના પગલે ચાલી પોતાના તન, મન અને ધનથી વહીવટ ચલાવી રહ્યા છે તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે. એજ

શ્રી મુંબઇ મધ્યે બારકોટ પાયધુની ઉપર આવેલા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી માહારાજના દેરાસરજીના તથા સાધારણ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ જુવારમલજી સંભીરમલજી તથા શેઠ ઉદેમલજી કલ્યાણમલજી તથા શેઠ બાલચંદ કણીરામજી તથા શેઠ છગનલાલ મગનલાલના હસ્તકનો સંવત ૧૯૫૯ થી તે સંવત ૧૯૬૧ ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો, તે જોતાં મુખ્ય વહીવટકર્ત્તા શેઠ જુવારમલજી સંભીરમલજી છે અને મોટા ભાગે તેઓજ વહીવટ ચલાવે છે અને બાકીના વહીવટકર્ત્તા ગ્રહસ્થો તે વહીવટ ઉપર કાલજીપૂર્વક દેખરેખ રાખતા હોય તેમ લાગતું નથી તે બહુજ દિલગીરી ભરેલું છે અને બધો બોજો નંબર પહેલાના વહીવટકર્ત્તા ગ્રહસ્થના ઉપર પડવાથી દરેક બાબત ઉપર ધ્યાન ઉપર આપી નહીં શકવાના લીધે મુનીમ પોતાની મરજી મુજબ વહીવટ ચલાવતા હોવાથી તેમજ પોતાના તાબાના માણસોને પૂરતી રીતે કબજે રાખી શકતા નહીં હોવાથી મંદિરમાં પૂજન કામમાં તથા સાધારણ ખાતે નાવાનું ગરમ પાણી કરવા વિગેરેમાં કેટલીક જાતની આશાતનાઓ થાય છે તથા ઉઘરાણી વિગેરે ચડી જઈ દેવ દ્રવ્યનો નાશ થવાનો ભય રહે છે તેમજ વહીવટ ચલાવનારની રૂઢીમાં કેટલોક ફેરફાર કરવાની ખાસ જરૂર હોવાથી રીપોર્ટ બહાર પાડવાનું કામ મોકુફ રાખી ફેરફાર કરાવવા ધાર્યું, પણ આજ સુધી તેમ નહીં બની શકવાથી છેવટે આ રીપોર્ટ બહાર પાડી સૂચનાપત્ર ભરી વહીવટકર્ત્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે. આશા રાખીએ છીએ કે વહીવટકર્ત્તા ગ્રહસ્થો તે ઉપર ધ્યાન આપી તાકીદે યોગ્ય બંદોબસ્ત કરશે.

લી૦ શ્રી સંઘનો સેવક,

ચુનીલાલ નાહાનચંદ

ઑનરરી ઑડીટર, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વ્હે, અમૃતધારા વરસે."

## ધાર્મિક શિક્ષણનો ક્રમ.

ધાર્મિક શિક્ષણ કયા ક્રમે આપવું એ એક ગંભીર પ્રશ્ન છે; પણ તત્ત્વદૃષ્ટિએ જોતા અમને તે બહુ મુશ્કેલ નથી લાગતો. આ પ્રશ્નનો વિચાર કરતી વખતે આપણે આ વાતનો પણ સાથે વિચાર કરવો પડશે કે પ્રતિક્રમણ સૂત્રોના મુખપાઠથી તેની શરૂઆત કરાવવાની જૈન શાળાઓમાં જે પદ્ધતિ પડી ગઇ છે તે યથાર્થ છે કે કેમ, અને જો તે યથાર્થ ન જણાય તો ધાર્મિક શિક્ષણમાં પ્રતિક્રમણ સૂત્રોના શિક્ષણનું ખરું સ્થાન કયું છે, તે આપણને નક્કી કરવું પડશે. માટે આપણે પ્રથમ આ વાતનો નિર્ણય કરીશું અને પછી ધાર્મિક શિક્ષણક્રમની રૂપરેખા દોરીશું.

શ્રી વીતરાગે ગુણસ્થાનકનો જે ક્રમ બતાવ્યો છે તેનેજ અવલંબીને ધાર્મિક શિક્ષણનો ક્રમ નક્કી થવો જોઇએ એમ અમારો નમ્ર મત છે. અને તેથીજ અમે ઉપર જણાવ્યું છે કે એ પ્રશ્ન અમને તો મુશ્કેલ નથી લાગતો.

કર્મોના આશ્રવનાં મૂળ કારણો પાંચ છે: મિથ્યાત્વ, અવ્રતી, પ્રમાદ કષાય અને યોગ અને એ દરેકનો ઉત્તરોત્તર ઉપશમ કે ક્ષય થવાથી મોક્ષ પમાય છે, માટે ધાર્મિક શિક્ષણનું અંતિમ લક્ષ એ કારણોને ઉત્તરોત્તર ટાળવા એજ હોવું જોઇએ. અંધકાર ટાળવાનો ઉપાય પ્રકાશ છે ક્રોધ ટાળવાનો ઉપાય ક્ષમા છે, તેમ મિથ્યાત્વ રૂપી અજ્ઞાન અંધકાર ટાળવાનો ઉપાય બોધ રૂપ જ્ઞાન છે. આ પ્રમાણે યથાર્થ બોધ પામવાથી માર્ગાનુસારી જીવ સમ્યકત્વ પામે છે, અને ત્યાં અવ્રતી સમ્યક્દૃષ્ટિ નામા ચોથા ગુણસ્થાનકે આવે છે. આ ગુણસ્થાનકમાં જીવ સમ્યક્દૃષ્ટિ હોવા છતાં અવ્રતી હોય છે એ વાત ખાસ લક્ષમાં રાખવા જેવી છે. મિથ્યાત્વ ટળ્યા પછ અવ્રતીપણું ટળવું જોઇએ એટલે જીવના પરિણામ વૈરાગ્ય યુક્ત થવા જોઇએ અને તેમ થાય ત્યારે પોતાના પરિણામાનુસાર જીવ દેશવ્રતી યા સર્વવ્રતીપણું પામે છે, એટલે પાંચમા ગુણ સ્થાનકે ચઢી શ્રાવકનાં દેશવ્રત લે છે અથવા છઠ્ઠે ગુણસ્થાનકે આવી સાધુનાં મહાવ્રતો અંગીકાર કરે છે. આ બન્ને ગુણસ્થાનકમાં જીવ પ્રમાદ સહિત હોવાથી તેનાં વ્રતોને અતિચાર લા

છે, અને એ અતિચારોની આલોયણા યા પ્રાયશ્ચિત માટે તેને પ્રતિક્રમણ કરવું આવશ્યક થાય છે. પ્રતિક્રમણ ક્રિયાનો ખરો હેતુ તથા ઉપયોગ આ છે. મન તથા ઇંદ્રિયોનો નિગ્રહ કરવાથી તથા યથાર્થ રીતે સંયમ પાળવાથી જીવના મન, વચન તથા કાય યોગ અપ્રમત્ત થાય છે, અને તે સાતમું અપ્રમત્ત ગુણસ્થાનક પામે છે. આ ગુણસ્થાનકે વર્તતા ઉત્કૃષ્ટ મહદ્‌ભૂત અપ્રમત્ત દશાવાળા જીવને પ્રતિક્રમણાદિ કંઇ આવશ્યક ક્રિયા કરવી રહેતી નથી. ચોથે ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયનો, પાંચમે અપ્રત્યાખ્યાની કષાયનો, તથા છટ્ઠે પ્રત્યાખ્યાની કષાયનો ઉપશમ યા ક્ષય થયેલો હોવાથી હવે માત્ર સંજ્વલન કષાય ટાળવા રહે છે. આઠમા ગુણસ્થાનકે શ્રેણી માંડી બારમે ગુણસ્થાનકે તેને પૂરી કરી, જીવ તે સંજ્વલન કષાયનો નાશ કરે છે અને કેવલજ્ઞાનને પ્રગટાવે છે. તેરમે ગુણસ્થાનકે મન, વચન અને કાયાના યોગોની સૂક્ષ્મ પ્રવર્તના રહે છે, જેનો ક્ષય ચૌદમે ગુણસ્થાનકે કરી જીવ પોતાના સિદ્ધ સ્વરૂપને પામે છે.

ચોથા તથા તે ઉપરના સર્વે ગુણસ્થાનકોનું મૂળ સમ્યક્ત્વ છે. સર્વે કર્મોમાં મુખ્ય મોહનીય કર્મ છે અને તેના બે ભેદ છેઃ દર્શન મોહની અને ચારિત્ર મોહની. પ્રથમ દર્શન મોહનીનો ઉપશમ યા ક્ષય થવું અને પછી ચારિત્ર મોહનીનં, એજ સદાકાળનો નિયમ છે. ચારિત્ર મોહની ટાળવી મહા દુષ્કર છે. દર્શન મોહની ટળ્યા વિના કદી ચારિત્ર પામી શકાતું નથી; માટે દર્શનમોહ ટાળવા પ્રત્યે આપણે પ્રથમ ધ્યાન આપવું જોઇએ. દર્શનમોહની નિવૃત્તિનો ઉપાય યથાર્થ બોધ પામવો, નવતત્ત્વનું જ્ઞાન થવું, એજ છે, અને તે બોધિબીજ પામતાં જીવ સમ્યક દૃષ્ટિ પામે છે. સમકિત આધાર છે, ચારિત્ર આધેય છે. ચારિત્ર વિના, સમકિત રહી શકે છે; પણ સમકિત વિના, ચારિત્ર રહી શકતું નથી. માટેજ શ્રી ભગવાને "પહેલું જ્ઞાન અને પછી ક્રિયા" એમ ભાખેલું છે. "નિઃશલ્યો વ્રતી" એમ શ્રી તત્ત્વાર્થ સૂત્રમાં સ્પષ્ટ જણાવેલું છે. શલ્ય ત્રણ પ્રકારનાં છેઃ માયા શલ્ય, નિદાન શલ્ય તથા મિથ્યાત્વ શલ્ય. માયાવી કપટીનાં વ્રત બધાં જુઠાં કહ્યાં છે. નિદાન શલ્ય એટલે ઇંદ્રિયજનિત વિષયભોગની વાંછા, તે જેને હોય તે તો આત્મજ્ઞાન રહિત રાગી છે. તેના રાગ સહિતનાં વ્રત હોય તે અવશ્ય પરમાર્થ સમજ્યાં વિનાનાં હોય એટલે અજ્ઞાનજનિત હોય, અને અજ્ઞાનીનાં વ્રત નિષ્ફળ છે. વિરતિ શબ્દનો અર્થ વૈરાગ્ય છે, માટે રાગી હોય તે વ્રતી (વિરાગી) ન હોઇ શકે એ દેખીતું છે; અને જ્યાં રાગ છે ત્યાં અજ્ઞાન છેજ. જે મિથ્યાત્વ યુક્ત છે, તેને તત્ત્વાર્થનું યથાર્થ શ્રદ્ધાન હોતું નથી. તેથી મિથ્યાદૃષ્ટિ જો વ્રત લે તોપણ તે દ્રવ્યલિંગી રહ્યો હોવાથી શાસ્ત્રમાં તેને વ્રતી નથી કહ્યો. જે શલ્ય રહિત છે તેજ પરમાર્થથી વ્રતી છે, અન્ય કોઇ પણ વ્રતી નથી. વળી શ્રી આગમસારમાં કહ્યું છે કેઃ "સિદ્ધાંત શાસ્ત્રનું અધ્યયન કરતાં જ્યાં સુધી પોતાની આત્મસત્તાની ઓળખાણ થઇ ન હોય ત્યાં સુધી જે અર્થ કરે અને સદ્દહે તે દ્રવ્ય નિક્ષેપો કહેવાય છે. તેથી પુન્યનો બંધ થાય છે પરંતુ મોક્ષનું કારણ નથી. એટલે જેઓ ક્રિયાનુષ્ઠાનપૂર્વક કષ્ટ તપસ્યા કરે પણ જીવ અજીવ પદાર્થનું જ્ઞાન થયું ન હોય તેને ભગવતી સૂત્રમાં અવ્રતી અને અપચ્ચખ્ખાણી કહ્યા છે. વળી જેઓ બાહ્ય કરણીથી પોતાને સાધુ કહેવરાવે છે તેને ઉત્તરાધ્યયનમાં મૃષાવાદી કહ્યા છે. જ્ઞાનવાન તેજ મુનિ છે એવું વચન છે. કેટલાએક લોકો સ્વર્ગ નરકના બોલ અને બીજી ગાથાઓ મોઢે કરીને તથાપ્રકારની શ્રદ્ધા વગર કહે છે કે અમે જ્ઞાની છીએ તો તે મિથ્યાત્વી સમજવા. પણ જે દ્રવ્ય-ગુણ-પર્યાયને શ્રદ્ધાપૂર્વક જાણે તેઓને શ્રી

ઉત્તરાધ્યયનમાં જ્ઞાની કહ્યા છે. માટે આજે જેઓ જ્ઞાનહીન હોવા છતાં ક્રિયાનો આડંબર દેખાડે છે ને દગાઈ કરે છે. એવી બાહ્ય કરણી તો **અભવ્ય જીવને** પણ ઉદય આવે છે. માટે બાહ્ય કરણી ઉપર રાચવું નહિ. આત્માનું સ્વરૂપ ઓળખ્યા વિના સામાયિક પ્રતિક્રમણ આદિ જે જે ક્રિયા કરવામાં આવે છે તે સર્વે દ્રવ્ય નિક્ષેપમાં ગણાય છે." **શ્રી યોગશાસ્ત્રમાં** પણ કહ્યું છે કે 'ચારિત્ર અને જ્ઞાન વિનાનું પણ **દર્શન** વખાણવા લાયક છે, પણ મિથ્યાત્વરૂપી ઝેરથી દૂષિત થયેલાં જ્ઞાન અને ચારિત્ર વખાણવા લાયક નથી. જ્ઞાન અને ચારિત્ર વિનાના **શ્રેણિક** રાજા **સમ્યગ્દર્શનના મહાત્મ્યથી** તીર્થંકરપણાને પામશે.' શ્રી ઉપદેશ પ્રાસાદમાં કહ્યું છે કે "જેને પણ સ્વયંભૂરમણ સમુદ્રના મત્સ્ય। માંસનું પણ તેને (**શ્રેણિકને**) પચ્ચખ્ખાણ નહોતું એવો અવિરતિ હતો છતાં પણ ક્ષાયક સમકિતના બળથી બહોંતેર વર્ષના આયુષ્યવાળો **વીરના** જેવો આવતી ચોવીશીમાં પહેલો તીર્થંકર થશે.' આજ હેતુએ **સમકિતીને** મોક્ષની 'નિયમા' કહેલ છે, એટલે તે **અવશ્ય પાંચ પંદર ભવે** મોક્ષ પામશે એમ **કહેલું** છે. જે જીવ સમ્યકત્વ પામ્યો **હશે, અને** વ્રત **નહિ** લીધાં હશે તો તેની હરકત નથી, બીજે ભવે વ્રત લઈ શકશે, પરંતુ જો આગળથી **આયુષ્યનો** બંધ નહિ પડી ગયો હોય તો, **તેની** અવશ્ય **સદ્ગતિ** થશે. પણ જો વ્રત લીધાં હશે અને **સમ્યકત્વ** નહિ હશે તો તે વ્રતો તેને **અધોગતિએ** જતાં **અટકાવી** શકશે **નહિ**. જેઓ સાવદ્ય આરંભથી **મુક્ત થયા** છે, જેઓએ ક્રોધાદિ ચાર કષાયને જીત્યા છે અને **શુદ્ધ** પંચ મહાવ્રતને પાળે છે તેઓ પણ જો તેમને સમકિત ન હોય તો કદાપિ મોક્ષે જઇ શકે નહિ એમ શાસ્ત્રવચન છે. શ્રી **આગમ સારમાં** સ્પષ્ટ કહેલું છે કે "બાહ્યકરણીમાં એકાંતપણે રાચવું, સ્યાદ્વાદ સ્વરૂપનું અજાણપણું અને અંતરંગ જ્ઞાન ન હોય તે નિશ્ચય કુધર્મ છે."

આ બધું કહેવાનો હેતુ કાંઇ વિરતિના નિષેધને **અર્થે** નથીજ, પણ તેની ગંભીરતા-અદ્ભુતતા બતાવવા માટે છે. વિરતિ એ તો અતિ ઉચ્ચ ને મહા કલ્યાણકારી વસ્તુ **છે**, અને તે કોઇ મહાભાગ્યનેજ **ઉદયમાં આવે છે. કહેવાનું** તાત્પર્ય એટલુંજ છે કે જેને વિરતિના ભાવ આવ્યા નથી, જેણે વ્રતો લીધાં નથી, તેવા એક અજ્ઞાન બાળકને પ્રતિક્રમણનાં સૂત્રોનું ગોખણ કરાવવામાં આવે છે તે વિરતિ જેવી **મહા પવિત્ર** વસ્તુને બાળચેષ્ટારૂપ બનાવી દઇ **ધર્મની** હેલના કરવા સરખું છે. **પ્રતિક્રમણ** એ પ્રાયશ્ચિત્તની ક્રિયા છે અને પોતાથી અમૂક દોષથી થયેલ છે એવું જેને **સમજણ** આવી હોય તેને તેનું પ્રાયશ્ચિત્ત કરવાનું હોય છે. જ્યારે બાળકમાં પોતાથી શું દોષો થયા છે તે સમજવા જેટલો વિવેક પણ હોતો નથી, એટલુંજ નહિ પણ પ્રતિક્રમણ સૂત્રોમાં ગણાવેલા કેટલાક દોષોની તેને **સમજ** હોતી નથી, યા **સર્વથા** તેના અનુભવની બહાર જ હોય છે. છતાં તેવા અજ્ઞાન બાળકને જાણે તે તેને તાત્કાલિક ઉપયોગની બાબત હોય એમ ધારી તેને ધર્મનું કાંઈ પણ જ્ઞાન આપવા અગાઉ સર્વેથી પહેલાં અપરિચિત ભાષાનાં લાંબાં લાંબાં સૂત્રોનો મુખપાઠ કરાવી તેની મગજશક્તિનો કચ્ચરઘાણ કાઢવામાં આવે છે!

પંડિત શ્રી **દેવચંદ્રજીએ** વિહરમાન શ્રી **ચંદ્રાનન ભગવાનના** સ્તવનમાં યથાર્થ કહ્યું છે કે—

દ્રવ્ય ક્રિયા રૂચી જીવડારે ભાવ ધર્મ રૂચી હીન,
ઉપદેશક પણ તેહવારે શ્યું કરે જીવ નવીન,—**ચંદ્રાનન** જિન.

તત્ત્વાગમ જાણુંગ તજીરે બહુ જન સંમત જેહ,
મૂઢ હઠી જન આદર્યોરે સુગુરૂ કહાવે તેહ રે, ચંદ્રા૦
આણા સાધ્ય વિના ક્રિયારે લોકે માન્યોરે ધર્મ,
દંસણ નાણ ચરિત્રનોરે મૂલ ન જાણ્યો મર્મ રે, ચંદ્રા૦
ગચ્છ કદાગ્રહ સાચવેરે માને ધર્મ પ્રસિદ્ધ,
આતમ ગુણ અકષાયતારે ધર્મ ન જાણે શુદ્ધ રે, ચંદ્રા૦
તત્ત્વરસિક જન થોડલારે બહુલો જન સંવાદ,
જાણો છો જિનરાજજીરે સઘલો એ વિવાદો રે, ચંદ્રા૦

આટલી ચર્ચા ઉપરથી સ્પષ્ટ સમજાયું હશે કે શાસ્ત્રોમાં જણાવેલ નિયમ 'પહેલું જ્ઞાન ને પછી ક્રિયા' એજ ત્રિકાળ સત્ય છે. ત્યારે હવે પ્રશ્ન એ થાય છે કે પ્રથમ જ્ઞાન શું આપવું. બીજા શબ્દોમાં કહીએ તો, ધર્મશિક્ષણની શરૂઆત કેમ કરવી ? આ પ્રશ્નનો વિચાર આપણે આગળજ કરીશું. પણ તે અગાઉ પ્રસંગવશાત્ ધર્મશિક્ષણનો આરંભ પ્રતિક્રમણનાં સૂત્રોના મુખપાઠથી જે કરવામાં આવે છે તે યથાર્થ નથી તેનાં કારણો તથા ધર્મશિક્ષણમાં પ્રતિક્રમણના વિષયનું ખરું સ્થાન કયું છે તેનો અત્રે વિચાર કરીએ.

## ધર્મશિક્ષણમાં પ્રતિક્રમણ સૂત્રોનું સ્થાન.

નિશ્ચય નયની દૃષ્ટિએ તો જેટલા સુધી જીવ સમકિત પામ્યો ન હોય તથા તેણે વ્રત લીધાં ન હોય તેટલા સુધી તેને પ્રતિક્રમણ ક્રિયા કરવી ન હોય. છતાં વ્યવહાર દૃષ્ટિએ પ્રતિક્રમણ સૂત્રોનું રહસ્ય સમજવાની જ્યારે વિદ્યાર્થીમાં શક્તિ આવે ત્યારે તેનું શિક્ષણ આપવામાં આવે તો તે યોગ્ય કર્યું કહેવાય. સમજ વિનાના ગોખણથી વિદ્યાર્થીની માનસિક શક્તિઓનો વ્યર્થ નાશ થાય છે એમ માનસશાસ્ત્ર કહે છે. શિક્ષણશાસ્ત્રનો એ નિયમ છે કે વિદ્યાર્થીને સમજ વિનાનું ગોખણ કદી પણ નહિ કરાવવું. જ્યારે તેનામાં તે વિષય સમજવાની શક્તિ આવે, તે ગ્રહણ કરવાની તેને અભિરૂચી થાય, ત્યારે તેને તે વિષયનું શિક્ષણ આપવું. કિન્ડરગાર્ટન પધ્ધતિ જેને આખી દુનિયા હાલ એકમતે વખાણે છે તેનું તાત્પર્ય પણ એજ છે કે બાળકના મનમાં પ્રથમ જિજ્ઞાસા ઉત્પન્ન કરાવી પછી તેને તૃપ્ત કરવી. એ નિયમથી આપણા શાસ્ત્રકારો અજ્ઞાત ન હતા, અને તેમણે પણ એજ નિયમે ઉપદેશ આપવાનું કહ્યું છે તે આપણે આગળ જોઇશું. આ દૃષ્ટિએ જોતાં વ્હેલામાં વ્હેલું વિદ્યાર્થી જ્યારે અંગ્રેજી પાંચમા છઠ્ઠા ધોરણમાં આવે-સંસ્કૃત આવાનું તેને સામાન્ય જ્ઞાન થાય ત્યારે તેને પ્રતિક્રમણ વિષયના શિક્ષણની શરૂઆત કરવી જોઇએ એમ અમારો નમ્ર અભિપ્રાય છે. એ સમય અગાઉ ઉક્ત વિષયનું શિક્ષણ ન આપવું જોઇએ તેનાં કારણો અત્રે આપણે જોઇ જઇએ.—

( ૧ ) શાસ્ત્રમાં ક્યાંઇ પણ એવી આજ્ઞા નથી કે બાળકમાં વિવેકબુદ્ધિ ખીલી ન હોય તે સમયે પણ તેની પાસેથી પ્રતિક્રમણ પરાણે ગોખાવી દરરોજ કરાવવાની આવશ્યકતા છે. "પહેલું જ્ઞાન ને પછે ક્રિયા" એ સૂત્રમાં કાંઇપણ સત્ય હોય તો તે બાળક માટે તો વિશેષે કરીને સત્

હોવું જોઇએ. શ્રાવકની વ્યાખ્યા શાસ્ત્રકારે એમ નથી કરી કે "શ્રાવક તે જે કરે ક્રિયા" પણ એમ કરેલ છે કે "શ્રાવક તે જે જાણે તત્ત્વ."

(૨) પ્રતિક્રમણનું તાત્પર્ય શું છે? આરાધનાનો-મોક્ષનો-જે માર્ગ છે તે માર્ગથી ચૂકી અવળે રસ્તે આપણે ઉતરી ગયા હોઇએ તેનો પશ્ચાતાપ કરી પાછું માર્ગસન્મુખ થવું તે પ્રતિક્રમણ. હવે જેણે માર્ગ શું છે તે જાણ્યું નથી, એટલુંજ નહિ પણ તે સમજી શકવાની શક્તિ પણ નથી, તેની પાસેથી પરાણે પ્રતિક્રમણ ગોખાવીને કરાવવું તે યોગ્ય નહિ કહેવાય. સમકિત વિનાની ક્રિયાથી પુણ્ય છે એ ખરૂં, પણ જો તે સમયે મનના પરિણામ સારા હોય તો. જો પરિણામ સાવદ્ય હોય તો પાપ થાય કે નહિ? અવશ્ય થાયજ. માટે બુદ્ધિનો કાંઇક પણ વિકાશ થાય, સારાસાર સમજવાની શક્તિ કાંઇક પ્રકટે કે પ્રકટતી હોય ત્યારથી એ વિષયની શરૂઆત કરવી લાભકારક થાય. તે અગાઉ વિદ્યાર્થીના મનપર તે વિષય નકામો બોજારૂપ છે. આ પ્રમાણે યોગ્ય સમયે એ વિષયની શરૂઆત થશે તો વિદ્યાર્થી તેનું રહસ્ય સમજી શકશે અને તેથી કંટાળશે નહિ.

(૩) પ્રાથમિક શાળાઓમાં કિશોર વયના બાળકો ઉપર પ્રતિક્રમણ સૂત્રોનું ગોખણ એ ભારે બોજારૂપ છે. મેટ્રિકની પરિક્ષા માટે જે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે તેઓ ઘેર દરરોજ ૩ થી ૪ કલાક વાંચે તો તે પૂરતું ગણાય છે. જ્યારે આપણી ધાર્મિક શિક્ષણ આપનારી શાળાઓના મેટ્રિકની નીચેના ધોરણોના વિદ્યાર્થીઓ ઘેર દરરોજ ત્રણ ચાર કલાક અભ્યાસ કરે છે છતાં તેમનાથી ગૃહપાઠ સંતોષકારક રીતે તૈયાર નથી થઇ શકતા. ઉંચા ધોરણોના સંખ્યાબંધ જૈન વિદ્યાર્થીઓ પન્નાલાલ હાઇસ્કુલમાં નહિ જતાં, ન્યુ હાઇસ્કુલ, એસ્પ્લાનેડ હાઇસ્કુલ વિગેરેમાં જાય છે તેનું કારણ પણ એજ છે. સમજણ વિનાનું ગોખણ કરાવવાથીજ વિદ્યાર્થીઓને ધર્મપર અભાવ આવી જાય છે અને તેને પોથી માંહેલા રીંગણાવત્ માને છે. આમ શિક્ષણ પદ્ધતિના દોષને લીધે ધર્મશિક્ષણપર દોષ આવે છે.

નાની ઉમરે પ્રતિક્રમણ ગોખાવવાથી વ્યવહારમા ઇષ્ટ ફળ આવતું નથી, તેજ સૂચવે છે કે એમ કરવામાં ભૂલ થાય છે. મુંબઇમાં આશરે ચારસો નાનાં બાળકોને પ્રતિક્રમણનો મુખપાઠ કરાવવામાં આવે છે, છતાં એક 'આવશ્યક' તરીકે તેમાંથી ભાગ્યે દશેક છોકરા તે ક્રિયા કરે છે બાકીના દરરોજ કરતા નથી. વળી આ સૂત્રો વિના સમજે ગોખેલા હોવાથી તથા તેમનો દરરોજ ઉપયોગ ન થવાથી, આ વિષયની સમાપ્તિ થતાં યા હાઇસ્કુલમાં પ્રવેશ કરવાની સાથે ભૂલી જવાય છે. એક વર્ષ પછી એક સૂત્ર પણ આખું યાદ નથી હોતું એવા વિદ્યાર્થીઓ આપણે નજરે જોઇએ છીએ. હાલના દેશકાળના સંજોગોમાં નિવૃતિ વિનાના માણસથી અને બાળકોથી તેમાં ખાસ કરીને મુંબઇ ક્ષેત્રમાં, દરરોજ બે વખત નિર્ણિત સમયે પ્રતિક્રમણ થઇ શકવું અશક્ય છે. સૂર્યોદય પહેલાં ઘણે ભાગે બાળક ઉઠતો નથી, અને સાંજના ભાગમાં શાળામાંથી છુટવા પછી મેદાનમાં ક્રિકેટઆદિ રમતું તેને વધારે આવશ્યક તથા પસંદ પડે છે. આમ દરરોજ પ્રતિક્રમણ કરવાની ટેવ ન હોવાથી ઉક્ત સૂત્રો કાળક્રમે ભૂલાઇ જવાય છે.

(૪) મોટી ઉમ્મર થતાં માણસમાં ગોખવાની શક્તિ રહેતી નથી માટે નાનપણમાં પ્રતિક્રમણ સૂત્રો ગોખાવી નાખવાની જરૂર છે એમ જે કહેવામાં આવે છે તે યથાર્થ નથી

વૃતિ હોય તો બધું થઇ શકે છે. મોટી ઉમ્મરે નવ દીક્ષિત થતા પુરૂષો પ્રતિક્રમણ મ્હોઢે કરી લે છે. બૈરાંઓ પણ મોટી ઉમ્મરે તેમ કરી લે છે. નાટકોમાં મોટી વયના માણસો પણ પોતાના પાર્ટ મ્હોઢે કરી લે છે. ઉલટું સમજ્યા વિનાનું બાળપણમાં ગોખણ કરવું તે બહુ મુશ્કેલ છે, સંસ્કૃત ભાષાનું થોડું ઘણું જ્ઞાન થતાં સમજીને તે વધારે સ્હેલાઇથી મ્હોઢે થઇ શકે તેમ છે. મેટ્રિક તેમજ એલ્. એલ્. બી. જેવી ઉચ્ચ પરીક્ષાઓ માટે પણ વિદ્યાર્થીને કેટલું બધું મોઢે રાખવું પડે છે એ વાત અત્રે સ્મરણમાં રાખવા જેવી છે.

( ૫ ) કિશોર વયમાં સમજ વિનાનું ગોખણ કરાવવું એ શિક્ષણશાસ્ત્રના નિયમોથી વિરૂદ્ધ છે. તેથી બુદ્ધિમંદતા થાય છે એમ માનસ્શાસ્ત્રનો સિદ્ધાંત છે.

( ૬ ) સંસ્કૃત યા માગધીના થોડા ઘણા જ્ઞાન વિના, વિદ્યાર્થીઓને અપરિચિત એવી માગધી ભાષાના પ્રતિક્રમણ સૂત્રોનું ભાષાજ્ઞાન ( અર્થાદિ ) કરાવવાની શરૂઆત કરવી તે શિક્ષણ શાસ્ત્રના નિયમોથી વિરૂદ્ધ છે.

( ૭ ) ફ્રોએલ જેવા સમર્થ શિક્ષણવેત્તાના સિદ્ધાન્ત પ્રમાણે—

"It is a grave error to attempt to give the child in any stage of its development ethical training or rules of conduct belonging rightfully to a later stage."

મતલબ કે-બાળકના વિકાસની કોઇપણ ઉતરાવસ્થાને યોગ્ય સદ્વર્તનના નિયમો યા નીતિ-શિક્ષણ તેને તેની પ્રથમાવસ્થામાં આપવાનો પ્રયત્ન કરવો તે એક ગંભીર ભૂલ છે.

( ૮ ) પોતે પોતાના માટે જાતે વિચાર કરી સારાસાર સમજી શકે એવી શક્તિ કાંઇક પણ ખીલેલી નથી હોતી તેટલા સુધી બાળક ઘણે ભાગે 'વૃતિ' ( impulse ) ને અધીન વર્તે છે; અને તેટલા સુધી 'નિયમન' ની ખાસ કરીને તેને માટે જરૂર છે આ અવસ્થાના વિદ્યાર્થીના વર્તનનું અવલોકન કરી જોશો તો જણાશે કે તેમને વારંવાર નીતિનો ઉપદેશ આપ્યા છતાં ખરે પ્રસંગે વ્યવહારમાં તેઓ વૃતિને અધીન થઇ જાય છે, એ સમયમાં ઉપદેશ માત્રથી તે સદાચરણી બને તેમ નથી. ઉપદેશને પરિણામે તેને પોતાના મનપર કાબુ રાખવાની શક્તિ પ્રગટ થવી જોએ. તે શકિત પ્રગટ થવા પછીજ તે નીતિનો હાલતાં ચાલતાં ભંગ કરતો નથી. બળવાન સંજોગોમાં ત્યાર પછી પણ નીતિભંગ થવાનો અવકાશ રહે છે. આ કાળમાં-જ્યાં સુધી વૃતિ સર્વોપરી સત્તા ધરાવે છે ત્યાં સુધી-વિદ્યાર્થી પાસેથી બહુ સંભાળીને કામ લેવાનું છે, એ અવસ્થામાં ઘણે ભાગે જે દોષોથી તે અપરિચિત હોય તેવા દોષો વિષે કાંઇપણ વાત તેની પાસે કરવી, તેનું નામ પણ દેવું, એ તેને તે દોષનું ખાસ જ્ઞાન કરાવવા સરખું છે. તેથી ઉલટું નિષેધ કામ કરી જોવાની-અનુભવવાની-કુતુહળ વૃતિ તેને થાય છે, અને જે કામ કરવાની 'ના' કહી હોય તે કામ બાળક જાણી જોઇને કરે છે. ઍડમ અને ઈવની કથાનું પણ આજ તાત્પર્ય છે. માટે એ અવસ્થામાં બાળકના હાથમાં જે પુસ્તકો મૂકાય તેમાં મૈથુનાદિ વાતોનો સમાવેશ નજ હોવો જોઇએ. પ્રતિક્રમણ સૂત્રોમાં તમામ પ્રકારના દોષો ગણાવવામાં આવેલ છે, માટે તેનુ શિક્ષણ કિશોર વયમાં વિદ્યાર્થીને આપી ન શકાય.

ફ્રોબેલનો પણ એજ સિધ્ધાન્ત છે કે—

"The child should not be made conscious of evil in its own motives in its early life The child should be kept free from formalism and hyprocrisy. No dogmatic theology should be given in words until the child has experiences that can give life and meaning to the words The child's mind should not be filled with meaningless maxims, mere ashes of dead virtues."

તાત્પર્ય કે—અમૂક રીતે વર્તવામાં તેની વૃતિ ખોટી હતી એવી પ્રતીતિ બાળકને તેની પ્રથમાવસ્થામાં કરાવવી ન જોઇએ. બાળકની જીંદગી શુષ્ક ક્રિયા અને દાંભિક પ્રવૃતિથી મુક્ત રાખવી જોઇએ. અમૂક મતના સિદ્ધાન્તોનું જ્ઞાન ત્યાં સુધી એવા શબ્દોદ્વારા કરાવવું ન જોઇએ કે જ્યાં સુધી તે શબ્દોનો ભાવાર્થ તથા રહસ્યાર્થ સમજી શકે તેવો અનુભવ બાળકને થયો ન હોય. મૃત સદ્ગુણોની ખાખરૂપ અર્થ રહિત સુત્રોથી બાળકનું મન ભરવું ન જોઇએ.

કેટલાક સજ્જનો તરફથી એમ સાંભળ્યું છે કે મૈથુનની સંજ્ઞા આ દેશકાળમાં બહુ વહેલી થાય છે, માટે બાળવયમાં તેના દોષોનું સરળતાથી શિક્ષણ આપવામાં આવે તે યોગ્યજ છે. અમે દિલગીર છીએ કે ઉક્ત અભિપ્રાય સાથે અમે એકમત થઇ શકતા નથી. જો કોઇ વ્યક્તિમાં અકાળે એવા દોષ જણાય તો તેને તેમ કરતાં અટકાવવું નહિ ને સ્વચ્છંદે વર્તવા દેવું એમ કાંઇ અમારા કહેવાનો આશય નથી. મૈથુન સંજ્ઞા દેશકાળને અંગે યુરોપ આદિ શીત દેશોની અપેક્ષાએ અત્રે કાંઇક વહેલી થાય છે ખરી છતાં બાર ચૌદ વર્ષ અગાઉ તે બહુ અસ્પષ્ટ હોય છે એમ આપણે કબુલ કરવું પડશે વલી જે વિદ્યાર્થીઓમાં મૈથુનસંજ્ઞા બહુ વહેલી પ્રગટ થતી જોવામાં આવે છે તેનું કારણ તપાસશો તો જણાશે કે તે સ્વભાવિક હોતું નથી, પણ માત પિતાની બેદરકારી તથા કુસંગને લીધેજ હોય છે. જનસમાજની અજ્ઞાનતા તથા અધમ સ્થિતિને લીધેજ બિભત્સ શબ્દો તથા આવી હલકી વાતો નાનપણથીજ બાળકોના કાને પડે છે, અને તેથી આવા કનિષ્ટ પરિણામ આવે છે.

ટુંકામાં કહીએ તો પ્રતિક્રમણ એ ઉચ્ચ ભૂમિકાનો વિષય છે. તેનું શિક્ષણ નીચેની ભૂમિકામાં આપવું યોગ્ય નથી. **સમજ વિનાનું** ગોખણ કરાવવું એ શિક્ષણશાસ્ત્રના નિયમોને અજ્ઞાનના દાખવે છે ને આપણને ઉપહાસ્યને પાત્ર બનાવે છે; ને **સમજપુર્વક** ઉક્ત વિષયનું શિક્ષણ કિશોર વયમાં બાળકને આપી શકાય તેમ નથી, કારણ તેથી બાળકને પોતાને અપરિચિત એવા મૈથુનાદિ દોષોનું ભાન કરાવવા સરખું થાય છે. માટે સમજ સહિત કે સમજ વિના કોઇ પણ રીતે તેનું શિક્ષણ કિશોર વયમાં આપવું યોગ્ય નથી.

હવે ત્યારે આપણે ધર્મ શિક્ષણનો આરંભ કેવી રીતે થવો જોઇએ એ પ્રશ્નપર આવીએ. ધર્મ શિક્ષણ આપવાનો હેતુ વિદ્યાર્થીને ધર્મ ગ્રહણ કરાવવાનો છે. ત્યારે શાસ્ત્રમાં ધર્મ ગ્રહણ કરવાને અધિકારી કોને ગણ્યો છે તે આપણે પહેલાં જોઇએ.

# ધર્મ ગ્રહણ કરવાની યોગ્યતા.

એ વિષયને અંગે શ્રી ધર્મબિંદુમાંથી નીચે આપેલા ફકરા ખાસ મનન કરવા યોગ્ય છે. એમાં પ્રથમ અમુક વિષયને માટે રૂચી ઉત્પન્ન કરી પછી તે વિષયનું જ્ઞાન આપવું એવો જે શિક્ષણ શાસ્ત્રનો નિયમ છે તે પણ શ્રીમાન્ હરિભદ્રાચાર્યે સ્પષ્ટ જણાવેલ છે.

" જેમ સારી પૃથ્વીમાં વિધિપૂર્વક વાવેલાં બીજ ઉગે છે તેમ ગૃહસ્થને વિષે પણ વિધિ સહિત વાવેલા સદ્ધર્મના બીજ બહુધા ઉગે છે. "

" જેમ ઉખર ભૂમિમાં વાવેલા બીજનો નાશ થાય છે અથવા તો અંકુરો થઇ સુકાઇ જાય છે તેમ અજ્ઞાનખાર યુક્ત હૃદયભૂમિમાં વાવેલા સદ્ધર્મના બીજનો નાશ થાય છે અથવા તો અંકુરા ફુટી નિષ્ફળ થાય છે, એમ પંડિત પુરૂષો કહે છે. કારણ કે અયોગ્યતાથી મુર્ખ પુરૂષ થોડું પણ સારું કાર્ય કરવા સમર્થ નથી થતો, ત્યારે ધર્મ સંબંધી મોક્ષને ઉપયોગી કાર્ય કેમ કરી શકશે ? હિતકર અને દુઃખકર વસ્તુઓના તફાવત સમજવામાં અકુશળ પુરૂષ નિયમાદિ અનુષ્ઠાન પણ સારી રીતે નથી સાધી શકતો કારણ કે દરેક વિષયમાં અંત છે. જે સરસવ માત્રનું ધારણ કરવા અસમર્થ હોય છે તે મેરૂ પર્વતનું ધારણ કેમ કરી શકે, અર્થાત્ નજ કરી શકે. માટે જે માણસ જેટલું ધારવા સમર્થ હોય તેને તે પ્રકારનો બોધ કરવો જોઇએ. "

" પહેલાં ધર્મશાસ્ત્ર સાંભળવાની ઇચ્છા વધે એવી રીતનાં વાક્યોથી શ્રોતાને સમજાવવા કારણ કે તેમને ધર્મશાસ્ત્રની ઇચ્છા થયા વિના તેમની પાસે ધર્મશાસ્ત્ર વાંચવાથી ઉલટો અનર્થ થવો સંભવ છે. વળી શાસ્ત્રમાં પણ કહ્યું છે કે જે પુરૂષ સાંભળનારની ઇચ્છા વગર તેની પાસે બોલે છે તે પિશાચકી કે વાતકી કહેવાય છે. એટલે જેમ કોઇના શરીરમાં પિશાચે પ્રવેશ કર્યો હોય અને તે ગમે તેમ બોલે પણ તેનું બોલવું નિષ્ફળ છે તેમ સાંભળનારની ગરજ વિના બોલનારનો ઉપદેશ નિષ્ફળ થાય છે; અને જેમ કોઇને સન્નિપાત વિગેરે વાયુના કોઇ પ્રકારના રોગથી બકવા થાય છે અને તેનું બોલવું નિષ્ફળ થાય છે તેમ જે પુરૂષ સાંભળવા નહિ ઇચ્છનારની પાસે બોલે છે તે પણ ફોકટનો પ્રયાસ કરે છે. માટે પહેલાં શાસ્ત્ર સાંભળવાની ઇચ્છા કરવી પછી બોધ કરવાની શરૂઆત કરવી. "

" જેને શાસ્ત્રમાં ભક્તિ નથી તેની ધર્મ ક્રિયાઓ પણ આંધળાએ દેખવા યોગ્ય ક્રિયારૂપ છે, અને કર્મ દોષથી અસત્ ફળવાળી છે એટલે સદ્ગતિરૂપ ફલ આપતી નથી. "

" માટે સર્વ ક્રિયાથી, ધર્મ દેશના સાંભળવી એ મોટી ક્રિયા છે અને જાણપણું થયા વિના અંધકારે ફરવા જેવું છે. "

માર્ગાનુસારીના ગુણ ઉત્પન્ન કરવાથી ધર્મની યોગ્યતા થાય છે. અને પ્રથમ તેજ થવા જોઇએ. જે માર્ગાનુસારી હોય તેજ દેશવિરતિનો અધિકારી છે.

" માર્ગાનુસારીના ૩૫ ગુણ જે પુરૂષમાં હોય તે પુરૂષ ધર્મને યોગ્ય જાણવો. આવા ગુણોથી મનુષ્ય સમકિતવંત થાય છે, શ્રાવકધર્મ અને મુનિધર્મ પામે છે, અને અંતે મુક્તિના સુખને મેળવે છે. "

( અપૂર્ણ )

Speech delivered by Mr. Kumar Sing Nahar in moving a resolution of sorrow & condolence on the demise of H. M. the late King-Emperor Edward VII at a mass meeting of the citizens of Azimganj & Baluchar on 20-5-10.

Mr. Chairman & Gentlemen,

We are met here to-day under the shadow of a great national sorrow such as the country was overwhelmed with at the beginning of this century on the demise of Her Most Gracious Majesty the late Queen-Empress Victoria. Barely a decade has elapsed since then and the nation is again plunged in mourning at the sudden death of her son and successor, our beloved sovereign the late King-Emperor Edward VII, who, by reason of his profound sympathy and affection for his Indian subjects, enshrined himself in their hearts quite as firmly as his august mother had done before him. Gentlemen, it is no exaggeration to say that his loss is most keenly felt throughout the British Empire, nay the whole civilized world. A constitutional monarch in the strictest sense of the term, he was yet able to wield an amount of influence that can hardly be credited in these days of democratic rule. And this influence he always exerted to the lasting good of the Empire and in the cause of universal world-wide peace,-a fact which has deservedly won for him the noble appelation of "The Peacemaker". It is an open secret that the "Entente cordiale" with France and later on with Russia was due mainly to his initiative, that it was in fact brought about more by his tact and influence than anything else. For India too, his reign, brief as it was, proved a memorable one, for it saw the granting of a generous scheme of reform which was hailed as the first beginnings of representative government and which went a long way towards the satisfaction of legitimate political-aspirations. Gentlemen, the spontaneous wail of sorrow which has again risen from every nook and corner of the country, bears eloquent testimony to the genuine loyalty and attachment of the vast mass of the people to the British Crown. It is likewise in this sense that the significance of the countless messages of sympathy and allegiance that are being daily, hourly transmitted to the seat of Royalty, is to be interpreted. This universal solidarity of feeling must bring home to our rulers, that though we are divided on many points, we are at one in our love and devotion to the British Crown, that here at least we all stand on a common platform, shoulder to shoulder, without distinction of race or colour, caste or creed. Gentlemen, it is in this loyalty that the safety and peaceful progress of our country lie; it is this

loyalty that constitues the one grand means of bringing the diverse races and communities closer together and ultimately welding them into one nationality. Let us then strive by all the means in our power to hand down this precious heritage of ours unimpaired to posterity, and acclaim with one universal voice our undying loyalty and devotion to the person and throne of our new sovereign His Imperial Majesty King George V and the illustrious British democracy with which our fate is indissolubly bound.

Gentlemen, with your permission I beg to move the resolution standing in my name.

---


TUTORIAL CLASSES.

ધંધાદારીઓને ઇંગ્રેજી વાતચીત, વેપારી પત્રવ્યવહાર એક વર્ષમાં ખાસ નવીન ઢબ મૂજબ (સાધારણ) શીખવવામાં આવે છે. ફી રૂ. ૫૦) તે ચાર હફતે દર ત્રણ ત્રણ માસ માટે રૂ. ૧૨ાા એડવાન્સ લેવામાં આવે છે. ટાઇમ રાત્રીના ૮ થી ૯ (મુ.ટા.) હાઇસ્કુલના વિદ્યાર્થીઓને કલાસના ધોરણ મુજબ શીખવવામાં આવે છે. અનુભવી કેળવાયેલા શીક્ષકો રોકવામાં આવ્યા છે. વધુ હકીકત માટે લખો યા મળો.

ઠે. વી. કે. જૈન લાઇબ્રેરી.
પાયધુની—મુંબઇ.

લાલચંદ લક્ષ્મિચંદ શાહ.
પ્રોપ્રાયટર ટયુટોરીયલ—કલાસીઝ

ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી.



"હાથથી ગુંથવાના સંચા."

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઇ શકે તેવા સરસ અને સફાઇદાર મોજાં, ગલપટા. ટોપીઓ, ગંજીફરાક વીગેરે ઘણીજ સહેલાઇથી અને ઝડપથી બનાવવાનાં અસલ ઇંગ્લીશ બનાવટના સંચા ધુપેલીઆ એન્ડ કુાં૦ માં મળે છે. પ્રાઇસલીસ્ટ મફત.

ઠે૦ જે૦ એચ૦ એ૦ નં૦ ૧૨૫ ગુલાલવાડી—મુંબઇ. નં૦ ૪.

તૈયાર છે ! તૈયાર છે!! તૈયાર છે!!!

કોન્ફરન્સ ઓફીસની ચાર વર્ષની અથાગ મહેનતનું અપૂર્વ ફળ.

શ્રી જૈન ગ્રંથાવળિ.

જુદા જુદા ધર્મ ધુરંધર જૈન આચાર્યોએ ભિન્ન ભિન્ન વિષયો ઉપર રચેલા અપૂર્વ ગ્રંથોની સંપૂર્ણ યાદી આ પુસ્તકમાં આપવામાં આવી છે. જૈન આગમ, ન્યાય, ફિલોસોફી ઔપદેશિક, ભાષા, સાહિત્ય તથા વિજ્ઞાન સંબંધી ગ્રંથોનું લીસ્ટ, ગ્રંથ કર્તાઓનાં નામ, શ્લોક સંખ્યા, રચ્યાનો સંવત્, હાલ કયા ભંડારમાંથી કેવી સ્થિતિમાં મળી શકે તેમ છે વિગેરે સઘળી હકીકત બતાવનારૂં આ અમૂલ્ય પુસ્તક છે. વિશેષ ફુટનોટમાં ગ્રંથોને લગતી ઉપયોગી માહિતી આપવામાં આવેલી છે. ગ્રંથ અને પૃષ્ઠ, ગ્રંથ કર્તા અને પૃષ્ઠ, રચ્યાનો સંવત્ અને ગ્રંથ, એવી રીતે ત્રણ પ્રકારની સંભાળપૂર્વક બનાવવામાં આવેલી અનુક્રમણિકાઓ આ પુસ્તકની છેવટે આપેલી છે. આ પુસ્તક દરેક પુસ્તકભંડાર, લાયબ્રેરી તથા સભામંડળમાં અવશ્ય રાખવા લાયક તેમજ દરેક જૈનને ઉપયોગી છે. કિંમત માત્ર રૂ. રૂ. ૩-૦-૦

Registered No. B. 525.

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૬.) વૈશાખ, વીર સંવત્ ૨૪૩૬, જુન સને ૧૯૧૦. (અંક ૬ ઠો.

प्रकट कर्त्ता.

श्री जैन (श्वेतांबर) कॉन्फरन्स ऑफिस, मुंबई.

## विषयानुक्रमणिका.

The Institution of Early Marriage ... ... ... ... 137
જીવદયા-અહિંસા Humanitarianism ... ... ... ... ૧૪૧
સિદ્ધર્ષિ ગણિ ... ... ... ... ... ... ... ૧૪૫
ગુણાનુરાગ કુલક ... ... ... ... ... ... ... ૧૪૯
एक आश्चर्यजनक स्वप्न ... ... ... ... ... ... ૧૫૫
ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ... ... ... ... ૧૬૧
શ્રી સુકૃત ભંડાર ફંડ ... ... ... ... ... ... ૧૬૩
...ર્મ ગ્રહણ કરવાની યોગ્યતા ... ... ... ... ... ૭૩
...ર્મ ગ્રહણ કરવાની વિધિ ... ... ... ... ... ... ૭૪.
ધાર્મિક શિક્ષણક્રમની રૂપરેખા ... ... ... ... ... ૭૫

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु० १—४—०

धर्म विजय प्रेस पायधुनी-मुंबई.

ગેવર્નમેન્ટનાં મેટાં સર્ટીફીકેટો




ઓનરો, હજારો ખાનગી પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, મીન વગેરે પરદેશી રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદો,**

**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનારા,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે?

# હરીચંદની




# તિજોરીઓ.

છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની (વાળેલ એકજ પત્રાની, અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ' વગેરે જાતોની) પ્રો૰ ગજ્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલે ભરેલી, મુંબઇના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઇમાં સૌથી પહેલી આવેલી અને સૌથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

**સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી.**

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ.

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેશો!

સાવડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, (સરકારી ખાસ પેટંટ મેળવેલી) હજારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં૰ ૧ ની ચાવીથી ઉઘડે અને નં૰ ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો.

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુનેગાર છે.

કારખાનામાં બનતી વખતે જ માલ જુઓ, મસાલામાં નોટ મુકીને અથવા આખી તીજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું! આખું ગામ જોઇને પછી આવો!!

**પ્રોમીયર સેફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૰ ૧૩૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શો રૂમ—નં૰ ૩૨૦, આટરોડ કોર્નર.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः।
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो
वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥ iei

ભાવાર્થ:—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ[a] વળી આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે, જ્ઞાનના મહ સાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એ આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે — mal પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

agan

પુસ્તક ૬ ) વૈશાખ, વીર સંવત્ ૨૪૩૬ જુન, સને ૧૯૧૦ short

## The Institution of Early Marriage.

સદરહુ પાઠશાળાના શ્રી સંઘ તરફથી નીમાયલા સેક્રેટરી શા ગુલાબચંદ તલ-ચંદના હસ્તકનો હીસાબ અમોએ તપાસ્યો છે તે જોતાં સદરહુ પાઠશાળાનું નામું અને ીસાબ ચોખ્ખા રાખેલ છે તેમજ પાઠશાળાના માસ્તર ચંદુલાલ નાનચંદ પાઠશાળાના ામમાં પૂરતા અનુભવી હોવાથી છોકરાઓને યોગ્ય કેળવણી આપે છે. તેમજ છોક-ાઓને ઝાઝી ગોખણપટી નહિ કરાવતાં બારીકીથી અર્થ સમજાવી તર્કવિતર્કથી સમજ ાડી ખરૂં રહસ્ય સમજાવે છે તે બહુ ખુશી થવા જેવું છે.

આ ખાતામાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે. એજ

દેશ દક્ષિણ જીલ્લે વરાડ ગામ બાલાપુર મધ્યે આવેલા શ્રી ગોડી પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ દેરાસરજીના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ. પોપટલાલ પુંજાશા હસ્તકનો સંવત ૧૯૫૯ થી સંવત ૧૯૬૪ ના ભાદરવા સુદ ૪ સુધીનો હીસાબ અમોએ

તપાસ્યો છે, (કારણ આ વહીવટના ચોપડા તે દીવસે બદલાય છે.) તે જોતાં સદરહુ વહીવટકર્ત્તાએ હીસાબ ચોખ્ખો રાખ્યો છે. તેમ દર સાલ સંઘ સમસ્ત હીસાબ રજુ કરવાનો રીવાજ શરૂ કરેલ છે તે જોઇ ખુશી થવા જેવું છે. તે મુજબ બીજી પણ ધાર્મિક સંસ્થાઓના વહીવટકર્ત્તાઓને, તેમ કરવાની ભલામણ કરવામાં આવે છે; કારણ જો ધાર્મિક સંસ્થાનો વહીવટ દર સાલ સંઘ સમક્ષ રજુ થતો હોય તો કોઇને તે ખાતાના સંબંધમાં વહેમ લાવવાનું કારણ રહેતું નથી. તેમ સંઘમાં કજીઆનો નાશ થઇ, સંપની વૃદ્ધિ થાય છે તથા તે ખાતામાં દરેક જણને મદદ કરવાની હોંશ રહે છે, માટે સદરહુ વહીવટકર્ત્તાએ સંઘ સમક્ષ રજુ કરવાનો જે રીવાજ ચાલુ કર્યો છે, તેથી તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે. સદરહુ વહીવટમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે. એજ

લી૦ શ્રી સંઘનો સેવક,<br>
ચુનીલાલ નહાનચંદ<br>
ઑનરરી ઓડીટર.<br>
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

## સંવત્ ૧૯૬૬ની સાલમાં કારતક સુદ ૧ થી ફાગણ વદ ૦)) સુધીમાં આવેલાં નાણાંની ગામવાર રકમ.

રૂ. ૫૦૫૦-૩-૩ સંવત્ ૧૯૬૫ ના આસો વદ ૦)) સુધીમાં આવેલા તે.

| | | |
|---|---|---|
| ૧૨-૧૨-૦ રાહુતગઢ | ૪૯-૮-૦ બેંગલોર | ૦-૪-૦ ઝરીઆ. |
| ૬૪-૦-૦ કપડવંજ | ૪-૪-૦ વડાવલી | ૬-૪-૦ ચવેલી |
| ૮-૧૨-૦ પીંપળ | ૪-૮-૦ પીંડારપુર | ૨-૧૨-૦ કેસણી |
| ૧-૪-૦ ગંગેટ | ૨૪-૮-૦ ગ્વાલીયર | ૧૬૫-૦-૦ રતલામ |
| ૧૪૬-૦-૦ ડભોઇ | ૩-૪-૦ ભીલસા | ૪-૧૫-૦ પિંપળીઆ |
| ૨-૮-૦ સારંગી | ૦-૪-૦ બડવેટ | ૧૦૨-૧૨-૦ માણસા |
| ૧૭-૮-૦ પાલીતાણાનાજાત્રાળુના | ૧૨-૮-૦ કુકવાવ | ૧-૮-૦ હઠીપરા |
| ૦-૮-૦ ઘેલડા | ૧૧-૮-૦ દેકાવાડા | ૧૨-૪-૦ ભીલીમોરા |
| ૧૨-૪-૦ ગુંજાલા | ૭-૪-૦ દીલ્હી | ૧-૧૨-૦ રૂદાતલ. |
| ૧-૦-૦ ડાભસર | ૯-૪-૦ રાંતેજ | ૧-૦-૦ રૂપપરૂ |
| ૧૦-૪-૦ વિજયાનગર | ૮-૦-૦ મુંબઇ. | ૬-૧૨-૦ ડાંગરવા |
| ૩-૦-૦ દેહુદ | ૭-૧૨-૦ તેલાવી | ૫-૦-૦ બાલસાસણ |
| ૧૨-૦-૦ સુરજ | ૧૩-૮-૦ કટોસણ | ૧-૪-૦ તેજપરા |
| ૧-૪-૦ સુંવાળા | ૦-૪-૦ બામરોલી | ૫૧-૧૨-૦ રંગુન |
| ૫-૪-૦ મોલમીન | ૧૩-૪-૦ માંડલે | ૫-૮-૦ લોઅરબરમા |
| ૧-૦-૦ પાંચટોબરા | ૪-૧૨-૦ પાનેલી | ૩-૮-૦ સીસદર |
| ૪-૦-૪ ધ્રાફા | ૨-૦-૦ ગોરખડી | ૪-૮-૦ ગુંદા |

| | | |
|---|---|---|
| ૧૦—૦-૦ ભાણવડ | ૩—૦-૦ ચરોલીઆ | ૧૬—૮-૦ સાદરા |
| ૭—૦-૦ વકતાપુર | ૨—૦-૦ વીરસોડા | ૩—૪-૦ સંતઇ |
| ૩—૦-૦ મહરીસણા | ૧૪—૮-૦ સાનથળ | ૧—૦-૦ કાનપુર |
| ૩૧—૦-૦ મહિદપુર | ૬૩-૧૨-૦ ઝીંઝુંવાડા | ૩—૪-૦ મીઠાઘોડા |
| ૪—૦-૦ ધામા | ૨—૮-૦ નગવાડા | ૩—૪-૦ ફતેપુર |
| ૨૦—૦-૦ ચેવલા | ૧ ૮-૦ પાદરા | ૦—૮-૦ સાંઢપુર |
| ૧૨-૧૨-૦ મુજપર | ૩૫—૮-૦ બોટાણા | ૦-૧૪-૦ ખેડ |
| ૧-૧૪ ૦ ચાસ | ૦—૪-૦ શીરોઇ(તાબે પુના) | ૦-૧૨-૦ આંબોલી |
| ૨૫—૮-૦ પાચોરા | ૮—૦-૦ જલગામ | ૩—૦-૦ આકડોદ |
| ૩—૮-૦ લુવારા | ૧૮—૩-૦ માંકણજ | ૧૪—૮-૦ બલોલ |
| ૩—૦-૦ મીઠા | ૨—૪-૦ નંદાસા | ૧૫—૦-૦ જેતપુર |
| ૪-૧૨-૦ વડાગ | ૨—૪ ૦ સુખપર | ૧—૪-૦ ચોકલી |
| ૫૦—૪ ૦ જુનાગઢ | ૩૪—૦-૦ વણથલા | ૨—૪-૦ ઘટીઆ |
| ૮—૦-૦ ધુંધડકા | ૩—૪-૦ કાનોડ | ૧—૦-૦ પીપલ્યા |
| ૮—૮-૦ કારૂખેડા | ૧—૪-૦ બતીસીરાલા | ૨—૮-૦ લાલગઢ |
| ૦—૪-૦ ઝારડા | ૧૫—૦-૦ મોમ્બાસા | ૧૩—૪-૦ અંબાસણ |
| ૧-૧૨-૦ ભેંસાણ | ૫—૦-૦ મુંદરડા | ૩—૮-૦ જાકાસણ |
| ૭—૦-૦ નાગરડી | ૩—૦-૦ વાવબેરાજા | ૦-૧૨-૦ કરાંચી |
| ૨૨—૪-૦ માંડવી (સુરત) | ૦—૮-૦ સરદારપુર | ૦—૮- ડુંગરી |
| ૧૧—૮-૦ છત્રાસા | ૦—૮-૦ ઝાંપોદડ | ૦—૪-૦ રાણકી |
| ૭-૧૨-૦ સરદારગઢ | ૧—૮-૦ મુંડવા | ૧૨—૦-૦ પાટણવાવ |
| ૦—૮-૦ ચીત્રોડ | ૮-૧૨-૦ મોટીમારડ | ૩—૦ ૦ ભોજગામડા |
| ૪—૦-૦ ગૌતમપુરા | ૧૪—૮-૦ ખેરવા | ૪-૧૨-૦ વરતેજ |
| ૪-૧૨-૦ જગુદન | ૮—૮-૦ મુળસણ | ૫—૪-૦ સાંગલપુર |
| ૫—૪-૦ આખજ | ૧૨ ૧૨-૦ અમદાવાદ | ૧૪—૪-૦ ઝોરણજ |
| ૫-૧૨— તલાજા | ૦—૪-૦ મોખડકા | ૨૯—૪-૦ ઝાંઝીબાર |
| ૯—૦-૦ ધોળાસણ | ૩—૦-૦ આંબલીઆસન | ૪—૮-૦ ઘેટી |
| ૧—૦-૦ જમણવાવ | ૦—૮-૦ રતનપર | ૦—૮-૦ આકોલાલી |
| ૩૧—૪-૦ લીંચ | ૭—૪-૦ બોરીઆવી | ૧૧—૪-૦ બગસરા |
| ૪—૮-૦ માવજીંજવા | ૩—૦-૦ ગળથ | ૧—૦-૦ છોડવડી |
| ૬—૮-૦ રાણપર (સોરઠ) | ૭—૪-૦ ખારચીયા | ૦—૮-૦ હડમતિયા |
| ૧—૮-૦ વાલુકડ | ૧-૧૨-૦ હણોલ | ૮-૧૨-૦ પાંચોટ |
| ૦—૪-૦ ભેરાઇ | ૨—૮ ૦ કમલેજ | ૩—૪-૦ નુગેર |
| ૪—૦-૦ બોદલા | ૪—૪-૦ મોટપ | ૧૦-૧૨-૦ બાજીપરા |
| ૬-૧૨ ૦ પછેગામ | ૧—૦-૦ કંથારીઆ | ૦-૧૨-૦ ચોગડ |
| ૧૫—૪-૦ વળા | ૨૨-૧૨-૦ ધીણોજ. | ૦-૧૨-૦ છઠીઆરડા |

કુલ રૂ. ૬૭૪૧-૫-૩

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વહે, અમૃતધારા વરસે."

## ધાર્મિક શિક્ષણનો ક્રમ.

( અનુસંધાન ગતાંકથી )

### ધર્મ ગ્રહણ કરવાની યોગ્યતા.

" એ પ્રમાણે સદ્ધર્મના શ્રવણથી ગયાં છે પાપ જેનાં, જાણ્યું છે તત્ત્વ જેણે, મહાસત્ત્વવંત એવો અને ઉત્કૃષ્ટ સંવેગને પામેલો પુરૂષ ધર્મ ઉપાદેય છે એમ સમજીને ભાવથી તેમાં ઇચ્છા કરીને, અને પોતાની શક્તિનો બરાબર વિચાર કરીને, ધર્મ ગ્રહણ કરવામાં પ્રવૃતિ કરે છે.

" પ્રશ્ન—શું આવા લક્ષણ યુક્ત પુરૂષનીજ ધર્મમાં પ્રવૃતિ થાય અને બીજાની ન થાય ?

" ઉત્તર—સકલ જગત્માં કલ્યાણ સ્થાપન કરવું એજ છે ધન જેનું, એવા અરિહંત પરમાત્માએ. ફલના સાધન ભાવે કરીને, ઉક્ત વિશેષણે યુક્ત પુરૂષને, ધર્મ ગ્રહણ કરવા યોગ્ય કહ્યો છે; કારણ કે પૂર્વે કહેલો યોગ્ય પુરૂષજ સાચો ધર્મ ગ્રહણ કરી શકે છે. એ શિવાય બીજો પુરૂષ, તત્ત્વદ્રષ્ટિથી જોતાં, યથાર્થ ધર્મ પ્રાપ્તિને યોગ્ય નથી.

" પ્રશ્ન—અયોગ્ય પુરૂષ ગ્રહણ કરે તો શી હરકત આવે ? ઘણા લોકો, નામથી ચારિત્ર અંગીકાર કરનારા, સામાયિક પોસહ પ્રતિક્રમણ વિગેરે કરનારા જોવામાં આવે છે, અને અહરર્થે પણ જુઠા લેખ જુઠી સાહેદી વિગેરે અન્યાયના કામ કરે છે અને ધર્મકરણી પણ કરે છે તો તેમને શું બાધક પડે છે ? એમ કરતાં કરતાં યોગ્ય થશે એમાં શું વાંધો છે ?

" ઉત્તર—આમ કહેવું તદ્દન ભુલ ભરેલું છે. માથે સારી પાઘડી બાંધવી અને પહેરવા સારી લંગોટી પણ ન મળે એ કેવી હાંસીની વાત છે ! પહેલાં તો પોતીઉં સારૂં જોઇએ, પછી અનુક્રમે ચડતાં ચડતાં સારાં લુગડાં પહેરવા જોઇએ. તેમ અહીં પણ પ્રથમથી દુર્ગુણ દૂર કરવા અને ન્યાયમાં પ્રવૃતિ કરવી. પછી દેશ વિરતિ ધર્મ અને પછી સર્વવિરતિ ધર્મ એમ અનુક્રમે પોતાની શક્તિ અનુસાર ગ્રહણ કરવા. પણ પ્રથમથી ચારિત્રીયાનું અથવા તો શુધ્ધ શ્રાવકનું નામ ધરાવે અને માર્ગાનુસારીનો એક પણ ગુણ જોવામાં આવે નહિં તો તે ધર્મ શી રીતે શોભે ! અને શી રીતે હિતકારી થાય ? ફોગટ પોતાના દોષ ઢાંકવા માટે અને મુગ્ધ લોકોને ઠગવા માટે

થમથી દુર્ગુણ દૂર કરવા વગર, લોકને દેખાડવા માટે જિન મતની ક્રિયા કરે છે તેથી આત્માનું લકુલ કલ્યાણ થતું નથી; પણ જો યોગ્ય પુરૂષ ધર્મ અંગીકાર કરે તોજ ધર્મ શોભે છે. અને તાને તથા પરને હિતકારી થાય છે. માટે જેને ધર્મગ્રહણ કરવો હોય, અને પોતાના આત્માને ર્મમુક્ત કરવો હોય તો, તેણે **પ્રથમથીજ** માર્ગાનુસારી વિગેરે ગુણો ગ્રહણ કરવા અને **પછી** તાની યોગ્યતા પ્રમાણે ધર્મ ગ્રહણ કરવો યુક્ત છે, અને એજ હેતુ માટે ' યોગ્ય પુરૂષે ધર્મ ંગીકાર કરવો ' એમ અત્રે દર્શાવેલું છે.

## ધર્મ ગ્રહણ કરવાની વિધિ.

" ધર્મ વિધિ સહિત અંગીકાર કરવો જોઇએ.

" પ્રશ્ન—ધર્મ તો પોતાના ચિત્તની પરિશુદ્ધિથી થાય છે તો વિધિએ કરીને એ ધર્મ કરણથી શું થવાનું છે ?

" ઉત્તર—પોતાની શક્તિ વિગેરેનો દૃઢ વિચાર કરી, ધર્મ ગ્રહણ કરવો તે નિર્મલ ભાવનું રણ છે. એટલે પ્રકર્ષતાથી પોતાનું ફલ સાધવામાં અવંધ્ય છે. એટલા માટે વિધિપૂર્વક ધર્મ હણ કરવાની જરૂર છે. જેમ ખારી ભૂમિમાં વાવેલું બીજ નિષ્ફલ થાય છે તેમ વિધિ રહિત પ્રાપેલ ધર્મ પણ નિષ્ફલ થાય છે.

" જેણે શ્રાવક ધર્મનો અભ્યાસ સારી રીતે કર્યો હોય તે યતિધર્મ ગ્રહણ કરવાને યોગ્ય થાય છે, માટે ગૃહસ્થ ધર્મ પહેલાં સમજાવવાની જરૂર છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત, એ બારવ્રત ગ્રહણ કરવાની યોગ્યતા થાય છે. પણ **સમકિત ન થયું હોય ત્યાં સુધી વ્રત ગ્રહણ કરવાની યોગ્યતા કહેવાયજ નહિ;** કેમકે તેમ માનવાથી નિષ્ફળપગુનો પ્રસંગ આવશે. માટે સમકિત વિના વ્રત ગ્રહણ કરવું તે ફોકટ છે. વળી શાસ્ત્રમાં પણ હ્યું છે કે—

**सस्यानीवोषरक्षेत्रे निक्षिप्तानि कदाचन ।**
**न व्रतानि प्ररोहन्ति जीवे मिथ्यात्ववासिते ॥**
**संयमा नियमाः सर्वे नाश्यन्तेऽनेन पावनाः ।**
**क्षयकालानलेनेव पादपाः फलशालिनः ॥**

ભાવાર્થ—જેમ ખારી ભૂમિમાં વાવેલાં ધાન્ય કોઇ પણ પ્રકારે ઉગતાં નથી; તેમ મિથ્યાત્વસહિત જીવને વિષે વ્રત નિયમો ઉદય નથી પામતાં. એટલે કર્મ ક્ષય કરવાનું નિમિત નથી બનતાં.

" જેમ ફળથી શોભાયમાન વૃક્ષો કલ્પાંત-કાળના અગ્નિથી નાશ પામે છે તેમ પવિત્ર સંયમ અને નિયમો મિથ્યાત્વથી નાશ પામે છે.

" જિન વચન શ્રદ્ધાપૂર્વક સાંભળવાથી અને તેના ઉપર સ્વભાવિક રૂચિથી, જ્ઞાનાવરણ દર્શનાવરણ મિથ્યાત્વ મોહ વિગેરે કર્મના ઉપશમ અને ક્ષયરૂપ ગુણથી, સમકિત દર્શનની અંધકારરૂપ વિપર્યાસનો નાશ કરનારૂં, ખોટા કદાગ્રહ રહિત શુદ્ધ વસ્તુના પ્રજ્ઞાપનને અનુસરતું, આકરા ક્લેશ રહિત ઉત્કૃષ્ટ બંધનો અભાવ કરનારૂં, અને આત્માના શુભ પરિણામ રૂપ સમ્યક્ દર્શન ઉદય પામે છે. "

# ધાર્મિક શિક્ષણક્રમની રૂપરેખા.

આટલી સવિસ્તર ચર્ચા ઉપરથી ધર્મનીતિના શિક્ષણનો યથાર્થ ક્રમ સમજાયો હશે. પ્રથમ પહેલાં તો રૂચિ ઉત્પન્ન થવી જોઇએ અને માર્ગાનુસારીના ગુણોનો બોધ મળવો જોઇએ; પછી નવતત્ત્વ તથા સમકિતનું સ્વરૂપ સમજાવું જોઇએ; અને છેવટે દેશવિરતિ તથા પ્રતિક્રમણાદિ આવશ્યકોનું હેતુ રહસ્યની સમજ પૂર્વક જ્ઞાન થવું જોઇએ, તથા પ્રમાણ, નય, નિક્ષેપા, સપ્તભંગી અને ધ્યાનનું કિંચિત સ્વરૂપ સમજાવવું જોઇએ. વિદ્યાર્થી મેટ્રિક થાય ત્યાં સુધી આટલું શિક્ષણ પુરતું છે.

કોન્ફરન્સની કેળવણી કમિટીએ તૈયાર કરેલ પ્રશ્નાવલિમાં છેવટે ધાર્મિક શિક્ષણક્રમ સંબંધી એક પ્રશ્ન મૂકવામાં આવેલો હતો તેનો કોઇપણ વિદ્વાન તરફથી સવિસ્તર ઉત્તર નહિ મળવાથી અમે તે વિષે અત્રે ચર્ચા કરેલી છે.

વિદ્યાર્થીના શિક્ષણના ચાર વિભાગ થઇ શકે છે: (૧) બાળ વર્ગથી ત્રીજું ધોરણ (૨) ગુજરાતી ધોરણ ૪ થી ૭ યા અંગ્રેજી પ્રાઇમરથી ત્રીજું ધોરણ, (૩) અંગ્રેજી ધોરણ ૪ થી મેટ્રિક, અને (૪) કૉલેજનો સમય. આપણે એ દરેક વિભાગ વિષે અનુક્રમે વિચાર કરીએ.

### (૧)–બાળવર્ગથી ત્રીજું ધોરણ: ઉમ્મર ૫ થી ૮ વર્ષ.

આ અવસ્થામાં બાળકો ઘણે ભાગે શાળામાં નિયમિત રીતે આવતા નથી તેમજ ચોક્કસ પણે અભ્યાસ કરતા નથી. વિદ્યાર્થીની સમજ શક્તિ તદ્દન બીજાવસ્થામાં હોય છે; તેને ભાષાજ્ઞાન થયેલું હોતું નથી. તેથી આ સમયે પુસ્તકોદ્વારા વ્યવસ્થિત રીતે ધર્મ શિક્ષણ આપવું શક્ય કે યોગ્ય નથી. એ વર્ષોમાં ધાર્મિક શિક્ષણ માત્ર મ્હોંયેથી અને પરોક્ષ રીતે અપાવું જોઇએ. વિદ્યાર્થીના હાથમાં ધર્મ શિક્ષણને અંગે કોઇપણ પુસ્તક મૂકવું જોઇએ નહિ.

જો ક્રિયાકાંડનો અત્રેથીજ આરંભ કરાવવાનો આગ્રહ હોય તો માત્ર દેવવંદન વિધિના સૂત્રોનો સાદી સમજ સાથે મુખપાઠ કરાવવો; નહિ તો નમસ્કાર મંત્ર તથા પૂજાના દોહરા આદિ છુટક પદો મ્હોંયે કરાવવા.

શિક્ષક માટે એક પુસ્તક રચાવાની બહુ જરૂર છે. તેમાં Fairy Tales પરીઓની તથા પશુ પક્ષી આદિની વાતો, સાધારણ દૃષ્ટાન્તો, અને કોઇપણ ધર્મની સામાન્ય ધાર્મિક કથાઓનો સમાવેશ થવો જોઇએ.

### (૨)–ધોરણ ૪ થી ૭, અંગ્રેજી પ્રાઇમરથી ત્રીજું ધોરણ: ઉમ્મર ૯ થી ૧૨ વર્ષ.

જે શાળાઓમાં ધાર્મિક શિક્ષણની શરૂઆત પ્રતિક્રમણ સૂત્રોની ગોખણપટ્ટીથી કરવામાં આવે છે, તેઓ તે એકજ કાર્ય માટે વિદ્યાર્થીના પાંચેક કીમતી વર્ષ વિના કારણે લઇ લે છે, અને overpressure in elementary education આપણી પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓપર અભ્યાસનો બોજો અતિ ભારે છે એવી ચાલુ ફરિયાદને પુષ્ટ કરે છે; પણ જો એ વિષય આગળપર મુલતવી રાખવામાં આવે તો બે એક વર્ષમાં તે ખુશીથી થઇ શકે તેમ છે અને બાળકનો ત્રણેક વર્ષ જેટલો અમૂલ્ય સમય બીજા વિશેષ ઉપયોગી કાર્યો અર્થે–તેનું વર્તન ઘડવા અર્થે–બચી શકે.

આ અવસ્થામાં વિદ્યાર્થીમાં સમજશક્તિના અંકુરો ફુટે છે, નૈતિક ટેવો કેટલેક અંશે બંધાઇ શકે છે. માટે એ સમયમાં રસમય કથાઓ દ્વારા ધર્મ જિજ્ઞાસા પ્રદિપ્ત કરવી તથા માર્ગાનુસારીના

ગુણોનું—સામાન્ય નીતિનું-વિદ્યાર્થીની ગ્રહણધારણ શક્તિ અનુસાર સરળ રીતે શિક્ષણ આપવું. અત્રે નીતિનો ઉપદેશ પ્રાધાન્યપણે અપાવો જોઈએ અને ધાર્મિક સિદ્ધાન્તો ગૌણપણે રહેવા જોઈએ. છઠ્ઠા સાતમા ધોરણમાં નવતત્વોનો સાર સરળતાથી સમજાવવામાં આવે તો હરકત નથી.

ક્રિયાકાંડમાં દેવવંદન તથા ગુરૂવંદનના સુત્રો તથા સ્તવન સજ્ઝાયો સમજ સાથે મુખપાઠ કરાવવી, અને પ્રતિક્રમણના સુત્રો ચલાવવાને બદલે શ્રી જિનેશ્વરોના તથા અન્ય શલાકા પુરૂષોના તથા મહાશ્રાવકોના ચરિત્રો શીખવવા.

જો ધર્મશિક્ષણમાળા રચાય તેની શરૂઆત આ સમયથી થવી જોઈએ. તેમાં કથાનુયોગનો તથા સ્તવન-સજ્ઝાય-પદનો છુટથી ઉપયોગ થવો જોઈએ.

ઇશ્વરેચ્છા હશે તો અમે ગુજરાતી સાતે ધોરણોને અંગે નમુનાના પાઠો આ પત્રમાં આપીશું.

શ્રી શલાકા પુરૂષો, મહાશ્રાવકો, જૈન રાજાઓ તથા મંત્રીઓ આદિ મહાપુરૂષોના સુંદર રસિક બોધદાયક આખ્યાનોનો એક ગ્રંથ તૈયાર કરવાની અત્યંત આવશ્યકતા છે.

આપણામાં કિશોર વયના વિદ્યાર્થીઓને ઇનામ આપી શકાય એવું એકકે ધર્મકથાઓનું પુસ્તક નથી.

## ( ૩ )—અંગ્રેજી ધોરણ ૪ થી મેટ્રિક: ઉમ્મર ૧૩ થી ૧૬ વર્ષ.

આ અવસ્થામાં વિદ્યાર્થી નીતિ વિષયક નિબંધો લખવાની શરૂઆત શાળામાં કરે છે કોઈ પણ વિષય ઉપર પોતાના માટે સ્વતંત્રપણે કાંઇક વિચાર કરવાનો આરંભ કરે છે. સત્ અસાર સમજવાની શક્તિ-વિવેકબુદ્ધિ-થોડી ઘણી ખીલે છે. સંસ્કૃત ભાષાના શિક્ષણનો અત્રે પ્રારંભ થાય છે. ધર્મશિક્ષણની ખરેખરી શરૂઆત અત્રે થઇ શકે એમ છે.

આ સમયે જૈન દર્શનનું દિગ્દર્શન કરાવવું જોઇએ. નવતત્વનો બોધ કરવો તથા સમકિતનું સ્વરૂપ સમજાવવું. ષડ્આવશ્યકના હેતુ-રહસ્ય સમજાવવા; બે પ્રતિક્રમણનો મુખપાઠ કરાવવો; તથા પ્રમાણ નય નિક્ષેપા સપ્તભંગી અને ધ્યાનનું કિંચિત્ સ્વરૂપ સમજાવવું.

પાંચે પ્રતિક્રમણનો મુખપાઠ ફરજીયાત કરાવવાની અમે જરૂર ધારતા નથી. દરરોજ ઉપયોગના માત્ર બે પ્રતિક્રમણ છે. બાકીના ત્રણ અમુક દિવસોએજ કરવામાં આવે છે, અને તે ઘણે ભાગે ઉપાશ્રયમાં સર્વે શ્રાવકોની સાથે કરવામાં આવે છે, જે વખતે એકજ જણ મોટેથી બોલે છે અને બાકીના ધ્યાન દે છે એવો સામાન્ય નિયમ છે; એટલે જેમને મુખપાઠ ન હોય તેમને પણ તે પ્રતિક્રમણ કરવામાં હરકત આવતી નથી

જેટલા સુધી કોઇ ધાર્મિક વાંચનમાળા યોગ્ય પદ્ધતિએ રચાઇ તૈયાર થઇ નથી તેટલા સુધી નવતત્વ, મોક્ષમાળા, પુરૂષાર્થસિદ્ધિ ઉપાય, આત્મસિદ્ધિ, તથા આગમસાર એટલા પુસ્તકોનો વિદ્યાર્થીને અભ્યાસ કરાવવો, તથા ઉપદેશ પ્રાસાદમાંથી કથાઓ કહેવી. સમકિતનું સ્વરૂપ ધર્મસંગ્રહ તથા ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લાને આધારે સમજાવવું. સમકિતના ૬૭ બોલોમાં નિશ્ચય સમ્યકત્વના કારણભૂત જે ૭ સ્થાનકો બતાવ્યા છે તેની સિદ્ધિ પ્રાસાદિક શૈલીમાં, શ્રી 'આત્મસિદ્ધિ' માં રચાયામાં આવેલ છે.

આ પ્રમાણે મેટ્રિક સુધી ધર્મશિક્ષણની રૂપરેખા આપણે દોરી ગયા. આપણી હાઇસ્કુલોના ઉપયોગ અર્થે અમે ધર્મશિક્ષણનો વિસ્તાર અભ્યાસક્રમ પ્રત્યેક ધોરણ માટે હવે સૂચવીએ છીએ.

(અપૂર્ણ)

No. L. R./3881 of 1910
BOMBAY COLLECTOR'S OFFICE.
18th June 1910

From

G. W. HATCH, Esquire, I. C. S.,
Collector of Bombay.

To

Messrs. Kalyanchand Sobhagchand & Gulabchand Dhada,
General Secretaries of the Jain Swetamber Conferance,
BOMBAY

Re: New Servey No. 7230 on Malabar Hill

Gentlemen,

with reference to your letter No. O. O. N/43 dated the 7th instan I have the honour to inform you that in the circumstances stated in you petition Government propose to abandon the resumption of the land an have directed me to enter into negotiations with the parties for the conver sion of the tenure on which the land is held. I have accordingly offere a lease for 999 years on certain terms to Messrs. Thakurdas & Co. Solicitor to Mr. Jeewanlal Panalal in my letter No. L. R./3293 dated 28th Ma 1910, a copy of which is herewith enclosed for your information.

I have the honour to be,
Gentlemen,
Your most obedient servant,
Sd/G. W. HATCH.
Collector of Bombay.

No. L. R./3293 of 1910.
BOMBAY COLLECTOR'S OFFICE:
28th May 1910.

To

Messrs. Thakurdas & Co.,
Bombay

Re: Survey No. 7230 Narayen Dabholkar Road.

Gentlemen,

With reference to your letter dated 2nd November 1909, I hav the honour to inform that the question of the resumption of th property in question was referred to Government, and that I have bee directed to enter into negotiations with you for the conversion of th tenure on which the land is held.

Accordingly I would ask you to inform me at an early dat whether your clients are willing to accept a 999 years lease of Survey N 7230 on the following terms:

rent to be paid at the rate of ½ per cent on the value of the land calculated at Rs 15 per square yard i. e. a rent of Rs 582-4-9.

(2) not more than half the entire area to be built over.

(3) the lease to contain no clause for resumption.

On your informing me that your client is agreeable to these terms I shall refer them to Government for sanction.

I have the honour to be,

Gentlemen,

Your most obedient servant,

Sd/G. W. HATCH.

Collector of Bombay.


## TUTORIAL CLASSES.

ધંધાદારીઓને ઇંગ્રેજી વાતચીત, વેપારી પત્રવ્યવહાર એક વર્ષમાં ખાસ નવીન ઢબ મુજબ (સાધારણ) શીખવવામાં આવે છે. ફી રૂ. ૫૦) તે ચાર હફતે દર ત્રણ ત્રણ માસ માટે રૂ. ૧૨ાા એડવાન્સ લેવામાં આવે છે. ટાઇમ રાત્રીના ૮ થી ૯ (મુ.ટા.) હાઇસ્કુલના વિદ્યાર્થીઓને કલાસના ધોરણ મુજબ શીખવવામાં આવે છે. અનુભવી કેળવાયેલા શીક્ષકો રોકવામાં આવ્યા છે. વધુ હકીકત માટે લખો યા મળો.

ઠે. વી. કે. જૈન લાઇબ્રેરી.
પાયધુની—મુંબઇ.

લાલચંદ લક્ષ્મિચંદ શાહ.
પ્રોપ્રાયટર ટયુટોરીયલ—કલાસીઝ

## ઉદ્યોગશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી.



"હાથથી ગુંથવાના સંચા."

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઇ શકે તેવા સરસ અને સફાઇદાર મોજાં, ગલપટા, ટોપીઓ, ગંજીફરાક વીગેરે ઘણીજ સહેલાઇથી અને ઝડપથી બનાવવાના અસલ ઇંગ્લીશ બનાવટના સંચા ધુપેલીઆ એન્ડ કુાં૦ માં મળે છે. પ્રાઇસલીસ્ટ મફત.

ઠે૦ જે૦ એચ૦ એ૦ નં૦ ૧૨૫ ગુલાલવાડી—મુંબઈ. નં૦ ૪.


## સૂચના.

ગત અંકમાં નીચે પ્રમાણે સુધારી વાંચવા સુજ્ઞ ગ્રાહકોને વિનંતિ કરવામાં આવે છે.

પાનું ૧૧૬ છેલ્લેથી ત્રીજી લીટીમાં વિસ્તારથી અને કરવાની એ બે શબ્દોની વચ્ચે "ચર્ચા" શબ્દ ઉમેરવો.

પાનું ૧૧૭ છેલ્લેથી ત્રીજી લીટીમાં લખવાનું અને ધાર્યું છે એ બે શબ્દોની વચ્ચે "યોગ્ય" એ શબ્દ ઉમેરવો.

Registered No. B. 525

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

# SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD.

પુસ્તક ૬) જયેષ્ઠ-અસાડ, વીર સંવત ૨૪૩૬, જુલાઈ-ઓગષ્ટ સને૧૯૧૦. ( અંક ૭-૮

प्रकट कर्त्ता.

श्री जैन (श्वेतांबर) कॉन्फरन्स ऑफिस, मुंबई.

विषयानुक्रमणिका.


| વિષય | પૃષ્ઠ. |
|---|---|
| A Central Conception for Moral Instruction ... ... ... | ૧૬૫ |
| Beef-Eating and Islam... ... ... ... ... ... | ૧૬૮ |
| જીવદયા-અહિંસા Humanitarianism ... ... ... | ...૧૭૦-૧૯૨ |
| સિદ્ધર્ષિ ગણિ ... ... ... ... ... ... | ૧૭૪-૧૯૫ |
| જૈન ગુજરાતી સાહિત્ય ... ... ... .... .... | ...૧૭૮-૧૯૮ |
| हम कौन हैं ! .. ... ... ... ... ... ... | ૧૮૪ |
| શ્રી સુકૃત ભંડાર ફંડ ... ... ... ... ... | ...૧૮૭-૨૧૫ |
| ધાર્મિક શિક્ષણનો ક્રમ ... ... ... ... ... ... | ૭૭ |
| The First Jain Students' Social Gathering ... ... ... | ૧૮૯ |
| હાલના જૈન ગ્રેજ્યુએટો અને વર્તમાન જૈન સાહિત્ય ... .... ... | ૨૦૫ |
| ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ... ... ... ... ... | ૨૧૩ |
| શ્રી રંગુનના સંઘ તરફથી શેઠ અનુપચંદ મલુકચંદ માટે પ્રદર્શિત કરવામાં આવેલો શોક અને જૈન પાઠશાળાની સ્થાપના ... ... ... ... | ૨૧૬ |


वार्षिक मूल्य डाकका मूल्य समेत रि[illegible] रु० १—४—०

धर्म विजय प्रेस पायधुनी-मुंबई.

ગવર્નમેન્ટનાં પેટંટો
સર્ટીફીકેટો




ઓનરો, હુન્નરે ખાનગી
પદકે

સરકાર રજવાડાઓ અને માલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી
રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદો,**
**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનારા,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર
દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે ?

# હરીચંદની




# તિજોરીઓ.

છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની ( વાળેલ એકજ પત્રાની અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ, ગુમ ભંડારની—'પેટંટ ચેમ્બર લેક', વગેરે જાતોની) પ્રો૦ ગજ્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ કાવ ... મસાલો ભરેલી, મુંબઇના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઇમાં સૌથી પહેલા ... નારી અને સૌથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

## સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી.

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ.

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો ! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેજો ! !

સાવડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, ( સરકારી ખાસ પેટંટ મેળવેલી ) હજારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં૦ ... ની ચાવીથી ઉલટો અને નં૦ ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો,

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર છે.

કારખાનામાં બનતી વખતે જ માલ જુઓ. મસાલામાં નોટ મુકીને અથવા આખી તીજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું ! આખું ગામ જોઇને પછી આવો !

**પ્રીમીયર સેફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૦ ૧૩૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી
શો રૂમ—નં૦ ૩૨૦, ગ્રાંટરોડ કોનર.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः।
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो
वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥

ભાવાર્થ:—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ વળી આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે, જ્ઞાનના મ સાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એ આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તે પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

પુસ્તક ૬ ) જયેષ્ઠ, વીર સંવત્ ૨૪૩૬ જુલાઇ, સને ૧૯૧૦ અંક

## A Central Conception for Moral Instruction.

( By Frederick James Gould )

For all schools of thought, for all forms of religion, for Eastern world as for the Western, for pulpit or school or benendi State teacher or for the mother who trains her child at efore, enlig the steward of great wealth or for the humlest citi ngs from resp official or for the domestic circle, fo analysis. t
central conception of morality shoul rts of moral training, the third l carefully distinguish service from obed struction, though the instructi common among teachers and paren hes the mind with suitable images. in itself. The pages of history dec ception of moral education here s for instance, to unjust laws or to c the child through feeling, imaginati

;ood purpose ) is immoral, and experience should teach us that bedience is very often but the helpless or cunning yielding of the will o superior force Service, however, is the willing gift of feeling, hought and energy given in the spirit of friendship, respect, or love. The gift will not necessarily take the form of substantial offering. As Milton says: "They also serve who only stand and wait".

Having, then, fixed upon service as the central idea of moral edu-ation, the teacher will follow three methods in order to commend the lea to be taught. (1) He will endeavour to awaken admiration for ne spirit of service, so that acts and attitudes of service, as soon as erceived, will be followed by grateful feeling. The dog and other dumb reatures who serve man with fidelity should be regarded with affection. mall aids and courtesies in the home should be recounted with a glow f approval. Similar incidents in the daily school life should be praised. Deeds of social service should be recited with joyous recognition, as if hese were the very things that made life worth living. This first method education through the feelings In all possible cases the aim should be ather to link feelings of positive pleasure with the sight of memory of a ood action than to associate evil deeds with feelings of repulsion (though ne latter combination must also be effected) (2) The teacher must present a æsthetic revelation of service through carefully chosen examples from istory and imaginative literature, and occasionally from living experience. reat religious teachers are eminently noble servants of the race, and their ves are already classic embodiments of devotion. In the political and atriotic field the same ideal is illustrated: Joan of Arc serves France, Mazzini or Cavour serves Italy, Frederick the Second serves Prussia, Alfred es England, Washington serves America. How could one find a more ymbol of service than that of the Madonna who holds in her arms m she dedicates her physical and spiritual powers ? As in cters so also in the obscure the day-labour, the unselfish f the poor to the poor. One glorious mples. Poetry, legend, and picture will ms of which the conception of service eauty. This second method is that of y means of question, comparison, and by history, biography, daily experience

&c., in order to show that the good will has not completed its aim until renders service, nor is any quality to be regarded as moral until it applied more or less directly to the welfare of others. Se f preservatic and the care of health may be morally neutral, or, if pursue l for mere egoistic ends, may take on an actively anti-social quality. They become, i the best sense of the phrase, acts of religion when personal efficiency used in affectionate ministry. Thrift belongs to the same order of habi its purpose determines whether or not it is ethical. Industry is frequent praised as a moral good in itself—a mistake which must be most persistent guarded against. Work is only sacred when it is an act of service, eith positively in kindness to one's neighbour or as a means of maintaining tl independence which is a condition of social service in its most energet form. The same principle holds good with regard to the practical attribute namely, courage, prudence and perseverance. They should never be ch racterised by the teacher as in themselves admirable. A man may exerc courage, prudence, and perseverance in a course of revengeful or malicio conduct. But to be valiant, to be prudent, to be resolute in works of ass tance, or mercy, or rescue, or in movements for the benefit of the publ this is the element which turns all volitions to gold and transforms energ into the vehicle of grace. Our principle must also cover the ground intellect. The cultivation of the powers of observation, nature-stud painstaking induction, skill in planning and systematising—in a wor scientific discipline—is excellent only as an equipment of the loyal serva of the State and humanity.

" Act from affection, and think in order to act " is the maxim which Comte sums up the synthesis of right conduct. The thinking giv point, precision, rational adjustment of means to ends, economy of forc But mere brilliance of wit or capacity for apprehending and comprehendi may accompany vain and self-seeking motives. Reason, therefore, enlig tens action, but has no moral aim until the action springs from respe and love. This third method is that of analysis.

All three operations are vital parts of moral training, the third l ing the distinctive feature of moral instruction, though the instructi also appeals to the feelings and furnishes the mind with suitable images.

Shortly, then, the central conception of moral education here su gested is that of service, appealing to the child through feeling, imaginati

and reason. Applying this conception as a practical test of the value of education in general and of any moral lesson in particular, the teacher will ask himself, in the case of the lesson, "Have I adequately impressed the children with the feeling that this or that quality is a worthy one because it is capable of application to social service?" and in the case of the education generally, "Have I made the children feel that the highest end of their school discipline is to render them effective servants of family, country and humanity?"

The imperative of moral education is "Service." It is an imperative consistent both with modesty and with the most strenuous quality of the manly or womanly soul. It is as comprehensible by the child as by the sage.

This conception is honoured alike by the humanist and by all the creeds.

## Beef-Eating And Islam.

Mr. Syed Nazir Ahmad Rizvi, Pleader and Municipal Commissioner of Sitapur, Oudh, writes to the *Leader*:—

The British Rule in India is one of the great blessings of God. It renders possible our progress and under its benignant shadow we have been deriving immense benefits of which we never dreamt during the previous reigns. We must therefore remain attached and loyally attached to the present *raj* and try our best to make it more powerful and mighty. I am quite confident that the Crown is happy to see all its subjects united by one tie of affection and fellow-feeling. We should therefore exert to dissipate all worldly differences and combine together to make our beloved country peaceful and free from any stir. I am sorry that the Hindus and the Mahomedans of India are not pulling on well and for this both are to blame. I pray God that the germs of disaffection should die out in the near future and that by common co-operation the two communities should prosper under the kind patronage of the British throne. To my mind one of the great causes of hatred and ill-feeling between them is beef-eating which is no uncommon among the Mahomedans. In my previous notes which have met with the approval of many, I have shown to the public that in the practice of beef-eating there lies the reason for strong heart-burning between the Hindus and the Mahomedans. The use of beef among

the latter and the consequent slaughter of cow and bullocks in very large numbers have paralysed the Indian agricultu transport and supply of milk. Cow-killing or use of beef in India I dare y, is absolutely inconsistent with the ethics of Islam. In continuation of se notes I venture to repeat the substance of what I said that the practic f beef-eating among the Mahomedans should be stamped out. I have n trying the enterprise in my own Shia sect and may shortly extend my aching to Sunnis also. I have every hope that at no distant date my miss will suceed considerably among the Mahomedan population in all cor of the Indian peninsula. I am determined to reiterate my opinions till t each all people and till I succeed in my endeavour. I have been seeing t of success which embolden me to go on slowly and steadily till the s won. I am quite hopeful that my right minded brothers throughout will be kind enough to listen to me and concede to my advice not by alone but by deeds also. My conviction is that in the practice of there is no spiritual or temporal gain while there are many bene ing reaped from leaving it. If there is any thing serious in the use of the the Indian agriculture, transport and milk supply are not greatly a by the unrestricted slaughter of the animal, and if there is no heartbu between the Hindus and Mahomedans, I must keep quiet and give up endeavours. It is quite clear that the teaching of Islam does not allow followers to wound the feelings of their non-Moslem brethren, I mak bold to claim that the Islamic theology is full of humanity and deadly against offensive spirit and that Mohammad, the most civil and noble prophet of the Musalmans, was the incarnation of morality and the paragon of virtues. He was kind not only to those who embraced the faith preached by him but to all persons without any distinction of caste or creed Cow-slaughter or beef-eating is no part of the Mahomedan religion and if they are done away with, the faith shall not be affected. To all intents and purposes it is conducive to the welfare of India to save the species from thoughtless destruction and to let cattle-breeding flourish by the giving up of the habit of beef-eating. In conclusion, I have to discharge my duty of thanking those gentlemen who have done me the favour by their kind and complimentary remarks through the medium of different newspapers as well as through private letters.

Daily Indu d./25-5-10

# જીવદયા—અહિંસા. HUMANITARIANISM.*

(લેખક—રા. રા. ન્યા... લક્ષ્મીચંદ સોની બી. એ; એલ એલ; બી.)

...અનુસંધાન ગતાંક પાને ૧૪૫ થી.

વળી રણસંગ્રા... નિયમ અનુસાર ન્યાયપુરઃસર યુદ્ધ કરનારાઓને સામુ લડનાર પ્રાણી શસ્ત્ર...ત હોય તો પોતાને પણ શસ્ત્રહીન થઈ યુદ્ધમાં ઉતરવાનું છે અગર તો સામા... શસ્ત્ર પૂરા પાડવાનાં છે; તેમજ પોતાના રાજ્યમાં વસતા તમામ નિરઅપરાધી પ્ર...ઓનું રક્ષણ કરવામાં—તેમના રક્ષણ કરવા નિમિત્તે ઉપાયો યોજવામાંજ ક્ષાત્ર... રહેલો છે. આ બાબતમાં એવો પણ નિયમ છે કે સામા પક્ષનો માણસ—શ...તા બતાવી મોઢામાં તરણું લઈને શરણે આવે તો તેની રક્ષા કરવીજ જો...; પછી મૃગ જેવા ગરીબ પ્રાણીઓ હમેશાં તૃણોપજીવીજ છે તે શુ દયાને ...થી ?

---

*...દયા અને માંસાહારના વિષયમાં દાખલ કરવાનો આ ભાગ લેખક તરફથી પાછળથી ... અત્રે લેવામાં આવે છે:—

...વળી મનુષ્યશરીરનું બંધારણજ એવા પ્રકારનું છે કે શરીરસંપત્તિ જાળવી રાખવાની ...ળાઓએ માંસભક્ષણનો સવદા ત્યાગ કરવો જોઈએ. ક્વચિત્ આપણને કહેવામાં આવે ... जीवो जीवेन उपजीवति—બળીયાના બે ભાગ—Survival of the fittest એ નિયમ અ...ર માંસાહાર કરવામાં વાંધો લેઈ શકાય નહિ પરંતુ આ નિયમ ઉપર આધાર રાખનારાઓ ...ક્રાન્તિની કોટીમાં હલકી સ્થિતિએ રહેલા પશુપક્ષીઓમાં જોવામાં આવતા નિયમ મનુષ્ય ...ણીને પણ લાગુ પાડે છે, પણ તે વખતે તેઓ ભૂલી જાય છે કે મનુષ્ય જાતિમાં દ્દષ્ટિગત થતી ...વેક બુદ્ધિ વગેરે અનેક શક્તિઓ પશુપક્ષીઓમાં હોતી નથી. સ્વર્ગસુખ ભોગવતા દેવો પણ ...ોક્ષપ્રાપ્તિ નિમિત્તે જે સ્થિતિની અભિલાષા રાખ્યા કરે છે તેવી સ્થિતિમાં રહેનાર મનુષ્યને પશુ ...ક્ષીઓની દશા સુધી શા માટે ઉતારી પાડવામાં આવે છે તે સમજી શકાતું નથી.

રાજકીય વિષયક, સંસારા સુધારાને લગતી તેમજ ઔદ્યોગિક ખીલવણી સંબંધી જે જે ...મન ભિન્ન હીલચાલો હિંદુસ્તાનમાં થતી જોવામાં આવે છે તે ભિન્ન ભિન્ન પ્રજા તરીકેના અ...ભિમાનના ફાંટાનેજ આભારી છે; પરંતુ માંસભક્ષણ સર્વત્ર ત્યાજ્ય ગણવામાં આવે તો ભવિષ્યમાં ...એવો પણ વખત આવે કે જ્યારે અલગ પડી જતી હિંદુ મુસલમાન પ્રજામાં ઐક્યનું તત્ત્વ વધારે ...માણમાં દાખલ થઇ એક એવી ઉત્તમ પ્રજાકીય ( national ) સંસ્થા ઉભી થાય કે જે હમેશાં ...કે અવાજે દરેક પ્રકારની ઉન્નતિ માટે પ્રયાસ કરતી રહે. માંસભક્ષણના ત્યાગથી આથી વધારે ...બીજો સારો કયો લાભ મળી શકે ? રહેણી કરણીમાં અનેક રીતે મળતી આવતી જુદી જુદી પ્રજામાં ...ખોરાક વગેરેના કારણને લઇને ભિન્નત્વ વધતું જાય છે. નાનાં નાનાં ગામડાંઓમાં હિંદુ મુસલમાન ...જા વચ્ચે જોવામાં આવતું ઐક્ય ઉપરના અનુમાનને ટેકો આપે છે.

આપણે એમ પણ સાંભળીએ છીએ કે પ્રાચીન સમયમાં શૂરવીર ક્ષત્રી રાજાઓ યુધ્ધના ક્ષેત્રમાંથી—મેદાનમાંથી પાછા હઠી જનારા નિર્બળ શત્રુની પુંઠ પકડતા નહિ પરંતુ તેને જીવતો જવા દેતા; આ જોતાં નિરાધાર પ્રાણીઓની પાછળ પડી તેમને હંફાવી મૃત્યુ વશ કરવાનું કેવી રીતે યોગ્ય કહી શકાય.

આ પ્રસંગે જણાવવુ જોઇએ કે જીવદયાના પાળવાના વિષયમાં જૈન ધર્મમાં
જે પ્રૌઢ — વિશાળ નિયમો-ફરમાનો છે અને તદ્ અનુસરનાર વર્ત-
**ક્ષમામૂલક ઉત્તમ** નારા અસાધારણ આત્મિક બળ ધરાવનારા મહાનુભાવો-શિરસાવંદ્ય
**કોટિની જીવદયા** પુરૂષોના જે ઉત્તમ ચરિત્રો વવલપત્ર ઉપર આળેખાયેલા છે તેમ
પ્રવેશ કરવાનું-તેમના માહાત્મ્યનું યથાર્થ મૂલ્ય ( appriciation )
કરવાનું-તેમના પ્રશસ્ય-અનુકરણીય દૃષ્ટાંત અનુસાર વર્ત્તન કરવાનું હાલના જનસમાજના મનુષ્યોને ઘણું ઘણું મુશ્કેલ છે-એક રીતે કહીએ તો પ્રયાસ કરવામાં આવે તો બીલકુલ મુશ્કેલ નથી; પરંતુ એકાંત પ્રવૃતિમાર્ગમાં સ્થિત મોક્ષોન્મુખ મનુષ્યોનું તે તરફ વલણજ દૃષ્ટિગત થતું નથી.

"જીવદયાના વિષયમાં ક્રમશઃ આગળ વધતા આર્હંત ભકતોને શિરસાવંદ્ય પરમ પૂજ્ય તીર્થંકર મહારાજાઓની પરમોત્કૃષ્ટ ભાવદયા સર્વાંશે અનુકરણીય છે. 'સવી જીવ કરું શાસનરસી, એવી ભાવદયા મન ઉલ્લસી' એ સૂત્રનું સર્વદા કરવામાં આવતું રટણ અને તદનુસાર ઉચ્ચ વર્તન તેમની પરમ માન્ય ભાવદયાની સાક્ષી પૂરે છે. જૈન શાસ્ત્રકારો આત્મ ગુણ પ્રકટ કરવાની અભિલાષા રાખનારને જે ચાર ભાવના વારંવાર ભાવવાને-મનન કરવાને ઉપદેશે છે તે ચાર ભાવનાઓ પૈકી ખાસ કરીને મૈત્રી અને કરૂણા ભાવના જીવદયાના સિધ્ધાંતોને ઘણીજ સારી રીતે રજુ કરે છે. પરમ જ્ઞાનવાન્ શ્રીમાન્ હરિભદ્રસૂરિ આ ભાવનાઓની વ્યાખ્યાજ એવી મનહર, અર્થસૂચક અને બોધક આપે છે કે સામાન્ય બુધ્ધિના મનુષ્ય ઉપર પણ અસર કર્યા વગર રહે નહિ. તેઓ કહેછે કેઃ—

**परहितचिंता मैत्री परदुःखविनाशिनी तथा करुणा**

---

હાલમાંજ નામદાર રાજકોટના ઠાકોર સાહેબે ઉપયોગી જાનવરોનો વધ થતો અટકાવી જીવદયાના કાર્યને ઘણુંજ સારૂં ઉત્તેજન આપ્યું છે. નામદાર જામ સાહેબે પણ પોતાના રાજ્યહદમાંથી બહાર મોકલાવવામાં આવતાં જાનવરો ઉપર ભારે જકાત નાંખી હિંસાના કાર્યને આડકતરી રીતે અટકાવી ખેતીનાં સાધનોને પુષ્ટી આપી છે.

માંસાહાર કરનાર પ્રાણીઓ અને તેથી અલગ રહેનારા પ્રાણીઓનાં બળ, આયુષ્ય, શારીરિક સ્થિતિ વગેરેનો વિચાર કરીએ છીએ ત્યારે પણ એમજ જણાય છે કે માંસાહાર કરનારાઓની જીંદગી ટુંકી હોય છે તથા તેઓ ક્રૂર, આળસુ, સહિષ્ણુતા વગરના હોય છે અને માંસાહાર ન કરનારાઓ લાંબી જીંદગીવાળા ઉદ્યોગી, શાંત અને સહનશીલ હોય છે. ધાર્મિક વિષયોના અભ્યાસમાં નામ કાઢનારા મહાન્ ધર્મસંસ્થાપકો માંસભક્ષણ કરનારા હતા એમ કોઇની તરફ પ્રતિપાદન કરવામાં આવ્યું નથી."

આથી શું ( Universal brotherhood ) સામાજિક ભ્રાતૃભાવના પરમ માન્ય સિદ્ધાંતને સરસમાં સરસ રીતે પ્રતિપાદન કરવામાં આવતો નથી ?

અન્ય શાસ્ત્રકારો પણ કહે છે કે:—

**अष्टादशपुराणानां, सारात्सारः समुद्धृतः ।**

**परोपकारः पुण्याय, पापाय परपीडनम् ॥**

અનેક શક્તિઓનો, દરેક પ્રકારની સંપત્તિનો અને વિભૂતિનો ઉપયોગ પણ બીજાને ઉપકાર કરવા માટે, નહિ કે તેમને પીડવા માટે, થવો જોઇએ. **परोपकाराय सतां विभूतयः** પરોપકાર કરવાથી-જીવદયા પાળવાથી-પ્રાણીઓની રક્ષા કરવાથીજ ઇશ્વરને પ્રસન્ન કરી શકાશે.

એક રીતે વિચાર કરતાં પરમાત્માને સર્વવ્યાપક માનનારાઓને જીવદયાના નિયમ વિરૂદ્ધ વર્તન કરવાનું ( scope ) સ્થાનજ રહેતું નથી. સર્વ બ્રહ્મમય સમજ્યાપછી પીડા કોને ઉપજાવવી – હિંસા કોની કરવી એજ વિચારવાનું રહે છે.''

પરંતુ કહેવાની જરૂર નથી કે એકાંત જડવાદીઓ માટે તો આ પ્રકારના લેખો, ભેંસ આગળ ભાગવત-બધીર પુરૂષો આગળ મધુર ગાન સમાન નિરર્થક થઇ પડવાના. પુનર્જન્મ -કર્મવાદ વગેરે નહિ માનનારા નાસ્તિક પુરૂષોના વિચારમાં જીવદયાનો સવાલજ ઉપસ્થિત થવો સંભવતો નથી. શુભ વા અશુભ (કૃત) કર્મના ફળની પ્રાપ્તિનો અસંભવ હોય અને નહિ કરેલાં કર્મોના ફળનું મેળવવાપણું-ભોગવવાપણું રહેતું હોય તો પછી જીવનવ્યવહારજ ઘુંચવાડા ભરેલો થઇ પડે.

**यावज्जीवं सुखं जीवेत् । ऋणं कृत्वा घृतं पीवेत् ॥**
**भस्मीभूतस्वदेहस्य । पुनरागमनं कुतः ॥**

એ સૂત્ર અનુસાર મરણ પર્યંત સુખેથી ખાવું પીવું ( એશારામ કરવો ) અને લેણદારોને ખાડામાં ઉતારવા અને આ શરીર બળીને ખાક થઇ ગયા પછી ફરી ક્યાં શું આવવાપણું છે કે ફીકર કરવી એ રીતે વર્તનારા જડવાદીઓ દુનિયાને શું લાભ આપી શકે? તેઓને પછી દયા રાખવાની જરૂરજ શેની રહી ? પરંતુ હવે ધર્મની-તત્વની ખોજ – શોધ કરનારાઓ વધતાં દિન પ્રતિદિન જડવાદ પાછળ હઠતો જાય છે એ એક શુભ ચિન્હ છે.

આત્મ દ્રવ્યને સ્વિકારનારા મનુષ્યો માટેજ ધર્મસાધનો આવશ્યક છે. તેઓજ જીવદયાદિક પાળવા વડે ધીમે ધીમે ગુણસ્થાન ક્રમારોહણ કરી શકે છે. કાયાથી-વચનથી-અને મનથી જીવદયા પાળવાના નિયમમાં ઉંચી શ્રેણીએ ચઢતા મનુષ્યો આખરે એવી સ્થિતિ પ્રાપ્ત કરે છે કે તેઓ પ્રભાવશાલી મહાપુરૂષોની ગણનામાં આવે છે.

એક બાજુએ અપકાર કરનાર તરફ પણ ઉપકાર કરનાર મહાન્ પ્રશંસનીય પુરૂષનું ઉત્તમ ચારિત્ર તપાસીએ અને બીજી પાસ ઉપકાર કરનાર તરફ અપકાર કરનાર **અધમ**

પુરૂષના આચરણના સંબધમાં વિચાર કરીએ તો બેમાંથી કયો પુરૂષ આપણામાં તેન પોતાના તરફ પૂજ્ય બુધ્ધિ ઉત્પન્ન કરશે તેનો વિચાર કરો. આ કલિયુગનો પ્રભાવ એવો છે કે માણસો એક એકને જનાવર કરતાં પણ વધારે ક્રૂરતાથી–નિર્દયતાથ રંજાડવામાંજ–હેરાન કરવામાંજ સદાચાર સમજે છે. દયા, મૈત્રી, બંધુભાવ એ તે નામ માત્રજ રહ્યાં છે. એક જીવવા માટે, ખાઇ પીઇને મસ્ત થવા માટે મનુષ્યો શ્વાન યુદ્ધ કરતાં પણ વધારે ધિક્કારજનક કલહમાં ઉતરી ભુંડા–ઝેરભર્યાં જીવન ગાર છે. ને ઉપર ઉપરથી ટાપટીપ કરી પોતાનો સદાચાર બીજાને બોધે છે. મન, કર્મ વાણી ત્રણે ત્રણ જુદા જુદા માર્ગે ચાલે છે. **कार्ये वाचि मनसि च महतां एकरुपता** એ સૂ અનુસાર મન, વચન અને કાયાનું એકરૂપ વર્તન આજ કાલ ભાગ્યેજ જોવામાં આ છે. "હાથમાં માળા અને પેટમાં બાળા" એવો આચાર, નીતિ–રીતિ થઇ પડયં છે. "મુંમમેં રામ બગલમેં છુરી, ભક્ત ભયે પણ દાનત બુરી" એમ અનેક જગ્ય એ જે સમયમાં નજરે પડે છે તેવા સમયના પુરુષો અપકાર ઉપર ઉપકાર કરવાન વાત તો બહુજ દૂર રહી પરંતુ ઉપકાર કરનારને સામે ઉપકાર કરી બદલો વાળવા તૈયા થતા નથી પણ ઉલટી રીતે ઉપકારી પુરૂષોનું અહિત કરવા – અપકાર કરવા પ્રેરા છે. આ પુરૂષની સ્થિતિ કયાં? અને મહાભયંકર, પ્રાણઘાતક સર્પ જેવા પોતાની સા ધસી આવતા–પોતાને કરડતા ઝેરી પ્રાણી તરફ દયાભાવ રાખી તેમને ઉપદેશ આપ તેમનું કલ્યાણ કરનાર મહાન્ તીર્થપ્રવર્ત્તક પુરૂષ કયાં ? માંસભક્ષી–શિકારના શોખી મનુષ્યને આવા મહાનુભાવ પુરૂષોના ચરિત્રોની હકીકતજ ગળે ઉતરવી અસંભવીત લા છે, પરંતુ હિંદુસ્તાનના ઉત્કર્ષ માટે નિઃસ્વાર્થ બુધ્ધિથી, સ્વાર્પણવૃત્તિથી અનેક યોજ નાને આગળ કરી ફતેહમંદીથી પાર પાડનાર વિદુષી એનીબીસાન્ટના પેમ્ફલેટમાંથ પસંદ કરી હવે પછી લેવામાં આવનાર જરા લાંબા પણ બોધદાયક અંગ્રેજી ફક ઉપરથી ખાત્રી થશે કે મહાત્મા પુરૂષોની દયામય વૃત્તિનો પ્રભાવજ–પ્રકાશજ કંઇ ઓર જાતનો પડે છે. સાક્ષરરત્ન મણિભાઇ નભુભાઇ દ્વિવેદીના શબ્દોમાં કહીએ તે 'જેને વેદાન્તની (મોટી મોટી) વાતો ન કરતાં ખરો રસ અનુભવવો છે, ખરા ચારિ માં વર્તવું છે' તેને દયામય ધર્મના આશ્રય વિના ખરો પ્રેમમાર્ગ ગ્રાહ્યમાં આવ વાનોજ નથી.

આપણ પામર જનોની માફક ક્ષુલ્લકતાથી ધર્મવીર પુરૂષો પણ પરમેષ્ઠી ક્ષમાગુણ ત્યજી, ક્રોધ વશ થઇ જીવ–હિંસા તરફ પ્રેરાય તો પછી આપણામાં અ તેમનામાં અંતર શું ? તેઓ આપણાથી કઇ રીતે ચડીયાતા ? પ્રાકૃત જનો સાથે સરખામણીમાં તેઓ સર્વાંશે ક્ષમાગુણના–દયાના મૂર્તિમાન્ સ્વરૂપોજ આપણી નજ માં જણાતાં આપણામાં તેમના તરફની પૂજ્ય બુધ્ધિ સ્ફુરે છે.

(અપૂર્ણ.)

# સિદ્ધર્ષિ ગણિ.

( લેખક-ઉદયચંદ લાલચંદ શાહ મુંબઇ. )

અનુસંધાન ગતાંક પાને ૧૨૬ થી

પિતાજી, માણસને જ્યારે મન માનતી વસ્તુ મલે છે ત્યારે તે સુખ પામે છે. ને જ્યારે નથી મળતી ત્યારે તેને પારાવાર શોક થાય છે. તેવીજ રીતે પિતાજી, રા મનની માનેલી સુખકારક વસ્તુ મને ન મળે તો હું શી રીતે મનમાનતાં સુખ ગવી શકું ? માટે જો મને મારી ઇચ્છા પ્રમાણે સુખો આપવા માગતા હો તો મારા ામાં માનેલી ફક્ત ગુરૂરાજ પાસે દીક્ષા લેવાની મને રજા આપો.

સર્વત્ર જ્ઞાનની દૃષ્ટિ ફેંકતાં મને ભાસે છે કે સર્વ વસ્તુઓ નાશવંત છે. કોઇ મનુષ્ય મીમાં સુખ માને છે, પણ તેમ નથી; કારણકે જ્યારે લક્ષ્મી નાશ પામે છે, અગ્નિમાં ી જાય છે, લુંટારાઓ લુટીને લઇ જાય છે, ત્યારે માણસને કેટલું બધું દુઃખ ઉત્પન્ન ય છે ? તેમ જે લક્ષ્મીમાં સુખ માને છે. તે સુખ ન આપતાં પરિણામે દુઃખજ દેની ય છે. સ્ત્રીઓમાં જો સુખ મળતું હોય તો તે પણ મળતું નથી; કારણકે આ શરીર શુચિમય છે અને અશુચિવાળા પદાર્થોનું બનેલું છે. માંસ, રૂધિર, હાડ, ત્વચા, પરૂ ગેરે અશુચિમય પદાર્થોથી પેદા થયેલું પુતળું છે. તેમજ નગરખાળની જેમ નિરંતર , મળ, મુત્ર, રસી વિગેરે અશુચિમય પદાર્થો તેમાંથી વહન કર્યા કરે છે. એવા શુચિમય માંસના લોચાથી ભરેલી સ્ત્રીઓમાં ક્યાંથી સુખ પામી શકાય ?

પિતાજી, સર્વત્ર ઠેકાણે નજર નાંખી નિહાળતાં જણાય છે કે સર્વત્ર દુઃખજ દૃષ્ટિ- ચર થાય છે. મનુષ્ય સારાં કૃત્યો કરે તેનાથી તે તેના પ્રમાણમાં સુખ પામે છે. દુષ્કૃત્યો ાથી દુઃખ પેદા થાય છે પરંતુ તે ઉત્પન્ન કરવાવાળો અને લય કરવાવાળો તે મનુષ્ય જ છે. નરકમાં તો સર્વદા દુઃખને દુઃખજ હોય છે. પરંતુ સુખમાં ગણાતું એવું ર્ગ તેમાં પણ દુઃખજ ભાસે છે. કારણકે જ્યારે દેવતાનું આયુષ્ય છ માસ બાકી છે, ત્યારે તેને પણ અંગભંગાદિક અનેક પ્રકારનાં દુઃખો ઉત્પન્ન થાય છે. નિદ્રા વે છે. ગળામા-કંઠમાં રહેલી પુષ્પની માળા કરમાઇ જાય છે. કોઈ પણ રમણિય સ્થા- તે આનંદને અનુભવતો નથી, અને જો અધોગતિમાં જવાનું હોય છે, તો મહા ખે કરીને અર્ધ વર્ષ પૂર્ણ કરે છે; અને તેવીજ રીતે ચારે ગતિમાં સર્વત્ર દુઃખજ ષ્ટિગોચર થાય છે.

હવે આ તમારો પુત્ર સિદ્ધ સંસારના મલિન માર્ગનો પથિક થવાનો નથી. કાર- સંસારનાં સુખો કૃત્રિમ છે સર્વે સંસારનાં સુખો ચલીત છે. સતત વેદનાઓનો નુભવ કરાવનારૂં એક મુખ્ય સાધન છે. સંસાર એક દુઃખનું મૂળ છે. કુટુંબ પરિ- ને અને પિંડને વિવિધ પ્રકારની આધિ, વ્યાધિ, ઉપાધિઓ તેમજ પ્રતિબંધો અને

અસંતોષનું આખું સૈન્ય ઘેરીનેજ તે સંસારની સાથે ફર્યા કરે છે. અનેક દુષ્ટ વાસનાઓ તેમના હૃદયમાં પ્રતિદિન અનેકવાર આવ્યા કરે છે. એવા સંસારીઓને કર્મનાં બંધન વધતાં જવાથી તેઓ પોતાને માટે સુવિચારની સુખકારક ભવ્ય ભાવનાઓ અને અખંડ, અક્ષય, અચળ, અવ્યાબાધ એવું સુખકારક સ્થળ જે મોક્ષ તેના દરવાજા સદાને માટે બંધ કરવાની પ્રવૃત્તિઓમાંજ પ્રવર્ત્યા કરે છે.

પૂજ્ય પિતા, આપ સુજ્ઞ છો. શ્રાવક ધર્મના જ્ઞાતા છો. સન્માર્ગે ચડેલા પુરૂષને ઉન્માર્ગે ચઢાવવો એ કેટલો બધો મહાન્ દોષ છે. એ વાત આપ સારી પેઠે સમજો છો. તેમજ મારા પૂર્વના શુભ સંસ્કારો અને સત્કૃત્યોનો ઉદય થવાને લીધે મને આ મહા પુરૂષોનો યોગ બની આવ્યો છે તેનો દુર્લભ્ય લાભ મને લેવા દો. માત્ર અલ્પ સમયમાંજ આ મહાશયોએ મને સંસારનું ખરૂં દુઃકર સ્વરૂપનું દર્શન કરાવી દીધું છે. એ મહાનુભાવે મને કિંચિત્ વાર્તાલાપમાંજ સંસાર અને સંસારી જનોનો સંબંધ દુઃખદાયક છે એમ બતાવી આપ્યું છે. જેઓ રાત્રિ દિવસ જડ ધર્મવાળા વિષયોનું ધ્યાન ધરવામાંજ મગ્ન હોય છે તેઓમાં સુખરૂપતા કયાંથી હોઇ શકે? જેઓ જ્ઞાન અને તેના સામર્થ્યના ભંડારોને રળી રહ્યા હોય છે તેમનામાંજ સુખરૂપતા હોય છે. માટે સંસારી વિષયી જનોનો સંબંધ પણ સ્પૃહણીય નથી. તો એવા સંસાર અને સંસારી જનોના દુઃખદાયક સંબંધમાં મને શા માટે લઇ જવા ઇચ્છો છો.

પરલોકે પ્રયાણ કરતી વખતે માતા, પિતા, પુત્ર પુત્રી, સ્ત્રી કે સ્વજન કુટુંબ પરિવારાદિ કોઇ પણ શરણભૂત થતું નથી. અને શરણભૂત થતું હોય તો તે ફક્ત ધર્મજ છે. પિતાજી, હું સંસારસાગરમાં ભૂલો પડેલો માનવ છું. મને સંસારરૂપી સાગરમાં કોઇનું પણ અવલંબન નથી, છે તો તે ફક્ત એક ધર્મરૂપ વહાણનુંજ છે માટે મને સંસારરૂપી સાગરમાંથી પાર કરનારૂં એવું ધર્મરૂપી વહાણ, તેનો આશ્રય લેવા દો અને સંસારસાગર તરવા દો.

તેથી હે પિતાજી, ભયંકર ભવાબ્ધિથી પાર પામવાને, તે ધર્મનું સાધન કરવાને અને આત્માનું કલ્યાણ કરવાને મને દીક્ષા લેવાની આજ્ઞા આપો.

શુભંકર—પુત્ર, તું અમને એકનો એકજ પુત્ર છે. અમારો સર્વેનો આધાર તારી ઉપરજ છે. તારી માતા પુત્રવત્સલા છે. તેણી પોતાના વચન માટે ઘણો પશ્ચાત્તાપ કરે છે. તારા સ્વજન કુટુંબ પરિવારાદિ અને તારી તરૂણ સ્ત્રી પતિવ્રતા હોવાને લીધે તારા વિના દુઃખી થાય છે. એ વિચાર કરી તારે ગૃહાવાસમાં આવવું જોઇએ.

સિદ્ધ—પ્રિય પિતાજી, હું કોઇનો નથી. મારૂં કોઇ નથી. સંસારરૂપી નાટકશાળામાં કર્મરૂપી સૂત્રધારને આધીન થઇ દેવતા, નારકી, મનુષ્ય, તિર્યંચ, ધની, નિર્ધન સુખી, દુઃખી. રાય, રંક. સ્વામી, સેવક, કીડો, પતંગિયો. રૂપવાન, કુરૂપવાન, બ્રાહ્મણ ચાંડાળ. સૌભાગી. દુર્ભાગી એવાં અનેક પૃથગ્ પૃથગ્ રૂપો ધારણ કરી દુઃખદાયી સંસારમાં નાટકીઆની પેઠે પણ હું એકલોજ નાચ્યો છું. એકેંદ્રિયથી યાવત્ પંચેંદ્રિય પર્યંત ચોરાશી લક્ષ જીવાયોનિમાં સુક્ષ્મ થયો, બાદર બન્યો. સ્થાવર જંગમ ઇત્યાદિ અને રૂપોમાં પરિણમી સંસારસાગરમાં પણ હું એકલોજ ભમ્યો છું.

પિતાજી, મારી માતાએ કહેલાં વચનનો પશ્ચાત્તાપ તેમણે ન કરવો જોઇએ. બલ્કે ખુશી થવું જોઇએ. કારણકે તેઓનાં વચનો મને સંસારના ભયંકર કૂપમાં પડેલાને બાહેર કાઢવાને સમર્થ થયાં છે.

મારી સ્ત્રી પણ દુઃખી થઇ હશે. પરંતુ દુઃખ કરવા જેવું કાંઇ નથી. કારણકે મનુષ્ય પ્રારબ્ધથી સુખ દુઃખ મેળવે છે. મેં તેને સ્ત્રી તરીકે સ્વિકારી તિરસ્કાર કરૂં છું, પરંતુ મારે મારા આત્માને સુખી કરી પછી બીજાના આત્માને સુખી કરવો જોઇએ. પરંતુ અત્યારે તો હું મારા પોતાના આત્માને સુખી કરવાને માટે ભાગ્યશાળી નથી બન્યો તો બીજાને શું સુખી કરૂં? એટલું તો જરૂર છે કે તેને દુઃખ તો તેના કર્માધારે થયું છે. પરંતુ હું એક નિમિત્તભૂત છું. માટે મારી તરફથી તેને કહેશો કે સહુ સ્વાર્થનું સગું છે. માટે તમારે પણ આત્માનું કલ્યાણ થાય તેવો માર્ગ તમે લેજો અને જેમ સુખ સંપાદન થાય તેમ કરજો.

સંસારમા સ્વજન કુટુંબ પરિવારાદિ સહુ સ્વાર્થના સગાં છે. જીવ સર્વે પોતાનું ગણે છે, પરંતુ તેનું કોઇ નથી. પુણ્ય, પાપ, શુભાશુભ ધર્મ, કર્મ એજ ફક્ત જીવના છે. તેજ સાથે ચાલવાના છે. સ્વાર્થ ન સધાય ત્યાં સુધી જીવનું અને પછી અન્યનું છે. આ સંસારના માર્ગમાં જતાં વૃક્ષની શીતળ છાયા તળે મુસાફરો ભેગા થાય છે. મેળામાં દેશ દેશના લોકો એકઠા મળે છે. તેમજ વૃક્ષની ઉપર રાત્રીએ પક્ષીઓ એકઠા થાય છે. તેમજ જુદી જુદી વખતે જુદી જુદી ગતિમાંથી આવી આ કુટુંબ પરિવાદિ એકઠા થયા છે. જેમ વૃક્ષની તળે બેઠેલા મુસાફરો પાછા પોત પોતાના માર્ગે ચાલ્યા જાય છે, તેમ પરભવમાં સ્વજન કુટુંબ પરિવારાદિમાં ભેગી મળેલી વ્યક્તિઓ પણ પૃથગ્ પૃથગ્ ગતિમાં ચાલી જવાની છે. મેળામાં એકઠા મળેલા લોકો જેમ સૌ કોઇ મોડા વહેલાં વિખરાઇ જાય છે તેમ પૂર્વના પ્રાપ્ત કરેલા આયુષ્યના પ્રમાણમાં વહેલા મોડા સહુ કોઇ વિખરાઇ જવાના છે. વૃક્ષની ઉપર રહેલાં પક્ષીઓ પ્રાતઃકાલ થયે ચારે દિશામાં ઉડી જાય છે. તેઓ કયાં ગયાં તેની ખબર પડતી નથી. તેમ પરભવમાં ગયેલા કુટુંબીઓ પણ ચાર ગતિ (દેવ, મનુષ્ય, નારકી, અને તિર્યંચ) માંથી કઇ ગતિમાં ગયા તેની ખબર પડતી નથી. તેમજ આ વાતમાં આપ શા માટે મને મુંઝવણમાં નાંખો છો?

હવે હું કોઇ પણ પ્રકારે સંસારમાં આવવાની ઇચ્છા રાખતો નથી. માટે કૃપાળુ પિતા, મને મળેલા માનવજન્મની સાર્થકયતા કરવા, અને ધર્મ સાધન કરવામાં આધારભૂત એવી દીક્ષા લેવાની આજ્ઞા આપો.

શુભંકર—પુત્ર, તારે આ સમય ચારિત્ર લેવાનો નથી અને તારા ઉપર મને મમતા ઉત્પન્ન થયેલી હોવાને લીધે તારી માગણી મંજુર કરી શકતો નથી.

સિદ્ધ—પરમકૃપાળુ પિતા, મેં જન્મ, જરા અને મરણનાં દુઃખોને અનુભવેલાં છે. માતાના ઉદરમાં નવ માસ ઉંધે મસ્તકે રહી વીર્યપાન કરી દુઃખમય સમય કાઢયો છે. બાળકપણું બાળકોના વૃંદોમાં રમતો રમી, હસી, ખેલી, કુદીને ગુમાવ્યું છે. તરૂણપણું તારૂણીની વિષયી જાળમાં લપટાઇ અને દ્યુતના દુર્વ્યસનમાં ફસાઇ ગુમાવ્યું છે. સ્ત્રી-

ટિક જેવા આત્માને પાપનો પટ દઈ મલિન કરી નાંખ્યો છે. અને જ્યારે જરાવસ્થા આવે છે ત્યારે સર્વે ઇંદ્રિયો શિથિલતાને પામી જાયછે. શરીરના સાંચાઓ પોતપોતાન કાર્યો કરવામાં પ્રમાદી બની જાય છે, અને અવયવો તો એવા નરમ પડી જાય છે કે લાકડીના ટેકા સિવાય ચાલી શકાતું નથી. સદા કાળ ખાટલાનું સેવન કરવું પડે છે ઘરમાં સ્ત્રી પુત્રો સારસંભાળ લેતા નથી. આ કયારે મરે અને પીડા ટળે, વેઠ ઓછી થાય એમ સર્વે કંટાળી જાય છે; અને જ્યારે અણચિંતવ્યો, અણધાર્યો કાળ આવીને ઘેરે છે ત્યારે કદાપિ જો વજ્રના શત કિલ્લા કરાવી તેની અંદર રહીએ તોપણ કાળ તે મૂકતો નથી. તે વખતે માતા, પિતા, પુત્ર સ્ત્રી અને સ્વજન કુટુંબ પરિવારાદિને છોડીને ચાલ્યા જવું પડે છે. તેમજ તેમાંથી કોઈ પણ કાળના વિકાળ પંજામાંથ બચાવી શકતું નથી; અને પામેલા દુર્લભ્ય માનવ જન્મનું હું કાંઈ પણ સાર્થક કરી શકતે નથી. સંસારમાં રહેલા દરેક જીવો થોડી પણ મુસાફરી કરવી હોય તો ભાતું સાથે લે છે. પરંતુ જે મુસાફરીમાંથી પાછું ફરવાનું નથી તે મુસાફરીમાં કાંઈ પણ ભાતુ પરભવને માટે બાંધી શકતો નથી અને મધમાખીની સ્થિતિને પ્રાપ્ત કરી હાથ ઘસતે પરભવમાં ચાલ્યો જાય છે. મધની માખી સર્વદા સતત પ્રયાસ કરી મધ મેળવે છે તે તેને નથી ખાતી કે નથી દાન દેતી જ્યારે કોઈ લુંટારો આવી તેનું સંગ્રહ કરેલું મધ હરી જાય છે–લઈ જાય છે ત્યારે તે ઘરબાર વિનાની બની હાથ ઘસતી રહી જાય છે. તેમજ જ્યારે કાળ અણચિંતવ્યો આવે ત્યારે પ્રિય ગણાતા માતા, પિતા પુત્ર, મિત્ર, કલત્ર, સ્ત્રી વિગેરે કોઈ પણ સાથે આવતા નથી; અને પ્રિય વસ્તુઓને ત્યાગ કરી જીવ એકલોજ પાપપુન્યનો ન્યાય લેવા કુદરતી કોર્ટમાં ચાલ્યો જાય છે.

માટે પિતાજી, કહો કે, કયા સમયે મનુષ્યે પોતાની પરભવની મુસાફરી કરવ ભાતું બાંધવું જોઈએ. માટે મને મારી પરભવની મુસાફરીમાં સુખકારક થાય એવું ભાતું બાંધવા માટે તત્પર થવા દો, આ અમુલ્ય સમય મારે માટે સાનૂકુળ છે સગવડતા ભરેલો છે.

પિતાજી, આપ સમજુ છતાં પણ શા માટે મોહમમતાનાં આવરણોમાં લપટાવે છો. મૃત્યુ નથી વાર જોતું કે નથી સમય જોતું. તેમજ મુહુર્ત પણ નથી જોતું. સમયે ધન, દોલત, ધાન્ય, સુવર્ણ ઇત્યાદિ અનેક જાતની પ્રિય વસ્તુ કે જેના ઉપ જીવને બહુ મમતા હોય છે તે તો ઘેરજ રહેનાર છે. સ્ત્રી વિસામા સુધી વળાવવા આ વનાર છે. સગાં વહાલાં સહુ સ્મશાન સુધી સાથે આવવાનાં છે. કાયા ચિતામાં બળ સુધી ટકવાની છે. પછી બળી જળી ભસ્મવત્ બની જવાની છે. રાખ થવાની છે. જગ્યાએ ઘાસ ઉગશે અને તે ઘાસ ઢોરો ચરશે. અને આખરે જીવડો એકલોજ જવાને છે. તો મિથ્યા મારૂં મારૂં કરી, મોહ મમતાની માયિક જાળમાં સપડાઈ શામાં સંસારના કાદવમાં ખુંચવું અને ખુંચાવવુ ?

પિતાજી, આત્માનું કલ્યાણ અને માનવજન્મનું સાર્થક કરવા પ્રવર્તેલા પુત્ર આપે સહાય આપવી જોઈએ કે, તેમાં અંતરાયભૂત થવું જોઈએ ?

( અપૂર્ણ. )

## ( ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્માં વંચાયેલો નિબંધ. )

# જૈન ગુજરાતી સાહિત્ય.

( લખનાર-પોપટલાલ કેવળચંદ શાહ—રાજકોટ. )

જૈન ગુજરાતી, પારસી ગુજરાતી, ઈત્યાદિ ભાગ પાડવા એ ઇષ્ટ નથી. તથાપિ વૈષ્ણવ ગુજરાતી સાહિત્ય, વેદાંતી ગુજરાતી સાહિત્ય. શૈવ ગુજરાતી સાહિત્ય વગેરે શબ્દપ્રયોગ થવાને બદલે તે બધું જેમ ગુજરાતી સાહિત્યને નામે ઓળખાયું તેમ જૈન સાહિત્યના સંબંધમાં બન્યું નહિ. વિક્રમની વીશમી સદીના ગુજરાતના બેએક વિદ્વાનો સિવાયના બીજા વિદ્વાનોએ એ સાહિત્યની કશી લેખવણી કરી નહિ, તેથી જૈન ગુજરાતી સાહિત્ય એવો શબ્દપ્રયોગ કરી એ સાહિત્યને અહીં ઓળખાવવું પડયું છે.

બીજા લેખો સાથે સરખાવતાં મારો લેખ નિરસ લાગશે, તથાપિ "**यथाशक्ति यतनीयं शुभे** શુભ કાર્યમાં યથાશક્તિ ઉદ્યમ કરવોજ " એ મહાવાકયને અનુસરી મેં આ લેખ લખવાનું સાહસ કર્યું છે. " માતૃભાષાની સમૃદ્ધિ વધારવા યથાશક્તિ ઉદ્યમ કરવો એ ધર્મ્ય કાર્ય છે. એ ધર્મ્ય કાર્યમાં કીર્તિની અપેક્ષા કે ઉપેક્ષાનો પ્રસંગજ નથી." " ચણાતા સાહિત્યમંદિરમાં બે ઇંટ મૂકવા જેટલું થાય તોએ ઘણું છે, અગર છેલ્લે માટીના ટોપલા ઉંચકી કારીગર કને લઇ જવામાં પણ ધર્મ છે. "

કવિ દલપતરામે કાવ્યદોહનની પ્રસ્તાવનામાં જુદા જુદા કવિઓના સંબંધમાં કંઇક કહ્યું છે. તેમનાં નામ માત્ર પણ સંભાર્યાં છે. ત્યારે જૈન કવિઓ સંબંધી એક અક્ષર પણ લખ્યો નથી. કાવ્યદોહનના ૧લા ભાગમાં જ્યારે ત્રીશ કવિની કવિતાઓ લીધી છે ત્યારે તેમાં માત્ર એકજ જૈન કવિતા દાખલ થવાને ભાગ્યશાળી થઇ છે. એજ પ્રમાણે કાવ્યદોહનના બીજા ભાગોનું સમજી લેવું. આપણે એમ માનીએ કે જૈન કવિની કવિતાઓ કે ગ્રંથોની કોઇ પણ વિશેષ હસ્તલિખિત પ્રતો તેમના હાથમાં આવી નહિ હોય; પરંતુ તેમ નથી. તેઓશ્રી કાવ્યદોહનના પૃ. ૨૫૩ મે જણાવે છે કે " બીજા હિંદુઓ કરતાં જૈનના જતિઓએ રચેલા ગુજરાતી ભાષાના ગ્રંથો ઘણા છે પણ તેમાં માગધી ભાષાના તેમ બીજા તરેહવાર શબ્દો આવે છે માટે એ ઝાઝી કવિતા તેઓની લીધી નથી. " આ લખાણ એમ બતાવે છે કે જૈન કવિની કવિતા સમજવા તે વખતે વિશેષ પ્રયત્ન થયો નથી

જૈન કવિઓ સિવાય બીજા કવિઓનાં કાવ્યોમાં અન્ય દૃષ્ટિએ તરેહવાર શબ્દો આવ્યા છતાં તે કાવ્યોના સંશોધકોએ એ કાવ્યોને પ્રસિદ્ધિ આપી. એનું કારણ એ હોઇ શકે કે એ કાવ્યો તેમના ધર્મને લગતાં અગર પરિચિત હતાં. એ સંશોધકોમાંથી કોઇ જૈન નહોતા વળી એ પણ બનવા જોગ છે કે " જૈન " પોતાનો કુળધર્મ ન હોવાથી પોતાના સ્વાભાવિક ધર્મસંસ્કારોને લીધે ઝટ લઇને ન સમજી શકાય એવાં જૈન કાવ્યોની એ સંશોધકોએ કદાચ ઉપેક્ષા પણ કરી હોય.

સાહિત્યના ઉપાસકોએ ધ્યાનમાં રાખવાનું છે કે પ્રાચીન કાવ્યમાળા અને અન્ય કાવ્યદોહનાદિમાં જૈન સિવાય બીજા જે જે કવિઓનાં કાવ્યો પ્રગટ થયાં છે તેમાં શબ્દાદિ પરત્વે સમયોચિત ફેરફાર સંશોધકોએ કર્યો છે; તેવોજ ઉચિત ફેરફાર સંશોધકો ધારત તો જૈન વિદ્વાનોને આમંત્રી તેઓની સહાયતા વડે કરી શકત.

કવીશ્વર દલપતરામભાઇ એમ પણ એક ઠેકાણે લખે છે કે "ચારસેં વરસ ઉપરના અને આ વખતના (સને ૧૮૬૨ ના) ગુજરાતના કવિઓની ભાષામાં કંઇ વધારે ફેરફાર થયલો નથી પરંતુ સ્વ. સાક્ષર નવલરામભાઇ લખે છે કે "ઘણાના ધારવામાં એમ છે કે ગુજરાતી ભાષા હાલ જેમ બોલાય છે તેમ નરસિંહ મહેતાના વખતથી બોલાતી આવે છે. પણ એ દેખીતીજ ભૂલ છે. એટલાં વર્ષ સુધી ભાષા વિકાર ન પામે એ જનસ્વભાવ અને સઘળા દેશની ભાષાઓના ઇતિહાસથી ઉલટું છે." સંશોધકોએ નરસિંહ મહેતાનાં કાવ્યો સુધારીને પ્રગટ કર્યાં જણાય છે.

રાણકદેવી અને રાખેંગારના બોલાતા દુહાઓમાં મૂળ કરતાં કેટલો બધો ફેરફાર થઇ ગયો છે તે નીચેના દુહાઓ પરથી જણાશે જો કે મૂળ દુહા પણ સં० ૧૩૪૭માં રચાયેલા એક ગ્રંથમાંથી લીધા છે. તેથી ઇ० સ० ના ૧૧ મા શતકમાં બોલાતા ખરેખર દુહા તો તેથી પણ જૂની ભાષામાં બોલાતા હશે.

રાણા સવ્વે વાણિયા, જે સલુ વડુહ સેઠિ;
કાંહુ વણિજ્જડુ માણ્ડિઉં, અમ્મીણા ગઢ હેઠિ.
તઇં ગડુઆ ગિરનાર, કાંહુ મણિ મત્સર ધરિઉ;
મારીતાં રાખેંગાર, એક્ક સિંહરૂ ન ઢાલિઉ.

હાલ બોલાય છે તે–અમારા ગઢ હેઠ, કોણે તંબુ તાણિયા;
સઘરો મોટો શેઠ, બીજા વર્તાઉ વાણિયા.
ગોઝારા ગિરનાર, વળામણ વેરીને કિયો;
મરતાં રાખેંગાર, ખરેડી ખાંગો નવ થયો.

અપભ્રંશ ભાષાના વ્યાકરણમાંથી ઉદાહરણ લઇએ.

ઢેલ્લા મઇં તુહુ વારિયા, મા કુર દીહમાણુ;
નિદ્દએ ગમિહિ રત્તડી, દડવડ હોહિ વિહાણુ.
પભણે મુંજ મૃણાલવઇ, જુવ્વણ ગિઉ મઝુરિ;
જઇ સક્કર સયખંડ થિય, તોય સમિટ્ઠી ભૂરિ.

સંશોધકે એ દોહા સમજાય તેવી ભાષામાં નીચે મુજબ લખ્યા છે.

હોલા મેં તને વારિયો, મા કર લાંબું માન;
નિદ્રાએ રાત્રી જશે, ઉતાવળું થશે વહાણું.
મુંજ ભણે હે મૃણાલવતિ, જોબન ગયું ઝુરેમાં;
જદિ સાકર શતખંડ થઇ. તોય ઘણી મીઠી.

અનભ્યાસ, જિવ્હાદોષ, સરળતા તરફ વલણ ઈત્યાદિ કારણોથી ભાષા વિકાર પામતી જાય છે અને વિશેષ વિકારે જ્યારે જૂનું લખાણ કે કવિતા સમજી શકાય નહિ ત્યારે તેમાં સંશોધકો કે વાચકો દેશ કાળ મુજબ યોગ્ય સુધારો કે ફેરફાર કરે એમાં નવાઈ નથી. એવો ફેરફાર ઉપર આપેલા દુહાઓમાં આપણે જોયો. તો જો કોઈ વિદ્વાને જૈન કવિતા હાથમાં લીધી હોત ને જૈનોને તેનું સંશોધન કરવાને બોલાવ્યા હોત તો શું આજે ગુજરાતી સાહિત્યનું એક અંગ જે જુદું પડી ગયું જણાય છે તે શું એકત્ર સાહિત્યમાં ભળી ગયા વગરનું રહેત કે?

ગુજરાતમાં જ્યારે કાવ્યદોહનાદિ પુસ્તકો રચાયાં ત્યારે જૈન કવિઓએ ગુજરાતી ભાષાની બજાવેલી સેવા સબંધે કદાચ અજાણપણે ઉપેક્ષા દાખવ્યા છતાં આપણે સારી રીતે જોઈ શકયા છીએ કે ગુજરાતી સાહિત્ય પરિષદ્‌ની બને બેઠકોમાં માનવંત પ્રમુખ સાહેબો તરફથી જૈનોની યોગ્ય કદર થઈ છેજ.

સ્વ. સાક્ષરશ્રી ગોવર્દ્ધનરામભાઈના ભાષણમાંથી ઉતારો કરિયે.

"શતક ૧૪ મું-ગુજરાતમાં તેજસિંહના એક ગ્રંથ વિનાના સર્વ ગ્રંથો માત્ર જૈન સાધુઓના રચેલા છે. એ ગ્રંથો પણ મોટા ભાગે ધર્મ સાહિત્યના અને સંસ્કૃત સાથે પ્રાકૃતમાં પણ છે. એ સાધુઓએ તેમના ગચ્છોનો આશ્રય પામી આટલો સાહિત્યવૃક્ષ ઉગવા દીધો છે" ઈત્યાદિ.

"ગુજરાતી સાહિત્યનું મૂળ પ્રથમ રોપાયું તે વેળા દિલ્હીના બાદશાહો, ગુજરાતના સુબાઓ અને નાના સરદારોનો વિગ્રહ આ યુગના આરંભથી ૧૩૫૦ સુધી ચાલ્યો અને તેનો ક્ષોભ ઝાલાવાડ, જુનાગઢ, ગોંડળ વગેરે કાઠિયાવાડના ગામોમાં અને બાકીના ગુજરાતમાં ચાલી રહ્યા હતો. તેવામાં જૈન ગચ્છોના ચાર પાંચ સાધુઓ ઉક્ત ગુજરાતી સાહિત્યના એકલા આધારભૂત હતા. તે પછીના પચીશેક વર્ષમાં ......... પણ બીજા પાંચેક જૈન સાધુઓ એવા આધારભૂત હતા."

"જૈન સાધુઓ જેટલી સાહિત્યધારા ટકાવી શકયા તેનો કાંઈ અંશ પણ અન્ય વિદ્વાનોમાં કેમ ન દેખાયો? તેઓ કયાં ભરાઈ બેઠા હતા."

"જૈન ગ્રંથકારોની ભાષા તેમના અસંગ જીવનના બળે શુદ્ધ અને સરળ રૂપે તેમના સાહિત્યમાં સ્ફૂરે છે, ત્યારે આખા દેશના પ્રાચીન ભીલ આદિ અનાર્ય જાતિઓ અને રાજકર્ત્તા મુસલમાન વર્ગ એ ઉભયના સંસર્ગથી બ્રાહ્મણ વાણિયાઓની નવી ભાષા કેવી રીતે જૂદું ધાવણ ધાવી બંધાઈ એ પણ તેમના આ ભ્રમણના ઇતિહાસથી સમજાશે. એ સાધુઓની અને આ સંસારીઓની ઉભયની ગુજરાતી ભાષા જુદે જુદે રૂપે બંધાવા પામી."

"શતક ૧૫ મું (ઉત્તરાર્ધ). પાટણ નગરમાં જૈન સાધુઓ પ્રથમની પેઠે પાછા સંસ્કૃત પ્રાકૃતમાં સાહિત્યને રચવા લાગ્યા હતા અને રાજકીય સ્થાન મટી એ પણ તે કાળે તીર્થ નહિ તો તીર્થ જેવુંજ આ સાધુઓએ કરેલું જણાય છે."

મારા મિત્ર રા૦ રા૦ મનસુખલાલ કીરતચંદ મહેતાએ ગઈ સાલ વાંચેલા નિબંધમાંથી ઉપલો ઉતારો આપ્યા પછી એજ નિબંધમાંથી નીચલો ઉતારો આપવો એ અપ્રાસંગિક નહિ ગણાય. Imperial Gazatteer of India ની છેલ્લી આવૃતિમાં Jainism વિષેના લખાણમાંથી એક ફકરો લઈ તેનો ગુજરાતી તરજુમો તેઓ નીચે પ્રમાણે આપે છે.

"જૈન ધર્મ સંબંધી સાહિત્ય વિશાળ તેમજ ગહન છે. તેની શોધ બહુ થોડી થયેલી છે અને તે પણ થોડુંક થયાં એટલે તે ધર્મ સંબંધી ઇતિહાસ યોજવા પૂર્વે ભાષાંતર અને શોધખોળ રૂપે હજુ ઘણું કરવાનું છે. એ સાહિત્ય એક તો વિશાળ રહ્યું, બીજું ગહન રહ્યું અને એ અંગે જોઈતી શોધખોળો અધૂરી એથી એમાં તત્ત્વોનું વાસ્તવિક સ્વરૂપ શું છે એ સંબંધી અજ્ઞાનતા રહે એ સ્વાભાવિક છે. તેથી પાશ્ચાત્ય વિદ્વાનોની શુભ લાગણી જૈન સાહિત્ય જીતી શકયું ન હોય તો તેમાં આ અજ્ઞાનતા કદાચ એક કારણ ગણી શકાય.

બીજી સાહિત્ય પરિષદ્‌ના વિચારવંત અને વિદ્વાન્ પ્રમુખશ્રી કેશવલાલભાઇ ધ્રુવે હેમચંદ્રાચાર્ય વગેરે જૈન પંડિતોના સાહિત્ય વિષે જે યોગ્ય ઇસારા કર્યા છે તે તો હજી તાજા છે. તેથી વિસ્તારભયથી અહીં નહિ ઉતારતાં સર્વ સામાન્ય એકાદ પારિગ્રાફ આપીશું તે બસ થશે.

"વાસ્તવિક રીતે ગુજરાતી ભાષાના ત્રણ યુગ છે. ઇસ્વીસનના ૧૦ મા ૧૧મા શતકથી ૧૪ મા શતક સુધીનો પહેલો યુગ; ૧૫ મા શતકથી ૧૭ મા શતક સુધીનો બીજો અને તે પછીનાં શતકોનો ત્રીજો. પહેલા યુગની ભાષાને અપભ્રંશ કે પ્રાચીન ગુજરાતી નામ આપવું ઘટે છે. બીજા યુગની ગુજરાતી...ને મધ્યકાલીન ગુજરાતી કહેવી યોગ્ય છે. ત્રીજા યુગની ગુજરાતીને અર્વાચીન ગુજરાતી સંજ્ઞા આપવામાં મતભેદ હોયજ નહિ. પહેલાં પાંચ શતકોની ભાષા ગુજરાતી છે તેની પ્રતીતિ સારૂ કાલક્ષેપનો ઉપાલંભ વ્હોરીને પણ શતકવાર ઉદાહરણ આપવાની જરૂર છે. એ પાંચ શતકના સાહિત્યને ગેરઇનસાફ થયો છે. કેમકે મધ્યકાલીન ગુજરાતીનેજ પ્રાચીન કાવ્ય ત્રિમાસિક અને પ્રાચીન કાવ્યમાલાના અભિમત તંત્રી ગુજરાતી ગણવા ના પાડે છે, ત્યાં પ્રાચીન ગુજરાતીનો તો ધડોજ થવો કેવો ? માતપિતા મોટાં છોકરાંને ઇનકાર કરી નાવારસ ઠેરવે ને ન્હાના બાળકનેજ કબુલ રાખે તેના જેવું આ તો થાય છે. અવમાનિત સાહિત્યની શોધખોળ થતી નથી. અભ્યાસ થતો નથી, ચર્ચા થતી નથી ને ગુજરાતી અગુજરાતીની યોગ્યતા તપાસાયા વગર અવળું વેતરાયાં જાય છે. વગર ઓળખ્યે અથવા ભૂલમાં ભુટકાઇ અજ્ઞાનના અંધારામાં પ્રકાશની રાહ જોયા વગર આપણે આપણા સાહિત્યવડની જમીનમાં ઉંડી ઉતરેલી વડવાઇઓ વાઢી નાંખવા પ્રવૃત્ત થઇએ છીએ."

જૈન કવિઓએ ઘણે ભાગે રાસ, સજ્ઝાય, સ્તવનો લખ્યાં છે. આશરે સાડા ત્રણસેં રાસ તો હાથ આવ્યા છે. એથી વિશેષ જે હજી ભંડારમાં પડયા હોય ને પ્રસિદ્ધિમાં ન આવ્યા હોય તે તો જૂદા. આ બધા રાસ વડે કેટલાં કાવ્યદોહનનાં પુસ્તકો ભરાય

 નો વિચાર આપ સર્વેએ કરવાનો છે. અત્યાર સુધી ગુજરાતી ભાષા જાણનારાઓ એમ માનતા હતા કે ગુજરાતી ભાષામાં પ્રથમ કવિતા લખનાર નરસિંહ મહેતા એકરાજ હતા. પરંતુ બંને પરિષદ્‌ના માનવંત પ્રમુખ સાહેબોના ભાષણો ઉપરથી સર્વેના જાણવામાં આવ્યું હશે કે નરસિંહ મહેતા પહેલાં પણ અમુક શતક સુધીની ભાષાને ગુજરાતી ભાષા કહી શકાય છે અને તે શતકોમાં બીજા કવિઓ તથા લેખકો થઇ ગયા છે.

"પારકી ઋદ્ધિ દેખી રાજી થનારા" આપ સર્વ સાક્ષરોને મારે આજે જૈન કવિઓએ રચેલા રાસો વિષે કંઇક કહેવાનો વિચાર છે. પૂરતાં સાધનો હું મેળવી શક્યો નથી તેમજ સાક્ષરવર્ગને સંતોષ આપી શકું તેવી મતિ નથી. તેથી મારા કથનમાં ઘણું અપૂર્ણ અને અસંબદ્ધ આપને લાગશે પણ તે બાબતમાં હું પ્રથમથીજ આપ સર્વેની ક્ષમા માગી લઉં છું.

થોડી મહેનતે સમજી શકાય એવી જૈન સાધુની જૂનામાં જૂની જે કવિતા મારા હાથમાં આવી છે તે મુનિશ્રી વિજયભદ્રની છે. કદાચ વિજયભદ્ર એ સંજ્ઞિત અથવા પર્યાયસૂચક નામ પણ હોય. વિજયભદ્ર પહેલાંની કેટલાક શતકની ગુજરાતી કવિતાનાં થોડાં ઉદાહરણો ગઇ સાહિત્ય પરિષદ્‌ના પ્રવીણ પ્રમુખ તરફથી આપવામાં આવ્યાં હતાં. સં. ૧૩૨૭ માં રચાયેલા સપ્તક્ષેત્રી રાસ કે સં. ૧૩૪૭ માં રચાયેલા પ્રબંધ ચિંતામણિ ગ્રંથ કે તેજ અરસામાં રચાયેલા રત્નસિંહસૂરિના ઉપદેશમાળા નામે ગ્રંથમાંથી કંઇ ઉદાહરણો આપી આપનો વખત રોકવા હાલ હું ઇચ્છતો નથી. હું તો અહીં વિજયભદ્ર મુનિથી જૈન રાસોની શરૂઆત ગણી વિશેષ ભાગે રાસો વિષે કંઇક કહેવા ઇચ્છું છું. વિજયભદ્ર કે ઉદયવંત મુનિ નરસિંહ મહેતા પહેલાં આશરે સોએક વર્ષ ઉપર થયા હતા. નરસિંહ મહેતો જ્યારે સં. ૧૫૦૦ માં હતા એમ કવિ નર્મદાશંકર કહે છે ત્યારે વિજયભદ્ર મુનિ સં. ૧૪૧૨ માં હતા એમ ગૌતમ રાસ કહે છે.

કવિતાઓના જે જે ગ્રંથો છેલ્લાં પાંચ સાત શતકોમાં જૈન કવિઓએ લખ્યા છે તેમાંના ઘણાખરાને તેમણે "રાસ" નામ આપ્યું છે. રાસ શબ્દ પ્રથમ શ્રીમદ્ ભાગવતમાં જોઇ શકાય છે. રાસમાં જૂદી જૂદી નીતિની અને ધર્મની વાતો સમજાવવા માટે મહા પુરૂષોનાં ચરિત્રો કથા રૂપે આપ્યાં છે; પરંતુ પોતાની કવિતાના ગ્રંથોને રાસ કહેવાનું શું ખાસ કારણ હશે તે વિચારવા જેવું છે. હાલના પુષ્ટિમાર્ગ વૈષ્ણવ ધર્મમાં રાસ શબ્દ પરિચિત છે. રાસ શબ્દના પરિચય વાળો એ પુષ્ટિમાર્ગ તો ગુજરાતમાં ઉત્તર હિંદમાંથી ૧૬ મા સૈકાની આખરે આવેલો જણાય છે. નરસિંહ મહેતા જે વૈષ્ણવ ધર્મ પાળતા હતા તે તો વિષ્ણુસ્વામિવાળો વૈષ્ણવ પંથ હતો એમ કવિ નર્મદાશંકર કહે છે. ત્યારે જૈન કવિઓએ કવિતામાં કરેલાં મહા પુરૂષોનાં વર્ણનોને રાસ એમ શા વાસ્તે આપ્યું હશે તે વિચારવા જેવું છે.

જૈન કવિઓના રાસોમાં જૂદે જૂદે સ્થળે નજર કરતાં નવરસયુક્ત વર્ણનો જોવામાં આવે છે. કોઇ કોઇ સ્થળનાં વર્ણનો રસ અને અલંકારથી, છલકાઈ જાય છે. રસનાં

આલંબન, ઉદ્દીપન, વિભાવ, વગેરે સાધનોનો જ્યાં જેવો ઘટે તેવો ઉપયોગ કરી એ વર્ણનો વાંચવામાં આનંદ આવે એવાં રસભરિત કર્યાં છે. આવાં રસવાળાં રસિક વર્ણનોને તેમણે રાસ નામ આપવાનું યોગ્ય ધાર્યું હોય તેમ અનુમાન થઇ શકે છે. કાવ્યનો આત્મા રસ છે અને તેથી રસિક કાવ્યને રાસ નામ આપવું એ યોગ્ય પણ છે. સાહિત્ય શબ્દનો ખરો અર્થ આપતી વેળા ઉદાહરણ તરીકે એક કોષમાં રસાલંકાર વગેરે એવી મતલબે લખવામાં આવ્યું છે. તો તે અર્થ લક્ષમાં રાખવાથી સ્પષ્ટ જણાશે કે જૈન કવિતાઓને ગુજરાતી ભાષાનું સાહિત્ય કહેવું એ એક આવશ્યક બાબત છે સાહિત્યનો ખરો અર્થ એમાં સાર્થક થાય છે.

પ્રેમાનંદ વગેરે અન્ય કવિઓએ જૂદાં જૂદાં આખ્યાન કે કથાવર્ણનો લખ્યા છે. તેવાં વર્ણનોથી ભરપુર તેના પહેલાં સામાન્ય રીતે લખાયેલા આ રાસાઓ પણ છે મૂળ એક વાતને લઇ વિસ્તારથી તેનું વર્ણન કરી અનેક ભવ્ય તથા ચમત્કારિક પ્રસંગોનાં વર્ણનો આપી, અંતે નીતિધર્મનો વિજય સ્થાપી, પાત્રોનું પરમ મંગળ સમાપ્તિમાં દાખવી રાસ પૂરો કરવામાં આવે છે.

ગુજરાતી સાહિત્યની વૃદ્ધિને અંગે જૈનોએ વ્યાપાર કે ધર્મકાર્યને નિમિત્તે જે કંઇ કાર્ય બજાવ્યું છે તે અહીં કહ્યા પછી રાસો સંબંધી વિશેષ કહીશ. જૈનોમાં શ્વેતાંબરી અને દીગંબરી એવા બે ભેદ છે. દીગંબરીઓના ઘણા ખરા ગ્રંથો હિંદી ભાષામાં લખાયેલા જણાય છે. શ્વેતાંબરીમાં મૂર્ત્તિપૂજક અને મૂર્ત્તિને નહિ માનનાર એવા બે ભાગ છે મૂર્ત્તિને નહિ માનનારા વર્ગમાં સ્થાનકવાસી જૈનો મુખ્ય છે. એ સ્થાનકવાસી જૈનોમાં એક ધર્મસિંહ નામે મુનિ થઇ ગયા. સ્થાનકવાસી જૈનો જે ૩૨ સૂત્રોને માને છે તેમાંના ૨૭ સૂત્રો (શાસ્ત્રો) ઉપર તેમણે ગુજરાતી ભાષામાં ટબા ભર્યા ને તે દેવનાગરી જૈન લિપિમાં લખ્યા. સ્થાનકવાસી જૈન સાધુઓ હાલ કરાંચીથી કાશી સુધી ને કોલાપુરથી કાશ્મીર સુધી વિહાર કરે છે. તે સઘળાઓ સામાન્ય રીતે એ ટબા પ્રમાણે શબ્દોના અર્થ પ્રકાશે છે. આનું પરિણામ એ આવ્યું છે કે પંજાબના કે દક્ષિણના સાધુઓને પણ એટલું થોડુંક ગુજરાતી જાણવું પડે છે અને શાસ્ત્રોના અભ્યાસી પંજાબ કે દક્ષિણના સ્થાનકવાસી શ્રાવકોને તેટલું ગુજરાતી સમજવું પડે છે વળી મુર્શિદાબાદના પ્રખ્યાત શેઠ રાય બહાદુર ધનપતિસિંહજી જેઓ મૂર્ત્તિપૂજક જૈનોમાં અગ્રગણ્ય છે; તેમણે ૧૯ સૂત્રો સંસ્કૃત ટીકા સહિત કલકત્તા તરફના છાપખાનામાં છપાવ્યાં છે. તેમાં પણ ગુજરાતી ભાષામાં અર્થ લખવામાં આવ્યા છે. એ શું બતાવે છે? હિંદી ભાષામાં કે બીજી ભાષામાં અર્થ શા માટે લખવામાં આવ્યા નહિ હોય? કારણ એટલુંજ કે ગુજરાતી ભાષામાં લખાયેલાં અને ફેલાવો પામેલાં એ શાસ્ત્રોને હિંદી ભાષામાં ઉતારતાં મહેનત, ધન, ને વખતનો ઘણો ભોગ આપવો પડે. ટુંકામાં કહેવાનું કે આખા હિંદમાં શ્વેતાંબરી જૈનોના શાસ્ત્રોના ગુજરાતી અર્થ વાંચવામાં આવે છે. ગુજરાતી અર્થ ગુજરાતના જૈન સાધુઓએ લખ્યા અને તેનો પ્રસાર બધે થયો. તે બધાની ભાષા ગુજરાતી છતાં લિપિ તો દેવનાગરી જૈન લિપિ છે જૈનો જ્યાં જ્યાં ગુજરાતમાંથી વેપાર કરવા પરદેશ ગયા ત્યાં ત્યાં તેઓએ ભાટીઆ લોહાણા વગેરેની પેઠે ગુજરાતી ભાષા ચાલુ રાખી હતી. (અપૂર્ણ.)

# हम कौन हैं?

## वाणीया कि श्रावक?

## सिंह या शियाल?

( लेखक–**गुलाबचंदजी ढढा एम. ए.** )

बहुत जैनी भाईयों की रूढी आजकल अैसी देखनेमें आई है कि, इस सवालके जबा- में कि "तुम कौन हो" वह फोरन कह देते है कि "अमे तो वाणीया छीअे." गोया यह ब्द "वाणीया" उनको जैन धर्मके साथ साथ उनके पुरुषोंसे उनको अमुल्य और लभ्य विरासत में मिला हे. इन म हाशयों की दशा और गति उस सिंहके बचेके मुवा- फक है कि, जो अपने टोलेसे अलहदा होकर भेड बकरीके टोलेमें बचपनसे परवरिश पाई ौर खुद को भेड बकरीवत् समझ कर उन का सा आचरण करने लगा और अपनी जाती रदुभी को छोडकर रांक भेडोंके साथ भयसे भागने दोडने लगा. इत्तफाक से मुकाबलेका सरा सिंह देखनेसे उसको अपना असली स्वरूपका भान हुवा, और सिंहनाद करके अपन ज्य जमाया. आजकलके हम जैनीयोंकी उस "उल्फ बुवाय" ( Wolf-boy. ) की सी शा है कि, जो सि कंदरा के अनाथालय में रहा और मनुष्यका पुत्र होते हुवे बचपनसे डीया ( Wolf ) की सहोबतमें रहनेसे और उसहीके द्वारा परवरिश पानेसें अपना असली वरूप भूलकर सीधा पैरों के बल चलनेके बजाय चार हाथ पैरके बल चलने लगा, मनुष्यकी ाषा सीखनेके अभावमें गूंगा रह कर भेडीयाके मुवाफिक चिल्लाने लगा. अफसोस! यह ही वरूप हमारे क्षत्री पुत्र जैनियोका हमारे शासननायक वीर परमात्माके अनुयायियोंका हो हा है. वाणीयोंके सहवासमें जियादा आनेसें वह अपनी असली हालतको भूल कर खुद ाणीया बन बैठे हैं.

जब उनसे पूछा जाता है कि, भाई साहब, सेठ साहब, आप "वाणीया" कैसे हैं तो प्रायः ह ही जवाब मिलता है कि, अपना धंधा रोजगार वाणिज्यका है. इस वास्ते "आपणे तो णीयाज छीए." विचार करनेकी बात है कि, अगर वाणिज्य करनेसेही कोई वाणीया कह- ावे तो दुनिया भरमें जितनी कोमें वाणिज्य करती है मसलनः—यूरोप, अमेरीका, आसट्रालीया गरह की वलायतें, हिन्दुस्थानके खोजा, मेमन, पारसी, बोरा वगरह, चीन, जापान की वला- तें वगरह वगरह–सब वाणीया कहलावेंगी परन्तु हम तो प्रत्यक्ष देखते हैं कि, यह सब

कोमें वाणिज्य करते हुवेभी वाणीया नहीं कहलाती हैं; तो फिर जैनियोंसेही वाणिज्यका असा क्या अहसान है कि जिसके सबबसे उनको अपने आपको वाणिया वाणीया कहना बहोत प्रिय लगता है. उत्तर और पूरब हिन्दुस्थानके जैनी वाणीया के शद्धको कभी अपनी जबान पर नहीं लावेंगे बल्की वाणीया शद्धको वह के लोग अेक हलकी नजरसे देखते हैं.

श्री आदिनाथ भगवानके समयमें जातिभेद पाया नहीं जाता, उनके प्ररूपित जैन धर्म में चलने वाले" जैनी " अथवा " श्रावक " कहलाए. उन के सुपुत्र श्री भरत चक्रीने उस श्रावक वर्गकी भक्ति की, उनका भरण पोषण किया और उनको सोनेकी जनेउ पहनाकर सुशोभित किया. कालांतरमें उस उपयोगी वस्तुका गैरउपयोग हुवा मुफ्तका खानेके लालचसे सुस्त कम हिम्मत आदमीयोंने अपने गलेमें जनेउ डाला. और उनका भरण पोषण होता रहा यहां तक कि समय पाकर उन लोगोंका अेक फिरकाही अलग बन गया. वह लोग ब्रह्मण के नामसे प्रसिद्ध हुवे. चरमतीर्थंकर श्री महावीर स्वामीके समयमें तो चारों वर्ण मोजूद पाते हैं. परन्तु जैन धर्मके असन के मुवाफिक तो जो प्राणी शुद्ध अन्तःकरणसे जैन धर्मको मानेगा वह ही जैनी अथवा श्रावक कहलावेगा. वर्ण भ्रांती जैन धर्ममें बिलकुल रह नहीं सकती श्री चरम तीर्थंकरके अनुयायि दो प्रकारके थेः—जिन्होंनें संसार त्याग किया वह श्रमण कहलाये. और जिन्होंने गृहस्थावासमें रह कर धर्मकी आराधना की वह " श्राद्ध कहलाये चाहो वह कोईभी क्यों न हो. उन श्राद्धोंके वंशमें हालकी जैन समाज है. चाहो वह वीसा, दशा ओसवाल, श्रीमाल, पोरवाडके नामसे क्यों न विख्यात हों.

इस कथनसे यह तो साबित हो गया कि, किसी समय भी जैन धर्मके अनुयायि चारों वर्णमेंसे किसी वर्णके साथ नामजद याने प्रसिद्ध नहीं हुवे. यह भी स्वयमेव सिद्ध है कि सिर्फ वाणिज्य ही जैन समाजका काम नहीं है. देखो वस्तुपाल, तेजपालनें राज्यमंत्री रह कर जैन धर्मके वास्ते कितना प्रयास किया. राजस्थान की तरफ नजर डाल कर देखो तो थोडे समय पहीले तक करीब करी कुल रियास्तोंमे करीब करीब सब बडे ओहदे दीवान वगरह के जैनियों मे शुशोभित थे; अफसोस !! कि उनके अंदर विद्याके अभावसे विद्याके कृपापात्रोंनें उनपर हमला करके काबू पाया.

वाणीया अथवा वैश्य वर्ग जैन समाजको हरगिज लागु नहीं पड सकता. यद्यपि जैन धर्मकी जड हिन्दुस्थानमें है. हिन्दुस्थानमें रहनेकी अपेक्षासे जैनी हिन्दू कहलाते हैं. तो भी धर्म की अपेक्षासे जो वर्ण वैष्णव धर्ममें कायम किये गये हैं, वह वर्ण जैन धर्मके माननेवालोंके साथ कुछ सम्बन्ध नहीं रख सकते. जैन धर्मके पालनेसे हमारी समाज " जैनी " नामसे विख्यात हुई. यद्यपि हमारे अंदर बहोत जियादा भाग क्षत्रीयोंका है (देखो, प्रथम

जैन कानफरन्सकी रीपोर्ट का अंतिम भाग, और बीकानेर के उपाध्याजी का बनाया वृतांत ) तो भी हम अब अपने आपको किसी बर्णमें दाखिल नहीं कर सकते हैं. हमारा तो बर्ण, जात, धर्म जो कुछ है उस सबका समावेश "श्रावक" शद्बमेंही हो जाता है.—

वैश्योंका या बाणीयोंका काम लडाई झगडा करनेका नहीं है क्यों कि, उनके चार वर्णाश्रित उनका काम सिर्फ रोजगार धंधा वाणिज्य करके उनके मुल्ककी दोलत वृद्धि करने का है.और उनके धर्म और संसारी व्यवस्थाका रक्षण क्षत्री बर्ण पर रखा गया है इस वास्ते वाणीया वर्ग डर पोक बहोत होते हैं उनके नामकी छाया हमारे श्राद्ध बर्ग परभी पडजानेसे वह डर उनके अंदरभी घर पकड कर बेठ गया, और डरको "दया" का जाहिरा कोट पहनाकर और भी पुष्ट किया. दयाका झंडा बेशक जैसा जैन धर्मने उठाया है, वैसा दुनिया भरमें कोईभी नहीं उठा सकता, और जहांतक इस दयाका सदुपयोग हो वहां तक स्वपरोपकार होता है, परन्तु जब इसके अर्थका अनर्थ कर डाला जाता है, तब उससे धर्म और संसार पक्षको बहूत हानी पहूंचती है. देखो हमारे जान, माल, धर्मके रक्षणके वास्ते दयामयि धर्मके साथ साथही श्री रिखभदेव भगवानने मर्द की ७२ कलाएं सिखलाई है. किसी प्राणीको विनाकारण सताना, उसके उपर वार करना या उसका बुरा विचारना यह पापका हेतु है. परन्तु जब दूसरा मनुष्य अपने धर्मपर या अपनी इज्जतपर वार करता है तो धर्म और इज्जत की रक्षाके वास्ते स्वदया और परदया विचार कर उसको जवाब देना कहीं मना नहीं किया गया है. देखो चेडा महाराजा संग्राम करते हुवे दयाको हाथसे नहीं छोडतेथे, संग्राम बंद करके हाथीके नीचे बैठ कर पडिकमणा करते थे, देखो दयासागर कुमारपाल राजा धर्म-रक्षाके कारण अपने बहनोइसे संग्राम किया, देखो कालेकाचार्य (१ ले) ने अपनी साध्वी बहनके चारित्र को अखंडित रखने के हेतुसे गर्धभिल्ल राजासे संग्राम किया. देखो वस्तु-पाल तेजपालने ६३ लडाईयां की, इत्यादि जैन धर्ममें वहोत दाखले हैं; कि, दयानिधि रखते थे—यह हमारा बल पराक्रम इस "वाणीया" शद्ब के सिखरपर अरपण कर दिया गया—अगरचे इस बल, पराक्रमकी इस समयके शान्त राज्यकी छायामें अंश मात्र भी आवश्य-कता नहीं है, तो भी हम क्यों अपना वर्ण बदल कर बजाय श्रावक के अपने आपको वाणीया कह कर हलकी पद्धति पर आवें! धर्मकी अपेक्षासे अथवा धंधेकी अपेक्षासे हम हरगिज "वाणीया" नहीं है, और आशा की जाती है कि, हमारे स्वामि बान्धव इस तरफ ध्यान दे कर अपने आपको "वाणीया" हरगिज नहीं कहेंगे बल्की "जैनी" अथवा "श्रावक" दयासागर एक कीडी को भी सताना नहीं चाहे वैसे गुणवान् साधू राजा महाराजा श्रावक भी धर्म और इज्जतकी रक्षा करनेको अपना वीर्य, बल, पराक्रमके फोरवणेसे कुछ कमी नहीं के नामसे अपने आपको सुशोभित करेंगे.

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

સંવત ૧૯૬૬ ના ફાગણ સુદ ૧૫ થી જેઠ વદી ૮ લગી એટલે

તા. ૩૦–૬–૧૦ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૮–૪–૦ | લણવા | ૧–૪–૦ | ધીણોજ | ૨–૦–૦ | પારાસણ |
| ૧–૧૨–૦ | પાલોદર | ૨૪–૧૨–૦ | કંથરાવી | ૭૫–૦–૦ | ભાવનગર |
| ૨–૮–૦ | ગોરાદ | ૧–૮–૦ | વીરતા | ૧૨–૮–૦ | સંડેર |
| ૧–૪–૦ | થાણાદેવળી | ૧–૦–૦ | ભુખસાંથળી | ૩–૧૨–૦ | વાડોદર |
| ૦–૮–૦ | બરવાળા (સોરઠ) | ૦–૪–૦ | બાટવા દેવળી | ૯–૧૨–૦ | મજેવડી |
| ૦–૧૨–૦ | ભાડેર | ૧–૦–૦ | ઉપલેટા | ૦–૮–૦ | બરવાળા(બાવળ |
| ૪–૦–૦ | માંખીઆળા | ૨–૮–૦ | રવની | ૫–૮–૦ | ગારીઆધાર |
| ૦–૮–૦ | ચમારડી | ૦–૧૨–૦ | ભોરીંગડા | ૦–૧૨–૦ | મોટું ચારોડીયું |
| ૨–૦–૦ | પરવડી | ૦–૪–૦ | માનગઢ | ૪–૮–૦ | ડાભી |
| ૧–૦–૦ | સુણોક | ૩૨–૧૨–૦ | ઉનાવા | ૪–૦–૦ | ભંડારીઆ |
| ૧–૪–૦ | ચોક | ૧–૧૨–૦ | પાલડી | ૫–૧૨–૦ | રૂનીજા |
| ૬૧–૬–૦ | અંજાર (કચ્છ) | ૩૮–૮–૦ | ધુળીઆ | ૦–૮–૦ | પાલણપુર |
| ૬–૨–૦ | દીવ | ૯–૦–૦ | ચંડીસર | ૦–૪–૦ | વળા |
| ૬–૦–૦ | દેવગામ | ૦–૧૨–૦ | દેવાલીઆ | ૧–૦–૦ | મહુડા |
| ૨–૪–૦ | બુઢણા | ૪–૮–૦ | દેવગાણા | ૩–૦–૦ | અગીઆળી |
| ૪–૮–૦ | વરલ | ૨–૧૨–૦ | ભદ્રાવળ | ૧–૧૨–૦ | ટીમાણા |
| ૧–૦–૦ | દેવલીઉં | ૨–૧૨–૦ | કામલોળ | ૧–૦–૦ | સાંગાણું |
| ૫–૦–૦ | શીહોર | ૪–૪–૦ | ઠળીઆ | ૪૬–૧૨–૦ | માંગરોળ |
| ૨૫–૦–૦ | ડીસા | ૧૩–૦–૦ | રાજપુર | ૩–૦–૦ | હાથસણી |
| ૦–૮–૦ | રાણપરડા | ૧–૮–૦ | રાજપરા | ૧૦–૦–૦ | જેસર |
| ૧૧–૧૨–૦ | પાટડી | ૧–૪–૦ | દેદરડા | ૩–૧૨–૦ | દેપલા |
| ૨–૪–૦ | રાણીગામ | ૦–૮–૦ | પીંપરડી | ૧–૪–૦ | ઘોબા |
| ૦–૮–૦ | મેંકડા | ૪–૦–૦ | વંડા | ૧–૪–૦ | ઠાડચ |
| ૦–૪–૦ | રાજથળી | ૨–૮–૦ | શીહોદ | ૦–૮–૦ | જડકલા |
| ૦–૧૨–૦ | દીપાવડલી | ૦–૪–૦ | વીરડી | ૨–૧૨–૦ | ઠવી |

| | | |
|---|---|---|
| ૦—૮–૦ જેજાદ | ૦—૪–૦ વાંશીયાળી | ૪—૦–૦ પીચાવા |
| ૧–૧૨–૦ જુના સાવર | ૧—૮–૦ ભેંસવડી | ૧–૧૨–૦ આંબા |
| ૦—૪–૦ ખાલપર | ૦–૧૨–૦ વીરડી | ૦—૮–૦ જાલવદર |
| ૨—૦–૦ ક્રાંકચ | ૦—૮–૦ ખોડવડલી | ૦—૪–૦ દુધાળા |
| ૦—૪–૦ વેલાવદર | ૩—૪–૦ જીરા | ૧૫—૮–૦ વડસમા |
| ૦–૧૨–૦ દુદાણા | ૧—૦–૦ લોગડી | ૧—૮–૦ નઇપ |
| ૫–૧૨–૦ ગરોઠ | ૧–૧૨–૦ વાવડી (ગજાભાઇ) | ૦–૧૨–૦ કેરીયાઉમરાળા |
| ૨–૧૨–૦ ભુતીઆ | ૩–૧૨–૦ રંઘોળા | ૧—૪–૦ તલગાજરડા |
| ૧—૦–૦ ગોરસ | ૦—૪–૦ માળીઆ | ૧—૦–૦ સમઢીઆળા |
| ૧—૦–૦ વડાળ મોટી | ૦–૧૨–૦ મેરીયાણા | ૨—૦–૦ રૂપાવટી |
| ૧—૪–૦ ભુવા | ૫—૦–૦ ધામણવા | ૧—૦–૦ મોણપર |
| ૦–૧૨–૦ ઓથા | ૦—૪–૦ ધરાઇ | ૧–૧૨–૦ પાવટી |
| ૧—૮–૦ ગોલરામા | ૨–૧૨–૦ પીંપરાળી | ૦—૪–૦ દેવળીઉ |
| ૧—૦–૦ ધોળા જંકશન | ૦–૧૨–૦ તરેડ | ૧—૦–૦ કુંભણ (મહુવા) |
| ૦—૮–૦ ખરેડ | ૦—૮–૦ રામપરા | ૦–૧૨–૦ હાડીડા |
| ૬—૦–૦ ડાંગરવા | ૦—૮–૦ મોરબા | ૧૫—૮–૦ કેંચલ |
| ૦—૮–૦ વડાળ | ૦—૪–૦ આરી | ૧—૦–૦ છાપરી |
| ૬—૦–૦ પંચપહાડ | ૨—૪–૦ સણોસરા | ૦—૮–૦ રેવા |
| ૦—૪–૦ પાંચતલાવડા(ધોળા) | ૦–૧૨–૦ લંગાળા | ૪—૪–૦ ઉમરાળા |
| ૧—૮–૦ સેદરડા | ૦—૪–૦ તાવેડા | ૧—૪–૦ ભાવરા |
| ૦—૪–૦ ભમર | ૧૮—૪–૦ સાલડી | ૦—૮–૦ પાલડી |
| [illegible]—૦–૦ ભડથ | ૧—૮–૦ રાળગોણ | ૦—૪–૦ નાનાખુંટવડા |
| ૧—૮–૦ ભાદરોડ | ૯—૪–૦ ભાનપુરા | ૦—૮–૦ ઇશ્વરીઆ |
| ૦—૪–૦ માલપરા | ૦–૧૨–૦ ગઢુલા | ૧—૦–૦ ગાંગાવાડા |
| ૨—૪–૦ ઝાલરા પટ્ટન | ૦—૮–૦ થોરાળા | ૦—૦–૦ ઉમણીઆવદર |
| ૦—૪–૦ દુધાળા (કંઠાળ) | ૧—૦–૦ દુધાળા | ૦—૪–૦ દોલતી |
| ૧—૦–૦ અખતરીઆ | | |
| | | ૬૭૮–૮–૦ |

અગાઉ આવેલા રૂા. ૬૭૪૧–૫–૩ કુલ એકંદર રૂા. ૭૪૧૯–૧૩–૩

**સૂચના.**

ગત અંકમાં ૧૬૩ મે પાને સુકૃત ભંડાર ફંડમાં ફાગણ વદ ૦)) લખેલ છે તેને હલે ફાગણ શુદ ૧૫ એ શબ્દો વાંચવા.

# ધર્મ નીતિની કેળવણી.

"શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતામેં કેલિ કરે;
શુદ્ધતામેં થિર વહે, અમૃતધારા વરસે."

## ધાર્મિક શિક્ષણનો ક્રમ.

### બાળ વર્ગ.

( ઉમ્મરઃ ૫–૬ વર્ષ. )

અ નવકાર મંત્ર. શુદ્ધ ઉચ્ચારે મુખપાઠે.
બ બાળકોનાં સમભાવ તથા કલ્પનાશક્તિ કેળવે એવી સાદી અને રસિક વાતો.

### ગુજરાતી ધોરણ ૧ લું.

( ઉમ્મરઃ ૬–૭ વર્ષ. )

૩૦ અ 'નવકાર મંત્ર,' 'અષ્ટાપદે શ્રી આદિજિનવર,' 'જીવડા જિનવર પૂજિયે, 'પ્રહસમે ભાવ ધરી ઘણો,'—એ પદો તથા ચોવિસ તીર્થંકરનાં નામ પ્રાસંગિ સમજ સાથે શુદ્ધ ઉચ્ચારે મુખપાઠે.

૭૦ બ બાળકોનાં સમભાવ તથા કલ્પનાશક્તિ કેળવે એવી સાદી અને રસિક વાતે ( આગળ ધોરણ બીજા ત્રીજા માટે સૂચવેલ વિષયોને લગતીજ ). *

* નીચેના ધોરણોમાં શિક્ષકે 'ઇસપની વાતો,' 'પંચતંત્ર,' 'બાળવાર્તા,' 'સુબો ધક નીતિકથા,' 'Indian Fairy Tales' આદિમાંથી વાર્તાઓ કહેવી. પંચતંત્ર કે ઇસપન વાતોમાંથી સઘળી વાર્તાઓ કહેવાની નથી, કારણકે તેમાંની કેટલીક વાર્તાઓથી વિદ્યાર્થીનાં મ ઉપર ખોટા સંસ્કાર પડવાનો સંભવ છે. એ સંબંધમાં જુઓ Moral Instruction c Children માં પ્રો. ઍડલરની ટીકા. બાળકમાં જિજ્ઞાસા–રૂચી પ્રકટ કરવા તરફ શિક્ષકે ખા લક્ષ આપવું. ઇસપની વાતોમાંથી નીચે જણાવેલી વાર્તાઓ દાખલારૂપે સૂચવવામાં આવે છે નંબર આપેલા છે તે 'ઇસપની વાતો' એ પુસ્તકમાંની વાતોનાં નંબર છેઃ—

૧ વક્રભાવ—શિયાળ ને દરાખ. ૪ દીર્ઘદૃષ્ટિની ખામી—કીડી ને તીડ.
૩ ખોટો ડોળ—ડોળઘાલુ કાગડો. ૧૦ અપકાર—કણબી ને સાપ.

## ગુ૦ ધોરણ બીજું.

( ઉમ્મર: ૭–૮ વર્ષ. )

---

• અ ધોરણ પહેલામાં સૂચવેલ પદો[1] ઉપરાંત, ' આજદેવ અરિહંત નમું[2] ' ' ખમાસમણ, ' ' જળ ભરી સંપુટ પત્રમાં, ' ' પહેલી રે આરતી પ્રથમ જિણંદા ' 'દીવોરે દીવો,' " પરમેશ્વર પરમાત્મા પાવન પરમિઠ્ઠ " તથા ' ભવ ભવ તુંમહિજ દેવ ચરણ તોરા ધરૂં '–એ પદો પ્રાસંગિક સમજ સાથે મુખપાઠે.

• બ **આચારોપદેશ,** વિદ્યાર્થીની વય તથા સમજશક્તિ અનુસાર સાદી અને રસિક કથાઓ વડે નીચે જણાવેલા વિષયો પર:—

(૧) **અહિંસા:** બધા જીવ આપણા જેવા છે; કોઇને કાંઇપણ દુઃખ દેવું નહિ.

(૨) **સત્ય:** જેવું હોય તેવું કહેવું; મા બાપ કે ગુરૂથી કાંઇ વાત છુપાવવી નહીં.

(૩) **અદત્ત:** પારકી વસ્તુ વિના પૂછયે લેવી નહીં; કોઇની ખોવાએલી ચીજ પોતાને મળી હોય તો તે તરતજ પાછી આપી દેવી; ઘર, સ્કુલ વગેરેનો સામાન સંભાળપૂર્વક વાપરવો.

(૪) **વિનય:** માબાપ તથા ગુરૂની સેવા, તેમની આજ્ઞાને હોંશભેર આધિન થવું; શાળા વગેરેના નિયમોને માન આપવું; સૌની સાથે સભ્યતા તથા માનપૂર્વક વર્તવું.

(૫) **હિમ્મત:** એકલા હોવાથી, અંધારાથી, પડછાયાથી, વિજલી–ગર્જનાથી કંસારી જેવાં નાનાં જીવજંતુથી, કે શરીરે સહજ વાગે કે દુઃખ થાય તેથી બ્હીવું નહીં.

---

૧૩ લોભ—કુતરો ને તેનો પડછાયો.
૨૭ નિંદાત્મક આત્મનિષ્ઠા—સસલું ને કાચબો.
૩૨ અસત્ય—ભરવાડનો છોકરો ને વરૂ.
૩૭ સંપ—ડોસો ને તેના દીકરા.
૩૮ વિશ્વાસઘાત—વટેમાર્ગુ ને રીંછ.
૪૫ સર્વને સરખું ન મળે—ગધેડો ને કૂતરો.
૪૮ અન્યાય કરવા ઉપર–વરૂ અને ઘેટાંની વાત.
૫૩ બીકણપણું - સસલાં ને દેડકાં.
૫૪ કુસંગ—ખેડુત ને શાહમૃગ.
૭૦ અદેખાઇ—બીડનો કૂતરો.
૮૦ દીર્ઘદ્રષ્ટિની ખામી-સોનાનાં ઇંડાં મુકનારી [ હંસણી.
૮૩ જાત મહેનત—લાવરી ને તેનાં બચ્ચાં.
૮૪ કજીઆ ઉડાવવા—રણશીંગાવાળો.
૯૫ હિંસા–નિર્દયપણું—પારધી ને તીત્તર.
૧૧૨ ગર્વ-પતરાજી-ગધેડાએ સિંહનું ચામડું પહેર્યું.
૧૩૪ બડાઇ—શિયાળ ને કાગડો.

એ સિવાય ' મુલાંસાડી મૌજેસ્યા સોફી ' માં આપેલી ત્રીસ જાતક કથાઓ નીચેના વર્ગોમાં કેવા યોગ્ય છે.

૧ પહેલાં ત્રણ ધોરણમાં શ્રાવકને દરરોજ ઉપયોગમાં આવતા એવાં દેશભાષાના પદો ઘણે ભાગે અમે મૂકયા છે. તે ઉપરાંત વધારામાં બાળકો સમજી શકે એવા બીજા સરલ ને સહેલા ગુજરાતી પદો એ ધોરણોમાં દાખલ કરવા હોય તો તેમાં હરકત નથી.

૨ શિક્ષકે તીર્થસ્થળો સંબંધી ઉપયોગી હકીકત જણાવવી.

(૬) આરોગ્યતા: શરીર, કપડાં, દફતર, ઘર, વર્ગ વગેરે સાફ રાખવાં; જ્યાં ત્યાં કાગળાદિના કકડા નાખવા નહીં, કે કચરો કરવો નહીં; દરરોજ દાતણ કરવું; બરાબર મસળીને ન્હાવું; વહેલાં સુવું તથા વહેલાં ઉઠવું.

(૭) ધર્મકૃત્ય: સુતી વખતે તથા ઉઠતી વખતે નવકારમંત્રનું સ્મરણ કરવું. નવકાર સ્મરણ ફળ.[3]*

---

૩ શિક્ષકે નવકારનો છંદ 'વંછિત પૂરે વિવિધ પરે' જૈન પ્રબોધમાંથી દૃષ્ટાન્તો માટે જોવો.

* અત્રેથી તે ગુજરાતી સાતમા ધોરણ સુધી 'મોરલ ઇન્સ્ટ્રકશન લીગ' ના અભ્યાસક્રમમાં આપણા દેશ કાળ અનુસાર પુષ્કળ ફેરફાર કરી, આચારોપદેશનો ક્રમ સૂચવેલ છે આપણી ભાષામાં એ અંગે જોઇએ તેવાં પુસ્તકો રચાએલાં નથી તો પણ હાલ રા. છગનલાલ ઠાકોરદાસ મોદીકૃત 'નીતિ બોધ.' તથા Moral Class-book નું ભાષાન્તર—'શાળોપયોગી નીતિ ગ્રંથ,' ચમત્કારિક દ્રષ્ટાંતમાળા અને જૈન કથા રત્નકોષ ભાગ ૫-૬ ના આધારે શીખવવું A Manual of Moral Instruction by Reid તથા Notes of Lessons on Moral Subjects by Hackwood એ બે ઇંગ્રેજી પુસ્તકો શિક્ષકે ખાસ જોવાં. આ વિષય જેમ બને તેમ વધારે રસિક બનાવવા શિક્ષકે કાળજી રાખવાની છે. તે માટે ઉપર સૂચવેલાં પુસ્તકો ઉપરાંત નીચે જણાવેલાં પુસ્તકો વાંચવા શિક્ષકને ખાસ ભલામણ છે:—

| | |
|---|---|
| ૧. જૈન કથા રત્નકોષ ભાગ ૧ | ૧૦. છોકરાનાં સારાં કામ. |
| ૨. ત્રિષષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્રો. | ૧૧. કૌતક માળા. |
| ૩. ઋષિમંડળ વૃતિ. | ૧૨. બીરબલ વિનોદ માળા. |
| ૪. ભરહેસર બાહુબળી વૃતિ. | ૧૩. કથા સરિત્ સાગર. |
| ૫. પ્રાચીન પુરાણોની બાળબોધક વાર્તા સંગ્રહ. | ૧૪. બાળ રામાયણ. |
| ૬. નર્મ કથા કોષ. | ૧૫ બાળ મહાભારત. |
| ૭. શિશુ સદ્બોધ માળા. | ૧૬. સુલાસાંઠી મૈત્રેય્યા ગોષ્ટી. (જાતક કથાઓ). |
| ૮. બાળ વિનોદ. | ૧૭. રામાયણાંતીલ સોપ્યા ગોષ્ટી. |
| ૯. સદ્વર્તનશાળી બાળકો. | ૧૮. મહાભારતાંતીલ ,, ,, |

૧૪-૧૮: નાનાં નાનાં મરાઠી પુસ્તકો છે. નીચેના ધોરણો માટે બહુ ઉપયોગી છે; ભાષા બહુ સરલ છે.

**બાળ વર્ગ તથા પહેલા બે ધોરણો માટે.**

The Garden of Childhood by Miss Chesterton.

The Magic Garden ,, ,,

How to tell Stories to Children by Mrs. Bryant.

## ગુ૦ ધોરણ ત્રીજું.

( ઉમ્મર: ૮–૯ વર્ષ. )

૫૦ **અ** દેવવંદન વિધિનાં બધા સૂત્રો,[1] સામાન્ય સમજ સહિત મુખપાઠે. પાછળ જણાવેલ પદો ઉપરાંત, 'એ જિનકે પાય લાગ' એ આનંદઘનજીનું પદ તથા નિંદાની સજ્ઝાય, સમજ સહિત મુખપાઠે.

૫૦ **બ** આચારોપદેશ, વિદ્યાર્થીની વય તથા સમજશક્તિ અનુસાર સાદી અને રસિક કથાઓ વડે નીચે જણાવેલા વિષયો ઉપર:—

(૧) **આત્મનિયંત્રણ:**[2] અટકચાળાપણું, ચાડીયાપણું, અદેખાઇ, નિંદા, ખોટાં આળ વગેરે અયોગ્ય વર્તનનો ત્યાગ; સભ્યતા; કોઇને તેનાં કામમાં

ઉપરના ધોરણો માટે.

Stories for young Children ( Central Hindu College ).
Children's Book of Moral Lessons ( four series ) by Gould.
Life and Manners ,, ,,
Conduct Stories ,, ,,
Lessons in the Study of Habits by Sheldon.
Duties in the Home ,, ,,
Citizenship and the Duties of a Citizen ,, ,,
A Teacher's Hand-Book of Moral Lessons by Waldegrave.
Moral Instruction of Children by Adler.
Ethics for young People by Everett.
Education & the Heredity Spectre ( Watts ).

આ બધાં પુસ્તકો તથા તે સિવાય ધર્મનીતિની કેળવણીને લગતાં બીજાં ઘણાં પુસ્તકો, શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પાઠશાળા લાયબ્રેરીમાંથી વાંચવાને મળી શકશે. ઉક્ત લાયબ્રેરી બધાને ફ્રી છે.

૧ દેવવંદનના સૂત્રો એક તો દેશ ભાષામાં નથી, ને સમજ વિનાનું ગોખણ કરાવવું એ અમને ઇષ્ટ નથી; તેથી અમે દેવવંદનના સૂત્રો છેક નીચેના ધોરણમાં દાખલ કર્યા નથી. અત્રે પણ એ સૂત્રોનું રહસ્ય વિદ્યાર્થી સમજી શકશે નહીં માટે અમે 'સામાન્ય સમજ પૂર્વક' એમ લખેલું છે.

૨ આ મથાળા નીચે જે અવગુણો ત્યાગવા વિષે જણાવેલ છે તે સર્વે પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં ખાસ કરીને દેખાય છે, માટે તે સંબંધી ઉપદેશ આપ્યા ઉપરાંત શિક્ષકે વિદ્યાર્થીનું શાળાની અંદરનું તથા બહારનું વર્તન તપાસવું. આ કામ બહુ ડહાપણથી તથા યુક્તિપૂર્વક કરવાનું છે, નહિં તો શિક્ષક ઉપર વિદ્યાર્થીને અભાવ આવી જશે. 'આરોગ્યતા' ના મથાળા નીચે જે વિષયો દર્શાવ્યા છે, તેનો વાસ્તવિક રીતે 'આત્મનિયંત્રણ' નીઅંદરજ સમાવેશ થાય છે.

હરકત ન થાય તેમ શાન્તિ તથા ધીરજથી વર્તવું; રસ્તામાં રઝળવું નહિ, સારા પદાર્થો વ્હેંચી આપવામાં આવે ત્યારે બડબડવું નહીં; મનની મ્હોટાઈ; પ્રસન્નતા ( આનંદી સ્વભાવ ).

(૨) **આરોગ્ય:** ગાળેલું પાણી પીવું; કાચું કે વાસી અનાજ ખાવું નહીં; નિયમિત વખતે માફકસર ખાવું.

(૩) **વિનય:** વડીલોનો વિનય કરવો; સૌને યથાયોગ્ય સન્માન આપવું.

(૪) **ભલાઈ:** પોતાથી બની શકે તેવાં નાનાં સરખાં કામ કરી આપવાં.

## ગુ૦ ધોરણ ૪ થું.

( ઉમ્મર: ૯—૧૦ વર્ષ. )

૩૦ क હેમચંદ્રાચાર્ય તથા કુમારપાળ રાજા અને વસ્તુપાળ તથા તેજપાળનાં ચરિત્રો વાર્તારૂપે સંક્ષેપમાં કહેવાં. *

૩૦ ख દેવવંદનનાં સૂત્રોનું પુનરાવર્તન તથા નીચે જણાવેલ સ્તવન—સજ્ઝાય—પદ સમજ સહિત મુખપાઠે:—

' દુ:ખ દોહગ દૂરે ટળ્યારે સુખ સંપત શું રે ભેટ; ' ' મુજ મન ભમરો પ્રભુ ગુણ ફૂલડેરે રમણ કરે દિન રાતરે; ' ' સાહેબ બાહુ જિનેસર વીનવું વીનતડી અવધાર હો; ' શાંતિજીનું મુખડું જોવા ભણીજી, મુજ મનડું રે લોભાય; ' ' મેરે સાહિબ તુમહિ હો શ્રી પાશ જિણંદા; ' ' જય જય જય જય પાસ જિણંદ અંતરીક પ્રભુ ત્રિભુવન તારન; ' ' બાપલડીરે જીભલડીરે તું કાં નવિ બોલે મીઠું; ' ' શ્રીરે સિદ્ધાચળ ભેટવા મુજ મન અધિક ઉમાહ્યો. ' +

૪૦ ग આચારોપદેશ, વિદ્યાર્થીની વય તથા સમજશક્તિ અનુસાર સાદી અને રસિક કથાઓવડે નીચે જણાવેલા વિષયો ઉપર:—

(૧) **આત્મનિયંત્રણ:** નમ્રતા ( મદત્યાગ * ); વાણીમાં મૃદુતા—શાંત, મધુરી ને કોમળ ભાષા બોલવી; તોછડું કે ઉતાવળે બોલવું નહીં.

(૨) **વિનય:** સગાં-સંબંધી તેમજ શ્રેષ્ઠ કનિષ્ટ તથા બરોબરીઆ સાથે ઉચિત આચાર; સઉને યથાયોગ્ય સન્માન આપવું.

(૩) **કૃતજ્ઞતા:** માબાપ તથા ગુરૂનો આભાર; કોઇનો પણ ઉપકાર વીસરવો નહીં.

---

* પ્રબંધચિંતામણિ તથા કુમારપાળ પ્રબન્ધને આધારે શીખવવું.

+ જુઓ પ્રકરણમાળામાં શત્રુંજય લઘુકલ્પ.

* શિક્ષકે આઠ મદની સજ્ઝાય દ્રષ્ટાન્તો માટે જોવી.

(૪) ઉદ્યોગ: પોતાના પાઠ વગેરે કરવામાં ઉદ્યોગી રહેવું; અપ્રિય કે કઠણ કામ કરવામાં તેમજ રમતગમતમાં પણ ખંતીલા રહેવું; અધુરાં કામ કરવાં નહીં; વખતસર ઉલટથી સંકલ્પનાપૂર્વક કામ કરવું; ઘરકામમાં પોતાથી બનતી મદદ કરવી.

(૫) ભલાઇ: આપણાં સગાં સંબંધી, સાથીઓ, નબળા, ગરીબ કે અપંગ ઉપર માયા રાખવી; તેમને બનતી મદદ કરવી; બીજાને માટે લાગણી–સમભાવ રાખવો.

(૬) ધર્મકૃત્ય: જિનદર્શન તથા પૂજા; તેનું મહત્ ફળ; દેવ, ગુરૂ, તથા જ્ઞાનનું બહુમાન કરવું; આશાતના ટાળવી.

---

## અંગ્રેજી ધોરણ પહેલું.

( ઉમ્મર: ૧૦–૧૧ વર્ષ. )

૪૦ अ શ્રી આદિનાથ, શાંતિનાથ, પાર્શ્વનાથ, તથા વીર ભગવાનનાં સંક્ષેપમાં ચરિત્રો વાર્તારૂપે કહેવાં; તથા એમની સાથેના બધા શલાકા પુરૂષોનાં આખ્યાન પણ સંભળાવવાં. *

૨૦ ब નીચે જણાવેલાં સ્તવન–સજ્ઝાય–પદ સમજ સહિત મુખપાઠે:— ' ઉઠો ઉઠોરે મોરા આતમરામ જિનમુખ જોવા જઇએરે; ' 'નિર્મલ હોઇ ભજ લે પ્રભુ પ્યારા, સબરે સંસારસેં હે જિન ન્યારા; ' ' શ્રી ધર્મ જિણંદ દયાલજી ધરમ તણો દાતા; ' ' તો બીના ઓર ન જાચું જિણંદરાય: ' ' કડુવાં ફળ છે ક્રોધનાં, જ્ઞાની એમ બોલે; ' ' રે જીવ માન ન કીજીયે, માને વિનય ન આવેરે; ' ' સમકિતનું બીજ જાણીએજી, સત્ય વચન સાક્ષાત; ' ' તુમે લક્ષણ જોજો લોભનારે. '

૪૦ क આચારોપદેશ, વિદ્યાર્થીની વય તથા સમજશક્તિ અનુસાર સાદી અને રસિક કથાઓવડે નીચે જણાવેલા વિષયો પર:—

(૧) આત્મનિયંત્રણ: ક્રોધ, માન, માયા તથા લોભને ઉપશમાવવા; ખરાબ વિચારને અટકાવવા. [1]

(૨) સત્ય: વિચારીને બોલવું કે કાંઇ પણ કામ કરવું; વચન કે વિશ્વાસભંગ કરવો નહીં; ખોટો ડોળ ઘાલવો નહીં: રીતભાત સાદી રાખવી; સનિષ્ઠાથી વર્તવું.

(૩) હિમ્મત: ખરાબ દ્રષ્ટાંતનો ત્યાગ કરી સારા દ્રષ્ટાંત અનુસાર વર્ત્તવામાં, પોતાનો વાંક કબુલવામાં, મુસ્કેલીમાં સ્વાશ્રયી બનવામાં, પોતાનું પાણી બતાવવું.

---

* એ માટે શિક્ષકે ઋષિમંડળ વૃત્તિ તથા ત્રિષષ્ટિ શલાકા પુરૂષચરિત્ર જોવાં.

૧ શિક્ષકે ક્ષમા છત્રીસી જૈન પ્રબોધમાંથી જોવી.

(૪) આરોગ્યતા: તે વિષેના મુખ્ય નિયમોની સમજણ. ખાવા પીવામાં રમત ગમતમાં તેમજ કામકાજમાં વિવેકપૂર્વક-મિતપણે વર્તવું સાદો તથા સાત્વિક ખોરાક ખાવો. બીડી આદિ દુર્વ્યસનનો ત્યાગ.[1]

---

## અં૦ ધોરણ બીજું.

( ઉમ્મર: ૧૧-૧૨ વર્ષ )

अ જીવવિચારની ૨૫ ગાથા તથા નવતત્ત્વનો સાર. ( મૂળ ગાથાઓનો મુખપાઠ કરવાનો નથી. કાળના ભેદોનાં નામ, પૂણ્ય-પાપ જે રીતે ભોગવાય છે તેનાં નામ, ૨૫ ક્રિયાઓ, ૨૨ પરિસહો, નામકર્મની પ્રકૃતિઓ તથા સિદ્ધના ભેદોનાં નામ ઇત્યાદિ મોઢે કરાવવાના નથી. શિક્ષકે જૈન તત્ત્વાદર્શ પરિચ્છેદ પાચમું જોવું. )

ब નીચે જણાવેલાં સ્તવન-સજ્ઝાય-પદ સમજ સહિત મુખપાઠ:—
'રૂષભ જિણંદશું પ્રીતડી;' 'પ્રભુ પાર્શ્વજી તાહરૂં નામ મીઠું;' 'દેખણ દે સખી દેખણ દે ચંદ્ર પ્રભુ મુખ ચંદ' 'નરભવ નગર સોહામણું વણઝાર.રે, પામીને કરને વ્યાપાર;' 'દેવ નિરંજન ભવભય ભંજન;' 'શ્રવણ કીર્તન સેવન ત્રણ્ય સાર;' 'પ્રભુ ભજ લે મેરા મન રાજીરે;' 'કયા સોવે ઉઠ જાગ બાઉરે;' 'જાગરે બટાઉ ભઈ ભોર વેરા;' 'નિરખી નિરખી તુજ બિંબને હરખિત હોય મુજ મન.'

क આચારોપદેશ, વિદ્યાર્થીની વય તથા સમજશક્તિ અનુસાર સાદી અને રસિક કથાઓવડે નીચે જણાવેલા વિષયો ઉપર:—

(૧) કર્તવ્ય: જે સત્ય હોય તે હુશિયારીથી, કંઇ પણ સંકોચાયા વિના ખંત અને હોંસપૂર્વક યથાર્થ રીતે કહેવું તથા કરવું.

(૨) પરોપકાર: પોતાના સુખની દરકાર કર્યા વિના બીજાને કાંઇ હરકત ન પડે ને તેનું સારૂં થાય તેમ નિ:સ્વાર્થ વૃત્તિ ને સ્વાર્પણથી વર્તવું.

(૩) હિમ્મત: આપત્તિકાલે સમયસૂચકતા તથા હિંમતથી પોતે વર્તી બીજાને સહાય કરવી.

(૪) ટેવ: તેની મહત્તા, ખોટી ટેવ ન પડે તેની યોગ્ય સાવચેતી રાખવી; સત્સંગ.

(૫) અવલોકન કરવાની ટેવ; તેના ફાયદા.

(૬) આત્મપ્રતિષ્ઠા: બીજાના વિશ્વાસને પાત્ર બનવું; નિરભિમાન વૃત્તિ રાખવી પોતાને માટે યોગ્ય માન રાખવું.

---

૧. બીડીના સંબંધમાં શિક્ષકે 'વિદ્યાર્થીનો સાચો મિત્ર' જોવું.

## અં૰ ધોરણ ત્રીજું.*

(ઉમ્મર: ૧૨-૧૩ વર્ષ)

---

**अ** સમકિતનું સ્વરૂપ, ઉપદેશ પ્રાસાદ ભાગ પહેલામાંથી કથાઓ વડે સમજાવવું.

**ब** નીચે જણાવેલાં સ્તવન–સજ્ઝાય–પદ સમજ સહિત મુખપાઠ:—
'સુપાસ જિન વંદિએ;' 'રામ કહો રહેમાન કહો કોઇ;' 'જબ લગ સમકિત રત્નકું પાયા નહિ પ્રાણી;' 'સદ્ગુરુ કહે નિસુણો ભવિ લોક;' 'સુવિધિ જિન પાય નમિને શુદ્ધ કરણી એમ કીજે રે;' 'તાર હો પ્રભુ તાર મુજ સેવક ભણી;' 'મનડું કિમહી ન બાજે હો કુંથુ જિન;' 'સંભવ જિનરાજજીરે તાહરૂં અકળ સ્વરૂપ;' 'પાંચો ઘોરે એક રથ જૂતા સાહિબ ઉસકા ભિતર સૂતા;' 'એહેર એહેર નહિ આવે અવસર;' 'હારે ચિતમેં ધરો પ્યારે;' 'સુણો ચંદાજી સીમંધર પરમાતમ પાસે જાજો;' ક્રોધ, માન, માયા, લોભ તથા નિંદાની સજ્ઝાયોનું પુનરાવર્તન. ×

**क** **આચારોપદેશ:** વિદ્યાર્થીની વય તથા સમજશક્તિ અનુસાર સાદી અને રસિક કથાઓવડે નીચે જણાવેલા વિષયો ઉપર:—

(૧) **અહિંસા:** પ્રમાદ તથા કષાય યુક્ત મન–વચન–કાયાની પ્રવૃતિ; કોઇનાં તન મન દુભાવવાં નહીં.[૧]

(૨) **આત્મસુધારણા:** લોકાચાર, વ્હેમ, પ્રમાદ, ઇંદ્રિયદમન, મનોનિગ્રહ, સારાસાર વિચાર, આત્મનિરીક્ષણ, ફુરસદના વખતનો સદુપયોગ; જ્ઞાનવૃદ્ધિ.

(૩) **માનસિક ઔદાર્ય:** જાતિ, ધર્મ, ગચ્છ, સંપ્રદાય વગેરેના તફાવતનો વિચાર કર્યા વિના જગત્‌ના તમામ પ્રાણીપર સમભાવ રાખવો; બીજાના વિચારો માટે સહિષ્ણુતા, મૈત્રી, પ્રમોદ, કારુણ્ય તથા માધ્યસ્થ ભાવનાઓ.

(૪) **સ્વદેશાભિમાન:** પોતાના દેશ તથા દેશી બંધુઓના માટે લાગણી રાખવી; દેશજન તરીકેની ફરજો.

---

* ગુજરાતી સાત ધોરણો માટે જે નીતિના વિષયો સૂચવેલા છે તેજ વિષયો ઉપર ત્યાર ાા અંગ્રેજી ધોરણોમાં અંગ્રેજી તેમજ ગુજરાતી ભાષામાં નિબંધો લખાવવા. આથી આચારો-દઢ **થશે** તથા તેનું પુનરાવર્તન પણ થઇ જશે.

× શિક્ષકે ઉપશમની સજ્ઝાય જોવી, તથા જશવિજયજીનું ૭૪ મું પદ જોવું.

૧ શિક્ષકે એ માટે પુરૂપાર્થ સિદ્ધિ ઉપાય જોવું. વિશેષમાં જુઓ 'હેરલ્ડ' ૧૯૦૯. ધર્મ ી કેળવણી (પા. ૩–૬).

(૫) માર્ગાનુસારી ના ૩૫ ગુણો ( લગ્ન સંબંધીની હકીકત છોડી દેવી).
(૬) શ્રાવક ના ૨૧ ગુણો.[1]

---

## અં૦ ધોરણ ચોથું.*

( ઉમ્મર: ૧૩–૧૪ વર્ષ. )

૪૦ अ વિધિપક્ષગચ્છના લઘુ અતિચાર કે તપગચ્છના વંદિતા પહેલાંના સૂત્રો સમજ સહિ મુખપાઠે.[2]

નીચે જણાવેલાં સ્તવન–સજ્ઝાય–પદ સમજ સહિત મુખપાઠે:—

' પૂર્વ પુણ્ય ઉદય કરી ચેતન નીકા નરભવ પાયો;'[3] ' સમ્યક્ દ્વાર ગંભા પેસતાંજી;' ' દોડતાં દોડતાં પંથ કપાય તો;' ' શાંતિકે સાગર અરૂ નીતિ નાગર નેક;' ' એક જિનવરકા નિજ નામ હિયામેં લેના;' ' સંભવ દેવ તે ધુ સેવો સવેરે;' ' સાંભળીએ અરદાસ રે મુજ સેવક ભણી.'

૩૦ ब મોક્ષમાળા: પાઠ ૧–૧૫, ૧૭–૨૩, ૨૫–૬૨, ૩૫–૪૦, ૪૪–૪૬, ૭૦, ૭ ( પાઠ ૧૫ મો મુખપાઠે. )

૩૦ क સમકિતનું વિશેષ સ્વરૂપ ' ધર્મ સંગ્રહ ' ને આધારે, તથા ઉપદેશ પ્રાસાદ ભા પહેલામાંથી કથાઓ વડે સમજાવવું. તેમાં ખાસ કરીને પાંચ ભૂષણ, આઠ ગુ દશ રૂચિ, ૭ સ્થાનક, વગેરે બરાબર સમજાવવાં.[4]

---

૧ માર્ગાનુસારીના તથા શ્રાવકના ગુણો અત્યાર સુધીના અભ્યાસના પુનરાવર્તનરૂ છે. લગ્ન સંબંધી વિચાર આગળ અંગ્રેજી છઠ્ઠા ધોરણમાં આવશે. માર્ગાનુસારીના ગુ તથા સમકિતનું સ્વરૂપ 'ધર્મ સંગ્રહ'ને આધારે, તથા શ્રાવકના ગુણો ' ધર્મ રત્ન પ્રકરણ' આધારે શીખવવા. તે સિવાય શિક્ષકે 'શ્રાવક ધર્મ સંહિતા,' 'પ્રશ્નોત્તર રત્ન ચિન્તામણિ' ( પ્ર ૧૮ થી ૨૦ ) તથા 'અજ્ઞાનતિમિર ભાસ્કર' જોવાં. આ ધોરણોમાં નીતિનાં સર્વે મુખ્ય સિદ્ધાંતો સમાવેશ થાય છે. શિક્ષકે 'બાળવિલાસ,' 'સદ્વર્તન' તથા 'જીવનનો આદર્શ' જોવાં. તથા તેમાં તેમજ જૈનકથા રત્ન કોષ ભાગ ૫–૬ તથા ઉપદેશ પ્રાસાદ ભાગ ૨, વ્યાખ્યાન ૧૨૫–૧૩૦માં કથાઓ કહેવી.

૨. પાપસ્થાનકોમાં ' મૈથુન ' નો અર્થ ' પાંચ ઇંદ્રિયોના વિષયોમાં લોલુપતા ' એ પ્રમા આ ધોરણમાં કરવો.

૩. જુઓ એ અંગે ' દશ દૃષ્ટાંત. '

૪. ૭ સ્થાનકોનું શાસ્ત્રીય શૈલીએ મંડન કરવાનું નથી. મુખ્ય હેતુઓ સમજાવવા.

* અત્રેથી તે મેટ્રિક સુધી ધર્મમાં પુષ્કળ મુખપાઠ કરવાનું રાખેલ છે; માટે અંગ્રે વાંચનમાળામાંથી કવિતાઓનો મુખપાઠ ઓછો કરી નાખવો.

## અં० ધોરણ પાંચમું.

( ઉમ્મરઃ ૧૪–૧૫ વર્ષ. )

० अ બે પ્રતિક્રમણ સૂત્રો હેતુ રહસ્યની સમજપૂર્વક મુખપાઠે.
નીચે જણાવેલાં સ્તવન–સજ્ઝાય–પદ સમજ સહિત મુખપાઠઃ—
'સમકિત નવિ લહ્યુંરે;' 'વિષયવાસના ત્યાગો ચેતન સાચે મારગ લાગોરે;' 'આજો લાવો લીજીએ કાળ કોણેરે દીઠી, રહણુ ન પાવે પાઘડી જબ આવે ચીઠી;*' 'ધોબીડા તું ધોજે મનનું ધોતીડું રે;' 'કર પડિક્રમણું રે ભાવશું.'

० ब મોક્ષમાળાઃ બાકીના પાઠ પૂરા ( પાઠ ૩૪, ૪૫, ૫૬, ૬૭, ૧૦૭ મુખપાઠે. )

० क રામચરિત્ર તથા પાંડવચરિત્રનો સાર, શિક્ષકે સંક્ષેપમાં મ્હોંએથી કહેવો તથા તેને લગતા બધા શલાકા પુરૂષો–શ્રી નેમનાથ ભગવાન આદિનાં ચરિત્રો સંભળાવવાં.[1]

---

## અં० ધોરણ છઠ્ઠું.[2]

( ઉમરઃ ૧૫–૧૬ વર્ષ )

० अ પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય[3] ( ચોથું વ્રત તથા તેના અતિચાર સમજાવતી વખતે શિક્ષકે લગ્નનો વિષય, તેની પવિત્રતા, યોગ્યતા આદિ સમજાવવાં; ભોગોપભોગ પરિમાણ વ્રતને અંગે ધંધાની મહત્તા, પ્રમાણિકપણું, કરકસર તથા પૈસાનો સદુપયોગઃ એ બાબતો સમજાવવી ).[4]

० ब ગુણસ્થાનકક્રમ મ્હોંએથી સમજાવવું.[5]

---

* શ્રી પ્રકરણમાળાના ભાષાન્તરમાંથી દાન, શીળ, તપ તથા ભાવકુલકો શિક્ષકે દ્રષ્ટાન્તો રે જોવાં.

૧. શિક્ષકે ઋષિમંડળવૃત્તિ તથા જૈન રામાયણ તથા પાંડવચરિત્ર જોવાં.

૨. જેમને પાંચે પ્રતિક્રમણ શીખવવાનો આગ્રહ હોય તેમણે બાકીનાં ત્રણ પ્રતિક્રમણ આ રણમાં શીખવવાં, અને પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય આખી ચલાવવાને બદલે તેમાંથી પા. ૨૯–૮૩ ચલાવવાં, તથા ગુણસ્થાનકક્રમ મેટ્રિકના ક્લાસમાં ચલાવવો.

૩. પુરૂષાર્થ સિદ્ધિ ઉપાય દિગમ્બરાચાર્યકૃત હોઇને સંપ્રદાયભેદને લઇને કોઇને તે શીખ- વાંધો હોય તો તેમણે 'ધર્મ સંગ્રહ' ચલાવવું, અથવા જૈન તત્ત્વાદર્શના આધારે શિક્ષકે ર વ્રતોનું સ્વરૂપ વિસ્તારપૂર્વક મ્હોંએથી સમજાવવું. અહિંસાના સ્વરૂપનું પુરૂષાર્થ સિદ્ધિમાં વું નિરૂપણ કરેલ છે તેવું ક્યાંઇ અન્યત્ર કરેલું અમે જાણતા નથી, તેથી અમે અત્રે પુરૂષાર્થ દ્ધિ સૂચવેલ છે.

૪. શિક્ષકે જૈન તત્ત્વાદર્શ પરિચ્છેદ ૮ મું તથા પા. ૨૨૯–૨૩૨, પાંચ વ્રતોની ચોભંગી, સ જોવાં. આ વિષય વિધિપક્ષગચ્છના અતિચારો યા તપગચ્છ ( વંદિતા સૂત્રના વિવરણ ં છે. કાંઇ પણ મુખપાઠ કરાવવાનું નથી.

૫. પ્રશ્નોત્તર રત્ન ચિંતામણિ પ્રશ્ન પર થી ૫૪ અથવા જૈન તત્ત્વાદર્શ પરિચ્છેદ છઠ્ઠાના ધારે મ્હોંએથી સમજાવવું.

૩૦ क નીચે જણાવેલાં સ્તવન-સજ્ઝાય-પદ સમજ સહિત મુખપાઠ:—

'વિહરમાન ભગવાન, સુણો મુજ વિનતિ;' 'ધર્મ જિનેશ્વર ગાઉં રંગ શું, ભંગ મ પડશો પ્રીત;' 'સાહ્યબી સુખદ હોય માન તણો મદ હોય;' 'સખ સલૂણા છાક મોહ મદિરાકી;' 'ચેતન જબ તું જ્ઞાન વિચારે તબ પૌદ્ગલિક સંગતિ છાંડે;' 'ચેતના ચેત તોકું સંભળાવે અનાદિ સરૂપ જણાવરે;' 'અજ્ઞાનપણાને હો જોરે કેઇ પ્રાણીઆ ન સુણે સૂત્ર સિધ્ધાંત;' 'આપ સમજકા ઘર નહિ પાયા દુજાકું કયા સમજાવે;' 'આપ સ્વભાવમાંરે અબધૂ સદા મગનમેં રહેના;' 'જે દેખુ તે તુજ નહિ, નવિ દેખુ તે તુંહી.' એ ઉપરાંત શિક્ષકે અમૃતવેલીની સજ્ઝાય તથા શલ્ય છત્રિસી સમજાવવી (એનું મુખપાઠ કરાવવાનું નથી.)

ના. ક.-ઉપદેશ પ્રાસાદ ભાગ ૨-૩ માંથી બાર વ્રતોને લગતી કથાઓ શિક્ષકે કહેવી.

---

# મેટ્રિક.

(ઉમ્મર: ૧૬-૧૭ વર્ષ.)

૫૦ अ ૧ રાજચંદ્રની 'આત્મસિધ્ધિ'નું યથાર્થ સમજપૂર્વક જ્ઞાન.[૧]

૨ 'હે પ્રભુ! હે પ્રભુ! શું કહું?'[૨] 'અપૂર્વ અવસર એવો કયારે આવશે,' 'અવધુ નિરપક્ષ વિરલા કોઇ,' 'રૂપ અનૂપ નિહાળી સુમતિ જિન તાહરૂં,' 'અજિત જિણેસર ચરણની સેવા;' 'પરમગુરૂ જૈન કહો કયું હોવે,' 'ચતુર નર સામાયક નય ધારો' એ પદો સમજ સહિત મુખપાઠ.[૩]

૫૦ ब દેવચંદ્રજીનું આગમસાર (દ્રવ્યાર્થિક તથા પર્યાયાર્થિક નયોના સૂક્ષ્મભેદો તથા દ્રવ્યો સંબંધી બહુ ગુઢ બાબતો મૂકી દેવી. શ્રી આગમસારમાં સમ્યક્ દર્શન તથા ચારિત્ર વિષેની જે હકીકત આપેલી છે તેનો અભ્યાસ વિદ્યાર્થીએ નીચેના ધોરણોમાં કરેલ હશે; એટલે બાકી સમ્યક જ્ઞાનના વિષય, નય, નિક્ષેપા-પ્રમાણુ, સપ્ત ભંગી, પાંચ સમવાય[૪] કારણ આદિ, તથા ધ્યાનનું સ્વરૂપ,[૫] એના પર શિક્ષકે ખાસ લક્ષ આપવાનું છે.)

ના. ક.—ઉપદેશ પ્રાસાદ ભાગ ૧ લામાંથી છ સ્થાનક વિષેની કથાઓ તથા ભાગ ૪-૫ માંથી વિશેષ કથાઓ શિક્ષકે કહેવી.

---

૧. સમકિતના ષટ્સ્થાનકનું સ્વરૂપ શિક્ષકે જૈન કથા રત્ન કોષ ભાગ ૫ માંથી જોવું, અત્રે અન્યમતના ખંડનની દૃષ્ટિએ નહીં, પણ માત્ર સ્વસિધ્ધાંતના સમર્થનની દૃષ્ટિએ શિક્ષણ આપવાનું છે, એ વાત શિક્ષકે ખાસ લક્ષમાં રાખવી. જેમ બને તેમ વિદ્યાર્થીના હૃદયમાં ભક્તિ પ્રકટાવવાની છે, તેને પુરુષાર્થ કરવા પ્રેરણા કરવાની છે.

૨. જુઓ, મા વિનયજી કૃત કુંથુનાથનું સ્તવન અને પ્રકરણ માળામાં રત્નાકર પચીસી.

૩. આ અભ્યાસક્રમમાં સ્તવન-સજ્ઝાય-પદ આટલાં પુસ્તકોમાંથી લીધાં છે:—જૈન પ્રબોધ સજ્ઝાયમાળા ભાગ ૧-૩, આનંદઘન તથા ચિદાનંદ બહોતેરીઓ, જસવિલાસાદિ, તથા રાજચંદ્ર કાવ્ય

૪. જુઓ, પાંચ સમવાયનું પરૂઢાળિયું.

૫. શિક્ષકે 'યોગશાસ્ત્ર' પ્રકાશ ૪ અને ૭-૧૦ જોવાં.

ઉપર પ્રમાણે ધાર્મિક શિક્ષણનો ક્રમ અમે હાઇસ્કુલો માટે સૂચવીએ છીએ. ને તૈયાર કરવા માટે અમે પુષ્કળ સમય લીધેલ છે. મેટ્રિકને માટે યુનિવર્સિટિએ જે ઉમ્મર નક્કી કરેલ છે તે લક્ષમાં રાખી અમે આ ધોરણો જોડેલ છે. શિયળ સંબંધી વાતો નીચેના ધોરણોમાં વિદ્યાર્થીના આગળ મૂકવામાં નહિ આવે તે માટે અમે ખાસ સંભાળ લીધી છે, અને તેથીજ અમને ઘણા સારાં સ્તવન-સજ્ઝાયો નીચેના ધોરણોમાં છોડી દેવા પડયાં છે. વળી વર્ગમાં ચાલતા અભ્યાસ સાથે કાંઇપણ સંબંધ ધરાવતા હોય એવાંજ સ્તવન-સજ્ઝાયો, વગેરે અમે ઘણે ભાગે સૂચવ્યાં છે. કેળવણીના નવયુગમાં "The preacher who openly insists upon putting creed before character is reckoned among the theological laggards of the dark ages", અને તેથીજ અમે નીચેના ધોરણોમાં mere theology–બાળવયના બાળકોને નિરૂપયોગી તથા તેમનાથી ન સમજી શકાય એવાં સૂત્રો,–લાદવાનો યત્ન કર્યો નથી, પણ તેમનામાં દંભ ન વધે ને તેમનું વર્તન character ઘડાય તે વિષે ખાસ લક્ષ આપેલ છે, અને ધર્મશિક્ષણ જેમ બને તેમ સરળ ને રસિક કરવા પ્રયાસ કરેલ છે. "The good moral training which a school should give *cannot be left to chance;* on this side, no less than on the intellectual side, the purpose of the teacher must be clearly conceived and intelligently carried out." "The purpose of the Elementary School is *to form and strengthen the character*, and to develop the intelligence, of the child entrusted to it." શિક્ષણની મૃત પદ્ધતિઓને આગ્રહપૂર્વક પકડી રાખનાર જુના જમાનાના વિદ્વાનોને ગળે આ વાત કદાચ ઉતરશે નહિ, પણ તે માટે અમે નિરૂપાય છીએ. કોઇને પ્રિય થવા માટે સત્યની ઉપર અમે ઢાંકપિછોડો કરી શકતા નથી. અમે તો અમને જે સત્ય લાગ્યું તે સરળપણે અત્રે જણાવ્યું છે. શિક્ષણની ખરેખરી કસોટી quantity નહિ, પણ quality, 'કેટલું' નહિ, પણ 'કેવું' ઉપર રહેલી છે. તેમાંજ તેની સાર્થકતા–સફળતા છે.

જે શાળાઓમાં ધર્મશિક્ષણ માટે પુરતા શિક્ષકોની જોગવાઇ ન હોય તેમાં ધર્મનું શિક્ષણ આપતી વખતે બાળવર્ગ તથા પહેલું ધોરણ, બીજું તથા ત્રીજું ધોરણ, ચોથું તથા પાંચમું ધોરણ, અને છઠ્ઠું તથા સાતમું ધોરણ જોડી દેવામાં આવશે તો હરકત નથી. એ પછીના ધોરણોને જોડવાથી શિક્ષણનો હેતુ નહિ સચવાય. ઉપલા ધોરણોજ ખરેખરા ધાર્મિક કેળવણીના ક્ષેત્ર છે; માટે તે ધોરણો જોડવા નહિ. ધાર્મિક શિક્ષણ માટે ગચ્છ–મતના કદાગ્રહ વિનાના ઉદાર બુધ્ધિવાળા મર્મજ્ઞ શિક્ષકોની યોજના કરવી. અગ્રેજી ધોરણોમાં ધર્મશિક્ષણ માટે દૈરોજ એક કલાક આપવાની જરૂર છે.

હવે આપણે કોલેજીયનો માટે ધર્મશિક્ષણનો વિચાર કરીએ.

( અપૂર્ણ )

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.


लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः।
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो
वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥

ભાવાર્થ:—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઈંદ્ર શ્રેષ્ઠ છે વળી આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે, જ્ઞાનના મહા સાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એન આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તેન પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.


પુસ્તક ૬ )　　અષાડ, વીર સંવત ૨૪૩૬ ઓગષ્ટ, સને ૧૯૧૦　　અંક ૮


## The first Jain Students' Social Gathering.

## (1)

*(Preliminary report read by the General Secretary Mr. Mohanlal D. Desai B. A.*

President, Gentlemen & Brothers.

I on behalf the Managing Committee of the Jain Students' Socia Gathering have great pleasure to place the Report of the first Jair Students' gathering embodying its origin and details.

This is the first time in the history of the Jain Students that Social Gathering comes into existence so there is nothing of past year about this to be recorded and reported for your adoption.

As to its origin, some of my friends assembed & after a pretty lon discussion about the subject of the unity amongst the Jain Students cam to conclusion that in order to acheive that end even partially, a Socia gathering of the nature of other gatherings at Colleges & Schools, should be held. This idea was spread among their brother-students of all the loca Jain Hostels and was approved of by them. A Managing Committee wa

ormed; The funds were collected from the Jain Students of all the local ain Hostels, Colleges, School sand from the graduates under-graduates, hethias of the Jain Community with a request in the list paper in these words. "We the Jain Students are going to hold all the Jain Students Social athering in sanguine hope of your support &help. we therefore beg to equest you to subscribe to this & oblige, so that we may carry out this nifying project annexing therewith the following particulars.

1. The object of this gathering is to promote the spirit of unity nd brotherhood amongst all the Jains without looking to any sectarian rejudices.

2. This gathering enlists the sympathy of all the supporters i.e. raduates, Under-Graduates, Shethias, and other members of the Jain ommunity.

3. The place of its holding is fixed to be the Goculbhai Iulchand Hostel.

4. The Programme of this gathering includes games (in-door and ut-door), recitations, dialogues, music, refreshments, etc.

5. The same will be held on the 13th of March at the latest.

The aims and objects are stated above very briefly as they are oo well known to require elaboration. Moreover it would not be out of lace to point out the nature and advantages of this gathering.

This is an educational movement being educative in effect. Now-a-ays we see that education amongst us is in a progressive state with and n anticipation of the help and support of our Jain worthies—the state which other communities like to much covet. The present time sees many Shethias evincing keen interest in education since our Great assembly ame into being, and that education has produced many whom our ommunity can well be proud of. The Sukrut Bhandar or four anna Scheme for the education of our Community is making its progress t a far low speed which, the students earnestly hope and pray will be much increased by the vigour and activity of the community. The association of the Jain Graduates & the Educational Board of he Jain S. Conference having graduates to be some of its nembers have blossomed forth into very useful activities. Such a gathering affords opportunity to these worthies to join with their younger brothers, the students on which the welfare of the whole

community depends to see what things they are capable of doing and managing and give advantage of their good company, learning and high thoughts, thus converting this gathering into an educative movement.

Secondly this stimulates the spirit of unity, brotherhood & love among the students, inter se as well as with their elders, teaches them how to behave mannerly and affectionately and infuses activity. Such a gathering has a better advantage than other gatherings held in the Colleges and Schools. It being exclusively Jain, only attracts and draws those who have common religion, common community and so common interests By these common interests all the personal prejudices tend to evaporate and differences to sink, and brotherhood–a part of the Universal Brotherhood the motto of Jainism pervades and permeates all.

The Managing Committee submits that permanency of such a gathering should be ensured and so it proposes to establish an institution such as 'Jain Students' Brotherhood' under the auspices of which every year such a gathering may be held. This Brotherhood will discuss Social, Literary, religious & political subjects affecting the Jain Community under the able and beneficent guidance of our leading men and report all its work and proceedings every year at the succeeding Jain Students' Social Gathering. This gathering is in its in–fancy & comes into being for the first time. It is therefore subject to faults & deficiencies, but its ideal of love and brotherhood being unifying and lofty, you will kindly excuse us for discrepancies that are likely to be crept in through us & us alone.

A love that gives and takes that seeth faults,
Not with flawseeking eyes like needle-points;
But loving kindly ever looks them down,
With the o'verconing faith of meek forgiveness.

Lowell.

In fine we hope that after this nights' proceedings are over, all shall part as friends with better feelings, impressions, and knowledge about each other and we close this with this much to say:—

If some hearts in perfect sympathy
Beat with other answering love for love;
We the students, all entranced on earth would lie
Shall listen for those purer strains above.

( Incomplete )

# જીવદયા—અહિંસા. HUMANITARIANISM.

(લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ; એલ એલ; બી.)

અનુસંધાન ગતાંક પાને ૧૬૩ થી.

જૈન શાસ્ત્રો તદ્દવિષયક અનેક દૃષ્ટાંતો પૂરા પાડે છે; પરંતુ ધર્મ પુસ્તકોમાં જણાવેલ હકીકત બહુ ઉંચી હદે પ્હોંચેલ પુરૂષોના વિચાર અને વર્તન માટે રહેવા દઇએ તોપણ ઇતિહાસનાં પુસ્તકો શું આપણી સન્મુખ "પરદુઃખ ભંજન" બીરૂદધારક અનેક મહાન્ પુરૂષોના દૃષ્ટાંત રજુ કરતા નથી? સૃષ્ટિના બંધારણમાં સર્વ પ્રાણીઓમાં મનુષ્ય પ્રાણી પ્રથમ દરજ્જો ભોગવે છે. અશુભ કર્મના ઉદયે અન્ય પ્રાણીઓ હલકી યોનિમાં જન્મ ધારણ કરે છે, પરંતુ અકામ તેમજ સકામ નિર્જરાના બળે કરીને ધીમે ધીમે પ્રાણીઓ ઉચ્ચ દશા પ્રાપ્ત કરવાને શક્તિવાન થાય છે અને પ્રથમ દરજ્જો ભોગવનારા મનુષ્યો જો પાપ કર્મમાં પ્રવૃત્તિ કરે તો તેઓ પાછા પતીત સ્થિતિમાં આવે છે. હવે જ્યારે પુણ્યસંયોગે આપણે મનુષ્યજન્મ પામ્યા છીએ અને તેથી નીચી દશામાં રહેલ પ્રાણીઓ કરતાં વધારે સામર્થ્ય ધરાવીએ છીએ ત્યારે તેનો ઉપયોગ શું આપણે તેઓને ગેરવાજબી રીતે-અયોગ્ય રીતે નુકશાન કરવામાં-પીડા પ્હોંચાડવામાં કરવાનો છે? આ સંબંધમાં નીચેનો અંગ્રેજી ફકરો વિદુષી મેડમ એની બીસાન્ટ તરફથી લખાયેલો હોઈ ઘણુંજ સારૂં અજવાળું પાડે છે અને તેથીજ જરા લાંબો છતાં અત્ર ટાંકવાનું યોગ્ય ધાર્યું છે.

"Strength does not give right; it gives duty. The stronger you are, the greater is your responsibility; the stronger you are, the greater your duty of service; you are strong in body that you may defend the weak, when they are suffering, not that you may trample upon them. If you begin by torturing the brute, you will easily pass on to the torture of your fellow-man; for when you have once brutalized the heart and soiled the conscience by killing the divine instinct of compassion, you will use your strength against men as well as against the brute and oppress your weaker brother-men as well as your weaker brothers of the animal kingdom. And so you should learn that strength means duty; the stronger you are, the more responsible are you in the world; whether your power be of your body or brain, that power is yours to help and not to harm.

We look to those higher than we are, to the divine Intelligences above us; we look to those for help, for strength, for assistance, when our own strength breaks down. But how should we dare to appeal to the divine strength to help our weakness, if we use our strength to injure those feeble

than ourselves ? How shall divine strength flow out to those who use strength for injury ? How shall divine compation flow through those who deny compassion to those weaker than themselves ? Nay I have read in the sacred books of men and I have known men in Modern India, who had come so near to union with the divine, men who had so developed in themselves the spiritual nature, who had so evolved in themselves the divine love, I have read of them and met them, men who could go out into the jungle and the tiger would roll harmlessly at their feet and would play as domestic creatures. Why ? Because they loved and in their love had become divine; because nothing will injure him who injures not; nothing will wound him who wounds not; nothing will show destructive power against him who destroys not. Those who love are guarded from injury, for that love flows out around them like divine armour, no hatred can pierce through it, no wild animal would strike them to mutilate or to harm. The yogi walks unharmed through the jungle, the snake will climb round his neck. There is the man become divine and that is the ideal you and I should be aspiring to. He may stand high above us on the ladder of human progress, but he has climbed there step by step, and he has climbed by love and not by hatred, by compassion and not by torture.

× × ×

Whenever we meet a pain, we must try to stop it; and if we can take it upon ourselves and set the sufferer free, then indeed the law of love is becoming perfected in us, and we ourselves are beginning to be divine.

× × ×

We are to train them ( lower animals ) not to terrify them; we are to educate them, not to degrade them; we are gradually to raise them, not to lown them–that is our function in the world.

× × ×

Do not allow it to be said that cruelty is approved by the modern sons of the Aryan soil.

( Annie Besant )

ઉપરના લાંબા અંગ્રેજી ફકરાનો ટુંકાણમાં ભાવાર્થ એજ છે કે આપણી શારીરિક મજ માનસિક મજબુતાઇ-બળ-સત્તાનો ઉપયોગ આપણાથી નિર્બળ પ્રાણીઓના ચાવ માટે-સાહાય્ય માટે કરવાનો છે અને નહિ કે તેઓને કોઈ પણ પ્રકારનું નુક-ાશ કરવા માટે. આપણાથી ઉંચી સ્થિતિએ પ્હોંચેલા પુરૂષોની-મહાત્માઓની-ઓલી-ાઓની આપણે કૃપા-મદદની આકાંક્ષા રાખીએ છીએ, પરંતુ આપણાથી નીચી સ્થિ-તેમાં રહેલા પ્રાણીઓ તરફ દયાની લાગણી બતાવ્યા વગર તેવા પ્રકારની આપણી આકાંક્ષા કેવી રીતે વ્યાજબી કહી શકાય? પ્રાણીઓ તરફ ઘાતકી રીતે વર્તવાની શરૂ-ાત કરવામાં આવે તો પછી છેવટે આપણી આપણા જાતિભાઈઓ તરફની વર્તણુક ણ ઘાતકીજ નીવડે. યોગી પુરૂષોનો દયાભાવ એટલો બધો ઉત્કૃષ્ટ હોય છે કે જંગલમાં સતા ઘાતકી પ્રાણીઓ પણ તેઓને કાંઇ ઈજા કરી શકતા નથી, પરંતુ પાળેલા ાણીની માફકની તેઓની સાથેની તેમની વર્તણુક હોય છે.

આ પ્રસંગે એટલું પણ વિચારવું આવશ્યક છે કે "આહાર એવો ઓડકાર" ે કહેવત મુજબ સારૂં વર્તન રહેવા માટે સારા-સાત્વિક ખોરાકની જરૂર છે. મદ્ય, ાંસ તેમજ બીજી હલકા પ્રકારના ખોરાકની વસ્તુઓ તમોગુણ અને રજોગુણનીજ અનિષ્ટ રીતે વૃદ્ધિ કર્યે જાય છે અને પરિણામે ઉચ્ચ સ્થિતિના તટ ઉપરથી અધમ શાના સમુદ્રમાં પ્રપાત કરાવી પ્રાણીને આમ તેમ ગોથાં ખાતો-રઝળતો કરી મૂકે છે; ાટે તેથી દૂર રહી, સત્ત્વ ગુણને પુષ્ટિ મળે તેવી વસ્તુનેજ ખોરાક તરીકે વિવેકી-વેચારશીલ પુરૂષોએ ઉપયોગમાં લેવી જોઇએ.

"ગામમાં જવાના સાંસા ત્યાં પટેલને ઘરે ઉનું પાણી મૂકાવવાની વાત શું ામની" એ ગણત્રીએ સામાન્ય રીતે પણ જીવદયા પાળવાને આપણે આ વિષમ કાળમાં ાક્તિવાન્ થઇએ નહિ તેવા સંજોગો વચ્ચે ઉત્તમ કોટીની જીવદયા સંબંધી ચર્ચા કર-ાથી શું લાભ? મંકોડાની કેડ ઉપર મૂકવામાં આવેલ ગોળનો ઘડો ક્યાં સુધી પ્હોંચી શકવાનો? એક પગથીયું પણ ચડી શકવાને અશક્ત પંગુ માણસ આપ બળે કરીને-અન્યની સહાયતા વગર માળ ઉપર કેવી રીતે જઇ શકવાનો? સામાન્ય મનુષ્યની ગણનામાં આવી શકે તેવા પણ વર્તન વગરના માણસને ઉત્તમ ચારિત્રના દૃષ્ટાંતો શું લાભ કરી શકવાના?

એવા પણ દિવસો હતા કે જ્યારે ઇસ્લામીઓની તરવાર બધી દુનિયાને મહમદને રંગે પાડવાને ઝઝુમી રહી હતી; ત્યાર પછીએ એવા દિવસો હતા કે જ્યારે ક્રિશ્ચીયન પાદરીઓ, મનુષ્ય માત્રને પોતાના ધર્મમાં દાખલ કરી, દુનિયાનો (તેમની માન્યતા મુજબ) ઉદ્ધાર કરવા પ્રયાસ કરી રહ્યા હતા તો હવે આ સુલેહ-શાન્તિના સુધારાના જમાનામાં, જડવાદ કંઇક પાછળ હઠતો જાય છે તેવા સમયમાં દયાધર્મના સર્વ-માન્ય સિદ્ધાંતો પ્રતિપાદન કરાવવા તરફ-તદ્અનુસાર આચરણ રખાવવા માટે શું

વીર્ય ફેરવવાની જરૂર નથી ? દ્રવ્યનો-શ્રમનો-મહેનતનો કમાર્ગે થતો વ્યય અટકાવી આ દિશામાં તેને વલણ આપવાની આવશ્યકતા નથી ? જીવદયાનો નિયમ માત્ર ગ્રહણ કરવામાં અને તદ્અનુસાર વર્તન રાખવામાં-આપણાં હમેશનાં કાર્યોને કરૂણા રસનો પટ આપી, આપણું ચારિત્રજ જીવદયાના નિયમ સાથે ઓતપ્રોત કરવામાં કાંઇ બુદ્ધિમાહાત્મ્યની જરૂર નથી કે અલ્પજ્ઞ ગ્રામ્ય પુરૂષોને, સાધૂ દીલના-ભદ્રિક હૃદયના મનુષ્યોને અડચણ પડે મુખપૃષ્ઠ ઉપર જણાવેલ એક અંગ્રેજી વાકયના સૂચન મુજબ દયાભાવ એ કાંઇ બુદ્ધિ અગર મગજશક્તિના (Brain-power) ગુણોનું ફળ નથી. પરંતુ હૃદયના ગુણ સાથે સંબંધ રાખે છે. વળી ઉપનિષદોમાંએ જણાવેલ છે કે 'બ્રહ્માનન્દ બુદ્ધિમાં નથી, હૃદયમાં છે.' આ બ્રહ્માનન્દની પ્રાપ્તિ પણ સર્વમાં હું અને મારામાં સર્વ એવા અખિલ વિશ્વાત્મક પ્રેમભાવની-દયાભાવની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉપર આધાર રાખે છે. જૈન શાસ્ત્રકારો પણ પોકારી-પોકારીને કહે છે કે મિત્તિ મે સવ્વ ભૂએસુ (सर्वभूतेषु मे मैत्री) પદનુંજ સ્મરણ નિરંતર કર્યા કરો અને દયાભાવમાં પ્રવર્તો. પરંતુ 'કથની કથે સૌ કોઇ, રહેણી અતિ દુર્લભ હોઇ' એ પદ મુજબ કહેવામાંજ-ઉપદેશ કરવામાંજ સદ્વર્તન સમાઇ રહેલું છે. રહેણીમાં-આચરણમાં ઉલટુંજ જણાય છે. આ સંબંધમાં કેવી રીતે કામ લેવું તેનું વિવેચન કરવાની જરૂર છે અને તે વિષયના છેલ્લા ભાગમાં લેવુંજ વ્યાજબી લાગે છે.

(અપૂર્ણ.)

---

# સિદ્ધર્ષિ ગણિ.

( લેખક-ઉદયચંદ લાલચંદ શાહ મુંબઇ. )

અનુસંધાન ગતાંક પાને ૧૭૭ થી

---

જેમ પર્વત ઉપરથી નીકળતી નદીમાં મૂળથી આવતો પત્થર જેમ ઘડાતો, ટીચાતો, અથડાતો, કુટાતો કોઇ વાર ગોળાકારને પામે છે (આને નદીઘોલ ન્યાય કહે છે.) તેમજ પુણ્ય રહિત જીવડો પ્રથમ તો ચારે ગતિમાં ભમ્યા કરે છે. બહુકાલ સુધી તેમાં ને તેમાં રઝળ્યા કરે છે અને અજ્ઞાનાવસ્થામાં કર્મ ખપાવે છે. એમ કરતાં જ્યારે કર્મનો ભાર જેમ જેમ ઓછો થતો જાય છે તેમ તેમ ત્યારે તે ગતિઓની ઉંચી ઉંચી જગોએ આવતો જાય છે, અને કર્મનો ભાર ઓછો થવાથી માનવભવ પામે છે. માનવભવ પામ્યા છતાં આર્ય દેશ, ઉત્તમ કુળમાં જન્મ, તેમાં પણ શ્રાવક કુળ, ધર્મની સામગ્રી, ધર્મ ઉપર શ્રદ્ધા, તેમાં પણ જૈન ધર્મ ઇત્યાદિક દુર્લભ્ય સંયોગો સાંપડયા છતાં પણ સદ્ગુરૂનો સંયોગ સાંપડવો તે તો બહુજ મુશ્કેલી ભર્યું છે. તેમજ આત્મ સાધન કરવામાં નિરોગી કાયાની જરૂર છે; કારણકે ચિંતામણિ તુલ્ય શરીર પામવું મુશ્કેલ છે માનવજન્મમાં ઉત્તમ કાયા વડેજ કલ્યાણ થાય છે. તે સિવાય બીજાં જીવનોમાં કાયાનું કલ્યાણ થતું નથી માનવજન્મમાં ઉત્તમ શરીર પામીને તેનો સર્વોત્તમ ઉપયોગ થાય તો સર્વમાં ઉત્તમ ફળની પ્રાપ્તિ થાય છે. આ શરીર એટલું તો ઉપયોગી

છે કે તે અતીત, અનાગત અને વર્તમાન (ભૂત, ભવિષ્ય અને વર્તમાન ) કાળને જાણવાનું સામર્થ્ય ધરાવનારૂં એક સાધન છે. નિર્મળ બુદ્ધિ વડે જે મનુષ્યો મનોવૃત્તિઓને આશ્રવભાવમાંથી કાઢી સંવરભાવે તેનો સન્માર્ગે સદુપયોગ કરે છે તેઓ સકલ સૃષ્ટિ ઉપર ધર્મનું સામ્રાજ્ય ભોગવવાને સમર્થ થાય છે.

પિતાજી ! હું આપને વધારે શું કહું. આપ તો સર્વે વાતોથી જ્ઞાત છો એટલે વધારે જણાવવું તે જાણતાને જણાવવા જેવું છે. આશા છે કે આ સંસારની માયિક બેડી તોડવાને, કર્મરૂપી મેલને ધોવાને અને અક્ષય, અવ્યાબાધિત સુખો સંપાદન કરવાને માટે આપ મને દીક્ષા લેવાની અનુજ્ઞા-રજા આપો.

પરમ પૂજ્ય પિતાજી ! આપ પ્રસન્ન ચિત્તે અને આલ્હાદિત અંતઃકરણે આ પરમોપગારી ગુરૂવર્ય મહાશયને કહો કે દુઃખનું દલન કરનારી અને ભવભયની ભાંગનારી તથા સુખો સંપાદન કરાવનારી એવી દીક્ષા મને અર્પણ કરે.

સિદ્ધના પિતા શુભંકરે પોતાના પુત્રના અસ્ખલિત પ્રવાહથી ભરપૂર વૈરાગ્યવાળાં વચનો પ્રેમપૂર્વક શ્રવણ કર્યાં, અને તે તેની માતાના ગર્ભમાં આવ્યો તે સમયે તેની માતાને આવેલા સ્વપ્નાનુસારે જાણ્યું હતું કે ભવિષ્યમાં આ પુત્ર દીક્ષા લઈને જૈન શાસનની ઉન્નતિ કરશે. કદાપિ જો તેમાં હું તેને અંતરાયભૂત થઇશ તોપણ તે રહેવાનો નથી, તેમ ન કરવા દેવાને માટે કોટિ પ્રયત્નો કરીશ તોપણ તે પ્રયત્નો વ્યર્થ છે. છાર ઉપર લીંપણું છે. કારણકે ભવિતવ્યતાને મટાડવાની કોઇ પણ મહા સામર્થ્યવાન્ પુરૂષ પણ સામર્થ્યતા ધરાવતો નથી. જે ભવિષ્યના-ભાવી ભાવો બનવાના છે તેને હું ગમે તેટલા પ્રયાસે મટાડી શકીશ નહિ, માટે હવે આ પુત્રના અંતરમાં પ્રગટેલા શુભ મનોરથો સફળ કરવામાં મારે અંતરાયભૂત ન થતાં તેને સહાયકારક થવું જોઇએ . આ પ્રમાણે વિચાર કરીને સિદ્ધનો આગ્રહ જોઇને તેમજ પોતાના પુત્રને વૈરાગ્યરંગમાં પરિપૂર્ણપણે રંગાયેલો અવલોકીને પુત્રના ઉપરનો મોહ, મમત્વાદિનો ત્યાગ કરીને ગુરૂ મહારાજ પ્રત્યે કહ્યું:-

શુભંકર-પરમોપગારી ગુરૂરાજ ! આ મારા પુત્ર સિદ્ધને ભવભ્રમણને નિવારણ કરનારી અને ભવાબ્ધિથી પાર ઉતારનારી એવી પરમ પવિત્ર દીક્ષા આપ અર્પણ કરો.

આવી રીતે તેના પિતાની આજ્ઞા થવાને લીધે પરોપકારાર્થે ગુરૂ મહારાજે મહા મહોત્સવપૂર્વક સિદ્ધને દીક્ષા આપી તેનું નામ સિદ્ધર્ષિ એવું નામ રાખ્યું.

વાચકો ! અત્રે આપની સમક્ષ મારે એટલું રજુ કરવું પડે છે કે કેટલાએક ઇતિહાસકારો અને પ્રાચીન શોધખોળ કરનારાઓ એમ કહે છે કે સદરહુ મહા પુરૂષ (સિદ્ધ) ને દીક્ષા આપતી વખતે તેમનું નામ સિદ્ધસૂરિ પાડ્યું. એમ પ્રથમ ભાવનગરમાં પ્રગટ થતા માસિક નામે આત્માનંદ પ્રકાશમાં જણાવેલ છે. તેવીજ રીતે જૈન ધર્મના પ્રાચીન ઈતિહાસના કર્ત્તા પણ તેમજ જણાવે છે. (જુઓ જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ પાને ૧૨૫ મે). તે વિષયમાં એટલું જણાવવું પડે છે કે પ્રાયઃ કરીને ધણીક વ્યક્તિઓને જ્યારે જૈન શાસનમાં દીક્ષા અર્પણ કરવામાં આવે છે ત્યારે એટલે કે દીક્ષા લેતી વખતે સૂરિ એવું મહાન્ અભિધાન કોઈ આચાર્ય મહાશયે આપ્યું હોય

તેમ જણાયું નથી. તેમજ તે પ્રમાણે આપેલું (સૂરિપદ) હોય તેમ પણ જણાતું ન કદાપિ તેમ કોઈ વખતે તેવો બનાવ બન્યો હોય તો તે મારા ધ્યાનની બ છે. અને તે પ્રમાણે બનાવ બને તો તે અસંભવિત કહી શકાય છે એમ મારી માન્ય હોવાને લીધેજ મેં સિદ્ધર્ષિ એવું નામ રાખ્યું એ પ્રમાણે જણાવેલ છે. વળી તે દીક્ષા આપનાર સ્વયં પણ ગર્ગર્ષિ એવું નામ ધરાવતા હતા. તેનેજ લઈને તેમણે તેમ (સિદ્ધ)નું નામ સિદ્ધર્ષિ રાખ્યું હોય તો તે બનવા જોગ છે એમ ધારીને લખવામાં આવ્યું છે.

પુનઃ એક બાબત અત્રે જણાવીશ કે બીજા જૈન ઇતિહાસકારોએ તેમ ( સિદ્ધષિ સિદ્ધસૂરિ એ નામાભિધાનથી ઓળખાવ્યા છે. તેમ નથી અને તે પણ એક અસંભ જણાય છે; કારણકે તેમણે પોતે ઉપમિતિ ભવપ્રપંચ કથાનક નામે ગ્રંથ રચ્યો તેમાં પણ તેમણે પોતાને સિદ્ધર્ષિ એ નામથીજ ઓળખાવ્યા છે તેમજ શ્રી શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી બહાર પડેલી શ્રી જૈન ગ્રંથાવળીમાં પણ સદરહુ ગ્ર (ઉપમિતિ ભવપ્રપંચ) ના કર્ત્તા તરીકે પણ તેમને સિધ્ધર્ષિ એવા નામથીજ ઓળખ વેલા છે. (જુઓ શ્રી જૈન ગ્રંથાવલી પાનું ૧૭૪ મું)

ધારો કે કદાચ આપણે તેમને સિધ્ધસૂરિ તરીકે ઓળખીયે છીએ ત્યારે બી એક મુશ્કેલી ઉભી થાય છે. તે એ છે કે જૈન શાસનમાં એવો એક સાધારણ નિય છે કે મહાન્ પ્રભાવશાળી અને મહાજ્ઞાનવાન્ પુરૂષનેજ મહાન્ એવી જે સૂરિપદ આપવામાં આવે છે તે પદવી ધારણ કર્યા બાદ જૈનાચાર્ય અથવા સૂરિપદ ધાર કરનાર કોઇ પણ વ્યક્તિ બૌદ્ધો પાસે શાસ્ત્રાભ્યાસ કરવાને માટે જાય નહીં અને ગ હોય તેમ પણ જણાતું નથી. (દૃષ્ટાંતને માટે શ્રીમદ્ હરિભદ્રસૂરિ.) જો સિધ્ધસૂ એવું નામ માની લઈએ છીએ તો તેઓ બૌદ્ધો પાસે તર્ક શાસ્ત્રના ગ્રંથોનો અભ્યા કરવાને માટે ગયા હોય તેમ બનવા જોગ નથી, અને આ મહાશય બૌદ્ધો પા શાસ્ત્રાભ્યાસ કરવાને માટે ગયા હતા એમ સર્વે ઇતિહાસકારો માન્ય રાખે છે. તેમ તેઓ મહાશય (સિદ્ધર્ષિ) બૌદ્ધો પાસે તર્ક શાસ્ત્રના ગ્રંથોનો અભ્યાસ કરવા મા ગયેલા છે.

એટલા ઉપરથી જણાય છે કે સદરહુ મહાશયનું નામ સિદ્ધર્ષિ રાખ્યું હો જોઇએ, અને તેજ વધારે સંભવિત લાગે છે.

દીક્ષાકર્મ પૂર્ણ થયું તત્પશ્ચાત્ તેમ( સિદ્ધર્ષિ )ની સમક્ષ તેઓ ( ગર્ગર્ષિ )એ પોતાના ગચ્છનું વર્ણન કરી બતાવ્યું કે મહા પ્રભાવશાલી જૈન શાસનોન્નતિકાર જૈન ધર્મના ચંદ્રને આકાશમાં પ્રદીપ્ત કરનાર એવા શ્રી વજ્રસૂરિ મહારાજ થઇ ગય છે. તેમના શિષ્ય શ્રી વજ્રસેનસૂરિ થયા. તેમને નિવૃત્તિ, નાગેન્દ્ર, ચંદ્ર અને વિદ્યાધ એવા નામને ધારણ કરવાવાળા અને નિર્મળ મતિવાળા ચાર શિષ્યો થયા. તેમનામાં પ્રથમના નિવૃત્તિ ગચ્છમાં મહાન્ બુદ્ધિવંત-મહા બુદ્ધિશાળી, પ્રભાવક એવા સૂરાચાર્ય થયા છે. તેમનો શિષ્ય જે હું તે તમારો દીક્ષાગુરૂ છું આ પ્રમાણે પોતાના ગચ્છનું વર્ણન શ્રવણ કરીને સિધ્ધર્ષિ ઘણાજ હર્ષિત થયા.

વાચકો ! જ્યારે માણસનું ચિત્ત અમુક વસ્તુમાં પરોવાય છે ત્યારે તે મેળવવાને ાટે તે સતત બલ્કે જીવતોડ મહેનત કરે છે. તેજ પ્રમાણે હવે સિદ્ધર્ષિનું ચિત્ત ણ જ્ઞાન રૂપી ધન મેળવવામાં તત્પર બન્યું અને દિન પ્રતિદિન તે તરફજ તેમનું મન ધારે ને વધારે આકર્ષાયું. ધાર્મિક ક્રિયા સિવાયનો તમામ વખત તેઓ જ્ઞાન મેળવ .માંજ વ્યતિત કરતા ગયા અને ઘણીજ ખંતપૂર્વક જ્ઞાનાભ્યાસમાં વૃદ્ધિ કરતા ગયા. 'મ વેપારી વેપારમાં લક્ષ્મી મેળવવામાં તત્પર હોય છે તેમ તેઓ (સિદ્ધર્ષિ) પણ ાન રૂપી લક્ષ્મી મેળવવામાંજ તત્પર રહેતા હતા.

અનુક્રમે સમય જતાં તેમની પ્રવૃત્તિ તેમાંજ હોવાને લીધે તેઓ સર્વ શાસ્ત્રના ાણકાર થયા, અને જ્ઞાન રૂપી વૃક્ષના ફળ રૂપે **સર્વ શાસ્ત્ર પારંગામી** નામની પદવી .ળવવામાં ભાગ્યવંત થયા અથાત્ મજકુર પદવી તેમણે સંપાદન કરી.

તત્પશ્ચાત્ તેઓએ શ્રીમદ્ ધર્મદાસજી ગણિજીએ રચેલા ઉપદેશમાલા નામના .ંથ ઉપર ૯૫૦૦ શ્લોકના પ્રમાણવાળી અત્યુત્તમ વૃત્તિ રચી, અને તે ઉપરાંત તેજ .ંથ ઉપર તેઓએ લઘુવૃત્તિ પણ રચી છે (જુઓ શ્રી જૈન ગ્રંથાવળી પાને ૧૭૧) તેમ જણાય છે. વિક્રમ સંવત્ ૯૬૨ માં તેમણે ઉપમિતિ ભવપ્રપંચ કથાનક નામે ાંકબદ્ધ અને અતિ અદ્ભુત ગ્રંથ રચ્યો છે. (અપૂર્ણ.)

---

( ત્રીજી ગુજરાતી સાહિત્ય પરિષદ્‌માં વંચાયેલો નિબંધ. )

# જૈન ગુજરાતી સાહિત્ય.

( લખનાર—પોપટલાલ કેવળચંદ શાહ—રાજકોટ. )

અનુસંધાન ગતાંક પાને ૧૮૩ થી

જૈન રાસોની કવિતા વૃત્ત કે છંદમાં લખવામાં આવી નથી, પણ અમુક મેળમાં ાલ સહિત ગવાય અને તેમાં કોઇ રાગ રાગિણીની છાયા આવે એવી દેશીઓમાં ચાયેલી હોય છે. પ્રેમાનંદે જ્યારે કડવાં અને દયારામે જ્યારે મીઠાં એમ લખ્યું છે ારે જૈન કવિઓએ પ્રથમથી તે આજ સુધી ઢાળ એ એક શબ્દ વાપર્યો છે. કડવાં છી જેમ વલણ આવે છે તેમ ઢાળ પૂરી થતાં કેટલાક રાસમાં દોહરા કે સોરઠી ોહરા આવેલા હોય છે.

મંગળાચરણમાં પ્રથમ દરેક રાસમાં જિનેંદ્રદેવની, પછી સરસ્વતી દેવીની તથા ગુરૂની સ્તુતિ કરી કોનો રાસ લખાય છે ને ધર્મનીતિની કઇ બાબતનો મહિમા તાવવા લખાય છે તે જણાવ્યું હોય છે. ઘણું કરીને દરેક ઢાળમાં છેડે કવિનું નામ ાવે છે. રાસ પૂરો થતાં કેટલાક રાસમાં તો તે રાસ કવિએ કઇ સાલમાં કઇ તિથિએ ને વારે કયા ગામમાં રહી રચ્યો તે તથા કવિના ગુરૂઓનું પેઢીનામું પણ આપવામાં ાવ્યું હોય છે.

ગુજરાતમાં મુસલમાની રાજના આરંભનો કાળ તદ્દન અંધાધુંધીનો ને જુલમ ત્રાસનો હતો. એ કાળમાં લોકો સંસ્કૃતાદિ ભાષાઓ ભણે કે ઉંચું તત્વજ્ઞાન મેળવવામાં વખત ગાળે એવી કશી જોગવાઇ કે શાંતિ નહોતી. ધર્મ પુસ્તકો ભંડારામાં ભરી સંતાડી મૂકવામાં આવ્યાં હતાં. એવા વખતમાં સામાન્ય જીવોના હિતને માટે રાસ રચવામાં આવ્યા હોય એમ જણાય છે. અંધાધુંધીના વખતમાં પણ જૈન સાધુઓ જાગ્રત રહ્યા હતા એવું એ રાસો આદિની રચનાથી જણાય છે. એ રાસોમાંના ઘણા મોટા ભાગનું વસ્તુ ( plot ) મૂળ સંસ્કૃત કાવ્યો કે આગમ સૂત્રો કે એ સૂત્રોની ટીકા ઉપરથી લીધેલું એ તો નિઃસંદેહ લાગે છે. અંધાધુંધીના વખતમાં જૈન લોકોએ જોયું કે સામાન્ય જીવો મૂળ માગધી કે સંસ્કૃતનો અભ્યાસ કરી તે ઉપરથી ધર્મ બોધ લઇ શકે તેમ નથી. માટે તેઓ સમજે અને સરળતાથી શીઘ્ર બોધ પામે તો સારૂં. એવી સ્વપર હિતબુદ્ધિએ, ઘરબાર તજી ત્યાગી થયેલા એ સંયમીઓએ સંસ્કૃત કાવ્યો તથા સૂત્ર ટીકામાંની–આખ્યાયિકાઓને રાસ રૂપે દેશ ભાષામાં ઉતારી.

જૈન ઉપાશ્રયોમાં આજે પણ ચોમાસાના દિવસોમાં તેમજ ઉનાળાના લાંબા દિવસોમાં બપોરે ઘણે સ્થળે સાધુ, આર્યા કે શ્રાવકો રાસ લલકારીને વાંચે છે અને શ્રોતાઓ ધ્યાન દઇને સાંભળે છે સામાન્ય જીવોના લાભ માટે ધર્મનીતિનું શિક્ષણ આપનારા આવા રાસો દેશ ભાષામાં રચનાર સાધુ મુનિઓએ છેલ્લાં પાંચ શતકનો સમય જોતાં શ્રાવકસમૂહ ઉપર બહુ ઉપકાર કર્યો છે.

કવિતા જેવી ચીજ સારા રાગથી ને હલકથી ગવાતાં ઘણાને પ્રિય થઈ પડે છે. ગાયન એ પાંચમો વેદ ગણાય છે. ગાયનથી ચિત્ત લય પામે છે. તો કવિતા તરફ રૂચી કરાવી નીતિને રસ્તે દોરવાનું કામ રાસો વડે કરવાને જૈન લેખકો લલચાય તેમાં નવાઇ નથી. કેટલાક રાસમાં કવિઓએ તર્ક અને કલ્પના શક્તિને સારી રીતે સરાણે ચડાવી હોય એમ જણાય છે. કોઈ કોઇ રાસમાં એવું પણ જોઇ લેવાય છે કે વાર્તા કથનમાં ચમત્કારિક અને મંત્રતંત્રની કે દેવતાઇ વાતોનાં વર્ણન કરવા જતાં પાનાં ને પાનાં ભરી દીધાં હોય છે અને તેમાં રાસનો વિશેષ ભાગ રોકાઇ જવાથી સુબોધક ભાગ કાંતો દબાઇ જાય છે ને કાંતો અલ્પ ભાગમાં આવે છે. દરેક રાસમાં મુખ્ય પાત્રે સંસાર છોડી સાધુપણું અંગીકાર કર્યાની વાત આવે છે. અને છેલ્લે તેણે સ્વર્ગ મોક્ષના સુખની પ્રાપ્તિ કર્યાનું રાસ ઉપરથી જોઇ લેવાય છે. મોક્ષના મોતી જેવા મહાપાત્રનેજ કવિ મૂળ ગ્રંથોમાંથી મુખ્ય પાત્ર તરીકે રાસમાં પસંદ કરે છે. ખરેખર સદ્વર્તનશાળી ચિત્રોનેજ જનસમૂહ આગળ ખડા કરી તેના દૃષ્ટાંતથી શ્રોતાઓને સદ્ગુણી બનાવવાને. એ કવિઓનો શ્રમ સ્તુતિપાત્ર છે.

ગુર્જરી કવિતાના પવિત્ર પ્રદેશમાં જૈન કવિઓ સારી રીતે દીપી ઉઠયા છે. તેમની કવિતાઓએ અનેક દાખલા દૃષ્ટાંતો આપી દાન, શીલ, તપ, ભાવના, અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય વગેરે બાબતોનો મહિમા વધારવા સારો શ્રમ લીધો છે. એકલું અમુક દેવનું વર્ણન કે અમુક ધામનું વર્ણન કે અમુક અવતારનું વર્ણન લઈ માત્ર તે માટેજ રાસો રચાયા હોય એવું જણાતું નથી, પણ ધર્મનીતિના સિદ્ધાંતો તરફ જનસમૂહને

વાળી શકાય તેવાં પાત્રો પસંદ કરી તે તરફ શ્રોતાઓને વાળવાની તજવીજ કરવામાં આવી છે. રાસાનું સામાન્ય સ્વરૂપ એ પ્રમાણે છે. બાકી તેમાં કોઈ કોઇ અપવાદ પણ છે.

વિમળ મંત્રીનો રાસ, કુમારપાળનો રાસ વગેરે રાસો વાંચવાથી કેટલુંક ઐતિહાસિક જ્ઞાન પણ થાય છે. જૈન મત મુજબ શ્રીકૃષ્ણ વગેરે યાદવો જૈન હતા. વલ્લભીપુરના રાજા શિલાદીત્યના દરબારમાં પણ જૈન પંડિતો વાદવિવાદ કરતા. વનરાજ ચાવડાથી માંડીને ઠેઠ વિશળદેવ વાઘેલા સુધીનો ઇતિહાસ તપાસીએ તો તેમાં પણ જૈન સાધુઓ અને જૈન મંત્રીઓ થોડે થોડે કાળે દર્શન દેતા જણાય છે. પોતાના પ્રબળ સમયમાં તેમણે સાહિત્યની અભિવૃદ્ધિ માટે ને ધર્મનીતિના સિદ્ધાંતોના પ્રસાર માટે શ્રમ લીધો છે.

અસલનાં બધાં લખાણો સળંગ લીટીમાં ને બાળબોધ જૈન લિપિમાં લખાયેલાં છે. દેવનાગરી કે બાળબોધ અક્ષરો અને જૈન (માગધી) અક્ષરોમાંના થોડાક અક્ષરો વચ્ચે કેટલોક તફાવત છે. આશરે અક્ષરોની ૩૪ સંખ્યા તદ્દન મળતી છે. જોડાક્ષરોમાં પણ કોઇ કોઇ સ્થળે તફાવત જણાય છે. તેથી જૈનના રાસ તથા શાસ્ત્રો વગેરે જે લિપિમાં લખાયેલા છે તે લિપિને જૈન લિપિ કહેવી એ વધારે ઠીક લાગે છે.

લોલ, હાં, હોરાજ, લલના, સલુણાં, રેલાલ, આછેલાલ વગેરે પાદપૂર્ણાર્થ શબ્દોનો જૈનોએ દેશીમાં જરૂર પડતાં બહુ છુટથી ઉપયોગ કર્યો છે. રાસો સિવાય જૂદા જૂદા ધાર્મિક ને નૈતિક વિષય ઉપર સઝાય, સ્તવન, લાવણી ઇત્યાદિની રચના પણ જૈનોએ કરી છે. કવિતા તરફ તેમનું વલણ વિશેષ છે. એક વિદ્વાન કહે છે કે "એકલા કાવ્યમાં સાહિત્યનો સમાવેશ થતો નથી છતાં કાવ્ય એ એક સાહિત્યની સુંદર કલા છે. તેનો પ્રદેશ અતિ વિસ્તીર્ણ છે. કવિઓનાં જીવન કવિતામય હોઇ, કવિતામાં આસક્ત હોઇ, રસમાં ઝબકોળાયેલાં હોય છે. કવિઓના હૃદયભાવોના ઝરણોનું વહન સાહિત્યના પ્રદેશને ફળદ્રુપ કરે છે....મધ્યકાળના ગુર્જર કવિઓએ આપણી પ્રજાનાં જીવન રસવામાં તેમજ પ્રારબ્ધ ઘડવામાં કેટલી બધી અસર કરી છે?" કાવ્યના આવા માહાત્મ્યને લીધે મેં આ નિબંધમાં રાસોને પ્રથમ પસંદગી આપી છે.

એમ. એ. ની પરીક્ષામાં "ગુજરાતી" લઇ પાસ થનારા વિદ્વાનોને માટે જે જે ગુજરાતી પુસ્તકો પસંદ કરવામાં આવ્યાં હતાં તેમાં જૈન કવિ નેમવિજયનો રચેલો "શીલવતીનો રાસ" પણ હતો. તે રાસ યોગ્ય પ્રસ્તાવના સહિત રા. બા. હરગોવિંદદાસ કાંટાવાળાએ પ્રાચીન કાવ્યમાળાના એક અંક તરિકે પ્રસિદ્ધ કર્યો છે. તેવા વિશેષ અંકો નીકળ્યા હોત તો અથવા ઐતિહાસિક ગદ્ય ગ્રંથો જે રાસાને નામે ઓળખાય છે તેનો સંગ્રહ કરવામાં ફાર્બસ સાહેબ જેવા ઉત્સાહી યુરોપિયન ગૃહસ્થનો જોગ મળી ગયો હતો તેમ જૈન રાસોની પ્રસિદ્ધિમાં તેવો કોઇ જોગ મળ્યો હોત તો આજે જૈન સાહિત્ય તરફ ગુજરાતના તથા બીજા દેશના સાક્ષરો કાંઇ જુદીજ ખૂબીથી જોતા હોત.

"સનાતન જૈન" નામના માસિકમાં જૈનોનાં જૂનાં ગદ્ય લખાણોના બે ૨
નમુનાઓ પ્રગટ થયા છે તે સિવાય તે પત્રના વિદ્વાન્ તંત્રી તરફથી શ્રી "રાયચ
જૈન કાવ્યમાળા" નો પ્રથમ ગુચ્છક બૃહત્ કાવ્યદોહનની શૈલીએ પ્રગટ થયો
આ સિવાય કોઇ કોઈ ગૃહસ્થો તથા જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પણ જૈન સાહિ
પ્રગટ થતું રહે છે. શ્રાવક ભીમશી માણેક મુંબાઇવાળા તરફથી એ દિશામાં સ્તુ
પાત્ર પ્રયત્ન થયો છે. તથાપિ કહેવું જોઇશે કે જૈનોનો પ્રયત્ન બીજી કોમના પ્ર
ણમાં કંઇજ નથી ને તેથી જૈન સાહિત્ય તરફ બીજાઓનું લક્ષ ન ગયું હોય તો તે
જૈનોનો કાંઇ ઓછો વાંક નથી. જૈનો પણ ઠપકાપાત્ર છેજ. ઉધઇને ભંડારા ભળ
દઈ પુસ્તકો છુપાવવાનો આ કાળ નથી. આ બ્રિટિશ સરકારના તદ્દન સુલેહશાંતિ
ન્યાયી રાજમાં હવે જૈનોએ જમાનાને ઓળખી જાગ્રત થવાની જરૂર છે. આવા શ
સમયનો લાભ લઇ પોતાનું જે કંઇ સારૂં છે તે દેખાડવાનો પ્રયત્ન જૈનોએ જો
ભેર કરવો જોઇએ.

સ્થાનકવાસી જૈનોના મુનિ ધર્મસિંહજી, જેમલજી, ખોડીદાસજી, તિલકચં
ઉમેદચંદજી વગેરે કેટલાક મુનિઓએ રાસ તથા કવિતા લખ્યાનું જણાય છે. પ
સ્થાનકવાસી શ્રાવકોનો શાસ્ત્રો, ગ્રંથ કે તેવાં લખાણો પ્રકાશમાં લાવવાનો કશો ઉત્સ
જોવામાં આવતો નથી. સાહિત્યવિષયમાં તેઓએ પોતાની શક્તિ દેખાડી આ
જોઇએ.

શાસ્ત્રી વ્રજલાલ કાળીદાસ લખે છે કે "હમણાં જૈન લોકો જૂની ગુજરાતી
પ્રમાણે બોલતા નથી પણ એમનાં ધર્મપુસ્તકોમાં તો અદ્યાપિ જૂની ગુજરાતી
પ્રમાણે લખાય છે. કારણ કે તેઓ જૂનાં પુસ્તકોનો ઉતારો કરતાં નવાં પુસ્તકે
ભાષા બદલતા નથી...જૂની ગુજરાતીના લેખમાં જૈન અને વેદધર્મી લોકોએ
ધારા પ્રમાણે પુસ્તકોમાં દેવનાગરી લિપિ લખી છે; પણ નવી ગુજરાતીમાં વેદધ
લોકોએ લેખમાં ભેદ પાડયો છે. જૈન લોકો તો અદ્યાપિ પ્રાચીન ધારા પ્રમાણે
છે" શાસ્ત્રીજીના લખવા મુજબ રાસનું લખાણ લખાયેલું જોઇ લેવાય છે.

હાલ આપણે જેને ગુજરાત દેશ કહીએ છીએ તે અસલનો ગુજરાત દેશ
સ્કાલર શ્રી દેવદત્ત ભાંડારકર કનોજ એ અસલ ગુજરાતની રાજધાની હતું એમ
છે. ઉત્તરમાં ગુજરાતનો વિસ્તાર વિશેષ હતો. અમદાવાદથી તે ઉત્તરમાં ઠેઠ વિક
સુધી ચાતુર્માસ કરનારા તે કાળના જૈન સાધુઓએ રાસોનો વિશેષ ભાગ
જણાય છે. વિકાનેર, સોજત, પાલી, મારવાડ, મેડતા, સાદડી, નાગોર, પાલણ
અણહિલપુરપાટણ, અમદાવાદ, ખંભાત વગેરે ગામોમાં રહી રાસ રચ્યાનું અમુક
રાસમાં કવિઓ જણાવે છે. બિકાનેર સુધી ગુજરાતી ભાષા તે કાળે સારી રીતે
જાતી એમ તે ઉપરથી જણાય છે. મેજર ઉપેંદ્રનાથ બાસુ પોતાના નિબંધમાં જ
છે કે "ઉત્તર હિંદમાં બોલાતી ભાષાઓમાં ગુજરાતી જેટલી કોઇ પણ હિંદુસ્તા
બીજી ભાષા તેટલાજ જુદી જુદી જાતના લોકો તથા જુદો જુદો ધર્મ પાળ

ાણુસોમાં બોલાતી નથી......હિંદુ, પારસી, મુસલમાન અને જૈન એ ચાર સંપ્રદાય ના‌નારા લોકો ગુજરાતીનો ઉપયોગ કરે છે. માત્ર સંસારી વિષય નહિ પણ તેમનાં મિક પુસ્તકો સુદ્ધાં એ ભાષામાં લખાયેલાં છે તેથી જુદા જુદા લોકોને હાથે ગુજ- ાી ભાષાની જુદી જુદી રીતની મૂર્ત્તિ ઘડાઈ છે."

કેટલાકો વિદ્વાનો એમ કહે છે કે જૈન ગદ્યપદ્ય તો માત્ર તેમના ધર્મનેજ લગતું ાથી તેમના તરફ ભાષાના અભ્યાસીઓનું લક્ષ ખેંચાયું નહિ. મેજર ઉપેંદ્રનાથ સુ લખે છે કે "ગુજરાતમાં ઘણા જૈનો વસે છે......એક વખત એવો હતો કે ારે જૈન સંપ્રદાયીઓને સંસ્કૃત ભાષાનું બહુ સારૂં જ્ઞાન હતું. તેમનાં બનાવેલાં ંસ્કૃત પુસ્તકો હજુ સુધી પ્રચલિત છે. તેમાંના ઘણાઓ ગુજરાતીમાં કવિતાઓ ાાવી અમર થઇ ગયા છે. પરંતુ તેમની બધી કવિતા તેમના ધર્મને લગતી હોવાથી ા નમુના અત્રે આપવાની જરૂર નથી." હું નમ્રતાપૂર્વક પૃછવાની રજા લઉં છું શું નરસિંહ મહેતાની, દયારામની કે ભાલણની કવિતાઓ ધર્મવિષયક નથી? જર સાહેબ પોતાના ઉપલા લખાણના વિરોધાભાસ જેવું એક લખાણ તેજ નિબં- ાં આપે છે કે " ઘણું ખરૂં સંસ્કૃત કવિઓનું અનુકરણ કરી અસલના ગુજરાતી ેઓ પોતાની કવિતા રચી ગયા છે અને તેમાં ઘણો ભાગ ધર્મ સંબંધી છે. આપણા ામાં ધર્મભાવનું પ્રબળ હોવાથી જેઓ ધર્મ સંબંધી કવિતા લખે છે તે બધાને ય તથા પૂજ્ય થઇ પડે છે. એટલુંજ નહિ. પણ તેથી તેઓ અમર થઇ જાય છે." લખાણ વાંચ્યા પછી સ્પષ્ટ જણાશે કે ધર્મવિષયે લખાયેલી જૈન કવિતાઓને ઇ પણ રીતે ગુજરાતી ભાષાના સાહિત્યમાંથી બાતલ કરી શકાય તેમ નથી.

કોઈ પણ સંમાન્ય વિદ્વાને જૈન ગુજરાતી સાહિત્યને અત્યાર સુધી પૂરતો દાનગ્રાફ ર્યો નહિ તેથી તે બાબત જનસમૂહનું લક્ષ ખેંચાયુંજ નહિ. સર્વને બદલે સવિ, ારીને બદલે નયરી વગેરે શબ્દપ્રયોગો જોઇ જૈન સાહિત્યનો ગુજરાતી ભાષાના હિત્યમાંથી બહિષ્કાર કરવો એ કોઇ પણ રીતે ન્યાયી ગણાશે નહિ. આજે થોડું ણેલાઓ અથવા તો ગુજરાતી પાંચ ચોપડી ભણી ઘેર ને નિશાળે કે કોલેજોમાં બધો પત ઇંગ્રેજીજ શીખેલા મોટી ઉપાધિ ધારણ કરનારામાંના કેટલાક, હાલના લેખકોનાં ાંાં લખાણો સમજી શકતા નથી, તેથી શું આપણે એ લખાણની ભાષાનો જરાતી સાહિત્યમાંથી બહિષ્કાર કરીશું? બેશક, આપણે તેને સંસ્કૃતમય ગુજરાતી ાશું; પણ તે ગુજરાતી નથી અને તેને હાથ પણ અડાડવો નહિ એમ તો કહીશું કે. સંસ્કૃતમય ગુજરાતી કરતાં તો જૈન ગુજરાતી ઝટ સમજાય તેવી છે, તો તેનો રા મત મુજબ સાહિત્યમાંથી બહિષ્કાર થઇ શકે નહિ.

પંડિત વિલ્યમ જોન્સન સંસ્કૃતમાં શેકસપીયર જેવાં નાટકો હોય એમ પ્રથમ ની શકતોજ નહોતો, પણ પ્રયત્નથી જ્યારે તેના જાણવામાં આવ્યું ત્યારે તે છકજ ઇ ગયો. તેમ જૈનોની કવિતા તો સમજાય તેવી નથી. તેમાં પ્રેમાનંદ કે દયારામ જેવી ાબી ક્યાંથી હોય એવી ભ્રમજનક વિચારપદ્ધતિને જો સાક્ષરોના શિરોભાગમાં ાન નહિ મળે તો તેઓને જૈન સાહિત્યમાંથી ઘણું જાણવાનું મળશે.

આજથી આશરે સવા છસેં વર્ષ ઉપર ૫૪૦ ગાથાનો ઉપદેશમાળા નામે ગ્રંથ છપ્પય છંદને ઢાળે રચાયો છે. તે વખતની ભાષા કેવી હતી. જૂની ગુજરાતી કેવી હતી તે બતાવવા અને રાસોમાંની ભાષા તેવી નથી પણ આજની ગુજરાતી જાણનારા સહેલાઇથી સમજી શકે તેવી (ને ઘણા ખરા રાસોની તો સાધારણ ગુજરાતી ભાષા) છે એવું કહેવા માટે એ ગ્રંથનો પહેલો ને છેલ્લો છપ્પો આ નીચે આપેલ છે.

વિજય નરિંદ જિણિંદ, વીર હથ્થિંહિં વય લેવિણુ.
ધમ્મદાસ ગણિ નામિ ગામિ નયરિહિં વિહરઇ પુણું.
નિય પુત્તહ રણસીહરાય પડિબોહણ સારિહિં,
કરઇ એસ ઉવએસ માલ જિણ વયણ વિયારિહિ,
સય પંચ ચ્યાલ ગાહારયણ મણિકરંડ મહિયલિ સુણઉ,
સુહભાવિ સુદ્ધ સિદ્ધંત સમ સવિસુસાહુ સાવય સુણઉ. ॥૧॥

બેશક, આવી કવિતા સમજવી મુશ્કેલ પડે એ ખરી વાત, પણ રાસોનો જે સંગ્રહ હાથ લાગ્યો છે તેમાંના ઘણા ખરા ૧૬ મા ૧૭ મા કે ૧૮ મા સૈકામાં લખાયેલા હોઇ તે સૈકાની ગુજરાતી ભાષામાં સરળતાથી લખાયા છે.

ઉપલા છપ્પાનો અર્થ એવો થાય છે કે વિજય નામના નરેંદ્રે વીરજિનેંદ્રના હાથથી વ્રત લીધું (દીક્ષા લીધી) ત્યાર પછી તેમનું નામ ધર્મદાસ ગણિ પડ્યું. તેઓ ગામ, નગર સર્વે ઠેકાણે વિહાર કરવા લાગ્યા. પોતાના પુત્ર રણસિંહને પ્રતિબોધવા (સમજાવવા) સારૂ તેમણે જિનવચન વિચાર મુજબ આ ઉપદેશમાળા રચી મણિરત્નના કરંડીઆ જેવી ૫૪૦ ગાથા રચી તેનું સર્વે સાધુ તથા શ્રાવક શુદ્ધ સિદ્ધાંત સમ તેને જાણી વિશુદ્ધ ભાવથી શ્રવણ કરો. હવે છેલ્લી ગાથા તપાસિયે.

ઇણિ પરિ સિરિ ઉવએસ માલ કહાણય,
તવ સંજમ સંતોષ વિણય વિજ્જાઇ પહાણય,
સાવય સંભરણથ્થ અથ્થ પય છપ્પય છંદિહિં,
રયણસિંહ સૂરીસ સીસ પભણઇ આણંદિહિં,
અરિહંતઆણ અણુ દિણ ઉદય ધમ્મ મૂલ મથ્થઇ હુઉ,
ભો ભવિય ભત્તિ સત્તિહિં સહલ સયલ લછ્છી લીલા લહુઉ, ॥

આનો અર્થ એવો થાય છે કે આ પ્રમાણે શ્રી ઉપદેશ માળા કથાનકમાં તપ, સંજમ, વિનય, વિદ્યા પ્રધાનક વાતો શ્રાવકો સાંભળે માટે અર્થ પદ છપ્પય છંદમાં રત્નસિંહ સૂરિના શિષ્યે આનંદથી કહ્યું ઇત્યાદિ.

જૂની ગુજરાતીનું મૂળ સ્વરૂપ બતાવનારો આ ગ્રંથ છે તેની સાથે તથા આજની ગુજરાતી સાથે વિજયભદ્ર મુનિના ગૌતમ રાસને સરખાવતાં ગૌતમ રાસને ગુજરાતી ભાષાના પહેલા રાસ તરીકે ગણવો એ વધારે ઠીક થઇ પડશે. વખત હશે તો અને પરિષદ્ પરવાનગી આપશે તો આશરે પંદરેક રાસમાંથી તારવેલી કેટલીક કડીઓ જરા જરા વિવેચન સાથે અત્રે વાંચી જઇ રાસોની ગુજરાતી ભાષા કેટલી સરળ અને મીઠી છે તે બતાવી શકીશ.

વિક્રમના ૧૫ મા તથા ૧૬ મા સૈકામાં લખાયેલા કેટલાક જૈન રાસોની ટીપ આ નીચે આપીછે.

| | | | |
|---|---|---|---|
| ૧ | ક્ષેમ પ્રકાશ | સં૦ ૧૪૧૦ આસપાસ | કર્ત્તા જયાનંદસૂરિ. |
| ૨ | ભરત બાહુબલિ રાસ | ,, | ,, ગુણરત્નસૂરિ. |
| ૩ | શીલરાસ | સં૦ ૧૪૧૧ | ,, વિજયભદ્ર (ઉદયવંત) |
| ૪ | હંસરાજ વચ્છરાજ રાસ | સં૦ ૧૪૧૧ | ,, ,, ,, |
| ૫ | ગૌતમ રાસ | સં૦ ૧૪૧૨ | ,, ,, ,, |
| ૬ | શાંત રાસ | સં૦ ૧૪૬૦ આસપાસ | ,, મુનિસુંદર. |
| ૭ | ભરત બાહુબલિ રાસ | વિ૦ ૧૫ મો સૈકો | ,, તેજવર્ધન. |
| ૮ | સુદર્શન શેઠ | ૧૫૦૧ | ,, મુનિસુંદર. |
| ૯ | ગુણાવલી | ૧૫૧૪ | ,, ગજકુશળ. |
| ૧૦ | ધન્નાચરિત્ર | ૧૫૧૪ | ,, મતિશેખર. |
| ૧૧ | સિદ્ધચક્ર રાસ | ૧૫૨૧ | ,, જ્ઞાનસાગર. |
| ૧૨ | ચિત્રસેનપદ્માવતી | ૧૫૨૨ | ,, ભક્તિવિજય. |
| ૧૩ | શ્રીપાળ રાસ | ૧૫૩૧ | ,, જ્ઞાનસાગર. |
| ૧૪ | સિંહાસન બત્રીસી | ૧૫૩૬ | ,, હીરકળશ. |
| ૧૫ | કુરગડુ | ૧૫૩૭ | ,, મતિશેખર. |
| ૧૬ | મદનરેખા | ૧૫૩૭ | ,, ,, |
| ૧૭ | સાર શીખામણ | ૧૫૪૮ | ,, જયસુંદર શિષ્ય |
| ૧૮ | વસુદેવ | ૧૫૫૭ | ,, હર્ષકુશળ. |
| ૧૯ | શ્રીપાળ | ૧૫૫૭ | ,, લબ્ધિસાગર |
| ૨૦ | બોહાનો રાસ | ૧૫૬૦ આસપાસ | ,, લાવણ્યસમય. |
| ૨૧ | વજ્રસ્વામી | ૧૫૬૩ | ,, ધર્મદેવગણિ. |
| ૨૨ | ઋષિદત્તા | ૧૫૬૯ | ,, દેવકુલસિંહ. |
| ૨૩ | ગૌતમ સ્વામીનો રાસ | ૧૫૭૦ આસપાસ | ,, લાવણ્યસમય. |
| ૨૪ | ગૌતમપૃચ્છા રાસ | ,, | ,, ,, |
| ૨૫ | પ્રદેશી રાજા | ૧૫૮૦ | ,, સહજસુંદર. |
| ૨૬ | સુડા સાહેલી | ૧૫૮૫ | ,, ,, |
| ૨૭ | ચંદરાજા | ૧૫૮૬(?) | ,, મોહનવિજય(?) |
| ૨૮ | વસ્તુપાળ તેજપાળ | ૧૫૯૭ | ,, પ. ઋષિચંદ્ર. |

(ઉપેલી વિગતને માટે હું મારા મિત્ર રા૦ રા૦ મનસુખલાલ કીરતચંદનો આભારી છું). હવે હું મારો નિબંધ પૂર્ણ કરીશ. જૈન કવિઓએ લખેલા રાસ વગેરે કાવ્ય તથા ગદ્યના ગ્રંથો વડે ગુજરાતના ઇતિહાસનું, ગુજરાતી ભાષાના વિકાસનું, કેટલાક મહા પુરૂષોનાં ચરિત્રોનું, જૈનોના આચાર વિચારનું, ચાલતી સ્પર્ધાનું, યતિવર્ગના સતત ઉદ્યોગનું, રીત રીવાજોનું ઇત્યાદિ અનેક બાબતોનું જ્ઞાન થાય છે માટે જૈન સાહિત્ય વિષયે સાહિત્ય પરિષદ્ તથા જૈનો જાગ્રત થાઓ અને ગુજરાતી સાહિત્યનો વિજય થાઓ એટલું ઇચ્છી હું બેશી જવાની રજા લઉંછું. લિ. પોપટલાલ કેવળચંદ શાહ-રાજકોટ.

# હાલના જૈન ગ્રેજ્યુએટો અને વર્તમાન જૈન સાહિત્ય.

( લખનાર—મોહનલાલ દલીચંદ દેસાઈ. બી. એ. એલ એલ; બી.)

વીર ! પ્રભુતા જગવિષે—
એ આદેશ જ્વલંત !
સાચક છે સમ્બંધ—
પ્રભુના પ્રેર્યાં આપણા !

લલિત.

(૧)

પ્રસ્તાવ.

સુસમય એવો આવતો જાય છે કે જૈનોમાં સુશિક્ષિત વર્ગ જૈન સાહિત્યને વર્તમાન શૈલિએ ખીલવતો-પોષતો-અભિવૃદ્ધ કરતો ગુપ્તચર તરીકે નિરખતાં માલૂમ પડે છે, છતાં કહેવા વગર છૂટકો નથી કે મ્હોટો ભાગ તો સુષુપ્ત દશામાં ઘોરનિદ્રા લે છે. કેટલાક તો અર્ધજાગ્રત દશામાં પોતાનું કર્ત્તવ્ય સરખામણીમાં ઓછું સમજી જે કાંઇ મનમાં આવે તે લખ્ય; જાય છે-આદર્શ લક્ષમાં નથી-સાહિત્ય પ્રત્યે જીવનનું દષ્ટિબિંદુ નથી-અને સંસાર જંજાળમાં અલિસિકત રહી શ્રમમંથનથી કંટાળી જાય છે; જ્યારે બહુજ થોડા વિરલા ઉત્પન્ન થયા છે અને થતા જાય છે કે જે પોતાનું સાહિત્ય પ્રત્યેનું કર્ત્તવ્ય રસપૂર્વક સમજે છે, સમજી તેને કાર્યમાં મૂકવાની પ્રબલ ઇચ્છા કરતા રહે છે, અને તે પ્રબલ ઇચ્છાના વેગમાં તણાઇ કંઇ પ્રતાપી ચિન્હો મૂકી જવાય એવાં કાર્યોનો આરંભ પણ કરી રહ્યા છે. આ કઇ જાતનો આરંભ છે તે ગુપ્તચર તરીકે રહી જોવાથી નીચે પ્રમાણે માલૂમ પડે છે.

(૨)

હમણાંના ગ્રેજ્યુએટોની સુપ્રવૃત્તિ.

એક જૂના ગ્રેજ્યુએટ બહુ જાહેરમાં આવ્યા વગર સાહિત્યકાર્ય કરતા રહે છે-પશ્ચિમના વિદ્વાનો સાથે તત્સંબંધે પત્રવ્યવહાર ચલાવ્યા જાય છે-પુસ્તકપ્રકાશનમાં તેમની સહાય માગે છે-અન્ય પાસેથી સહાય મેળવી તે વિદ્વાનોને ઉત્તેજતા રહે છે; આની સાથે જૈન પ્રાચીન કાવ્યોની નોંધ, તેનો ઉદ્ધાર કરવા અર્થે યોજના કરતા રહે છે અને તે માટે જેને સહાય જોઇએ તે ઉદાર ચિત્તથી પ્રેમોલ્લાસપૂર્વક આપતા જાય છે.

એક પુખ્ત ગ્રેજ્યુએટે અત્યાર સુધીમાં બે પુસ્તકો અનુવાદ રૂપે બ્હાર પાડયા છે કે જેમાનું એક વિસ્તારપૂર્વક વિવેચન સહિત છે. આ બાંધવ હમણાં આનંદઘનજીનાં પદો ગવેષે છે, પ્રર્યેષક દષ્ટિથી તેનું મનન કરે છે, અને પ્રીતિશ્રમ ખાતર

નાપર હાલ તો પોતાને માટે વિવેચન લખતા જાય છે. આનું ફળ ભવિષ્યમાં આપણે પ્રાપ્ત કરીશું; અને તેની સાથે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યનું જીવનચરિત્ર વિસ્તારપૂર્વક લખે છે.

૨. સત્સંગી થીઓસોફીસ્ટોના લેખો ગુજરાતી ભાષામાં ખાસ કરી જૈનો સન્મુખ ભાષાંતર કે અનુવાદ (adaptation) ના રૂપમાં મૂકતાજ જાય છે, અને કોઈ વખત તેમને અન્યના પુસ્તક ઉપર વિવેચન લખતા સાંભળવામાં કે જોવામાં આવે છે. અને તેના ઉદાહરણ તરીકે શ્રીમદ્ હરિભદ્રસૂરિનું ન્યાયશૈલિએ પ્રણીત થયેલું શ્રાવક મુનિના આચાર શિખવતું ઉત્તમ પુસ્તક નામે "ધર્મબિંદુ" ( કે જે હાલ હુંડીઆના "જૈનસમાચાર" નામના સાપ્તાહિકમાં કટકે કટકે પ્રસિદ્ધ થાય છે, ) અને આત્મપ્રદીપ અને કોઈ વખત તેમને ન્હાની ન્હાની ચોપડીઓ નિબંધના રૂપમાં જેવીકે "જ્ઞાન-દીપક" "દયાનો ઝરો" આદિ બ્હાર પાડતા જોઈએ છીએ.

એક પ્રિય બાંધવ અન્ય પાસે "જૈન કાવ્ય મંજરી," "જૈન કથા કોષ," "જૈન સુભાષિત સંગ્રહ" આદિ વર્તમાન શૈલિએ પુસ્તકો રચવાનો-પ્રકાશાવાનો ભગીરથ પ્રયત્ન સેવે છે. પાશ્ચાત્ય શિક્ષણ શાસ્ત્રીઓનાં સિધ્ધાંતોનો અભ્યાસ કરે છે, તે સિધ્ધાં-તને જૈન આર્ય ભાવનામાં ઉછેરવા જોઇતા જૈન પુત્રોની શક્તિની સાથે દેશકાલ સ્થિતિ અનુસાર અનુકૂળ કરવાને ચિંતવન, મનન કર્યા કરે છે અને તે ચિંતવન-મનનનો પરિપાક થયે જૈન વાંચનમાળાનું ગુંથન કરવાની ઇચ્છા અડગ પ્રવૃત્તિ સાથે રાખી રહ્યા છે. આ તેમના જીવનનું લક્ષ્ય સ્થાન છે. આની સાથે જૈન કેળવણીના વિષય પરત્વે ગંભીર અને ઉચ્ચ આશયભર્યા વિચારો ન્યાયપુરઃસર આપતા રહે છે.

એક વળી બહુજ્ઞાન હોવાનો આડંબર ન કરતાં મહાભારત કાર્યમાં પ્રથમ પ્રવૃત્તિ અપ્રગટપણે કરી રહ્યા છે, અને તે મહાભારત કાર્ય તે જૈન સાઇકલોપીડીઆ છે. આમાં જૈન ઐતિહાસિક કથાઓ, ઐતિહાસિક પુરૂષો, પૂર્વાચાર્યો-ગ્રંથકર્ત્તાઓ-ગ્રંથો-જૈનના વસ્તીસ્થળો-તીર્થો-મંદિરો-જૈન સંકેતશાસ્ત્ર (Symbology)પારિભાષિક શબ્દો, આદિનો સમાવેશ થવાનો છે. કાર્ય બહુજ અગત્યનું અને પરિશ્રમનું છે, અને તે કાર્યમાં અન્ય માહિતીવાળા પુરૂષો-મુનિશ્રાવકોની સહાયની અપેક્ષા રહે છે. આ કાર્ય કરનાર બહુજ ઉત્સાહી છે, અને હાથ ધરેલા કાર્ય માટે જીવનનો લાંબો સમય અર્પવાના છે. તે કાર્યમાં તેમને વિજય મળો એમ ઇચ્છીએ છીએ.

એક જૈન પ્રાચીન કાવ્યમાલા અનુક્રમે બ્હાર પાડવાની પ્રવૃત્તિ કર્યા કરે છે. તેને સંશોધવાનું કાર્ય ચાલે છે, અને તે પર વિવેચનકર્ત્તાના જીવન સમેત પ્રકાશમાં લાવવાની પ્રબળ ઇચ્છા રાખે છે. તેને વિજય આમાં મળે કે ન મળે તેનો આધાર તેની આયુઃસ્થિરતા અને સમયલબ્ધિ પર છે એમ તેનું કહેવું થાય છે. આની સાથે ચંદ્રકાંત જેવું જૈન સાહિત્યમાંથી એક પુસ્તક અને જૈન સંસારનું મુખ્ય રીતે ભાન કરાવનાર અને જૈન ધર્મ અને તત્ત્વજ્ઞાનનું આલેખન કરનાર એવી એક નવલ કથા લખવાનું જીવનનું લક્ષ્યબિંદુ તેણે નિર્ણિત કરી રાખ્યું છે.

(૩)

**જૈન સાહિત્ય-સરિતા.**

આવી રીતે જૈન સાહિત્યસરિતા થોડા સમય પહેલાં ગિરિમાંથી ઝરણાં રૂપે નીકળી સતત પ્રવાહમાં ધીમા ધીમા વેગથી પણ મક્કમપણે આગળ વધતી જાય છે; જૈન મુનિમહારાજો હવે ગ્રંથનું પ્રકાશન મૂલ સ્વરૂપમાં કરતા જાય છે એટલુંજ નહિ, પરંતુ હવે બહુજ આછી વર્તમાન શૈલિપર પુસ્તકો લખતા જાય છે, તેથી આ સરિતાનું વિશેષ પોષણ થતું જાય છે. પરંતુ સખેદ જણાવવું પડે છે કે આજકાલ મુનિમહારાજો તરફથી સ્વાતંત્ર્યથી અને વિના વાસિત વિચારે લખનારા શ્રાવક લેખકોને દબાવવાનું કાર્ય આજકાલ શરૂ થતું જાય છે. આવું બંડ ભવિષ્યમાં નહિ થશે, અને જૈન સાહિત્ય સરિતા આગળ વધી પ્રબળ સ્રોતમાં વહેશે એમ અંતઃકરણપૂર્વક ઇચ્છીએ છીએ છતાં પણ કહી જવાય છે કે આવા બંડખોર પ્રતિબંધ થશે તોપણ સરિતા એ વખત આગળ વધી છે તે જરૂર પ્રચંડ વેગ ધરવાની, અને જોકે લાંબે કાળે તોપણ વિશાલ અને અનંત સમુદ્રમાં ભળવાની.

(૪)

**મુખ્ય ભાગ.**

હવે સુશિક્ષિત વર્ગનો મ્હોટો ભાગ શું કરે છે, અને ત્હેમના તરફથી શેની સુશિક્ષિતોનો જરૂર છે એ તપાસી ગ્રેજ્યુએટની હમણાંની એકાદ કૃતિ અવલોકી વિરમીએ.

કોઇ સ્વતું પાર્થિવ કલ્યાણ સાધે છે, પૌદ્‌ગલિક સુખમાં પોતાના કુટુંબના અને પોતાના ઉદરપોષણાર્થે દિનરાત પરિશ્રમ લેવામાં રમી રહેલા છે અને સમાજનું હિત-ધર્મની ઉન્નતિ-ધર્મસાહિત્યમાં પ્રેમ એ સર્વ દષ્ટકારક બાબતોને હમેશ વિસારી દીધી લાગે છે. કોઇ સાહિત્યમાં રસ લેવાને માટે ભવિષ્યનો વાનપ્રસ્થાશ્રમ કામે લગાડવાનો મનસૂબો કરે છે, કોઇ હમણાં ધર્મસાહિત્યના વાંચનમાંજ પ્રવૃત્તિ કરવી એવો મનસૂબો કરે છે—પણ તે મનસૂબો કલ્પનાજ રહે છે, અને કાંઇ કરી શકાતું નથી. કોઇ ક્ષુલ્લક લેખો બીજા પરદેશીય વિદ્વાનોના લાંબા અને વધારે સંખ્યામાં ઉતારાઓથી ભરી લખે છે, તો કોઇ ગમે તેમ કોઇ વિષયપર લખી નાંખી પેપરમાં મોકલાવી આપે છે. ધર્મસાહિત્યનું જ્ઞાન બહુજ ઓછું હોય છે. વધારે ખેદ પામવાનું એ છે કે કેટલાક અમે જૈન છીએ એમ કહી એ બ્હાને સાંસારિક સુખ શોધે છે, જ્યારે તેનાં અંતરંગ પરિણામ જોતાં તેઓ જૈન છે કે નહિ તે તો એક બાજુ રહ્યું. પરંતુ તેઓ હિંદુ છે કે નહિ તે પણ શક પડતું હોય છે. આર્ય ભાવનાઓ તેઓના હૃદયમાંથી વિલુપ્ત થઇ છે, અને અંગ્રેજી ભણીને અંગ્રેજ ધર્મની પરદેશીય ભાવનાઓ અને વિચારોને હૃદયમાં માનથી સ્થાન આપ્યું છે; પરંતુ હર્ષની બીના એ છે કે આવા ધર્મધૂર્ત બહુજ થોડા છે. કેટલાક જડવાદી બન્યા છે, કેટલાક જૈન ધર્મનું રહસ્ય સમજ્યા વગર ધર્મનો તિરસ્કાર કરે છે. અલબત Honest conviction is better than blind faith એટલે અંધ શ્રદ્ધા કરતાં પ્રમાણિક પ્રતીતિ વધારે સારી છે; પણ તે પ્રતીતિ પ્રમાણિક હોવી જોઇએ. કોઇ ધર્મને તેનું રહસ્ય

.ણ્યા વગર તિરસ્કારી શકીએ નહિજ; માટે જૈન ધર્મનું પૂર્ણ રહસ્ય પ્રથમ સમજવાને ાટે અમારી પૂર્ણ આગ્રહ સાથે વિનંતિ છે.

આની સાથે એક બીજી વાત કહેવી પડે છે. હાલના ગ્રેજ્યુએટોમાંના કેટલાક ાતાનું વિચાર સ્વાતંત્ર્ય વેચી કોણ જાણે શેનાથી ભયભીત થઇ રહે છે તે સમજમાં ાવતું નથી. આનું એક ઉદાહરણ લઇએ. એવું સાંભળવામાં આવ્યું છે કે એક જ્યુએટે કોઇ જૈન અંગ્રેજી પુસ્તકનું અવલોકન કરી છપાવ્યું. તે અવલોકનના મર્થનમાં તેણે અન્યદર્શનીમાંથી જેવાકે વિદુષી એનીબીસંટનો ઇત્યાદિ કોઇ ફકરા ગ્રેજી ટાંકયા હતા. આ ફકરા અન્યદર્શનીમાંથી લેવા માટે કોઇએ (પછી તે મુનિ ા કે શ્રાવક હો) તેને માટે ઠપકો આપતાં આ ગ્રેજ્યુએટે દીન વચનોમાં મારી ભૂલ ા એમ ખાનગી પત્રથી જાહેર કરી માફી માગી. આમ જો હોય તો કહેવાનું કે હુરે વાહ! આ ભાઇનું વિચાર સ્વાતંત્ર્ય! છતાં તે ભાઇને પડદામાં તેમ કરવાનું ક લાગ્યું હોય તો ભલે. આ અનુસંધાનમાં સાત એ અંક નીચે કવિતાના રૂપમાં ણેલાને વિનંતિ કરી છે તે જોઇ લેવી.

(૫)

**સુશિક્ષિતો આધારભૂત છે.** સુશિક્ષિત વર્ગ પર દેશનો-જ્ઞાતિનો-ધર્મનો આધાર છે. તેમના પ્રકાશથી અજ્ઞાનોનો અંધકાર દૂર થઇ શકે તેમ છે, જ્ઞાતિનું હિત સાધી શકાય તેમ છે. ધર્મની પ્રગતિ કરી શકાય તેમ છે અને દેશને ઉન્નતિના શિખર પર લઇ જઇ શકાય તેમ છે. જનસમુદાયપરિશ્રમ કરે છે તે સર્વને માટે, પરંતુ તે પરિશ્રમ પણ સફલ અને વિશેષ પરિણામી .નના પ્રભાવથી થઇ શકે તેમ છે. ધનવાનો લક્ષ્મીનો સંચય કરે છે, તે લક્ષ્મી ન્માર્ગે વપરાવાને પણ સુશિક્ષિત વર્ગની અપેક્ષા છે. મુનિમહારાજો ઉપદેશ કરે છે .ને પ્રતિબોધ પમાડવાને પ્રયત્ન કરે છે પરંતુ દેશકાલ સ્થિતિ, અને વર્તમાન માનામાં ઉત્તમ રીતે પ્રગતિ કરવામાં કઇ માર્ગ સૂઝાડનાર આ વર્ગ છે. આ પરથી ા વર્ગ પર કેટલી બધી જુમ્મેદારી રહેલી છે તેનો ખ્યાલ તુરત આવી શકે તેમ છે. ર્મસાહિત્ય જનસમાજપર કેટલીબધી અથાગ અને અપરિમિત રીતે અસર કરે છે- યને પોષે છે-કેળવે છે-ખીલાવે છે તેનું અત્ર વિવેચન કરવાની જરૂર નથી; તો વે સુશિક્ષિત વર્ગે ધર્મસાહિત્ય માટે પરમાર્થે પોતાના ધર્મ અને સ્વધર્મીઓની ન્નતિ અર્થે ઘણું બધું યથાશક્તિ કરવું જોઇએ.

**તેમનું સાહિત્ય પ્રત્યે કર્ત્તવ્ય.** જે કંઇ કરવું જોઇએ તે અહીં સૂચનામાત્ર તરીકે દાખવીશું; બાકી ખરી રીતે તો જેટલું હસ્તલિખિત અને અપ્રગટ જૈન સાહિત્ય છે તે ભંડારો- માંથી અને મુનિમહારાજને સમજાવી પટાવી તેમની પાસેથી પ્રાપ્ત કરી ધનવાન જૈનોની સહાયથી પ્રગટ કરવાનું છે. જ્યાંસુધી તેમ નહિ થાય ત્યાંસુધી ધર્મ ઉપર સ્વતંત્ર ગ્રંથો નીકળવા અતિ મુશ્કેલ ; તદપિ જે કંઇ હાલ વિદ્યમાન પ્રકટપણે છે તે પરથી નીચે પ્રમાણે થાય તો ણું સારૂં:—

(૧) જૈનધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો ટુંકામાં ને સરસ રીતે સમજી શકા તેવી સુંદર અંગ્રેજી ભાષામાં લખાવાની ઘણીજ આવશ્યક છે. જ્યાંસુધી આ ન થયું ત્યાંસુધી પશ્ચિમના વિદ્વાનો જૈન પરિભાષા સંપૂર્ણપણે સમજી શકશે નહિ અ તેથી પોતાના જ્ઞાન પ્રમાણે અનેક ભૂલો જૈન ધર્મના સંબંધમાં લખતાં કરશે; અ હાલનો ઉછરતો અંગ્રેજી ભણતો વર્ગ ગૃહધર્મ કેળવણીના અભાવે જડવાદી બનતો જઈ

(૨) જૈન તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતો કથાનુયોગે જનસમુહ સહેલાઈથી સમજી શ તેથી ચંદ્રકાંત જેવું પુસ્તક જૈનોમાં પ્રકાશન કરવાની જરૂર છે.

(૩) મહાવીર ચરિત્ર અંગ્રેજી ભાષામાં અને ગુજરાતી ભાષામાં સુંદર રી તત્ત્વજ્ઞાનપૂર્વક લખાવું જોઇએ છીએ. આપણે જોઈએ છીએ કે પારસીઓ પોતા ધર્મનાં પુસ્તકો અંગ્રેજીમાં કેટલા બધા બહાર પાડે છે અને પડાવે છે અને મુસલ માનો પણ 'ઇસ્લામની ખુબીઓ,' 'મહુમદનાં વચનો,' 'ઇસલામ ધર્મની વિધવિ અસરો' આદિ બહાર પાડી પોતાના ધર્મની ઉન્નતિ કરતા જાય છે, જ્યારે આપણા તેવું કંઇ નથી તે શરમાવા જેવું છે. આ મહાવીર ચરિત્રમાં વિદ્યાર્થી તરીકે, પુ તરીકે, બંધુ તરીકે, મહાન્ દાર્શનિક તરીકે, સાધુ તરીકે, ઉચ્ચ તત્ત્વજ્ઞાની તરી તીર્થ પ્રવર્તક તરીકે મહાવીર એવા એવા મથાળા કરી તેનાં જુદાં જુદાં પ્રકરણો કર તેમાં શ્રીવીર પ્રણીત સૂત્રોના પાઠો અને રહસ્યો પ્રવેશવાની જરૂર છે.

(૪) જૈન ઇતિહાસ-હજુ જેવો જોઇએ તેવો લખાયો નથી શ્રીમદ્ ભગવા મહાવીર સમય કેવો હતો-સામાજિક, ધાર્મિક અને રાજકીય પરિસ્થિતિ શું હતી પૂર્વાચાર્યોનાં સંપૂર્ણ ચરિત્ર, જૈન રાજાઓએ શાસનોન્નતિમાં આપેલો ફાળો તેઓનાં કાર્યો-કૃતિઓ, શિષ્ય પરંપરા, દરેકના સમયનો નિર્ણય, તીર્થો આદિન માહિતી વગેરે ક્રમવાર વિસ્તારપૂર્વક સંપૂર્ણરીતે લખાવાની બહુજ જરૂર છે. જ્યાંસુધ તવારીખ અને ઐતિહાસિક પ્રમાણો નથી ત્યાંસુધી શાસનનો વિજય કરવાની વાતે ફાંફા સમાન હાલના જમાનામાં છે. જમાનો વધતો જાય છે, આપણે પાછળ છીએ અને તે પ્રગતિ સાથે સાથે ચાલવું તો દૂર રહ્યું પણ પરાણે ઘસડાઇ પણ શકતે નથી. છેલ્લી સદીઓમાં થયેલા આચાર્યો અને સમર્થ લેખકો સંબંધે પણ અજ્ઞા અને તિમિરાંધકારમાં છીએ તે તો ખરેખર શરમાવું જોઈએ છીએ. ઇતિહાસ વગ અન્ય ધર્મોની સાથે બાથ ભીડવામાં શક્તિ ક્યાંથી આવશે?

(૫) જૈનો અને જૈનધર્મપર જુદી જુદી દૃષ્ટિએ અંગ્રેજીમાં લેખો લખ અંગ્રેજી માસિકોમાં આપવા જોઇએ છીએ.

(૬) જૈન શિલાલેખોનો ઘણો જથ્થો છે તે પ્રકાશમાં લાવવાનો છે.

(૭) જૈન પરિભાષા કોષ, જૈન કાવ્યદોહન આદિ બહાર પાડવાની ખાસ અગત્ય છે.

(૮) જૈન કથાઓનું હમણાં કોઈને સારી રીતે જ્ઞાન નથી, તો જેમ અન્ય ર્મની કથાઓનું ભાન નર્મ કથાકોષ જેવી નાની બુકોથી થઇ શકે છે તેવી રીતે ૈન કથાકોષ (અક્ષરાનુક્રમમાં) બનાવવાની પૂર્ણ જરૂર છે.

(૯) જૈન વાંચનમાળા માટે તો શ્રેણિબદ્ધ નિયમિત અભ્યાસ એક કમીટી ીમી નિર્ણિત કરવાની જરૂર છે, અને પછી જૈન વાંચનમાળા લખાવાની વ્યવસ્થા વી જોઇએ છીએ.

(૧૦) જૈન સાઇકલોપીડીઆ કરવા અર્થે સર્વે એજ્યુએટો સાથે મળી મુનિ-હારાજોની મદદ લઈ તેમાં સંપૂર્ણતા લાવવી ઘટે છે. એક મનુષ્યથી આવું કાય પૂર્ણ થઇ શકતું નથી. **संहतिः कार्यसाधिका.**

આમ અનેક વિધવિધ દૃષ્ટિથી જોતાં સાહિત્યનું ક્ષેત્ર વિશાળ અને વિશાળ ાલૂમ પડતુંજ જાય છે, માટે એજ્યુએટો પ્રત્યે અભ્યર્થના છે કે તેમણે પોતાને ોગ્ય અને અનુકૂળ માર્ગ લઇ ધર્મસાહિત્યને અજવાળવું, પોષવું, ખીલવવું, સમૃદ્ધ રવું, વિસ્તારવું.

(૭)

ભણેલાને વિનંતિ. આ વખતે એક એજ્યુએટે ભણેલાને વિનંતિ કરી છે તે અહીં અક્ષરશઃ આપીએ; જો તેનાથીજ તેઓની ઉંઘ ઉડતી હોય અને દેશની સેવા, સાહિત્યની ઉપાસના તેઓ ભલી રીતે કરતા હોય તો.

## ધન્યાશ્રી.

કાં વીલા થઈ સૂતા, ભણેલા કાં ઢીલા થઇ સૂતા?—ધ્રુવ૦
વિધવિધ લેખક વાંચી થાકયા? કે શું વિરાગે પાકયા?
ભણેલા કાં મન સન્ન ભરેલાં? ૧
પોથાં થોથાં ફેંકી આઘાં, આત્મ સુખથી રાચ્યા;
ભણેલા શું તમ સુખથી રાચ્યાં? ૨
આ ભવ ઉદધિ મસ્ત મચેલો, ત્યાં શું સુખથી રાચ્યા?
ભણેલા સુખબિંદુથી નાચ્યા? ૩
ઉદર તણું પોષણ જરી મળીયું, કે આવેશ વિરામ્યા;
તમારા કાં જુસ્સાય શમાયા? ૪
ઉદરંભરી થઇ તમ સૌ બેસો, નથી જરી શું લજવાતા?
ભણેલા મુધા સંતોષ ભરાયા? ૫
તમપર આશા અખિલ દેશની, તે શું નથી કંઇ જોતા?
ભણેલા દશદત્ત તક ખોતા? ૬

ઉંડો અંધેરી ઉંઘ કરો પરી, સિંહુચાળ ફેંકારી;
મચો રહો જેમાં સપડાયા, સમયપર કરો સ્વારી.
ભણેલા, આશા તમપર વારી,
દેશની, આશા તમપર ભારી;
ભણેલા, શું બેઠા પરવારી? ૭

૮

ઉપર આપણે ગ્રેજ્યુએટ માટે સાહિત્ય પ્રવૃત્તિનો માર્ગ કેટલીક સૂચના કર બતાવ્યો, તેમને કાવ્યથી વિનંતિ કરી; હવે આપણે હમણાંજ ગ્રેજ્યુએટની એક બહાર પડેલું અને આપણામાંના હોંશીદાર ગ્રેજ્યુએટના હસ્તથ શોભન કૃતિ. વિવેચનપૂર્વક લખાયેલું શ્રીમન્મુનિસુંદરસૂરિનું "અધ્યાત્મ કલ્પદ્રુમ પુસ્તક તપાસીએ.

"અધ્યાત્મ કલ્પદ્રુમ"—આ પુસ્તકની આકૃતિ મનોહર જોઈ આનંદ ઉપજે છે સુંદર ટાઈપ, મજબુત બાંધણી, અને પાક્કું પુંઠું આ પુસ્તકમાં જોઈ તેને વાંચવાનું જોનારને એકદમ મન થઇ આવે તેમ છે. આવું અત્યારસુધીમાં કોઈ જૈન પુસ્તકમ જોવામાં આવ્યું નથી; આમ છે એટલુંજ નહિ પરંતુ વસ્તુ, અને વસ્તુને આપવામ આવેલ દેખાવની ગણત્રી લેતાં કિંમત ઘણીજ જૂજ (રૂ. ૧-૪-૦ પડતર કિંમતવ લાગે છે) છે. બાહ્ય આકૃતિનું નિરીક્ષણ કરી હવે આપણે અંતરંગ આકૃતિ તપાસીએ

પ્રથમ પ્રસ્તાવનામાં અવકાશનો સમય વિવેચનકારે કેવી રીતે મેલવી, તેને સદુપયોગ કર્યો છે તે સૂચવાયું છે. પછી ઉપોદ્ઘાત વિસ્તારપૂર્વક લખાયેલ છે. તેમ ગ્રંથનો અધ્યાત્મ વિષય દ્રવ્યાનુયોગ વિષયે હોવાથી દ્રવ્યાનુયોગ સંબંધે અને અધ્યાત્મ સંબંધે સ્પષ્ટ ઉલ્લેખ યોગ્ય શબ્દોમાં કર્યો છે. આની સાથે વૈરાગ્યનું સ્થાન અને ભાવાર્થ સ્ફુટતાથી સમજાવેલ છે. આની પછી અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથ અને તેનું પ્રયોજન અને તેમના સોળ અધિકાર સંબંધે વિષયસૂચનની ઓળખાણ કરાવી છે. અને ત્યા પછી કર્તાની જીવનકલા તેમના સંબંધી મળી શકતા સર્વ આધારોને પ્રમાણે આપેલ છે. આધારોમાં સોમસૌભાગ્ય કાવ્ય, હીર સૌભાગ્ય, અને કર્તાના ગ્રંથો છે. કર્તાન ગ્રંથોની ટીપમાં હમણાં બહાર પડેલી જૈન ગ્રંથાવલિમાં સૂચન કરેલા ગ્રંથો કેટલા નથી અને કેટલાક તેથી પણ વધારે છે. નીચેના ગ્રંથો તેમના કરેલા અપ્રગટ છે એમ જણાય છે.

ત્રૈવિદ્ય ગોષ્ઠી—આ ગ્રંથ ત્રિદશ તરંગિણી કરતાં ભિન્ન હોય તેમ લાગે છે કારણકે તે ન્યાય અને સાહિત્ય વિષયક છે અને ત્રિદશ તરંગિણી તે કથાનુયોગ વિષયક છે. આમાં ૮૯૭ શ્લોક છે અને તે પાટણના અને અમદાવાદના ભંડારમાં છે

જયાનંદ ચરિત્ર—આમાં ૯૭૫ શ્લોક છે, અને તે પાટણ તથા અમદાવાદ ભંડારમાં છે.

ચતુર્વિંશતિ જિનસ્તોત્ર—આમાં ૫૦૪ શ્લોક છે અને પાટણના ભંડારમાં છે.

સીમંધર સ્તુતિ—આ ડેક્કન કોલેજની લાયબ્રેરીમાં છે.

શ્રીમુનિસુંદર મુનિનો આ ઉપોદ્ઘાતમાં જણાવ્યા પ્રમાણે જન્મ સં. ૧૪૩૬ ની સ્વર્ગગમન સંવત્ ૧૪૯૯ છે; પરંતુ ધર્મસાગરોપાધ્યાયની તેમજ અન્ય પટ્ટાવલિમાં સ્વર્ગગમનની તીથિ સંવત્ ૧૫૦૩ કાર્તિક શુદિ પ્રથમા આપેલે છે.

આ જીવનકલામાં તેમના સમયમાં થયેલા અન્યદર્શનની વિદ્વાનો અને દિગંબર તના આચાર્ય કોણ હતા, અને તેમની સાથેનો સંબંધ આપ્યો હત, તો વિશેષ ઉપયુકત થાત. દાખલા તરીકે ચૈતન્ય ( સં. ૧૪૮૯-૧૫૩૩ ) કે જેણે વૈષ્ણવ ધર્મને સારી રીતે પુષ્ટિ આપી છે. આજ અરસામાં યૂરોપમાં મહાન્ લ્યુથર પણ જન્મ્યો હતો.

આ સિવાય ઉપોદ્ઘાતમાં આં ગ્રંથપર ઉત્તમ ટીકા કરનાર શ્રી ધનવિજયગણિ સંબંધે બહુજ ટુંક ઉલ્લેખ કર્યો છે. જો તેમનો સમય, અને ગુરૂપરંપરા આપી હત તો વિશેષ ઉપયુકત થાત. છેવટે જોડેલ ગુજરાતી ચોપાઇ આ ગ્રંથના સમશ્લોકી ભાષાંતર તરીકે આપેલ છે તે બહુજ સારૂં કર્યું છે. આનો કર્ત્તા ઉપોદ્ઘાતમાં રંગવિજય કહેલ છે, તે ચોપાઇના છેવટે રંગવિલાસ એ નામ મ્હોટા ટાઇપમાં આપેલ છે, જ્યારે તે ચોપાઇ મોકલનાર રા. રા. કેશવલાલ પ્રેમચંદ મોદી પોતે કરેલ સમાલોચના કે જે જ્ઞાનપ્રકાશ, જૈનધર્મ પ્રકાશ અને સનાતન જૈનમાં પ્રસિદ્ધ થયેલ છે તેમાં "નયવિજયગણિ" એમ લખે છે. આ નામ છેવટના ૧૫ દુહામાંના ૧૦ મા દુહાની 'એમ નર ( ય ) વિજયતણે વચન, ધરમારથ ઉપયોગ' એ પરથી લઇ લીધું હશે.

હવે વિવેચન પર આવીએ. આજકાલના વિવેચનમાં પુનરૂક્તિ દોષ બહુ પ્રમાણમાં થાય છે, તો તે ન થાય એવી વિવેચનકારે બારીક દૃષ્ટિથી ધ્યાનમાં રાખવું જોઇએ. આ મુનિશ્રી બુદ્ધિસાગર અને પંડિત લાલને જરા લક્ષમાં રાખવાનું છે. આ ગ્રંથના વિવેચનકારે પોતાની તરફથી કદાચ પુનરૂક્તિ થઇ જાય એ માટે પૃષ્ઠ ૦ મા ઉપર શ્રી ઉમાસ્વાતિ મહારાજનો શ્લોક ટાંકી પોતાનો બચાવ યોગ્ય રીતે કરી લીધો છે કે ઉપદેશાત્મક ગ્રંથમાં વારંવાર કથન તે ઉપદેશનો પુષ્ટિ હેતુ છે, છતાં વિવેચનકારે તેમ ન થાય એવી બારીક દૃષ્ટિ રાખી વિવેચનકાર્ય કર્યું છે. વિવેચનમાં અનેક વિદ્વાનો-પૂર્વના તેમજ કોઇ પશ્ચિમના વાકયોના-કાવ્યોના આધાર લઈ વિષયને વિધવિધ દૃષ્ટિથી એક એક ક્રમથી પુષ્ટિ આપી છે, અને તેથી વિષયને સારી રીતે છણ્યો છે. પુનરૂક્તિ બહુ ઓછી છે અને તેમ ઉપદેશ ગ્રંથમાં હોવુંજ જોઇએ; એક વસ્તુને અનેક વિશેષણો અપાય છે, છતાં તે વિશેષણમાં એકએકથી મહત્વતા હોય છે અને પુનરૂક્તિ આવતી નથી. એક વસ્તુની સાથે બીજી સજાતીય વસ્તુઓ આપી હોય પણ તે વસ્તુમાં પુનરૂક્તિ થતી નથી. ઉદાહરણ લઇએ. ઉપોદ્ઘાતના પૃષ્ઠ ૪૮ મે નીચે પ્રમાણે લખાયું છે—"મનુષ્ય ગમે તેટલા પૈસા પ્રાપ્ત કરે, ગમે તેટલાં મોજશોખનાં સાધનો એકઠાં કરે, ગમે તેવા વૈભવો ભોગવે, ગમે તેટલું માન પ્રાપ્ત કરે, પણ વસ્તુતઃ આધ્યાત્મિક દૃષ્ટિએ જો તેનામાં સમતા ન

હોય તો સર્વ શૂન્ય છે, અધમ છે અને તેથી પણ વધારે હાનિકારક છે, કારણ તે કારણો અતિ ખરચાળ છે, ઉડાઉ છે, નુકશાન કરનારાં છે અને પરભવે અધોગતિમાં પતન કરનારાં છે."

ભાષા સરલ અને પ્રૌઢ છે, તેથી સામાન્ય તેમજ ઇતર જનો બંનેને પસંદ પડે તેવી છે. વસ્તુ આધ્યાત્મિક હોવાથી ગહન હોવા છતાં સરળ ભાષાથી અને સરલ વિવેચનથી વધારે સ્ફુટ અને સરળ કરાયો છે. યતિશિક્ષા હાલના મુનિવરો માટે ખાસ ઉપયોગી છે. તે સિવાયનો વિષય સામાન્ય રીતે શ્રાવકોને તો વિશેષ ઉપયોગી છે. આ ગ્રંથ જૈનમુનિનો હોવા છતાં અન્યદર્શનીઓ પણ આના મનનથી વિશેષ લાભ મેળવી આત્મ કલ્યાણ શાધી શકે તેમ છે.

અમે ઇચ્છીએ છીએ કે આવા ગ્રંથો વિશેષ પ્રગટ થાય, અને વિવેચનકાર વિશેષ જૈન સાહિત્યસેવા પોતાના અનવકાશ આપનારા ધનદ ધંધાથી સમય મેળવી બજાવે અને ઉપમિતિ ભવપ્રપંચના અધુરા ભાગનું ભાષાંતર આગળ ચલાવે. આ ગ્રંથ શેઠ અમરચંદ તલકચંદની ધાર્મિક પરીક્ષાના અભ્યાસક્રમમાં નિર્ણીત થયો છે તે યોગ્યજ થયું છે. દરેકને આ ગ્રંથ પોતાના ગૃહ વાંચનાલયમાં રાખી મનનપૂર્વક વાંચવાને અમારી ભલામણ છે; અને જૈન વિવેચનકારોને આ વિવેચનકારનું અનુકરણ કરવા અમારી નમ્ર અને શુભાશયપૂર્વક વિનંતિ છે.

૯

છેવટે રા. લલિતની થોડી કડીઓ ટાંકી આપણા વર્તમાન અને ભાવી જૈન પુનઃ સ્મરણ ભણેલા ગ્રેજ્યુએટોને વધારે વિશાલ સેવા કરવાનું નમ્રતાથી સૂચવી વિરમીએ.

વીરા! નારાયણ બને—
કલ્યાણક નર નાર;
આપણનો અધિકાર—
સેવામાં જીવ-જગતની!

---

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ગઢવાડા પ્રાંત કડી મધ્યે શ્રી તારંગાજી તીર્થના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાના વહીવટકર્ત્તા શેઠ. ફતેચંદ સાંકળચંદ પ્રમુખ તથા શેઠ. લલ્લુભાઇ સુરચંદ સેક્રેટરીના હસ્તકનો સંવત ૧૯૫૯ થી તે સંવત ૧૯૬૬ ની સાલ સુધીનો સદરહુ તીર્થની પેઢી ઉપરના મુનીમ પાસેથી હીસાબ તપાસ્યો અમોએ શરૂ કર્યો તે દરમીયાન તેને લગતી કેટલીક જંગમ મીલકત તથા ચોપડા દેખડાવવા બદલ શેઠ ફતેચંદ સાંકળચંદ પાસેથી ખુલાસો મેળવવાનું જણાવી મુકામ શ્રી વડનગર જઇ પાછા

ાવવા બાદ કાંઇ ખુલાસો નહીં કરવાથી તે કામ અધુરૂં મૂકી અમો ત્યાંથી નીકળી યા. ત્યારબાદ અમોએ સદરહુ ગ્રહસ્થ સાથે પત્રવહેવાર ચલાવવાનો પ્રયત્ન કર્યો ણુ અમારા પત્રનો તેમણે કાંઇ ખુલાસો નહીં આપવાથી તે કામ અધુરૂં મૂકી આ લગીરી ભરેલો રીપોર્ટ બાહાર પાડવાની મને જરૂર પડી છે એજ.

જીલ્લે ખાનદેશ તાલુકે આકોલા તાબાના ગામ સીરપુર મધ્યે આવેલા શ્રી ંતરીક્ષ પાર્શ્વનાથજી માહારાજના દેહેરાસરજીના વહીવટની શાખા જીલ્લા નાસીક ાબાના ગામ ચેવલા મધ્યે ચાલે છે તે વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ ખાતાના શ્રી સંઘ તરફથી વહીવટકર્ત્તા શેઠ. રતનચંદ અંબાવીદાસ તથા .ઠ. કલ્યાણચંદ લાલચંદ શાહના હસ્તકનો સંવત ૧૯૫૬ ના માહા શુદ. ૨ થી સંવત ૯૬૩ ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું ાખી રીતે રાખી કાલજીપૂર્વક વહીવટ ચલાવતાં જોવામાં આવે છે.

મજકુર ખાતાની ઉપજ ખરચનો વીગતવાર હીસાબ તથા તેને લગતી જંગમ થા સ્થાવર મીલકત તેમજ કીમતી દસ્તાવેજો વીગેરે સીરપુર મધ્યે હોવાથી જોવામાં ાવ્યા નથી. માટે સદરહુ વહીવટની તપાસણી થએ તેનો જુદો રીપોર્ટ બાહાર ાડવામાં આવશે.

સદરહુ ખાતામાં સુધારો વધારો કરવા શેઠ. કલ્યાણચંદ લાલચંદ શાહ તન-મન .નથી જે પ્રયત્ન કરી રહ્યા છે તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

મજકુર ખાતાનો વહીવટ તપાસી તેમાં જે જે ખામીઓ દેખાણી તેને લગતું ૂચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે એજ.

જીલ્લે કાઠીયાવાડ તાબે ચુડા મધ્યે આવેલી શ્રી પાંજરાપોલ ( ખોડા ઢોર ) ના હીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાનો વહીવટ ચલાવવા માટે માહાજન તરફથી નીમાએલી કમીટીના ભ્બરો શેઠ. મગનલાલ હરજી, શેઠ જેઠાભાઇ અમરસી, મેતા છગનલાલ ડોશાભાઇ ીગેરે બાર મેમ્બરોના હસ્તકનો સંવત ૧૯૬૧ થી તે સંવત ૧૯૬૨ ના આસો વદ )) સુધીનો વહીવટ તથા તેને લગતો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં સંવત ૧૯૬૧ ી સાલ પહેલાંના વહીવટકર્ત્તાએ સદરહુ વહીવટને લગતું નામું ગુંચવણ પડતું રી નાંખી તેમજ પોતાની જાતે સદરહુ સંસ્થાની ઉપર દેખરેખ નહીં રાખતાં ત્યાંના ાકરો ઉપર વિશ્વાસ રાખી વહીવટ સદંતર ગોટાળા પડતો ચલાવ્યો હોય તેમ લાગે ે કારણ કે સદરહુ સંસ્થાની કેટલીક જંગમ મીલકત ઉચાપત થઇ ગઇ; કેટલીએક ાવકો બરોબર વસુલ આવી જમે થએલી નથી. એવાં અનેક કારણો માહાજનના ણવામાં આવવાને લીધે કેટલાએક લાગાઓ તોડી નાંખેલ; તેમજ માહજનમાં બે ડ પડી ગએલા હોવાથી એક બીજા પોતપોતાના તડની ઉપજ કબજે કરી બેઠેલા થી ઢોરો પણ દુઃખી થવાં લાગ્યાં. તે ઉપરથી માહાજન ભેગું થઇ બેઉ પક્ષમાંથી

બાર ગ્રહસ્થો ચુંટી કાઢી તેની કમીટી નીમી. સંવત ૧૯૬૧ ની સાલથી નવેસર ચોપડા બંધાવી વહીવટ શરૂ કર્યો તે વખત સદરહુ કમીટીના હાથમાં કાંઈપણ મીલકત આવેલી નહીં. તેમ છતાં કમીટીએ પોતાના તન-મનથી પૂરતી મહેનત લઇ સદરહુ સંસ્થાની ઉપજમાં વૃદ્ધિ કરી સારી સ્થિતિમાં લાવી મૂકવા માટે સદરહુ કમીટીના મેમ્બરો તેમજ ત્યાંના માહાજનને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે. તેમાં મુખ્યકરી ગાંધી લખમીચંદ હરજીભાઈ તથા કપાશી ઓઘડદાસ ગુલાબચંદભાઇ તથા મહેતા તલકસી હરીભાઇ તથા શા. રાજેશ્રી મંગળદાસ છગનલાલભાઈ તથા શા. નાનજી જેઠાભાઈ તથા ગાંધી. ભાઇચંદ મોતીચંદે પૂરતી મદદ કરી મુંબઇમાં ટીપ કરી એક સારી જેવી રકમ મેળવી તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે; તેમ છતાં સદરહુ પાંજરાપોલનું મકાન બરાબર નહીં હોવાથી તેમાં નાનાં ઢોરોને કેટલીક રીતની આપદા વેઠવી પડે છે વીગેરે જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર સદરહુ કમીટી ઉપર મોકલી આપવામાં આવ્યું છે એજ.

લી૦ શ્રી સંઘનો સેવક,
ચુનીલાલ નહાનચંદ
ઑનરરી ઓડીટર.
જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

સંવત ૧૯૬૬ ના જેઠ વદી ૯ થી અશાડ વદી ૧૦ એટલે તા. ૧-૭-૧૦ થી તા. ૩૧-૭-૧૦ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.

રૂ. ૭૪૧૬-૧૩-૩ ગયા માસના પૃષ્ટ ૧૮૮ મે જણાવ્યા મુજબ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨-૦-૦ | ગાધકડા | ૦-૧૨-૦ | નાના ભમોદ્રા | ૧-૦-૦ | શીમરણ |
| ૧-૪-૦ | ચરખા | ૧-૧૨-૦ | ચલાળા | ૧-૧૨-૦ | ધારંગણી |
| ૦-૮-૦ | પીડવડી | ૦-૧૨-૦ | ઇંગોરાળા | ૧-૪-૦ | સમઢીઆળા (પાલીતાણા) |
| ૦-૪-૦ | સરવેડી | ૧-૦-૦ | પાડાપાણ | ૦-૧૨-૦ | ખીજડીઆ |
| ૧-૮-૦ | સુરનગર | ૦-૧૨-૦ | ટીંબા | ૦-૪-૦ | મોતીસરી |
| ૦-૪-૦ | બાદરપર | ૦-૪-૦ | વડીઊં | ૦-૪-૦ | મોખડકા |
| ૧-૪-૦ | નવુંગામ | ૦-૮-૦ | ઈંટાળીઆ | ૦-૧૨-૦ | રતનપર ( ખેતરાઊ ) |
| ૦-૧૨-૦ | મોણપર | ૦-૮-૦ | કંથારીઆ | ૦-૮-૦ | જાળીઆ |
| ૦-૮-૦ | રતનપર(ચાડા) | ૦-૮-૦ | રાજપરા | ૦-૪-૦ | કેરીયા ( નીંગાળા ) |
| ૧-૪-૦ | અલમપર | ૦-૮-૦ | દુદાધાર | ૦-૧૨-૦ | નવુંગામ ( દરેડ ) |
| ૧-૦-૦ | પછેગામ (બાકી) | ૨-૪-૦ | સમઢીઆળા (ધોળા) | ૨-૦-૦ | ચભાડીઆ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧-૪-૦ | રાજપીંપળા | ૦-૪-૦ | વીરડી (ખોપાળા) | ૦-૧૨-૦ | સોનગઢ |
| ૦-૧૨-૦ | જીંથરી | ૧-૦-૦ | પીંપળીઆ (શીહોર) | ૦-૪-૦ | ઉસરડ |
| ૦-૮-૦ | વડીઆ(શીહોર) | ૪-૧૨-૦ | ટાણા | ૦-૪-૦ | રાજપરા ( ટાણા ) |
| ૦-૮-૦ | ઢુંઢસર | ૦-૮-૦ | ડાજાવદર | ૦-૮-૦ | કનાડ |
| ૦-૪-૦ | સખવદર | ૦-૪-૦ | જાંબાળુ | ૦-૪-૦ | ખારી |
| ૦-૪-૦ | વાવડી | ૦-૮-૦ | ભાદાવાવ | ૦-૧૨-૦ | અણીડું |
| ૦-૧૨-૦ | ભંડારીઆ | ૧-૪-૦ | સાણોદર | ૧-૪-૦ | બાડી |
| ૦-૧૨-૦ | કરેડા | ૦-૧૨-૦ | નાગધણીબા | ૦-૪-૦ | વાવડી |
| ૦-૪-૦ | મોરચંદ | ૦-૧૨-૦ | તરસમીયું | ૦-૮-૦ | રાજથળી મોટી |
| ૦-૧૨-૦ | સેંજળીયું | ૦-૪-૦ | લોઇચડા | ૦-૮-૦ | ખાખરીઆ |
| ૧-૮-૦ | કુંભણ | ૦-૮-૦ | બડેલી | ૦-૧૨-૦ | નવુંગામ ( બડેલી ) |
| ૩-૧૨-૦ | નોંઘણવદર | ૦-૪-૦ | જરીઆ | ૧-૮-૦ | સમઢીઆળા (નોંઘણવદર) |
| ૧-૦-૦ | સાંઢખાખરા | ૦-૮-૦ | પીથલપર | ૧-૧૨-૦ | સેમલીઆ |
| ૮-૮-૦ | નંદાસણ | ૪-૦-૦ | એંદરાડ | ૧-૪-૦ | માથાશુળ |
| ૦-૮-૦ | ઇરાણા | ૭-૬-૦ | કંડ | ૨-૧૨-૦ | વડાવી |
| ૦-૮-૦ | પુલેત્રા | ૨૦-૪-૦ | આદરજ મોર્ડા | ૧૦-૦-૦ | થોલ |
| ૦-૮-૦ | બોરીસણ | | | | |
| ૧૨-૮-૦ | વાંકાનેર | ૧૦-૮-૦ | ડભોઇ (બાકી) | ૩૩-૦-૦ | ઇંદોર |
| ૧૮૪-૨-૦ | | | કુલ રૂપીઆ ૭૬૦૩-૧૫-૩ | | |

---

## સ્વર્ગવાશી. શ્રી ભરૂચનિવાશી શેઠ. અનુપચંદ મલુકચંદને વાસ્તે શ્રી રંગુનના શ્રી જૈન સંઘ તરફથી પ્રદર્શિત કરવામાં આવેલો શોક.

અત્રે અશાડ સુદ ૪ તા. ૧૦-૭-૧૦ રવેઉને રોજે અત્રેના શ્રી જૈન સંઘની એક મીટીંગ અત્રેના શ્રી જૈન શ્વેતાંબર મંદીરના નીચેના મકાનમાં શેઠ મુલજીભાઈ તેજશીના પ્રમુખપણા નીચે મલી હતી. તે વખતે શ્રી ભરૂચનિવાશી શેઠ અનુપચંદ મલુકચંદ કે જેઓ જૈન તત્વજ્ઞાનના જાણનારા, અનુભવી, ધર્મજ્ઞ અને ક્રિયાપાત્ર ગૃહસ્થ હતા, અને જેવણ જેઠ શુદ ૧૪ ને રોજ શ્રી પવિત્ર શેત્રુંજયગિરિ ઉપર સમાધિપૂર્વક પંચત્વને પામ્યા તે ખેદકારક બનાવ માટે શોક દર્શાવવામાં આવ્યો હતો અને તે સંબંધી નીચેના ઠરાવો ગંભીર ચુપકીદી વચે પસાર કરવામાં આવ્યા હતા.

૧ ભરૂચનિવાશી શેઠ અનુપચંદ મલુકચંદ ઉપવાસના ઉત્તમ તપમાં પોતાની શુભ ભાવનાઓ સહીત જેઠ શુદ ૧૪ ના રોજે શ્રી પવિત્ર તીર્થાધિરાજ શ્રી શેત્રુંજયગિરિ ઉપર યાત્રા નિમિત્તે ચઢતાં રસ્તામાંજ પંચત્વને પામવાથી તેમના આત્માનું અવશ્ય કલ્યાણ થયું છે. પરંતુ તેમના જેવા તત્વજ્ઞાનવેત્તા, જૈન ધર્મના અનુભવી,

ક્રિયા ...ડમાં પ્રવીણ, શુદ્ધ આચાર પાળવાવાળા, પંચત્વ પામેવાથી આપણા જૈનસમુદાયને એ... નહીં પુરી શકાય તેવી ખોટ ગઈ છે જેથી આજે મળેલો રંગુનનો શ્રી જૈનસં... પોતાની ઉંડી લાગણીથી શોક પ્રદર્શીત કરે છે.

૨ શેઠ અનુપચંદ મલુકચંદના પંચત્વ પામવાથી જેવી રીતે શ્રાવકસમુદાયને એક મેટી ખોટ પડી છે તેવી રીતે તેમના કુટુંબને પણ નહિ સહન કરી શકાય તેવી ખોટ પડી છે તે માટે અત્રેનો શ્રી જૈનસંઘ મરહુમના કુટુંબના દુઃખમાં ભાગ લઈ અંતઃકરણથી દીલાસો આપે છે.

૩ અત્રેના શ્રી જૈનસંઘની આજે મળેલી મીટીંગમાં શેઠ અનુપચંદ મલુકચંદના પંચત્વ પામવાથી શોક પ્રદર્શીત કરનારા પસાર થયેલા ઠરાવો મરહુમના કુટુંબ ઉપર મોકલ...ી આપવા શ્રીસંઘ પ્રમુખસાહેબને સત્તા આપે છે.

## જૈન પાઠશાળાની સ્થાપના.

...ત્રે ગઈ તા. ૧૦ જુલાઈ સને ૧૯૧૦ ને રોજે સ્વર્ગસ્થ શેઠ અનુપચંદ મલુકચંદને શોક પ્રદર્શિત કરવા શ્રી જૈન સંઘની એક મીટીંગ થઈ હતી, તે વખતે મરહુમ ગ્રહસ્થને વાસ્તે દિલગીરી દર્શાવવામાં આવ્યા બાદ કેટલાક ગૃહસ્થો તરફથી એવી સૂચના કરવામાં આવી હતી કે મરહુમ ગૃહસ્થ જેવા ધર્મજ્ઞ અને અમુલ્ય મહા પુરૂષની યાદગીરી કોઇ રીતે હમેશને વાસ્તે જળવાઇ રહે એવું કોઈ કામ થવું જોઈએ. ...પરની સૂચના અમલમાં લાવવાને વાસ્તે શ્રી સંઘ એવા ઠરાવ ઉપર આવ્યો હતો ઉપરનો હેતુ સિદ્ધ કરવાને વાસ્તે સર્વેથી સરસ સાધન અત્રે એક જૈન પાઠશાળા ખોલવાનો છે; અને તે પ્રમાણે ગઈ તા. ૨૭ મી જુલાઇ સને ૧૯૧૦ એટલે અશાડ વદ ૫ બુધવારને રોજ શ્રી કર્ક લગ્ન અને શ્રી લાભ ચોઘડીએ શ્રી જૈન પાઠશાળાનું મહુર્ત કરવામાં આવ્યું હતું. તે પ્રસંગે અત્રેના આગેવાન ગ્રહસ્થો પૈકી શેઠ શોભાગ...મલ ગોકળચંદ, શેઠ મુળજીભાઇ ધારશી, શેઠ મનસુખલાલભાઈ સુરજમલ, શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢા, શેઠ રામચંદ્રભાઇ જેઠાભાઇ, શેઠ હીરાલાલ ચુનીલાલ, શેઠ લક્ષ્મીચંદ માણેકચંદ, શેઠ નરશી તેજશી શેઠ ટોકરશી મુલજી, શેઠ મુળચંદ ખેમચંદ વગેરે ઘણા સંભાવીત ગ્રહસ્થો હાજર હતા અને તે વખતે શ્રી કલ્પસૂત્ર અને શ્રી સરસ્વતી દેવીની પૂજા કર્યા બાદ માન્યવર ગુલાબચંદજી ઢઢ્ઢાએ હાજર રહેલા બાળકોને ઉદ્દેશીને એક બહુ મનન કરવા લાયક અને બોધદાયક ભાષણ સાદી ભાષામાં આપ્યું હતું. પારબાદ બાળકોને જૈન ધર્મનાં જ્ઞાનપુસ્તકો તેમજ પેંડા વહેંચવામાં આવ્યા હતા

ઉપરના પ્રસંગની ખુશાલીમાં પાઠશાળામાં શીખવા આવતા છોકરાંઓને જ... પડવે ધાર્મિક પુસ્તકો, સ્લેટો વગેરે જરૂરીઆતની ચીજો પૂરી પાડવા વાસ્તેના ફં..ડ રૂ. ૨...૨ બસોપચીશ આશરે ભરાઇ ગયા હ...

...છોકરાંઓને જ્ઞાન આપવા વાસ્તે બીજી કાંઇ સંગીન સગવડ શ્રીસંઘ this ...ળવી શકાય તે દરમ્યાન મી. ઠાકરશી લખમશીએ પોતાનો ઇરાદો ઓન... દરરોજ સવારે એક કલાક સૂધી છોકરાંઓને શીખવવાનો જાહેર કીધો ... તેમાં મી. માલશીભાઇએ પણ તેવીજ રીતે પોતે મદદ કરવાનો ...િ... હતો. તે સાંભળી સભાસદોએ હર્ષનાદ કર્યો હતો. અને તેમના નિ...quals and ખુશાલી પ્રદર્શીત કરી હતી. બાદ એક માસ પછી એટલે શ્રાવણ ... બાળ...ની પરીક્ષા લેવી અને પછી કાયમને વાસ્તે કોઇ લાયક ... એવો ઠરાવ કરી શ્રી આરતી કરવામાં આવી હતી. અને છેલ્લે ... ...tudy and under- નની જય બોલાવી સભા વીસર્જન થઇ હતી. ...eligion.

## શોક જનક મૃત્યુ.

અમોને જણાવતાં અત્યંત દિલગીરી થાય છે કે ભરૂચનિવાસી શેઠ અનુપચંદ મલુકચંદ જેઓ જૈન કોમમાં વિદ્વાન નર રત્ન ગણાતા હતા તેઓ જેઠ શુદિ ૧૪ ને દિવસે શ્રી સિદ્ધાચળ ઉપર ચડતાં પંચત્વને પામ્યા છે. આ મહાન નર જૈન ધર્મનું બહુ ઉંચું જ્ઞાન ધરાવતા હતા. તેઓ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના દક્ષિણ ગુજરાતના પ્રાંતિક સેક્રેટરી તરીકે કામ કરતા હતા અને કોન્ફરન્સ તરફ અત્યંત પ્રીતિ ધરાવતા હતા. તેઓના મૃત્યુથી જૈન કોમમાં ન પૂરાય તેવી ભારે ખોટ પડી છે. તેઓના આત્માને શાંતિ મળો એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

## જાહેર ખબર.

મહુવાવાળા મી. ચત્રભૂજ તારાચંદને ઉપદેશક તરીકે થોડા વખત માટે રાખી રજા આપેલી છે. તેમજ ઉપદેશક મી. ત્રીભોવનદાસ જાદવજીને પણ તા. ૧૬-૪-૧૦ થી રજા આપી છે. તો તેઓ કોન્ફરન્સના નામે કોઇ પણ સ્થળે જાય આવે તેમ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સને કાંઇપણ સંબંધ નથી. વળી તેઓને કોઈ પણ ગૃહસ્થે શ્રી સુકૃત ભંડાર ફંડ વીગેરેના પૈસા આપવા નહીં. મી. ચત્રભૂજ તારાચંદ પાસે નં. ૧૪૮૫૧ થી ૧૪૯૦૦ લગીની ૫૦ પાનાની સુકૃત ભંડાર ફંડની ૧ રસીદબુક રહેલી છે, તે રદ કરવામાં આવી છે. માટે તે નંબરની પહોંચના કોઈએ પૈસા આપવા નહીં.

હાલમાં અમારા તરફથી નીચે લખ્યા ૩ પગારદાર ઉપદેશકો શ્રી સુકૃત ભંડાર ફંડ વસુલ કરવા વીગેરે કામ માટે ગુજરાત-કાઠીઆવાડમાં ફરે છેઃ—

મી. વાડીલાલ સાંકળચંદ-અમદાવાદવાળા. મી. હરખચંદ ભાભાભાઈ-

,, ગુલાબચંદ શામજી—પાલીતાણાવાળા. પાલીતાણાવાળા. જૈન શ્વેતાં. કોન્ફ.


### TUTORIAL CLASSES.

ધંધાદારીઓને ઇંગ્રેજી વાતચીત, વેપારી પત્રવ્યવહાર એક વર્ષમાં ખાસ નવીન ઢબ મૂજબ (સાધારણ) શીખવવામાં આવે છે. ફી રૂ. ૫૦) તે ચાર હફતે દર ત્રણ ત્રણ માસ માટે રૂ. ૧૨॥ એડવાન્સ લેવામાં આવે છે. ટાઇમ રાત્રીના ૮ થી ૯ (મુ.ટા.) હાઈસ્કુલના વિદ્યાર્થીઓને કલાસના ધોરણ મુજબ શીખવવામાં આવે છે. અનુભવી કેળવાયેલા શીક્ષકો રોકવામાં આવ્યા છે. વધુ હકીકત માટે લખો યા મળો.

વી. કે. જૈન લાઇબ્રેરી.
ાયધુની—મુંબઈ.

**લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**
પ્રોપ્રાયટર ટ્યુટોરીયલ—કલાસીઝ

### ાશાળા તેમજ કન્યાશાળા માટે ખાસ ઉપયોગી.



"હાથથી ગુંથવાના સંચા."

વહેપારી તેમજ ગૃહસ્થ ઘરનાં સ્ત્રી બાળકો પણ લાભ લઇ શકે તેવા સરસ અને સફાઇદાર મોજાં, ગલપટા, ટોપીઓ, ગંજીફરાક વીગેરે ઘણીજ સહેલાઇથી અને ઝડપથી બનાવવાના અસલ ઇંગ્લીશ બનાવટના

કાં૦ માં મળે છે. પ્રાઇસલીસ્ટ મફત.

૦ જે૦ એચ૦ એ૦ નં૦ ૧૨૫ ગુલાલવાડી—મુંબઈ. નં૦ ૪.

Registered No. B. 525.

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

પુસ્તક ૬) શ્રાવણ વીર સંવત ૨૪૩૬, સપ્ટેમ્બર સને ૧૯૧૦ (અંક ૯.

## प्रकट कर्त्ता.

श्री जैन (श्वेतांबर) कॉन्फरन्स ऑफिस, मुंबई.

## विषयानुक्रमणिका.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| The First Jain Students' Social Gathering | ૨૧૭ |
| એક અધ્યાત્મિક પદ્ય ... | ૨૨૨ |
| જીવદયા–અહિંસા. Humanitarianism... | ૨૨૫ |
| પંડિત હેમચંદ્રાચાર્ય ... | ૨૨૮ |
| एक आश्चर्यजनक स्वप्न ... | ૨૩૩ |
| ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ... | ૨૩૬ |
| જીવદયાના ઠરાવો ... | ૨૩૯ |
| જૈન ગ્રંથાવલિ વિષે અભિપ્રાય ... | ૨૪ |
| An Appeal To Jains ... | |
| जावद (माळवा) मां नवी पाठशाळा.... | |
| મહુવા ગૌરક્ષક સભાની ગાયો માટે મદદની માગણી.... | |
| સુકૃત ભંડાર ફંડ ... | |


वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु० १-४-

s
this
equals and
study and under-
eligion.

धी जैन प्रिन्टींग वर्कस लि०

ગવર્નમેન્ટનાં પેટંટો સર્ટીફીકેટો




ઓનર્સ, હજારો ખાનગી પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદો,**
**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનારા,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે?

# હરીચંદની




# તિજોરીઓ.

છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની (વાળેલ એંગલ પત્તાની, અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ' વગેરે જાતોની) પ્રો૦ ગજ્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલો ભરેલી, મુંબઇના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઇમાં સૌથી પહેલ આવનારી અને સૌથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

**સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી.**

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાઓ.

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેશો!!
સાવડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, (સરકારી ખાસ પેટંટ મેળવેલી.)
હજારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં ૧ ની ચાવીથી ઉલટો અને નં૦ ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો.

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર છે.
કારખાનામાં બનતી વખતેજ માલ જુઓ, મસાલામાં નોટ મુકીને અથવા આખી સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું! આખું ગામ જોઇને પછી આવો!!

**...ફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૦ ૧૩૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શો રૂમ—નં૦ ૩૨૦, ગ્રાંટરોડ કોર્નર.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ।
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो
वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥

**ભાવાર્થ**:—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ છે. વળી આ સર્વથી પણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે. જ્ઞાનના મહાસાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એજ આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તેજ પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

પુસ્તક ૬ ) શ્રાવણ, વીર સંવત ૨૪૩૬ સપ્ટેમ્બર, સને ૧૯૧૦ અંક ૯.

## The First Jain Students' Social Gathering.

(2)

Presidential address of Gulabchandji Dhadha Esq. M. A.

Gentlemen and brothers,

Both the speakers Messrs Jagmanadirlal and Lalan have seen East and West. If my remarks pertain to particularity, it is owing to my inexperience. I love fraternity, liberty and toleration; and the aims and objects of the gathering are local and not cosmopolitan. Cosmopolitan views and actions tend to infringe the rights and previleges of other bodies. Take for instance Jain Young Men's Association of India. If my friend would help the same, they would do more. This gathering is local in its aim and would serve as a big feeder of the big river like Jain Young Men's Asso-

ciation. More than one boardings have now appeared and these movements will unite the disunited and we will be serving the purpose of harmonising the discordant elements and split among the students. I am not hopeless or disappointed but am hopeful of brighter and more enthusiastic progress among the students of all the sects. The brothers of other sects would be tolerant.

This is the first initiative step taken for creating brotherly feelings amongst all the sects, the old and new schools, and the favourites of Laxmi and Saraswati. It is liable to be imperfect, because from [છદ્મસ્થ] comes Kevalagnan, from imperfection comes perfection. If the purpose for which this institution is created, comes to be fulfilled wholly or partially, the organisers will be given the sole honour therefor.

Such organisation is for the healthy infusion and development of right thinking in the education of young people by founding a united Brotherhood, for short interval meetings and holding such annual gatherings.

The young generation are often misled by the opinions that are forced upon them. These not only political but also social and religious being bought from others in a crude form prove fatal to them. Our elderly people have sent missiles against the graduates that they are lost to religion. It is not our fault but that of parents if we are not upto the mark, and the fault of circumstances. This may be the right conception or misconception and in order to remove the said fault this organization is set on foot. Unless there are short interval meetings such as weekly, fortnightly or monthly meetings where social, literary, religious and other questions pertaining to the jains and jainism can be discussed as guardedly as possible into English, this step will not succeed.

The neccesity of such institution is brought to our mind by the Great Assembly, so this can be said to be a natural offshoot of and harmonious with the Conference.

As I am requested by some of my friends to take the retros-

pective view of the last decade, and the prospective view of the future at this juncture, I shall not miss this opportunity.

Some ten years back we had no organisation by means of which different people from different parts can meet at one place and come to some conclusions for the bettering of the community. Now we see in each sect its own conference and it is due to that that tolerance, brotherhood and unity have spread to some extent.

1. Socisl

We have done much towards

(a) eradication of evil customs; and

(b) creation of the recognition of one's own duties and position in Society and thereby giving a firm and steady tone to Social or racial existences;
but I am sorry to say that we have done very little towards removing ignorance and want of general knowledge and backwardness of the people in education.

2. Religious

We have done as far as we could for

(a) repairs of temples at Abu, Ranakpur, Samalya, Oshia, Falodi, Panch kalyanak &c
but I should say that we have built new temples where there are many and no new one is required.

(b) opening of Bhandars at Jesalmere and Patan, though more towards this is to be done.

(c) spreading humanitarian principles by

(1) aiding existing panjrapoles.

(2) requesting native potentates or kings to stop slaughter at Dasara and such other holidays.

(3) diffusing on a greater scale Jiva-daya knowledge with the cooperation of a Junagadhi champion Mr. Labhshanker Laxmidas.

(d) awakening the 1st and 2nd order of our church.

(e) asking to submit management reports.

3. Political.

We have approached the Government in matters such as

(a) the Parasnath Hill case.

(b) the Jain Holidays.

(c) the Jain representative in the Legislative Council.

4. Literary or Educational.

We see now

(a) opening of several Pathshalas, Kanyashalas, Udyog-shalas, Shravikashalas &c.

(b) foundation of Scholarships and prizes such as

(1) Sarabhai Virchand's

(2) Fakirbhai Premchand's

(3) Amarchand Talakchand's

(c) Schools such as

(1) Babu Panalal High School at Bombay.

(2) Seth Mansukhbhai's School at Ahmedabad.

(3) Shri Yashovijayji Pathshala at Banares.

(4) Mehsana and Palitana Pathshalas.

(5) Cutchi Oswals' Pathsalas &c.

(d) Hostels

The Seth Gokulbhai Mulchand Jain students Hostel.

(e) Libraries

Muni Shri Mohanlalji Central Library and many small ones.

5. Miscellaneous.

We have done something towards

(a) creation of a Jain Helping Fund.

(b) the Sukrit Bhandar Scheme,

and we see

(c) the existence of a weekly and several monthly periodicals.

Now we shall take the prospective view and shall turn to what we ought to do.

We are in want of

(*a*) a Jain Central College

(*b*) a Jain Central Library which should contain all the manuscripts available on the whole world and all the printed Jain literature. Muni Shri Mohanlalji Library has got this object in its view but we shall wait to see the same fulfilled in its entirety.

(*c*) a Jain Bank. There are so many funds vested in securities. If these are utilized in founding a bank, the same are sure to employ so many Jain youths and make a most profitable business; By this the funds remain intact and bring much more interest.

(*d*) a Jain Daily conducted on sound principles.

(*e*) a universal Jain Panchayat fund.

(*f*) a closer union among the four orders of the church.

(*g*) brotherly feelings among all the sects.

(*h*) increased and closer supervision over all the Dharmada Sansthas.

(*i*) a representative council consisting of a certain number of educated, wealthy, experienced Jains with powers to control all affairs of the Jains.

I would give now some advice to the organisers of this gathering who are students in respect to

(*a*) Social affairs

They should respect their elders, love equals and and sympathise with their youngsters.

(*b*) Religious affairs

They should not be Sceptic but study and understand the hidden beauties of Jain Religion.

(*c*) Political questions

They should not be misguided but think cooly, wisely and rightly.

Now one word to the superintendent of this Hostel where we have at present met that he should be such a man who can live a healthy life to form and mould the character of the students, the occupants of this hostel, who are the future heroes of the community.

In conclusion I thank the donor of the hostel for allowing this gathering in the hostel and all for their presence and co-operation with the students.

***N. B.*** I have jotted down what I could from the verbal remarks of our worthy president, so I beg to be excused for any corrections and omissions.

*M. D. DESAI.*

* * * *

# એક અધ્યાત્મિક પદ્ય (પરમાર્થ સાથે)

**(લેખક—મુનિ મહારાજ શ્રી કર્પુરવિજયજી )**

ચેતન અબ કચ્છુ ચેતિયે, જ્ઞાન નયન ઉઘાડી<br>
સમતા સહજપણું ભજો, તજો મમતા નારી. ચેતન૦ ૧

યા દુનિયા હે બાવરી, જેસી બાજીગર બાજી<br>
સાથ કિસીકે ના ચલે, જ્યું કુલટા નારી. ચેતન૦ ૨

માયા તરૂ-છાયા પરે, ન રહે સ્થિરકારી<br>
જાનત હે દિલમેં જની, પણ કરત ભિગારી. ચેતન૦ ૩

મેરી મેરી તું ક્યા કરે, કરે કીણસું યારી<br>
પલટે એકણ પલકમેં, જ્યું ઘન અંધયારી. ચેતન૦ ૪

પરમાતમ અવિચળ ભજો, ચિદાનંદ આકારી<br>
નય કહે નિયત સદા કરો, સબ જન સુખકારી. ચેતન૦ ૫

## પરમાર્થ.

ઉક્ત મહાપુરૂષ પોતાના આત્માને અને અન્ય આત્માર્થી જનોને હિત શિખામણ આપી સમજાવે છે કે હે ચેતનાવંત ! જ્ઞાનચક્ષુ ઉઘાડી અજ્ઞાનનો પડદો ચીરીને તમે અંતરમાં આલોચી તમારી ભૂલ સુધારો ! સુધારો ! સહજ સ્વાભાવિક સાચું સુખ આપનારી સમતા શીતળતાને તમે સેવો અને અવળી મતિ આપી અવળે રસ્તે દોરી જઈ પરિતાપ આપનારી મમતાને તમે પરિહરો. દુનિયાની દરેક દશ્ય ક્ષણભંગુર વસ્તુમાં મિથ્યા મોહ ઉત્પન્ન કરાવનારી 'મમતા' જ્યાં સુધી આપણામાં વિદ્યમાન હોય ત્યાં સુધી સ્થિર દૃષ્ટિથી અંતર સમૃદ્ધિનો ભોગ લેવા ભાગ્યશાળી બનાવનારી સમતા સોહાગણનો સંગ આપણને સોહાયજ નહિ. અને જ્યારે સદ્‌ગુરૂ પાસે તેનું યથાર્થ સ્વરૂપ ઓળખી આત્માને અનર્થ ઉપજાવનારી **મમતાનો સંગ નિવારીને** અનુભવ અમૃતનું પાન કરાવી શાંતિ–શીતળતા ઉપજાવનારી સમતાનું અંગાંગીભાવે સેવન કરવામાં આવશે ત્યારેજ આત્મા જન્મ મરણનાં અનંત દુઃખોથી મૂકાઇને નિવૃત્તિસુખને ભેટી શકશે. અમૂલ્ય માનવભવ પામ્યાનું એજ સાર છે. તે સમતા વડેજ પામી શકાય છે. મમતા તો વૈરણની જેમ તેમાં આડી આવે છે, અને જીવને ૮૪ લક્ષ જીવાયોનિ સંબંધી દુઃખદાવાનળમાં પચાવે છે. એમ સમજી સુજ્ઞ જનોએ સકળ આપદાથી મુક્ત થઈ સર્વ સંપદા સ્વાધીન કરવાનો શ્રેષ્ટ અને સરલ માર્ગજ આદરવો યુક્ત છે. ૧

આ દુનિયા દિવાની છે, તેથી તે વિશ્વાસ કરવા યોગ્ય નથીજ. જેમ બાજીગરની બાજી ખોટી છે તેમ આ જગતની માયા કેવળ કારમી છે તેથી તેમાં મુંઝાવું યોગ્ય નથી. જેમ વ્યભિચાર સેવનારી કુલટા નારી કોઇની થતી નથી, તેની ગતિજ ન્યારી–ભ્રમ ઉપજાવનારી હોય છે તેમ આ દુનિયા તેના દશ્ય પદાર્થો મોહ–મૂઢ જનોને મિથ્યા ભ્રાંતિ ઉપજાવીને તેમાં મુંઝાવી નાંખે છે. તે ઝાંઝવાના જળની જેમ અથવા સ્વપ્નની સુખડીની જેમ આત્માને સાચી તૃપ્તિ પેદા કરાવી શકતાજ નથી, તેથી સુબુદ્ધિ જનોએ તેમાં મિથ્યા મમતા બાંધી પોતાનો અમૂલ્ય માનવભવ હારી જવો ઉચિત નથીજ. ૨.

આ જગતની માયારૂપ પ્રિય પુત્ર કલત્રાદિક તેમજ યાવત્ સંયોગિક પદાર્થો વૃક્ષની છાયાની પેરે સ્થિર ટકી રહેવાના નથીજ. જેનો સંયોગ તેનો વિયોગ અવશ્ય ભાવી છે. જ્યારે ત્યારે પ્રાપ્ત થયેલા પદાર્થોનો વિયોગ થવાનોજ છે તો એવા અનિત્ય–છેહ દઇને છૂટી જનારા પદાર્થો સાથે સ્નેહબંધન રાખવું પરિણામે હિતકર નથીજ, કેમકે જ્યારે તેમનો વિયોગ થાય છે ત્યારે ભારે પરિણામ ઉપજે છે. જો પ્રથમથીજ તે વસ્તુ ઉપરની મમતા તજી દીધી હોત તો વિયોગ સમયે પરિતાપ થવાનું કંઇ પ્રયોજન રહેત નહિ. જે રાગાંધ કહો કે વિષયાંધ બની ક્ષણિક વસ્તુઓ ઉપર 'મમતા બાંધી બેઠા છે તેમને તે વસ્તુના વિરહે ઘણોજ પરિતાપ સહવો પડે છે. આ અતિ અગત્યની વાત સહુ કોઇએ બહુ લક્ષમાં રાખવાની છે, કેમકે પ્રાયઃ સંયોગ–વિયોગ સંબંધી સામાન્ય નિયમનો સહુ કોઇને અનુભવ હોય છે તોપણ અનાદિ મિથ્યા વાસનાના યોગે જીવ હાલતાં ચાલતાં ભૂલાવામાં પડી જાય છે, અને પોતાની થયેલી ભૂલો સુધારવા તે કંઇ પણ જરૂર જોગો પ્રયત્ન કરી શકતો નથી અને કવચિત જાણતા છતાં તેમાં ઉપેક્ષા કરે છે એટલામાં અચાનક કાળ આવી તેનો કોળીઓ કરી જાય છે અર્થાત્ આયુષ્ય પૂર્ણ થવાથી પોતે યમ શરણ થાય છે, જેથી એવું બને છે કે ભાઈ બાંધીમુઠે આવ્યા અને

ખાલી મુઠે જાય છે. આ અમૂલ્ય માનવભવ હારીને દુર્ગતિમાં જાય છે અને પુનઃ સંસારચક્રમાં પર્યટન કર્યાજ કરે છે. ૩.

આ પ્રમાણે સર્વજ્ઞ સર્વદર્શી ભગવાન આ ચરાચર જગતનું આવું સ્વરૂપ સાક્ષાત્ જાણી દેખીને જણાવે તો પછી સુજ્ઞ જનોએ આ દૃશ્ય પદાર્થો ઉપર મુંઝાવું કેમ ઘટે? તેમાં મમતા બાંધીને આ મારૂં આ મારૂં એમ પોકાર્યા કરવું કેમ ઘટે? જીવિત પર્યંત તેની ખાતર પોતાના અમૂલ્ય પ્રાણ અર્પણ કરવા કેમ ઘટે? અને મમતા તજી સમતા વડેજ પ્રાપ્ત થઇ શકતા નિવૃત્તિસુખને વિસારી દેવું કેમ ઘટે? એક ભૂતની સાથે ભાઇબંધાઇ સારી નથી તો પંચભૂત સાથે તે કેમ કરવી ઘટે? જે શરીર, જે લક્ષ્મી જે પરિવાર માટે પોતે મરી પડે છે, નહિ કરવાનું કરે છે તે પાણીના પરપોટાની જેમ, વિજળીના ઝબકારાની જેમ અને પાણીના રેલાની જેમ ક્ષણવારમાં દૃષ્ટ નષ્ટ થઈ જાય છે. વાદળની છાયાની જેમ તે જોતા જોતામાં વિખરાઈ જાય છે તો તેમાં વિશ્વાસ કરવો કેમ ઘટે? અહો! જીવોની વિવેકશૂન્યતા! જેમ એકાંત વિશ્વાસ કરવાનો છે, જે કેવળ સુખનુંજ સદન (ધામ) છે, જે વિશ્વવંદ્ય એવું પરમપદ પમાડી શકે છે તેવા સર્વજ્ઞસેવિત અને સર્વજ્ઞભાષિત પરમ પવિત્ર આત્મધર્મના વિચાર સરખો પણ કરી શકતા નથી, તો પછી એવા આત્મધર્મ માટે ઉદ્યમ તો શી રીતે કરી શકાય? વિવિધ પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભરૂપી કષાય એ આત્મધર્મના પ્રતિબંધક–શત્રુરૂપ છે. જૂદે જૂદે પ્રસંગે જૂદા જૂદા રૂપ રંગ ધારીને આત્માને છળનારા એ સમસ્ત કષાયનો સર્વથા ક્ષય કરવાથીજ આત્મધર્મ પૂર્ણ રીતે પ્રકાશે છે અને તેમ કરવાને તે સમસ્ત કષાયનો ક્ષય કરનાર જિનેશ્વરોએ ઉત્તમ ઉપાય બતાવ્યા પણ છે. ક્ષમા, મૃદુતા (નમ્રતા), સરલતા અને સંતોષ એ સમસ્ત કષાયને અનુક્રમે હણવાના અમોઘ ઉપાય રૂપ છે. "સદ્ વિવેકરૂપ શરાણ વડે સમય રૂપી શસ્ત્રને ઉત્તેજિત કરી ધૃતિ (ધીરજ) રૂપ ધારાથી તીક્ષ્ણ બનાવી જે મહાનુભાવ સાત્વિક જનો તેનો ઉપયોગ કરે છે તે અવશ્ય સકળ શત્રુ ગણનો સંહાર કરી સકળ કષાયમુકત. નિષ્કષાય એવા આત્મ સ્વભાવને પ્રગટ રીતે પ્રાપ્ત કરી શકે છે." પણ કાયર માણસો તો આવી વાત સાંભળતાંજ કંપી ઉઠે છે. ભાટ ચારણોની જેમ કદાચ મુખથી આવી વાતો કરીને બીજાને પાણી ચડાવે છે પણ પોતે તો તે કૃતિથી અળગાજ રહે છે. એવા કાયર જનોને માટે આ ઉપદેશ નથી. પણ આવા ઉપદેશના અર્થી જે સાત્વિક જનો હોય તેમને માટેજ છે. ૪.

હે ભવ્ય જનો! જો તમે શાશ્વત સુખને અભિલષતા હો તો તમે સમસ્ત રાગ, દ્વેષ અને મોહાદિક દોષસમૂહથી સર્વથા મુકત થયેલા વીતરાગ પરમાત્મા, જે અનંત જ્ઞાનાદિક ગુણોથી સદા સર્વદા અલંકૃત છે અને જેની અનન્ય ઉપાસનાથી ભવ્ય આત્મા પણ કીટ ભ્રમરીના ન્યાયે પરમાત્મપદને પામે છે તેનેજ અનન્ય નિષ્ઠાથી ભજો–સેવો અને તેમની પવિત્ર આજ્ઞાનુસારે સકળ જનને સુખકારી–હિતકારી એવી નિયત–નિષ્ઠાને ધારણ કરો અને એવી ઉંચી નિયત સદાય સાચવો એજ કલ્યાણનો માર્ગ છે. ૫. ઇતિશમ્.

* * *

# જીવદયા-અહિંસા. HUMANITARIANISM.

( લેખક—**રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ** સોની બી, એ; એલ એલ; બી.)

અનુસંધાન ગતાંક પાને ૧૭૩થી.

**જીવદયા અને ઉંદરોનો કરવામાં આવતો નાશ.**

મરકી વગેરે ચેપી રોગોનો ફેલાવો થતો અટકાવવા માટે મોટા મોટા સમર્થ યુરોપીયન વિદ્વાન્ ડૉકટરો તરફથી અનેક ઉપાયો કરવા બાબતના અભિપ્રાય અપાએલા છે. આ પૈકી જે ઉપાય સામે ખાસ કરીને આપણે વાંધો લેવા જેવો છે તે એ છે કે મરકીના જંતુઓનો ફેલાવો કરનારા તરીકે ઉંદરોને ગણી તેમનો બની શકે તેટલી વધારે સંખ્યામાં નાશ કરવાનું કહેવામાં આવે છે. આ ઉપાય 'પાડાને વાંકે પખાલીને ડામ દેવા જેવો' કેમ ન ગણવો ? તે તે શહેરોના લોકોના નીકાચિત પાપકર્મના ઉદયને લઇને, ભવિતવ્યતા (ભાગ્યદેવી)ના અનિવાર્ય નિશ્ચયાત્મક કાર્યથી, આરોગ્યતાના નિયમો બરાબર રીતે નહિ જળવાવાથી મરકીની શરૂઆત થાય છે અને દિવસે દિવસે તે રોગ ગંભીર રૂપ પકડી ઘણુંજ નુકશાન કરે છે તે શા માટે ભૂલી જવું જોઇએ ? વળી આ ઉપાયની વિરૂધ્ધ અભિપ્રાય ધરાવનારા પણ ઘણા વિદ્વાન્ ડૉકટરો મળી આવે છે એટલુંજ નહિ પણ આપણા આટલા લાંબા વખતના અનુભવથી આપણે જોઈ શકયા છીએ કે હજારો બલ્કે લાખો ઉંદરોનો નાશ કર્યા છતાં પણ પ્લેગનું જોર બીલકુલ ઓછું થયું નથી અને જ્યાં કંઇક ઓછું જોર માલમ પડયું છે ત્યાં તે બીજા અનેક કારણોને આભારી છે. રસી મુકાવવાનું આગ્રહપૂર્વક કહેવામાં આવે છે. વળી હવામાં સેજ પણ બગાડ થયાની ખાત્રી થતાં તાકીદે તે જગ્યા છોડી દૂર રહેવા જવાને હુકમ કરવામાં આવે છે તો પછી નાહક ઉંદરોનો નાશ કરવાથી શું લાભ ? કેટલા મોટા ખર્ચના ભોગે કેટલાય વર્ષોથી ઉંદરોનો નાશ કરવામાં આવે છે છતાં પણ ઉંદરોની સંખ્યા બીલકુલ ઘટી નથી તેનું શું કારણ તેનો કોઇએ વિચાર કર્યો છે ? જે શહેરમાં ઉંદરોનો નાશ મોટા પાયા ઉપર કરવામાં આવે છે તે શહેરના ઉંદરોની સંખ્યામાં પ્રથમની સંખ્યા સાથે સરખાવતાં અને જે શહેરમાં મુદલ નાશ કરવામાં આવતો નથી તે શહેરના ઉંદરોની સંખ્યામાં ધ્યાન ખેંચનારો ફરક પડયો નથી તેમજ અમુક શહેરમાં ઉંદરોનો નાશ કરાવ્યા છતાં પણ મરકી ઘણા જોરથી ફાટી નીકળી છે ત્યારે ઉંદરોનો નાશ નહિ કરાવનાર તેની પાસેનાજ બીજા શહેરમાં મરકીનો એક પણ કેસ થતો નથી એમ અનેક ઠેકાણે જોવામાં આવે છે. તે હકીકત પણ ધ્યાનમાં-વિચારમાં લેવા જેવી છે. આમ હકીકત છતાં લોકલાગણી વિરૂધ્ધ ઉંદરોનો નાશ કરાવવા પાછળ થયેલ ખર્ચનો શું બીજો કોઈ સારો ઉપયોગ થઈ શકયો હોત નહિ ?

આ પૈસા ગરીબો માટે સારા લતામાં સસ્તા ભાડાની સારી હવા-પ્રકાશવાળી ચાલીઓ બંધાવવા પાછળ રોકવામાં આવ્યા હોત તો કેટલો લાભ થાત ?

જીવદયા વિષયક ઉદાત્ત નિયમોના આટલા વિવેચન પછી હવે કહેવાની જરૂર નથી કે દયાળુ મનુષ્યોએ પોતાના રોજના અગર પ્રાસંગિક ઉપયોગમાં એવી વસ્તુને પસંદગી આપવી જોઇએ કે જેથી હિંસાના કાર્યને સીધી યા આડકતરી રીતે બીલકુલ ઉત્તેજન મલે નહિ. અર્થશાસ્ત્ર (Political Economy,) ના નિયમ પ્રમાણે દરેક વસ્તુની પેદાશ –તેના વ્યાપારની ખીલવણી, તે વસ્તુનો ઉપયોગ કરનારાઓની માગણી ઉપર આધાર રાખે છે ( Principle of demand and supply ). જેની માગણી વધારે થશે તે વસ્તુ તૈયાર કરનારાઓ તેને વધારે મોટી સંખ્યામાં બજારમાં વેચવા માટે મોકલવા લલચાશે અને તેથી ઉલટી રીતે તે વસ્તુનો ઉપયોગ કરનારાઓ જો ધીમે ધીમે ઉપયોગ કરતા બંધ થશે તો તેની પેદાશ પણ ઘટશે.

**હિંસાના દયા રહિત કાર્યને આડકતરી રીતે ઉત્તેજન.**

આજસુધી કેટલીએક વસ્તુઓની બનાવટથી આપણે અજ્ઞાન હતા પરંતુ હવે તે પ્રકારની અજ્ઞાનતા દૂર થઈ છે. વખતોવખત આપણે ન્યુસપેપરોમાં વાંચીએ છીએ તથા વિદ્વાન્ માણસોના ભાષણોદ્વારાએ આપણે જાણી શકયા છીએ કે હાથીદાંતના ચુડાઓ બનાવવા માટે દર વર્ષે લગભગ ૭૦૦૦૦ હાથીઓનો વધ કરવામાં આવે છે. પીછાંવાળી ટોપીઓ તૈયાર કરવા માટે હજારો બલ્કે લાખો પ્રાણીઓ ઉપર ક્રુર ઘાતકીપણું ગુજારવામાં આવે છે.

આવી રીતે પ્રાણીઓના અવયવોની બનતી ચીજો માટે તેમના ઉપર ગુજરતું ઘાતકીપણું અટકાવવાના હેતુથી તેવી ચીજોનો વપરાશ દયાળુ ભાઇઓએ એકદમ બંધ કરવો જોઇએ. પરદેશી ખાંડ અને પરદેશી કેશર પણ તેવાજ કારણને લઇને વપરાતું બંધ થવું જોઇએ.

આ સિવાય હિંદુ ભાઇઓએ અને ખાસ કરીને જીવદયાપ્રતિપાલ નામધારક જૈન ભાઇઓએ એવા વ્યાપારકાર્યમાં રોકાવું જોઇએ કે જેથી હિંસાત્મક કાર્યમાં જેમ બને તેમ ઓછી પ્રવૃત્તિ રહે. આ વિષયમાં વંદિતા સૂત્રની બાવીસમી, ત્રેવીસમી અને ચોવીસમી ગાથાઓ બહુ સારો પ્રકાશ પાડે છે. ક્રિયા-નિષ્ઠ જૈનો લગભગ હમેશાં આ સૂત્રનો પાઠ સવાર સાંજ બે વખત કરે છે પરંતુ ઘણા કેસોમાં અચરે અચરે રામ જેવું થાય છે; ભાગ્યેજ તેનો કોઈ અર્થ સમજતા હોય છે અને કદાચ સમજતા હોય છે તો તદ્અનુસાર વર્તન કરવા કવચિતજ પ્રેરાય છે. આ પ્રસંગે જણાવવું જોઇએ કે આર્થિક નજરે ઘણા સારા નફાકારક ધંધામાં રોકાયેલ જૈન મીલમાલેકો ઉપર શુદ્ધ બુદ્ધિથી અને કવચિત હૃદયાંતર્ગત રહેલ પણ જણાઈ આવતી ઈર્ષ્યાની લાગણીથી અયોગ્ય હુમલાઓ કરવામાં આવે છે. મીલમાલેકોના ધંધાનો બચાવ કરવાનું—તેઓની વકીલાત કરવાનું અત્ર સ્થળ નથી; પરંતુ Something is better than nothing એ ન્યાયે પ્રખ્યાત રસાયણ–વિષયના અભ્યાસી મી. મોતીલાલ કશળચંદ શાહની સૂચના અનુસાર તથા અન્ય સમર્થ વિદ્વાનોની વિજ્ઞાન–શાસ્ત્રવિષયક મહાન્ શોધનો લાભ લઈ, એવા પદાર્થો સાંચાકામ ચાલુ રાખવા માટે ઉપયોગમાં લેવામાં આવે કે જેથી લાખો મણ ચરબીનો ખપ બંધ થાય તો એ વિષયમાં ઘણું કર્યું કહી શકાશે. વળી સામાન્યતઃ વ્યાપારકાર્યમાંજ મશગુલ રહેનારી–વ્યાપાર કરનારી જૈન પ્રજા ઉપર અવારનવાર એવા પણ આક્ષેપો મૂકવામાં આવે છે કે અન્ય પ્રાણીઓનું રક્ષણ કરનારા શ્રાવક ભાઇઓ નિરક્ષર ગામડીઆઓની તથા ખેડુત વર્ગના પુરૂષોની અજ્ઞાનતાનો એવી રીતે લાભ લે છે અને ધંધાને અંગે કેટલીએક એવી લુચ્ચાઇઓ ઠગાઇઓ કરે છે કે તે કાર્યને, "મુકાવીને મીઠે ખોળે ભરોસે શીશ હે કીસ્મત ! કપાવી શી

રીતે ગરદન વહે ના ખૂન પણ કીસ્મત " આ કડીમાં જણાવેલા કીસ્મતના હેબતાવનારા કાર્ય સાથે સરખાવતાં આંચકો ખાવો જોઇએ નહિ. આવા આક્ષેપો યોગ્ય રીતે–ખરી રીતે મૂકવામાં આવે છે કે કેમ તેનો વિચાર કરવા પૂર્વે કહેવું જોઇએ કે આ કલિયુગના સમયમાં જનસમાજમાં વિરલા પુરૂષોજ આવા આક્ષેપોમાંથી બચવા યોગ્ય પોતાનું આખી જીંદગી દરમીયાનનું વર્તન સાબીત કરી શકશે. જનસમાજનીજ નીતિ મર્યાદા જ્યાં સંકુચિત થઈ છે ત્યાં પછી અમુક સંખ્યાની વ્યક્તિના સમુદાયનીજ શી વાત કરવી? यद्यद् आचरति श्रेष्ठः तदतद एव इतरो जनः એ સૂત્ર અનુસાર દેખાદેખીથી નીતિભ્રષ્ટતા વધતીજ જાય છે. સૌજન્ય–શાલીપણાનો–સત્યવક્તાપણાનો–પ્રમાણિકપણાનો–નિષ્કાપટ્યનો વિશુદ્ધ વર્તનનો ડોળ કરનાર ગોરી પ્રજાના સંબંધમાં એક યુરોપીઅન વિદ્વાન્ લખે છે કે "ગોરાઓ પણ યથાર્થ રીતે અવલોકતાં, સુધરેલા છતાં સદાચાર પરત્વે તો કાળા (હબસી) કરતાં ભાગ્યેજ સારા હશે."

જનસ્વભાવનો અભ્યાસક અન્ય વિદેશીય વિદ્વાન્ કહે છે કે "આપણે (ગોરા) જ્યારે તેમનામાં (કાળામાં) જઈ વસીએ છીએ ત્યારે તેઓ ભોળા અને વિશ્વાસુ હોય છે, આપણે તેમનાથી છુટા પડી જવા તૈયાર થઇએ છીએ તેટલામાં તેઓ લુચ્ચા અને અવિશ્વાસુ થઈ ગયા હોય છે. "મૂળે મિતાહારી, પરાક્રમી, પ્રમાણિક એવા લોકને આપણે દારૂડીયા, આળસુ અને ચોર બનાવીએ છીએ. આપણો દૂરાચાર તેમને શીખવી, એજ દૂરાચારને તેમને નિર્મૂળ કરવાનું કારણ ગણીએ છીએ. * * * જીવ (મનુષ્યજીવ) પ્રતિ દયાના સંબંધે તો ગોરાઓ કાળાને ઠપકો દઈ શકે તેમ નથી" (અન્ય જીવો પ્રતિની દયામાં તો હિંદુસ્તાનના કાળા લોકો (આર્ય બંધુઓ) કરતાં તેઓ ચડતા હોય એવો ખ્યાલજ વ્યાજબી રીતે ઉદ્ભવતો નથી).

એજ વિદ્વાન્ એક દૃષ્ટાંત આપે છે તે વાંચવાથી વાંચનારને કંપારી છુટ્યા વગર રહેશે નહિ અને કહેવાતા "સુધારા"નો પૂર્ણ ભક્ત પણ તે વાંચી ધિક્કારનો ઉચ્ચાર કર્યા વિના રહેશે નહિ. તે જણાવે છે કે "સમુદ્રમાં ડુબતા માણસોને મદદ કરવા જવાનો વેશ કરી, હાથ લાગતાં મનુષ્યોનાં ગળાં કાપી લેઇ, ડોકાં વ્યાપારાર્થે લઈ જવાની," નિર્દયતા સુધરેલી ગોરી ચામડીને કાળી મેશ કરી નાંખે છે, ને એ વાત તથા એવીજ અનેક વાતો છેક હાલમાં છેલ્લાં ૨૦–૨૫ વર્ષમાંજ બનેલી છે એ જાણી હરકોઈ દયાળુ પ્રાણી દિગ્મૂઢજ થઇ જશે.

આ દૂનિયા વિના બીજી દૂનિયા નથી, આ જીવિત વિના બીજું જીવિત નથી એવો ખ્યાલ રાખનારા મનુષ્યોનું જડવાદીઓનું–નાસ્તિક શિરોમણિઓનું કદાચ જીવનચરિત્ર સંતોષકારક ન જણાય તો ચાલી શકે (?) પરંતુ "વાવે તેવું લણે!" "જેવી કરણી તેવી પાર ઉતરણી" એ મીસાલની અનેક કહેવતો જે સમુદાયમાં પ્રચલિત છે, કર્યાં કર્મ અનેક જન્માંતરે પણ તેનું ફળ આપ્યા વગર રહેવાનાં નથી એવું જે સમાજ દૃઢતાથી માને છે, દરેક વ્યક્તિ પોતાના કાર્ય માટે અનેક રીતે જવાબદાર છે એવું જેમના હૃદયમાં રમી રહ્યું છે, દેવો પણ અમુક અપેક્ષાએ મનુષ્યભવને ઉત્તમ ગણે એવી જેમની માન્યતા છે, તેવા પુરૂષના આચાર માટે તો ઉત્તમ અભિપ્રાયજ બંધાવો જોઇએ.

સમય એવો છે કે–કલિયુગનું માહાત્મ્ય એવું છે કે મનુષ્ય ઠગાઈ, લુચ્ચાઇ, વ્યભિચાર, વ્યસન આદિ અનેક અનિષ્ટ સાધનોથી પોતાનો સ્વાર્થ સારામાં સારી રીતે સાધે છતાં નીતિમાન્ જણાવાનો દેખાવ કરે છે.  (અપૂર્ણ)

# પંડિત હેમચંદ્રાચાર્ય.

( શાહ પોપટલાલ કેવળચંદે આપેલું ભાષણ. )

મે. પ્રમુખ સાહેબ અને ગૃહસ્થો,

આજે હું આપની સમક્ષ જે મહાન્ આચાર્ય વિષે બોલવા ઉભો થયો છું તેજ આચાર્યજીના શબ્દોમાં પરમેશ્વરની સ્તુતિ આરંભમાં કરી પછી હું મારૂં બોલવું શરૂ કરીશ.

**अगम्यमध्यात्मविदामवाच्यं वचास्विनामक्षवतां परोक्षम् ।**
**श्री वर्धमानाभिधमात्मरुपमहं स्तुतेगोंचरमानयामि ॥**

અધ્યાત્મજ્ઞાની પુરૂષોને પણ જે અગમ્ય છે, બ્રહસ્પતિ જેવા સમર્થ વિદ્વાનો વડે પણ જે અવાચ્ય છે અને છદ્મસ્થ પુરૂષોને જે પરોક્ષ છે એવા શ્રી વર્ધમાન નામના ચરમ તીર્થંકર મહારાજની હું સ્તુતિ કરૂં છું.

આ સમર્થ પંડિત હેમાચાર્ય માત્ર ગુજરાતમાં નહિ પણ હિંદ, જર્મની, ઇંગ્લાંડ વગેરે ઘણા દેશોમાં પાશ્ચાત્ય વિદ્વાનોના પ્રેમભાવને લીધે પ્રસિદ્ધિ પામ્યા છે. તેમની વિદ્વત્તાએ તેમને ચોતરફ જાણીતા કર્યા છે.

શ્રી હેમાચાર્ય વિષે મને ભાષણ આપતાં એક બીજા કારણથી પણ આનંદ થાય છે. હું સૌરાષ્ટ્ર દેશનો વતની છું ને સૌરાષ્ટ્ર દેશમાં આવેલા ધંધુકા શહેરમાં તેઓ જન્મ્યા હતા. એક સૌરાષ્ટ્રી તરિકે એક મહાન્ સૌરાષ્ટ્રી પૂજ્ય પુરૂષના ગુણાનુવાદ કરવામાં મને બેવડો હર્ષ થવોજ જોઇએ. સૌરાષ્ટ્રના સર્વ રત્નોમાં એ ચુડામણિ તરિકે દીપે છે. જૈનોમાં તેમના જેવો એકે મહા પુરૂષ થયો નથી.

આવા એક સમર્થ પંડિતના સંબંધમાં મારે બે શબ્દો બોલવાને ઉભા થવું એ કાલીદાસ કવિએ રઘુવંશમાં કહ્યું છે તેની સાથે સરખાવ્યા જેવું છે. ક્યાં હું અલ્પમતિ ને ક્યાં એ મહાન્ હેમાચાર્ય.

**क्व सूर्यप्रभवोवंशः क्व चाल्पविषया मतिः ।**
**तितीर्षुर्दुस्तरं मोहादुडुपेनास्मि सागरम् ॥**

૮૪ વરસનું આયુષ્ય ભોગવી સં. ૧૨૨૯માં, ગુજરાતના રાજા કુમારપાળના મરણ પહેલાં ૭ માસે તેઓએ દેહત્યાગ કર્યો. એ ૮૪ વરસમાં બાલ્યાવસ્થાનાં ઘણાં થોડાં વરસો બાદ કરતાં બાકીની આખી જીંદગી તેમણે જૈનધર્મના ઉદ્યોત માટે ગાળી. જે સમયમાં મહીસુર, કર્ણાટકાદિ પ્રદેશમાં જૈનધર્મ પડતી સ્થિતિમાં આવતો હતો તે સમયમાં ગુજરાતમાં જૈનધર્મને

ચડતીના શિખર ઉપર લઈ જનાર પંડિત હેમાચાર્યજ હતા. ગુજરાતનો સમર્થ મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહ તેમના તરફ પૂજ્યભાવ ધરાવતો હતો. તેમના સિદ્ધહૈમ નામના વ્યાકરણને હાથી ઉપર પધરાવી પોતાના રાજના સરસ્વતી ભંડારમાં તથા બીજા ભંડારોમાં એ વ્યાકરણની પ્રતો મૂકાવનાર એ લોકપ્રિય મહારાજા હતો. કુમારપાળ જેવા કુશળ રાજાધિરાજને જૈન બનાવનાર હેમાચાર્યજ હતા. ગુજરાતમાં મુસલમાની રાજ ત્યાર પછી લાંબો વખત પોતાનો આકરો અમલ ચલાવી ગયું છતાં હજી હિંદના બીજા પ્રાંતોના પ્રમાણમાં વિશેષ દ્રઢતા ને ઉમંગથી ગુજરાતના હિંદુઓ અહિંસાના દયામય સિદ્ધાંતનું જે અખંડ પરિપાલન કરતા આવ્યા છે એ બધો પ્રતાપ હેમચંદ્રાચાર્યનો છે.જૈનધર્મને તેમણે રાજધર્મ બનાવ્યા ઉપરાંત જૂદી જૂદી દિશામાં જૈન સાહિત્ય તૈયાર કરી લોકોમાં ફેલાવ્યું અને એ રીતે ગુજરાતી પ્રજામાં તેમણે દયામય સિદ્ધાંતોની નહિ ભુંસી શકાય તેવી ભારે અસર નીપજાવી. તેમના અનુયાયીઓએ તેમની એ પદ્ધતિ ચાલુ રાખી અને તેને લીધે ગુજરાત દેશ લાંબા કાળથી આચાર વિચારોમાં તથા આહાર વિહારમાં દયામય સિદ્ધાંતોને સંભાળતો આવ્યો છે.

કહેવાય છે કે હેમાચાર્યજીએ સાડીત્રણ કરોડ શ્લોકો રચ્યા છે એટલે તેમણે રચેલાં શાસ્ત્રો તથા ગ્રંથોનું પુર એવડું મોટું છે. આ કાંઇ ધર્મની કે સાહિત્યની જેવી તેવી સેવા બજાવી ન ગણાય. જૈનમાં કે અન્યમાં એવો સમર્થ વિદ્વાન્ હજી સુધી બીજો કોઈ થયો નથી એમ કહું તો તેમાં કશી અતિશયોક્તિ નથી.

તેમણે ઘણા ગ્રંથો રચ્યા છે તે બધાનું વિવેચન થઈ શકે તેમ નથી. વળી એવા સમર્થ પંડિતના સંબંધમાં બહુ સારી રીતે કહી શકવા જેટલી મારી મતિ પણ નથી. મારા જેવા અલ્પજ્ઞે તો તે "કલિકાળ સર્વજ્ઞ" સંબંધે અન્ય વિદ્વાનોએ જે કંઈ કહ્યું છે તે એકઠું કરી તેના દોહનરૂપે આજનું તેમની જન્મતિથિ ઉજવવાના સમયનું ભાષણ તૈયાર કર્યું છે.

તેમણે રચેલા ગ્રંથોમાં છ ભાષાનું વ્યાકરણ, શબ્દાનુશાસન, કાવ્યાનુશાસન, રામાયણ, યોગશાસ્ત્ર, દ્વાશ્રયકાવ્ય, ત્રિષષ્ઠિ શલાકા પુરૂષચરિત્ર વગેરે પ્રસિદ્ધ છે અને જૈનેતર વિદ્વાનોને વધારે આકર્ષણીય થઈ પડયાં છે. તેમણે અનુયોગદ્વાર જે જૈનોનો તર્કશાસ્ત્રનો એક ઉત્તમ ગ્રંથ છે તેમના ઉપર સરળ ટીકા રચી છે. તેઓને થઈ ગયાં આજે આશરે ૭૫૦ વર્ષ થઈ ગયા છતાં કહેવામાં આવે છે કે તેમના હાથથી લખાયેલી કેટલીક પ્રતો મળી આવી છે.

હું જ્યારે ખંભાતનો જૈનભંડાર જોવા ગયેલો ત્યારે એ ભંડારના માલીકને મેં વિનંતિ કરી કે જો પંડિત હેમાચાર્યનું પોતાનું લખેલું કોઈ પુસ્તક હોય તો તે મને બતાવો. તેથી તેમણે મને એક જીવવિચારવૃત્તિ જેવું તાડપત્ર ઉપર લખેલું એક પુસ્તક બતાવ્યું હતું. તેના અક્ષર સુંદર અને મરોડદાર હતા. એક મહા સમર્થ જૈન પંડિતના હસ્તાક્ષર જોવામાં આવ્યાથી મને ઘણો આનંદ થયો હતો. હેમચંદ્રની પોશાળ ખંભાતમાં હતી એમ મેં વાંચેલું તેથી તે સંબંધી ત્યાં ઘણા જૈન ભાઇઓને તે જગા બતાવવા કહ્યું પણ તે કોઈના જાણવામાં હોય એમ જણાયું નહિ. આ વાત અહીં કહેવાની જરૂર એટલા માટે જણાય છે કે જો જૈન પુસ્તક-ભંડારો ન હોત અને વિદ્વાનોની વિદ્વત્તાએ તેમને અમર ન રાખ્યા હોત તો વ્યાપારી બુદ્ધિના આપણને એવા મહાન પુરૂષ સંબંધી કાંઇપણ વંશપરંપરા યાદ રાખવાની ઇચ્છા થાત નહીં એટલા બધા આપણે તે વિષયમાં બેદરકાર છીએ. જૈન સાહિત્ય વિશાળ અને ગહન હોવા

છતાં ગુજરાતના સાક્ષરોએ તેને તદ્દન વિસારી મૂક્યું ને જૈનો કયા ખૂણામાં પડયા છે તે જાણવાની તેમણે દરકાર પણ અત્યારસુધી કરી નહિ એ બધા પ્રતાપ આપણી પોતાનીજ બેદરકારીના છે. સાંસારિક ક્ષેત્ર, રાજદ્વારી ક્ષેત્ર, ભાષાસાહિત્ય વગેરે ક્ષેત્રોમાં બીજા ભાઇઓ જમાનાને ઓળખી કેવી રીતે કેટલા આગળ વધ્યા છે એ જોઇએ તો આપણે આપણી બેદરકારીથી એ બધા વિષયમાં કેટલા પશ્ચાત છીએ તે દીવા જેવું ઉઘાડું સ્પષ્ટ સમજાય તેમ છે. હેમાચાર્ય જેવા મહાન પંડિતના અખંડ ઉદ્યોગ તરફ નજર કરી તેમના ચરિત્ર ઉપરથી ધડો લઈ હવે નિદ્રા ઉડાડીએ ને જાગ્રત થઇએ તો સારૂં.

હેમાચાર્ય સંબંધી છેલ્લી સાહિત્ય પરિષદ્‌માં પ્રોફેસર આનંદશંકરભાઇએ જે કંઈ થોડુંક પણ કહ્યું છે તે ઉતારી લઈ ત્યાર પછી પુના ડેકન કૉલેજના પ્રસિદ્ધ વડા વિદ્વાન્ પીટર્સને જે એક ભાષણ કર્યું હતું તેનું ભાષાંતર આપીશ. તે ઉપરથી તેમની ઘણીખરી હકીકત આપના જાણવામાં આવશે. ડૉકટર પીટર્સન એક સમર્થ શિક્ષાગુરૂ હતા. તેમણે જૈનભંડારમાં નજરે જોઈ કેટલુંક સંશોધન કર્યું હતું. તેઓને હેમચંદ્રાચાર્યના ગ્રંથો વાંચી હેમચંદ્રાચાર્ય ઉપર એટલો બધો રાગ-પ્રીતિભાવ ઉત્પન્ન થયો હતો કે તેટલો રાગ કદાચ આપણે અહીં બેઠેલાઓમાંથી કોઇનો નહિ હોય. યોગશાસ્ત્ર ઉપર તો તે ફીદા થઈ ગયો હતો.

પ્રોફેસર આનંદશંકરભાઈ કહે છે કે,—

ઈ. સ. ૧૧ મા શતકના ઉત્તરાર્ધથી પાછો લૌકિક વાઙ્મયનો પ્રાદુર્ભાવ થાય છે. ઈ. સ. ૧૦૮૯ થી ૧૧૭૩ એ વર્ષો "કલિકાળ સર્વજ્ઞ" હેમચંદ્રના તેજથી દેદીપ્યમાન છે. આ જૈન આચાર્યના કોષ, વ્યાકરણ, અલંકાર, ચરિત, સ્તુતિ આદિ વિષયના અનેક ગ્રંથો સુપ્રસિદ્ધ છે, જેનું નિરૂપણ અવકાશને અભાવે આ સ્થળે છોડી દેવું પડશે. એટલુંજ કહેવું બસ છે કે સંસ્કૃત જેવા ગ્રંથો ગુજરાતીમાં રચીને પ્રેમાનંદે જેમ ગુજરાતી ભાષા દીપાવી તેમ હેમચંદ્રાચાર્યે જૈન શાસ્ત્રોમાં બ્રાહ્મણ જેવા ભાષા અને સાહિત્યના ગ્રંથોની જે ખોટ જણાતી હતી તે પૂરી કરવા શબ્દાનુશાસન, કાવ્યાનુશાસન વગેરે રચ્યા. એ ગ્રંથો જો કે અનુકરણની અભિલાષામાંથી ઉદ્‌ભવ્યા છે, તથાપિ અર્વાચીન સમયના જૈન ગ્રંથોમાં તે યોગ્ય રીતે પ્રથમ પદ ભોગવે છે. હેમચંદ્રાચાર્ય ધર્મ અને તત્ત્વજ્ઞાનના પણ બેશક સારા વિદ્વાન્ હતા, અને તે વિષયના પણ દ્વાત્રિંશિકા વગેરે એમના કેટલાક ગ્રંથો છે, પરંતુ જૈન વાઙ્મયને એમની ચિરસ્થાયી સેવા તો આ વિષય કરતાં ભાષા અને સાહિત્ય વિષયમાં વધારે થઈ છે એમાં સંશય નથી. સંસ્કૃત ભાષા ઉપર એમનો હાથ કેવો સફાઇ અને સરળતાથી ફરતો, એમનું કવિત્વ કેવું મધુર હતું, એ "ત્રિષષ્ઠિ શલાકા પુરૂષચરિત્ર" વગેરે ગ્રંથોની શૈલી, અલંકાર, કલ્પના વગેરે જોતાં જણાય છે. એ વિદ્વાનના કુમારપાળ રાજા સાથેના અને એની સભાના બીજા બ્રાહ્મણ વિદ્વાનો સાથેના પ્રસંગો સુપ્રસિદ્ધ છે.

હેમચંદ્રાચાર્યની સાથે તેમજ એમની આગળ પાછળ બીજા જૈન વિદ્વાનો પણ થયા છે, અને તેમણે જૈન ધર્મમાં સારો શ્રમ કર્યો છે. પરંતુ એ ચંદ્રના તેજ આગળ તારલાંઓનું તેજ ઝાંખું પડી ગયું છે.

હેમચંદ્રના વખતમાં શરૂ થયેલી સાહિત્ય વિષયક પ્રવૃત્તિ એમના પછી પણ ચાલુ રહી છે. **જૈન**–બ્રાહ્મણ વચ્ચેનો ભેદ ભૂલાઇ જઇ હેમચંદ્રની વાણી કેવી લોક પ્રિય થઇ હશે એ પણ એમના વિષેના (કીર્તિકૌમુદિના) શ્લોક પરથી જણાય છે. વળી જૈન મંત્રી પણ બ્રાહ્મણોને દાન આપતા એવો એ બે ધર્મના અનુયાયીઓનો પરસ્પર પ્રીતિ ભર્યો સંબંધ હતો.

**नानर्च भक्तिमान्नेमौ नेमौ शंकरकेशवौ ।**
**जैनोऽपि यः सर्वदानां दानाम्भः कुरुते करे ॥**

ડોકટર પીટરસને પુનામાં ડેકન કૉલેજના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રસિદ્ધ જૈનાચાર્ય "કલિકાળ સર્વજ્ઞ" પંડિત હેમચંદ્રસૂરિ વિષે તથા તેમણે રચેલા યોગશાસ્ત્ર વિષે થોડાં વર્ષ ઉપર મનન કરવા જોગ એક છટાદાર ભાષણ આપ્યું હતું. તેનું ભાષાંતર અહીં આપવાથી વાચકવૃંદને તેમના સંબંધી ઘણું જાણવામાં આવશે. એક ત્રાહિત વિદ્વાનનું કહેવું વાંચનારને વધારે વિશ્વસનીય થઈ પડશે.

"ડેકન કૉલેજના વિદ્યાર્થીઓ ! તમારી જાતના તથા તમારા દેશના એક મહાન લેખક તથા ધર્મગુરૂ વિષે આજે તમારી પાસે બે બોલ બોલવાની મને ઇચ્છા થઈ છે. તે કંઇ મહારાષ્ટ્રનો બ્રાહ્મણ નહોતો. તેમ તે જૂના વિચારનો હિંદુ પણ નહોતો. તમે તથા તમારા વડવાઓ જે ધર્મને તમારા સ્થાપિત ધર્મથી વિરૂદ્ધ માનો છો, તે જૈન ધર્મને માનનારો એ હતો. એમ હોવા છતાં પણ કેળવાયેલા સ્વતંત્ર વિચારના હિંદુઓનું દેશાભિમાન કાંઈ દક્ષિણ કે ગુજરાતમાંજ પરિસમાપ્તિને પામતું નથી. કેળવાએલાઓ તો આખા દેશને પોતાનો દેશ ગણે છે અને કોઈ પણ ધર્મ કે સંપ્રદાયને ખોટા માની લઈ તે તરફ અભાવની લાગણીથી જોતા નથી. કેળવાયેલાઓ સર્વે બાબત બરાબર તપાસે છે ને તે સર્વેમાં તેમને કાંઇને કાંઇ સારૂં ને કાંઇને કાંઈ નવુંજ જાણવામાં આવે છે. જે મહાપુરૂષ વિષે હું તમારી આપળ બોલવા માગું છું તે મહાપુરૂષે પોતાનું લાંબુ આયુષ્ય મોટી મોટી મુશ્કેલીથી પસાર થયેલી જીંદગી સારાં કામ કરવામાંજ ગાળી હતી. એ મહાપુરૂષે કરેલાં સારાં કામ માટે આ દેશના લોકોએ તેમનો મોટો ઉપકાર માનવો જોઇએ. **દુનિયામાં દરેક દેશની ખરી દોલત એ તેના મહાપુરૂષો છે.** દરેક દેશના લોકો મોટા માણસો તરફ અતિ માનની લાગણીથી જુએ એ કુદરતી છે. મેં મારા જીવનનાં ઘણાં વર્ષ આ દેશમાં ગાળેલાં હોવાથી આ દેશ તરફ મને પ્રીતિભાવ છે અને હું આ દેશનો રહીશ છું. આ દેશના એક રહેવાશી તરિકેજ હું તમારી સન્મુખ ભાષણ આપવા ઉભો થયો છું અને તમે પણ તેવીજ પ્રીતિથી મારૂં આ ભાષણ સાંભળશો.

વિક્રમ સંવત્ ૧૧૪૫ની કાર્તકી પુનેમને રોજ ઇ. સ. ૧૦૮૮–૮૯માં અમદાવાદ જીલ્લામાં આવેલા ધંધુકા શહેરમાં એક એવા બાળકનો જન્મ થયો કે જે બાળક યોગ્ય ઉમ્મરે જૈન લોકોનો મોટો ધર્માચાર્ય થયો અને બે મહાન રાજાઓનો ધર્મકાર્યમાં મોટો સલાહકાર થઇ પડયો. તમે બધા હિંદ કરતાં ઇંગ્લાંડનો ઇતિહાસ વધારે સારી રીતે જાણો છો તેથી તમને એમ કહેવું ઠીક થઈ પડશે કે ઇંગ્લાંડમાં નોર્મન વંશનો પહેલો રાજા "વિલિયમ ધી કોંકરર" જે સાલમાં મરણ પામ્યો તે પછીની બીજી સાલમાં આ મહાન ધર્મગુરૂનો જન્મ થયો હતો. તેનાં માબાપ સામાન્ય વણિક જાતિના હતાં. બાપનું નામ ચાચીંગ અને માનું નામ પાહિની હતું. આજે જેવા ભક્તિભાવથી હિંદુ સ્ત્રીઓ દેવમંદિરમાં દરરોજ દર્શન કરવા

જાય છે તેવીજ રીતે તે કામમાં પણ હિંદુ સ્ત્રીઓ દર્શનાર્થે દેવાલયમાં જતી. પાહિની દરરોજ દેરે જતી ને ત્યાં આવતા જતા સાધુમુનિઓનો સદ્‌બોધ સાંભળતી. ખાસ કરીને દેવચંદ્ર નામના સાધુના બોધ ઉપર તે ફીદાફીદા થઈ જતી. એકવાર પાહિનીએ દેવચંદ્રજીને જણાવ્યું કે મને એક એવું સ્વપ્નું આવ્યું કે મારે પેટે એક ચિંતામણિ રત્નનો જન્મ થશે. દેવચંદ્રે એ સ્વપ્નનું ફળ એવું જણાવ્યું કે તમારે પેટે એક પુત્રરત્ન અવતરશે ને તે જૈન ધર્મનું એક ઉત્તમ રત્ન થઈ પડશે. પૂરે દિવસે પાહિનીને એક પુત્ર અવતર્યો અને તેનું નામ ચાંગદેવ પાડયું. પાહિની પોતાને આવેલું સ્વપ્ન તથા ગુરૂ દેવચંદ્રે એ સ્વપ્નનું બતાવેલું ફળ, બંને બાબત વિસરી ગઈ હતી. આ વાતને પાંચેક વર્ષ વીતી ગયાં. ગ્રામાનુગ્રામ વિહાર કરતા દેવચંદ્રજી ફરી ધંધુકે આવ્યા. હમેશના નિયમ પ્રમાણે પાહિનીએ પાંચ વર્ષના બાળકને લઈ સાધુજીનો બોધ સાંભળવા દેરે ગઈ. ત્યાં ચાંગદેવ તેની મા પાસેથી ઉઠીને ગુરૂની ખાલી જગ્યા ઉપર જઇને બેશી ગયો. સર્વે આશ્ચર્યચકિત થયા પણ દેવચંદ્ર આ બનાવનો ભેદ બહુ સારી રીતે સમજી ગયા. તેમણે પાહિનીને ઓળખી કાઢીને પાંચ વર્ષ પહેલાં તેને આવેલા સ્વપ્નની તથા પોતે તેનો જે ખુલાસો કર્યો હતો તે બંને વાત યાદ કરાવી. પછી તેમણે પાહિનીને કહ્યું કે તારે તારો એ પુત્ર ધર્મને અર્પણ કરી દેવો. પાહિનીએ તેમ કરવા હા પાડી. જોકે ચાચીંગે પ્રથમ તો પુત્રને આપી દેવામાં ઘણી આનાકાની કરી, પરંતુ તેને સારી રીતે સમજાવવામાં આવતાં છેવટ તેણે પણ હા પાડી. પૈસા લઇને પોતાના પ્રિય પુત્રને આપી દેવાની તો તેણે સાફ ના કહી હતી. આ વખતથી ચાંગદેવ ધર્મકારણે પોતાનાં માબાપથી જૂદો પડયો અને એ ભલા ગુરૂ દેવચંદ્રની સાથે દેશાટન કરવા લાગ્યો. ધંધુકેથી દેવચંદ્ર ને ચાંગદેવ ખંભાત ગયા. ત્યાં ચાંગદેવને જૈનસાધુની દીક્ષા માહા શુદ ૧૪ ને રવિવારને રોજ વિધિપૂર્વક આપવામાં આવી ને "સોમચંદ્ર" એવુ નવું નામ તેમને આપવામાં આવ્યું.

એક નાના બાળકને દેવચંદ્રે પોતાનો ચેલો કર્યો એ કોઇને અચરજ જેવું લાગશે પણ વાસ્તવિક રીતે જોતાં એમાં કાંઈ અચરજ જેવું નથી. એવું ધોરણ આ દેશ અને બીજા દેશમાં મૂળથી ચાલ્યું આવે છે. બેશક, જૈન ધર્મશાસ્ત્રોમાં એવું ફરમાન છે ખરૂં કે જે માણસને સાધુઓનો નિરંતર બોધ સાંભળી મનમાં પાકું એમ ઠસે કે આ દુનિયા તો એક જુઠાણું—માયારૂપ છે અને મુક્તિ મેળવવાની ઇચ્છાવાળાને આ દુનિયાની જંજાળમાં રહેવાથી મુક્તિ કદીપણ મળવાની નથી. આમ પાકું સમજનારા માણસને સાધુ બનાવવો. આ ફરમાન મુજબ મોટી ઉમરના માણસનેજ સાધુ બનાવી શકાય, એક બાળકને સાધુ ન બનાવી શકાય. આ ધોરણ વાજબી છે તથાપિ બીજા સઘળા ધર્મમાં પણ નવા આચાર્યોને (બાલ્યાવસ્થાથી) પસંદ કરવામાં આવે છે જ્યાં ધર્માચાર્યોને પરણવાનો પ્રતિબંધ હોય ત્યાં તેમની જગ્યા રાખે એવો આચાર્ય તૈયાર કરવા માટે આમ કર્યા સિવાય છુટકો થતોજ નથી. ધર્મની આસ્થાવાળી સ્ત્રીઓ પોતાનો પુત્ર ધર્મને અર્પણ કરી દે છે એવા દાખલા ઘણા જોવામાં આવે છે. વળી એમ પણ આપણે જાણીએ છીએ કે સ્ત્રીઓ પૈસા લઇને પણ પોતાના પુત્રને એ પ્રમાણે વેચે છે. (અપૂર્ણ)

# एक आश्चर्यजनक स्वप्न.

( लेखक शेरसिंह कोठारी—सैलाना )

अनुसंधान पाने १९१ थी.

## वृद्ध विवाह.

यह रिवाजभी कन्याविक्रयहीसे तआलुक रखता है; यदि कन्याविक्रय बंद करवा दिया जावे तो यहभी आज बंद होसक्ता है. उफ्! अक्लके अन्धे वृद्धपुरुष केवलमात्र अपने गृह कार्यके लिये एक नौजवान लड़कीको अपने घरमें लाकर उसका जन्म नष्ट कर देते हैं वे वृद्ध-पुरुष अपने शादीके समयमें भस्मा ( A kind of Powder ) जिस्से कि बाल काले होजाते हैं लगाकर तथा दांतोकी नई बत्तीसी बिठाकर जवानसे बैठते हैं परन्तु अपने दिलमें इतनाभी नहीं सोचते कि ऐसा करनेसे अखीर वे नरक के अधिकारी होंगे.

## बाल विवाह

कई लोग छोटे २ बच्चोंकी शादी कर देते हैं और इस बातको पेश करते हैं कि न मालूम ये बच्चे हमारे मृत्युके पीछे ब्याहे जावेंगे या नहीं; परन्तु मेरे प्यारे भाई यहभी खयाल नहीं करते कि ऐसा करनेसे बिचारे बच्चे जवान होनेपर बहुत पछताते हैं. हे वत्स! इसमें तीन बड़े भारी नुकसान होते हैं, प्रथम तो बचपनहीसे आपसमें डरते रहनेके सबबसे उम्रभर तक प्रेम नहीं रहता; दूसरे इसबात की भी सनाख्त नहीं होसक्ती कि जवान होनेपर वे मूर्ख निकलेंगे अथवा बिद्वान तीसरा तू खुद जानता है कि जहांतक लड़की स्वयं रजस्वला न हो जाय, पुरुषको उसके साथ संसर्ग नहीं करना चाहिये तो फिर निश्चय हुवा कि बाल विवाहमें इसकाभी दोष आता है जिससे कि उनकी सन्तान निर्बल होती है और इसीसे धर्म कर्मके योग्य नहीं रहते—

## लग्न

हे सुशील पुत्र, शादी वही है कि जिसमें मांगलिक बातें होती हैं; परन्तु जिसमें अच्छे काम नहीं होते हुवे अमंगलिक होवें उसे मैं तो शादी नहीं बल्कि गमी ही कहूंगा:—

आजकल जो अपने अन्दर शादी होती है वह अविधिसे होती है. हे भाई जिस वक्त अपन एक हरी वस्तुमात्र का बंधन करते हैं उस वक्त हमारे पवित्र मुनिराज छे छे साक्षी लगा-कर प्रत्याख्यान करवाते हैं तो फिर न मालूम हमारे श्रावकभाई सारी शादीमें मंत्रादिकोंमें अरि-हंत भगवानके नामतकका खयाल क्यों नहीं करते:—

कई वैष्णव भाई इसबातको पेश करते हैं कि जैनियोंमें बिलकुल संस्कारही नहीं हैं परन्तु यह खयाल उनका बिलकुल गलत है सबब कि, हमारे जैनशास्त्रोंमें सोलाओं संस्कार पूर्ण तौर पर चर्चे गये हैं. हे वत्स ! लोगोंको चाहिये कि जरा अज्ञानरूपी पर्देको दूर करके जैनधर्मा-नुसार शादी करनेकी कोशिस करें अब शादीमें जो २ अनर्थकारी बातें होती हैं वे मैं तुझे बताती हूं:—

## वेश्याका नाच

हे वत्स! शादी के वक्त जो वेश्याका नाच होता है वह कितना अनर्थकारी है यह बात अल्प बुद्धिवाले पुरुषभी जान सक्ते हैं. यह तो सर्व लोगोंको भली प्रकार विदित होगा कि अपनी लक्ष्मी जो अपन सुमार्गमें खर्चेंगे तो पुण्यका बंधन तथा कुमार्गमें खर्चेंगे तो पापका बंधन होगा; अब बताना चाहिये कि वेश्याके पास जितना अपना पैसा जाता है, क्या सुमार्गमें लगता है? नहीं, नहीं, कदापि नहीं, अरे, जितना पैसा उस कुट्टनीको दिया जाता है, एकान्त अशुभ कर्म बंधनका हेतु है. भाई यह गणिका स्वयं मय अपने तबले व साजके धिक्कार देती है; इस बातपर एक कविने कहा है:—

### कवित्त

सुकाज को छोड़ कुकाज करें, धन जात है व्यर्थ सदा तिन कों;
एक रांड बुलाय नचावत हैं, नहीं आवत लाज जरा तिन कों।
मृदंग भणे धिक्है, धिक्है, सुरताल पुछे किनकों किनकों;
तब उत्तर रांड बतावत है धिक्है इनको २ इनकों ॥ १ ॥

अफसोस २ इस प्रकार धिक्कार देनेपर भी लंबे २ आवाज करके बोलते हैं " वाह, वाह, क्या उमदा गजल गाई है, क्या उमदा दादरा गाया है; " अरे जैनियों अबतो सोचो, अरे भाईयो अबतो विचार करो, क्यों केवलमात्र फिजूल खर्चा करके इस लोकमें कंगाली तथा परलोकमें दु:खके भागी होनेका प्रयत्न करते हो? हे प्रियपुत्र? कई अक्कके, अन्धे कहदेते हैं कि हम वेश्यागमन नहीं करते हैं, । परन्तु नचवानेमें क्या हर्ज है? यह कहना केवलमात्र उनकी मूर्खताको जाहिर करता है सबब कि जो उनकों नचवाल उनके हाव भाव कटाक्षादि न देखा जावे तो क्योंकर उनके यहां जानेकी इच्छा प्राप्त हो; तब तो निश्चय होगया कि वेश्याका नचाना यह एक महान् दुष्ट कर्तव्य है.

## आतशबाजी छोडना.

हे सुज्ञ पुत्र? इस रिवाज को चर्चते हुवे मुझे बड़ा शर्माना पडता है कि जैनी लोग जो कि "अहिंसा परमो धर्मः" का दावा रखते हैं, इस कार्यकों करते हुवे क्यों नहीं शर्माते. हे भाई! छोटे २ जीवोंपर मेरे जैनी भाई बहुत करुणा बताते हैं, परंतु इस परसे तो निश्चय होता है कि वे केवलमात्र बाह्याडंबरसेही दया दिखलाते होंगे, क्यों कि जो अन्तरंग दया होती तो अवश्य इस दुष्ट रिवाजका नहीं करते. हे वत्स देख एक अंग्रेजी कविने जीवोंको बचानेके निमित्त कैसी कविता कही है:—

Turn turn thy hasty foot aside,
Nor crush that helpless worm,
The frame thy scornful thoughts deride,
From God received its form. 1.

The common Lord of all that move,
From whom Thy being flowed,
A portion of His boundless love,
On that poor worm bestowed. 2.
The sun the moon the stars He made
To all his creatures free,
And spread over earth the grassy blade,
For worms as well as thee. 3.
Let them enjoy their little day,
Their humble bliss receive,
O, do not lightly take away,
The life thou can'st not give. 4.

और भी देख नीतिशास्त्रवाले क्या कहते हैं:—

## श्लोक.

सर्वहिंसानिवृत्ताय, ये नरा सर्वसहाश्च ।
सर्वस्याश्रयभूताश्च, ते नराः स्वर्गगामिनः ॥

**भावार्थः**—जो मनुष्य सर्व प्रकारकी हिंसाओ करके रहित, सहासी तथा सर्व जीवोंके आश्रयभूत हैं वे स्वर्ग ( देवलोक ) में जाते हैं.

हे वत्स ! इनके सिवाय जैनशास्त्रोंका प्रमाणभी सुन :—

## श्लोक.

यदि ग्रावा तोये तरति तरणिर्यद्युदयति,
प्रतीच्यां सप्तार्चिर्यदि भजति शैत्यं कथमपि ।
यदि क्ष्मापीठं स्यादुपरि सकलस्याऽपि जगतः,
प्रसूते सत्त्वानां तदपि न वधः क्वाऽपि सुकृतम् ॥

**भावार्थः**—जो कभी पत्थर पानीमें तिरे जाय, सूर्य पश्चिममें निकळजाय, अग्नि शीतलपनकों प्राप्त हो जाय और पृथ्वी समस्त जगतके ऊपर हो जाय तो भी प्राणियोंकी हिंसासें कदापि पुण्यका बंधन नहीं हो सक्ता और भी:—

## श्लोक.

स कमलवनमग्नेर्वासरं भास्वदस्तादमृतमुरगवक्त्रात्साधुवादं विवादात् ।
रुगपगममजीर्णाज्जीवितं कालकूटादभिलषति वधायः प्राणिनां धर्ममिच्छेत् ॥

**भावार्थ**—जो पुरुष प्राणियोंकी हिंसा करके धर्मकी इच्छा करताहै वह अग्निसें कमळवनकी, सूर्यास्तसें दिवसकी, सर्पके मुखसें अमृत, विवादसें अच्छी भाषा, अजीर्णसें आरोग्यता और हलाहलसें जीवनेकी इच्छा करता है.

बस तो निश्चय होगया कि जो सच्चा वीर परमात्माका पुत्र है उसको यह कार्य कदापि नहीं करना चाहिये. हे भाई ! किसकों कहें सर्वलोग अपने २ एंढहीमें पड़े रहते है, अफसोस. ( अपूर्ण )

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ગુજરાત શહેર અણહીલવાડ પાટણ મધ્યે આવેલા શ્રી પંચાસરાજી પાર્શ્વનાથજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ–

સદરહુ દેહેરાસરજીના વહીવટકર્તા શેઠ એહેચરદાસ હેમચંદના હસ્તકનો સંવત ૧૯૫૪ ની સાલથી તે સંવત ૧૯૬૨ ના આસો વદ ૦)) સુધીનું એકલું નામુંજ અમોએ તપાસ્યું છે. બહારથી સાંભળવા પ્રમાણે વહીવટકર્તા ગ્રહસ્થ વહીવટ સારી રીતે ચલાવે છેપણ નામા સિવાય જંગમ તથા સ્થાવર મીલકત વિગરે દેખડાવવાની વહીવટકર્તા ગ્રહસ્થ પાસે વખતો વખત માગણી કરવા છતાં દેખડાવી નથી. એકલોજ હીસાબ દેખડાવવાથી સદરહુ વહીવટ કેવી રીતે ચાલે છે તે ઉપર અમો ચોકસ મત બાંધી શકતા નથી, તેથી સદરહુ વહીવટની જંગમ તથા સ્થાવર વિગરે મીલકત દેખડાવવાની વહીવટકર્તા ગ્રહસ્થને લખી જણાવ્યું છે: તેથી આશા રાખીએ છીએ કે તે ઉપર વહીવટકર્તા ગ્રહસ્થ પુખ્ત વિચાર કરી અધુરૂં રહેલું કામ પૂરૂં કરી આપશે એજ.

જીલ્લે ખેડા તાબે કપડવંજ મધ્યે આવેલા શ્રી શાન્તિનાથજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ–

સદરહુ દેહેરાસરજીના વહીવટકર્તા શેઠ મગનભાઈ પ્રેમચંદના હસ્તકનો હીસાબ સંવત ૧૯૬૦ ના કારતક સુદ ૧ થી તે સંવત ૧૯૬૩ ના જેઠ સુદ ૧ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો, તે જોતાં ખાતાની સ્થિતિ બહુજ ખરાબ થએલી છે અને હવે પછી વહીવટકર્તા તે ઉપર બરોબર ધ્યાન નહીં આપે તો તે ખાતું વધારે ખરાબ સ્થિતિમાં આવી પડવાનો સંભવ છે.

દેહેરાસરજીનો વહીવટ એક ચોપડામાંજ રાખવામાં આવ્યો છે ને તેમાં રીતસર તેમજ જૈન શૈલી મુજબ નામું લખવામાં આવ્યું નથી. તે સદંતર રીતથી ઉલટું છે, કારણ કે નામાના અંગે મેળ ખાતાવઈ રોકડ વિગેરે ચોપડા બાંધી નામું લખવાની ખાસ જરૂર છે.

ગામ મધ્યેના દરેક ધાર્મિક સંસ્થાઓના વહીવટકર્તા ગ્રહસ્થોએ શ્રીસંઘની શેઠ મીઠાભાઈ કલ્યાણચંદની પેઢીમાં સામેલ થઇ ગામ મધ્યેની દરેક ધાર્મિક સંસ્થાઓનો વહીવટ પેઢી મારફતે ચલાવવામાં આવે તો હાલમાં ગામ મધ્યેની ધાર્મિક સંસ્થાના વહીવટમાં ગેરવ્યવસ્થા ચાલે છે તે નીકળી જઈ દેવદ્રવ્યનો નાશ થતો અટકે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

જીલ્લે ગુજરાત શહેર અણહીલવાડ પાટણ મધ્યે વખારના પાડામાં આવેલા શ્રી શાન્તિનાથજી મહારાજના દેહેરાસરજીના તથા સાધારણ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાના પ્રથમના વહીવટકર્તા શેઠ જોઇતારામ ફીકાચંદ તથા શેઠ ઉતમચંદ જેઠાના હસ્તકનો સંવત ૧૯૫૯ની સાલથી તે સવંત ૧૯૬૩ના આસો વદ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો, તે જોતાં વહીવટ કદાચ રીતસર ચલાવ્યો હશે પણ વહીવટકર્તા ગ્રહસ્થે હી-

સાબ તથા મીલકત નીખાલસ દિલથી દેખડાવી નથી તેમજ કેટલીક બાબતનો ખુલાસો માગતાં તેનો રીતસર ખુલાસો આપ્યો નથી તેથી સદરહુ વહીવટ બદલ અમે ચોકસ મત આપી શકતા નથી પણ મજકુર વહીવટકર્ત્તા ગ્રહસ્થોનો પાછળથી સ્વર્ગવાસ થવાથી હાલના વહીવટ-કર્ત્તાને સદરહુ વહીવટને લગતી જંગમ તથા સ્થાવર મીલકતનો તોલ તથા કિંમત સાથે નોંધ કરી અમારી ઉપર મોકલી આપવા સૂચવ્યું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

જીલ્લે ગુજરાત શહેર અણુહીલવાડ પાટણ મધ્યે ઝવેરીવાડમાં આવેલા શ્રીનારંગાપાર્શ્વ-નાથજી મહારાજના દેહેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાના વહીવટકર્ત્તા શેઠ ચુનીલાલ મગનલાલ ભંડારી તથા શેઠ ધરમચંદ નાથાચંદના હસ્તકનો સવંત ૧૯૫૮ થી ૧૯૬૩ ના આસો વદ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો, તે જોતાં વહીવટનું નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવેછે પણ તેને લગતા સોનારૂપા વિગેરેના દાગીના આ ખાતાના ઇન્સ્પેકટરે વખતો વખત માગણી કર્યા છતાં તેમજ વહીવટકર્ત્તાઓને ઘણુંક સમજાવ્યા છતાં પોતાની ગેરસમજુતીથી પૂરેપૂરા દેખડાવ્યા નથી તે બહુજ દિલગીર થવા જેવું છે, માટે વહીવટકર્ત્તા ગ્રહસ્થે પુખ્ત વિચાર કરી બાકી રહેલી મીલકતનો ચોકસ તોલ કિંમત સાથે નોંધ કરી તેનું લીસ્ટ અમારી ઉપર મોકલી આપવું.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

જીલ્લે ગુજરાત શહેર અણુહીલવાડ પાટણ મધ્યે ઝવેરીવાડમાં આવેલા શ્રી નારંગા-પાર્શ્વનાથજી મહારાજના દેહેરાસરજીના જીર્ણોદ્ધાર ખાતાના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાના વહીવટકર્ત્તા શેઠ ચુનીલાલ મગનલાલ ભંડારીના હસ્તકનો સંવત ૧૯૫૯ ની સાલથી તે સવંત ૧૯૬૩ ના શ્રાવણ વદ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો, તે જોતાં વહીવટકર્ત્તા ગ્રહસ્થે મેહેલાવાળાની મદદ લઈ ખંતપણાથી પૂરેપૂરી મહેનત કરી ભવ્ય જિનાલય બંધાવ્યું છે તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

આ ખાતું તપાસી જે ખામી દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

જીલ્લે જોધપુર દેશ મારવાડ તાબે ગામ સાદડી પાસે આવેલા રાણુકપુરજી તીર્થના વહી-વટને લગતો રીપોર્ટ—.

સદરહુ તીર્થના પ્રથમના વહીવટકર્ત્તા શેઠ કસ્તુરચંદજી ધોકા તથા શેઠ મુલચંદજી ચોવા-ટીયાના તાબાનો સવંત ૧૯૬૧ની સાલનો તથા શેઠ આણંદજી કલ્યાણજીના તાબાનો સવંત ૧૯૬૨ની સાલનો હીસાબ અમોએ તપાસ્યો, રાણેકપુરજી તીર્થના વહીવટમાં ગેરવ્યવસ્થા ચાલવા-માં આવતી હોવાથી અમારી ઉપર ઘણી અરજીઓ આવવાથી આ ખાતાના ઇન્સ્પેકટરને મોક-લી પ્રથમના વહીવટકર્ત્તા પાસે સદરહુ તીર્થનો વહીવટ તપાસવાની માગણી કરતાં ઘણો વખત સુધી વાયદા કર્યા બાદ દેખડાવ્યો, પણ સદરહુ તીર્થની મુખ્ય પેઢી ગામ સાદડીમાં હોવાથી ત્યાંના પંચોમાં એક સંપ નહીં હોવાના લીધે કેટલાએક ભંડારો ઉઘાડી નહીં શકવાને લીધે પૂરતા

ચોપડા મલી નહીં શકવાથી પૂરેપૂરો હીસાબ તપાસવાનું બની શકયું ન હતું અને ત્યાંના પંચોમાં ઘણીજ ખટપટ હોવાના લીધે સદરહુ તીર્થના વહીવટમાં બહુજ ગેરવ્યવસ્થા દેખાયાથી અમોએ શ્રી અમદાવાદ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સાથે પત્રવહેવાર ચલાવી સદરહુ તીર્થના વહીવટનો કબજો લેવાનું ઠરાવી તેની તરફથી એક માણસ મોકલી આપવાથી ધીરે ધીરે સદરહુ તીર્થનો પૂરેપૂરો કબજો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સોંપાવી દીધો. આ ખાતાના ઇન્સ્પેકટર મી. જેચંદ ચતુરને સદરહુ કારખાનાના માણસો તરફથી ઘણી રીતની નડતરો થવાથી બીજા ઇન્સ્પેકટર મી.હરીલાલ જેસંગ ખેતાણી તથા કારકુન પટાવાલા વિગેરેને ત્યાં મોકલ્યા અને તે લોકોએ ઘણીજ ખટપટ કરી પૂરતી મહેનત લઇ લગભગ સાત માસ રોકાઇ સદરહુ વહીવટ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સવંત ૧૯૬૨ના કારતક સુદ ૧૫ પછીનો વહીવટ સોંપાવી નવા ચોપડા બંધાવી તેમાં વહીવટનું નામું દાખલ કરાવ્યું તે માટે અત્યારે મારે સદરહુ ઇન્સ્પેકટરો તથા કારકુન પટાવાલાનો આભાર માનવા વગર ચાલતું નથી. ત્યાર બાદ તેમના તાબાનો સવંત ૧૯૬૨ના કારતક સુદ ૧૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના સ્વાધીનમાં મજકુર વહીવટ આવ્યા બાદ તેમાં ઘણી રીતના સુધારા વધારા કરવામાં આવ્યાથી જાત્રાળુઓને ઉતારા વિગેરેની સવડ મળવાથી તેમજ વહીવટ ઉપર ભરૂસો પડવાથી તેની ઉપજમાં ધીરે ધીરે વધારો થવા લાગ્યો છે તેમજ રાણકપુરજી તીર્થમાં કેટલોએક સુધારો થયોછે અને હજુ થતો આવે છે, તે માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને ધન્યવાદ ઘટે છે; તોપણ સદરહુ પેઢીના વહીવટમાં હજુ ઘણા સુધારા વધારા કરવા બાકી છે તેમજ સદરહુ તીર્થના મુખ્ય ચોમખજીના મોટા મંદિરમાં ઘણી જગ્યાઓમાં જીર્ણોધ્ધાર કરવાની જરૂર છે તેમજ પૂજન વિગેરેમાં ઘણી રીતની ગેરવ્યવસ્થા ચાલે છે તેનો બંદોબસ્ત કરવાનું તથા સદરહુ મંદિરમાં દાખલ થતાં પ્રથમના દરવાજા આગળ એક વિશાળ જમીન ખાલી પડેલી છે. જેમાંથી જાત્રાળુઓને જુદાજુદા મંદિરોમાં જવાના રસ્તા નીકળે છે. તે રસ્તાઓ ઉપર પાકી સડક બાંધવાની તથા બાકીની જમીન ઉપર બગીચો કરવાની તેમજ ત્યાંનું પાણી બહુજ ખરાબ હોવાને લીધે જાત્રાળુઓ વધારે વાર રહી શકતા નથી તથા જાત્રાળુઓને ઉતારા માટે ધર્મશાળાની બરાબર સવડ નથી માટે તેમાં સુધારો કરી તેની નજીકમાં જ્યાં સારૂં પાણી હોય ત્યાંથી પાણી લાવવાની ગોઠવણ કરી જાત્રાળુઓની બધી અડચણો દૂર કરવા વિગરે ઘણી જાતનાં સુધારાઓ કરવાની ખાસ જરૂર છે, તેને લગતું કંઇક સૂચનાપત્ર શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઉપર મોકલી આપવામાં આવ્યું છે. અમો **આશા** રાખીએ છીએ કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનીધી સાહેબો તે ઉપર **પૂરેપૂરૂં** ધ્યાન આપી તાકીદે યોગ્ય બંદોબસ્ત કરશે એજ.

લી૦ શ્રી સંઘનો સેવક,

**ચુનીલાલ નહાનચંદ**

ઑનરરી ઓડીટર.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

# શ્રી ગાંગાવાડા મુકામે મળેલી પાટીદાર પરિષદ્‌માં ઉપદેશની અસર અને થયેલા જીવદયાના ઠરાવો.

શ્રી ગાંગાવાડા મુકામે પાટીદાર પરિષદ્ મળનારી હતી જેની ખબર આગમજથી પડવાથી ત્યાં ઓનરરી ઉપદેશક મી. નારણજી અમરસીને ત્યાં જવા અને જીવદયા વિષે ભાષણ કરવા લખ્યું હતું. તેઓએ ત્યાં જઈ ઉત્તમ કામ બજાવ્યું છે એમ નીચેના પત્રથી જોઇ શકાય છે અને તેથી તેઓના સુપ્રયાસ માટે જેટલો આનંદ થાય છે તેટલોજ આનંદ પાટીદાર બંધુઓ જાગ્રત થઈ પરિષદ્ રૂપે ભેગા મલી પોતાની ઉન્નતિ જોડે જીવદયાના કાર્યને પૂરતી અગત્ય આપી ખેતીવાડીના કામનો સૌથી વધુ સંબંધ અને અનુભવ ધરાવતા હોઈ તેઓની વખતસરની જાગ્રતિ માટે થાય છે, કેમકે દુનિયાની સુખી સ્થિતિનો આધાર ખેતીવાડી ઉપર હોઈ તેઓએ જે ઠરાવો કર્યા છે તે ઠરાવોને અમલમાં મૂકવા જેમ જેમ પ્રયત્ન કરતા જશે તેમ તેમ. જનસમાજના આબાદીપણામાં વધારો થવા સાથે દુનિયા વધુ શાન્તિ ભોગવશે એમ અમારૂં ચોકસ માનવું છે. જુદી જુદી પરિષદો ઘણા સ્થળે મલે છે. તેઓ દરેક જીવદયાના ઉત્તમ સવાલને જોઇતા પ્રમાણમાં ચર્ચી જીવોને રક્ષણ આપવાને યોગ્ય પ્રયત્ન કરે તો હેરાન થતા જીવો બચે તે નક્કીજ.

આ માટે સુરત ખાતે મળેલ વૈશ્નવ કોન્ફરન્સ ઉપર પણ એક પત્ર લખી તેઓનું લક્ષ ખેંચવામાં આવ્યું હતું પણ તેઓ જાણે ગાયોને ગૌશાળાઓમાં બાંધી મૂકી ઘાસ ચારો પૂરો પાડે છે તેટલામાંજ જીવદયા થાય છે એમ ધારી પત્ર ઉપર કંઈ લક્ષ આપ્યું હોય એમ જણાતું નથી. બાકી તેઓના આચાર્યો લાગવગે ઘણી ઉત્તમ પ્રકારે જીવોની સેવા બજાવી શકે તેમ છે. આશા રાખીશું કે હવે પછી પાટીદાર પરિષદ્ જેવાના ઠરાવો પૈકી અનુકૂળ જણાતા ઠરાવોનું અનુકરણ કરવામાં આવે.

લી. સેવક.

**લલુભાઇ કરમચંદ દલાલ.**

**ઓ. સેક્રેટરી. જીવદયા કમીટી.**

શ્રી. જૈન. શ્વે. કોન્ફરન્સ

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સે કૃપા કરી પોતાના ઓનરરી ઉપદેશક શાહ નારણજી અમરશીને મોકલતાં તેમણે જીવદયા અને તેના ઉદ્દેશ પાર પાડવા સારૂ પાંજરાપો-

ળોની વ્યવસ્થામાં સામેલ થવા અને સહાયતા આપવા માટે ભારતની તમામ પ્રજાએ ઐકયતાથી ભાગ લેવા આવશ્યક સૂચક દાખલા દલીલોવાળું ભાષણ આપવાથી આ પરિષદ્‌માં યોગ્ય અસર થઈ હતી જેના પરિણામે તેમની દરખાસ્ત મુજબ અવાચક પ્રાણીના સંરક્ષણ સારૂ નીચે પ્રમાણેના ઠરાવો પસાર થયા હતા.

૧ જીવહિંસા કોઇએ કરવી નહીં તથા એવા કામમાં ટેકો કે મદદ આપવી નહીં.

૨ નાના વાછડાને ગોધલા કરવા સારૂ ખાસી કરવા કે કરાવવા નહીં, પરંતુ એ વાછડા જે સ્થિતિમાં કુદરતી રીતે જન્મ્યા હોય તે સ્થિતિમાં ઉછેરી ખેતીના કામમાં યોગ્ય ઉમ્મરે પહોંચ્યા પછી લેવા.

૩ બળધને કાંધોલાં પાક્યાં હોય તેને કોઈએ જોતરવા નહીં અને ગાડામાં પચીસ મણથી વધારે બોજો ભરવો નહીં.

૪ જીવદયા તેમજ ખેતીના હિત અને ઉત્તેજન અર્થે ગાય, બળધ, ભેંસ, પાડા, વિગેરે મોટાં જાનવરોમાં વેચાણ માટે ગોંડળ, ધરમપુર, જામનગરના, રાજ્યકર્ત્તાઓએ યોગ્ય પ્રબંધ ઠરાવેલ છે જેનું અનુકરણ કરવા તેમજ આવાં જાનવરો હિંસક વર્ગને કોઇ આપે નહિં એવા યોગ્ય ધારાઓ અને પ્રતિબંધ મુકરર કરવા સારૂ દરેક રાજા રજવાડાઓ પ્રત્યે અવસરે માગણી કરવી.

૫ માછલાં અને બીજી જીવદયાની હકીકતોમાં વણીક કોમ જે પરિશ્રમ કરે છે તે પરિશ્રમને ટેકો આપવો અને સહાયભૂત થવું પાણી દુધ ગળીને વાપરવાં.

૬ પોતાની પાસેનાં જાનવરોની સંખ્યાના પ્રમાણમાં ઘાસચારાનો સંગ્રહ રાખવો ન નભી શકે એવાં અને અશક્ત થયેલ ઢોરાંને બનતી ઝડપે પાંજરાપોળમાં મૂકવા તજવીજ કરવી તેમજ પાડાને ખેતીના ઉપયોગમાં લેવા વિચાર ન હોય તો તેને કાંઈપણ રકમ લીધા સિવાય પાંજરાપોળમાં મૂકવા પાંજરાપોળોના નિભાવ માટે બનતી મદદ આપવી તેમજ તેની વ્યવસ્થામાં બનતી રીતે સામેલગીરી રાખવી.

૭ ગાય, બળદ, પાડા અને ભેંસો વૃદ્ધ અને અશકત થયે ભામદારોને વેચાણ આપવા નહીં તેમજ તે જાનવરો વેચવા પ્રસંગે સંપૂર્ણ તપાસ અને ખાત્રી કરવી કે તેઓ કસાઇ કે હિંસક વર્ગના હાથમાં જાય નહીં તેમજ અજાણ્યા માણસોને ખાત્રી લીધા સિવાય આપવાં નહિં. ભરવાડ રબારી વગેરે ઢોરાં વેચવા સાટવાનો ધંધો કરનાર માણસો જો હિંસક વર્ગની દલાલી કરતા હોય તો એવા લોકોને કર લાગા વિગેરે અપાતા બંધ કરવા અને તેમની જ્ઞાતિને સૂચવવું કે આવા માણસોને યોગ્ય નશીયત કરે.

૮ બળધને ખેતીનું સાધન ગણી કરજદાર સ્થિતિ વખતે તેને જપ્તીમાં લેવામાં આવતા નથી એ મુજબ ગાયોને પણ ખેતીના સાધન તરીકે ગણવાનો ધારો દાખલ કરાવવા દરેક દેશી રાજ્યોમાં માગણીઓ કરવી.

૯ આ કાર્ય પાર પાડવા માટે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક કોન્ફરન્સના ઓનરરી ઉપદેશક મી. નારણજી અમરશી શાહે લીધેલા પરિશ્રમ માટે ધન્યવાદ આપવામાં આવે છે અને એવી રીતે બીજા ઉપદેશકો આવી સભાઓ વખતે હાજરી આપી ઉન્નતિનો માર્ગ સરલ કરવાને યોગ્ય સલાહ અને ઉપદેશ આપવા તજવીજ કરશે એવી અમારી જીજ્ઞાસા છે.

ઉપર પ્રમાણેના ઠરાવો પસાર થયા છે જે અમારી કોમમાં ધાર્મિક અને આર્થિક સ્થિતિની ઉન્નતિ કરે તેવા છે. આ દેશમાં વસનાર કણબી અને વણીક કોમ અહિંસાધર્મ ઉદારતા પાળનાર મૂર્તિપૂજક અને વૈસ્ય છે. કૃષિ અને વેપાર એ પ્રમાણે અંગત સંબંધ ધરાવનાર બન્નેના ઉદ્યોગો છે. આ સંબંધો ખ્યાલમાં લઈ જ્ઞાતિહિતનાં કાર્યો ધાર્મિક કૃત્યો સાથે જોડી દઈશું તો ન ધારેલા સમયમાં ઘણી સારી અસર થઈ શકશે.

જાનવરોની જીંદગીને પવિત્ર ગણવામાં આવે છે તેમજ હિંદના દરેક ધર્મોના પવિત્ર ગ્રંથોમાં બધા પ્રાણીઓની સંભાળ રાખવાનું ખાસ ફરમાન છે તે સાથે મુંગા પ્રાણીઓના રક્ષણ માટે કાયદો તૈયાર છે પણ આવી જબરી કોમોમાં ઉપદેશ અને ઐક્યતા વગર તેનો અમલ કરવો એ સહેલું કામ નથી; જેથી આ કાર્ય માટે ઐક્યતા વધારવા દેશ હિતચિંતકો અને ઉપદેશકોએ કમર કસવાની છે એટલુંજ નહીં પણ એ ઉપદેશકોના વિકટ રસ્તાઓ દૂર કરવા માટે દરેક વ્યક્તિએ પ્રયાસ કરવાની જરૂર છે.

ગાંગાવાડા તા. ૨૬-૪-૧૦ વિનંતિ સેવક.

**પરશોતમ રામજી પટેલ.**

સેક્રેટરી

---

# મુનિ મહારાજાઓના ઉપદેશથી જીવદયાના થએલા લાભ.

મુનિ મહારાજ શ્રી હંસવિજયજીના સદ્બોધથી સુરત જીલ્લાના ગામ ડુમસ તથા ભીમપુરના માછી લોકોએ જાળ નાખવી નહીં તેવો બંદોબસ્ત કરેલો છે. વળી લાઇન્સમાં એક આરબ ગૃહસ્થ તેઓને મળતાં જીવદયા પળાવવા કબુલત આપી હતી તે કબુલત પ્રમાણે સદરહુ આરબ ગૃહસ્થે રૂ. ૪૦) ના આશરે ખર્ચ કરી પોતાનું વચન પાળ્યું છે અને જાળો બંધ કરાવી છે તથા કસાઇની દુકાનો પણ બંધ કરાવી છે.

મદારમાં મુનિ મહારાજ શ્રી લબ્ધિવિજયજીના ઉપદેશથી કસાઇ લોકોના મુખ્ય માણસે પર્યુષણના ૯ દિવસ લગી હિંસા નહીં કરવા કબુલત આપી છે તેમજ મહારાજશ્રીના બોધથી કેટલાક બીજા ગૃહસ્થોએ પણ જીવદયા પાળવા નિશ્ચય કર્યો છે. વળી ત્યાંના શ્રી સંઘે કસાઇખાનું બંધ કરાવવામાં થોડી મહેનતે સારૂં કામ કર્યું છે તે પણ મહારાજ શ્રી લબ્ધિવિજયજીનોજ પ્રતાપ છે.

# ઉપદેશકના ભાષણથી જીવદયા વગેરેના ઠરાવ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે વીજાપુર તાબાના ગામ માણેકપુરમાં જીવદયા સંબંધી ભાષણ કર્યું તે વખતે આશરે ૨૦૦ માણસોએ હાજરી આપી હતી અને ત્યાંના ઠાકોર સાહેબ કેશરીસીંહજી બાપુસીંહજીએ નીચે પ્રમાણે ઠરાવ કર્યા છે.

૧ વૃદ્ધ ઢોર શેનવા તથા બજાણીઆ વગેરે શક પડતા લોકોને આપવાં નહિ.

૨ પાડા મોટા કરવા, એક આંચળ આપીને ઉછેરવા, ને હજો હાંકવાની કોશીશ કરવી અગર મહાજનમાં મૂકવા.

૩ વાછરડાં બહારગામ જાય છે તે બંધ કરવામાં આવે છે ને વાઘરી વગેરે નીચ જાતના લોકોને આપવાનું બંધ કરવામાં આવે છે.

૪ મુંબઇમાં ભેંસો ચડાવવાને વેચાતી આપવાનું આજ રોજ ગામ કમીટીએ બંધ કર્યું છે.

૫ હરહમેશ મદ્યપાન કરનારાઓએ નહિ પીવાનું લક્ષમાં લીધું છે.

૬ કોઈ માણસોએ શીકાર કરવો નહિ તેમ કોઈ જાતનો પશુવધ કરવો નહિ.

૭ પ્લેગ વગેરે કારણો માટે પશુવધ કરવાની બાધા રાખવી નહિ.

૮ આશો સુદ ૯ ના રોજ બકરાનો વધ કરવામાં આવતો હતો તે બંધ કરવામાં આવ્યો છે.

ઉપરના ઠરાવ વિરૂદ્ધ જે કોઈ વર્તે તેને પોતપોતાની નાતથી દૂર કરવો એવો ગામ કમીટીએ ભેગા થઈ ઠરાવ કબુલ કર્યો છે. તા. ૯-૮-૧૦

કડીપ્રાંતમાં આવેલા સોજા ગામે તા. ૧૬-૮-૧૦ ના રોજ જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે જીવદયા ઉપર તથા બીજી કેટલીક બાબતો ઉપર ભાષણો આપ્યાં તે વખતે સોજાના આગેવાન ગરાશીઆ ધમીરજી ધીરાજ તથા મુખી નથુભાઈ માધવજીની આગેવાની નીચે ગામલોકોનું આશરે ૩૦૦ માણસ ભેગું થયું હતું તે વખતે ગામલોકોએ ઠરાવ કર્યા કે કોઇએ કોઇપણ જાતનું પાપ કરવું નહીં તેમ દારૂ પીવો નહીં અને કોઇને પાપ કરવા દેવું નહીં. વગેરે બાબતોનો દસ્તાવેજ કરી સહીઓ લેવામાં આવી હતી. તેમજ સોજાનાં શ્રીજૈનસંઘ સમસ્તે શ્રી સુકૃત ભંડાર ફંડના રૂ. ૨૫) પચીશ વસુલ કરી આપી નીચે લખ્યા પ્રમાણે ઠરાવો કર્યા છે.

પરદેશી ભ્રષ્ટ ખાંડ વાપરવી નહીં તેમ મરણ પછવાડે રડવા કુટવાનો રીવાજ બંધ કરવામાં આવે છે. અને સ્ત્રીઓએ કોઈ પણ પ્રસંગે ફટાણા ગાવા નહીં તેમ બંગડીઓ પહેરવી નહી. વગેરે વગેરે.

ઉપરના ઠરાવો થયા બાદ આગેવાનો તરફથી કહેવામાં આવ્યું કે કોન્ફરન્સના ઉપદેશકો આવાજ જોઇએ. આવા ઉપદેશકોથી આપણી ઉન્નતિ થાય એમ અમારૂં માનવું છે. વગેરે બાબત ઉપર કેટલુંક વિવેચન થયા બાદ સૌ વીસર્જન થયા હતા.

તા. ૨૭-૮-૧૦ ના રોજ પાનસર ગામે અને તા. ૨૮-૮-૧૦ ના રોજ ઝુલાસણ ગામે ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે કોન્ફરન્સના ઠરાવો ઉપર જૂદી જૂદી બાબતો વિષે ભાષણો આપ્યાં હતાં. તે વખતે ઉપરના ગામોના ઘણા માણસોએ તમાકુનો બીલકુલ ઉપયોગ નહીં

કરવા સોગન લીધા હતા તથા પરદેશી ભ્રષ્ટ ખાંડ નહીં વાપરવા ઠરાવ કર્યો છે વળી ઝુલાસણના ઠાકરડા ગરાશીઆઓએ જીવહિંસા ન કરવા તેમ માંસભક્ષણ કે દારૂનો બીલકુલ ઉપયોગ ન કરવા પ્રતિજ્ઞા લીધી છે. તેમજ હાનિકારક રીવાજો ધીમે ધીમે બંધ કરવા હીલચાલ કરવામાં આવી છે.

# जैन ग्रंथावळि विषे अभिप्राय.

"જૈન ગ્રંથાવલિ" પ્રગટ કરી જૈન કોન્ફરંસ ઓફિસે સાહિત્યના ઉપાસકો ઉપરાંત આપણી જૈનકોમ ઉપર પણ ભારે ઉપકાર કર્યો છે. જૈન ભંડારોમાં કેવાં કેવાં અમૂલ્ય અને ઉપયોગી રત્નો સાચવી રાખવામાં આવ્યાં છે તે આ ગ્રંથાવલિ સ્પષ્ટતાથી બતાવી આપે છે. કોન્ફરંસ ઓફિસનો આ જમાનાને અનુસરતો આ દિશાનો પ્રયત્ન બેશક આદરણીય ને પ્રશંસનીય છે.

જે મહામુનિઓ તથા પંડિતોએ જૈન તત્વજ્ઞાનના, ન્યાયના, ઉપદેશના, વિજ્ઞાનના કે ભાષાસાહિત્યના ગ્રંથો લખી જૈન સંઘને સર્વ સ્થળે દેદિપ્યમાન કર્યો છે તે મહામુનિઓ ને પંડિતોને આ રીતે અજવાળામાં લાવવાનો કોન્ફરંસ ઓફિસનો પ્રયત્ન સ્તુત્ય છે.

આ ગ્રંથાવલિ તપાસી જતાં જણાય છે કે કોન્ફરંસ ઓફિસે ગ્રંથાવલિની યોજના કરવામાં ભારે શ્રમ લીધો છે ને તે શ્રમ પણ સફળ થયો જણાય છે.

કોઇ પણ રીતે જેસલમેર જેવા જૂના ભંડારનાં સર્વ પુસ્તકની ફેરીસ્ત થઈ જાય તો કોન્ફરંસ ઓફિસે કાંઈ જેવું તેવું કાર્ય કર્યું નહિ ગણાય.

સંવત ૧૩૦ માં રચાયેલા યોનિપ્રાભૃત ગ્રંથ પછી ઠેઠ સંવત ૭૩૩ માં લખાયેલી ઓઘનિર્યુક્તિ ચૂર્ણિનું નામ આવે છે તો વચ્ચે ૬૦૦ વરસના ગાળામાં લખાયેલાં પુસ્તકોની શોધ થવાની જરૂર છે.

ધિ સેંટ્રલ જૈન લાઇબ્રેરી થવાની જરૂર છે કે જ્યાં ગ્રંથાવલિમાં જણાવેલાં પુસ્તકો જળવાઈ રહે અને નવાં પુસ્તકોનો ઉમેરો થાય.

વિદ્વાન મુનિમહારાજો આ ગ્રંથાવલિ અવલોકીને જૈન સાહિત્યની વિશેષ સારી સેવા બજાવી શકે તેવું છે. એટલુંજ નહિ, પણ પોતાના વિહારસ્થાનોમાં દુર્લભ્ય ગ્રંથો માટે તજવીજ પણ કરી શકે તેવું છે. જ્ઞાનની રક્ષા કેવી રીતે થાય અને જ્ઞાનપંચમીને દિવસે બાહ્ય સુંદરતામાં કૃતકૃત્યતા માનવાથી લાભ નહિ પણ હાનિ થાય છે વગેરે હકીકત શ્રાવક સમુદાયને મુનિમહારાજો સારી રીતે સમજાવી શકે.

માગધી ભાષાના અભ્યાસકોની આપણામાં હાલ ઘણી ખોટ છે તો જૂના ભંડારોમાંના વ્યાકરણના ગ્રંથો હાલના જમાનાને ઉપયોગી થઈ પડે એવા યોગ્ય ટીપણ સાથે સસ્તી કીમતમાં પ્રગટ થવાની જરૂર છે. સંસ્કૃત ભાષા એ મૃતભાષા હોવા છતાં તે ભાષા જાણનારા વિદ્વાનો વિશેષ મેળવી શકાય છે ત્યારે માગધી ભાષા જાણનારા વિદ્વાનો શોધ્યા પણ જડતા નથી.

કોન્ફરંસ ઓફિસના "જૈન ગ્રંથાવલિ" જેવા યત્નોની ફતેહ ઇચ્છું છું. કોન્ફરંસના નિયામકો સમગ્ર જૈનકોમમાં ઐક્યની વૃદ્ધિ કરો અને સાહિત્યની સારી રીતે સેવા બજાવો.

અસ્તુ.

રાજકોટ સીટી
તા૦ ૮-૫-૧૦

**લિ૦ પોપટલાલ કેવળચંદ શાહ. રાજકોટ.**

# AN APPEAL TO JAINS.

"Jainism is generally recognized as a distinct religion, but in certain parts the Jains themselves strongly assert their claim to be Hindus, and some of them were doubtless thus entered at the census."

Above is an extract from the "Imperial Gazetteer Vol.I".

Amelioration of a nation, or relegion chiefly depends on its numerical value; & that being in itself defective, no proper idea can be formed, & in the absence of which all the way for a reformer, for conference, & even for a private thinking mind is barred towards progress. A Hindu would never like to be himself enumerated as a Mohomedan, Jain or Christian, nor the Mohomedans, Christians or Budhists would like to be enlisted of other religion than that in which the accident of birth has placed them or which they already profess; or in other words none would like to reduce the number of his religionists by causing himself to be enumerated as the member of another religion. Why then, my brothers should do this, I am at a loss to know.

In the words of Mr. Crooke "The numerical strength of the Jains is now $1\frac{1}{3}$ millions & it shows a tendency to decrease; but this is perhaps more nominal than real, as there seems to be a growing disposition among them to describe themselves as Hindus." If we are unable to promote the cause of our religion (which the most of our philanthropic gentry I am sure, struggling hard to do), why we should be bent on its deterioration.

In short, I won't intrude upon the valuable time of my co-religionists, by putting in detail before them the prejudices, that such an action is likely to cause to our sacred religion, the Jainism. Suffice it to say that the act is "to cut the branch of a tree from the root on which one sits himself."

In order to check these unseeming slides from the ever-existing rock of the Jain religion, I would crave my brothers

to get themselves enumerated nothing but the Jains at the coming census.

I would further suggest that a resolution may be passed at the next conference to submit a memorial to the Government of India, craving that a separate report on the Jain population & its statistics may be published; & also that in future no Jain should anywhere be entered as a Hindu.

I hope that the educated class of my co-religionists would condescend to give wide-spread circulation to my entreaties & thereby put under the high obligation.

Their well-wisher,

1st September 1910. Kanahialal Jaini
BHARATPUR.

# जैनोने जाहेर अपील.

"જૈન ધર્મ એ સાધારણ રીતે એક જૂદાજ ધર્મ તરીકે ગણાએલો છે તોપણ અમુક ભાગોમાં જૈનો પોતે દ્રઢતાથી હિંદુ હોવાનો દાવો કરે છે, અને તેમાંના કેટલાક આ પ્રમાણે (હિંદુ તરીકે) બેશક વસ્તી પત્રકમાં નોંધાયા પણ છે."

ઉપરનો ફકરો "ઇમ્પીરીયલ ગેઝેટીયર વોલ્યમ પેલા"માંનો સાર છે.

પ્રજાની અથવા ધર્મની ચઢતી મુખ્યત્વે કરીને સંખ્યા ઉપર રહેલી છે અને તે (સંખ્યા) જો ખામી વાળી હોય તો તેને માટે કોઇપણ જાતનો વિચાર બાંધી શકાય નહિ અને તેની ગેરહાજરીમાં સુધારકને, કોન્ફરન્સને તેમજ કોઈ વિચારશીળ મનુષ્યને પણ ચઢતીના ઉપાયો યોજવાનો રસ્તો બંધ થાય છે. કોઇપણ હિંદુ પોતે મુસલમાન, જૈન કે ખ્રીસ્તી તરીકે ગણાવાનું પસંદ કરશે નહિ તેમજ મુસલમાનો, ખ્રીસ્તીઓ અથવા તો બૌધો જે ધર્મમાં તેઓએ જન્મ લીધો હોય છે અથવા જે ધર્મ પોતે પાળે છે તે કરતાં બીજા ધર્મમાં નોંધાવાનું પસંદ કરશે નહિ અથવા બીજી રીતે કહીએ તો કોઈ પણ માણસ બીજા ધર્મના મેમ્બર તરીકે ગણાઇને પોતાના ધર્મ બંધુઓની સંખ્યામાં ઘટાડો કરવાનું બીલકુલ વ્યાજબી ધારશે નહિ. આ પ્રમાણે હકીકત છતાં ખાસ જૈન બંધુઓ આમ શા માટે કરે છે તે હું સમજી શકતો નથી.

મી. કુકના શબ્દોમાં કહીએ તો "જૈનોની સંખ્યા હાલ તેર લાખ ઉપરાંત છે અને તેજ ઘટતું જતું પ્રમાણ બતાવે છે, પણ આ (સંખ્યા) કદાચ ખરી હકીકત કરતાં નામની હોય એમ જણાય છે કારણ કે તેઓનું (જૈનોનું) વલણ હિંદુ તરીકે ગણાવા તરફ જતું હોય એમ દેખાય છે." જો આપણે આપણા ધર્મને ઉચ્ચ સ્થિતિમાં મૂકવાને અશક્ત હોઇએ (જે ઉચ્ચ સ્થિતિમાં મૂકવાને મને ખાત્રી છે કે આપણો ઉદાર વર્ગ ભારે પ્રયાસ કરે છે) તો તેને પડતીમાં લાવી મૂકવાનું આપણું વલણ શા માટે હોવું જોઇએ?

ટૂંકામાં આમ કરવાથી આપણા પવિત્ર ધર્મને જે જાતના નુકશાન થાય તે બધા મારા સાધર્મી બંધુ આગળ વિગતવાર મૂકીને તેઓનો કિમતી વખત રોકીશ નહિ પણ એટલુંજ કહેવું બસ છે કે આવી જાતનું કાર્ય કરવું તે બેસવાની ડાળ ભાંગવા જેવું છે.

ધર્મરૂપી જે શાશ્વત ખડક છે તેમાંથી ન દેખાય તેવી રીતે ખસી જતા ભાગને અટકાવવાને હું મારા જૈન બંધુઓને વિનંતિ કરીશ કે તેઓ પોતાને આવતી સેન્સસમાં જૈન સિવાય બીજા વર્ગમાં નોંધાવશે નહિ.

હજુ હું સૂચના કરૂં છું કે જૈનોની વસ્તી અને તેને લગતી હકીકતોનો જૂદો રીપોર્ટ બહાર પાડવાની અને વળી ભવિષ્યમાં કોઈ પણ જૈન કોઇ પણ જગ્યાએ હિંદુ તરીકે પોતાને નોંધાવે નહિ એવી મતલબનો મેમોરીયલ નામદાર સરકાર ઉપર મોકલી આપવાને આવતી કોન્ફરન્સ વખતે એક ઠરાવ પસાર કરાવવો.

હું આશા રાખું છું કે મારા સાધર્મી કેળવાયેલા બંધુઓ મારી અરજને બહોળો ફેલાવો કરી આપવાને મહેરબાની કરશે અને તેમ કરીને મને આભારી કરશે.

હિતેચ્છુ,

તા. ૧ લી સપ્ટેમ્બર ૧૯૧૦. કન્હીયાલાલ જૈની.

ભરતપુર.

# महुवा गौरक्षक सभानी गायो माटे मदद्नी मागणी.

ગૌરક્ષાનું કામ આ સભાની દેખરેખ નીચે ઘણી સારી રીતે લાંબા વરસોથી બજાવવામાં આવે છે. હિંદુસ્થાનની ઘણી ગૌરક્ષણી સભાઓમાં આ સભા જે કામ બજાવે છે તે ઘણું વખાણવા લાયક છે. આ સભા હસ્તુની ગૌશાળામાં હાલ ૨૨૫ ને આશરે ગાયો છે અને બીજા આસપાસનાં ગામોમાંથી સંખ્યાબંધ આવતી જાય છે. સભાની પાસે ગાયોના સદાના રક્ષણ માટે કાંઈ ફંડ નથી તેમ કાયમી ઉપજનાં સારાં સાધનો નથી. અને ગાયોના રક્ષણ પોષણ માટે દિન પ્રતિદિન વધતા ખર્ચોને પહોંચી નહીં વળવાથી સભા હાલ કરજમાં આવી પડી છે. તે કરજનો બોજો આ સભાના અમારા સદાના મહેનતુ અને ઉત્સાહી સેક્રેટરી મી૦ ઓધવજી રામજીએ માથે ઉપાડી લીધો છે. પરંતુ તે અદા કરી દેવાની અને કાયમી ઉપજ ચાલુ રહે તે માટે એક સારૂ ફંડ કિંવા નવા લાગા થવાની હાલના સમયમાં પૂરી જરૂરીઆત માલુમ પડી છે. તેથી તે બાબે એક ખરડો કરવા સારૂ મહુવાના મહાજન ગૃહસ્થોએ અમારા સેક્રેટરીને સૂચના આપતાં તેઓ તે કામને માટે થોડા દીવસમાં મુંબઈ તરફ ઉપડી જનાર છે. એકલી પૈસા સબંધીજ નહીં, પણ બીજી અનેક રીતે અનેક પ્રકારની ઘણી સારી મદદ કાયમ મહુવાના મહાજનોએ આપેલી છે. પણ ગાયોની વધતી જતી સંખ્યાના ચાલુ ખર્ચને પહોંચી વળવા માટે સારા ફંડની જરૂર હોવાથી એ સૂચના મી૦ ઓધવજી ભાઇએ ઉપાડી લીધી છે અને પોતાને ખર્ચે સદરહુ કારણ સારૂ ટુંક દીવસોમાં મુંબઈ જનાર છે. આશા છે કે આ પ્રસંગે મુંબઇના શ્રીમાન્ અને દયાળુ ગૃહસ્થો મહુવા ગૌશાળા માટે કાયમનો ઉપકાર કરનારો સારો બંદોબસ્ત કરી આપશે.

લી૦ ગોભક્ત

તા. ૩-૮-૧૦ મણીશંકર ઇશ્વિરલાલ

# जावद ( मालवा ) मां नवी पाठशाळा.

हर्षके साथ प्रकाशित किया जाता है कि श्री जावद शहर मालवा प्रान्तमें हैं यहां जैन श्वेताम्बर श्रावकोंकी बस्ती होते हुए स्थानकवासी साधुओंके उपदेशसे अधिकांश गृहस्थोंने श्री जैन मन्दिर ४ चार होते हुए अपने परंपूज्य परमात्माकी प्रतिमाका दर्शन पूजा छोडकर नौकर ब्राह्मणोंके भरोसेपर निश्चित होजानेसे सेठजी श्री रतनलालजी, नेमीचन्दजी सीपानी व सखलेचा लक्ष्मीलालजी तथा कचरमलजी पोरवाड आदिने विचारकर परंपूज्य श्रीमती साध्वीजी महाराज श्री पुन्यश्रीजीकी सेवामें मुकाम रतलाम चार, पांच श्रावकोंको भेजकर प्रार्थना कराई कि हमारे यहां साधु साध्वीका चतुरमास न होनेसे सद्धर्मकी बडी हानि हो रही हैं, वास्ते कोई भी साध्वीजी महाराजकी आज्ञा होनी चाहिये. इसपर श्रीमती गुरुणीजी साहबने श्री विवेकश्रीजीको ठाणा ५ पांचसे चतुरमासके लिये आज्ञा दी.

इतनेमें जैन श्वेताम्बर कोन्फरन्सके प्रोविंशियल सेक्रेटरी सेठ लक्ष्मीचन्दजी घीयाका मुकाम प्रतापगढ़से यहांकी दुकानपर आना हुआ तो इन्होंकी कोशिससे व साध्वीजी महाराजके पधारनेपर बहुतसे गृहस्थ स्थानक जानेवालेभी मंदिर आने लगे और बाक्षान प्रतिक्रमणादि धर्मक्रियाका लाभ लेने लगे, और कितनेक दिन बाद महाराज साहबके उपदेशसे उक्त घीया साहबने तारीख ७-८-१० को सभा कर विद्योन्नतिके विषयमें भाषण देके जैन पाठशालाका पुनरोद्धार किया गया, जिसमें २५ पचीस विद्यार्थियोंके अनुमान जैनसेली ( प्रतिक्रमण जीवबिचारादि ) अभ्यास करते हैं.

और फिर पर्वाधिराज पर्युषण पर्व आनेसे उपाश्रयमें मनुष्योंकी भीड़ अधिक होने लगी. श्री जयपुरसे स्वप्नकी तस्वीरें मंगाकर जन्मोत्सवके दिन स्वप्न उतारे गये तो यहांपर नई प्रथा होनेसे सद्गृहस्थोंने अधिक उत्साहसे घीकी चढ़त बोली. साधारण देवद्रव्यकी वृद्धिकी आशाथी उससे अधिक हुई. तैसेही कल्पसूत्रके लेजानेमें तथा बाहरसों सूत्रके पत्र झेलनेमें ज्ञानद्रव्यकी उपज होनेसे एक छोटीसी लायब्रेरी ( पुस्तकालय ) की स्थापना करनी निश्चय की गई कि जिससे जैन बंधु स्वाध्यायादिका लाभ लेते रहेंगे और ५० पचास वर्षके वृद्ध पुरुषोंका भी यही कथन है कि ऐसा आनन्द पर्युषणका पहिले नहीं देखागया, यह सर्व उत्तम कार्यका होना साध्वीजी महाराज श्रीजीके उपदेश और घीया साहबकी कोशिसका परिणाम है. इसी तरह इस प्रान्तमें साधु साध्वीजीका बिचरना होता रहेगा तो अवश्य लाभ होना सम्भव है. जैसेही हमारे मालवे प्रान्तके सेक्रेटरी साहब हर एक उत्तम कार्यके लिये प्रयास करते हैं वैसेही हर एक प्रोविंशियल सेक्रेटरी साहब कोशिस करते रहें तैसेही हमारे जैन बंधु कोन्फरन्सके ठहरावोंकी पाबंदी रखकर चलें और जगह जगह जैन बोर्डिंग स्कूल स्थापित होकर उनके द्वारा भविष्यकी सन्तान ज्ञाता होनेसे हानिकारक रिवाज तथा मिथ्या प्रचारसे बचकर उन्नतिको प्राप्त होना सम्भव है.

श्रीसंघका सेवकः—**किसनलाल मास्टर**

**जैन पाठशाला, जावद.**

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

**સંવત ૧૯૬૬ના અશાડ વદી ૧૧ થી શ્રાવણ વદી ૧૨ એટલે તા૦ ૧—૮—૧૦ થી તા. ૩૧—૮—૧૦ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.**

રૂ. ૭૬૦૩—૧૫—૩ ગયા માસના પૃષ્ટ ૨૧૫ મે જણાવ્યા મુજબ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૯—૦—૦ | પેથાપુર | ૧૯—૧૨—૦ | લીંબોદરા | ૯—૦—૦ | માણેકપુર |
| ૨૫—૦—૦ | સોજા | ૧૬—૧૨—૦ | નારદીપુર | ૩—૮—૦ | મોખાસણ |
| ૫—૦—૦ | પુંજાપરા | ૦—૪—૦ | ભટવદર | ૦—૧૨—૦ | પાંટરશીંગા |
| ૧—૮—૦ | પાંચતલાવડા | ૦—૮—૦ | ખારા | ૦—૧૨—૦ | સનાળીઉં |
| ૦—૪—૦ | અંટાળીઉં | ૦—૮—૦ | લુવારીઆ | ૧—૦—૦ | જાત્રોડા |
| ૧—૧૨—૦ | મતીરાળા | ૨—૦—૦ | પીપરીયામાળવીઆ | ૧—૪—૦ | વરસડા |
| ૦—૮—૦ | મોટામાંચીઆળા | ૧—૪—૦ | શેડુભાર | ૩—૦—૦ | ચીતલ |
| ૧૫—૪—૦ | અમરેલી | ૦—૧૨—૦ | વીસામણ | ૦—૮—૦ | ગોલેટા |
| ૨—૦—૦ | વડાલા [હાલાર] | ૦—૧૨—૦ | નાગાજાર | ૨—૦—૦ | વેરતીઆ |
| ૩—૦—૦ | જાળીઆદેવાણી | ૧૧—૪—૦ | વણથલી [હાલાર] | ૬—૧૨—૦ | થાન |
| ૧—૧૨—૦ | પડધરી | ૧—૦—૦ | હડમતીઉં | ૧—૮—૦ | અલીઆબાડા |
| ૧—૧૨—૦ | મોડા | ૧—૧૨—૦ | ટીકર | ૨—૦—૦ | સરલા |
| ૦—૧૨—૦ | રામપરા [મુલી] | ૭—૧૨—૦ | કોંઢ | ૨—૧૨—૦ | સાપકડા |
| ૩—૮—૦ | ઢવાણા | ૧—૮—૦ | છવા | ૦—૮—૦ | બાવળી |
| ૧૦—૪—૦ | મુળી | ૧૦—૮—૦ | સાયલા | ૨—૮—૦ | જસાપર |
| ૨—૮—૦ | નળીઆ | ૦—૧૨—૦ | નવાણીઆ | ૨—૦—૦ | રામપરા [વઢવાણ] |
| ૦—૧૨—૦ | ખોલડીઆદ | ૧—૦—૦ | માળોદ | ૬—૮—૦ | ખુંટવડા |
| ૮—૦—૦ | ઓરાણ | ૧૨—૪—૦ | પ્રતાપગઢ (માળવા) | ૩—૪—૦ | સંજીત [મેવાડ] |
| ૬—૮—૦ | આકલુજ(દક્ષિણ) | ૫—૪—૦ | માઢા | ૧—૦—૦ | મદનવાડી |
| ૦—૪—૦ | શેરફળે | ૦—૪—૦ | નીરગુડે | ૧—૦—૦ | જવલે |
| ૧—૦—૦ | નરખેડ | ૨—૦—૦ | કરજત | ૦—૪—૦ | કેમ |
| ૦—૮—૦ | પીલીવ | ૦—૪—૦ | નેવરે | ૦—૮—૦ | તાંદુલવાડી |
| ૦—૪—૦ | કીનઈ | ૦—૪—૦ | પરંડે | ૦—૪—૦ | મેસોબાનીવાડી |
| ૦—૪—૦ | ડાલજ | ૧—૮—૦ | માલેગામ | | |

૨૫૩—૮—૦

કુલ ૭૮૫૭—૭—૩

દક્ષિણ પ્રાંતમાં આવેલા સોલાપુર જીલ્લાના ગામ આકલુજના શેઠ રામચંદ રાવજી જેઓ હાલ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના જીલ્લા સેક્રેટરી છે તેઓએ સુકૃત ભંડારમાં આકલુજ વગેરે ગામોના રૂ. ૧૯—૧૨—૦ વસુલ કરી મોકલ્યા તેથી તેમને તથા બાકીના ગામોના ગૃહસ્થોને ધન્યવાદ આપવામાં આવે છે.

જાહેરખબર આપનારઓને એક ઉત્તમ તક

# ☛ સુંદર બ્લૉટીંગ પૅડ ભેટ.

## સાલ મુબારકની કંકોત્રીઓ નોટપેપરસાઇઝ તથા કયાર્ડો

અમારે ત્યાંથી ઘણીજ સારી, સ્વચ્છ અને શુદ્ધ કંકોત્રીઓ તથા કયાર્ડો **સાલ મુબારક** ના મળશે તે ગમે તેને લખી શકાય તેમ છે. **બ્લૉટીંગપૅડ** સારૂ, સરસ, ટકાઉ કરવામાં આવશે. તેમાં સને ૧૯૧૧ નું કૅલૅન્ડર તથા દિવસ રાત્રીના ચોઘડીયા છાપવામાં આવશે. ટાઇટલ નવુ રંગનું થશે. વચમાં કોઇએક સખી ગૃહસ્થનો ફોટો મુકવામાં આવશે, નામ હવે પછી જણાવવામાં આવશે. બ્લૉટીંગના ૮ પાના એટલે આખા બે બ્લૉટીંગ આવશે, દરેક બ્લૉટીંગ વચ્ચે એકેક શીટ ચીકણા કાગળની રાખવામાં આવશે તેમાં જાહેરખબરો લેવામાં આવશે. એટલે કે બ્લૉટીંગપૅડ સારૂ નમુનેદાર બહાર પડશે.

બ્લૉટીંગ પૅડમાં જાહેર ખબરનો ભાવ.

| પેઇજ | કીંમત | ભેટ |
|---|---|---|
| ૧ | ૮—૦—૦ | દશ બ્લૉટીંગ પૅડ. |
| ૦॥ | ૫—૦—૦ | પાંચ બ્લૉટીંગ પૅડ. |
| ૦। | ૩—૦—૦ | એક બ્લૉટીંગ પૅડ. |

કંકોત્રીઓ તથા કયાર્ડોનો ભાવ

| સંખ્યા | નામ | કીંમત | ભેટ |
|---|---|---|---|
| ૧૦૦ | કંકોત્રી | ૦—૪—૬ | એક બ્લૉટીંગ પૅડ |
| ૧૦૦ | ,, | ૦—૩—૦ | કાંઇ નહિ. |
| ૧૦૦ | પોસ્ટકાર્ડ | ૦—૫—૦ | એક બ્લૉટીંગ પૅડ |
| ૧૦૦ | ,, | ૦—૩—૬ | કાંઈ નહિ |

કંકોત્રીઓમાં જમણા હાથ તરફ બે લીટી ભાડે આપવાની છે ભાડુ રા. ૩) કંકોત્રીઓ જેને બે લીટી જાહેર ખબર આપવી હોય તેને આસો સુદ ૧ સુધીમાં રા. ૩) મોકલી પોતાની જાહેર ખબર મોકલી આપવી.

બ્લૉટીંગ પૅડમાં જાહેર ખબર આસો સુદ ૧ સુધી લેવામાં આવશે પૈસા અગાઉથીજ લેવામાં આવશે તેની પાકી પહોંચ આપવામાં આવશે. બહાર ગામવાળાઓને પોસ્ટેજ ખર્ચ પોતાને શીર સમજવું. વધુ વિગત માટે અમારૂં **હૅન્ડબીલ** મંગાવી વાંચવાથી માલુમ થશે. મનીઓર્ડર વગેરે કૉરસપૉન્ડન્સ નીચેને શીરનામે કરવો.

ઠે. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, પાયધુની.
અથવા
કામદારના માળામાં ગુલાલવાડી મુંબઇ.

**લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**
પ્રોપ્રાયટર ટયુટોરીયલ—કલાસીઝ.

પાયધુની ઉપર શેઠ વીરચંદ કરમચંદ જૈન લાઇબ્રેરીમાં ટયુટોરીયલ—કલાસીઝ મધ્યે રાત્રીના ધંધાદારીઓને તથા હાઇસ્કુલના વિદ્યાર્થીઓને ઇંગ્રેજી શીખવવામાં આવે છે.

एक बहुतही नवीन सुन्दर ग्रन्थ।

# जैनसम्प्रदायशिक्षा।

## श्वेताम्बर धर्मोपदेष्टा यति श्रीश्रीपालचन्दरचित.

इस महत्वके ग्रन्थमें स्त्रीपुरुषोंका धर्म, पतिपत्नीसम्बंध, पाणिग्रहण, रजोदर्शन, गर्भाधान, गर्भावस्थासे लेकर जन्म, कुमार, युवा और वृद्धावस्थातककी कर्तव्य शिक्षायें, आरोग्यरक्षा, ऋतुचर्या, रोगनिदान, पूर्वरूप, उपशम, डाक्टरी और देशी रीतिसे रोगोंकी परीक्षा, चिकित्सा, पथ्यापथ्य, दुग्ध, घृत, तैल, दधि, तक्र, फल, तरकारी, कन्द, मूल, क्षार, नमक, शक्कर, गुड आदि सैकडों पदार्थोंके गुणदोष, व्यायाम, वायुसेवन, आदि वैद्यकसम्बन्धी सम्पूर्ण बातोंका वर्णन बडे विस्तारके साथ सरल भाषामें कोइ पांचसौ पृष्ठोंमें लिखा है. इसके सिवाय, व्याकरण, सामान्यनीति, राजनीति, सुभाषित, ओसवाल, पोरवाल, महेसुरी, जातियोंकी उत्पत्ति, बाहर वा चौरासी जातियोंका वर्णन, ज्योतिष, स्वरोदय, शकुनविद्या, स्वप्नविचार आदि अनेकानेक विषयोंकाभी इसमें संग्रह है एक बडेही अनुभवी विद्वानने अपने जीवनभरके अनुभवोंको इसमें संग्रह करके सर्व साधारणके उपकारके लिये प्रकाशित किया हैं। यद्यपि इसका नाम जैनसम्प्रदायसे सम्बंध रखता है, परन्तु यथार्थ तो इसमें जिन विषयोंका वर्णन किया गया है, वे सबहीके लिये उपयोगी हैं। वैद्यक विषयकातो इसको एक अपूर्वही पुस्तक समझना चाहिये। हम प्रत्येक गृहस्थसे आग्रह करते हैं कि, वह इस ग्रन्थकी एक एक प्रति मंगाकर अपने यहां अवश्य ही रक्खें और गृहस्थाश्रमकी शोभाको बढावें। क्योंकि इसका "गृहस्थाश्रमशीलसौभाग्यभूषणमाला" जो दूसरा नाम है, वह बिलकुल ठीक है। सब लोकोंके सुभीतेके लिये रायल आठपेजी साइजके ८०० पृष्ठके इस बडेभारी कपडेकी जिल्द बंधे हुए ग्रन्थकी कीमत केवल ३॥) रुपये रक्खी है। डाकमहसूल ॥) आना.

पुस्तक मिलनेका पताः—**तुकाराम जावजी,**

निर्णयसागर प्रेसके मालिक—**बम्बई.**


# જાહેર ખબર.

અમારા મુંબઈના સુજ્ઞ ગ્રાહકોએ બીલ લઈ તુરત આ માસિકનું લવાજમ આપવા મહેરબાની કરવી.

બહાર ગામના ગ્રાહકોને જણાવવાની રજા લઈએ છીએ કે આ માસિકનું ચાલતી સાલ આખર લગીનું લવાજમ મોકલાવવા ગયા અંક સાથે પત્ર લખી વિનંતિ કરી હતી. છતાં જેઓ સાહેબ પાસે લવાજમ બાકી છે તેમણે આ માસની આખર તારીખ લગીમાં મોકલી આપવા તસ્દી લેવી. ચાલુ માસની આખર તારીખ સુધીમાં જે ગ્રાહકો તરફથી લવાજમ નહીં આવે તેમને આવતો અંક વી. પી. થી મોકલવામાં આવશે.

સદરહુ વી. પી. તા. ૩૧-૧૨-૧૦ સુધીમાંજ લવાજમનું કરવામાં આવશે માટે જ્ઞાન ખાતાને નુકશાન ન કરતાં સુજ્ઞ ગ્રાહકોએ વી. પી. સ્વીકારી લેવા કૃપા કરવી.

# સૂચના.

આ માસના અંક સાથે શાસ્ત્રી દુર્ગાશંકર ઉમાશંકર શર્મા મુંડેટીકરના હેન્ડબીલો વહેંચવામાં આવ્યા છે તે ઉપર વાંચનારાઓનું ધ્યાન ખેંચવામાં આવે છે.

Registered No. B.525.

ॐ

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स

# हेरल्ड.

પુસ્તક ૬) આસો વીર સંવત ૨૪૩૬, અક્ટોબર સને ૧૯૧૦ (અંક ૧૦.

## प्रकट कर्त्ता.

श्री जैन (श्वेतांबर) कॉन्फरन्स ऑफिस, मुंबई.

---

## विषयानुक्रमणिका.


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| Ethical Co-operation of Home and School ... ... ... | ૨૪૯ |
| જીવદયા–અહિંસા. Humanitarianism ... ... ... ... | ૨૫૩ |
| પંડિત હેમચંદ્રાચાર્ય ... ... ... ... ... ... ... | ૨૫૭ |
| એક અધ્યાત્મિક પદ ... ... ... ... ... ... ... | ૨૬૪ |
| ધાર્મિક હિસાબ તપાસણી ખાતું ... ... ... ... ... ... | ૨૬૯ |
| ઉપદેશકના ભાષણથી થએલા ઠરાવ ... ... ... ... ... | ૨૭૪ |
| જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા ... ... ... ... ... | ૨૭૬ |
| મહારાજા જામસાહેબનું અગત્યનું સ્તુતિપાત્ર પગલું ... ... ... ... | ૨૭૭ |
| પાલીતાણાના દેરાસરમાંથી ગુમ થયેલા દાગીના ... ... ... ... | ૨૭૮ |
| શ્રી સુકૃત ભંડાર ફંડ ... ... ... ... ... ... ... | ૨૭૯ |


ધી જૈન પ્રિન્ટીંગ વર્કસ લી.

ગવર્નમેન્ટના પેટંટો સર્ટીફીકેટો




ઓનરો, હજારો ખાનગી પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદો,**
**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનારા,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે ?

# હરીચંદની  તિજોરીઓ.



**છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી,** સાંધા વગરની (વાળેલ એકજ પત્રાની, અંદર બા હાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ' વગેરે ાલાની) પ્રો૦ ગજ્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલે ારેલી, મુંબઇના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઇમાં સૌથી પહેલી આવનારી અાં ાગી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

**સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી.**

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ.

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો ! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેશો ! !
સાયડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, (સરકારી ખાસ પેટંટ મેળવેલી.)
ારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં૦ ૧ ની ચાવીદા રેલટો અને નં૦ ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો.

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર **છે.**
કારખાનામાં બનતી વખતેજ માલ જુઓ, મસાલામાં નોટ મુકીને અથવા આખી તીજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું ! આખું ગામ જોઇને પછી આવો ! !

**પ્રીમીયર સેફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૦ ૧૩૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શો રૂમ—નં૦ ૩૨૦, માંટરોડ કોર્નર.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

**लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः**
**सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ।**
**सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो**
**वैरस्वामिवदुन्नतिं नयाति तं यः स प्रशस्यः क्षितौ ॥**

**ભાવાર્થ**:— સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ છે. વ... આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે. જ્ઞાનના મહાસાગર એ... શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એજ આશ્ચર્ય છે. મા... તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તેજ પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

પુસ્તક ૭) ભાદ્રપદ વીર સંવત્ ૨૪૩૬, અકટોબર સને ૧૯૧૦ (અંક ૯...

## Ethical Co-operation of Home and School

**( by Bishop Prohaszka—Budapest )**

The two most important factors in the world which surroun... the growing child, awakening and fostering his mental capaci... ties, are the home and the school. The bodily and mental develo... ment of the child begins at home and the duty of the scho... is to **help**, to **continue** and to **complete** that developmen... These two factors must therefore be in **perfect harmony**, an... here I propose to mention the points on which that harmon... is most essential.

1 The aim of education is to build up pure, good, stron... and beautiful lives, and therefore home and school must hav... a similar view of life as the basis of moral education. Stron...

and beautiful lives can not be lived without paying some heed to spiritual considerations. If what is taught in the school is denied in the home, or if certain things are taught in religious lessons, while the same things are denied in the science lessons, the child will live in an unhealthy, insincere àtmosphere, and instead of faith, love, reverence and tenderness, his soul will harbour only unrest.

2 School and home have one common aim--to help the children to be good and useful men and women; but they must co-operate in order to complete each other's work. Defects can only be overcome by the reciprocal influence of both. The home is in closer, warmer contact with life; but Parents do not always possess the necessary knowledge of education for the instruction of their children, and sometimes, unfortunately, not even the necessary moral qualities; the school, on the other hand, has greater stores of systematic knowledge, but its ethical influence is weak. As neither home nor school is complete in itself, **they must be in close connection with one another.** One must **know** the child to be able to exert the best influence. Many parents of the Poorer classes do not know *theirs at* all, and even in the other classes it often happens that the child is misunderstood. The school ought to help the family in this respect; parents and teachers ought to discuss together the child's nature. It is true that the great number of the pupils adds to the difficulties of the teacher, but interest and zeal in one's vocation help one considerably. Parents and teachers could thus learn to know the child's faults or inclinations. Among those faults there may be some that could best be cured in the family, such as untidiness, sullenness, greediness, and too much love of comfort; while there are again others which can be more effectively dealt with at school, for example, cowardliness, unreliable character and indolence. In this respect the school has a very important task; it can give ideals to the children, and spread right thoughts concerning a wise and good life- The school has less opportunity than the home of combating greediness and of keeping the child from alcoholic drinks; but it can impart sound teaching as to the harmfulness of

drinking and can awaken the feeling of disgust at intemperance.

3 Not merely the school, but the home also can only educate if it employs not words alone, but deeds, that is, if it provides the child with noble examples. Parents and teachers must live that life which they desire to encourage in the child.

4 School and home must above all agree in placing ethical motives in the fore-ground in education. There is intellectual, œsthetic and social culture; but the foundation of all true culture is morality, which brings before us the laws of an infinite God, and we find our happiness in living in accord with them. Character is based upon two factors; one is the soul's control over the passions and evil inclinations, the second the will to act according to principles we have recognised as good, and it is especially the latter which we designate by the name of character.

The school can do less than the home in the way of ethical education, while it is better able to impart knowledge. But it would be a great loss if this circumstance should weaken the moral sense, if merely through the school seeming to slight it as something of secondary importance, Æsthetics and ethics must be clearly distinguished. The good and the beautiful are not always identical. There are unlovely aspects of life which make a demand upon our virtue as much as enjoyable and beautiful aspects.

5 The home has a great advantage over the school in that its members are together in all circumstances of life; they pray together, work, eat, rejoice and weep together. In this way the child walks the paths of actual life, and its personality develops. The school lacks the educative influence of actual, many-sided life; it may even become too systematic and rigidly formal. At the present day, however, family life has lost to some extent its many-sided character; life's various activities are kept apart. Work, for example, has left the home and is banished to the factory. The children do not see their parents at work; they do not help them, and can not dabble in their work. This is a rgeat pity, and home as well as school should seek to remedy

the evil. Both boys and girls, but especially the girls, should be trained to take a part in housework. The school should devote as much time as possible to exercise. The children's life is too one-sided: they acquire knowledge, but they do not exercise their senses and their muscles, and in consequence of much dry learning, much of their vitality is destroyed. Too much is offered to them of what they do not really need, and accordingly many young lives lack harmony. For the sake of the future the present is ruined. This is why education wears such a materialistic, bureaucratic and aged look; the children are not children, the young are not young.

6 **The co-operation of home and school is very necessary to remedy certain economic and social short--comings.** The school must have regard to the pecuniary circumstances amidst which the child lives, and where the shadow of poverty darkens the young faces, the school must help.

Naturally in this connection, too, the parents, have an important part to play; they must impart faith and fortitude to their chidren that they may the better endure the burden of poverty, and believe that their very trials may make better men of them. The school must treat rich and poor with perfect equality, and must take special care of neglected and ill-fed children, because this co-operation of home and school will oppose moral deterioration.

7 Home-life is best adapted for teaching simplicity in taste, refinement in manners and faithfulness even in small things, while in school the influence of the majority is apt to have a contrary tendency. Our social instincts and our vanity tend to make us follow the majority, which demands the homage of the individual. As most of the boys in a school are somewhat rough and superficial, a child is very likely to become like them. To avoid this, demands a subtle co-operation between school and home life. The family must retain a hold on the child and the growing youth, while the school must educate the young to be loyal even in small things, and not to submit

to the influence of the vulgar. All schools should be organised in the American way, which appeals to the children's sense of honour in cases of misdoing.

8 The co-operation of school and home is of the utmost importance with regard to the control over the sexual instinct.

The home must take care that neither food nor clothing nor too much sleep lead to effeminacy in boys, while the school must inculcate the idea that they must not follow their instincts, but must consider themselves as strong trees which have certain adventitious shoots that must be pruned away. Enlightenment on sex-matters is only useful if it can fill the young minds with veneration for the care and the thoughts of God, and if the will has been trained to self-control. Mere knowledge can not give strength; it can only give gnidance. A pure and strong race can only result from pure and well-diciplined family life, while the school must awaken and keep alive the desire for a pure life, which brings more happiness than impure and debilitating excesses.

In this way it is to be hoped that the strength of the young generation will be developed, and that school and home will successfully promote that morality which consists in "perfect self-control."

* * * *

# જીવદયા–અહિંસા. HUMANITARIANISN,

( લેખક—**રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની** બી, એ; એલ. એલ; બી. )

અનુસંધાન ગતાંક પાને ૨૨૭થી.

તાત્વિક દૃષ્ટિએ વિચાર કરતાં આત્મ સાધન તરફ લક્ષ્ય રાખનાર, આદર્શ રૂપ નીતિ-રીતિનો ધણી પરમાર્થની સાધના કરતો છતો પણ તેથી અન્ય પ્રાણીઓને અવર્ણ્ય ઉપકાર કરવા વડે કરીને છેવટે પોતાના આત્માનું પણ કલ્યાણ કરી શકે છે અને સ્વ સ્વભાવમાં લીન રહેતો પુરૂષ, પરોપકારપરાયણ મનુષ્ય ધીમે ધીમે ઉન્નત દશાએ પ્હોંચતાં પોતાનું ઉત્તમ પ્રકારનું હિત જાળવી શકે છે. આમ સ્પષ્ટ રીતે સમજવા છતાં પણ આજકાલના ટાપટી-પીયા સુધારાનું ફળ એ આવ્યું છે કે પોતાનામાં રહેલ હિંસાત્મક અનેક દુર્ગુણોને ચાલાકીથી–

હુશીયારીથી છુપાવવામાં ફતેહ મેળવવા માટે પ્રયાસ કરવામાં આવે છે અને અન્ય પુરૂષો ઉપર આક્ષેપો મૂકવા માટે હિમ્મતથી–નીડરતાથી બ્હાર પડવામાં આવે છે.

સારી રીતે સંભાળથી ગુપ્ત રહે એવા દૂરાચારનેજ આજે સદાચાર કહેવાય છે. અન્યને નુકશાન કરવા માટે બંધ બેસતું--જડતે જડતું અસત્ય બોલનાર, એક જુઠાણા માટે અનેક જુઠાણા ઉભા કરવાની તકલીફમાં ઉતરનાર--મિથ્યા પ્રલાપી જનો, ખોટા દસ્તાવેજ ઉભા કરનાર માણસો, જુઠી સાક્ષી પુરનાર મનુષ્યો ગુન્હાના પન્જામાં સપડાતાં બચી જવાની શક્તિ વાપરવાની આવડતવાળા હોય તો આજની સુધરેલી દુનિયામાં ચાલાક ગણાય છે અને સીધી લીટીએ ચાલનાર, સત્ય બોલનાર બિચારો ભોળા માણસમાં–મૂર્ખમાં ખપે છે. વિજયી દૂરાચાર તે સદાચાર. પાંચ પચાસને ઠગી--ગળા રહેંસી અધમ વૃત્તિએ પોતાનો સ્વાર્થ સાધનાર તે ડાહ્યો, બુદ્ધિમાન્ અને આબરૂદાર; અને નિષ્કપટથી સત્ય પરાયણતામાં રહી પોતાની બાજીમાં હાર ખાય તે ભોળો, ગાંડો અને બેર આબરૂદાર ગણાય એ પણ આ નવા સુધરેલા જમાનાની એક પ્રકારની નવાઈ નહિ તો બીજુ શું? આજકાલનો વ્યવહારમાર્ગજ એવી અધમ દશાએ પ્હોંચ્યો છે કે ન્યાયસંપન્ન વૈભવતાની વાતો કરવાનીજ રહી છે.

या निशा सर्वभूतानां तस्याम् जागर्ति संयमी એ પ્રમાણે સંસારી અને યોગી પુરૂષોના વર્તનમાં પણ નહિ ઇચ્છવા યોગ્ય વિરૂદ્ધતા પ્રગટ રીતે દેખાય છે. (પ્રત્યક્ષ રીતે) એકનું ખુન કરનાર ફાંસીએ ચઢે અને (ખાનગી રીતે–આડકતરી રીતે–પારિણામિક દૃષ્ટિએ) અનેકના ખૂન કરનાર પૂજાય; એકનો જીવ લેવો તે ગુન્હો, અને અનેકનો જીવ લેવો તે પરાક્રમ; શાં શાં રૂપાંતરે કેવળ સ્વાર્થમય પશુધર્મ નીતિને નામે પ્રવર્ત્યો છે. સ્વાર્થ માત્ર સાધવાનેજ માણસોએ એક એકને બંધનમાં નાંખવા વિચિત્ર વિચિત્ર વ્યવસ્થાઓ રચી, તેને કાયદા, નીતિ, ધર્મ એવાં નામ આપી પશુધર્મજ વિસ્તાર્યો છે.

પરસ્પર સહાયક બુદ્ધિનો–એક બીજાને અનેક રીતે મદદગાર થવાની વૃત્તિનો બહિષ્કાર થતોજ જોવામાં આવે છે. પરોપકારપરાયણ મનુષ્યોમાં અછતાં દુર્ગુણોનો આરોપ કરી, છતાં સદ્દગુણોની તરફ આંખ મીંચામણાં કરી કદરશૂન્ય મનુષ્યો તેમની નીંદા કરવામાંજ તત્પર થાય છે. ન્યાયસંપન્ન વૈભવના ધણી વિરલા પુરૂષોજ નજરે પડે છે અને તેઓની કદર કરનારા તેથી પણ વિરલાજ નીકળી આવે છે. આવા જૂજ મનુષ્યો એક રીતે મ્હોટા સમુદાયથી જૂદ–છૂટા પડતા હોવાથી જ્ઞાતિબ્હાર કરેલ માણસોની સ્થિતિ અનુભવે છે.

**All that glitters is not gold** પીળું એટલું સોનું સમજવાનું નથી એ કહેવત અનુસાર સમસ્ત વ્યાપારી વર્ગ ઉપરજ પ્રચ્છન્ન રીતની હિંસાત્મક વૃત્તિઓનો આક્ષેપ મૂકી, સરકારી, દરબારી તેમજ ખાનગી નોકરી કરતા મનુષ્યોને તેમાંથી મુક્ત રાખવાથી વસ્તુસ્થિતિનું ચિત્ર યથાર્થ રીતે–વ્યાજબી રીતે આલેખ્યું કહી શકાશે નહિ. તેઓ પણ લાંચ–રૂશવત (પાન સોપારી) ગ્રહણ કરવાની લાલચને વશ થઈ ઉપરી અમલદારોને–પોતાના માલેકોને આંબા–આંબલી બતાવી અનેક રીતે આડા પાટા બંધાવે છે અને અવળે રસ્તે ચડાવે છે અને તેને પરિણામે શુદ્ધ ન્યાય–અદલ ઇનસાફ માગનાર–મેળવવાની ઇચ્છા રાખનારને ઉંડા કુવામાં ઉતારી તેઓ દોરડું કાપી નાંખવા જેવું અધમ કાર્ય કરતાં દૃષ્ટિગત થાય છે. તેમનો બાહ્ય–દેખાવ–ડોળ–આડંબર જોઇશું તો બગવૃત્તિથી પણ ચાર ચંદાવા ચડિયાતોજ

દેખાશે. પચાસ સાઠ રૂપિયાના પગારમાં નોકરી કરતાં મનુષ્યો લાખોપતિ થઇ પડે છે. પ૦ તે કોના પ્રતાપ ?

આ સઘળામાં ઇષ્ટ ફેરફાર થવાને જીવદયામૂલક મહાન્ સદ્‌ગુણ તરફ દોરવાનો સમર્થ ધર્મગુરૂઓ તરફથી ખાસ ઉપદેશ થવાની જરૂર છે. કલહપ્રિય ધર્મગુરૂઓનું શાસન આ સમયમાં લાંબો વખત નભી શકે તેવું નથી એમ ચોકસ રીતે સમજી, લોકલાગણીને માન આપી અંદર અંદરના જૂદા જૂદા ધર્મોના ઝઘડાઓથી દૂર રહી તેઓએ પ્રજાને સદ્‌-વર્તન તરફજ વાળવાની જરૂર છે. જ્ઞાતિનો—સમુદાયનો—પ્રજાનો ઉત્કર્ષ ધર્મગુરૂઓના તદ્‌તદ્‌ વિષયક શ્રમ ઉપરજ આધાર રાખે છે. ઇચ્છવા યોગ્ય અનેક સુધારાઓ કેટલેક અંશે તેમનેજ આભારી છે. જનસમાજના અયોગ્ય વર્તન માટે તેઓનેજ જવાબદાર ગણવા જોઇએ અને તેથી આ વિષયમાં તેમના બોધદાયક ઉપદેશનીજ ખાસ અપેક્ષા રાખવામાં આવે છે.

ભાષણ શ્રેણી, વ્યાખ્યાનમાળા આ વિષયમાં અનેક રીતે ઉપયોગી છે. નિઃસ્વાર્થ વૃત્તિના ધર્મગુરૂઓનાં વચનો પણ ફળપ્રાપ્તિ પરત્વે જોતાં વધારે અસરકારક થઇ પડવાના અને તેની આગળ આવા અનેક લેખો સારૂં સ્થાન રોકી શકવાના નહિ એમ આ લેખકનું ચોકસ માનવું છે. આ દિશામાં ખાસ પ્રયાસ કરવાની જરૂર છે.

**ધર્મને બહાને થતો પશુવધ.**

અત્યાર સુધીમાં ચર્ચાએલા જૂદા જૂદા મથાળા નીચેના વિષયોમાં આપણે જોઈ શક્યા છીએ કે કોઇપણ વ્યક્તિ, સમુદાય અગર સમાજ તરફથી ગમે તે ધર્મને તે અનુસરતાં હોય છતાં પણ હિંસાના કોઇ કાર્યને ધર્મ-પુસ્તકના આધારે માન્ય રાખવાનું પ્રતિપાદન કરવામાં આવ્યું નથી એટલુંજ નહિ પણ મહાન્ ધર્મના સંસ્થાપકો, નેતાઓ, ધર્મને હાલની સ્થિતિએ નીભાવી રાખનાર વ્યવસ્થાપકો—આપ્ત પુરૂષો ભકતજનો—સત્સંગીઓ, દયાશૂન્ય આચાર રાખનારા અધર્મવૃત્તિના મનુષ્યોને ધિક્કારતાજ રહ્યા છે. તેઓએ કોઇપણ પ્રસંગે દહીંમાં અને દુધમાં બન્નેમાં પગ રાખવા જેવું આચરણ પણ કર્યાનું જાણ્યામાં નથી, પરંતુ તેઓ સ્પષ્ટ રીતે કહેતાં આવેલ છે કે દયા ધર્મનું મૂલ છે અને પાપનું મૂલ અભિમાન--અહંકાર છે. દરેક ધાર્મિક કાર્યનો આધાર દયામય વૃત્તિ ઉપરજ રહે છે. દયાના નિયમો ઉપરજ સર્વ ધર્મવાળાઓ મદાર બાંધતા આવ્યા છે.

ધર્મના પ્રભાવક પુરૂષો—ધર્મસૂત્રના સૂત્રધારોનો એવો ઉપદેશ હોઈ શકેજ નહિ કે જેથી કરીને હિંસાત્મક વૃત્તિઓને સીધી યા આડકતરી રીતે ઉત્તેજન મળે અને કદાચ તેમનું જીવદયા વિરૂદ્ધ કથન—પ્રરૂપણ હોય અગર તેમના ગુઢાર્થ વાકયોનો એવો અર્થ માન્ય રાખ-વામાં આવે કે જેથી દયારહિતના કાર્યને ઉત્તેજન મળે—આશ્રય આપવામાં આવે તો પછી તેવા પુરૂષોને પ્રભાવક પુરૂષો કહેવા કે કેમ તે વિચારવાનું દયાનિધિ વિદ્વાન્ પુરૂષોને રહે છે. આ સમય એવો નથી કે અંધ શ્રદ્ધાએજ વર્તન રાખવાનું કહેવામાં આવે તે યોગ્ય ગણાય. ગુલામદશા કરતાં પણ વધારે હાનિકારક વિચાર—પરતંત્રતાની દશા અનુભવાવવાનો વખત હવે વહી ગયો છે. પોતાની સ્વતંત્ર વિચાર—શકિતનો સારી રીતે ઉપયોગ કરી, પરી-ક્ષક બુદ્ધિથી ખરી વસ્તુની ગવેષણા કરી, દયાના નિયમો અનુસાર વર્તન રાખવામાં આવે—દયાધર્મજ માન્ય રાખવામાં આવે તેજ ઇષ્ટ છે. આપણે પ્રથમ વર્ણવી ગયા તેવા—કમકમાટ

ઉપજાવે તેવા હિંસાના અધમ આચરણોને અંધારામાં ધકેલી પાડે તેવા ક્રુર-ઘાતકી રીવાજો ધર્મની શીતળ છાંયા નીચે જે સમાજમાં પ્રચલિત છે તે સમાજની નીતિ-રીતિ માટે કેવો ખ્યાલ બાંધવો ?

આપણને અનેક રીતે ઉપયોગી મોટા પ્રાણીઓ તરફ દયાભાવ બતાવવા ઉપરાંત-નાના નાના પ્રાણીઓ તરફ પણ કૃપાદષ્ટિથી જોનારા ધર્મિષ્ટ હિંદુભાઇઓ નવરાત્રિ, દસેરા જેવા શુભ માંગલિક-ધર્મના પવિત્ર તહેવારોને દીવસે ધર્મને બ્હાને, પ્રતિદિન હજારો પ્રાણીઓના વધ કરનાર કસાઇને પણ શરમાવે તેવી રીતની, ક્રુર-ઘાતકી-નિર્દય વર્તણુકથી ગરીબ-નિરાધાર-અવાચક હજારો પાડા બકરાં વગેરે પ્રાણીઓનો યજ્ઞવેદી ઉપર વધ કરે-કરાવે અગર તેવા કાર્યને ઉત્તેજન આપે તે કેવું મહાન્ પરોપકારી-જીવદયાનું કાર્ય ? આ પ્રસંગે જણાવવું જોઇએ કે પુરાણીક કથાનુસાર ગાયના પુંછડામાં તેત્રીસ કરોડ દેવોનો વાસ હોવાથી ગાયને પવિત્ર માની તેને ગૌમાતા કહેવામાં આવે છે તે હકીકતને ધમઘેલા હિંદુભાઇઓ કરતાં જૂદા પડી અન્ય સુધારક વિચારના હિંદુભાઇઓ એવી રીતે ઘટાવે છે કે આપણો આર્યાવૃત-હિંદુસ્તાન દેશ વિશેષે કરીને ખેતી ઉપરજ આધાર રાખતો હોવાથી, ઘણોજ ઓછો બદલો લઈ આપણને ઘણો સારો લાભ આપનાર ગાયને શાસ્ત્રકારોએ પવિત્ર જણાવેલી છે. ગાય પોતે શરીરના નિર્વાહમાં ખાસ ઉપયોગી અને આરોગ્યવર્ધક દૂધ આપે છે એટલુંજ નહિ પણ તેની દરેક વસ્તુ આપણા ખપમાં આવે છે, તેમજ વળી તેના સંતાનો ખેતીના કામમાં આપણને ઘણાજ મદદગાર થઈ પડે છે. આ સિદ્ધાંત ખરો માનવામાં આવે તો પછી સ્વાર્થની નજરે જોતાં પણ ખેતીના કાર્યમાં ઉપયોગી થઇ પડે તેવા પાડાઓનો વધ થતો કેમ ન અટકાવવો ? આ વિષયમાં ઘણીજ ખુશીની સાથે નોંધ લેવા જેવું છે કે જૈન કોન્ફરન્સનો અથાગ પ્રયાસ કેટલેક અંશે ફળીભૂતથયો છે. હિંદુ ધર્મશાસ્ત્રના અનન્ય વિદ્વાન્ પંડિતોના આ પ્રકારના પશુવધ વિરૂદ્ધ અભિપ્રાયોને મેળવી તેને પુસ્તકના રૂપમાં પ્રકટ કરવામાં આવ્યા છે અને તે પુસ્તકનું નામ 'પશુવધ નિષેધ' રાખવામાં આવેલ છે. આ પુસ્તકની એકેક નકલ સાથે, નાના મોટાતમામ રાજા મહારાજાઓ તરફ, અવાચક પ્રાણીઓના વકીલ તરીકે એક લંબાણ અરજી ( Memorial ) મોકલાવવામાં આવતાં લગભગ ૪૦-૫૦ કરતાં પણ વધારે રાજ્યકર્તાઓએ-મોટા મોટા મહારાજાઓએ પોતાના રાજ્યમાં સર્વત્ર આ ઘાતકી રીવાજ એક દમ બંધ કર્યો-કરાવ્યો છે અને તે દ્વારાએ અવાચક પ્રાણીઓના ખરા દીગરના અસંખ્ય આશિર્વાદો મેળવવા ઉપરાંત તેમના તરફ અરજી કરનારાઓને પણ હમેશને માટે આભાર નીચે મૂકયા છે અને તેથીજ કોન્ફરન્સની દરેક બેઠક વખતે આ સર્વે રાજ્યકર્તાઓનો અંતઃકરણની લાગણીથી આભાર માનવાની મતલબનો ખાસ ઠરાવ કરવામાં આવે છે. આ વિષયમાં પ્રયાસ કરનાર ભાઇઓને બ્રીટીશ સરકાર પોતા તરફથી બનતી મદદ આપવાને તૈયાર છતાં પણ તેની સ્થિતિ એક રીતે ઘણીજ કફોડી છે. લોકોની કોમળ ધાર્મિક લાગણીને માન આપવાની સરકારની ફરજ હોવાથી-વચનથી તેમજ વખતો વખત જાહેર કરવામાં આવેલ ઢંઢેરાથી તેમ કરવાને બંધાયેલ હોવાથી બ્રીટીશ સરકાર કંઈ કરી શકતી નથી એટલુંજ નહિ પણ સરકારને એવો ઠરાવ કરવાની ફરજ પડી છે કે જો કોઈપણ માણસ ધર્મના કામને માટે જાનવરનો વધ કરશે તો સરકાર તેમાં બાધ નહિ કરે અને તેથી કરીને આપણે સાથેજ લોકોની હૃદયની ધાર્મિક લાગણીઓ ઉપર સચોટ અસર કરવાનું રહે છે.

(અપૂર્ણ)

# પંડિત હેમચંદ્રાચાર્ય.

( શાહ પોપટલાલ કેવળચંદે આપેલું ભાષણ. )

અનુસંધાન ગતાંક પાને ૨૩૨ થી

સાધુ થઈ સોમચંદ્ર નામ ધારણ કર્યા પછી બાર વર્ષ દરમ્યાન ચંગદેવે કયા કયા ગામોમાં વિહાર કર્યો ને ત્યાં શું શું કર્યું તે વિષે વિશ્વાસ રાખવા લાયક કંઈ હકીકત મળી શકતી નથી; પરંતુ નોખા નોખા જે જે નામીચા પુરૂષોને ઉત્તમ ધાર્મિક જ્ઞાનવડે તેમની શંકાઓ દૂર કરી જૈન ધર્મમાં તેઓ લાવ્યા તેમાં સર્વથી વધારે નામાંકિત પુરૂષ કુમારપાળ રાજાએ સોમચંદ્રને સાધુ બનાવવાની ક્રિયા ખંભાતમાં જે ઠેકાણે થઈ હતી તે ઠેકાણે એક દેરૂં ચણાવ્યું હતું એ વાત તો દેખીતીજ ઐતિહાસિક છે. આમ હોવા છતાં વચગાળેનાં એ બાર વર્ષ શી રીતે પસાર થયાં હશે તે સમજવું બહુ મુસ્કેલ પડે તેમ નથી. વર્ષના આઠ મહિના તો તેઓ જૈનસાધુઓની હમેશની રીત મુજબ પોતાના ગુરૂ દેવચંદ્ર સાથે દેશાટન કર્યા કરતા હતા અને તેની સર્વ પ્રકારે સેવા કરતાં કરતાં શિક્ષણ લેતા હતા. ચોમાસાના ચાર મહિના તેઓ કોઈ આસ્તિક જૈનને આશ્રયે જઇ રહેતા. આ બધા વખતમાં સોમચંદ્રનું ધર્મજ્ઞાન તો વધતુંજ ગયું. પોતાના ધર્મજ્ઞાનનું મકાન તેવા સારા પાયા ઉપર રચ્યો જતો હતો તે જાણવા માટે તેણે આગળ જતાં જૈન ધર્મનો કેટલો મોટો વિસ્તાર વિસ્તાર્યો તે જોવું એટલે ખાત્રી થશે.

તેમનો શિષ્યકાળ પૂરો થતાં સં. ૧૧૬૬ માં એટલે ઈ. સ. ૧૧૧૦માં તેમને સૂરિપદ-આચાર્યપદ આપવામાં આવ્યું. તે વખતે બીજીવાર તેમણે નામ બદલ્યું ને હેમચંદ્ર નામ ધારણ કર્યું. બાકીની જિંદગીમાં તેઓ એ હેમચંદ્ર નામથીજ ઓલખાયા. માણસના જીવનમાં ભિન્ન ભિન્ન મોટા ફેરફાર થાય ત્યારે મનુષ્યે પોતાનું નામ ફેરવી નવું નામ ધારણ કરવું એ પ્રચલિત રીતિ છે ને તેમાં આશ્ચર્ય પામવા જેવું નથી.

હેમચંદ્ર આચાર્ય થયા તે પહેલાંનાં તેમજ તે પછીનાં થોડાંક વર્ષનો કશો ઇતિહાસ આપણને મળતો નથી. સર્વ જૈન કોમના સ્વીકારાયેલા આચાર્ય તરીકે છેલ્લે આપણે તેને અણહીલપુર પાટણમાં આવી રહેલા જોઇએ છીએ. એ વખતે અણહીલપુર પાટણની ગાદી ઉપર સિદ્ધરાજ જયસિંહ રાજ કરતો હતો. તેની સત્તા આબુથી ગિરનાર સુધી ને પશ્ચિમે આવેલા સમુદ્રથી માળવાની સરહદ સુધી સ્થપાઈ હતી. એ રાજાની રાજદ્વારી જિંદગી વિષે બોલવાની મારી ઇચ્છા નથી. પરંતુ વિદ્વાનોને આશરો આપનાર તથા ધર્મતત્ત્વોનું જ્ઞાન મેળવવાના જિજ્ઞાસુ રાજા તરીકેજ હું તેને અહીં ઓળખાવવા ઇચ્છું છું. સિદ્ધરાજ જયસિંહને જૈન ધર્મમાં લાવી શકયાનું જૈનો કહેતા નથી. સિદ્ધરાજ પોતાના વડવાની રીત મુજબ દરરોજ શીવની પૂજા કરતો. તેમ છતાં દેશના બધા પ્રાંતોમાંથી સર્વ સંપ્રદાયોના આચાર્યોને પોતાના પાટનગરમાં તે સઘળાને ઉત્સાહથી તેડાવતો હતો. તે બધાને એવી રીતે સભામાં ભેળા કરતો કે જેથી તેઓ ધર્મ સંબંધી વાદવિવાદ ચલાવે. એ વાદવિવાદથી તે આનંદ

પામતો. સિદ્ધરાજે હેમાચાર્યની પ્રશંસા સાંભળી તેમને પણ પોતાના દરબારમાં તેડાવ્યા. ધર્મ સંબંધી શંકાઓ સિદ્ધરાજ જેમ બીજા આચાર્યોને પૂછતો તેમ તે હેમાચાર્યને પણ પૂછવા લાગ્યો. બીજા આચાર્યો સિદ્ધરાજને સંતોષ થાય તેવો ખુલાસો આપી શકતા નહિ ત્યારે હેમચંદ્ર ભિન્ન ભિન્ન દૃષ્ટાંતો આપી એવી સારી રીતે સિદ્ધરાજના મનનું સમાધાન કરતા કે તે રાજી રાજી થઈ જતો. સિદ્ધરાજની શંકાઓનું જે અસરકારક દૃષ્ટાંતો આપી હેમચંદ્ર સમાધાન કરતા તેમાંની છુટીછવાઇ કેટલીક જાણવાજોગ હકીકત સુભાગ્યે સચવાઈ રહી છે. એમાંની એક જાણવાજોગ વાત આ પ્રમાણે છે.

સિદ્ધરાજના મનમાં એકવાર એવી શંકા ઉત્પન્ન થઈ કે મનુષ્યનો ખરો ધર્મ અને ખરૂં સ્થાન શું છે ને તે શી રીતે મેળવી શકાય ? નોખા નોખા ઘણા ધર્માચાર્યો પાસે તેણે એ શંકા વિષે ખુલાસો માગ્યો પણ તે એકે ધર્માચાર્ય તેની શંકાનું સંતોષકારક સમાધાન કરી શકયા નહિ. દરેક આચાર્ય એ શંકાના સમાધાનમાં પોતાના સંપ્રદાયની સ્તુતિ કરતા ને અન્ય સંપ્રદાયની નિંદા કરતા. છેલ્લે નિરાશ થઇને સિદ્ધરાજે પોતાની શંકા હેમાચાર્યને કહી તેનો ખુલાસો પૂછ્યો. હેમચંદ્રે એક દૃષ્ટાંત આપી સિદ્ધરાજની શંકાનું સમાધાન કર્યું. એ દૃષ્ટાંત આ પ્રમાણે છે.

એક ગામમાં એક વેપારી રહેતો હતો. તે પોતાની સ્ત્રીને છોડી દઇ એક વેસ્યા સાથે પોતાનું જીવન ફોગટ ગુમાવતો હતો. તેની સ્ત્રી તેના પતિનું મન પોતાની તરફ આકર્ષવાને દરેક યત્ન કર્યા કરતી હતી પણ તેમાં તેનું કાંઇ વળ્યું નહિ. છેવટે જાદુની મદદથી પોતાના પતિને વશ કરવાનો તેણે વિચાર કર્યો અને એક જાદુગર પાસે ગઇ. તે જાદુગરે તેનું કહેવું સાંભળી લઇ જવાબ દીધો કે હું એવું કરી આપીશ કે જેથી તારો ધણી તારી પાસે દોરડાથી બંધાયેલો રહેશે. જાદુગરના કહેવા પ્રમાણે વનસ્પતિનું મૂળીઉં ઘસી તેનો રસ તે સ્ત્રીએ પોતાના પતિના ભોજનમાં નાંખ્યો. તેની અસરથી તરત તેનો વર બળદ બની ગયો. તે જોઇ તે સ્ત્રી બહુ ગભરાઈ ગઈ ને એમ કરવા માટે સર્વે ઓળખીતાઓ તરફથી તેને ઠપકો મળ્યો. પોતાના પતિને પાછો મનુષ્યદેહમાં લાવવા માટે શું કરવું તે તે બાપડીને બીલકુલ સુજ્યુ નહિ. એક દિવસ તે બળદ થઇ ગયેલા પોતાના દુર્ભાગી પતિને સીમમાં ચરાવવા લઇ ગઇ હતી તેવામાં ત્યાં તેને આ વાતનો વિચાર થઇ આવતાં તે પોકેપોક રોવા લાગી. ત્યારે અચાનક શીવ અને પાર્વતીને પોતાના વિમાનમાં બેસીને આકાશમાં ફરતાં તેણે જોયાં તથા તે બંને વચ્ચે થતી વાતચીત તે સ્ત્રીએ લક્ષપૂર્વક સાંભળી. પાર્વતીએ શીવને પૂછયું કે "આ ગોવાળણી અહીં બેઠી બેઠી શા માટે પોકેપોક રૂએ છે " ? શીવે પાર્વતીને જવાબ દીધો કે આ બાઇડીનો ધણી તેણે આપેલી વનસ્પતિથી બળદ થઇ ગયો છે. એ વનસ્પતિ તે સ્ત્રીએ તેને શા કારણથી ને કેવી મતલબથી આપી હતી તે બધી વાત શીવે પાર્વતીને કહી. વળી વિશેષમાં કહ્યું કે આ મૂર્ખ સ્ત્રી જે ઝાડ નીચે બેસી આમ ડુસકે ડુસકે રૂવે છે તે ઝાડની છાયા તળે જમીન પર એક ઠેકાણે એવી વનસ્પતિ ઉગે છે કે જે વનસ્પતિ

એ સ્ત્રી તેના આ બળદ થઇ ગયેલા પતિને ખવરાવે તો એ તેનો પતિ બળદના શરીરથી મુક્ત થઇ ફરીથી મનુષ્યનું શરીર ધારણ કરે. આટલી વાત થયા પછી શીવપાર્વતીનું વિમાન ત્યાંથી જતું રહ્યું. આ સ્ત્રી તરત ઉઠી અને કઈ અમુક વનસ્પતિથી એ લાભ મળશે તેના ખોટા વિચારમાં નહિ પડતાં ઝાડની છાયા નીચે જે બધું ઉગ્યું હતું તે કાપી લઈ તે બધો ચારો બળદ થઈ ગયેલા પોતાના પતિને ખાવા માટે નાંખ્યો. એ ખાતાં વેંતજ એ સ્ત્રીનો ધણી બળદ મટી પાછો માણસ થઇ ગયો. પરંતુ કઇ વનસ્પતિ ખાવાથી તે બળદના શરીરથી મુક્ત થઇ મનુષ્યદેહમાં આવ્યો તે એ સ્ત્રીના જાણવામાં કોઇ કાળે પણ આવ્યું નહિ અને તે શોધી કાઢવાની તે સ્ત્રીએ કદી કોશીષ પણ કરી નહિ. આ દૃષ્ટાંતરૂપ વાર્તા હેમચંદ્રે સિદ્ધરાજને કહીને એમ સમજાવ્યું કે હે રાજા ! આ સઘળા સંપ્રદાયો કે જેમાં આપ ગુંચવાયા કરો છો તેને ઝાડ નીચે ઉગેલી વનસ્પતિ તુલ્ય સમજો. સર્વે ધર્મમતોનો તમે સત્કાર કરો ને તે દરેકમાં જે કંઈ સારૂં હોય તે ગ્રહણ કરો. તેમ કર્યાથીજ તમે મોક્ષ પામશો. સિદ્ધરાજને હેમચંદ્રની આ શીખામણ ગમથી લાગી ને તે દિવસથી તે સર્વે સંપ્રદાયોનો સત્કાર કરવામાં સંપૂર્ણ સમાનતા સાચવવા લાગ્યો.

હેમચંદ્ર તથા સિદ્ધરાજને લગતી બીજી કેટલીક વાતો પણ એવીજ જાણવાજોગ છે. સિદ્ધરાજને હેમચંદ્ર તરફ વિશેષ પ્રીતિ બતાવતો જોઈ સિદ્ધરાજના દરબારના બ્રાહ્મણો કેટલીકવાર બહુ ગભરાતા ને બીતા કે રખેને સિદ્ધરાજ જૈન ધર્મ અંગીકાર કરી લેશે તો. આથી તેઓ હેમચંદ્ર અને રાજા વચ્ચે ભિન્નભાવ પડાવવા નવી નવી યુક્તિ વાપરવાને ચુકતા નહિ. એકવાર બ્રાહ્મણોએ સિદ્ધરાજ પાસે જઇને એવી ફરિયાદ કરી કે એક જૈન સાધુએ ચોમુખી દેવળમાં નેમિચરિત્રની કથા કરતાં પોતાના શ્રાવકોને ખુશી કરવા માટે માત્ર પતરાજીથી એમ કહ્યું કે " પાંડવો તો જૈન હતા. " એમ જણાવી બ્રાહ્મણો બોલ્યા કે આપ મહારાજાધિરાજ બ્રાહ્મણોનું પ્રતિપાલન કરનારા છો ને શીવના ભક્ત પૂજારી છો છતાં આપનાજ પાટનગરમાં મહાભારતના પવિત્ર ધર્મગ્રંથમાંના પાંડવોને આ જૈન સાધુ જૈન હોવાનો ગપાટો ફેલાવે તે શું આપ સાંખી રહેશો ? સિદ્ધરાજે હેમચંદ્રને તરત પોતાની પાસે બોલાવ્યા ને એ વાતનો ખુલાસો માંગ્યો. હેમચંદ્રે કબુલ કર્યું કે ઉક્ત જૈન સાધુએ એ પ્રમાણે વાત કરી છે અને પછી મહાભારતના જૂદા જૂદા શ્લોકો ટાંકી બતાવી રાજાને કહ્યું કે "મહાભારતમાં તો સો ભીષ્મ, ત્રણુસો પાંડવો, એક હજાર દ્રોણ ને ઘણા કર્ણ હોવાનું જણાવ્યું છે તો એ બધામાંથી એકાદ પાંડવ જૈન ધર્મ પાળતો હોય એવું શું સંભવિત નથી ? રાજાને હેમચંદ્રનો આ ખુલાસો યોગ્ય લાગ્યો ને બ્રાહ્મણોની ફરિયાદ તરત કાઢી નાંખી. પોતાની ઉંચી વિચારશક્તિને અંગે એ રીતે હેમાચાર્ય પોતાના હરીફોને હંફાવતા હતા.

પચાસ વરસની લાંબી મુદત સુધી રાજ્ય ભોગવ્યા પછી સિદ્ધરાજ ઈ, સ. ૧૧૪૩ માં મરણ પામ્યો. હવે તેને દીકરો દીધેલો નહિ તેથી તેનું રાજ તેનાથી ધિક્કારાયેલા તેના ભત્રીજાના પુત્ર કુમારપાળના હાથમાં ગયું. ગાદીએ બેઠા પછી કુમારપાળે પોતાની કારકીર્દિનો પહેલો દશકો પોતાના રાજ્યની ઉત્તર સરહદ પર લડાઈ ચલાવવામાં ગાળ્યો. ૧૧ મે વર્ષે આબુ પર્વતની તળેટીમાંના મોટા મેદાનમાં

એક મોટી લડાઈ લડી શત્રુઓને સજ્જડ હરાવ્યા ને કાયમની સુલેહશાંતિ પાથરી પાટનગરમાં પાછો આવ્યો. આ કુમારપાળ રાજાને શૈવ મતમાંથી જૈનમતમાં લાવવામાં હેમચંદ્ર ફતેહ પામ્યા હતા એ વાત નિઃસંદેહ છે. આ તમારી કૉલેજના આ દીવાનખાનામાંજ—પુસ્તકસંગ્રહમાં એક પુસ્તક પડેલું છે કે જેમાં કુમારપાળ રાજાએ કયા વર્ષમાં ને કયે દિવસે જૈન ધર્મ સ્વીકાર્યો તે બધું આપવામાં આવ્યું છે. ખ્રિસ્તિ લોકોના પીલગ્રીમ્સ પ્રોગ્રેસ નામના પુસ્તકની પેઠે આલંકારિક ભાષામાં કુમારપાળ રાજા જૈન ધર્મમાં દાખલ થયા તેની વિગત આપવામાં આવી છે. એ પુસ્તક તાડપત્ર ઉપર નાટક રૂપે લખવામાં આવ્યું છે ને તેનું નામ "મોહ પરાજય" એવું રાખવામાં આવ્યું છે. હેમાચાર્યને લગતા ઇતિહાસ પર પ્રકાશ પાડનારાં પુસ્તકોમાં આ પુસ્તક સર્વેથી જૂનું છે. એ પુસ્તકનો કર્તા કુમારપાળના ઉત્તરાધિકારી અજેપાળ રાજાનો પ્રધાન યશોપાળ હતો. આ મોહ પરાજય નાટકમાં રાજા ધર્મ તથા દેવી વિરતિની દીકરી કૃપાસુંદરી સાથે કુમારપાળને લગ્ન કરતો વર્ણવ્યો છે. મહાવીરની હાજરીમાં હેમચંદ્ર એ જોડલાનું લગ્ન કરાવે છે. જૈન જીતના એ બનાવની તિથિ સંવત્ ૧૨૧૬ ના માગશર શુદ ૨ ની બતાવવામાં આવી છે એટલે કુમારપાળ રાજાએ ઇ. સ. ૧૧૬૦ માં જૈન ધર્મ સ્વીકાર્યો. એ તિથિ ખોટી હોય એમ માનવાનું કારણ નથી. એ પુસ્તક એ બનાવ બન્યા પછી ૧૬ વર્ષની અંદર એટલે ૧૧૭૩ ને ૧૧૭૬ ની વચમાં લખાયેલુ હોવું જોઇએ.

કુમારપાળ રાજા જૈન ધર્મમાં દાખલ થયાની હકીકત અહીં નોંધવાની આપણને એટલા માટે જરૂર પડે છે કે જૈનમત પર કુમારપાલની શ્રદ્ધા બેસાડવા માટે હેમચંદ્રે જે યોગશાસ્ત્ર નામનું પુસ્તક લખ્યું હતું તે પુસ્તક વિષે હું તમારી પાસે કેટલુંક વિવેચન કરવા ઇચ્છા ધરાવું છું. આ યોગશાસ્ત્રની હસ્તલિખિત પ્રત જે ખંભાતના જૈન દેરાસરમાં કોઇના વાંચ્યા વગર પડી રહેલી તે સં. ૧૨૫૧ ઇ. સ. ૧૧૯૫ માં એટલે હેમચંદ્ર દેવગતિ પામ્યા પછી વીશ વર્ષની અંદર લખાયેલી છે. આ યોગશાસ્ત્ર વિષે વિવેચન કર્યા પહેલાં હેમચંદ્રના જીવનને લગતી બીજી જાણવાજોગ બાબતો અહીં જણાવી દઇશું.

રાજા કુમારપાળને તેના વડવાનો શૈવ ધર્મ છોડાવી દીધેલો જોઈ દરબારમાંના બ્રાહ્મણો હેમચંદ્ર ઉપર બહુજ ગુસ્સે થઈ ગયા હતા. તેથી હેમચંદ્રને નુકશાન કરવાની કોઇપણ તક તેઓ એળે જવા દેતા નહિ અને તેવી તક તેમને મલ્યા વગર પણ રહેતી નહિ. કુમારપાળે જૈન ધર્મમાં દાખલ થયા પછી પોતાના આખા રાજ્યમાં ઢંઢેરો પીટાવી એવો હુકમ કર્યો હતો કે રૈયતમાંના કોઈ પણ માણસે કદી કોઈ જીવની હિંસા કરવી નહિ. કુમારપાળે પણ દરબારના સઘળા યજ્ઞાદિ અટકાવી બળીદાન દેવાનું બંધ પાડયું હતું. જૈનમતનું જોર વધતું જોઇ તે તોડવા માટે કાંતેશ્વરી માતા તથા બીજી દેવીઓના પૂજારી બ્રાહ્મણોએ રાજા હજુર જઇ એવી અરજ કરી કે "અણહીલવાડ પાટણમાં પરંપરાથી ચાલ્યા આવતા પ્રચાર પ્રમાણે અમુક દિવસે ત્રણ દહાડા સુધી દેવીઓને બળીદાન દીધા વગર ચાલે તેમ નથી. સાતમના દિવસે સાતસો બકરાં ને સાત પાડા, આઠમને દિવસે આઠસો બકરાં ને આઠ પાડાનું ને નોમને દિવસે નવસો બકરાં ને નવ પાડાનું બળીદાન દેવું પડશે—માટે રાજાએ વખતસર તે પ્રમાણે બંદોબસ્ત કરવો. બ્રાહ્-

ણોની આ વિનંતિનો શો પ્રત્યુત્તર આપવો તે વિષે રાજાએ હેમાચાર્યને પૂછ્યું. હેમચંદ્રે વિચાર કરી રાજાને ગુપ્ત રીતે કંઈ સમજાવ્યું. રાજાએ બ્રાહ્મણોને કહ્યું કે તમે કહો છો તે પ્રમાણે કરવામાં આવશે. રાજાએ આ આપેલી કબુલત કુનેહભરી નવી પદ્ધતિએ પાળી. બધા બકરાં ને પાડાને રાત્રે દેવીના મંદિરના વાડામાં પૂર્યા ને બ્રાહ્મણોને મંદિરમાંથી બહાર કાઢી દેવાલયને બધે દરવાજે તાળાં માર્યા અને ત્યાં પોતાના વિશ્વાસુ રજપુતોની ચોકી મૂકી. બીજે દિવસે પ્રભાતમાં રાજા ત્યાં આવ્યો ને દેવાલયના દરવાજા ઉઘડાવ્યા. સાથે બ્રાહ્મણોને લઇ તે અંદર ગયો તો ત્યાં સર્વે જનાવરો શાંતિથી ખડ ખાતા હતા. ગણતરી કરી જોતાં એક પણ જનાવર ઓછું થયેલું જણાયું નહિ. ગણી રહ્યા પછી રાજાએ બ્રાહ્મણોને કહ્યું કે હે ભૂદેવો ! મેં ગઈ રાત્રે આ બધાં જનાવર દેવીને અર્પણ કર્યાં હતાં પણ દેવીએ તેનું ભક્ષણ કર્યું નથી માટે તે વાત દેવીને પસંદ પડી જણાતી નથી. મારા મનમાં નક્કી થયું છે કે દેવીઓને જનાવરોનું માંસ ભક્ષણ કરવાનું ઠીક લાગતું નથી. તે તો માત્ર તમને ગમે છે માટે આજ પછી તમે મારી પાસે ફરીથી આવાં બળીદાનની વાતજ કરશોમાં. યાદ રાખજો કે હું મારા આખા રાજ્યમાં કોઇપણ જગાએ જીવહિંસા કરવા દેવાનો નથી. બ્રાહ્મણો આ વાત સાંભળી ગભરાઇ ગયા ને કાંઇ પ્રત્યુત્તર આપી શકયા નહિ. અંતે રાજાએ તે જનાવરની કીંમત જેટલું દ્રવ્ય ભકિતભાવથી દેવીને અર્પણ કર્યું.

પોતાની જીંદગીના છેલ્લાં વર્ષોમાં કુમારપાળ તથા હેમાચાર્ય ગુજરાતમાંના જૈન તીર્થોની યાત્રા કરવા નીકળ્યા હતા. બંને ગિરનાર પર પણ દર્શન કરવા ચડ્યા હતા. પ્રધાન વાગ્ભટે પોતાને ખર્ચે ગિરનાર પર રસ્તો બાંધી રાજાને કેટલીક સગવડતા કરી આપી હતી. પાટણથી આવતાં માર્ગમાં હેમચંદ્રની જન્મભૂમિ ધંધુકે આવતાં ત્યાં તેના માનમાં ખાસ દેવાલય બાંધવાની આજ્ઞા આપી હતી. જ્યારે પ્રવાસ કરતાં કરતાં ખંભાત આવ્યા ત્યારે ખંભાત શહેરની બધી આવક ત્યાંના પાર્શ્વનાથના દેવાલયને અર્પણ કરી હતી. જો કે કુમારપાળના ઉત્તરાધિકારીઓએ કુમારપાળનું એ વચન પાળ્યું જણાતું નથી.

ઇ. સ. ૧૧૭૩ માં હેમાચાર્યને જણાયું કે હવે તેનું આયુષ્ય પૂર્ણ થવા આવ્યું છે ત્યારે તેને ૮૪ મું વર્ષ ચાલતું હતું. કુમારપાળને તેમણે પોતાના તથા કુમારપાળના પંડના અંતકાળના ખબર આપ્યા. વિશેષમાં કુમારપાળને કહ્યું કે મારા મૃત્યુ પછી છ મહિને તારો દેહ પડશે માટે તારે કાંઈ સંતાન નહિ હોવાથી તારી છેવટની ક્રિયા તારે હાથેજ કરી લેવી. હેમાચાર્યના મૃત્યુનો સઘળો શોક રાજાએ તેના માનમાં દરબારી રીતે પાળ્યો. છેલ્લા છ માસ તેણે શોકમાં વ્યતીત કર્યા. હેમચંદ્રે ભાખેલા ભવિષ્ય મુજબ કુમારપાળ રાજાનો દેહ હેમાચાર્યના મૃત્યુ પછી છ મહિને પડયો.

કુમારપાળ રાજાના વખતમાં જૈનોનું વધેલું જોર તેની પછી ગાદીએ બેસનાર રાજાના અમલમાં બ્રાહ્મણોએ એકદમ તોડી પાડયું. દરબારમાં પાછું બ્રાહ્મણોનું જોર વધી પડયું ને હેમચંદ્રના શિષ્યોને મારી નાંખવામાં આવ્યા. એથી હેમાચાર્યની દીર્ઘદૃષ્ટિવડે ગુજરાતમાં જૈનોનું એક મોટું રાજ્ય સ્થાપવાનો વખત જે નજીક આવતો જણાતો હતો તે બધું સ્વપ્ન સમાન થઈ પડયું.

આ પ્રમાણે ડૉકટર પીટરસને હેમાચાર્યની જીંદગીનો ટુંક સાર આપી પછી પોતાના ભાષણમાં તેમના યોગશાસ્ત્ર વિષે લંબાણથી વિવેચન ચલાવ્યું છે. હેમચંદ્રાચાર્યે લખેલા ગ્રંથોનું પુર એટલું બધું ગણાય છે કે તેમણે ૩ા કરોડ શ્લોકો લખ્યા છે એમ કહેવાય છે. તેમાં સંસાર વ્યવહારની નીતિને રસ્તે ચાલી શકે તેવા ઉપાય દેખાડનારી કેટલીક બાબતો પણ ચર્ચી છે. આજના સાધુઓ જ્યારે સંસારીને તેનો વ્યવહાર ચલાવવાની વાતો કરવામાં પાપ માની બીએ છે તેમણે કર્ત્તવ્યપરાયણ બુધ્ધિવાળા મહાન્ આચાર્ય હેમાચાર્યજીનું યોગશાસ્ત્ર બહુ સારી રીતે વાંચી જોવું. સાધુ હો કે શ્રાવક હો, પણ જેનામાં કર્ત્તવ્યપરાયણતા નથી, જેનામાંથી સ્વાર્થઅંધતા ને એકલપેટાઇ ગઇ નથી, જેને માત્ર પોતાના પંડનુંજ કલ્યાણ ઇચ્છી બીજાઓનું ગમે તે થાઓ તે સંબંધી કશી ચિંતા નથી, જેનામાં પરમાર્થ બુધ્ધિ નથી, શાસ્ત્રોનાં કે ધર્મનાં ફરમાનો અનેક અપેક્ષાથી જોઇ શકાય તેવાં જાણ્યા છતાં માત્ર એકાંતવાદીજ થવું છે તેવા સર્વ સાધુ શ્રાવકોને શ્રીમદ્ હેમાચાર્યનું યોગશાસ્ત્ર તો જરૂર વાંચવું. કેવી રીતે ધન મેળવવું, કેવા ઘરમાં રહેવું, કોની સાથે લગ્ન કરવું વગેરે હકીકત એ પુસ્તકમાંથી તેમને મળશે. હેમાચાર્યનું આદિથી તે અંત સુધીનું આખુ જીવન કર્ત્તવ્યપરાયણજ હતું અને તેમના જીવન ઉપરથી કર્ત્તવ્યપરાયણ થવાનો પાઠ શીખાય છે.

હેમચંદ્રાચાર્યનો સોમનાથપાટણનો પ્રસંગ જાણવા જેવો છે. ગુજરાતના રાજાઓ મૂળે શૈવ હતા. કુમારપાળ જૈન થયા એ બધો પ્રતાપ હેમચંદ્રાચાર્યનો હતો. તેથી જેમને ઇર્ષ્યા આવી તેમણે હેમાચાર્યજી રાજાની આંખે થાય તેવી બાજી રમવા માંડી હતી, પણ સમયના જાણ સમર્થ હેમાચાર્ય કાંઇ ગાંજ્યા જાય તેમ નહોતું. સોમનાથનું દેવળ મહમદ-ગીજનવીના નાશ પછી ફરીથી સમરાવવાનું કામ કુમારપાળના વખતમાં હાથમાં લેવામાં આવ્યું. તેના વાસ્તુ પ્રસંગે સોમનાથપાટણ જવાની રાજાએ હેમાચાર્યની સલાહ લીધી. પછી પાટણથી મુકામ ઉપાડવાના મુહૂર્ત પર કુમારપાળે આચાર્યજીને કહ્યું કે આપે સોમનાથ પધારવાની હા પાડી છે તો હું આજે પાલખી મોકલું છું તેમાં મારી સાથે પધારજો. આચાર્યજીએ રાજાને સમજણ પાડી કે અમો જૈન સાધુઓનો ધર્મ બીજા બધાથી જૂદા પ્રકારનો ને આકરો છે. પગે ચાલી યાત્રા કરતો કરતો હું નીમેલી તિથિએ બરાબર સોમનાથ આવી પહોંચીશ. થયું પણ તેમજ. વાસ્તુપ્રસંગની ક્રિયા વખતે તેઓ ત્યાં પહોંચી ગયા. બ્રાહ્મણોએ રાજાને કહ્યું કે આચાર્યજી પધાર્યા તે ઠીક પણ સોમનાથને નમસ્કાર નહિ કરે. પણ હેમાચાર્યજીએ તો તે વખતેજ નમસ્કાર કરી સો શ્લોકનું મહાદેવની સ્તુતિનું શતક ત્યાંને ત્યાં બનાવ્યું. તેમાંના થોડા શ્લોક આ નીચે આપું છું.

महाज्ञानं भवेद्यस्य, लोकालोकप्रकाशकम् ।
महादयादमोध्याने, महादेवः स उच्यते ॥
महान्तस्तस्करा ये तु, तिष्ठन्तः स्वशरीरके ।
निर्जिता येन देवेन, महादेवः स उच्यते ॥
नमोस्तु ते महादेव, महामदविवार्जित ।
महालोभविनिर्मुक्त, महागुणसमन्वित ॥

महारोगो महाद्वेषो, महामोहस्तथैव च ।
कषायश्च हतो येन, महादेवः स उच्यते ॥
महाकामो हतो येन, महाभयविवर्जितः ।
महाव्रतोपदेशी च, महादेवः स उच्यते ॥
महाक्रोधो महामानो, महामाया महामदः ।
महालोभो हतो येन, महादेवः स उच्यते ॥
महानन्दो दया यस्य, महाज्ञानी महातपः ।
महायोगी महामौनी, महादेवः स उच्यते ॥
महावीर्यं महाधैर्य, महाशीलं महागुणः ।
महामञ्जुक्षमा यस्य, महादेवः स उच्यते ॥
भवबीजांकुरजनना, रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥

હેમચંદ્રાચાર્યે ૩૩૦૦૦ ઘરને શ્રાવકના ધર્મમાં આણ્યા. એક ઘરમાં લગભગ પાંચ જણની સરેરાશ કાઢીએ તો આશરે દોઢ લાખથી વધારે નવા માણસોને તેમણે જૈન ધર્મમાં દાખલ કર્યા. દયામય જૈન ધર્મમાં આટલી મોટી સંખ્યાને દાખલ કરવાનું પરાક્રમ બીજા કયા આચાર્યે દાખવ્યું છે તે કોઇ કહી શકશે ?

એકવાર રાજાએ ખુશી થઇ આચાર્યજીને કાંઇ ભારે બક્ષીશ આપવા માંડી ત્યારે આચાર્યજીએ કહ્યું કે અમે કંચન કામનીના ત્યાગી. અમારે કશું જોઇએ નહિ. છતાં રાજાએ બહુજ આગ્રહ કર્યો ત્યારે હેમાચાર્યે કહ્યું કે, કુમારપાળ રાજા ! તું તારા સ્વધર્મી બંધુઓ એટલે શ્રાવકભાઇઓને એ બક્ષીશ જેટલું નાણું વહેંચી આપ. રાજાએ તે પ્રમાણે ગરીબ શ્રાવકોમાં એ નાણું વહેંચી આપ્યું.

જૈન ધર્મનો ઉદ્યોત થાય, લોકો તે ધર્મમાં વધારે આકર્ષાય, જીવદયાનો પ્રસાર થાય, હિંસા બંધ થાય ઇત્યાદિ ખરેખરા ધર્મનાં કાર્ય કરવા જતાં કોઇ કોઈ વાર તેમને સમય જોઇને વર્તવું પડતું અને રાજા તથા મુત્સદ્દીના સંબંધમાં રહેવાથી સાધુધર્મ કોઇ કોઇ વાર બહુ સરસ રીતે સાચવવાનું નહિ પણ બનતું હોય. તે વાત તેને કાને બીજાઓ તરફથી નાંખવામાં આવતી ત્યારે તેનો તેઓ જે જવાબ આપતા તે આજના સાધુ શ્રાવકોએ ધ્યાનમાં લેવા જેવો છે. તેની મતલબ એ છે કે-ભાઈ હું તે બધું સમજું છું. જો હું માત્ર મારૂં પોતાનું એકનુંજ કલ્યાણ ઇચ્છીને બેસી રહું ને એવી મહેનતમાં ન ઉતરૂં કે એવાનો પરિચય ન રાખું તો જૈન ધર્મનો પ્રસાર ન થાય, અનેક મનુષ્યો જૈન ધર્મને ખરે રસ્તે ચડે છે તે ચડતા અટકે ને એ રીતે અનેકનું કલ્યાણ થતું અટકી જાય. આ મારૂં ભવભ્રમણ વધવું હોય તો ભલે વધો પણ એ માર્ગ હવે તજાશે નહિ.

ભાઈઓ ! આવો આત્મભોગ આપનારો આજે એક પણ સાધુ બતાવશો ? એકલપેટા-ઇનો ને સ્વાર્થપણાનો જૈન ધર્મ ઉપર બીજાઓ તરફથી કોઇ કોઈ વાર જે દોષ મૂકવામાં આવે છે તેનું કારણ પોતાના પંડનું ભલું ઇચ્છી બીજાની કાંઇ પણ દરકાર નહિ કરનારા

એકલપેટા સાધુ શ્રાવકોની વર્ત્તણુકનેજ આભારી છે. એક ભવનો આત્મભોગ પણ આજે કોઈ આપી શકે તેમ નથી ત્યારે આ મહાન્ પંડિત કહે છે કે આ મારૂં ભવભ્રમણ વધવું હોય તો ભલે વધો પણ અમે જે રીતે જૈન ધર્મનો પ્રસાર થાય તે રીતે પ્રસાર કરવામાં પાછી પાની કરીશું નહિ. હું તો એમ માનું છું કે જેમના બોધથી ગુજરાતમાં હિંસા બંધ થઈ અને ઘોડાને કે પશુઓને પણ અણગળ પાણી નહિ પાવાનો રાજહુકમ નીકળ્યો તે મહાત્માનું ભવભ્રમણ બીલકુલ વધ્યુંજ નહિ હોય. બાકી તત્ત્વ તો કેવલીગમ્ય.

હાલ તો જૂદાં જૂદાં પુસ્તકો પરથી તારવેલી આટલી બધી હકીકત આપ સમક્ષ રજુ કરી જૈન ધર્મમાં આવા સમર્થ પંડિતો પેદા થાઓ એવું ઇચ્છી બેસી જવાની રજા લઉં છું.

* * *

# અધ્યાત્મરસિક શ્રીમાન્ ચિદાનંદજી કૃત એક ઔપદેશિક અને અધ્યાત્મિક પદ્ય.

**(શબ્દાર્થ, પરમાર્થ તથા વિવરણ સાથે)**

(લેખક-મુનિ મહારાજશ્રી કર્પૂરવિજયજી)

રાગ વેલાવલ.

જોગ જુગતિ જાણ્યા વિના, કહા નામ ધરાવે;
રમાપતિ કહે રંકકું, ધન હાથ ન આવે. જોગ૦ **૧**

**શબ્દાર્થ**—યોગ યુક્તિ જાણ્યા વિના યોગી-સંન્યાસી-સાધુ નામ ધરાવવાથી શું ? રંક-ભીખારીને લક્ષ્મિપતિ કહેવા માત્રથી તે રંકના કે બીજાના હાથમાં ધન આવતું નથી.

**પરમાર્થ**—યોગ યુક્તિ કહિયે યોગનું રહસ્ય અથવા યોગની કળા. તે યોગ-રહસ્ય અથવા યોગ-કળા જાણ્યા-સમજ્યા વિના યોગી-સંન્યાસી-સંત-સાધુ-જટી કે ફકીર એવાં નામ ધરાવી બેસવાથી શું વળે ? તેથી પોતાને તેમજ પરને શો ફાયદો ? કેમકે યોગ તે શું છે ? તેનું શું પ્રયોજન છે ? તેની શી રીતી છે ? તે સંબંધી કંઈ પણ રહસ્ય પ્રથમ ગુરૂગમ્ય જાણી-વિચારી તેનો નિર્ણય કરી તે યોગ-ક્રિયાનું પરિપાલન કરવા સ્વશક્તિ વિચારી, તેની તુલના કરી પછી જો કેવળ નામધારી નહિ પણ સત્ય યોગનિષ્ઠ મહાત્મા સમીપે યોગ-દીક્ષા અંગીકાર કરી સદ્ગુરૂની શીતળ છાયામાં વિનય બહુમાનપૂર્વક રહીને તેનું યથાવિધ પ્રેમથી પાલન કરવામાં આવે તો તેથી અવશ્ય સ્વહિત અને પરહિત થઇ શકે, પણ તે વિના તો દુઃખગર્ભિત કે મોહ-ગર્ભિત વૈરાગ્યથી કે કેવળ કપટવૃત્તિથી પોતાની આજીવિકા ચલાવી લેવાને માટેજ આપ

મતિથી યોગી બની બેસવાથી સ્વપર હિત સંભવતું નથી. તેમાં પણ મોહગર્ભિત વૈરાગ્યથી કે કપટવૃત્તિથી યોગ ધારવામાં તો કંઇજ આત્મ કલ્યાણ સધાતું નથી. એ તો યોગના નામથી કે ધર્મના મિષથી લોકને ઠગવાનુંજ છે. દુઃખગર્ભિત વૈરાગ્યવંત તો કવચિત્ સદ્ગુરૂ સમીપે વિનય બહુમાનપૂર્વક વર્ત્તતાં તત્ત્વબોધ પામી પણ શકે છે અને એમ તત્ત્વબોધ પામીને પોતાનું અને પરનું કલ્યાણ સાધી પણ શકે છે.

**વિવરણ**—જેમ ધન વડે ધની અને દંડ વડે દંડી સાર્થક કહેવાય છે તેમ યોગ વડેજ યોગી–સંન્યાસી–સંત–સાધુ નામ સાર્થક ગણાય છે. જે યોગ વડે યોગી નામની સાર્થકતા સાથે સ્વપરનું શ્રેય થઇ શકે છે તે યોગનું માહાત્મ્ય અચિંત્ય છે. તે યોગ 'અષ્ટાંગ યોગ' ના નામથી પ્રસિદ્ધ છે. યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ યોગનાં આઠ અંગ ગણાય છે. જૈન શાસનમાં યમને મહાવ્રત કહીને બોલાવવામાં આવેછે. ઉક્ત દરેક યોગની વ્યાખ્યા, તેનું પ્રયોજન, તેના અધિકારી અને તેની સિદ્ધિ ( પર્યંત ફળ ), પાતંજળયોગ, શ્રી હેમચંદ્રસૂરિ કૃત યોગશાસ્ત્ર, શ્રી હરિભદ્રસૂરિ કૃત યોગદૃષ્ટિ સમુચ્ચય તથા શ્રીમાન્ યશોવિજયજી વાચક કૃત આઠ દૃષ્ટિની સઝાયમાં સારી રીતે બતાવેલાં છે તેમજ તેનું કંઇક દિગ્દર્શન માત્ર તો પ્રશમરતિ નામના પુસ્તકમાં શમાષ્ટકના વિવરણમાં પણ પ્રસંગે કરેલું છે ત્યાંથી જોઈ લેવા ભલામણ છે. વિસ્તારના ભયથી અત્ર નહિ લખવું દુરસ્ત ધાર્યું છે. ઉક્ત અચિંત્ય યોગબલ જેમણે પ્રાપ્ત કરેલું છે અથવા તો તેને માટેજ જે દિન રાત્ર મથન કરી રહ્યા છે તે મહાનુભાવોજ ખરેખર યોગી--સંન્યાસી--સંત--સાધુ નામને સાર્થક કરે છે. કેમકે પરમાર્થ દ્રષ્ટિથી વિચારતાં તેજ મોક્ષનો અનન્ય માર્ગ દેખાય છે. **मोक्षेण योजनाद् योगः** એટલે મોક્ષ સાથે યોગ (મેળાપ) કરી આપવાથીજ **યોગ** કહેવાય છે. રાગ, દ્વેષ અને મોહના વિજેતા સર્વ જિનોએ કથન કરેલો **સકળ આચાર** તે **યોગમાંજ અંતર્ભૂત થાય છે.** તે અક્ષય સુખને આપનાર અચિન્ત્ય માહાત્મ્યવાળા **યોગ** યા સર્વજ્ઞ ઉક્ત સકળ આચારનું જેમને યથાર્થ શ્રદ્ધાન, જ્ઞાન અને પરિશીલન (સમ્યગ્ દર્શન, જ્ઞાન અને ચારિત્ર) નથી તે ઉપરથી ગમે તેટલો ડોળડમાક રાખે અથવા ગમે તેટલું કાયાકષ્ટ સહે તોપણ પવિત્ર રત્નત્રયી પ્રાપ્ત કર્યા વિના યોગી–સંન્યાસી–સંત–સાધુ પરમાર્થ દ્રષ્ટિથી કહી શકાયજ નહિ. ખરા યોગી–સંન્યાસી–સંત–સાધુજનોએ તો અવસ્ય ઉક્ત રત્નત્રયી સંગ્રહવીજ જોઇએ એટલુંજ નહિ પણ તે રત્નત્રયીનું સદા સર્વદા સંરક્ષણ કરવા સાથે સત્પાત્રમાં વિનિયોગ કરવાથી જેમ તેની ઉત્તરોત્તર વૃદ્ધિ થાય તેમ કરવા સદા કટિબદ્ધ રહેવું જોઇએ. જો કે કાયર માણસોને સંયમ (યોગ) માર્ગ અતિ કઠીન લાગે તેવો છે તોપણ પુરૂષાર્થવંતને માટે તે તેવો કઠણ નથી પણ સુલભ છે. યોગમાર્ગને આદરવાને ઉજમાળ થયેલા મૃગાપુત્ર નામના પોતાના સુકુમાળ પુત્રને માતા સમજાવે છે કે મીણના દાંત વડે લોહમય (લોઢાના) ચણા ચાવવા જેવું કઠણ ચારિત્ર હે પુત્ર ! તું શી રીતે પાળી શકીશ ? વળી મેરૂને મસ્તકે ઉપાડવો. ભૂજાબળે સમુદ્ર તરવો, સામાપુરે ગંગા તરવી, અગ્નિશિખાનું પાન કરવું અને ખડગની ધારા ઉપર ચાલવું જેમ દુષ્કર–અસંભવિત છે તેમ તારે હે વત્સ ! ચારિત્ર પાલવું અશક્ય છે એવું માતાનું કથન સાંભળી કુંવર બોલ્યો કે હે જનની ! ચારિત્રપાલન કાયરને માટે કઠણ છે પણ પુરૂષાર્થવંત, જિતેન્દ્રિયને તો ચારિત્રપાલન સુકર છે. એમ માતા

અને પુત્ર વચ્ચે થયેલા ધર્મસંવાદથી યોગમાર્ગ કેટલો કિંમતી અને દુર્લભ છે તેની વાંચનારને કંઇક ઝાંખી આવી શકશે. ફલિતાર્થ એ છે કે સહુ કોઇ આત્માર્થી યોગી-સંન્યાસી-સંત-સાધુ નામને ધારણ કરનાર મહાશયોએ પોતે પોતાનું ઉકત નામ સાર્થક કરવાને **કેવું ઉંચુ નિર્દંભ વર્તન રાખવું જોઇએ** તે ઉપરના વિવરણથી સહજ સ્પષ્ટ થઇ શકશે. હરેક મુમુક્ષુની પવિત્ર ફરજ છે કે તેમણે પ્રથમ સદ્‌ગુરૂ સમીપે વિનય બહુમાનપૂર્વક ધીરજ રાખી જેમાં સર્વજ્ઞ પરમાત્માએ પ્રતિપાદિત સકળ સદાચાર રૂપ સંયમ-યોગનું દોહન કરેલું હોય એવા યોગશાસ્ત્રનો-યોગ ગ્રંથોનો યથાર્થ અભ્યાસ કરવો, યોગમાર્ગમાં અચળ શ્રદ્ધાન રાખવું અને એમ સમ્યગ્ જ્ઞાન શ્રધાનપૂર્વક પવિત્ર યોગમાર્ગનુ યથાવિધ પરિપાલન કરવું. એવી રીતે પોતાનું પ્રવર્તન સુધારવાથીજ પવિત્ર રત્નત્રયીની પ્રાપ્તિ વડે સ્વનામની સાર્થકતા સાથે સહેજે સ્વપરનું કલ્યાણ સાધી શકાશે. એજ પરમાર્થ છે અને એજ ઉપાદેય [ આદરવા યોગ્ય ] છે. તેમાં જે પ્રમાદશીલ બની ઉપેક્ષા કરે છે તે પોતે યોગમાર્ગથી બેનશીબ રહે છે, પોતાના નામને નિરર્થક કરે છે અને નથી તો સાધી શકતા સ્વહિત કે નથી સાધી શકતા પરહિત. આવા પ્રમાદપટુ નામધારી પાસે કંઈ પણ શુભ આશા રાખવી તે રંકની પાસે લક્ષપતિ થવા જેવી કે મૂર્ખની પાસે પંડિત થવા જેવી સમજવી. જ્યારે ત્યારે કોઇનું પણ કલ્યાણ સ્વકર્તવ્યનું યથાર્થ ભાન કરી, તેમાં અચળ શ્રધ્ધા સ્થાપી, તદ્વત્ વર્તન કરી સ્વકર્તવ્યપરાયણ થવામાંજ સમાયેલું છે. માટે એવીજ સદ્‌બુધ્ધિ આપણ સહુને સદાય સ્ફુરાયમાન રહે અને એવી સદ્‌બુદ્ધિને સફળ કરવા વીતરાગ વચનાનુસારે નિર્દંભ આચરણ કરવા આપણે સદા પ્રયત્નશીલ થઇએ એજ પ્રભુની પાસે સદા પ્રાર્થિયે છીએ તે ફળીભૂત થાઓ! આવી પવિત્ર મતિ અને ક્રિયા થીજ આપણ સહુનું શ્રેય થવાનું છે તે વિના કોઇનુ કદાપિ શ્રેય સંભવતુંજ નથી. કિંતુ કપટ આચરણથી તો આત્માનું એકાંત અકલ્યાણજ સંભવે છે તે વાત શ્રીમાન્ બતાવે છે.

ભેખ ધરી માયા કરી, જગકું ભરમાવે;
પૂરણ પરમાનંદકી, સુધી રંચ ન પાવે. જોગ૦ ૨

**શબ્દાર્થ**—જે યોગી મહાત્માનો વેષ ગ્રહી, કપટ કેળવી જગતને ભ્રમમાં નાંખે છે તે વેષધારી એવાં કપટ આચરણથી આત્માના શુધ્ધ સ્વભાવનો લેશ માત્ર પણ અનુભવ મેળવી શકતા નથી.

**પરમાર્થ**-ઉપર આપણે જોઇ ગયા તેમ યોગરહસ્ય-યોગકળાને યથાર્થ જાણવા, માનવા કે અનુભવવા માટે જરૂર જોગ પરિશ્રમ ઉઠાવ્યા વિના યોગી મહાત્માનો ભેખ પહેરી લહી પોતાનામાં જે ગુણ પ્રગટ થયેલા નથી તે ગુણ પોતાનામાં પ્રગટ થઇ ચૂકયાજ ન હોય ? એવો ખોટો ડોળડમાક રચવાથી કાઈ પણ માણસ પોતાનું કંઈ પણ શ્રેય સાધી શકવાનો નથી પરંતુ તે અશ્રેયનીજ વૃધ્ધિ કરે છે. ખરેખરા યોગી મહાત્મા જે પરમેષ્ઠીપદે પ્રતિષ્ઠિત છે તે પદના ગંધને પણ તેવા પામર પ્રાણીઓ પામી શકતા નથી. કેમકે તેમના પરિણામ કષાયકલુષતાથી કાજળની જેવા કાળાજ વર્તે છે. ત્યારે ખરેખરા યોગી પુરૂષોના પરિણામ પ્રભુના પવિત્ર વચનાનુસારે નિર્દંભ આચરણથી હંસની જેવા ઉજાળ વર્તે છે. મતલબ કે માયાનો પડદો ચીરીને નિર્દંભપણું આદરવા વડેજ જીવનું કલ્યાણ છે. તે વિના

કોઈનું કદાપિ કંઇ પણ કલ્યાણ થઇ શક્યું નથી તેમજ થઇ શકવાનું પણ નથી. એજ વાતને સ્પષ્ટરીતે સુદૃઢ કરતા છતા શ્રીમાન્ જણાવે છે કે—

મન મુંડ્યા વિણ મુંડકું, અતિ ઘેટ મુંડાવે;
જટા-જૂટ શિર ધારકે, કોઉ કાન ફરાવે. જોગ૦ ૩
ઉર્ધ્વ બાહુ અધો મુખે, તન તાપ તપાવે;
**ચિદાનંદ** સમજ્યા વિના, ગિનતી નવિ આવે. જોગ૦ ૪

**શબ્દાર્થ—** મુંડ સાધુ જો મનને ન મુંડે-વશ ન કરે તો તે ઘેટા જેવોજ મૂર્ખ છે કેમકે ખાલી મુંડનક્રિયા તો તે પણ કઇક વખત કરાવે છે તેમજ કોઇ મસ્તક ઉપર જટા વધારે, કાન ફડાવે, ઉર્ધ્વ બાહુ અને અધો મુખ રાખીને કોઇ કઠણ આસન કરે, કોઇ પંચાગ્નિ તાપથી પોતાના તનને તાપ પમાડે પણ ચિદાનંદ પ્રભુ કહે છે કે અંતર સમજ વિના તેમાંની એકે કરણી લેખે આવે નહિ.

**પરમાર્થયુક્ત વિવરણ—**મુનિઓનો માર્ગ જેવો મુગ્ધ જનો માની લે છે તેવો સુલભ **નથી** પણ તે અતિ દુર્લભ છે. મતલબ કે તે બાહ્ય કષ્ટ માત્રથી પ્રાપ્ત થઇ **શકે** તેવો નથી. એ તો **સદ્ગુરૂ** સમીપે તેનું રહસ્ય મેળવી અનન્ય નિષ્ઠાથી તે મુજબ વર્તનારનેજ તે પ્રાપ્ત થઇ શકે છે. તે વિના તે ગમે તેવી કષ્ટકરણી કરવાથી મળી શકે તેમ **નથી**. આવીજ પવિત્ર બુદ્ધિથી પ્રેરાઇને શ્રીમાન્ **યશોવિજયજી** મહારાજાએ શ્રી **જશવિલાસમાં** પણ કહ્યું છે કે—

**રાગ ધન્યાશ્રી.**

જબ લગ આવે નહિ મન ઠામ—
તબ લગ કષ્ટ ક્રિયા સવિ નિષ્ફળ, જ્યૌં ગગને ચિત્રામ—જબ લગ૦ ૧
કરની બિન તું કરે રે મોટાઇ, બ્રહ્મવતી તુઝ નામ;
આખર ફલ ન લહેગો જ્યૌં જગ, વ્યાપારી બિનુ દામ—જબ લગ૦ ૨
મુંડ મુંડાવત સબહિ ગડરિયા, હરિણ રોઝ બન ધામ,
જટાધાર વટ ભસ્મ લગાવત, રાસભ સહતુ હે ઘામ—જબ લગ૦ ૩
એ તે પર નહીં યોગકી રચના, જો નહિ મન વિશ્રામ;
ચિત અંતર પટ છલવેકું ચિંતવત, કહા જપત મુખ રામ—જબ લગ૦ ૪
બચન કાય ગોપે દૃઢ ન ધરે, ચિત તુરંગ લગામ;
તામે તું ન લહે શિવ સાધન, જિઉ કણ સુને ગામ—જબ લગ૦ ૫
પઢો જ્ઞાન ધરો સંજમ કિરિયા, ન ફિરાવો મન ઠામ;
ચિદાનંદઘન સુજસ વિલાસી, પ્રગટે આતમરામ—જબ લગ૦ ૬

ઉપર કહેલા પદ્યનો એજ પરમાર્થ છે કે મુમુક્ષુ જનોએ મનને વશ કરવાની મુખ્ય જરૂર છે. તે વિના તેમની કરેલી કષ્ટકરણી મોક્ષફળ આપી શકતી નથી. જો દેહપીડાથીજ કલ્યાણ થતું હોય, અત્યંત ભાર ભરેલા શકટને ખેંચી તાતે તાવડે ચાલનાર અને પરોણાદિકના પ્રહારને સહન કરનાર બલદનું તેમજ પરમાધામી કૃત અનેક યાતનાને સહન

કરનાર નારક જીવોનું પણ કલ્યાણ થવું જોઈએ. તેવીજ રીતે વળી ગર્દભો ગરમી સહન કરે છે. અને ભસ્મ લગાવે છે. વડ જટા ધારણ કરે છે તેમજ બગલો અધર પગ રાખીને ઉભો રહે છે છતાં મનની કલુષતાથી તેમનું કંઈએ કલ્યાણ થતું નથી. ગતાનુગતિકપણે એટલે પરમાર્થ જાણ્યા વિના કે લોકરંજનાર્થે બેસુમાર કષ્ટકરણી કરવામાં આવે તોપણ તેથી કલ્યાણ નથી. આત્મ કલ્યાણ સાધવા રૂપ ઉત્તમ લક્ષ વિના કેવળ આ લોક કે પરલોક સંબંધી ક્ષણિક સુખને માટે પણ કરેલી કરણી ઉત્તમ લાભ માટે થતી નથી. જે કરણી કેવળ આત્મ કલ્યાણને અર્થેજ સદ્ગુરૂ સમીપે સારી રીતે સમજીને અનન્ય લક્ષથી સ્થિરતા-પૂર્વક સેવવામાં આવે તો તેનાથીજ એકાંત આત્મહિત સંપજે છે. જ્યારે આમ છે ત્યારે બીજાં બધાં નકામાં કષ્ટ સહન કરવા કરતાં એક દુર્દમ મનનેજ દમવાને પૂરતો પ્રયત્ન કરવાની જરૂર છે. કહ્યું છે કે મનને મારવાથી એટલે મનને સ્વવશ કરવાથી ઇંદ્રિયો પણ સ્વવશ થાય છે અને ઇંદ્રિયો સ્વવશ થાય તો નવો કર્મબંધ થતો અટકે છે તેમજ પૂર્વ કર્મનો પણ ક્ષય થઇ શકે છે, જેથી અવશ્ય મોક્ષસુખની પ્રાપ્તિ થાય છે. મનને સ્વવશ કરવાને પ્રથમ મૈત્રી, મુદિતા ( પ્રમોદ ), કરૂણા અને મધ્યસ્થતા રૂપ ભાવના ચતુ-ષ્ટયનો આશ્રય કરવાની જરૂર છે. તે દરેક ભાવના ઉપર યોગ શાસ્ત્રાદિકમાં કરેલું વિવેચન સારી રીતે વાંચી વિચારી લક્ષમાં લેવું જોઇએ તેમજ તદ્રુપ સમાચરણ પણ કરવું જોઇએ. એ ઉપરાંત અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિત્વ, આશ્રવ, સંવર, નિર્જરા, લોકસ્વભાવ, બોધિદુર્લભતા અને ચારિત્રદુર્લભતા રૂપ દ્વાદશ અનુપ્રેક્ષા( ભાવના) પણ આત્માર્થી જનોએ અવશ્ય વિચારણીય છે. ઉક્ત ભાવનાઓ અદ્ભૂત અમૃત કે રસાયણ તુલ્ય છે અને તેનું પ્રતિદિન પ્રેમપૂર્વક સેવન કરવાથી ભવવૈરાગ્ય અને વિષય વૈરાગ્ય-પૂર્વક સમતાદિક ઉત્તમ ગુણોની સહેજે પ્રાપ્તિ થઈ શકે છે. નિરૂદ્યમી જીવોનું મન મર્કટની પેરે જ્યાં ત્યાં નાચતું ફરે છે. માટે તે મન–મર્કટને સદુદ્યમ–શૃંખલા (સાંકળ)થી બાંધી રાખવું જોઇએ. પ્રશમરતિકારે સૂચવેલ ' પૈશાચિક આખ્યાન' અને 'કુળવધુનું દષ્ટાંત ' પણ ખાસ વિચારવા યોગ્યજ છે. ઉપરના પદ્યમાં પણ ચિદાનંદજી મહારાજ મનનોજ નિગ્રહ કરવા ભાર મૂકીને કહે છે. જૈન શાસનમાં સાધુઓને દશ પ્રકારનો લોચ કરવો કહ્યો છે. તેમાં નવ પ્રકારનો ભાવલોચ છે અને દશમો કેશનો દ્રવ્યલોચ છે. દ્રવ્યલોચ કરવો તે ભાવને માટેજ છે. તે ભાવ ઉપર લક્ષજ ન હોય તો દ્રવ્યલોચ નકામો છે. પાંચ ઇંદ્રિયોનો નિગ્રહ અને ચારે કષાયનો જય એ નવવિધ ભાવલોચ કહ્યો છે. કદાચ અવસ્થાના કારણથી કે રોગાદિકને લીધે કેશલોચ બની ન શકે તોપણ ભાવલોચ તો અવશ્ય કર્ત્તવ્યજ છે; અને એ ભાવ લક્ષ તો પળે પળે સદોદિત રાખવાનીજ જરૂર છે. વિષય કષાય પ્રમુખ પ્રમાદને સમતા સહિત નાનાવિધ તપ વડે ટાળવાથી ચિત્તની શુદ્ધિ અને સ્થિરતા પ્રગટે છે. એવા પવિત્ર લક્ષ વિના કરેલી ગમે તેવી અને ગમે તેટલી કષ્ટકરણી કષ્ટહરણી થઇ શકતી નથી. મતલબ કે મનઃશુદ્ધિ યા સ્થિરતા વિના કરેલી કરણીથી કંઇપણ આત્મલાભ થતો નથી. તેથી ગુણસ્થાનકમાં આગળ પ્રયાણ થઈ શકતું નથી. તે તો તેલીનો બળદ ગમે તેટલો ફરે તોપણ ત્યાંનો ત્યાંજ. તેમ સમજ વિના કષ્ટકરણી કરનાર આશ્રી પણ સમજવું. આવા હેતુથી પરમ કરૂણારસિક પુરૂષો પોકારીને કહે કે ' તમે જે જે કરો તેનું પ્રથમ હાર્દ--રહસ્ય સારી રીતે સમજો, તે પોતાનું કર્તવ્ય સમજીને કરો, લોકરંજનને માટેજ ન કરો, તે પ્રેમપૂર્વક કરો અને તેમાં પ્રમાદ નહિ કરતાં ખંતથી કરો. ' કેટલાક લોકો કાર્ય કરવામાં

અધીરા બની જાય છે, તાત્કાલિક કાચા ફળને માટે આતુર બની જાય છે અને જો ફળ-પ્રાપ્તિમાં વિલંબ થાય તો કંટાળો લાવીને હાથ ધરેલું કામ ગમે તેવું અગત્યનું અને આગળ ઉપર ઉમદા ફળને આપનારૂં હોય છતાં તેને તજી દે છે. આવા અધીરા કાયર માણસો કાર્યદક્ષ—વ્યવહારકુશળ નહિ હોવાથી તે યોગમાર્ગમાં પ્રવેશ કરવાનેજ અયોગ્ય ગણાય છે. જેમનામાં ક્ષમા, મૃદુતા, સરલતા, સંતોષ, તપ, સંયમ, સત્ય, શૌચ, નિસ્પૃહતા, અને બ્રહ્મચર્ય પ્રમુખ ઉંચા પ્રકારના ગુણોના શુભ સંસ્કાર પડેલા હોય તેમજ તેવા સદ્‌ગુણોને ખીલવવા જેઓ દિનરાત ઉદ્યમ કરતા હોય તેવા વિરલ જનોજ યોગમાર્ગના ખરા અધિકારી છે. તેવા શુભ સંસ્કારી જનોજ યોગમાર્ગને સારી રીતે દીપાવે છે અને સ્વપરને એકાંત હિતકારી નીવડે છે. આ અનુપમ પદનો સમુચ્ચય હાર્દ એવો સ્પષ્ટ નીકળતો જણાય છે કે સાધુપદવી અતિ ઉત્તમ છે, જગતમાં વિશ્વાસપાત્ર છે, તેથી દુનિયા ઉપર બહુ ઉંચી છાપ પડી શકે છે. તે પદવીથી સહુ આત્માર્થી સાધુઓ પોતાના અને જગતના હિતને માટે ધારે તો બહુએ કરી શકે એમ છે. પરંતુ દેશકાળ પ્રમાણે તેમાં પ્રવેશેલી શિથિલતા દૂર કરી સુધારો કરવાની ખાસ જરૂર છે. તેથી જે જે ખામીઓ પ્રતીત થતી હોય તે તે જલદી દૂર કરવા પ્રબળ પુરૂષાર્થ ફોરવવો એ તેમની પરમ પવિત્ર ફરજ છે. ઇતિ શમ—

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે મહીકાંઠા તાબે પેથાપુર મધ્યે આવેલી જૈન પાઠશાળા તથા જ્ઞાનખાતાના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાઓના વહીવટકર્ત્તા શેઠ મનસુખભાઇ રવચંદ તથા મેતા અમથાભાઈ ટેકચંદ તથા મેતા ચકાભાઈ લલુભાઈ તથા શેઠ મનસુખભાઇ અમથાભાઇના હસ્તકનો સવંત ૧૯૫૮ ના પોસ વદ ૩ થી ને સવંત ૧૯૬૫ ના બીજા શ્રાવણ શુદ ૧૧ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં જૈન પાઠશાળામાં શિક્ષક જૈની તેમજ ધર્મિષ્ટ હોવાથી બાલીકાઓ તેમજ સ્ત્રીવર્ગને સારી રીતે શિક્ષણ આપવામાં આવે છે પણ તેમાં ઘણો સુધારો કરવાની આવશ્યકતા છે તેમજ વિદ્યાર્થીઓ તેનો કોઇ રીતે લાભ લઈ શકતા નથી તેનો પણ યોગ્ય બંદોબસ્ત કરવાની જરૂર છે પણ ત્યાંના સંઘમાં કુસંપ હોવાને લીધે કાંઇ પણ બની શકતું નથી અને સંઘમાં કલેશ વધી જઈ બે તડા પડી જવાને લીધે તેની તથા જ્ઞાનખાતાની તેમજ બીજી ત્યાંની ધાર્મિક સંસ્થાઓની ઉપજ ઘણીજ ઘટી ગઇ છે. તેથી તેમાં કાંઈ સુધારો વધારો થઇ શકતો નથી પણ ત્યાંના સંઘના આગેવાન ગ્રહસ્થો તે વાત મન ઉપર લેતો સર્વે કામ કરી શકે તેવી સ્થિતિવાળા છે માટે તે ઉપર પેથાપુરનો સંઘ નીખાલસપણે વિચાર કરશે તો તેમને ખુલી રીતે દેખાઇ આવશે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે.

જીલ્લે મહીકાંઠા તાબે પેથાપુર મધ્યે આવેલા શ્રી સુવિધિનાથ માહારાજના તથા પાંજરાપોલ તથા માહાજન ખાતાના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાના વહીવટકર્ત્તાઓએ પત્રદ્વારાએ અમોને મજકુર સંસ્થામાં ગેરવ્યવસ્થા થતી જણાવી તાકીદે આવી તપાસ કરી તેનો યોગ્ય બંદોબસ્ત કરવા લખી જણાવેલું તેથી અમોએ આ ખાતાના ઇન્સ્પેકટરને તે તરફ મોકલી સદરહુ સંસ્થાઓના વહીવટકર્ત્તા શેઠ હાથીચંદ ઝવેરચંદ તથા શેઠ ફતેચંદ રવચંદ તથા શેઠ લલુભાઈ ખેમચંદ તથા મરહુમ શેઠ જોઇતારામ રાયચંદની વતી તેમના દીકરા શેઠ ચંદુલાલના હસ્તકનો સંવત ૧૯૫૫ના કારતક સુદ ૧ થી તે સંવત ૧૯૬૫ના ચૈતર વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં નંબર ચોથાના વહીવટકર્ત્તાનો સ્વર્ગવાસ થવાથી તેમની જગ્યાએ તેમના દીકરા કામ ચલાવે છે. સર્વે વહીવટકર્ત્તાઓ કરતાં નંબર પહેલાના વહીવટકર્ત્તા સદરહુ વહીવટ ઉપર દેખરેખ વધારે રાખે છે તોપણ તેઓ બેદરકારીથી સદરહુ સંસ્થાઓની પેઢીના મુનીમના ભરૂસા ઉપર રહી પૂરતી દેખરેખ નહીં રાખવાથી પેઢીને એક મોટી રકમનું નુકશાન થતું હોય તેવું અમારી તપાસણી વખતે લાગવાથી સંઘના આગેવાનો તથા સદરહુ વહીવટકર્ત્તા ગ્રહસ્થોનું તે ઉપર ધ્યાન ખેંચી મુનીમને હરૂભરૂ કબુલાત કરાવી તેનો યોગ્ય બંદોબસ્ત કરવા જણાવ્યું તેટલામાં મુનીમ ફસી જવાના ભયથી અણચિંતવ્યો નાશી ગયો. તેથી સંઘના આગેવાનોએ નાણાં વસુલ લેવા પૂરતી મહેનત લેવાથી મુનમે પોતાના લાગતા વળગતાને મોકલી ઘરમેલે રૂા. ૨૨૦૦) અંકે બાવીસેં આપી ફેંસલો મુકાવ્યો છે.

સદરહુ ગામ મધ્યેના જૈનીઓમાં વીશા પોરવાડનો જથો મોટો હોવાથી તેમાંના આગેવાન ગ્રહસ્થો સદરહુ વહીવટ ચલાવે છે પણ તેમની નાતમાં કુસંપ હોવાથી સદરહુ વહીવટમાં પણ મતભેદ ચાલતો હોવાના લીધે સંઘમાં બે તડા પડી ગએલાં છે તેથી મજકુર પેઢીના મુનીમનો ફેંસલો મૂકતી વખતે બેઉ પક્ષના આગેવાનોને સામેલ રાખી ફેંસલો મૂકાવ્યા છતાં કુસંપ મટયો નહીં તેથી દરેક સંસ્થાઓને નીચે જણાવ્યા મુજબ મોટું નુકશાન થાય છે.

૧ ધાર્મિક સંસ્થાઓના કેટલાએક લાગાઓનાં નાણાં વસુલ આપતા નથી.

૨ દેરીઓ મધ્યે પ્રતિષ્ઠા ઓછવ કરી પ્રતિમાજીઓ બેસાડવાનો ચડાવો કરી રજા આપ્યા છતાં તે કામ હજુ પાર પડયું નથી.

૩ શેઠ બેચરદાસ દીપચંદ તરફથી રૂા, ૩૦૦૦) અંકે ત્રણ હજાર રોકડા આપી તેના વ્યાજમાંથી શ્રાવણ વદ ૧૧ના દીવસે ત્યાંનો સંઘ જમાડવાની શરત કરેલી છે, તેમ છતાં બે ત્રણ વરસ થયાં કુસંપના લીધે તેનો સંઘ જમતો નથી તેથી મરહુમ શેઠ બેચરદાસ દીપચંદની વારસદાર બાઇએ તે નાણાં પાછાં માગી બીજા કોઈ તેવાજ ઉપયોગી ખાતામાં આપવા મરજી જણાવ્યા છતાં સંઘવાલા તેને દાદ દેતા નથી.

૪ એકાદ બે ગ્રહસ્થોએ એક સારી જેવી રકમ સંઘને અર્પણ કરી તેના વ્યાજમાંથી દર વરસે સંવત્સરીના પારણા કરાવવા ઠરાવેલું અને તે રૂપૈયામાંથી એક મોટી રકમ વીસા પોરવાડના માહાજનને તથા બાકીના થોડા થોડા રૂપૈયા ગામ મધ્યેના બીજા

ગ્રહસ્થોને વ્યાજુ આપી તેમાંથી પારણા કરાવવામાં આવતા હતા પણ પાછળથી વીશા પોરવાડ માહાજન તરફથી વ્યાજ આવવું બંધ પડી જવાથી પારણા કરવાનું કામ અટકી પડયું છે તે વિગેરે ઘણી જાતની ગેરવ્યવસ્થા ચાલે છે તે ઉપર અમારી તરફથી આગેવાનોનું ધ્યાન ખેંચી યોગ્ય બંદોબસ્ત કરવા જણાવ્યા છતાં હજુ સુધી કુસંપ મટતો નથી. તે બહુજ દિલગીર થવા જેવું છે.

સદરહુ ગામની પાંજરાપોલ મોટા પાયા ઉપર બાંધેલી હોવા છતાં સદરહુ વહીવટ-કર્ત્તાઓએ પૂરતી મહેનત લઈ તેમાં વધારો કરી ઢોરોને બાંધવાનું મુકામ બહુજ સારી રીતે બંધાવી તેમાં એક સુંદર બગીચો તેમજ મોટો કુવો તથા અવાડો બનાવી એક સુશોભીત અને ઢોરોને પૂરતી રીતે આરામ મલી શકે તેવી પાંજરાપોલ બનાવી દીધી છે અને તે મધ્યેના ચાકરો ઉપર વહીવટકર્ત્તાઓ પૂરતી દેખરેખ રાખવાથી જાનવરોને ચારા, પાણી, મલમ પટા, વિગેરેની માવજત સારી રીતે થાય છે તે બહુજ ખુશી થવા જેવું છે. અને તે નજરે જોનાર ગ્રહસ્થોને બહુજ આનંદ થાય છે. સદરહુ ગામની દશ બાર ગાઉની આફતી પાકતીમાં પાંજરાપોલ બીજી નહીં હોવાથી તે તરફનાં સર્વે ઢોરોને આ પાંજરાપોલ એક આશીર્વાદ સમાન થઈ પડી છે.

સદરહુ પાંજરાપોલ ઉપર નંબર બીજાના વહીવટકર્ત્તા શેઠ ફતેચંદ રવચંદ પોતાનો કીંમતી વખત રોકી પૂરેપૂરી દેખરેખ રાખવાથી તથા તેમના ભત્રીજા શેઠ રૂપચંદ પુનમચંદ સદરહુ પાંજરાપોલમાં મોટું ખરચ થતું હોવાથી વ્યાજમાંથી પૂરું પડી શકે તેટલી રકમ પોતાના ઘરના ખરચે ગામોગામ ફરી એકઠી કરવાનો અભિગ્રહ કરી પૂરતી મહેનત લેવાથી એક સારી જેવી રકમ ભેગી કરી છે અને તેમનો પ્રયાસ હજુ ચાલુ હોવાથી ભવિષ્યમાં તેમનું ધારેલું કામ ફતેહમંદીથી પાર પડવા માટે દરેક ગામના ગૃહસ્થોએ સદરહુ ગ્રહસ્થે ઉપાડેલું કામ તાકીદે પાર પડી શકે તેવી રીતે નાણાં તથા વગવસીલાની મદદ કરી તે કામ પાર પડાવી આપવાની ખાસ જરૂર છે. તેમાં મદદ કરવાથી જનાવરોનો આશીર્વાદ મેળવી મોટામાં મોટું પુન્ય પ્રાપ્ત કરશે.

સદરહુ વહીવટકર્ત્તા ગૃહસ્થોમાં શેઠ હાથીચંદ ઝવેરચંદ તથા શેઠ ફતેચંદ રવચંદ પોતાનાં તન, મન, અને ધનથી જે પ્રયાસ કરી રહ્યા છે તેથી મજકુર પાંજરાપોલ તથા દેરાસરજીમાં બહુજ ઉત્તમ પ્રકારની વ્યવસ્થા થાય છે તે માટે તેમને ધન્યવાદ ઘટે છે. તેમજ સદરહુ બીજા નંબરના વહીવટકર્ત્તાના ભત્રીજા શેઠ સરૂપચંદ પુનમચંદનું નામ વહીવટકર્ત્તામાં નહીં હોવા છતાં ખોડાં ઢોરોનું દુઃખ હૈયે ધરી પોતાનાં તન, મન, અને ધનથી જે પ્રયાસ કરી રહ્યા છે તે માટે તેમને પૂરેપૂરો ધન્યવાદ ઘટે છે.

સદરહુ માહાજન ખાતાના વહીવટ બદલ અમારે કાંઈ ઝાઝું બોલવાનું નથી તોપણ દેરાસરજીમાં પૂજન કરનાર ગોઠીનો પગાર તથા દીવાનું ઘીઈ દેરાસરજી ખાતામાં ઉધરે છે માટે સદરહુ ખાતામાં કરકસર કરી અથવા કોઈ યુક્તિથી તેટલા પૂરતી ઉપજ વધારી સદરહુ ખરચ તેમાંથી કરવો એ વધારે સારૂં છે.

અમારે અત્રે દિલગીરી સાથે ખાસ જાહેર કરવાની જરૂર પડે છે કે આ ખાતાએ પોતાનો કિમતી વખત તથા નાણાંનો ભોગ આપી ઘણો વખત રોકાઇ સંઘના આગેવાન

ગૃહસ્થોને પોતપોતાનો મતભેદ છોડી દઇ એક સંપ થઈ સંઘનું તથા ધાર્મિક સંસ્થાઓનું કામ સંભાળવા પૂરતી રીતે સમજાવ્યા છતાં પોતપોતાનો મમત પકડી રાખી એક સંપ નહીં થઈ કલેશ મટાડતા નથી તેથી ધાર્મિક સંસ્થાઓને તથા પાંજરાપોલમાં મોટું નુકશાન થાય છે. વળી બહારથી સાંભળવા પ્રમાણે સદરહુ સંઘ મધ્યેના ગૃહસ્થો એટલા બધા હઠીલા છે કે આ ખાતા સિવાય બહારના આગેવાન ગ્રહસ્થોએ ઘણી મહેનત કરવા છતાં પોતાનો હઠવાદ છોડતા નથી.

પેથાપુર એક જૈનીઓથી વસેલું શહેર છે અને ત્યાંના સંઘમાં આગેવાન ગ્રહસ્થો ધર્મિષ્ટ તેમજ ધનાઢય હોવા છતાં ગેરવાજબી બનાવો બને છે તે માટે તેમને કેટલું બધું શરમાવા જેવું છે તે ત્યાંનો સંઘ નીખાલસપણે વિચાર કરશે તો સ્પષ્ટ રીતે પોતાની ભૂલ દેખાઇ આવશે. અમો આશા રાખીએ છીએ કે આ રીપોર્ટ વાંચી તે ઉપર પુખ્તપણે વિચાર કરી કલેશનું મૂળ કાઢી નાંખી સંઘમાં એકસંપી કરશે એજ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે.

જીલ્લે ગુજરાત દેશ વડોદરા તાબે મીયાંગામ મધ્યે આવેલાં શ્રી મનમોહન પાર્શ્વનાથજી મહારાજના દેરાસરજીનો તથા શ્રી સંભવનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાઓના વહીવટકર્ત્તા શેઠ છોટાલાલ દલીચંદનો હસ્તકનો સંવત ૧૯૬૦ ના કારતક સુદ ૧ થી તે સંવત ૧૯૬૫ ના બીજા શ્રાવણ સુદ ૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં મજકુર વહીવટ ઉપર પૂરતી દેખરેખ રાખી સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે તે બહુ ખુશી થવા જેવું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

જીલ્લે ગુજરાત દેશ વડોદરા તાબે મીયાંગામ મધ્યે આવેલા શ્રી સંભવનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ દેરાસરજીના વહીવટકર્ત્તા શેઠ હેમચંદ ભગવાનના હસ્તકનો સંવત ૧૯૫૭ ની સાલથી તે સંવત ૧૯૬૫ ના બીજા શ્રાવણ સુદ ૧૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટકર્ત્તા ગ્રહસ્થે તે ઉપર પૂરતી દેખરેખ રાખી વહીવટ સારી રીતે ચલાવ્યો હોય તેમ લાગે છે તેથી તેમને ધન્યવાદ ઘટે છે.

મજકુર દેરાસરજી ઘણા જૂના કાળનું હોવાથી તેમાં સારી જેવી મીલકત હોવી જોઇએ પણ તપાસ કરતાં મજકુર વહીવટ પ્રથમે ત્યાંના આગેવાન રહીશ શેઠ કસ્તુર ભગવાન ચલાવતા હતા. દૈવયોગે તેમને ત્યાં આગ લાગવાને લીધે તેમની સ્થિતિ ફરી જવાથી સદરહુ વહીવટ સંવત ૧૯૫૭ ની સાલમાં હાલના વહીવટકર્ત્તાને સ્વાધીન કર્યો તે વખતે રૂપૈયા બસોથી અઢીસેની કિંમતના આભૂષણ તથા રૂપૈયા હજારથી પંદરસોની ઉઘરાણી

સિવાય બીજું કોઈ પણ આપવામાં આવ્યું નથી એટલુંજ નહીં પણ તેના વહીવટને લગતા ચોપડા બળી ગએલા જણાવી સોંપવામાં આવ્યા નથી.

સદરહુ દેરાસરજીનો ઘુમટ ઘણો જીર્ણ થઇ ગએલો હોવાથી તેને તાકીદે સુધરાવી લેવા વહીવટકર્ત્તા ગ્રહસ્થને સુચવવામાં આવ્યું છે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

જીલ્લે ગુજરાત દેશ વડોદરા તાબે મીયાંગામ મધ્યે આવેલા શ્રી જૈનશાળા તથા ગ્નાન ખાતાના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાના વહીવટકર્ત્તા શેઠ છગનલાલ જેરાજના હસ્તકનો સંવત ૧૯૫૨ ની સાલથી તે સંવત ૧૯૬૫ ના ભાદરવા સુદ ૧૪ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સદરહુ સંસ્થાનું નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવવામાં આવે છે તે બહુ ખુશી થવા જેવું છે.

આ ખાતું તપાસી જે જે ખામી દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

જીલ્લે ગુજરાત દેશ વડોદરા તાબે મીયાંગામ મધ્યે આવેલા શ્રી સ્વામીવચ્છલ તથા નોકારશી ખાતાના વહીવટને લગતો રીપોર્ટ—

મજકુર સંસ્થાના વહીવટકર્ત્તા શેઠ નેમચંદ પીતામ્બરદાસના હસ્તકનો વહીવટ સવંત ૧૯૨૦ ના કારતક સુદ ૧ થી તે સવંત ૧૯૬૫ ના ભાદરવા સુદ ૫ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સવંત ૧૯૩૦ ના આશો સુદ ૩ ના મેળમાં એક બાઈ તરફથી આવેલા રૂપીયા સાડી પાંચશો જમે કરી તેના મથાળે ભૂલથી રૂપીયા પાંચશેનો સર ચડાવ્યો છે અને તે મેળની પુરાંતમાં તે રૂપીયા વધવા જોઇએ તે વધારો દેખાતો નથી માટે વહીવટકર્ત્તા ગ્રહસ્થને તે તરફના અથવા બીજા કોઇ ગામના આગેવાન સરલ અને પ્રતિષ્ઠિત ગ્રહસ્થો પાસે તે બાબત મૂકી તેઓ સુચવે તે પ્રમાણે નાણાં ભરી દેવા જણાવ્યા છતાં હજુ સુધી તે પ્રમાણે વર્ત્તવામાં આવ્યું હોય તેમ દેખાતું નથી તે બહુજ દિલગીર થવા જેવું છે. આશા રાખીએ છીએ કે હવેથી જેમ બને તેમ તાકીદે તેનો યોગ્ય રીતે ખુલાસો કરી નાંખવામાં આવશે એજ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

લી.
શ્રી સંઘનો સેવક
**ચુનીલાલ નાહાનચંદ**
ઑનરરી ઑડીટર
શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ

## ઉપદેશકના ભાષણથી થએલા ઠરાવ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે તા. ૧૮–૧૦–૧૦ ના રોજ કલોલ તાલુકાના નારદીપુર ગામમાં કૉન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપ્યાં હતાં. તેથી કરી જૈનોમાં અને ગામમાં પ રી અ સર થ ઇ હ તી. કન્યાવિક્રય ન કરવા ઠરાવ કરવામાં આવ્યો છે તથા બંગડીઓ નહીં પહેરવા અને ફટાણા નહીં ગાવાની ઘણી બાઇઓએ પ્રતિજ્ઞા લીધી છે તથા કેટલાક હાનિકારક રીવાજ દુર કરવા ઠરાવવામાં આવ્યું છે.

તા. ૧ થી તા. ૫–૯–૧૦ સુધીમાં વડુ ગામમાં ઉપદેશક મી. વાડીલાલે જુદી જુદી બાબતો ઉપર ભાષણો આપ્યાં તેથી ત્યાંના શ્રી સંઘે કૉન્ફરન્સ ઉપર લખેલ પત્ર નીચે મુજબઃ—

ઉપદેશક વાડીલાલ સાંકળચંદે તમારી તરફથી આવી પર્યુષણપર્વ ઉપર અપૂર્વલાભ આપ્યો છે. જેમના ભાષણમાં ગામની તમામ વસ્તી હાજરી આપતી હતી. અમારા જૈન સંઘમાં બેંતાળીશના પંચમાં ઠરાવો કરાવેલા હતા તેથી આ વખત વિશેષમાં છુટક છુટક પ્રતિજ્ઞાઓ જૈન સંઘમાં તેમજ બીજી વસ્તીમાં લેવામાં આવી હતી. કૉન્ફરન્સે શું કર્યું તે બાબતથી અજાણ હતા, પણ કૉન્ફરન્સે ટુંક વખતે સંપનો અભાવ છતાં જે કામ વાડીલાલ તરફથી કહેવામાં આવ્યાં તે ઉપરથી અમને પુરો સંતોષ થયો છે. તેથી સુકૃત ભંડાર ફંડની યોજના માન્ય કરી પૈસા કરી આપ્યા છે. આમ ઉપદેશ દેવા તરીકે ઉપદેશક દ્વારાએ પ્રયાસ ચાલુ રહે તો સુકૃત ભંડાર તેમજ ધાર્મિક બાબતમાં હાથ ઘટતી રીતે મોકલો રહે એવો સંબંધ ઉપદેશકાનો અત્યાર રાખે છે તેવું અમને વાડીલાલે કરી બતાવેલું છે દા. પુનમચંદ અમરચંદ સંઘના ફરમાવવાથી. શા દલસુખભાઇ ચીકાભાઇની સહી દા. પોતે. શા કેશવલાલ મગનલાલ ગુલાબચંદ ના સહી દા. પોતે.

તા. ૧૩–૯–૧૦ ના રોજ કરજીસણ મુકામે મી. વાડીલાલ સાંકળચંદ ઉપદેશકે કૉન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપતાં ત્યાંના જૈન વગેરે ગામ લોકોએ અને મુખી તથા માસ્તરે હાજરી આપી હતી. ભાષણથી ભ્રષ્ટ ખાંડ ન વાપરવા, તમાકુ ન પીવા તથા બંગડીઓનો ઉપયોગ ન કરવા પ્રતિજ્ઞાઓ લીધી છે. તેમજ ફટાણાં ન ગાવા ઘણી સ્ત્રીઓએ પ્રતિજ્ઞા લીધી છે આવી રીતે ઘણા સુધારાના ઠરાવ થયા છે.

તા. ૧૭–૯–૧૦ ના રોજ ખેરજ ગામમાં ઉપદેશક મી. વાડીલાલે ભાષણો આપ્યાં તે બાબતનો ખેરજના શ્રી સંઘ વગેરે તરફથી આવેલા પત્રનો સાર નીચે પ્રમાણેઃ—

આપના તરફથી ઉપદેશક વાડીલાલે આવી કૉન્ફરન્સના હેતુઓ ઉપર ગામની તમામ કોમ સમક્ષ ભાષણો આપ્યાં હતાં. જે ભાષણોથી ગામને અતી આનંદ થયો છે એટલુંજ નહીં પણ તેની અસર એવી થઇ છે કે જે બાબતના ઠરાવ નીચે મુજબ કરવામાં આવ્યા છે.

૧ કન્યાવિક્રય કરવો નહીં. ૨ અધરણીનું જમવું જમાડવું નહીં.

૩ ટીનનાં વાસણ વાપરવાં નહીં. ૪ જુવાનના મરણ વખતે ત્રણ મહીના લગી ને વૃદ્ધ માણસના મરણ વખતે દોઢ માસથી વધારે વખત રડવાનો ઉપયોગ કરવો નહીં.

૫ વૃદ્ધ લગ્ન કરવાં નહીં. છેવટ ૪૫ વરસની ઉમર લગીનાને કન્યા આપવી.

૬ પગરખાંને નાળ, ખીલા કે ખીલીઓ નખાવવી નહીં.

૭ બાળલગ્ન કરવાં નહીં. ૮ કચકડાનાં બટન વાપરવાં નહીં તેમ મિથ્યાત્વી પર્વ પાળવાં નહીં.

ઉપર જણાવ્યા સિવાય બીજા સુધારા કરવા બનતો પ્રયાસ કરવા ઠરાવ કર્યો હતો. આ વખતે ખોરજ ગામના ગરાશીઆઓ આશરે બસેં ઘરના ભેગા થયા હતા, તેમણે જીવદયા વગેરેનાં ભાષણો સાંભળી જીવહીંસા ન કરવા તથા માંસ ભક્ષણ ન કરવા દેવા સોગન લીધા હતા.

તા. ૨૧–૯–૧૦ ના રોજ સદરહુ ઉપદેશકે વેડા ગામે ભાષણો આપતાં ત્યાંના જૈન સંઘે તથા ગામ લોકોમાંના ઘણા જણે ભ્રષ્ટ ખાંડ ન વાપરવા સોગન ખાધા હતા. તેમજ ટીનનાં વાસણો વાપરવાં નહીં. વગેરે ઘણી બાબતોના ઠરાવો કર્યા હતા. તે સિવાય ગરાશીઆ ચાવડા ફુલજી ફતાજી ચાવડા રાજાજી હાથીજી, ચાવડા વરવાજી મોતીજી તથા ડોડીઆ રવજી ખેંચરજી વગેરે આગેવાનોએ જીવદયાનું ભાષણ સાંભળી કોઈ પણ પ્રકારે હિંસા કરવી નહીં, કરાવવી નહીં ને કરતા હોય તેને બંધ કરાવવા પ્રતિજ્ઞા લીધી હતી. તેમ તન મન અને ધનથી જીવદયા પાળવા નિશ્ચય કર્યો હતો.

તા. ૨૬–૯–૧૦ ના રોજ વીજાપુર તાલુકાના ગામ ઓરૂમાં ઉપદેશક મી. વાડીલાલના ભાષણથી ત્યાંના શ્રી સંઘે કરેલા ઠરાવો.

૧ ટીનનાં વાસણ વાપરવાં નહીં ૨ જોડા નીચે નાળ, ખીલા કે ખીલીઓ નખાવવી નહીં.

૩ કચકડાનાં બટન વાપરવાં નહીં ૪ પીછાંવાળી ટોપી વાપરવી નહીં.

૫ રડવા કુટવાના સંબંધમાં પ્રથમ કરતાં ઓછું કરવું ૬ ફટાણાં ગાવાં નહીં.

૭ બંગડીઓ પહેરવી નહીં. ૮ ભ્રષ્ટ ખાંડ વાપરવી નહીં.

૯ કન્યાવિક્રય કરવો નહીં. તેમ કન્યાવિક્રય કરવા વાળાને ત્યાં જમવું નહીં. વગેરે ઠરાવો થયા હતા.

તા. ૩૦–૯–૧૦ નારોજ ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે ધટાદરાગામે જૈન સંઘ સમક્ષ તથા ગામલોકોની હાજરી વચે જુદીજુદી બાબતો ઉપર ભાષણ આપતાં ત્યાંના જૈનોએ કરેલા ઠરાવ નીચે મુજબ—

૧ પરદેશી ભ્રષ્ટ ખાંડ વાપરવી નહીં. બનતાં લગી ગોળ વાપરવો.

૨ ટીનનાં વાસણ વાપરવાં નહીં.

૩ અધરણીનું જમણ જમવું નહીં તેમ જમાડવું નહીં.

૪ હોકા ન પીવાની તથા બીડી ન પીવાની કેટલાકોએ બાધા લીધી હતી.

૫ ફટાણાં ગાવાં નહીં તેમ બંગડીઓ પહેરવી નહીં.

૬ રડવા કુટવાના કુચાલ માટે ઘણું ઓછું કરવું.

૭ કન્યાવિક્રય કરવો નહીં.

ઉપર પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યા હતા.

# જૈન ધાર્મિક હરીફાઇની પરીક્ષા.

શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ તરફથી શેઠ અમરચંદ તલકચંદ જૈન હરીફાઇની વાર્ષિક પરીક્ષા ચાલુ વર્ષ માટે તા. ૨૫-૧૨-૧૦ રવીવારે ૧ થી ૪ સુધી મુકરર કરેલ સ્થળોએ મુકરર કરેલ એજન્ટોની દેખરેખ નીચે લેવામાં આવશે. અભ્યાસક્રમ નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.

## ધોરણ ૧ લું.

**પંચપ્રતિક્રમણ** મૂળ, અર્થ, વિધિ અને હેતુ સહિત (શેઠ હીરાચંદ કક્કલભાઇવાળું પુસ્તક). વિધિપક્ષવાળા ઉમેદવારો માટે શેઠ ભીમસિંહ માણેકનું છપાવેલ વિધિપક્ષ પંચપ્રતિક્રમણસૂત્ર મોટું. સિવાયના ગચ્છવાળાઓની પરીક્ષા તે તે ગચ્છના પ્રમાણભૂત પુસ્તકના અનુસાર લેવામાં આવશે.

## ધોરણ ૨ જું.

નીચેના બેમાંથી કોઇ પણ એક વિભાગ.

૧ **જીવવિચાર** તથા **નવતત્ત્વ** પ્રકરણ (શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તકો).
**શ્રાવક ધર્મસંહિતા** (માંગરોળ જૈન સભાનું છપાવેલું).

૨ **નવતત્ત્વ, નવસ્મરણ, અર્થ સહિત** (શેઠ ભીમસિંહ માણેકવાળાં પુસ્તકો).
**ત્રણ ભાષ્ય** (શેઠ વેણીચંદ સુરચંદ અથવા શેઠ ભીમસિંહ માણેકવાળું પુસ્તક) અર્થ અને સમજણ તથા હેતુપૂર્વક.

## ધોરણ ૩ જું

**યોગશાસ્ત્ર** (મુનિ કેશરવિજયજી તરફથી પ્રગટ કરેલું પુસ્તક).
**મહાવીર ચરિત્ર ભાષાંતર** હેમચંદ્રાચાર્ય કૃત (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી પ્રસિદ્ધ થયેલું.)
**આનંદઘનજીની ચોવીશી** (જ્ઞાનવિમળસૂરિના ટબાવાળી).

## ધોરણ ૪ થું.

**આગમસાર** દેવચંદ્રજી કૃત (શેઠ ભીમસિંહ માણેક તરફથી છપાએલ).
**તત્ત્વાર્થાધિગમસૂત્ર** (રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળામાંથી).

## ધોરણ ૫ મું.

નીચેના ૫ વિભાગમાંથી કોઇ પણ એક વિભાગ.

૧ **ન્યાયઃ—સ્યાદ્વાદ મંજરી** (રાયચંદ્ર જૈન શાસ્ત્રમાળામાંથી).
**આઠ દૃષ્ટિના સઝાય** યશોવિજયજી કૃત (પ્રકરણ રત્નાકર ભાગ ૧ લામાં છપાયેલ છે તે.)

૨ **દ્રવ્યાનુયોગઃ—છ કર્મગ્રંથ** (શેઠ ભીમસિંહ માણેક તરફથી છપાએલ).

૩ **અધ્યાત્મઃ—અધ્યાત્મ કલ્પદ્રુમ** (મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ સોલીસિટર તરફથી બહાર પડેલું).
**દેવચંદ્રજીની ચોવીશી** (શેઠ ભીમસિંહ માણેક તરફથી વિવેચન સાથે છપાએલ.)

૪ પ્રકીર્ણ:—**ઉપદેશ પ્રાસાદ** પાંચે ભાગ ( શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી *છપાએલ ) તેના પર વિવેચન અને વિચારપૂર્વક કરેલ અવલોકન સાથે.*

૫ ઇતિહાસ:—**ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર** પર્વ ૧ થી ૧૦ નું ભાષાંતર સંપૂર્ણ (શ્રી જૈન ધર્મ પ્રસારક સભા તરફથી છપાએલ) ઐતિહાસિક તથા તત્ત્વદષ્ટિએ વિદ્યાર્થીએ અવલોકન કરવાનું.

પરીક્ષા થયા બાદ બે મહિને પાસ થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો તથા ઉંચે નંબરે આવનાર, વિદ્યાર્થીઓને ઇનામો આપવામાં આવશે. ઉમેદવારોએ પોતાની અરજી, નામ, ઠેકાણું, કયા ધોરણમાં પરીક્ષા આપવી છે વિગેરે ચોખ્ખા અક્ષરે જણાવી તા. ૩૦—૧૧—૧૦ પહેલાં શ્રી ધાર્મિક પરીક્ષા વ્યવસ્થાપક મંડળ, પાયધુનીના શીરનામે મોકલવી.

## મહારાજા જામસાહેબનું અગત્યનું સ્તુતિપાત્ર પગલું.

જામનગરથી એક ગૃહસ્થ લખી જણાવે છે કે જામનગર પ્રજા હિતવર્ધક સભાના માજી પ્રમુખ વૈદશાસ્ત્રી મણીશંકર ગોવીંદજીના સ્વર્ગવાસની નોંધ લેવા તથા નવા પ્રમુખની ચુંટણી કરવા તારીખ ૯—૧૦—૧૦ ને રોજ મળેલી મીટીંગમાં જનરલ કમીટીના સર્વાનુમતે નીમાયલા એ સભાના નવા પ્રમુખ અને અત્રેના ધારામંડળના એક આગેવાન વકીલ રા. રા. દયાશંકર ભગવાનજી અને તેઓની સાથે વકીલ ગોરધનદાસ મોરારજી, વકીલ હરજીવન ચત્રભુજ, વકીલ ભગવાનજી દેવજી તથા વકીલ ચત્રભુજ ગોવીંદજી, એઓના પ્રજા તરફના એક ડેપ્યુટેશને ખુદાવિંદ મહારાજાધિરાજ જામશ્રી રણજીતસીંહજી સાહેબ બહાદુરની હજુર, જામનગર તલપદમાં તથા મહાલોમાં વિજયાદશમી સબબ પાડા તથા ઘેટાંનો થતો વધ બંધ કરવા પ્રજા તરફથી મોડપુર કીલ્લે જઇ અરજ કરતાં તેઓ દયાળુ મહારાજા સાહેબે સદરહુ અરજ મંજુર કરી દીવાન સાહેબે ઉપર નીચેની મતલબનો તાર કરી જીવહિંસા થતી બંધ પાડી છે.

“ મી. દયાશંકર અને તેની સાથેના બીજાઓએ મારી પ્રજાની ઇચ્છા જાહેર કરી તેને માન આપી હું વિજયાદશમી નિમિત્તે થતો પાડા બકરાં વગેરેનો વધ બંધ કરવાનો તથા રૂપીઆ બે હજારની રકમ ધર્માદા ફંડમાં સ્ટેટ તરફથી કહાડવાનો હુકમ કરું છું.”

નેક નામદાર મહારાજા જામસાહેબે આ પ્રમાણે પ્રજાની લાગણીને માન આપી પોતાના મનની અતિશય વખાણવાલાયક મોટાઈ બતાવી છે તે કાર્ય ઘણું સ્તુતિપાત્ર છે, પરંતુ તેના કરતાં પણ પોતે ઉદારતાના સાક્ષાત્ મોટા ઝરા બની પોતાના પ્રદરથી ધર્માદા ફંડમાં ખરચવાની જે મોટી રકમ એનાયત કરવાનું ઉત્તમોત્તમ પગલું ભર્યું છે તે વિશેષ સ્તુતિપાત્ર છે અને તેથી જામનગરની પ્રજા સંતોષ અને હર્ષના ઉભરામાં ગીરફતાર થયેલી છે અને તે પરમ કૃપાળુ પરમેશ્વર પાસે ખરા જીગરથી એમ પ્રાર્થના કરે છે કે આવાં મુંગાં પ્રાણીઓની નિરાધાર જીંદગી બચાવવામાં આવી છે તેના આશીર્વાદથી અને અમારી સર્વની પ્રાર્થનાથી ખુદાવિંદ મહારાજા જામસાહેબને તે પરમાત્મા ઉંચા પ્રકારની તંદુરસ્તી સહિત સંપૂર્ણ દીર્ઘાયુષ બક્ષી રાજ્ય અને પ્રજાનાં પ્રતિદિન વિશેષ વિશેષ હિતકર કાર્યો કરવા સંપૂર્ણ શક્તિવાન કરે.

## પાલીતાણાના દેરાસરમાંથી ગુમ થયેલા દાગીના.

શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી અમોને નીચે પ્રમાણે રીપોર્ટ મળ્યો છેઃ—
સં ૧૯૬૬ ના આસો સુદ ૪ને શુક્રવાર તા. ૭ અક્ટોબર સને ૧૯૧૦ ના રોજ મુનીમ તથા કીલીદાર વિગેરેની રૂબરૂ ગામના મોટા દેરાસરજીના દાગીના ગોઠી ગાંડા દેવાના કહેવાથી મેળવતાં નીચે પ્રમાણે દાગીના ઘટયા તેની વીગતઃ—

૨૧૫ હેમના ઘરનું ટીલું નંગ ૧ જડાઉ હીરાનું તોલ રૂ. ૩ાત્ર ભારનું તેમાં હીરા નંગ ૨૦ તથા ઝીણી ચુનીઓ નંગ ૧૦ છે.

૧૫૦ હેમનું શ્રી વચ્છ નંગ ૧ જડાઉ રાતા નંગનું તોલ રૂ. ૬ાત્ર ભારને આશરે કીંમત રૂા. ૧૫૦) ની તેમાં હીરા નંગ ૧૭ લાલ માણેકની ચુનીઓ તથા પાનાની ચુનીઓ ૪૦ છે.

૨૫૭ હેમની લુંબીઓ નંગ ૨ જડાઉ તેમાં હીરા નંગ ૨૦ તથા લાલ માણેક નંગ ૨ મોટા તથા લાલ માણેક નંગ. ૩૦ ઝીણાં ઘર તોલા રૂા. ૭ાત્ર ભારને આસરે કીમત રૂા.૨૫૭)ની

૧૦૬ હેમનાં પાટીઆંનો ગંઠો ૧ તે મધે પાટીઆં નંગ. ૨૧ પોખરાજના જડાઉ તે મધે પોખરાજ નંગ ૬૯ તથા ખુણીઆ નંગ. બે જુમલે નંગ. ૨૩ તેને ગંઠણુ રેશમનું લાખ દોરા સુદ્ધાં ઘર તોલ રૂા. પાાા ભાર.

૨૨૦ હેમની કાંઠલી નંગ ૧ સેર બેની તે મધે સીકડાવાળી પાવલીઓ નંગ. ૩૨ પોલી તથા પોટલી નંગ ૧ તેના નીચે ઘુઘરીઓ નંગ ૨૦ તેને છેડે સાંકળીનો અછોડો નંગ ૧ તેને સેરો નંગ ત્રણનો ઘર તોલા રૂા. ૧૪) ભાર તેમાં પાવલીઓ ૨ ઘુઘરીઓ મળી રૂા. ૦ાા ભાર ઘટે છે.

૧૦૧ ધોળાં ખોટાં નંગનો જડાઉ હાર ૧ પાટીઆં ૧૬નો તે વચ્ચે ચંદ્રમા ચાટનો ચાંદલો એક તથા નીચે પદક એક તેને ગંઠણુ રેશમી દોરીનું છે. ઘર તોલા રૂા. ૯) ભારને આશરે કીંમત રૂા. ૧૦૧) ની તેમાં પદક નીચે છે તેની મણી ખોટી છે તે સુદ્ધાં ઘર તોલ છે.

૧૦૧ હેમનો હાર નંગ ૧ ખોટા પોખરાજનો જડાઉ પાટીઆં નંગ ૭ નો તેના નીચે દુગ દુગી નંગ. ૧ સુદ્ધાં ઘર તોલ રૂા. ૬ાાાત્ર ભારને આશરે કીંમત રૂ. ૧૦૧) નો.

૮૦ હેમની કંઠી નંગ. ૧ ખરા મોતીની ઘર તોલ રૂા. ૪) ભાર તેમાં રૂપાના આંકડા નંખાવતાં ઘર તોલ રૂા. ૪ા ભાર થાય છે. તેને અછોડા નંગ. ૨ બે સાંકળીના સેરો નંગ ૪ સાથે તેના બંને છેડે વચ્ચે ખોટાં નંગ છે, તે કંઠી નીચે પોખરાજનું પદક નગ ૧ તથા તેની નીચે લીલું ખોટું લોલક ટાંગેલું છે તથા તે પદક ના માથે ધોળા પોખરાજનો ચંદ્રમા છે તે કંઠીમાં મોતીના દાણા નંગ ૧૦૩ છે.

રૂા. ૧૨૩૦) ના દાગીના નંગ ૯

રૂપાના.

૬૦ રૂપાના સાંકળાં નંગ બે નવા હેમે રસેલાં તોલ રૂા. ૫૬) ભારને આશરે.

૧૬૭)ાા નીચેના દાગીના નંગ ૯ તોલ રૂા. ૨૪૨ ભારના રૂપાનાં પાખર નંગ ૨ તોલ રૂા. ૬૩) ભાર રૂપાના મોર નગ ૨ તોલ રૂા. ૧૭) ભાર.

રૂપાના સુરજ તથા ચંદ્રમા ૨ તોલ રૂા. ૧૬ાા ભાર રૂપાની કલગીઓ ૨ તોલ રૂા. ૩ાા ભાર તેનો તોલ ૧ાા ભાર થાય છે.

રૂપાની પાટલી નંગ ૧ લાંબી પ્રભુજીને પલાઠીએ ચઢાવવાની તેના નીચે તાંબાનુ પતરૂં ૧ ધર તોલ રૂા. ૧૪૪) ભાર કુલ ધર તોલ રૂા. ૨૪૨) ભાર તાંબાના પતરાં કટોરી સતારા સાથે કીં રૂા. ૧૬૭)ાા

૬૯) રૂપાના કળસ નંગ ૨ મીનાઈ સાદા તોલ ૧-૩૪ નો અને ૧-૩૫ નો મળી રૂા. ૬૯ ભારના રૂા. ૨૯૬)ાા ના દાગીના નંગ ૧૩

કુલ રૂા. ૧૫૨૬)ાા ના દાગીના નંગ ૨૨ બાવીસ.

સહી ગીરધરલાલ ગુલાબચંદ મુનીમ.

તા. ક-વિશેષમાં એમ જાહેર કરવાની અમોને ફરમાયશ થઈ છે કે:-

ઉપર લખેલા દાગીના મુદ્દા માલ સાથે પકડી આપશે અગર તેનો પત્તો મેળવી આપશે. તો તે સખસને રૂ. ૫૦) પચાશ રૂપીઆનું ઇનામ શેઠ આણંદજી કલ્યાણજીની તરફથી આપવામાં આવશે.

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

**સંવત ૧૯૬૬ ના શ્રાવણ વદી ૧૩ થી ભાદરવા વદી ૧૨ એટલે તા. ૧-૯-૧૦ થી તા. ૩૦-૯-૧૦ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.**

આ ફંડને બનતી રીતે ઉંચી પાયરીએ લાવવું તે દરેક જૈન બંધુની ફરજ છે. શ્રી સંઘે એટલે કોન્ફરન્સે કરેલા ઠરાવને માન આપવાને કોઈ પણ વીરપુત્ર પાછળ રહે નહીં એ નિર્વિવાદ છે. ચાલુ સાલના સપ્ટેમ્બર માસમાં આ ફંડમાં આવેલી રકમ નીચે દર્શાવવામાં આવી છે. તેમાં ઉદેપુર (મેવાડ)ના શ્રી સંઘ તરફથી દર વર્ષની માફક આ વર્ષે પણ રૂ. ૧૫૦) અંકે એકસો પચાસની મોટી રકમ શેઠ રોશનલાલજી ચતુર, શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના પ્રાંતિક સેક્રેટરી સાહેબ મારફત આવેલી છે, તેથી ઉદેપુરના શ્રી સંઘનો ઘણાજ માન સહીત આભાર માનવામાં આવે છે.

તેમજ સદરહુ માસમાં રાહતગઢથી શેઠ વનેચંદ મગનીરામે, અમદાવાદથી શેઠ મુળચંદ આશારામે, લશ્કર (ગ્વાલીઅર) થી શેઠ નથમલજી બાગમલજીએ, વડોદરાથી શેઠ ફુલચંદ અમેચંદે, કાંકેર(રાયપુર)થી શેઠ રામસુખ માંગીલાલે અને ચોટીલાના શ્રી સંઘે પોતાની મેળેજ (ઉપદેશકના ગયા વિના) રકમ મોકલાવી આપીછે તે ખાતે તેમને ધન્યવાદ આપવામાં આવે છે. આવી રીતે દરેક શહેર અને ગામો તરફથી સારી રકમ આવતાં કેળવણી વગેરે ખાતાં નભાવવામાં અડચણ આવશે નહીં. આવેલી રકમની ગામવાર નોંધ દરેક માસના હેરલ્ડમાં જાહેર કરવામાં આવે છે.

રૂ. ૭૮૫૭–૭–૩ ગયા માસના પૃષ્ઠ ૨૪૮ મે જણાવ્યા મુજબ.

| | | |
|---|---|---|
| ૧–૮–૦ સાયલા (બાકી રહેલા) | ૧૨–૮–૦ રાહતગઢ | ૫–૦–૦ અમદાવાદ |
| ૫–૦–૦ લશ્કર (ગ્વાલીઅર) | ૦–૧૨–૦ મુંબઈ | ૧૦–૦–૦ વડોદરા |
| ૧૫૦–૦–૦ ઉદેપુર (મેવાડ) | ૫–૦–૦ કાંકેર | ૯–૧૨–૦ ચોટીલા |
| | ૧૯૯–૮–૦ | |

| | | |
|---|---|---|
| ૧–૧૨–૦ ઝુલાસણ | ૪–૮–૦ સરઢવ | ૦–૮–૦ પાનસર |
| ૪–૦–૦ ડેંગુચા | ૧૦–૧૨–૦ વડુ | ૧–૮–૦ કરજીસણ |
| ૧૩–૪–૦ ખોરજ | ૬–૮–૦ વેડા | ૨૫–૪–૦ બોરૂ |
| | ૬૮–૦–૦ | |

| | | |
|---|---|---|
| ૦–૮–૦ પીપરલા | ૨–૮–૦ ટાટમ | ૧–૮–૦ ગોરડકા |
| ૨–૪–૦ ઉગામેડી | ૪–૪–૦ ગઢડા | ૫–૦–૦ નીંગાળા |
| ૦–૪–૦ અણીઆળી | ૦–૪–૦ મીણાપર | ૧–૦–૦ ચાસકા (ચુડા) |
| ૧–૧૨–૦ મોરવાડ | ૧–૧૨–૦ વડોદ | ૨–૦–૦ લાલીઆદ |
| ૦–૪–૦ લીઆદ | ૨–૮–૦ બળદાણા | ૦–૪–૦ બોડીઉં |
| ૦–૮–૦ રાસકા | ૦–૪–૦ ગોમેટા | ૦–૮–૦ ખારવા |
| | ૩૧–૪–૦ | |

| | | |
|---|---|---|
| ૪–૦–૦ નાગરકી | ૬–૪–૦ વસઈ | ૦–૧૨–૦ આંબરા |
| ૭–૪–૦ ખાવડી મોટી | ૪–૧૨–૦ ખાવડી નાની | |
| | ૨૦–૦–૦ | |

કુલ ૩૧૮–૧૨–૦

એકંદર કુલ ૮૧૭૬–૩–૩.

તયાર છે.　　　　ટયુટોરીયલ કલાસીઝનું　　　　તયાર છે.

# બ્લૉટીંગ પૅડ

બ્લૉટીંગ પૅડ—ના ટાઇટલ ઉપર **મહુંમ શેઠ વીરચંદ દીપચંદ સી. આઈ. ઇ. જે. પી.** નો ફોટો મૂકવામાં આવેલ છે. ટાઇટલ બ્લ્યુ તથા રાતી શાહીથી સુશોભીત કરવામાં આવેલ છે.

બ્લૉટીંગ પૅડ—ની અંદર **સને ૧૯૧૧ નું કેલેન્ડર, સંવત ૧૯૬૭ નું જૈન પંચાંગ** તથા **દીવસ રાત્રીના ચોઘડીયાં** આપવામાં આવેલ છે.

બ્લૉટીંગ પૅડ—માં આખા એ બ્લૉટીંગના આઠ પાનાના દરેક પાનાની વચમાં અકેક જાહેરખબરનું પાનું મૂકવામાં આવેલ છે. દળદાર એક પુસ્તકના આકારમાં તૈયાર કરવામાં આવેલ છે.

ઉપરોકત બ્લૉટીંગ પૅડ ઉપર મહુંમ શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ. જે. પી. નો ફોટો મૂકવામાં આવેલ છે તે એવા હેતુથી કે દરેક જૈન તેમજ અન્ય ગૃહસ્થોને તેમનાં સુકૃત્યો કાયમને માટે યાદમાં રહે. માટે દરેકને તેની એક નકલ રાખવા ખાસ ભલામણ કરવામાં આવે છે.

# કીંમત ફકત ત્રણ આના.

ઉપરોકત બ્લૉટીંગ પૅડ નીચેની જગ્યોએથી મળશે.

શાહ લાલચંદ લક્ષ્મિચંદ. ઠે. જૈન કોન્ફરન્સ. પાયધુની મુંબઈ.

　　　,,　　　　કામદારના માળામાં. ગુલાલવાડી મુંબઇ.

મેસર્સ મેઘજી હીરજીની કું. ઠે. માંગરોળ જૈન સભા. નં. ૫૬૬. પાયધુની મુંબઇ.

પારેખ ત્રીભોવન મલુકચંદ આટાવાળાની દુકાને. પરેલ મુંબઈ.

કાગદી કેશવલાલ નવલચંદ પારેખની કું. ઠે. ઇ. ડી. સાસુનની ઑફીસની બાજુમાં માંડવી રોડ મુંબઇ.

ભાવનગર એજન્સી. માલેક. માણેકલાલ ડી. મ્હેતા ભાવનગરી. સેમ્યુઅલ સ્ટ્રીટ મુંબઈ.

મુંબઈ તેમજ બહાર ગામના વેપારીઓને કમીશનથી આપવામાં આવશે.

મનીઓર્ડર વગેરે કૉરસપૉન્ડન્સ નીચેને શીરનામે કરવો.

ઠે. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, પાયધુની.<br>અથવા<br>કામદારના માળામાં ગુલાલવાડી મુંબઇ. } **લાલચંદ લક્ષ્મિચંદ શાહ.**<br>પ્રોપ્રાયટર ટયુટોરીયલ-ક્લાસીઝ.

ગુલાલવાડી મધ્યે કામદારના માળામાં પહેલે દાદરે ટયુટોરીયલ કલાસીઝ મધ્યે ધંધારીઓને તથા હાઇસ્કુલના વિદ્યાર્થીઓને સવારના ૭ થી ૧૦ અથવા રાત્રીના ૭ થી ૧૦ સ. ટા.) સુધીમાં કોઈપણ વખતે એક કલાક ઇંગ્રેજી શીખવવામાં આવે છે.

एकबहुतही नवीन सुन्दर ग्रन्थ।

# जैनसम्प्रदायशिक्षा।

## श्वेताम्बर धर्मोपदेष्टा यति श्रीश्रीपालचन्दरचित.

इस महत्वके ग्रन्थमें स्त्रीपुरुषोंका धर्म, पतिपत्नीसम्बंध, पाणिग्रहण, रजोदर्शन, गर्भाधान, गर्भावस्थासे लेकर जन्म, कुमार, युवा और वृद्धावस्थातककी कर्तव्य शिक्षायें, आरोग्यरक्षा, ऋतुचर्या, रोगनिदान, पूर्वरूप, उपशम, डाक्टरी और देशी रीतिसे रोगोंकी परीक्षा, चिकित्सा, पथ्यापथ्य, दुग्ध, घृत, तैल, दधि, तक्र, फल, तरकारी, कन्द, मूल, क्षार, नमक, शक्कर, गुड आदि सैकडों पदार्थोंके गुणदोष, व्यायाम, वायुसेवन, आदि वैद्यकसम्बन्धी सम्पूर्ण बातोंका वर्णन बडे विस्तारके साथ सरल भाषामें कोइ पांचसौ पृष्ठोंमें लिखा है. इसके सिवाय, व्याकरण, सामान्यनीति, राजनीति, सुभाषित, ओसवाल, पोरवाल, महेसुरी, जातियोंकी उत्पत्ति, बाहर वा चौरासी जातियाका वर्णन, ज्योतिष, स्वरोदय, शकुनविद्या, स्वप्नविचार आदि अनेकानेक विषयोंकाभी इसमें संग्रह है। एक बडेही अनुभवी विद्वानने अपने जीवनभरके अनुभवोंको इसमें संग्रह करके सर्व साधारणके उपकारके लिये प्रकाशित किया है। यद्यपि इसका नाम जैनसम्प्रदायसे सम्बंध रखता है, परन्तु यथार्थ तौ इसमें जिन विषयोंका वर्णन किया गया है, वे सबहीके लिये उपयोगी हैं। वैद्यक विषयकातो इसको एक अपूर्वही पुस्तक समझना चाहिये। हम प्रत्येक गृहस्थसे आग्रह करते हैं कि, वह इस ग्रन्थकी एक एक प्रति मंगाकर अपने यहां अवश्य ही रक्खें और गृहस्थाश्रमकी शोभाको बढाव। क्योंकि इसका "गृहस्थाश्रमशीलसौभाग्यभूषणमाला" जो दूसरा नाम है, वह बिलकुल ठीक है। सब लोकोंके सुभीतेके लिये रायल आठपेजी साइजके ८०० पृष्ठके इस बडेभारी कपडेकी जिल्द बंधे हुए ग्रन्थकी कीमत केवल ३॥) रुपये रक्खी है। डाकमहसूल ॥) आना.

पुस्तक मिलनेका पता:—**तुकाराम जावजी,**

निर्णयसागर प्रेसके मालिक—**बम्बई.**

# જાહેર ખબર.

## મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી કૉન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૉલરશીપ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચે નંબરે પસાર થનાર, તેમજ એક બીજી સ્કૉલરશીપ સુરતના રહેવાશી અને કુલે સૌથી વધુ માર્કસ મેળવનાર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થીને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૉલરશીપોનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ નીચે સહી કરનારને એ સંબંધમાં તા. ૧૫ મી ડીસેમ્બર ૧૯૧૦ સુધીમાં અરજ કરવી.

ઠે. પાયધુની, મુંબઇ
ગોડીજીની ચાલ.

કલ્યાણચંદ શોભાગચંદ
રેસીડન્ટ જનરલ સેક્રેટરી,
શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ

# સૂચના

અમારા તરફથી નવા ઉપદેશક તરીકે રાજકોટવાળા મી. દેવશી પાનાચંદને તથા રતલામવાળા મી. કેશરીમલ મોતીલાલને રાખવામાં આવેલ છે. તેમજ ઉમેદવાર ઉપદેશક તરીકે મી. અમૃતલાલ વાડીલાલને રાખવામાં આવેલ છે. મી. દેવશી પાનાચંદ હાલ હાલારમાં. મી. કેશરીમલ ગાંધી હાલ માળવામાં અને મી. અમૃતલાલ હાલ ઉત્તર ગુજરાતમાં ફરે છે.

આસીસ્ટંટ સેક્રેટરી.

Registered No. B. 525.

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

## SHRI JAIN SWETAMBER CONFERENCE HERALD

પુ. ૬) કાર્તિક-માગશર વીર સં. ૨૪૩૭, નવેમ્બર ડીસેમ્બર સને ૧૯૧૦ (અંક ૧૧-૧૨.

## अनुक्रमणिका.


| વિષય | પૃષ્ઠ. |
|---|---|
| Æsop's Fables ... ... ... ... ... ... | 281 |
| અધ્યાત્મરસિક શ્રીમાન્ આનંદઘનજીકૃત ઔપદેશિક અને અધ્યાત્મિક પદ્ય ... | ૨૮૮ |
| જીવદયા-અહિંસા. Humanitarianism ... ... ... | ૨૯૧-૩૧૬ |
| निर्वेद ... ... ... ... ... ... ... ... | ૨૯૪ |
| एक आश्चर्यजनक स्वप्न. ... ... ... ... ... | ૩૦૧-૩૨૬ |
| ઉપદેશકનાં ભાષણથી થયેલા ઠરાવો. ... ... ... ... | ૩૦૫-૩૩૨ |
| મંચરમાં નવી જૈન લાયબ્રેરી... ... ... ... ... ... | ૩૦૭ |
| દયા કે ઘાતકીપણું ? ... ... ... ... ... ... | ૩૦૮ |
| વાર્ષિક હિસાબ તપાસણી ખાતું. ... ... ... ... | ૩૦૯-૩૩૫ |
| શ્રી સુકૃત ભંડાર ફંડ ... ... ... ... ... | ૩૧૦-૩૩૪ |
| The Sayings of Goethe ... ... ... ... ... | 313 |
| શ્રી જૈન શ્વેતાંમ્બર સંઘની મળેલી મીટીંગ. ... ... ... ... | ૩૨૧ |
| દશેરાના તેહેવાર ઉપર બંધ થયેલો પશુવધ. ... ... ... ... | ૩૩૦ |
| શેઠ ગોકળભાઈ મૂળચંદ જૈન હોસ્ટેલના પાસ થયેલ વિદ્યાર્થીઓ.... ... | ૩૩૩ |



प्रकटकर्त्ता

श्री जैन (श्वेतांबर) कॉन्फरन्स तरफथी

उजमशी दयालजी दोशी.

वार्षिक मूल्य डाकका मूल्य समेत सिर्फ रु. १-४-०

श्री जैन प्रिन्टींग वर्कस लीο

ગવર્નમેન્ટના પેટંટો સર્ટીફીકેટો




ઓનરો, હજારો ખાનગી પત્રકો.

સરકાર રજવાડાઓ અને મીલોને વેચનારા, બેંકો, ચીન વગેરે પરદેશી રાજ્યોને પુરી પાડનારા.

**જુદા જુદા સંગ્રહસ્થાનોમાં ૧૧ સોનાના અને બીજા ઘણા ચાંદો,**
**પહેલા નંબરમાં વધુમાં વધુ ચાંદો મેળવનારા,**

ચાલીસ વરસથી હિંદુસ્તાનમાં તિજોરીઓ બનાવવાનો પહેલ વહેલો હુન્નર દાખલ કરવાનો દાવો કરનારા શું કહે છે?

# હરીચંદની  તિજોરીઓ.



છેલ્લામાં છેલ્લી શોધ દાખલ કરેલી, સાંધા વગરની (વાળેલ એકજ પત્રાની, અંદર અને બહાર મળી સોળ બાજુથી વાળેલી, તેમજ ગુપ્ત ભંડારની—'પેટંટ ચેમ્બર સેફ' વગેરે જાતોની) પ્રો૦ ગજ્જર જેવા પ્રસિદ્ધ રસાયણશાસ્ત્રીના પાસ કરેલા સ્પેશીયલ ફાયર પ્રુફ મસાલો ભરેલી, મુંબઇના સંગ્રહસ્થાનમાં આગના અખતરાની હરીફાઇમાં સૌથી પહેલી આવનારી અને સૌથી પહેલા નંબરનો સોનાનો ચાંદ મળેલી,

**સેંકડો આગોમાં અને ડાકુઓના હથોડા સામે ટકેલી.**

## પેટંટ પ્રોટેકટર કળો અને તાળાંઓ.

હાથી ટ્રેડ માર્ક તપાસીને લેજો! હલકા પ્રકારની નકલથી સાવચેત રહેશો!!

સાયડી નહીં લાગે એવી ડ્રીલ પ્રુફ પ્લેટવાળી, (સરકારી ખાસ પેટંટ મેળવેલી.) હજારો ચાવી લગાડી જોતાં યા બાહોશ કારીગરથી પણ ખુલેજ નહીં, અને નં૦ ૧ ની ચાવીથી ઉલટો અને નં૦ ૨ નીથી સુલટો એમ બે આંટાથી દેવાય એવી—

## તિજોરીને લગાડવાની કળો.

અમારા પેટંટની નકલ કરનારા, લેનારા અને વેચનારા એક સરખા ગુન્હેગાર છે.

કારખાનામાં બનતી વખતેજ માલ જુઓ, મસાલામાં નોટ મુકીને અથવા આખ તીજોરીને સખત ભઠ્ઠીમાં નાંખી બતાવીશું! આખું ગામ જોઇને પછી આવો!!

**પ્રીમીયર સેફ એન્ડ લોક વર્કસ—હરીચંદ મંછારામ એન્ડ સન.**

દુકાન—નં૦ ૧૩૧, ગુલાલવાડી.
કારખાનું—પાંજરાપોળ પહેલી ગલી.
શોરૂમ—નં૦ ૩૨૦, ગ્રાંટરોડ કોર્ન

ॐ


# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

**लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः**
**सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ।**
**सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो**
**वैरस्वामिवदुन्नतिं नयाति तं यः स प्रशस्यः क्षितौ ॥**

**ભાવાર્થ**:—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ છે. વળી આ **સર્વથી** ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે. જ્ઞાનના મહાસાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એજ આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તેજ પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

**પુસ્તક ૬ )  આસો વીર સંવત્ ૨૪૩૬, નવેમ્બર, સને ૧૯૧૦  (અંક ૧૧.**


## Æsop's Fables.*

The point to be kept in mind is their Asiatic origin, as this will at once help us to separate the fables which we can use from those which must be rejected. A discrimination of this sort is absolutely necessary. I am of opinion that it is a serious mistake to place the whole collection as it stands in the hands of children.

* The Moral Instruction of Children by Felix Adler.

ધર્મનીતિની કેળવણી તેમજ સ્વરાજ વિષે આપણા દેશમાં હાલ વિશેષે કરીને ચળવળ ચાલી રહી છે તે સમયે, અમેરીકનોને સ્વરાજ કેવું પ્રિય છે, પોતાની સ્વતંત્રતાની ભાવનાઓને કોઇ પણ રીતે હાનિ ન પહોંચે તે માટે તેઓ કેવી કાળજી રાખે છે, તથા પોતાનાં બાળકો કે જેમના પર ભવિષ્યનો ખરો આધાર રહેલો છે તેમના નૈતિક શિક્ષણ સંબંધે કેવો સૂક્ષ્મ વિવેક કરે છે, તે પર આપણા દેશી બંધુઓનું ખાસ ધ્યાન ખેંચવા અમે ઇશપની વાતો વિષે પ્રો. **એડલરના** વિચારો અત્રે ઉતાર્યા છે, જે દરેક શિક્ષકે ખાસ કરીને મનન કરવા યોગ્ય છે.

To decide this question we must study the *milieu* in which the fables arose, the spirit which they breathe, the conditions which they reflect. The conditions they reflect are those of an Oriental despotism. They depict a state of society in which the people are cruelly oppressed by tyrannical rulers, and the weak are helpless in the hands of the strong. The spirit which they breathe is, on the whole, one of patient and rather hopeless submission. The effect upon the reader as soon as he has caught this clew, this *Leitmotiv*, which occurs in a hundred variations, is very saddening. I must substantiate this cardinal point by a somewhat detailed analysis. Let us take first the fable of the Kite and the Pigeons. A kite had been sailing in the air for many days near a pigeon-house with the intention of seizing the pigeons ; at last he had recourse to stratagem. He expressed his deep concern at their unjust and unreasonable suspicions of himself, as if he intended to do them an injury. He declared that, on the contrary, he had nothing more at heart than the defence of their ancient rights and liberties, and ended by proposing that they should accept him, as their protector, their king. The poor, simple pigeons consented. The kite took the coronation oath in a very solemn manner. But much time had not elapsed before the good kite declared it to be a part of the king's prerogative to devour a pigeon now and then, and the various members of his family adhered to the same view of royal privilege. The miserable pigeons exclaimed ; "Ah, we deserve no better. Why did we let him in!"

The fable of the Wolf in Sheep's Clothing conveys essentially the same idea. The fable of the Lion and the Deer illustrates the exorbitant exactions practised by despots. A fat deer was divided into four parts. His majesty the lion proposed that they be suitably apportioned. The first part he claimed for himself on account of his true hereditary descent from the royal family of Lion; the second he considered properly his own because he had headed the hunt; the third he took in

virtue of his prerogative; and finally he assumed a menacing attitude, and dared any one to dispute his right to the fourth part also.

In the fable of the Sick Lion and the Fox, the fox says: "I see the foot-prints of beasts who have gone into the cave, but of none that have come out." The fable of the Cat and the Mice expresses the same thought, namely, that it is necessary to be ever on one's guard against the mighty oppressors even when their power seems for the time to have deserted them. The cat pretends to be dead, hoping by this means to entice the mice within her reach. A cunning old mouse peeps over the edge of the shelf, and says: "Aha, my good friend, are you there? I would not trust myself with you though your skin were stuffed with straw."

The fable of the King Log and King Stork shows what a poor choice the people have in the matter of their kings. First they have a fool for their king a mere log, and they are discontented. Then Stork ascends the throne, and he devours them. It would have been better if they had put up with the fool. The injustice of despotic rulers is exemplified in the fable of the Kite and the Wolf. The kite and the wolf are seated in Judgment. The dog comes before them to sue the sheep for debt. Kite and Wolf, without waiting for the evidence, give sentence for the plaintiff, who immediately tears the poor sheep into pieces and divides the spoil with the judges. The sort of thanks which the people get when they are foolish enough to come to the assistance of their masters, is illustrated by the conduct of the wolf toward the crane. The wolf happened to have a bone sticking in its throat, and, howling with pain, promised a reward to any one who should relieve him. At last the crane ventured his long neck into the wolf's throat and plucked out the bone. But when he asked for his reward, the wolf glared savagely upon him, and said: "Is it not enough that I refrained from bitting off your head"? How dangerous it is to come at all into close contact with the mighty, is shown in the fable of the Earthen and the Brazen

Pot. The brazen pot offers to protect the earthen one as they float down stream. "Oh", replies the latter, "keep as far off as ever you can, if you please; for, whether the stream dashes you against me or me against you, I am sure to be the sufferer".

The fables which we have considered have for their theme the character of the strong as exhibited in their dealings with the weak. A second group is intended to recommend a certafn policy to be pursued by the weak in self-protection. This policy consists either in pacifying the strong by giving up to them voluntarily what they want, or in flight, or, if that be impossible, in uncomplaining submission. The first expedient is recommended in the fable of the Beaver. A beaver who was being hard pressed by a hunter and knew not how to escape, suddenly, with a great effort, bit off the part which the hunter desired, and, throwing it toward him, by this means escaped with his life. The expedient of flight is recommended in the fable of Reynard and the Cat. The reynard and the cat one day were talking politics in the forest. The fox boasted that though things might turn out never so badly, he had still a thousand tricks to play before they should catch him. The cat said: "I have but one trick, and if that does not succeed I am undone." Presently a pack of hounds came upon them full cry. The cat ran up a tree and hid herself among the top branches. The fox, who had not been able to get out of sight, was overtaken despite his thousand tricks and torn to pieces by the hounds. The fable of the Oak and the Reed teaches the policy of utter, uncomplaining submission. The oak refuses to bend, and is broken. The supple reed yields to the blast, and is safe. It is not a little astonishing that this fable should so often be related to children as if it contained a moral which they ought to take to heart ? To make it apply at all, it is usually twisted from its proper signification and explained as meaning that one should not be fool-hardy, not attempt to struggle against overwhelming odds. But this is not the true interpretation. The oak is by nature strong and

firm, while it is the nature of the reed to bend to every wind The fable springs out of the experience of a people who have found resistance against oppression useless. And this sort of teadhing we can not, of course, wish to give to our chilldten. I should certainly prefer that a child of mine should take the oak, and not the reed, for his pattern. The same spirit take the again inculcated in the fable of the Wanton Calf. The wanton calf sneers at the poor ox who all day long bears the heavy yoke patiently upon his neck. But in the evening it turns out that the ox is unyoked, while the calf is butchered. The choice seems to lie between subserviency and destruction. The fable of the Old Woman and her Maids suggests the same conclusion, with the warning added that it is useless to rise against the agents of tyranny so long as the tyrants themselves can not be overthrown. The cock in the fable represents the agents of oppression. The killing of the cock serves only to bring the mistress herself on the scene, and the lot of the servants becomes in consequence very much harder than it had been before.

We have now considered two groups of fables: those which depict the character of the mighty, and those which treat of, the proper policy of the weak. The subject of the third group is, the consolations of the weak. These are, first, that even tyrannical masters are to a certain extent dependent upon their inferiors, and can be punished if they go too far; secondly that the mighty occasionally come to grief in consequence of dissensions among themselves; thirdly that fortune is fickle. A lion is caught in the toils, and would perish did not a little mouse come to his aid by gnawing asunder the knots and fastenings. The bear robs the bees of their honey, but is punished and rendered almost desperate by their stings. An eagle carries off the cub of a fox; but the fox, snatching a fire-brand, threatens to set the eagle's nest on fire, and thus forces him to restore her young one. This is evidently a fable of insurrection. The fable of the Viper and the File shows that it is not safe to attack the wrong person in other words

that tyrants sometimes come to grief by singling out for persecution some one who is strong enough to resist them though they little suspect it. The fable of the four bulls shows the effect of dissensions among the mighty. Four bulls had entered into a close alliance, and agreed to keep always near one another. A lion fomented jealousies among them. The bulls grew distrustful of one another and at last parted company. The lion had now obtained his end, and seized and devoured them singly. The fickleness of fortnne is the theme of the fable of the Horse and the Ass. The horse, richly caparisoned and champing his foaming bridle, insults an ass who moves along under a heavy load. Soon after the horse is wounded, and being unfit for military service, is sold to a carrier. The ass now taunts the proud animal with his fallen estate. The horse in this fable is the type of many an Eastern vizier, who has basked for a time in the sunshine of a despot's favor only to be suddenly and ignominiously degraded. The ass in the fable represents the people There remains a fourth group of fables, which satirize certain mean or ridiculous types of characters, such as are apt to appear in social conditions of the kind we have described. Especially do the fables make a target of the folly of those who affect the manners of the aristocratic class, or who try to crowd in where they are not wanted, or who boast of their high connections. The frog puffs up so that he may seem as large as the ox, until he bursts. The mouse aspires to marry the young lioness, and is in fact well received; but the young lady inadvertently places her foot on her suitor and crushes him. The jackdow picks up feathers which have fallen from the peacocks, sticks them among his own, and introduces himself into the assembly of those proud birds. They find him out, strip him of his plumes, and with their sharp bills punish him as he deserves. A fly boasts that he frequents the most distinguished company, and that he is on familiar terms with the king, the priests, and the nobility. Many a time, he says, he has entered the royal chamber, has sat upon the altar, and has even enjoyed the privilege of kissing the lips of the most beautiful maids of honor. "Yes" replies an ant, "but in what capacity are you admitted among all these great people? One and all regard you as a nuisance, and the sooner they can get rid of you the better they are pleased."

Most of the fables which thus far have been mentioned we can not use. The discovery of their Asiatic origin sheds a new, keen light upon their meaning. They breathe, in many cases, a spirit of fear, of abject subserviency, of hopeless pessimism. Can we desire to inoculate the young with this spirit? The question may be asked why fables are so popular with boys. I should say, because school-boy society reproduces in miniature to a certain extent the social conditions which are reflected in the fables. Among unregenerate school-boys there often exists a kind of despotism, not the less degrading because petty. The strong are pitted against the weak—witness the fagging system in the English schools—and their mutual antagonism produces in both the characteristic vices which we have noted above. The psychological study of school-boy society has been only begun, but even what lies on the surface will, I think, bear out this remark. Now it has come to be one of the commonplaces of educational literature that the individual of to-doy must pass through the same stages of evolution as the human race as a whole. But it should not be forgotten that the advance of civilization depends on two conditions: first that the course of evolution be accelerated, that the time allowed to the successive stages be shortened; and, secondly that the unworthy and degrading elements which entered into the process of evolution in the past, and at the time were inseparable from it, be now eliminated. Thus the fairy-tales which correspond to the myth-making epoch in human history must be purged of the dross of superstition which still adheres to them, and the fables which correspond to the age of primitive despotisms must be cleansed of the immoral elements they still embody.

The fables which are fit for use may be divided into two classes: those which give illustrations of evil,* the effect of which on the young should be to arouse disapprobation, and those which present types of virtue.†

* It may be remarked that fables should be excluded if the moral they inculcate is bad, not if they depict what is bad. In the latter case they often may serve a useful purpose.

† Prof. Adler then goes on to consider these two classes of fables at length.

# અધ્યાત્મરસિક શ્રીમાન્ આનંદઘનજી કૃત ઔપદેશિક અને અધ્યાત્મિક પદ્ય.

## પરમાર્થ સાથે

( લેખક–મુનિ મહારાજ શ્રી કર્પૂરવિજયજી )

(૧)

### રાગ આશાવરી.

बेर बेर नहीं आवे अवसर बेर बेर नहीं आवे.

ज्युं जाणे त्युं कर ले भलाइ, जनम जनम सुख पावे. अवसर०१
तन धन जोबन सबही जुठो, प्राण पलकमें जावे. अवसर०२
तन छुटे धन कौन कामको, कायकुं कृपण कहावे. अवसर०३
जाके दिलमें साच वसत हे, ताकुं जुठ न भावे. अवसर०४
आनंदघन प्रभु चलत पंथमें, समरी समरी गुण गावे. अवसर०५

**પરમાર્થ**:–હે ભાવિ ભદ્ર ! આત્મ સાધન કરવાનો અનુકૂલ અવસર (જોગ) તને ફરી ફરી મળી શકશે નહિં. ત્હારા સદ્‌ભાગ્યે તને તેવો શુભ અવસર સહેજે મળેલો છે. તો હવે બની શકે તેટલું શુભ સાધન કરી લે કે જેથી તું ભવોભવ સુખ સંપત્તિ પામે. જે કંઈ શુભ સાધન કરવાનું છે તે ત્હારા પોતાનાજ ભલાને માટે કરવાનું છે. તો તે કરવામાં વિલંબ કર માં. કેમકે કાળનો કંઈ ભરસો નથી. વળી ત્હારાથી જે શુભ સાધન સુખે બની શકે એવું હોય તેની પ્રથમ સદ્‌ગુરૂ પાસે સમજ મેળવી લઈ પ્રમાદ પરિહરીને તે સાધન કંઇ પણ તુચ્છ સ્વાર્થ (ઇચ્છા) રાખ્યા સિવાય કેવળ આત્મ કલ્યાણને માટેજ કરવા મનમાં લક્ષ રાખજે તેથી તું ભવિષ્યમાં અવશ્ય સુખી થઇશ. સાચાં તન મન વચનથી જો તું ત્હારૂં કલ્યાણ કરવા ઉજમાળ થઇશ તો તું તેમાં અવશ્ય ફતેહમંદ થઇશ. ૧

અત્યારે પ્રાપ્ત થયેલાં તન ધન અને યૌવન સહુ કારમા છે એટલે તેમને વિણસતાં વાર લાગવાની નથી. કાચી માટીનો ઘડો કે કાચની શીશીને ફૂટતાં શી વાર? ઠણકો વાગતાંજ તેમના કટકા થઇ જાય છે. તેમજ આ તનને પણ ગમે તેટલું પાળ્યું પોષ્યું કે પંપાળ્યું હોય તોપણ તેવું સહજ નિમિત્ત મળતાંજ તેનો વિનાશ થઈ જાય છે. લક્ષ્મી પણ જળ તરંગની જેવી, હાથીના કાનની જેવી કે વીજળીના ઝબકારા જેવી ચપળ છે તેથી વિશ્વાસપાત્ર નથી. તેમજ યૌવન વય પણ પૂર્ણ જોશથી ચાલતા પાણીના પ્રવાહની જેમ વહી જાય છે. તેથી જેમ બને તેમ ચીવટથી સ્વ સમીહિત સાધી લેવાની સહેજે મળેલી આ અમૂલ્ય તક ચૂકી જઈશ નહિ. નહિ તો પાછળથી ઘણું પસ્તાવું પડશે; અને તેમ છતાં ખોએલી તક ફરી પાછી મળી શકશે નહિ. જો વાયદા ઉપર વાયદા કરવામાંજ બધો વખત વીતાઢી

ઇશ. તો પછી જ્યારે એકાએક કાળ ત્હારા ઉપર ઝડપ મારશે ત્યારે વીલે મોઢે મૃત્યુને વશ થવું પડશે. માટે તને વેલાસર ચેતી લેવા કહું છું. ૨

વળી તું વિચાર કરી જો કે આ શરીરનો સંબંધ છૂટી ગયા પછી સંચય કરી રાખેલું ધન તને શું ઉપયોગી થવાનું છે? જો તે તને ત્હારા મરણ પછી કશું ઉપયોગી થવાનું નથીજ એમ ચોક્કસ સમજાતું હોય તો તું શા માટે હવે કૃપણતા કરી તેનો સદુપયોગ કરી લેતો નથી? જો તું મનમાં સમજ લાવીને લક્ષ્મીનો સદુપયોગ કરીશ, તેના ઉપરથી મૂર્છા ઉતારીને સઠેકાણે વાપરીશ, ત્હારા દીન બંધુઓ ઉપર દયા લાવીને તારી ચપળ લક્ષ્મી વડે તેમને યથાયોગ્ય સહાય કરીશ, સારા ઉદ્યમમાં લગાડી તેમની અંતરની દુવા મેળવીશ, તેમજ તેવાં બીજાં પરમાર્થનાં કામમાં લક્ષ્મીનો સદુપયોગ કરીશ, તો તું તેનું સારૂ ફળ મેળવી શકીશ. ત્હારા પુણ્યની વૃદ્ધિ થશે અને તેથી તું ઉત્તરોત્તર અધિક સુખી થઈ શકશે. ૩

જેને ખરૂં તત્ત્વ સમજાયું છે તેને ખોટું રૂચતુંજ નથી. જેણે સકળ રિદ્ધિ અને સિદ્ધિ નિજ ઘટમાંજ છે એમ જેણે યથાર્થ જાણ્યું છે તેને બહારની ખોટી વસ્તુઓ માટે દીનતા કરવી પડતીજ નથી. તે તો ખરો પુરૂષાર્થ કરીને અક્ષય નિધાન તુલ્ય આત્મામાં સત્તાગત રહેલાં અનંત ગુણરત્નોને પ્રગટ કરી લેવામાંજ પોતાનું ઉત્કૃષ્ટ કર્ત્તવ્ય લેખે છે, અને તેને માટેજ સકળ શુભ સાધનોનો યથાયોગ્ય ઉપયોગ કરે છે. આવાં નરરત્નોનીજ ખરેખર બલિહારી છે. આવાં પુરૂષાર્થી નરરત્નોજ સ્વહિત અને પરહિત પરમાર્થબુદ્ધિથી કરીને પવિત્ર વીતરાગ શાસનને પણ અજવાળે છે. ૪

જેમનું મન સંસારના અસાર અને અનિત્ય પદાર્થોથી ઉભગી ગયું છે અને જેમના દીલમાં સાચાં ગુણરત્નોજ પ્રાપ્ત-પ્રગટ કરવાનુંજ ખરૂં રટણ લાગ્યું છે તેવા પ્રમાદ રહિત નરરત્નોજ જૈન શાસનમાં કદાપિ નહિ વિસારી શકાય એવા ઉત્તમ ગુણવાળા શ્રી શ્રમણ સંઘના નમૂના છે. આનંદઘનજી જેવા નિસ્પૃહી, અધ્યાત્મી પુરૂષો પણ તેવા પ્રબળ પુરૂષાર્થી પુરૂષોનોજ અત્યંત ગુણાનુરાગથી પોતે પક્ષ ગ્રહે છે અને તેમ કરવા આપણને સદ્બોધ આપે છે. તે સજ્જનોના દિલમાં નિવસો! ૫ ઇતિ શમ્.

## (૨)

## રાગ કેરબો.

प्रभु भज ले मेरा दील राजी रे प्रभु०

आठ पोहोरकी चोसठ घडीयां, दो घडीयां जिन साजी रे. प्रभु० १

दान, पुण्य कछु धर्म कर ले, मोह मायाकुं त्याजी रे. प्रभु० २

आनंदघन कहे समज समज ले, आखर खोवेगा बाजी रे. प्रभु० ३

**પરમાર્થ:-આનંદઘનજી** મહારાજ યા અંતર આત્મા પોતાના મનને શિખામણ આપે છે કે હે મન! તું પ્રસન્ન થઇને પરમાત્મ પ્રભુને ભજી લે. પ્રભુના ભજનથી, પ્રભુની સેવાભકિતથી તને શાન્તિ-સ્થિરતા પ્રાપ્ત થશે અને તેથી સર્વ ત્હારો ઉપતાપ ટળશે.

મન ! તું વિચાર કે આઠ પ્રહરવાળા આખા દહાડામાં તું ધારે તો બે ઘડી બહુ ખુશીથી પ્રભુની ભક્તિમાં લાગી શકે; અને એમ એટલું તો કરવું–પ્રભુભક્તિમાં બે ઘડી સફળ કરવી–તને બહુ ઉપયોગી પણ છે. બે ઘડી પણ પરમાત્મ પ્રભુની સાથે પ્રેમ લગાવતાં લગાવતાં અભ્યાસના બળથી પ્રભુના સાંનિધ્યથી શાન્તિ–સ્થિરતા પમાય છે અને અનાદિ કાળથી અસ્થાને લાગેલો ખોટો પ્રેમ છૂટતો જાય છે, જેથી પરિણામે ભવભ્રમણનું દુઃખ ઓછું થતું જાય છે; માટે મનવા ! એટલો શુભ અભ્યાસ તો તું અવસ્ય રાખજે. તેથી અનુક્રમે તને પરમ શાન્તિ પ્રાપ્ત થઇ શકશે. ૧

વળી આ પ્રગટ દેખાતા અને ક્ષણવારમાં (દ્રષ્ટ) નષ્ટ થઇ જતા દુનિયાના અસાર પદાર્થોમાં અનાદિ અજ્ઞાનના જોરથી લાગેલી મોહ–માયાને છંડી યથાશક્તિ દાન પુણ્ય પ્રમુખ ધર્મકરણી કરવામાં પણ તું ઉજમાળ થા. મિથ્યા ભ્રમને લીધે સુખબુદ્ધિથી સેવવામાં આવતા બાહ્ય પદાર્થમાંનો રાગ ઘટાડી શુભ ભાવથી દાન શીલ તપ પ્રમુખ ધર્મકરણી કરવામાં પ્રીતિ જોડ કે જેથી અનુક્રમે સકળ અશાતાને દૂર કરીને તું પરમ શાતાનો અનુભવ કરી શકે. મતલબ કે તુચ્છ સુખ રૂપ ફળની આશા તજી નિરાશીભાવે નિસ્પૃહપણે પરમ શાન્તિ પ્રાપ્ત કરવાને માટે તું ધર્મકરણી કર. ૨

આ વાત તને કેવળ હિતબુદ્ધિથી, નહિ કે તને સુખથી વંચિત કરવાને માટે, પરમાર્થભાવે કહેવામાં આવે છે. તે સમજીને આદરી લઇશ તો તેમાં તારૂંજ હિત રહેલું છે, અને તનેજ શાતા–સુખ પ્રાપ્ત થવાનું છે. પરંતુ જો આ પ્રમાણે પરમાર્થબુદ્ધિથી આપવામાં આવેલી શુભ શિખામણનો પણ તું અનાદર કરી સ્વચ્છંદપણે મોહમાયામાં મુંઝાઇ અવળે રસ્તેજ ચાલીશ તો તેમાં તારૂંજ બગડશે, તુંજ દુઃખી થઇશ અને મૂળગી મૂડી પણ ગમાવી તારે ભવભ્રમણ કરવું પડશે, માટે હે મિત્ર મનવા ! તું સવેળાનું ચેતી લે અને સુખી થા ! ૩ ઈતિ શમ.

——::——

# જીવદયા–અહિંસા HUMANITARIANISM.

( લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી, એ; એલ એલ; બી. )

અનુસંધાન ગતાંક પાને ૨૨૭થી.

આ વિષયમાં કેવી હૃદયભેદક પ્રવૃત્તિઓ છે તે નીચેની હકીકતથી સ્પષ્ટ થશે. દક્ષિણમાં આવેલા તેલંગુ દેશમાં દેવીનો રથ કહાડવામાં આવે છે ત્યારે રથની ચાર બાજુએ અણીદાર સળીયા રાખવામાં આવે છે અને તે દરેક ઉપર ઘેટું–બકરૂં–કુકકર અને કુકડું ભેરવવામાં આવે છે. આ બિચારાં નિર્દોષ પ્રાણીઓની ચીસો પણ કોઇ સાંભળતું નથી અને સઘળાઓ ધર્મના નામે ક્રૂરતા ચલાવ્યા જાય છે. વળી એજ મુલકમાં દશેરાને દિવસોએ સો સો બકરાંની હારો જમીન ઉપર સુવાડી તેમના ઉપર હાથી ચલાવવામાં આવે છે અમુક ધર્મ-ગુરૂઓ (?) ખાસ પર્વને દિવસે ચિત્તાનો વેશ લઇ, ચિત્તો જેમ બકરાંને ફાડી ખાય છે તેમ આ વેશધારી નર–વ્યાઘ્ર જીવતાં બકરાંને ફાડી નાંખે છે. કલકત્તાની કાળી માતામાં પુષ્કળ બકરાંઓનો ભોગ આપવામાં આવે છે. ( સ્થાન અને સ્વરૂપજ એવું ભયંકર લાગે છે કે દયાળુ માણસને અરેરાટ ઉપજ્યા વિના રહે નહિ. ) ત્રાવણકોરમાં માતાના મંદિરમાં એક કુકકરનો પગ બાંધી લટકાવવામાં આવે છે ને તેના પેટની તડબુચની માફક ડગળી કહાડવામાં આવે છે. અરે ! આટલે બધે દૂર જવાની શું જરૂર છે ? આપણી વચ્ચેજ—અનેક દયાપ્રધાન ધર્મના જાળાંઓથી ઢંકાએલ ધર્મઘેલા ગુજરાતની મુખ્ય રાજધાની ગણાતાં—જૈનપુરી કહેવાતાં—મહાજનનું નમુનેદાર બંધારણ ધારણ કરતાં પાટનગર અમદાવાદમાંજ ભદ્રકાળીની મૂર્તિ સમક્ષ પશુવધ કરવામાં આવે છે. ગયે વર્ષે બંધ કરવા કંઇક પ્રયાસ થયા છતાં પણ તે બંધ રખાઇ શકાયો નહોતો, ગરીબ બિચારાં પશુનું કમભાગ્ય !

આનો હેતું શું? લક્ષ્યાર્થ શું? શા માટે ઘાતકી રીતે ધર્મને નામે પશુવધ કરવામાં આવે છે? કોઇ જવાબ આપી શકશે ખરૂં ? આપ્ત પુરૂષ પ્રણીત શાસ્ત્રાધારે તેનું પ્રતિપાદન થઈ શકે એમ છે ? આપણને એક દિશામાંથી કહેવામાં આવે છે કે આ રીવાજ સશાસ્ત્ર છે અને પ્રાચીન ઋષિ મુનિઓ યજ્ઞ–વેદી ઉપર પશુઓનો આ રીતે વધ કરતા હતા, પરંતુ તેઓ મંત્રબળે તેમને પાછા સજીવન કરતા હતા. તકરારની ખાતર માનીએ કે આ હકીકત ખરી છે તોપણ શું આ કલિયુગના સમયમાં તેવી શક્તિ ધરાવનાર મહાત્મા પુરૂષો લભ્ય છે ? ન હોય તો પછી આવા ઘાતકી રીવાજો દેશકાળને અનુસરી બંધ કેમ ન કરવા જોઇએ ? વળી એમ પણ કહેવામાં આવે છે કે યજ્ઞ–વેદી ઉપર મરાયેલા પશુઓ મરી ગયા પછી તરતજ સ્વર્ગમાં જાય છે. આ હકીકત પણ તકરારની ખાતર કબુલ રાખીએ તો પછી એજ પ્રશ્ન થશે કે તમે તમારા ફરતા સગાની વાત તો દૂર રહી, કારણકે આવા નિર્દય રીવાજોને અનુસરનારા મનુષ્યોમાં ઉત્તમ પ્રકારનો ભ્રાતૃભાવ સંભવતોજ નથી, પરંતુ તમારા નજદીકના સગાને અને ખાસ કરીને પોતાના કાર્યથી સ્વર્ગ મેળવવાને જે અધિકારી નથી તેવા પાપકાર્યમાં પ્રવૃત્ત રહેલાઓને, ઓછી મ્હેનતે બલ્કે નહિ જેવી મ્હેનતે સ્વર્ગમાં મોકલવા પૂરતી ઉદારતા દર્શાવવા શું તૈયાર નથી ? આ રીતે પરમાર્થનો–પશુઓના હિતનો ડોળ રાખતાં મનુષ્યોને તો બીલકુલ ઉભા રહેવાનું સ્થાનજ જણાતું નથી. હવે સ્વાર્થને ખાતર પશુવધ કરનારાઓના સંબંધમાં વિચાર કરીએ. અત્ર કહેવું જોઇએ કે આ પ્રકારના

અનિષ્ટ રીવાજોમાં ઘણું કરી ' અંધેરી હાર ચલી જે દાતાર ' એ નિયમ અનુસાર, ગતાનુગતિકો લોકઃ એ સૂત્ર મુજબ વર્તન થતું જોવામાં આવે છે.

આ રીવાજ સશાસ્ત્રજ ગણવામાં આવતો હોય તો તે કદાચ લેભાગુ–ડોળઘાલુ ધર્મ શાસ્ત્રકારો તરફથી જીહવેંદ્રિયની લાલસા તૃપ્ત કરવાના હેતુથી તથા અન્ય રીતે સ્વાર્થ શોધવાના ઇરાદાથી આ રીવાજ સશાસ્ત્ર કેમ ઠોકી બેસાડવામાં આવ્યો ન હોય ? માંસભક્ષણની વિરૂદ્ધનાં શાસ્ત્રનાં ફરમાનો છતાં ઇન્દ્રિયો વશ ન રાખી શકનાર પંડિતોએ ધર્મને નામે પશુવધ માન્ય રાખી આ રીવાજને શાસ્ત્રમાં કેમ ઘુસાડી દીધો ન હોય ? અત્ર પરમ પૂજ્ય ધર્મશાસ્ત્રકારોના સર્વમાન્ય અહિંસામૂલક સિદ્ધાંતો તરફ આક્ષેપ કરવાની બીલકુલ વૃત્તિ નથી, પરંતુ સ્વાર્થાંધ પુરૂષોના અસત્ય ઉપદેશ તરફ આંખ મીચામણાં થઇ શકતાં નથી અને તેથીજ લખવાની જરૂર જણાય છે. ઘણીજ દિલગીરી સાથે લખવું પડે છે કે મરકી–મહામારિ–કોલેરા વગેરે દુષ્ટ ચેપી રોગો દેખાવ દેતાં તેને દેવીનો કોપ માની દેવીના સાન્ત્વન નિમિત્તે પશુયજ્ઞ કરવામાં આવે છે, પરંતુ વિચારક્ષેત્રમાં ગમે તેટલે દૂર પ્રયાણ કર્યા છતાં પણ ખ્યાલમાં આવી શકતું નથી કે ગમે તેવા ઉગ્ર સ્વરૂપની દેવી હોય છતાં પણ દેવીજ હોય તો પછી તેને ક્રોધ થવોજ શામાટે જોઇએ ?

ધારો કે દેવીની માનદશા ખંડિત થતાં, જાણ્યે અજાણ્યે આપણા તરફથી તેનું અપમાન થતાં દેવીને સકળ કર્મમુક્ત સ્થિતિમાં ન હોવાથી ક્રોધ થયો તોપણ ક્રોધની શાન્તિ માટે કેવા ઉપાયો યોજાવા જોઇએ ? આ બાબતમાં ખાસ વિચાર કરવાની જરૂર નથી ? આ પહેલાં એમ પણ જોવાની જરૂર છે કે કોપાયમાન થતી દેવીની દુષ્ટ રોગોનો પ્રચાર વધારવામાં શક્તિ કેટલી ? આ સુધારાના જમાનામાં પદાર્થવિજ્ઞાન શાસ્ત્રની પ્રસિદ્ધ સંપૂર્ણ શોધો પ્રકાશ પાડવા તત્પર છે એવી સ્થિતિમાં આવા કષ્ટસાધ્ય ચેપી રોગોનો પ્રચાર દેવીના કોપને કોઇ પણ અંશે આભારી નથી એમ પ્રતિપાદન કરવાની તેમજ દેવીના સાન્ત્વન માત્રથીજ, આરોગ્ય વિદ્યાના મુખ્ય નિયમો પ્રમાણેના સાધનોની યોજનાના અભાવે આ રોગો કોઈ કાળે પણ તેની વિપાકસ્થિતિ પરિપકવ થયા વગર મટી શકવાના નથી એમ સાબીત કરવાની તસ્દી લેવાની મુદ્દલ જરૂર જણાતી નથી. પાપકાર્યમાં–ક્રૂર, નિર્દય રીવાજમાં–પ્રવૃત્તિ કર્યાથી, અવાચક પ્રાણીઓનો વધ કરવાથી રોગની શાન્તિ થાય કે વૃદ્ધિ ? તેવાં કાર્યોથી દેવીએ પ્રસન્ન થવું જોઇએ કે કોપાયમાન ! આકાશ પુષ્પવત્ દેવીનો કોપ થવો એ અસંભવીતજ કેમ ન ગણવું ? ક્રોધવશ થાય તો પછી દેવી પૂજ્યજ શામાટે ગણાવી જોઇએ ? ક્રોધ–માન–માયા– લોભ આદિ કષાયો- દુર્ગુણો ઉપર જીત મેળવનારા, શાંતરૂપ ધારક શાન્તિદાતા મહાત્મા પુરૂષો– દેવો–દાનવો કે જેઓ પોતાને કેસર–ચંદન–પુષ્પ આદિથી પૂજા કરનારાઓ તરફ તેમજ પોતાના ઉપર પથર ફેંકનારા તરફ સમદષ્ટિથીજ જુએ છે, તેઓજ પરમ પૂજ્ય–સત્કારપાત્ર ગણાવા જોઇએ. આપણા અશુભ કાર્યનું–તેમના પ્રત્યેના અપમાનનું ફળ તેઓએ આપણને ચખાડવુંજ જોઇએ તેવી રીતની તીવ્ર અભિલાષાનો તેમનામાં અયોગ્ય આરોપજ આપણે શામાટે કરવો જોઇએ ? નિત્ય જ્ઞાનાનંદમાં લીન રહેવાની તેમની પરમ આદરણીય સ્થિતિને કોઇ પણ પ્રકારની બાધા શું કામ પહોંચાડવીજ જોઇએ ?

તકરારની ખાતર, વધારે વાદવિવાદમાં ન ઉતરતાં–તર્કવિતર્ક નહિ કરતાં, માનીયે કે દેવીને પશુના ભોગની અપેક્ષા છે, તો પછી સર્વ શક્તિમતી દેવીએ પોતાની મેળેજ–આપો-

આપ ભોગ કેમ ન લઇ લેવો કે જેથી આપણે હાથે આવું ઘાતકી કામ કરવાની જરૂર રહે નહિ. આટલા પૂરતી માત્ર શકિતનું દેવીમાં આરોપણ કરવામાં શું અયોગ્ય ? આ દેવીને પ્રસન્ન કર્યાથી શું આત્મિક લાભ પ્રાપ્ત કરી શકાય ? અન્ય દેશોમાં આવા પ્રકારના ચેપી રોગો ફાટી નીકળે છે કે કેમ ? અને ફાટી નીકળતા હોય તો તેનું નીવારણ કેવી રીતે કરવામાં આવે છે ? આ વિષયમાં ઐતિહાસિક અભ્યાસ આપણને શું શીખવે છે ? ધર્મ કરતાં ધાડ પડવા વારો આવવાજ શામાટે દેવો જોઇએ ? આવા પ્રકારના વ્હેમો રાખી અજ્ઞાનીની ગણનામાં કયાં સુધી રહીશું ? ધર્મને નામે થતું એવું કયું કાર્ય કબુલ રાખી શકાય કે જેથી અનેક પ્રાણીઓને ઘણીજ નિર્દય રીતે મૃત્યુ શરણ કરવામાં આવે.

અહિંસા પરમો ધર્મના સિદ્ધાંતને અક્ષરશઃ માન્ય ગણનારી પરમ દયાળુ હિંદુ સમાજમાં આવા રીવાજોને સ્થાનજ શા માટે મળવું જોઇએ ? કદાચ અજ્ઞાનદશામાં તેવા રીવાજો દાખલ થઇ ગયા તો પછી તેને નાબુદ કરવા માટે કટીબદ્ધ શામાટે થવું નહિ ? અન્ય પ્રાણીઓ તરફ મૈત્રીભાવ રાખી તેમને સહાય કરવી તો દૂર રહી પરંતુ તેમનું બુરામાં બુરૂં અહિત કરી શત્રુની ગરજ શું કામ સારવી ? "પપા પાપ ન કીજીએ, પુણ્ય કીયું સો વાર" એ શું શીખવે છે ? પૂણ્યકાર્યમાં-ધર્માદાકાર્યમાં લાખો રૂપૈયા ખરચવાનું તો માત્ર દ્રવ્યવાનથીજ થઇ શકશે, પરંતુ જીવદયા પાળવાનું-જયણાથી-યતનાથી વ્યવહારકાર્યમાં પ્રવૃત્ત રહેવાનું તો ગરીબમાં ગરીબ માણસથી પણ સારામાં સારી રીતે થઇ શકશે. આ કલિયુગના સમયમાં-પ્રવૃત્તિપરાયણ જમાનામાં વિશેષ સાવચેતીથી જીવદયા પાળવાની આવશ્યકતા જણાય છે. આ વિષયમાં વધારે સારૂં ફળ મેળવવાની આકાંક્ષા દયાના ભંડાર, કૃપાના સાગર પૂજ્ય ધર્મગુરૂઓજ પૂર્ણ કરી શકે એમ છે. ધાર્મિક ઉપદેશની અમીવૃષ્ટિ જ એવી થવી જોઇએ કે અનેક પ્રાણીઓ આપણાથી નિર્ભયતા મેળવી શકે. **यत्र यत्र धर्मः तत्र तत्र हिंसाभावः** એવું અબાધિત પ્રમાણ માન્ય રહેવું જોઇએ. અજ્ઞાની-ગામડીયા-ભોળા જીવોને તેમની અંધશ્રધ્ધામાંથી, વ્હેમમૂલક અજ્ઞાનદશામાંથી જાગ્રત કરવાની જરૂર છે. આત્મ તત્ત્વ તરફ વલણ થશે એટલે આવા ક્રૂર રીવાજોની હૈયાતી તેઓ સ્હેજે સમજી શકશે. મુમુક્ષુ જીવોની વૃત્તિઓજ ઉમદા પ્રતિતી હોય છે.

ઉપર જણાવેલા દ્રવ્યયજ્ઞ તરફ, ભવભીરૂ પુરૂષોનો, **पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननीजठरे शयनम्** એ પાદથી શરૂ થતા શ્લોકોનું વારંવાર સ્મરણ કરતા મનુષ્યોનો આદરભાવ હોતોજ નથી. જીવહિંસાના અધમ કાર્યને તેઓ ધિક્કારની નજરથીજ જોતા હોય છે અને તેથી તેઓ પરમાર્થદ્રષ્ટિથી જે યજ્ઞનો-કલ્યાણકારી ભાવયજ્ઞનો સત્કાર કરે છે તે તેમનો ભાવયજ્ઞ-અગ્નિકારિકા આ નીચેના શ્લોકમાં જણાવ્યા પ્રમાણે ઘણા ઉંચા પ્રકારનો હોય છે.

कर्मेन्धनं समाश्रित्य दृढा सद्भावनाहुतिः ।
धर्मध्यानाग्निना कार्या दीक्षितेनाग्निकारिका ॥

**ભાવાર્થ**—સદ્ભાવના રૂપી આહુતિ જેની મજબુત દ્રઢ છે તેવા સાધુ પુરૂષે કર્મરૂપી કાષ્ઠને આશ્રયીને ધર્મધ્યાનરૂપી અગ્નિ વડે અગ્નિકારિકા કરવાની છે. પશુપ્રતિ દાખવી, પ્રાણીઓનો ઘાત કરવાના દ્રવ્ય-યજ્ઞમાં પ્રવૃતિ કરવાથી શું લાભ ? તેથી તો આત્મગુણો ઉજ્જવળ થવાને બદલે ઉલટા મલિન થશે અને મનુષ્યને અધોગતિમાં વારંવાર દુઃખ સહન કરવા જવું પડશે.

( અપૂર્ણ )

# નિર્વેદ.

આ જૈન શાસનમાં સમકીત એ સર્વ સંપદાનું નિધાન, સર્વ ગુણ પ્રાપ્તિ કરાવવામાં પ્રધાન અને સર્વ ધર્મકૃત્યો કરાવવામાં નિદાન ( મુખ્ય કારણ ) છે. તે ( સમકીત )નાં સમતા, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય એ પાંચ લક્ષણો કહેલાં છે. તેમાં નિર્વેદ કે જે અત્ર પ્રસ્તુત વિષય છે તે સમકીતનું ત્રીજું લક્ષણ છે. આ સંસારને એક કેદખાના માફક જાણીને તેનો ત્યાગ કરવાની બુધ્ધિ જેના હૃદયમાં થાય છે તેને નિર્વેદ ( ભવ ઉપર વૈરાગ્ય ) વાળો કહેલો છે. દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી જે કામભોગો છે તેને વિષે નિર્વેદ વડે વિરક્તભાવ પામવાથી જીવને સંસારના સર્વ વિષયો ઉપર વૈરાગ્ય આવે છે. આમ થવાથી તે આરંભપરિગ્રહનો ત્યાગ કરે છે. આરંભપરિગ્રહનો ત્યાગ કરવાથી તેને સંસારમાર્ગની વૃદ્ધિ થતી અટકે છે, અને તેથી તે મોક્ષ પામે છે.

નિર્વેદનું પરિપાલન કરવાથી **હરિવાહન** રાજર્ષિ કેવી રીતે સર્વાર્થસિદ્ધ વિમાને દેવતા થયા અને ત્યારપછી મોક્ષપદ પામશે તે આ પ્રબંધથી માલૂમ પડશે.

## હરિવાહન પ્રબંધ.

ભોગાવતી નગરીમાં **ઇંદ્રદત્ત** નામનો રાજા હતો. તેને **હરિવાહન** નામનો પુત્ર હતો. **હરિવાહન**ને એક સુતારના અને એક શેઠના પુત્ર સાથે ખરેખરી મિત્રતા થઈ હતી. તેઓની સાથે આ રાજકુમાર સ્વચ્છંદપણે ક્રીડા કરતો હતો, તેથી **ઇંદ્રદત્ત** રાજાએ તેને એક વખત ન કહેવા લાયક વચનો કહીને તેને તર્જના કરી. રાજકુમારને મનમાં ઘણું દુઃખ લાગ્યું અને તે સહન નહીં થઇ શકવાથી એકાએક મુસાફરીએ જવાનો વિચાર પોતાના મિત્રોને નિવેદન કર્યો. ત્યારે પોતાના માતપિતા, પરિવાર અને ઋદ્ધિનો ત્યાગ કરી મિત્રતાના સ્વભાવથી બન્ને જણા **હરિવાહન**ની સાથે પરદેશ જવા નીકળી પડ્યા. જતાં જતાં એક જંગલમાં જઇ પહોંચ્યા. ત્યાં એક મદોન્મત હાથી પોતાની સુંઢ ઉછાળતો ઉછાળતો જાણે પકડવાજ આવતો હોય તેમ તેમની સામે દોડી આવતો તેઓએ જોયો. તેના ડરથી સુતારનો અને શેઠનો પુત્ર કાગડાની પેઠે ત્યાંથી નાશી ગયા; પણ મહાપરાક્રમી **હરિવાહન** તો કંઈ ડર પામ્યો નહિ. તેણે સિંહનાદ કરી હાથીનો મદ ઉતારી નસાડી મૂક્યો. પછી એ મિત્રની શોધ માટે નીકળ્યો, પણ તેમનો કાંઇ પત્તો મળ્યો નહિ.

આગળ ચાલતાં કમળોની સુગંધીથી, ભ્રમરોના ગુંજારવથી અને નિર્મળ જળથી શોભાયમાન એક સરોવર તેના જોવામાં આવ્યું. ત્યાં જરા વિશ્રામ લઇ, સ્નાનાદિક કરી પોતાનો થાક નિવારી આમ તેમ જોતાં ઉત્તર દિશા તરફ એક બાગ તેના જોવામાં આવ્યો. કૌતુક જોવામાં ખરેખરી પ્રીતિ ધરાવનાર આ રાજકુમાર તે બાગમાં ગયો. ફરતાં ફરતાં બાગનાં મધ્ય ભાગમાં કમળથી સુશોભિત એક મોટી વાવ તેના જોવામાં આવી. તેમાં ઉતરી જોતાં ત્યાં કંઇક બારી બારણાં જોવામાં આવ્યાં, તેથી તેની અંદર પ્રવેશ કરી જરા આગળ વધ્યો, એટલે એક યક્ષનું મંદિર જોવામાં આવ્યું. ત્યાં પહોંચ્યો એટલામાં રાત પડી ગઇ તેથી ત્યાંજ સુઈ ગયો. રાત્રે પગમાં પહેરેલાં ઝાંઝરોના ઝમકારથી અને હાથમાં પહેરેલાં કંકણના અવાજથી આખા આકાશમંડળને શબ્દાયમાન કરતી કેટલીક એક અપ્સરાઓ

ત્યાં આવી, યક્ષની આગળ નાટક અને વાજીંત્રો સહિત ગાયનો કરી થાકી જવાથી પોતાના પહેરેલાં દેવતાઈ નારીકુંજર જેવાં અતિ સૂક્ષ્મ વસ્ત્રો ત્યાંજ ઉતારી વાવડીમાં મરજી માફક સ્નાન કરવા પડી. હરિવાહન જે તુરતજ જાગી ઉઠયો હતો તે એક ખૂણામાં બેસી આ બધું કૌતુક જોયાંજ કરતો હતો. જ્યારે તે અપ્સરાઓ પોતાનાં વસ્ત્ર ઉતારી વાવમાં સ્નાન કરવા પડી ત્યારે લઘુલાઘવી કળાથી ત્યાંથી ઉઠી તે સર્વેનાં વસ્ત્રો લઈ મંદિરમાં પેસી જઇ દરવાજા બંધ કરી અંદરના ભાગમાં બેસી રહ્યો.

અપ્સરાઓ સ્વચ્છંદપણે જળક્રીડા કરી બહાર આવી જુએ છે તો ત્યાં વસ્ત્ર દીઠાં નહિ તેથી તેઓ ઉદાસ થઇ અને બોલવા લાગી કે કોઇક માણસ આપણાં વસ્ત્રો ચોરીને મંદિરમાં પેઠો છે. જ્યારે તેને આપણાં વસ્ત્ર લેતાં બીક લાગી નહીં ત્યારે તે ઘણો હોશિયાર હશે પણ દંડ કરવા લાયક નહીંજ હોય. કોઇ સામાન્ય માણસની અહીં આવી શકવાની અને આપણાં વસ્ત્રો લઈ લેવાની હિંમત ચાલી શકે તેમ નથી, તેથી તે ખરેખર કોઇક ભાગ્યશાળી અને સાત્ત્વિકજ હોવો જોઇએ. તેવા માણસની સાથે અકસ્માત્ વિરોધી તકરાર ઉઠાવવી યોગ્ય નથી. માટે એની આપણે શાંત વચનો વડેજ આપણાં વસ્ત્રો મેળવવાને યુક્તિ કરવી એજ ઉચિત છે. આવો વિચાર કરી તેઓ કહેવા લાગી કે, અરે નરોત્તમ, ભાગ્યશાળી અને સાત્ત્વિક શૂરવીર પુરૂષ! અમારાં વસ્ત્રો તમો કેમ લઇ બેઠા છો? આ શું સારા માણસનાં લક્ષણ છે? આ શબ્દો સાંભળીને અંદર રહેલો હરિવાહન બોલ્યો કે, જે આકાશમાં પણ ગમન કરી શકે છે એવો પવન તમારાં વસ્ત્રો લઇ ઉડી ગયો હશે; માટે જો તમારે વસ્ત્ર જોઇતાં હોય તો આકાશે જઇ પવનને પ્રાર્થના કરો એટલે તમને ત્યાંથી તે મળી આવશે. આવાં વચનો સાંભળીને અપ્સરાઓ હસવા લાગી અને બોલી કે, વાહરે! વસ્ત્ર હરણ કરી અંદર પેઠા છો અને વળી બીજા કોઈ ઉપર ઢોળી પાડો છો? શું તમો પણ પવન જેવા હલકા છો? અંદરથી તેણે ઉત્તર આપ્યો કે હું તેવો નથી, પણ તમને કહું છું કે કદાચ તમારાં વસ્ત્રો પવન હરી ગયો હોય. તેઓ બોલી કે તમેજ વસ્ત્રોના હરનારને પવન કહી બોલાવો છો અને વસ્ત્રો હરનાર તમેજ છો, ત્યારે શું? તમે પવનની પેઠે ઉડી શકો છો? જો એમ હોય તો તમે એક વખત અમારા પ્રત્યક્ષ થઇ આકાશગમન કરો જોઇએ? આ પ્રમાણે કેટલાક પ્રશ્નોત્તર થયા બાદ અપ્સરાઓ બોલી કે અમે દેવાંગનાઓ છીએ. આ યક્ષની ભકિત અને માનસિક વિનોદ કરાવનારી ક્રીડા કરવા અમે અહીં આવેલ છીએ. અમારા વિનોદના વખતમાં તમે સારી તક મેળવી છે. આથી અમે નારાજ થયાં નથી, પણ ખુશી થયાં છીએ. પરંતુ તમારી આટલી હોશિયારી જોઇ તમારા ઉપર અમે તુષ્ટમાન થયાં છીએ. અમારા દર્શનથી તમે અને તમારા દર્શનથી અમે આનંદિત થઇશું; માટે હે સાત્ત્વિક શિરોમણિ, હવે બસ થયું. તમે દરવાજો ઉઘાડી અમારાં વસ્ત્રો અમોને આપી દ્યો, એટલે ઘણી ખુશીની સાથે અમે ચાલ્યાં જઇશું. શું ભાગ્યશાળી પુરૂષોને આટલી ક્રીડા બસ નથી? આટલું સાંભળતાંજ તેણે તરતજ દરવાજો ઉઘાડી તેઓનાં વસ્ત્રો તેમને આપી દીધાં. આથી અપ્સરાઓ બહુ ખુશી થઈ ગઇ એટલુંજ નહીં પણ તેના ઉપર પ્રસન્ન થઇ તેઓએ એક અમોઘ (જેનો ઘા ખાલી જાય નહીં તેવું) ખડ્ગ (તરવાર) રત્ન અને એક કંચુકરત્ન આપી અરસપરસના દર્શનથી પોતાની ખુશાલી બતાવી.

અતિશય આનંદિત વચનોનાં ઝરતા અમ્રતરૂપ વરસાદથી સ્નેહાંકુરને પ્રગટ કરતાં કામ પ્રસંગે મળવાની સૂચના કરતાં છુટાં પડી આકાશમાર્ગેથી જેમ આવી આવી હતી તેમ પાછી ચાલી ગઈ. આ વિનોદમાં હરિવાહનની રાત્રી વ્યતિત થઇ ગઇ.

પ્રાતઃકાળ થતાં તે ત્યાંથી આગળ ચાલ્યો. જતાં જતાં જેમાં કોઇ પણ માણસ દીઠામાં ન આવતું હોય તેવું એક શુન્ય નગર તેના જોવામાં આવ્યું. કૌતુકના મિષથી અંદર જોવા ગયો, ત્યાં વચલા ભાગમાં એક મોટો રાજમહેલ દીઠો. તેમાં દાખલ થઇ સાતમે માળે ચઢ્યો ત્યાં કમળનાં જેવાં લોચનવાળી એક કન્યા તેના જોવામાં આવી. તેને દેખતાંજ તેના મનમાં વિચાર આવ્યો કે “ હું ધારું છું કે વિધાતાએ આ કન્યાને બધાથી પહેલીજ બનાવી છે, અને તે જ્યારે જેવી જોઇએ તેવી બની આવી છે ત્યારે બીજી કોઇ પણ સ્ત્રીને બનાવવી હોય ત્યારે તો આ નમુનો જોઈ બનાવીશ, એવું ધારી હજી લગણ આને ‘ એક નમુનો જોવા બદલજ ’ રાખી મૂકેલી છે. ” આવું ધારી તેની પાસે ગયો. તેણે તેને આવકાર આપ્યો એટલુંજ નહીં પણ તેને એક આસન ઉપર બેસાડી પોતે જાણે મહા અફસોસમાં હોય તેમ ઉભી રહી. તેની આવી સ્થિતિ જોઇને રાજકુમાર બોલ્યો કે આવા હર્ષના પ્રસંગે પણ એવું શું અફસોસનું કારણ છે કે આટલા બધા ઉંડા વિચારમાં પડી ગયાં છો ! આના જવાબમાં તેણે જરા મોં મલકાવીને કહ્યું કે તમે તો ભાગ્યશાળીજ હશો અને હું પણ જ્ઞાની ન ભૂલાવે તો ખરેખર ભાગ્યશાળીજ હોઇશ, પરંતુ મારી તુચ્છ બુદ્ધિથી હું વિચારમાં પડી ગઇ છું. પ્રિય ! ધૈર્યધુરંધર ! હું મારી વીતક વાર્તા કહી સંભળાવું તે જરા ધ્યાન દઇને સાંભળશો તો તે બધી બીના આપના સમજવામાં આવશે.

હું વિજયપુરના **વિજય** નામે રાજાની **અનંગલેખા** નામની કન્યા છું. એક વખત હું મારા મહેલના ગવાક્ષમાં ઉભી રહી નગરચર્યા જોતી હતી, તેવામાં એક આકાશમાર્ગે જતા વિદ્યાધરે મને જોઇ, તેથી મારા ઉપર મોહિત થઈ તેણે તરતજ “ બુમો પાડતી મને ” ત્યાંથી હરણ કરી અહિંઆ લાવી આ નવી રાજધાની બનાવી તેમાં મને એકલી મૂકી હું તેને પરણવાને રાજી નહીં છતાં જબરજસ્તીથી મારૂં પાણિગ્રહણ કરવા સારૂ પરણવાની સામગ્રી લેવા ગયો છે તે હમણાં અહીં આવશે. અફસોસ થવાનું કારણ એજ છે કે મને પહેલાં એક જ્ઞાની મળ્યા હતા. તેમણે સ્પષ્ટ કહેલું કે તારો ભર્ત્તા **હરિવાહન** થનાર છે. છતાં આ વિદ્યાધર મને પરણશે તો એ જ્ઞાનીનાં વચનમાં વિસંવાદતા આવશે. જ્ઞાનીનાં વચન કોઇ દિવસ જુઠાં પડે નહીં, છતાં આમ કેમ બનવા બેઠું છે ! જોઇએ છીએ કે હવે શું થાય છે. ત્યારે રાજકુમાર બોલ્યો કે શું એમજ છે ? ત્યારે તો હવે આવવા દે એને, અને જોઇ લે મારા હાથ ! કેવી ઝડપથી હું તેને જીતી લઉં છું. તે કુંવરી બોલી કે શું તમેજ **હરિવાહન** છો ? તેણે કહ્યું, હા. તેથી કુંવરી પ્રમોદમાં આવી જઇ બોલી કે આહા ! શી આનંદની ઘડી ! એટલામાં ત્યાં વિદ્યાધર આવી પહોંચ્યો. કુમારને દેખતાંજ કોપાયમાન થઇ તેના ઉપર ધસી પડ્યો, પણ કુમારે તેને એવો હાથ બતાવ્યો કે તે વખતે તો તે દબાઇ ગયો; પરંતુ વિદ્યાસંપન્ન હોવાથી ફરીથી તેણે કંઈ પોતાનું બળ અજમાવવા માંડ્યું, એટલામાં તો રાજકુમારે તરતજ પોતાનું અમોઘ ખડ્ગરત્ન ચલકાવી દેખાડ્યું, તેથી વિદ્યાધરનાં તો ગાત્રજ નરમ પડી ગયાં અને ગળગળો થઈ બોલી ઉઠ્યો કે સાહસિક શિરોમણિ વીર પુરૂષ ! ધન્ય છે તને. તું જો આ સ્ત્રી માટેજ પોતાનું બળ મારા ઉપર અજમાવતો હો

તો આ તારા સાહસિકપણાથી તુષ્ટમાન થઈ આ સ્ત્રી તનેજ બક્ષીસ કરૂં છું એટલુંજ નહીં પણ આ મારૂં વસાવેલું નગર પણ તનેજ સમર્પણ કરી વસ્તીથી ભરપૂર કરી આપું છું. તું બેલાશક અહીંઆજ રહી યથેચ્છ સુખ ભોગવ, એમ કહી તેમજ કરી આપ્યું.

**હરિવાહન અનંગલેખાની** સાથે લગ્ન કરી ત્યાંજ રાજધાની સ્થાપી અપ્સરાઓએ આપેલું કંચુકરત્ન તે(અનંગલેખા)ને આપી તેની સાથે અત્યંત ખુશીથી દિવસો ગુજારવા લાગ્યો. એક વખતે તે પોતાની પટરાણીને સાથે લઈ ઉષ્ણ કાળના દિવસો હોવાથી નર્મદા નદીના કીનારા ઉપર જઈ ક્રીડા કરવા આવ્યો. ત્યાં એકાંત સ્થાન રચી રાજા જળમાં ઉતર્યો ત્યારે પોતાનાં બીજાં ઉત્તમ વસ્ત્રોની સાથે કંચુકરત્ન કીનારા ઉપર મૂકી રાણી પણ રાજાની સાથે જળક્રીડા કરવા ઉતરી પડી. તે વખતે પદ્મરાગ રત્નોથી ઝળકતા કંચુકરત્નને માંસની ભ્રાંતિથી એક મત્સ બહાર આવી, ગળી જઇ જળમાં પેસી ગયો. કીનારા ઉપર રહેલા જનમંડળે તેને જોયો ખરો, પણ તે એટલી તો ઝડપથી ચાલ્યો ગયો કે કોઈ તેને પકડવા સમર્થ થયું નહીં. આથી રાજા રાણી ઘણોજ અફસોસ કરવા લાગ્યાં; પરંતુ ભાવી આગળ કોઇનું પ્રબળ ચાલી શકતું નથી. પાણી વાટે ફરતો ફરતો તે મત્સ બેનાતટ નગર સમીપે ગયો. ત્યાં તે કોઇક માછીની જાળમાં પકડાયો. તેના પેટમાંથી તે કંચુકરત્ન રત્નમય હોવાથી તેવુંજ ઝળકતું નીકળી આવ્યું, તે જોઇ માછીએ પોતાના મનમાં વિચાર કીધો કે આ કંચુક હું મારી સ્ત્રીને પહેરાવું અગર ઘરમાં રાખુ તો તે જાહેર થતાં હું ચોર ઠરૂં એટલુંજ નહીં પણ કોઇક વખત માર્યો જઉં, માટે આ ગામના રાજાનેજ ભેટ આપી ઇનામ મેળવવું એજ યોગ્ય છે. આવું ધારી તેણે તે કંચુકરત્ન તે ગામ ( બેનાતટ ) ના રાજાને ભેટ કરી સારૂં ઇનામ મેળવ્યું. આ કંચુક દેખતાંજ દંગ થઇ જઈ પોતાના મનમાં મોહ ઉત્પન્ન થવાથી રાજા મનમાં વિચારવા લાગ્યો કે અહો આ શ્ચર્ય ! આ આખા જગતને મોહ પમાડનારી કામિની ( સ્ત્રી ) ક્યાં છે ! કે જેનો પહેરવાનો કંચુક પણ મારૂં મન હરી લે છે; ત્યારે આની પહેરનારી તે કેવી મોહનગારી હશે ? હા, હા, હવે એ મને શી રીતે અને ક્યારે મળી શકશે ? એવી રીતે રાજા ચિંતામાં પડયો અને તેનામાં એટલો બધો લીન થઇ ગયો કે પોતાના ખાનપાન અને રાજ્યકારોબારમાં પણ કાંઇ ભાન રહ્યું નહીં. આવા વખતે બુધ્ધિવાન દીવાને આવી પૂછ્યું કે મહારાજ, આતે તમોને શું થઇ ગયું છે કે ભાનભૂલા જેવા બની બેઠા છો ? રાજાએ કહ્યું કે જો મને જીવતો રાખવા ચહાતા હો તો સાત દિવસની અંદર મને આ કંચુક પહેરનારી સ્ત્રીનું નામ, ઠામ, ઠેકાણું વગેરે મેળવી આપજો. દીવાને રાજ્યની અધિષ્ટાતા દેવીનું આરાધન કરવાથી દેવી પ્રગટ થઈ બોલી કે શામાટે મારૂં આરાધન કર્યું છે ? દીવાને કહ્યું કે આ કંચુકની પહેરવાવાળી સ્ત્રી રાજાને લાવી આપો નહીં તો તે ખચીત મરણજ પામશે. દેવીએ જણાવ્યું કે તું રાજાને એવી રીતે સમજાવ કે કદાપિ સૂર્ય પશ્ચિમમાં ઉગે, ચંદ્રમાં અગ્નિ ઝરે, પરંતુ આ સતી પોતાનું શીલ પ્રાણાંત થાય તોપણ છોડનાર નથી. જયારે આ રાજાને આ વાતનો ખરેખરો હઠ છે તો હું તેણીને લાવી આપું છું. પરંતુ હવે પછી આ કામ માટે કદી પણ તારે મને બોલાવવી નહીં. આ પ્રમાણે કહી રાજ્યની અધિષ્ટાતા દેવી તરતજ **હરિવાહન** રાજાને ત્યાં જઇ સુતેલી અનંગલેખા રાણીને લઈ આવી, અને રાજાને સમર્પણ કરી અંતર્ધ્યાન થઇ ગઇ. રાજા તેને જોઇને અગાઉના કરતાં પણ વધારે લટ્ટુ

જેવો બની ગયો, અને પોતાની ધણીઆણી થવા તેણીની ઘણી ઘણી પ્રાર્થના કરી પણ તેણીએ તેનું વચન માન્ય કર્યું નહીં એટલુંજ નહીં પણ બોલી કે હે રાજા, તારે મારાથી દૂર રહેવું. હું મારા પ્રાણ તને આપીશ પણ મારૂં શીર કદાપિ હું ખંડન કરનાર નથી. રાજાએ વિચાર કર્યો કે સ્ત્રીનો મૂળ સ્વભાવજ છે કે મુખે નાકારો કરવો અને વળી એકાએક તેના પતિનો વિયોગ થયો છે તેથી હાલ એને છેડવી નહીં. એ મારા તાબામાં છે તો ક્યાં જવાની છે, ધીમે ધીમે બધું સારૂં થશે. આવો વિચાર કરી તેમાં ખાનપાન અને સ્થાનની સારી રીતે ગોઠવણ કરી ઘણી ઘણી દાસીઓની વચ્ચે તેને રાખી; છતાં પણ આ રાણી તો નિરંતર પોતાના પતિનું ઇષ્ટદેવની પેઠે સ્મરણ કરે છે, જરા માત્ર પણ વિસરતી નથી.

**હરિવાહન**ના જે બે મિત્રો તેનાથી વિખુટા પડેલા હતા તેઓ બન્ને ફરતા ફરતા એક મોટા જંગલ માં જઇ પહોંચ્યા. ત્યાં વાંસની જાળ વચ્ચે કોઇ એક માંત્રિક વિદ્યા સાધન કરતો હતો, તેની પાસે તેઓ જરાવાર ઉભા રહ્યા. એટલામાં તે સાધક પુરૂષ ઉભો થઇ પ્રણામ કરી તેમને કહેવા લાગ્યો કે ભાગ્યશાળી પુરૂષો ! તમો અહીં આવી પહોંચ્યા તે ઘણું સારૂં થયું. જો તમો મારા ઉત્તર સાધક થઇ રહો તો કેટલાક દિવસથી કરવા માંડેલું પણ હજી સુધી સિદ્ધ નહીં થયેલું મારૂં કાર્ય તમારા પસાયથી સિદ્ધ થઇ શકશે. એટલો મારા ઉપર ઉપકાર કરો. તેઓએ હા કહી, તેથી તેઓના ઉપરીપણા હેઠળ મંત્રવાદી પોતાના વિદ્યા સાધન કરવા લાગ્યો. સારા ભાગ્યે તેની વિદ્યા તરતજ સિદ્ધ થઇ ગઇ. તેથી તેણે ખુશી થઇ અદ્રશ્ય થવાનું અર્જન, શત્રુસૈન્યમોહ અને આકાશગમન કરી શકે એવું વિમાન બનાવવાની શકિત એવી ત્રણ સિદ્ધ વિદ્યાઓ આપી તેઓને ઉપકૃત કર્યા. ત્યાંથી ફરતા ફરતા આ બન્ને મિત્રો બેનાતટ નગરે આવી પહોંચ્યા. ત્યાં કોઇ એક સિધ્ધ પુત્રના તરફથી તેઓના જાણવામાં આવ્યું કે આ નગરના રાજાએ જે સ્ત્રીનું હરણ કરાવી મંગાવી છે તે **હરિવાહન** રાજાની પટરાણી છે. આવું સાંભળી તેઓ પોતાના મિત્ર **હરિવાહન** તથા તેની સ્ત્રીના વિયોગનું દુઃખ દૂર કરવા માટે અદ્રશ્ય અંજન કરી **અનંગલેખા** પાસે ગયા. ત્યાં તેણીને પોતાના પતિની છબીની સામેજ નજર રાખી બેઠેલી જોઇ તેના હાથમાંથી તેઓએ તે છબી છીનવી લીધી. તેથી તે બોલી ઉઠી કે, હે દૈવ ! મેં તારો શો અપરાધ કર્યો છે કે જેથી મારા પતિની એક ચિત્રેલી છબી પણ હરી લે છે ? શું તું જાણતો નથી, કે એમ કરવાથી આ **અનંગલેખા** પોતાના પ્રાણ આપી દેશે ? હું આત્મઘાત કરૂં તેથી પણ તું શું બીતો નથી ? પછી તેઓએ તેને તે છબી પાછી આપી શાંત પાડી, પોતાના આગમનની હકીકત કહી સંભળાવી, એટલુંજ નહીં પણ પોતાની ઓળખાણ પણ જણાવી આપી. તેણી પોતાના પતિના મિત્રો જાણી તેમની પાસે લજ્જાપૂર્વક બોલી કે તમે મારા દીયર થાઓ છો અને આવા વખતે સહાયક થવા આવી પહોંચ્યા છો તેથી ખચીત માનું છું કે હવે હું આ શોકસાગરમાંથી મુક્ત થઇશ. તમારાં દર્શન માત્રથી આનંદ થયો તો પરિણામે કેમ નહીં થાય ? ત્યાર પછી તેઓ બન્ને તેની સાથે કંઇક મસલત કરી છુટા પડી મંત્રવાદી બનીને રાજાને મળ્યા. રાજાએ તેમનો સત્કાર કર્યો. તેઓએ રાજાને પ્રાર્થના કરી કે અમારા લાયક કંઇક કાર્ય બતાવશો ત્યારેજ અમારી મંત્રવિદ્યાનો ખરેખરો અનુભવ આપને થશે. આ ઉપરથી રાજાએ તેમને એકાંતમાં લઇ જઇ કહ્યું કે આ **અનંગલેખા** જ્યાં સુધી જીવે ત્યાં સુધી મારા તાબામાં રહે એવો કંઇક ઉપાય કરો. તેઓએ રાજાને

ચૂર્ણ આપ્યું અને જણાવ્યું કે તેનું તિલક કરી તમે તેણીની પાસે જશો કે તરતજ તે તમારે સ્વાધીન થઇ જશે. રાજા ચૂર્ણનું તિલક કરી તેની પાસે ગયો. તે દેખી **અનંગલેખાએ** (મંત્રવાદીઓની સાથે મસલત કરેલી હોવાને લીધે) તેને આવકાર આપ્યો, એટલુંજ નહીં પણ એવો ગાઢ સ્નેહ બતાવ્યો કે રાજા તેણીની પાસે સાંસારિક સુખ ભોગવવાની પ્રાર્થના કરવા લાગ્યો. તેથી તેણીએ જવાબ આપ્યો કે મહારાજ ! હું આપને સ્વાધીનજ છું એમ આપે સમજવું; પણ અષ્ટાપદની યાત્રા કરવાનો મારે અભિગ્રહ છે તે પૂરો થયા બાદ હું તમારા મનોરથ પૂરા પાડીશ.

કામાંધ બનેલા રાજાએ આ બન્ને મંત્રવાદીઓને બોલાવી કહ્યું કે એ રાણીને અષ્ટાપદ તીર્થની યાત્રા તમે કરાવી આવો. તેઓએ જણાવ્યું કે યાત્રા કરાવીશું પણ અમારે સાથે જવું પડશે, કારણકે આકાશે ગમન કરે એવું નવું વિમાન બનાવ્યા વગર ત્યાં જઇ શકાય તેમ નથી. રાજાએ તેમ કરવાની હા પાડી. મંત્રવાદીઓએ વિદ્યાના બળથી એક નવું વિમાન બનાવ્યું અને તેમાં બન્ને જણા **અનંગલેખાને** સાથે લઈ બેઠા. રાજાએ તેણીને યાત્રા કરી તાકીદે પાછા આવવા ભલામણ કરી. તેણીએ કહ્યું કે ઠીક, બહુ સારૂં, પણ અજાણ્યા પુરૂષોની સાથે મારે એકલાં જવું યોગ્ય નથી; માટે તમારી જે બે કન્યાઓ છે તેમને મારી સાથે મોકલો કે જેથી વાટમાં ચાલતાં મને વાતચીતનો આનંદ થાય. રાજાએ તરતજ તેના કહેવા પ્રમાણે પોતાની બન્ને કન્યાઓને તેની સાથે વિમાનમાં બેસાડી દીધી. જ્યારે વિમાન આકાશે ઉડતું થયું ત્યારે રાજાએ "વહેલા આવજો" એમ કહ્યું. તેના પ્રત્યુત્તરમાં મંત્રવાદીઓએ "હવે આશાને દૂર મૂકી દેજો" એમ જણાવ્યું. રાજાએ કહ્યું કે એમ કેમ ? તેઓએ કહ્યું એમજ તો ! જેમ તમે કર્યું તેમ અમે કર્યું, માટે આશા છોડી દેજો. આવાં વચન સાંભળી રાજા ઘણો ઉદાસ થયો અને આમ તેમ ફાંફાં મારવા લાગ્યો, પરંતુ આકાશમાર્ગે જતાને શી રીતે અટકાવી શકાય ? તેના મનના તુરંગી વિચાર બધા મનમાંજ રહ્યા વિમાન અદ્રશ્ય થયું અને છેવટે હાય હાય કરતો રહ્યો.

આ બન્ને મિત્રો **હરિવાહનની** રાજધાનીમાં વિમાન લઇ આવ્યા. મિત્રો અને રાણી મળવાથી તેના હર્ષનો પાર રહ્યો નહીં. તેણે પેલા રાજાની જે બે કન્યાઓ **અનંગલેખા** પોતાની સાથે લાવી હતી તેમાંની એક સુતારપુત્રને અને એક શેઠપુત્રને પરણાવી દીધી. આમ થવાથી ત્રણે મિત્રો અને ત્રણે સ્ત્રીઓ અરસપરસ એટલાં બધા ખુશી થયાં કે હર્ષનું વર્ણનજ કરી શકાય નહીં. **હરિવાહને** મિત્રોથી જૂદા પડયા પછીનો પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો, અને તેઓ પણ પોતાની તમામ હકીકત નિવેદન કરીને સુખરૂપ રહ્યા. કેટલાંએક વરસો વીત્યા બાદ તેઓનાં માબાપને માલુમ પડવાથી તેઓને પોતાની પાસે બોલાવી લીધા. **ઈંદ્રદત્ત રાજાએ હરિવાહનને** પોતાનું રાજ્ય સમર્પણ કરી દીક્ષા લીધી. કેટલેક વરસે તપશ્ચર્યાથી કર્મ ક્ષય કરી કેવળજ્ઞાન પામી **ઈંદ્રદત્ત રાજર્ષિ** તેજ નગર સમીપે સમોસર્યા. **હરિવાહન** આ વાત જાણી પરિવાર સહિત તેમને વંદન કરવા આવ્યો. વંદન સ્તવન કરી તેના બેઠા પછી કેવલી મહારાજે દેશના આપતાં જણાવ્યું કે વિષયરૂપ માંસના લોભી આ જગતને શાશ્વત માને છે પણ સમુદ્રના કલ્લોલની પેઠે આયુષ્ય ચપળ છે એમ તેઓ જોતાજ નથી.

દેશના થઇ રહ્યા પછી કેવળી મહારાજને **હરિવાહને** પૂછ્યું કે મહારાજ, હવે મારૂં આયુષ્ય કેટલું બાકી છે ? કેવળીએ ઉત્તરમાં જણાવ્યું કે રાજન્, તારૂં આયુષ્ય હવે માત્ર નવ પ્રહરનુંજ છે. આ વચન સાંભળી રાજા મરણના ભયથી કંપાયમાન થવા લાગ્યો; ત્યારે કેવળી બોલ્યા કે જો તું મરણથી ભય પામતો હોય તો દીક્ષા અંગીકાર શા માટે કરતો નથી ? જો સાંભળ:—

બે ઘડી માત્ર પણ જો કોઇ વિધિપૂર્વક વિધિનો જાણ પુરૂષ ચારિત્ર પાળે તો તે સર્વ દુઃખનો અંત કરી શકે છે, ત્યારે ઘણા વખત સુધી જો તે પાળી શકાય તો તેના લાભનું તો શું કહેવું ? ( મહા લાભ થાય ).

આવાં વચન સાંભળી સંસારથી ઉદ્વેગ પામી ગયું છે મન જેનું એવા **હરિવાહને** સ્ત્રી તથા મિત્રો સહિત દીક્ષા અંગીકાર કરી. શુભ ભાવના ભાવતાં એકલો આત્મા છે, કોઇ મારૂં નથી ઇત્યાદિ શુભધ્યાને કરી કાળ કરીને **હરિવાહન** રાજા પાંચમા અનુત્તર ( સર્વાર્થસિદ્ધ ) વિમાને દેવતા થયા. મહાવિદેહને વિષે એકાવતારે મોક્ષે જશે. તેમજ **અનંગલેખા** સાધ્વી તથા બન્ને મિત્ર મુનિઓ દુર્ઘટ તપશ્ચર્યા કરતાં ચારિત્ર પાળી તેજ વિમાને દેવતા થઇ અનુક્રમે ( એકાવતારે મહાવિદેહે ) સિદ્ધિપદને પામશે.

આ પ્રમાણે જે કોઈ પ્રાણી ભવ ઉપર વૈરાગ્ય અંગીકાર કરશે તે પ્રાણી **હરિવાહન** રાજાર્ષિની પેઠે સ્વર્ગસુખને પામશે.

# एक आश्चर्यजनक स्वप्न.

( लेखक शेरसिंह कोठारी—सैलाना )

अनुसंधान पाने २३५ थी

## हाथी दांतका चूडा.

हे पुत्र ! मुझे इस बातपर बडी हांसी आतीहै कि यह रिवाज क्योंकर प्रचलित हुवा. उफ ! जब २ हम इसकी तर्फ बिचार करतेहैं तब २ सिवाय पछतानेके कुछभी हात नहीं आता. हे दयावान पुत्र ! इस्से द्रव्ये और भावे दोनोही तरह सें नुकशान हैं. देख, एक हाथीदांतके चूडेके कमजकम ४०—५० रूपै लगतेहै और जिसमेंभी अगर टूट फूट जावे तो एक कौडीभी पीछी पैदा नहीं होसक्ती. यदि उन्ही पचास रु० का उमदा सुन्ना लाकर टीपे ( पट्टिये जडवा दी जावें तो कैसा उमदा मालुम होताहै तथा जब चाहो उसके रूपै लेलो. इसके अतिरिक्त यह चूडा एक पंचिन्द्री जीवके जीव हिंसासे प्राप्त होताहै. कइ भाइयोंके यह खयालातहैं की पलेहुवे ( tamed ) हाथियोंके दांतोसेंही चूडे बनाए जातेहै, परन्तु ये खयालात उनके बिलकुल गलतहै; सबबकी जो कभी ऐसा हो तो लाखों चूडे हरसाल कहांसे आतेहैं. हे सुज्ञ पुत्र ! जिस प्रकार यह होताहै वह मै तुझे बतातीहुं, लक्षपूर्वक सुनः—

सिंगलद्वीप ( Ceylon ) की तर्फ जंगलोंमें हाथियोंके टोलेके टोले होते हैं. वे हाथी खतर नाग होनेसें मामुली तौरपर पकडे नहीं जा सक्ते वास्ते ऊंडे २ कूवे खोदकर उनपर हरियाली बिछादी जातीहै, तब उस हरियालीके कारणसें वे जंगली हाथी, आकर कूवोंमें गिर जाते हैं, तत्पश्चात् बहार रहे हुवे लोग भालोंसे ऊपरसें ही मारडालते हैं और उनके दांत लेजाकर चूडे बनाये जातेहैं. सुननेमें आताहै की इस दांतके लिये एक सालभरमें ७०००० हाथी मारे जातेहैं हाय, हाय, शोक, महाशोक !

## गालिये गाना.

हे श्रद्धावान पुत्र ? तुं अच्छी तरहसें जानता है. की वर्तमानके जैनियोंकी जितनी ओरते है, वीरपरमात्माकी पुत्रिया होनेका दावा रखती हैं; उन्हे कोई एकभी अपशब्द कहदे तो वे बहुत खिन्न होजाती हैं परन्तु जिस वख्तमें उनके घरपर व्याही वगेरा आनकर बैठते है उस वख्त कैसे २ खराब शब्द अपने मुंहमेंसें निकालती हैं जिनकोंकि सुनकर कइ पुरुष शर्मा जाते हैं. धिक्कार २ सहस्त्रवार धिक्कार उन बहिनोको जोकी गालिये गाना पसंद करती है.

हे बुद्धिमान पुत्र ? औरभी बहोतसें ऐसे विषय हैं जिनकोंकी चर्चेना अवश्य है परन्तु वख्त बहुत आगया और थोडा २ हाल अन्य माताओकाभी सुनना बाकी है वास्ते अन्तमें मै तुझे इतनाही कहना चाहती हुं की मुझ दुःखियाके अपरंपार दुःखपर खयाल रखना.

मैः—बहुत अच्छा (इतना कहनेके पश्चात् मैत्री माताकों बहु मान देकर आशन दिया गया और द्वितीय "प्रमोद" मातासें पूछा गया की तुं भी किंचित् मात्र हाल कहकर सुनादे. तब वह बोलीः—

प्रमोद—हे पुत्र, मैरा बहुतसा दुःख तो मैरी भगिनी मैत्री कह चुकीहै परंतु जो बाकी रहाह सो मै तुझे कह सुनातीहुं, जरा लक्षपूर्वक सुनना.

हे वत्स, मैरा नाम प्रमोद (हर्ष) होते हुवे भी लोग मुझे धारनतक नहीं करते, जिधर दृष्टि फेंको उधर सिवाय इर्षाके दूसरा नजर तक नहीं आता. हे भाई, जादे क्या कहूं? इस आपुसकी इर्षासे केवल मात्र कर्म बंधन होताहै.

कई मेरे भाई आपुसमे झगडे करके अपने आपको बडे भाग्यशाली समझते है, परंतु अफसोस, वे लोक इतनाभी नहीं समझते पहिले बडे २ आचार्योंसे जबकी झगडे ते नही हुवे तो आजकलके लोगोकी तो ताकत ही क्या.

हे सुशील पुत्र, इन झगडोमे कुछ मोक्षमार्ग रक्खा हुया नहीहै. देख मोक्षमार्गका रस्ता तो शास्त्रकारोंनें यह बतायाहै.

### गाथा.

सेयंबरोय आसंबरोय बुद्धोय अहव अन्नोवा ।
समभाव भावि अप्पा लआह मुक्खं न संदेहो ॥ १ ॥

(संब धसत्तरि गाथा २.)

अर्थः— चाह श्वेतांबर हो या दिगंबर हो, या बुद्ध हो या अन्य कोईभी हो, जो समता भाव भावेगा वह अवश्यमेव मोक्ष लेवेगा. ॥ १ ॥

तबतो निश्चय हो गया कि आपुसकी ईर्षा एकान्त कर्म बंधकी हेतुभूत है.

हे भाई, मोक्ष मार्गकी तुझे क्या कहुं चाहे तूं जैन धर्म के कितनेही फिरकोंमे फिरकर तलाश करले मगर आजकलका जमाना देखते हुवे सच्चे जैन धर्मके मुवाफिक बहुत थोडे लोगोका मोक्ष साधनमे उद्यम होगा. देख, श्री जिनदासजी अपने बनाये हुवे "पंथीडा" के स्तवनमे श्री वीर परमात्माको अर्ज करते हैं.

### गाथा.

श्वेताम्बर दीगम्बर आदि अनेक जो,
निज २ मतिए गच्छागच्छ ठरायजो।
एता पंथ छताए हुं न तृप्ती थयो,
किण पंथए पंहुंचूं आप कने सो सुणाय जो ॥१॥

पंथिडा संदेशो देजे मारा नाथने.

अब जो कभी अज्ञानरूपी पर्देको दूर करके देखा जावे तो मालुम हो जावेगा कि मोक्षमार्गका रास्ता तो उपरोक्त मागधी भाषामे जो सम्बोधसत्तरिकी गाथा लिखी गई है उसीमे है.

हे गुणवान् पुत्र, जब २ मे जैनियोमे ईर्षा देखती हुं तब २ सिवाय पछतानेके कुछभी हाथ नहीं लगता. अरे, कल्पतरु समान जैन धर्मके उपासकोकी यह दशा? हाय, जमाना बहुत बुरा आगया.

हे प्रिय पुत्र, यदि तूं दीर्घदृष्टिसे सोचेगा तो तुझे मालुम होजावेगा कि आजकल लोग बड़े २ उहदोपर मुकर्रर हो जाते हैं तथा बडी २ पदवीयोको धारन करते हैं वे हमारे गरीब भाईयोंके सामने तक देखनेसे शरमातें हैं बलके मौका पडनेपर दूसरोंकी राह रखकर हमारे स्वधर्मी भ्राताओंको नुकसानमें डाल देते हैं. जब कभी गरीब जैनियोसे नुकसान बनि आता है तब उनपर क्षमा नहीं करते हुवे बडा भारी इलजाम लगा देते है वे लाग जो ये बाते करतेहैं सो केवल अपने बड़प्पनमें अंधे होकर करतेहैं, देख नीतिशास्त्रवाले तो यह कहते हैं: —

श्लोक.

विपति धैर्यमथाभ्युदये क्षमा,
सदासि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ,
प्रकृतिसिद्धामिदं हि महात्मनाम् ॥ १ ॥

अर्थः—निम्न लिखित बाते महात्माओंको प्रकृतिसे ही सिद्ध रहतीहैं:— विपत्तिमे धैर्य, महत्पद पानेपर क्षमा, सभामे वाणीकी चतुराई, युद्धमे पराक्रम यशमें रुचि, तथा धर्मशास्त्र श्रवण करनेमे व्यसन.

हे पुत्र ! उहदा मिलनेपर जो लोंगोंके खयाल होजातेहैं उसका मै तुझे एक छोटासा दृष्टांत कहतीहुं सो लक्षपूर्वक सुन.

एक नगरमे दो मित्र रहते थे वे दोनोही बड़े गरीबथ. बचपनमे उनके माता पिताके मरजानेसे वे निराधार होगयेथे. कितनेक दिनोंके पश्चात् उनमेंसे एक मित्र पड़ लिखकर हुशियार होगया और दूसरा कर्मवश वैसाही मूर्ख रहगया.

थोडेही समयमे वह विद्वान् मित्र एक देशका दीवान हो गया परंतु सबब कि वह जन्मका दरिद्री था, उस पदके पानेसे अभिमान वश हो गया.

## ઉપદેશકના ભાષણથી થએલા ઠરાવો.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે તા. ૪-૧૦-૧૦ ના રોજ વીજાપુર તાલુકાના સમૌ ગામમાં કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપ્યાં હતાં. તેથી કરી જૈનોમાં તથા બીજા વર્ગમાં સારી અસર થઇ હતી. તે ઉપરથી નીચે પ્રમાણે ઠરાવો કરવામાં આવ્યા હતાઃ—

૧ પરદેશી ભ્રષ્ટ ખાંડ જૈન સંઘમાં વપરાતી નથી તોપણ ઘણા જણે ન વાપરવા પ્રતિજ્ઞાઓ લીધી હતી.
૨ ટીનનાં વાસણ વાપરવાં નહીં—
૩ તેમજ ઘણી સ્ત્રીઓએ ફટાણાં ગાવાં નહીં તેમજ બંગડીઓ પહેરવી નહીં તેવી પ્રતિજ્ઞા કરી છે.
૪ કન્યાવિક્રય કરવો નહીં.
૫ રડવા કુટવાની બાબતમાં કમતી કરેલું છે તોપણ આ ભાષણોથી વધારે ઓછું કરવામાં ધ્યાન ખેંચ્યું છે.

વળી જીવદયાની બાબતમાં તમામ ગરાશીઆઓએ પાપ નહીં કરવા કે નહીં કરાવવા ખુશી બતાવી છે. અને કોઇ પાપ કરે તો બનતા ઉપાયે અમે તેને અટકાવીશું એવી રીતે ઠરાવ કરી પોતાની સહીઓ સમૌના જૈન સંઘને કરી આપી છે.

## પરાંતીઆ મુકામે બત્રીશીના પંચમાં થએલા ઠરાવો.

તા. ૨૧-૧૧-૧૦ ના રોજ પરાંતીઆ મુકામે વળાદ તડના બત્રીશીનું પંચ એકઠું મળ્યું હતું. તે વખત ઉપદેશક મી. વાડીલાલ સાંકળચંદે જૈન શ્વેતાંબર કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપ્યાં તથા કેટલાક ઠરાવો રજુ કર્યા તે પૈકી નીચેના ઠરાવો પંચમાં પસાર થયા છેઃ—

૧ લગ્નપ્રસંગે દારૂખાનું ફોડવું નહીં.
૨ પીછાંવાળો પોશાક વાપરવો નહીં તેમ નવો લાવવો નહીં.
૩ મરણપ્રસંગે તથા કાણે જાય આવે ત્યારે રહેવાના ઘરના માહોલા સિવાય કોઇ પણ જગ્યાએ ઉઘાડી છાતી કરી કુટવું નહીં.
૪ વૃદ્ધ મરણ વખતે પથરણું બે માસ રાખી ઉપાડી લેવું, ને નાની ઉમરના એટલે જુવાન મરણપ્રસંગે પાંચમો માસ બેસતાં પથરણું ઉપાડી નાખવું.
૫ લગ્નપ્રસંગે ગૌરવ રમવાનો રીવાજ બંધ કરવામાં આવ્યો છે.
૬ સંચાનો આટો મેંદો તથા સોજીનો આટો વાપરવો નહીં.
૭ જુવાન મરણપ્રસંગે કાણે જનારાને કે આવનારાને જમવામાં રોટલી ઉપર વાટીથી ઘી પીરસવું નહીં. ફક્ત ઘીમાં બોળીનેજ પીરસવી.
૮ લગ્નપ્રસંગે કોઇ પણ સ્ત્રીએ ફટાણાં ગાવાં નહીં.
૯ ટીનનાં ભ્રષ્ટ વાસણો વાપરવાં નહીં તેમ લાવવાં નહીં.
૧૦ કચકડાનાં બટન વગેરે કાંઈ પણ ચીજ વાપરવી નહીં.
૧૧ બનતાં સુધી ચામડાનાં પુંઠા વાપરવાં નહીં.

૧૨ પગરખાં ( જોડા ) ની નીચે નાળ, ખીલી, ખીલા, એડીઓ વગેરે લોઢાની કાંઇ પણ ચીજ નખાવવી નહીં.

૧૩ એક સ્ત્રીને પરણ્યા ૩૦ વર્ષ થયા સિવાય બીજી સ્ત્રી કરવી નહીં. તે પણ પંચની મરજી સિવાય કરવી નહીં.

૧૪ સભામાં એટલે પંચની બેઠકમાં હોકો વાપરવો નહીં. ( પીવો નહીં. )

૧૫ હાથીદાંતની દોઢ દોઢ ચુડીઓ ઉપરાંત વધારે વેરાવવી નહીં.

૧૬ લગ્નપ્રસંગે જાનમાં બળદ દોડાવવા નહીં તેમ બળદને દોડાવી પ્રથમ આવનારને ગોળ, ઘી પાવાને આપવું નહીં.

૧૭ હોળીનું પૂજન કરવું નહીં તેમ હોળી પણ કરવી નહીં.

૧૮ અન્યદર્શનીનાં પર્વ બનતા લગી બંધ કરવાં.

૧૯ કન્યાવિક્રય માટે પંચના ઠરાવ પ્રમાણે વર્તવું.

૨૦ લગ્નપ્રસંગે જાનૈયાને બે વખત જમણ ન આપતાં ફક્ત ૧ વખત આપવું. વિરૂદ્ધ વર્તનાર પાસેથી રૂ. ૩૧) એકત્રીશ દંડના લેવા.

૨૧ સાડી રૂ. ૧૦૦ થી ૨૦૦ સુધી લેવાનો રીવાજ ભારે પડતો હતો તે કાઢી નાંખી તેના બદલે ફક્ત રૂ. ૩૫) સુધીનો સાડલો કરવો. તેથી વિરૂદ્ધ વર્તનાર પાસેથી રૂ. ૫૧ ) દંડના લેવો.

૨૨ ઘાટડીના થપ્પાનો સાડલો રૂ. ૨૫) સુધીનો કરવામાં આવતો હતો તેને બદલે રૂ. ૧ા સવાનો સાડલો લેવો.

વળી ઉપરના ઠરાવો સિવાય હોકો, બીડી, ચા, કાડલીવર ઓઇલ વગેરે ન પીવાની ઘણા જણાઓએ પ્રતિજ્ઞા લીધી છે.

ઉપર પ્રમાણેના ઠરાવો સર્વ પંચવાળાઓ કબુલ રાખી તે પ્રમાણે વર્તવા ખુશી બતાવી છે.

મી. વાડીલાલના ઉપદેશથી કોન્ફરન્સ નીભાવ ફંડમાં રૂ. ૨૫) અંકે પચીશ રૂપીઆ આપવા ઠરાવ કરવામાં આવ્યો છે.

કોન્ફરન્સ તરફથી આવી રીતે ઉપદેશકો ફરી ભાષણો આપતા રહેશે તો જીવહિંસા બાબતમાં પણ સારો સુધારો થશે અને ધર્મની વૃદ્ધિ થતાં પાપની અટકાયત થશે.

લ. વળાદવાળા શા ગીરધરલાલ ગુલાબચંદ.

ઉપદેશક મી. વાડીલાલના સંબંધમાં પ્રાંતીઆના શ્રી સંઘ તરફથી આવેલા પત્રનો સાર:--

પ્રાંતીઆના જૈન શ્વેતાંબર સંઘની સવિનય વિનંતિ કે અત્રે બત્રીશીના પંચના મેળાવડાના કારણથી તેમજ ગામે ગામ કોન્ફરન્સ તરફથી ભાષણો આપવા અને સુકૃત ભંડાર ફંડ વસુલ કરવા ઉપદેશક વાડીલાલ સાંકળચંદ ફરતા ફરતા આ ગામે આવી ગામની તમામ કોમને એકઠી કરી કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપી ગામને અપૂર્વ લાભ આપ્યો છે તેથી ગામની તમામ કોમ ઘણી ખુશી થઇ છે. એટલુંજ નહીં પણ કોન્ફરન્સ તરફ તમામ ગામે તથા બત્રીશીના પંચે સારૂં ધ્યાન આપી માનની નજરથી જોયું છે. સદરહુ ઉપદેશકના બાહોશપણાથી થએલાં ભાષણોથી ગામમાં થએલા ઠરાવ નીચે પ્રમાણે:—

જૈન સંઘમાં તેમજ અન્ય તમામ કોમમાં ફટાણાં ગાવાં નહીં તેમ બંગડીઓ પહેરવી નહીં અને ત્રણ દિવસ બરાબર પાળી ચોથે દિવસે ઘરકાર્ય કરવું, તે સિવાય હોકો, બીડી, કોડલીવર ઓઇલ વગેરે ન વાપરવાની ઘણી પ્રતિજ્ઞાઓ લેવાઇ છે. બત્રીશીના પંચમાં વિશેષ ઠરાવો થએલા હોવાથી અમે લખ્યા નથી. તે સિવાય જીવહિંસાની બાબતમાં ઠાકરડા લોકોને ભાષણો આપતાં તેમણે દશરા વગેરેમાં થતું પાપ અટકાવવાનો બંદોબસ્ત કર્યો છે. આ બબતમાં વાડીલાલે કવિતારૂપમાં દાખલા દલીલોથી બેનો તથા ભાઇઓને જે લાભ આપ્યો છે તેથી અમે કોન્ફરન્સને માન આપી લખીએ છીએ કે આમ ઉપદેશક દ્વારાએ ધર્મનો સુધારો અને પાપની અટકાયત થાય એ દેખીતું છે.

ભાષણો વખતે મુખી મતાદાર તળાટી તથા નિશાળ માસ્તરો વગેરે દરેક વખતે હાજરી આપતા હતા. ઉપરના ઠરાવો મુખી મતાદાર હસ્તક થયેલા છે.

અત્રેથી સુકૃત ભંડાર ફંડના રૂપીઆ ઉઘરાવવા માંડયા છે. દ. શા ચુનીલાલ છગનલાલ શા. મગનલાલ હીરાચંદની સહી દ. પો. મુખી છગનભાઇ લલ્લુભાઇની સહી દ. પો.

મી. વાડીલાલ સાંકળચંદે જૈન કોન્ફરન્સ તરફથી પોતાના ખરા ધર્મની જીજ્ઞાસાથી જીવદયા વગેરે અન્ય વિષયો ઉપર આપેલાં ભાષણોએ ઉત્તમ રીતે અસર ફેલાવી છે. તેઓને તે માટે ધન્યવાદ ઘટે છે. કોન્ફરન્સે આ ઉત્તમ માર્ગ ગ્રહણ કર્યો છે તેના દિન પ્રતિદિન વૃદ્ધિ થઇ હેતુઓ સફળ નીવડે તેને માટે પરમાત્માની ખરા જીગરથી હું પ્રાર્થના કરૂં છું.

તા. ૨૭-૧૧-૧૦

કેશવલાલ બેહેચરદાસ તળાટી.

તેજ પ્રમાણે સ્કુલ માસ્તર વગેરેના અભિપ્રાયો આવેલા છે.

શ્રી જૈન તત્ત્વ સંગ્રહના કર્તા વળાદના રહીશ સુશ્રાવક શેઠ ખેમચંદભાઇ પીતંબરદાસે ધાર્મિક ઉપદેશ કરતાં ગામ પરાંતીઆના કેટલાક પાટીદાર લોકોએ ચોથા વ્રતની, પરસ્ત્રીની, કંદમૂળની, હોકાની તથા મદ્ય, માંસ, મદિરા, માંખણ વગેરે અભક્ષ્ય વસ્તુઓની બાધાઓ કરી છે.

## મંચર (જીલ્લા પૂના) માં નવી જૈન શ્વેતાંબર લાયબ્રેરી.

તા. ૮-૧૧-૧૦ બુધવારના રોજ સાંજના વખતે શ્રી જૈન શ્રેયસ્કરમંડળ મેસાણાવાળા ફરતા પરીક્ષક ભગવાનદાસ મીઠાભાઇએ "આપણી વર્તમાન સ્થિતિનું દિગ્દર્શન" એ વિષય ઉપર ઘણી અસરકારક રીતે ભાષણ આપ્યું હતું. તે સિવાય હાનિકારક રીવાજના સંબંધમાં પણ જુસ્સાદાર રીતે બોલ્યા હતા. તા. ૧૦-૧૧-૧૦ના રોજ શ્રી સુકૃત ભંડાર ફંડ સંબંધી સારી રીતે સમજાવવામાં આવ્યાથી તે ફંડની શરૂઆત કરવામાં આવી ને ફંડ વસુલ થયાથી મુંબઇ ઓફીસે મોકલાવવાનું ઠરાવવામાં આવ્યું. ત્યારબાદ અહીં પાઠશાળા ખોલવા સંબંધી કેટલીક હીલચાલ થયા બાદ તે બાબત હાલમાં નહીં બની શકે તેમ હોવાથી જૈન શ્વેતાંબર લાયબ્રેરી ખોલવાનું નકકી કરવામાં આવ્યું. સદરહુ લાયબ્રેરીનું નામ "શ્રી જૈન શ્વેતાંબર લાયબ્રેરી મંચર" એવું રાખવામાં આવેલું છે અને તેના સેક્રેટરી શેઠ આનંદરામજી માનમલજી તથા શેઠ ગોકળદાસ મોહકમદાસને નીમવામાં આવ્યા છે. માટે આ લાયબ્રેરીને દરેક જૈન બંધુ ઘટતી રીતે મદદ આપવા ચુકશે નહીં એવી ખાત્રી છે.

સદરહુ લાયબ્રેરીમાં ભેટ દાખલ પુસ્તકો મોકલાવવા દરેકને ભલામણ કરીએ છીએ. જેઓ ભેટની બુકો મોકલાવશે તેમને ટપાલ ખર્ચ વગેરે તેઓ તરફથી આપવામાં આવશે. માટે ઉપરના શીરનામે પુસ્તકો ભેટ મોકલાવશો.

## દયા કે ઘાતકીપણું?.

નિર્દય વાઘરીઓ પોપટના માળામાંથી તેમનાં બચ્ચાંઓ ચોરી લાવે છે, તેથી તેમનાં માબાપને કેટલું દુઃખ થતું હશે તેનો ખરેખર ખ્યાલ તો તેજ માણસને આવી શકે કે જેનું પોતાનું બાળક ગુમ થયું હોય. દીકરા કે દીકરીને નિશાળેથી ઘેર આવતાં વાર લાગે તો કેવી ચિંતા થાય છે તેનો અનુભવ તો ઘણાને હશે.

પોપટનાં બચ્ચાંઓને પાંખ આવી હોય કે ન હોય, તેઓ ગમે તેટલી નાની ઉમરનાં હોય, ગ્રાહક મળતાં સુધી મરે કે જીવે તેની નિર્દય વાઘરીઓને કાંઇજ દરકાર નથી.

મેં પોતે એ વાઘરીના છોકરા ઉપર કોર્ટમાં કેસ ચલાવી શિક્ષા કરાવી હતી. તેઓ પોપટનાં કેટલાંક બચ્ચાંઓને પકડી લાવ્યા હતા જે એટલી બધી લાચાર હાલતમાં હતાં કે એકજ દિવસમાં તમામ મરણ પામ્યાં હતાં.

બચ્ચાં સિવાય નર માદાને પણ વાઘરીઓ પકડી લાવે છે તથા તેમને પીછાં પાડીને ગમે તેને વેચે છે.

જે નિર્દોષ પંખીને કુદરતે ઝાડે ઝાડ તથા જંગલે જંગલ ઉડવાને, પોતાનાં નર માદા તથા બચ્ચાં સાથે સુખ ભોગવવાને પેદા કર્યાં છે તેમને નિર્દય વાઘરીઓ પકડી લાવે છે, અને અવિચારી લોકો તેમને ખરીદે છે એટલે પેલા પાપી લોકો પાછા જંગલમાં જાય છે અને બીજાં પંખીઓ પકડી લાવે છે, અને એ રીતે એ નિર્દય ધંધો ચાલુજ રહે છે, અને કમનશીબ પ્રાણીઓ વિના અપરાધે નાનાં પાંજરામાં જીંદગી પર્યંત એકાંત કેદ ભોગવે છે.

પીતળ અથવા લોઢાનાં પાંજરાંઓમાં પૂરેલા પોપટોને સખ્ત તડકામાં હેરાન થતા મેં જોયેલા છે. વાઘરીએ પકડેલાં હજારો પંખીઓ રીબાઇને મરણ પામે છે તે હું જાણું છઉં. નર તથા માદા પકડાઇ જવાથી તેમનાં નિરાધાર પાંખ વનાનાં બચ્ચાંઓ તેમના માળામાં ભુખે ટળવળીને મરણ પામે છે. એવા મહા પાપી ધંધાને ઉત્તેજન આપનારાઓ પોતાને દયાળુ માને એ કેટલું ખેદકારક!

વાઘરીના મહા પાપી ધંધામાં ભાગદાર નહિ થવાની ખાતર હજારો દયાળુ અંગ્રેજો પંખીઓ પાળતા નથી અને તે ધંધો કેટલો બધો નિર્દય છે તેનો ખ્યાલ પ્રજાને આપવા માટે સંખ્યાબંધ હેંડબીલો તથા ચોપાનીયાંઓ વિલાયતમાં ફેલાવવામાં આવે છે, અને તેને પરિણામે લાખો પંખીઓ માણસના અવિચારી શોખ માટે પકડાતાં બચી જઇને જંગલમાં પોતાનાં કુટુંબ સાથે સુખ ભોગવે છે.

અમેરિકાના યુનાઇટેડ સ્ટેટસની સરકારે તો એક કાયદો પસાર કર્યો છે અને તેની રૂએ પાંજરામાં પૂરવા માટે જેઓ અમેરિકન પંખીઓ વેચે તેમને શિક્ષા થાય છે

દયાળુ હિંદીવાનો, આપણા મહા દયાળુ ગણાતા દેશમાં વાઘરીનો નિર્દય ધંધો ક્યાં સુધી ચાલુ રાખશો ?

જુનાગઢ,

**લાભશંકર લક્ષ્મીદાસ.**

**તા. ક.**—જે વિદ્વાન હિંદીવાનો ઉપર જણાવેલા નિર્દય ધંધાનો બરાબર ખ્યાલ કરવા ઇચ્છતા હોય તેમને મારી પ્રાર્થના છે કે—*The Caging of Birds* (by Ernest Bell) price one penny, published by The Humanitarian League, 53. Chancery Line, London,) નામનું ચોપાનીયું વાંચવા કૃપા કરશો. લાખો નિર્દોષ પંખીઓ ઉપર કેવો કેવો જુલમ ગુજરે છે તેના સત્તાવાર દાખલાઓ તેમાં આપેલા છે એ ચોપાનીયાનું જ્ઞાન તમામ કોમના દયાળુ હિંદીવાનોમાં ફેલાવવાથી મહા પુણ્ય થાય તેમાં કાંઇજ શક નથી. **લા. લ.**

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ગુજરાત શહેર અણહીલવાડ પાટણ મધ્યે માહાલક્ષ્મીના પાડામાં આવેલા શ્રી મુનિસુવ્રત સ્વામીજી માહારાજના દેરાસરજીના તથા શ્રી શાન્તિનાથજી માહારાજના દેરાસરજીના તથા શ્રી કેશર સુખડના વહીવટને તથા ધીના ચડાવાના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ મેહેલાના જૈનીઓમાં દેરાસરજીના વહીવટ સંબંધી મતભેદ પડી જવાથી તેઓમાં બે પક્ષ પડી જવાને લીધે એક પક્ષવાળા જુદો જુદો વહીવટ ચલાવે છે. તેમાં એક પક્ષ તરફના વહીવટકર્તા શેઠ ફુલચંદ ફતેચંદના હસ્તકનો સંવત ૧૯૫૯ના કારતક સુદ ૧ થી તે સંવત ૧૯૬૩ના ચૈતર વદી ૨ સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં મેહેલા મધ્યેના જૈનીઓમાં દેરાસરજીના વહીવટ માટે મતભેદ થવાથી બે પક્ષ પડી જઈ એટલી બધી અસાકસી ઉપર આવી ગયા છે કે જેથી દેરાસરજીને અનેક પ્રકારનું નુકશાન થાય છે તે બદલ અમારી તરફથી ઘણી રીતની સમજુતી આપવા છતાં કોઇ રીતનો સંપ થયો નથી તે બહુજ દિલગીર થવા જેવું છે અને મેહેલા મધ્યેના આગેવાન ગૃહસ્થોને બહુજ શરમાવા જેવું છે; માટે હવેથી તે ઉપર સરલ મનથી વિચાર કરી મેહેલા મધ્યે કલેશ મટાડી એકસંપ થઇ જવું વધારે સારૂં છે, માટે આશા રાખીએ છીએ કે તેના લાગતા વળગતાઓ જેમ બને તેમ તાકીદે યોગ્ય બંદોબસ્ત કરશે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. એજ

જીલ્લે ગુજરાત શહેર અણહીલવાડ પાટણ મધ્યે ખેતરવસીના પાડામાં આવેલા શ્રી શીતલનાથજી માહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાના વહીવટકર્ત્તા શેઠ રતનચંદ રામચંદના હસ્તકનો સંવત ૧૯૫૯ની સાલથી તે સંવત ૧૯૬૩ના આશો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં વહીવટનું નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે, પણ સૈને લ-

ગતી જંગમ મિલકત તપાસવાની આ ખાતાના ઇન્સ્પેકટરે વખતો વખત માગણી કરવા છતાં પોતાની ગેરસમજુતીથી પુરેપૂરી દેખડાવી નથી તે બહુજ દિલગીર થવા જેવું છે, માટે વહીવટકર્ત્તા ગૃહસ્થે પુખ્ત વિચાર કરી બાકી રહેલી મિલકતનો ચોકસ તોલ કિમત સાથે નોંધ કરી તેનું લીસ્ટ અમારી ઉપર મોકલાવી આપવું.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. એજ

જીલ્લે ગુજરાત શહેર અણહીલવાડ પાટણ મધ્યે કપુર મેતાના પાડામાં આવેલા શ્રી રીખવદેવજી માહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ—

સદરહુ સંસ્થાના વહીવટકર્ત્તા શેઠ લહેરચંદ કસ્તુરચંદના હસ્તકનો સંવત ૧૯૫૮ થી તે સંવત ૧૯૬૩ના આસો વદ ૦)) સુધીનો હીસાબ અમોએ તપાસ્યો તે જોતાં તેને લગતું નામું રીતસર રાખી વહીવટ સારી રીતે ચલાવેલો જોવામાં આવે છે અને વહીવટ-કર્ત્તા પોતે મુંબઇ હોવાથી ભગવાનના ચાલુ દાગીના સિવાય બીજા દાગીના તથા રોકડ વગેરે મિલકત તપાસવાનું બની શકયું નથી.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સુચનાપત્ર વહીવટકર્ત્તા ગૃહસ્થને આપવામાં આવ્યું છે. એજ

લી.
શ્રી સંઘનો સેવક.
**ચુનીલાલ નાહાનચંદ.**
ઑનરરી ઑડીટર
શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ.

# શ્રી સુકૃત ભંડાર ફંડ.

**સંવત ૧૯૬૬ના ભાદરવા વદી ૧૩થી આશો વદી ૦)) એટલે તા–૧–૧૧–૧૦થી તા–૩૧–૧૦–૧૦સુધીમાં વસુલ આવેલી રકમની ગામવાર યાદી.**

૮૧૭૬–૩–૩ ગયા માસના પૃષ્ઠ ૨૭૯ મે જણાવ્યા મુજબ.

| | | |
|---|---|---|
| ૩–૮–૦ મુંબઇ | ૫–૪–૦ બેંગલોર | ૧–૮–૦ ચંદુર બજાર. |
| ૭–૪–૦ માડરવાડા. | ૧૭–૮–૦ | |

(કાઠીઆવાડ) ઝાલાવાડ પ્રાંતના ગામોમાંથી વસુલ આવેલ તે)

| | | |
|---|---|---|
| ૨–૪–૦ રાજપર | ૧-૧૨-૦ અણીદરા | ૩–૮–૦ વણા |
| ૦–૮–૦ ધણાદ | ૧–૮–૦ દુધરેજ | ૦–૪–૦ લટુડા |
| ૨-૧૨-૦ કટુડા | ૨–૮–૦ દેવચરાડી | ૩–૪–૦ ગુજરવદી |
| ૦–૪–૦ અંકેવાળીઆ | ૧–૪–૦ નારીચાણા | ૧–૪–૦ ખાંભડા |
| ૧–૪–૦ ધોળી | ૧–૦–૦ સીતાપર (સીથા) | ૦–૮–૦ મોરવાડ(નવી) |
| ૭-૧૨-૦ સીયાણી | ૨–૦–૦ જાંબુ | ૦–૪–૦ ભથાણ |
| ૧-૧૨-૦ પરાલી | ૧–૪–૦ પરનાળા | ૧–૮–૦ મેમકા |

| | | |
|---|---|---|
| ૦-૧૨-૦ સાંકળી | ૨--૪--૦ પાણસીણા | ૨--૮--૦ ખંભલાવ |
| ૦-૧૨-૦ કટારીઆ | ૦-૧૨-૦ જાખણ | ૦--૮--૦ ચોકી |
| ૦-૧૨-૦ ઉંટડી | ૦--૪--૦ ગોખરવાળા | ૩--૦--૦ ભડકવા |
| ૨-૧૨-૦ કારોલ | ૦--૪--૦ મોજીદડ | ૦--૮--૦ સલાળા |
| ૧--૪--૦ બલાળા | ૧--૮--૦ કંથારીઆ | ૨--૦--૦ ભોધકા |
| ૧--૪--૦ બાજરડા | ૧--૦--૦ સરવાળ | ૧--૪--૦ અડવાળ |
| ૩--૪--૦ રોજકા | ૦--૪--૦ ખસતા | ૧--૮--૦ ફેદરા |
| ૧--૧૨--૦ ઉતેળીઆ | ૦--૮--૦ સમાણી | ૧--૧૨--૦ સરધવાળા. |
| ૧--૧૨--૦ ભોળાદ | ૧--૦--૦ આંબળી | ૪--૪--૦ ખરડ |
| ૨૫--૦--૦ ધોલેરા | ૦--૮--૦ ગાફ | ૧--૧૨--૦ હેબતપર |
| ૧--૮--૦ બાવળીઆળી | ૫--૮--૦ બરવાળા | ૦--૮--૦ રોજીદ |
| ૨--૦--૦ ખાંભડા (ધંધુકા) | ૦--૮--૦ ગુંદા | ૧--૧૨--૦ જાળીલા. |
| ૧--૧૨--૦ સુંદરીઆણા | ૦--૮--૦ દેવગણા | ૧--૮--૦ બગડ |
| ૩--૪--૦ ખસ | ૭--૧૨--૦ અળાઉ | ૧૩૧--૪--૦ |

હાલાર પ્રાંતના ગામોમાંથી વસુલ આવેલ તે:

| | | |
|---|---|---|
| ૬--૮--૦ મીઠોઇ | ૪--૧૨--૦ શીયણ (વડાલીઆવાળી) | ૨--૮--૦ તરઘરી |
| ૧--૪--૦ દેવલીઆ ૩-૪-૦ કજુરડા | ૪--૪--૦ નાનામાંઢા | ૨--૮--૦ ટીબડી |
| ૬--૮--૦ આંબલા | ૩--૪--૦ સીંગચ | ૩--૦--૦ ઝાંખર |
| ૪--૦--૦ રાસંગપર | ૪--૮--૦ લખીઆ મોટા | ૨--૦--૦ જોગવડ |
| ૨--૦--૦ કજરવીસોત્રી | ૩--૦--૦ ભરૂડીઆ | ૧૩--૪--૦ પડાણા |
| ૬--૦--૦ મોટામાંઢા | ૨--૮--૦ રંગપર | ૧૯--૦--૦ નવુંગામ |
| ૩--૧૨--૦ કાનાલુસ | ૨--૮--૦ સેંતાલુસ | ૯--૪--૦ ગાગવા |
| | ૧૦૯--૮--૦ | |

ગોહીલવાડ પ્રાંતના ગામોમાંથી વસુલ આવેલ તે

| | | |
|---|---|---|
| ૨--૮--૦ રાજપરા | ૩--૦--૦ ઝાંઝમેર | ૧--૪--૦ પીથલપર |
| ૧--૪--૦ ઉંચડી | ૮--૦--૦ | |

સંવત ૧૯૬૫ ની સાલમાં મી. ચતુર્ભુજ તારાચંદ હસ્તુ ગોહીલવાડ પ્રાંતમાંથી વસુલ આવેલા રૂપીઆનું લીસ્ટ હેરલ્ડમાં આપવું બાકી રહેલ તેની વીગત.

| | | |
|---|---|---|
| ૭--૧૨--૦ જસપરા | ૧--૧૨--૦ ખદરપર | ૫--૦--૦ કોળીયાક |
| ૪--૪--૦ ત્રાપજ | ૫--૪--૦ તણસા | ૨--૦--૦ રાજપરા |
| | ૧--૦--૦ ખડસલીઆ | |
| ૨૭--૦--૦ | | |

ગુજરાતના ગામોમાંથી વસુલ આવેલા તે.

| | | |
|---|---|---|
| ૨૬– ૪–૦ સમો | ૧૦–૮–૦ ઈટાદરા | ૩– ૪–૦ ચરાડા |
| ૭– ૦–૦ વીદરોલ | ૨૧–૮–૦ આજોલ | ૨–૧૨–૦ વડુસમા |
| ૪–૧૧–૦ લીંબોદરા | ૩૦–૪–૦ મેઉ | ૪– ૮–૦ ધામણવા |
| ૩–૧૨–૦ પઢારીઆ | ૮–૮–૦ ડાભલા | ૬– ૪–૦ લાછડી |
| ૧૩– ૪–૦ કડા. | | |
| | ૧૪૨–૭–૦ | |

કુલ રૂ. ૪૩૫–૧૧–૦　એકંદર કુલ રૂ. ૮૬૧૧–૧૪–૩

# જાહેર ખબર.

## મેટ્રીકયુલેશનની પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા એક ફંડમાંથી કૉન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૉલરશીપ મેટ્રીક્યુલેશનની પરીક્ષામાં સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચે નંબરે પસાર થનાર તેમજ એક બીજી સ્કૉલરશીપ સુરતના રહેવાશી અને કુલે સૌથી વધુ માર્કસ મેળવનાર જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક વિદ્યાર્થીને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૉલરશીપોનો લાભ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીઓએ નીચે સહી કરનારને એ સંબંધમાં તા. ૧૫ મી જાન્યુઆરી ૧૯૧૧ સુધીમાં અરજ કરવી.

ઠે. પાયધુની, મુંબઈ　ગોડીજીની ચાલ.

**કલ્યાણચંદ શોભાગચંદ.**
રેસીડન્ટ જનરલ સેક્રેટરી.
શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.


## તૈયાર છે.　　તૈયાર છે　　તૈયાર છે.

**સુંદર બ્લોટીંગ પૅડ** ટાઇટલ ઉપર મર્હુમ શેઠ વીરચંદ દીપચંદ સી. આઇ. ઇ. જે. પી. નો ફોટો, અંદર સને ૧૯૧૧ નું કેલેન્ડર તથા સં. ૧૯૬૭ નું જૈન પંચાંગ આપવામાં આવેલ છે. નાતાલના તહેવારોમાં ખાસ ભેટ આપવા ૧૦૦ ના રૂા. ૧૧॥ થી આપવામાં આવે છે. છુટક બે આને મળશે.

ઠે. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ ઑફીસ.　પાયધુની. મુંબઇ.

**લાલચંદ લક્ષ્મીચંદ શાહ**
પ્રોપ્રાઇટર. ટ્યુટોરીયલ-ક્લાસીઝ.

તા. ક. તા. ૧–૧–૧૯૧૧ થી ગુલાલવાડી મધ્યે શેઠ ભગવાનજી કામદારના માળામાં પહેલે દાદરે ટ્યુટોરીયલ ક્લાસીઝ ફરીથી ખુલશે. ટ્યુટોરીયલ-ક્લાસીઝ મધ્યે ધંધાદારીઓને વેપારી ઢબ મુજબ શિખવવામાં આવે છે. હાઇસ્કુલના વિદ્યાર્થીઓને ક્લાસના ધોરણ મુજબ શિખવવામાં આવે છે. ટાઇમ રાત્રીના ૭ થી ૧૦ સુધીમાં કોઇપણ એક કલાક શિખવવામાં આવશે. ફી વિગેરે માટે લખો યા મળો.

॥ ॐ नमः सिद्धेभ्यः ॥

# श्री जैन श्वेताम्बर कोन्फरन्स हेरल्ड.

लोकेभ्यो नृपतिस्ततोऽपि हि वरश्चक्री ततो वासवः
सर्वेभ्योऽपि जिनेश्वरः समधिको विश्वत्रयीनायकः ।
सोऽपि ज्ञानमहोदधिः प्रतिदिनं संघं नमस्यत्यहो
वैरस्वामिवदुन्नतिं नयति तं यः स प्रशस्यः क्षितौ ॥

**ભાવાર્થ**—સર્વ લોકોથી રાજા, રાજાથી ચક્રવર્તી અને ચક્રવર્તીથી ઇંદ્ર શ્રેષ્ઠ છે. વળી આ સર્વથી ત્રણ જગતના નાયક શ્રી જિનેશ્વર ભગવાન શ્રેષ્ઠ છે. જ્ઞાનના મહાસાગર એવા શ્રી જિનેશ્વર ભગવાન પણ શ્રી સંઘને હમેશાં નમસ્કાર કરે છે, એજ આશ્ચર્ય છે. માટે તે સંઘને જે પુરૂષ વૈરસ્વામીની પેઠે ઉન્નતિ પમાડે છે તેજ પૃથ્વી ઉપર પ્રશંસનીય છે.

પુસ્તક ૬] કાર્તિક વીર સંવત ૨૪૩૭ ડીસેમ્બર સને ૧૯૧૦ [અંક ૧૨.

## The Sayings of Goethe.

I propose to give in a collective form, in this short paper, some of the most famous sayings of the great German philosopher and poet Goethe. These sayings are replete with a rich human experience, and embody, in a nutshell, a depth of practical wisdom and a wealth of philosophical significance truly admirable. Conceived in a terse yet vivid style, they have all the vigour and freshness of proverbs, though in the process of translation, they have lost something of the exact force and spirit of the original. They are deeply suggestive and furnish food for reflection that chastens and ennobles the mind.

1. Whatever there is of wisdom has been already thought out: our business is simply to think it over again.

2. What gives free rein to our intellect but strengthens not our self-restraint is exceedingly pernicious.

3. The storm which begins by violently stirring up the dust ends in completely laying it down by means of the showers that accompany it.

4. We would have known one another much better, did we not try to make ourselves out as equal, one to the other. The difficulty with great men is this that people, unable to place themselves on the same level with them, try to pick holes and draw them down to their own level.

5 It is no doubt advisable for a man of action to do what is good and profitable; but there is no call to go out of one's way and unduly worry oneself as to whether the thing in question was done or not.

6. There are many people who walk about hammering on the wall, thinking that every stroke tells by falling right on the nail.

7. Those who strive against a righteous movement hit a piece of burning coal: by hitting, they do but spread it far and wide.

8. Man would not have been the greatest being on earth that he is, if his greatness had not exceeded the necessity of the world.

9. Even with a deal of good feelings and good wishes, a neighbour is not easily known: if bad feelings intervene, then indeed everything becomes warped.

10. The man who knows no other language save and except his own knows not even that well.

11. The errors and indiscretions of early life do no serious harm: but manhood has to be careful that these be not dragged forward.

12. Empty self-praise may not be a nice-smelling thing I admit, but what becomes of the fastidious nose of people when there is the stink of the unjust slander of others?

13. I would call that man the happiest of all who can harmoniously interweave the closing, with the opening, period of his life.

14. Man is such a wayward perverse creature that he can not bear to have his own good forced upon him, though he has all along been acknowledging the sway of trammels that have made for his evil.

15. To publish a true opinion courageously is like playing skilfully the first pawn in chess: that pawn may be killed at the outset, but in the end the game will be won.

16. Truth is man's own; error, a thing of time.

17. He is greater than what he is held to be, who thinks himself not greater than he really is.

18. No one looks at the rainbow which lasts for a quarter of an hour.

19. It is the incapacity to give a right exposition of the indifferently expressed thoughts and ideas of the master minds of old that manifests the mental poverty of many a person of intellectual pretensions.

20. There is hardly a more pernicious error for an intelligent youth than to apprehend a lowering of his independence by his avowal of a truth already acknowledged by others.

Azimganj,<br>the 19th Oct: 10 } *Kumar Sing Nahar B. A.*

# જીવદયા—અહિંસા. HUMANITARIAHISM.

(લેખક—રા. રા. ન્યાલચંદ લક્ષ્મીચંદ સોની બી. એ; એલ્ એલ; બી.)

અનુસંધાન ગતાંક પાને ૨૯૩ થી

આ બાબતની ચર્ચામાં એકલા જૈન ભાઇઓને ઉદ્દેશીનેજ કહેવાનું કંઇક રહેશે તોપણ દયાળુ હિંદુ ભાઇઓએ ઘણું કરવાનું રહે છે.

**આ વિષયમાં પ્રયાસ કરનારાઓ માટે વિશાળ કાર્ય-ક્ષેત્ર**

મોટી મોટી પાંજરાપોળોની વ્યવસ્થામાં કાર્યવાહક કમીટીમાં લાગણી ધરાવતા અન્ય હિંદુ ભાઇઓને તો શું બલકે મુસલમાન, પારસી તેમજ વિદેશીય ગૃહસ્થોને દાખલ કરવાનો સંકોચ શા માટે જૈન ભાઈઓએ રાખવો જોઇએ ? પોતાને માથેજ બધું ઓઢી લઇ શામાટે ઘુમવું જોઇએ ? સર્વ દયાળુ આગેવાનોનું એક મહાન્ મંડળ સ્થપાય અને તે અનેક પેટા કમીટીઓમાં વ્હેંચાઇ જઇ જુદાં જુદાં કાર્ય ઉપાડી લે તો દરેક કાર્ય ઘણીજ સારી રીતે પાર પડી શકે.

લાગણી ધરાવતા યુવાનોનું—સ્વયંસેવકની ફોજ(volunteers for the cause of humanity ) ના રૂપનું એક મંડળ ઉભું કરવામાં આવે અને તેઓ, જયાં જયાં-જેને જેને-પશુઓને-પ્રાણીઓને અગર મનુષ્યોને કોઇપણ પ્રકારનું આધિ-વ્યાધિ અગર ઉપાધિ રૂપે કષ્ટ આપવામાં આવતું હોય અગર પીડા થતી હોય તેવા કેસોમાં દુઃખ નિર્મૂળ કરવાને યા તો ઓછું કરવાને અગર તો તેમાં સહભાગીદાર થવાને યથાશકિત પ્રયાસ કરે તો જનસમાજ ઉન્નતિની શ્રેણીએ ચઢી શકે ખરી. સ્વકીય જીવનજ પરપ્રેમમય બનાવી દેવાની જરૂર છે. અનેક ગરીબ કુટુંબો ચેપીરોગોના પ્રચાર વખતે પોતાનો નિર્વાહ કરવાને અશકત હોય છે, તેવી સ્થિતિમાં કુટુંબનું કોઇ માણસ વ્યાધિનો ભોગ થઈ પડતાં તબીબી મદદ-દવા તથા બીજાં અનુકૂળ સાધનો મેળવવામાં તદ્દન બેનસીબ રહે છે; વળી મનુષ્યવર્ગ ઉપર અકસ્માત રીતે મહાન્ આફતો આવી પડે છે ત્યારે પણ તેઓ ઘણુંજ સંકટ ભોગવતાં નજરે પડે છે. આવા આવા પ્રસંગે, તેમજ પશુ-પ્રાણી ઉપર ગુજારવામાં આવતો જુલમ અટકાવવા માટે ઉપરોકત મંડળ ઘણુંજ સારૂં કાર્ય કરી શકે.

આ સમયમાં બંધારણ-વ્યવસ્થાપૂર્વક કામ ઉપાડવા (Organisation.)થી જેવું અને જેટલું સારૂં થઇ શકશે તેવું અને તેટલું સારૂં બીજાં કશાંથી થઈ શકશે નહિ.

એક હાથે કાંઇ તાળી પડી શકતી નથી. મહાન્ મુશ્કેલ કાર્ય પણ અનેક માણસો એક દિલથી એકત્ર થઇ સહેલાઇથી પાર ઉતારી શકે છે. પ્રાચીન સમયના યુરોપમાં સારી પ્રખ્યાતિ પામેલું રોમ શહેર કાંઈ એક દીવસમાં તયાર થયું ન્હોતું. ધીમે ધીમે

પ્રયાસ કરવાથી દરેક કાર્ય ધૈર્યવાન્ માણસો સાધી શકે છે એ આપણે ભૂલી જવું જોઇતું નથી. વળી ' United we stand, divided we fall. ' અવિભક્ત રહીએ તો (ગમે તેવા હુમલા સામે) આપણે ટકી શકીએ (અને આપણી ઇચ્છાઓ પાર પાડી શકીએ) પરંતુ વિભક્ત થઇ જઇએ તો આપણી અવનતિનાં કારણ આપણેજ થઇ પડીએ. આજકાલ સરકારમાં એક સારા વગવસીલાવાળું, પ્રતિષ્ઠિત ગૃહસ્થોનું બનેલું, મોભાદાર મંડળ જેટલું વજન પાડી શકે છે તેટલું વજન પ્રથક્ પ્રથક્ રીતે કાર્ય કરનારા મોટા મોટા આગેવાન પુરુષો પાડી શકતા નથી. વળી એક વિષય જ હાથ ધરનાર-તે બાબતમાં અનેક દેશીય પ્રયાસ કરનાર પેટા કમીટી પણ કાર્યની વ્હેંચણી ( Division of labour ) ના નિયમ પ્રમાણે ઘણુંજ સંતોષકારક કામ કરી શકે છે આપણી હાલની પાંજરાપોળોની વ્યવસ્થામાં ઘણો સુધારો વધારો કરવાની જરૂર છે. ઢોરોની માવજત તરફ-તેઓની આરોગ્યતા જાળવવા તરફ ખાસ લક્ષ આપવાની જરૂર છે. તે વિષયના ડોકટરોની, તેમને કાયમને માટે રોકવા જેટલી ફંડની સારી સ્થિતિ ન હોય તો, અવારનવાર તેમની મુલાકાત લેવરાવી તેમની સલાહ મુજબ કામ લેવાની જરૂર છે. તેમની (પશુ-પ્રાણીઓની) ખાવાની, રહેવાની, હરવા ફરવાની દરેક પ્રકારની સગવડ જાળવવા તરફ પૂરતું લક્ષ અપાવું જોઇએ. આપણા પોતના સ્વાર્થની નજરે જોતાં પણ આપણને કેટલી પાંજરાપોળ જેવી સંસ્થાઓ ઉપયોગી, ફળદાયી છે, તે માત્ર છપનીયા દુષ્કાળ વખતની સ્થિતિના અનુભવ યાદ કરનારનાં ખ્યાલમાંજ આવી શકે તેમ છે. ઘણે અંશે ખેતી ઉપરજ આધાર રાખતા આપણા દેશને-ઇંગ્લંડને તો શું બલ્કે દુનિયાના ઘણાખરા સુધરેલા દેશોને કરોડો રૂપિયાની કીમતની કાચી વસ્તુ પૂરી પાડતા આપણા દેશને આ સંસ્થાઓ કેટલો લાભ આપી શકે છે તેના સંબંધમાં ખાસ અભ્યાસ કરનારાઓ પાસે ઇનામી નિબંધો લખાવવાની જરૂર છે. આવા પ્રકારના નિબંધો હમેશાં લાખો પ્રાણીઓનો વધ કરનારાઓને પણ ખાત્રી કરી આપશે કે તેઓ દેશની દોલતનો કેવળ નાશ કરીને દેશદ્રોહીની ગરજ સંપૂર્ણ રીતે સારે છે.

અન્ય ભાઇઓની તેમજ ખાસ કરીને હિંદુભાઇઓની સંપૂર્ણ દીલસોજી મેળવી જૈન અગ્રેસરોએ જીવદયાના ક્ષેત્રમાં ઘણું-ઘણું કરવાનું રહે છે. જે વિષયમાં સરકારની મદદની અપેક્ષા રહેતી હોય તેને માટે ડેપ્યુટેશનો દ્વારાએ-મેમોરીયલોથી ગવર્નરો અને ગવર્નર-જનરલ સુધી પ્હોંચી ઠરાવો-ધારાઓ-કાનુનો ઘડાવી પસાર કરાવવાની જરૂર છે. આ કાર્યને પ્રીતિ-શ્રમ (Labour of love ) ગણી દરેક પોતા તરફથી યથાશક્તિ મદદ આપવાની જરૂર છે.

' Prevention is better than cure. ' એ સૂત્ર અનુસાર વ્યાધિને-રોગને વધવા દેવો અને પછી તેમાંથી સાજા થવા માટે જીવતોડ મ્હેનત કરવી તેના કરતાં રોગ થતોજ અટકાવવો અગર થવાજ ન દેવો એ વધારે સહીસલામત ... માંસાહારી કોમનાજ વિદ્વાન લેખકો પાસે ઉત્તમ પ્રકારના, નમુનેદાર ઇનામી નિબંધો

છપાવી જુદી જુદી ભાષામાં તેના તરજુમા કરાવી છુટથી-મફત વ્હેંચાવવાની જરૂર છે. પોતાનાજ જીવને જોખમમાં નાંખનાર માંસાહારથી થતા ગેરફાયદાઓ લોકોના મન ઉપર સારી રીતે ઠસાવવા માટે મોટાં મોટાં શહેરોમાં ભાષણ-શ્રેણીની યોજના કરી મેસર્સ વીમ-દલાલ અને લાભશંકર લક્ષ્મીદાસ જેવા બાહોશ દયાળુ ગૃહસ્થો તરફથી ભાષણો આપવાની જરૂર છે. મોટાં મોટાં શહેરોનાં કસાઈખાનાં આ સમયમાં ગમે તેટલા પ્રયાસ છતાં પણ તદ્દન બંધ થવા અસંભવિતજ છે, તેમ છતાં પણ, ગુજારવામાં આવતું ઘાતકીપણું કેટલેક અંશે અટકાવી શકાય એમ છે, અને તેથી તે બાબતમાં તે તે શહેરોની મ્યુનીસીપાલીટીને તથા ગવર્નમેંટને અરજ કરી, પ્રાણીઓની દયાજનક સ્થિતિનું યથાતથ્ય ચિત્ર રજુ કરી તેઓ ઉપર ગુજરતું ઘાતકીપણું બંધ કરાવવાની જરૂર છે. ગાડામાં જોડાતા બળદો તથા ગાડીઓમાં જોડાતા ઘોડાઓ ઉપર તેમનાંજ દ્રવ્ય-લોભી માલેકો તથા માલેકોના નોકરો તરફથી ગુજારવામાં આવતું ઘાતકીપણું, કાયદાના આધારે તેમને કોર્ટમાં ઘસડી કેજે પ્હોંચાડી-સજા કરાવી બંધ કરાવવાની આવશ્યકતા છે. વાઘરી જેવા હલકા કોમના લોકો, જંગલમાંથી પક્ષીઓને ઘાતકી રીતે પકડી લાવી બજાર વચ્ચે બેસે છે તેમને દયાળુ માણસો કંઇ પૈસા આપી તેમની પાસેથી છોડાવી પાંજરાપોળમાં મોકલી આપે છે. આ રીતી પસંદ કરવા જેવી નથી, કારણકે આથી વાઘરીઓનો પક્ષીઓ પકડી લાવવાનો અને તે દ્વારાએ પૈસા મેળવવાનો એક ધંધો થઈ પડયો છે અને આપણે પૈસા ખર્ચીએ છીએ છતાં પણ એક રીતે પરીણામે હીંસક કાર્યને ઉત્તેજન આપવે જઇએ છીએ, આડકતરી રીતે આવા નીચ ધંધાને ઉત્તેજન આપવાના બદલે તેવો ધંધો કરનારા લોકોની સામે કાયદેસર પગલાં ભરવામાં આવે તો તેઓ સ્વતઃ તે ધંધો કરતાં બંધ થઇ જશે. કાયદો આપણને મદદ આપવા તૈયાર છતાં આપણેજ કાયરપણાથી તેનો લાભ લેવામાં પાછી પાની કરીએ છીએ.

આ વિષયની ચર્ચા આપણે પણ ધાર્મિક લાગણીથી-ધર્મ શાસ્ત્રનાં સૂત્રોને આગળ ધરી કરવા વડે સંતોષ માનવાનો નથી, પરંતુ દયાળુ વૃત્તિ એ મગજનો-સમજણશકિતનો ગુણ નથી પણ હૃદયનો ગુણ છે એમ સમજી સામાજિક શાસ્ત્રના નિયમાનુસાર, નીતિ શાસ્ત્રનાં સિધ્ધાંતો મુજબ વર્તન રાખવા માટે આગ્રહપૂર્વક કહેવાનું-જણાવવાનું છે. પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકીપણું પ્રસિદ્ધિમાં લાવી લાગણીવાળા લોકોનું તે તરફ લક્ષ્ય ખેંચી કાર્ય સાધવાનું છે. કાયદાના આધાર નીચે-સત્તાના બળે મનુષ્ય પ્રાણીઓ સામે તેમના બંધુઓ તરફથીજ નિર્દય રીતનું વર્તન રાખવામાં આવે છે તેને પણ અટકાવવાની જરૂર છે. સહૃદય આગેવાનો તરફથી આખો ફોજદારી કાયદો સુધારવાનું કહેવામાં આવે છે તથા કેદખાનાની વ્યવસ્થામાં જરૂર જોગો ફેરફાર કરવા માટે આગ્રહ કરવામાં આવે છે. ચાબકાના મારની-ફટકાની તથા મોતની સજા સદંતર કાઢી નાંખવાનું તેઓ જણાવે છે અને ગુન્હેગારો તરફની વર્તણુકમાં વેર લેવાની વૃત્તિના તત્ત્વને બદલે તેમને સુધારવાની જીજ્ઞાસાના તત્ત્વને દાખલ કરવાની જરૂર જણાવે છે. આ તેમના પ્રયાસને

આપણે અંતઃકરણથી ટેકો આપવાની જરૂર છે. આ પ્રસંગે જણાવવું જોઇએ કે ફ્રાન્સમાં–પ્રશીયામાં–હોલેન્ડમાં–બેલજીયમમાં તથા અમેરીકાના કેટલાંએક રાજ્યોમાં મોતની સજા બીલકુલ કરવામાંજ આવતી નથી તો પછી સુધરેલી દુનિયામાં પ્રથમ સ્થાન રોકવાનો ડોળ કરતા દેશોમાં આ સજા શામાટે રહેવી જોઇએ ? પ્રાણીઓ ઉપર ગુજરતું ઘાતકી-પણું અટકાવવા માટે બાંધવામાં આવેલ કાયદાને સંપૂર્ણ રીતે અમલમાં મેલવા-લાગુ કરવા ખાસ કરીને પ્રયાસ કરવાની જરૂર છે.

**જીવદયા અને રાજ્ય ભક્તિ.**

જીવદયા પાળનારા પુરૂષોનું હૃદય એટલું બધું કોમળ હોય છે કે રાજયવ્યવસ્થામાં મોટો ફેરફાર કરનારી, રાજ્યસત્તાને અસ્તવ્યસ્ત કરનારી, અરાજકતાની હીલચાલમાં ( Anarchist movement ) તેઓ જોડાયા મુદલ લલચાતા નથી. કઠોર દીલના પુરૂષોના—ખુના-મરકી પ્રવર્તાવવાના હીચકારા અને હૃદયભેદક કૃત્ય તરફ તેઓ બીલકુલ દીલસોજી ધરાવતા નથી.

જનહિતનાં–ધર્માદાનાં અનેક કાર્યો આવા દયાર્દ્ર–કૃપાળુ પુરૂષોના શ્રમનેજ આભારી છે. ગરીબો માટે સસ્તા ભાડાની ચાલીઓ–દવાખાના–પાંજરાપોળો–ધર્મશાળાઓ–સદાવ્રતો અન્નસત્રો વગેરેની યોજના કરવામાં ઉદાર મનના આવા પરોપકારી પુરૂષોજ જોડાય છે. જે પુરૂષ રાતના સુતી વખતે અને છેવટે મૃત્યુ વખતે પોતાના પુણ્ય–પાપના હીસાબનું સરવાયું તપાસતાં હીંમતથી કહી શકે કે સર્વ પ્રાણીઓ તરફ મૈત્રીભાવ રાખી–તેમને આત્મ સમાન ગણી તેમનું એકાંત હિત કરવામાંજ તત્પર રહ્યો છું, તે પુરૂષનુંજ જીવન સાર્થક–સફળ ગણવાનું છે, દયાધર્મ પાળ્યા વિના અનંતા ભવ સુધી આ સંસાર–ચક્રમાં રટણ કર્યા કરવાનું, છુટવાનું નથી. પ્રાણીમાત્રનો ઉત્કર્ષ દયામયવૃત્તિ ઉપરજ આધાર રાખે છે. કીટ યોનિ પર્યંતના જીવોની રક્ષા કરનાર મનુષ્યજ સહેલાઇથી સિદ્ધિપદની પ્રાપ્તિ કરી શકે છે. પોતાને પ્રાણાંત કષ્ટ થયા છતાં પણ જીવદયા પાળવામાં પ્રવૃત્ત રહેલા મહાત્માઓનાં, શાસ્ત્રકારોએ આપેલાં, જીવન વૃત્તાંતો પૈકી ખાસ કરીને પરમપૂજ્ય સોલમા તીર્થંકર શ્રી શાન્તિનાથ ભગવાનના પૂર્વભવનું જીવન ચરિત્ર આપણને જે ઉત્તમ પ્રકારનો બોધકારક ઉપદેશ આપે છે તે મુજબજ વર્તનારા–તેવા પ્રકારના વર્તન માટે ઉત્સાહથી પ્રયાસ કરનારા સમુહમાં–જૈન સમુદાયમાં એનાર્કીનું તત્ત્વ દાખલ થવાનો બીલકુલ સંભવજ નથી. કીડી મંકોડી જેવા ઉતરતી દશામાં રહેલ પ્રાણીઓના સ્વતઃ પ્રાણ ત્યાગ તરફ દ્રષ્ટિ થતાં જેમના હૃદયમાં અરેરાટની લાગણી ઉત્પન્ન થાય છે તેવા મનુષ્યોને નિઃકારણ નિરપરાધી પુરૂષોના પ્રાણ લેવાનો વિચાર–ખ્યાલ પણ ઉદ્ભવશે નહિ, પરંતુ સમાનદશામાં રહેલા એક સરખો હક ભોગવનારા મનુષ્યોનો બોમ્બ જેવા પ્રાણઘાતક હથિયારોથી વધ કરનારા તરફ ઉલટા તેઓ તિરસ્કારની નજરથીજ જોતા રહેશે.

પ્રથમ કહી ગયા મુજબ ઇંગ્લંડમાં હયુમેનીટેરીયન લીગ નામનું મંડળ આ વિષયમાં જે પ્રયાસ કરે છે તેને દરેક પ્રકારની સહાય્ય આપવાની આવશ્યકતા છે. તે મંડળ

તરફથી પ્રગટ થતા માસિકોમાં આવતા લેખેનું જુદી જુદી ભાષામાં ભાષાંતર કરાવી, તેને પ્રસિદ્ધ કરી તે તરફ જનસમુદાયનું ધ્યાન ખેંચવાની જરૂર છે.

યુક્તિપૂર્વક વ્યવસ્થાથી, અમુક બંધારણ બાંધી કામ લેવાથી કષ્ટસાધ્ય અનેક કાર્યો સુતર થઈ પડે છે. આ હેતુ ધ્યાનમાં રાખીનેજ મંડળના કાર્યવાહકો જણાવે છે કે–

"Some organised effort is needed in India, as in Great Britain, to mitigale the vast amount of unnecessaty pain inflicted through ignorance or calousness and to prevent the improtation of cruel European customs in defiance of Indian sentiments."

ભાવાર્થ—આર્ય પ્રજાની કોમળ ધાર્મિક લાગણી વિરૂદ્ધ જતા ઘાતકી યુરોપીયન રીવાજો, હીંદુસ્થાન—આર્યાવર્તમાં આયાત થતા અટકાવવા માટે તેમજ અજ્ઞાનતાથી અગર કઠોરતાથી ગુજારવામાં આવતો જુલમ [ પીડા ] ઓછો કરવા માટે ગ્રેટબ્રીટનની માફક હિંદુસ્થાનમાં પણ કંઇ પદ્ધતિસર પ્રયાસ કરવાની જરૂર છે."

આ વિચારને લઇનેજ ' ઇન્ડીયન હ્યુમેનીટેરીયન કમીટી ' નામની સંસ્થા સ્થાપવામાં આવેલ છે અને તેમાં જોડાવાની લાગણી ધરાવતા હિંદુસ્તાન નીવાસી ભાઇઓને આગ્રહ કરવામાં આવે છે.

પ્રાન્તે એટલુંજ જણાવવાની જરૂર ધારવામાં આવે છે કે " પાળે એનો ધર્મ અને મારે તેની તલવાર " " ગા વાળે તે ગોવાળ " વગેરે વ્યવહારકુશળ વિદ્વાનોના અનુભવોનો યથાર્થ ચિતાર આપતી એકજ મતલબની અનેક કહેવતો જનસમાજમાં પ્રચલિત છે તે અનુસાર, પૂજ્ય ધર્મ ગુરૂઓના અવારનવાર ઘણાજ અસરકારક ઉપદેશ છતાં પણ, અન્ય ભાઇઓ જીવદયાના પરમ પ્રશસ્થ કાર્ય તરફ વલણ કરે અગર ન કરે, સ્વકીય વર્તન શુધ્ધ આદર્શરૂપ રાખવા નિશ્ચય કરી પ્રયાસ કરે અગર બેદરકાર રહે તે સાથે આપણે કાંઇ લેવા દેવા નથી, પરંતુ ' Example is better than precept ' એટલેકે કહ્યા કરતાં કરી બતાવવું સારૂં એમ સમજી ગમે તેટલી મુસ્કેલી વેઠીને–કષ્ટ સહન કરીને (ખરી રીતે જોતાં સત્ય માર્ગે-દયા માર્ગે ચાલનારાને પરીણામે બીલકુલ મુસ્કેલી હોજ નહિ) પણ દરેક દયાળુ મનુષ્યે પોતાનું ચારિત્ર સુધારવા તરફ લક્ષ્ય આપવાની જરૂર છે. પ્રાણી માત્રને કોઇ પણ પ્રકારની ઇજા નહિ કરતાં તેમને હર કોઈ રીતે ઉપયોગી થવાનું દૃષ્ટિ-બિંદુ આપણું હોવું જોઈએ. પરસ્પર સહાયકારી વૃત્તિજ સમસ્ત પ્રજાગણના સુખમાં વધારો કરી શકે છે. ગમે તેટલાં શાસ્ત્રો વાંચો–ધર્મ પુસ્તકો ઉથાપો–મોટી મોટી વાતો કરવામાં હુશીઆરી દાખવો, પરંતુ જ્યાં સુધી હૃદય નિર્મળ થયું નથી–ચિત્તવૃત્તિ દયામય થઇ નથી, અયોગ્ય આચરણ (કૃત્યો) તરફ ધિક્કારની લાગણી ઉદ્ભવી નથી ત્યાં સુધી સર્વ સાધન સંપત્તિ નકામીજ સમજવી. મનુષ્ય માત્રના હૃદય-મંદિરમાં દયાની જ્યોત જાજ્વલ્યમાન પ્રકાશતી રહે અને નીચેના શ્લોકમાં

વર્ણવ્યા મુજબ સકળ જગત (ના જીવો)નું કલ્યાણ થાય, સર્વ પ્રાણીઓ અન્યનું હિત કરવામાં તત્પર રહે, તેમના સમસ્ત દોષો-આધિ-વ્યાધિ-ઉપાધિ નાશને પામે અને સર્વ ઠેકાણે લોકસમૂહ સુખી થાય એમ અંતઃકરણની ઇચ્છા પ્રદર્શિત કરી-તે માટે પરમાત્મા પ્રત્યે પ્રાર્થના કરી વિરમું છું.

शिवमस्तु सर्व जगतः परहित निरता भवंतु भूतगणाः
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवंतु लोकाः

ॐ શાન્તિ. શાન્તિ. શાન્તિ.

---

# શ્રી જૈન શ્વેતાંબર સંઘની મળેલી મીટીંગ.

આજરોજ તા. ૨૫-૧૨-૧૦ રવિવારના રોજ શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી મુંબઇ અને બહાર ગામના આગેવાન ગૃહસ્થોની એક મીટીંગ બપોરના ૧ વાગે (સ. ટા.) બાબુ પનાલાલ પૂરનચંદ જૈન હાઇસ્કુલના લેક્ચર હોલમાં બોલાવવામાં આવી હતી. તે વખતે નીચે લખ્યા ગૃહસ્થોએ હાજરી આપી હતી.

| | | | |
|---|---|---|---|
| શેઠ ગુલાબચંદ મોતીચંદ દમણીઆ | મુંબઇ. | શેઠ ચુનીલાલ વીરચંદ | મુંબઇ |
| ,, મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ | ,, | ,, લલ્લુભાઇ કરમચંદ દલાલ | ,, |
| ,, લખમશી હીરજી મૈસરી | ,, | ,, તુલસીદાસ મોનજી કરાણી | ,, |
| ,, મકનજી જુઠાભાઇ મહેતા | ,, | ,, જીવણચંદ સાકરચંદ | ,, |
| ,, કલ્યાણચંદ શોભાગચંદ ઝવેરી | ,, | બાબુ દોલતચંદ અમીચંદ | ,, |
| ,, હીરાચંદ નેમચંદ ઝવેરી | ,, | વકીલ લહેરભાઇ ડાહ્યાભાઇ | ,, |
| ,, રતનચંદ ખીમચંદ | ,, | શેઠ નરોતમદાસ ભાણજી | ,, |
| ,, જેઠાભાઇ નરશી કેશરજી | ,, | ,, વાડીલાલ પુનમચંદ | ,, |
| ,, ભોગીલાલ વીરચંદ દીપચંદ | ,, | ,, જમનાદાસ મોરારજી | ,, |
| ,, દલસુખભાઇ વાડીલાલ | ,, | ,, મણીલાલ સવચંદ | ,, |
| બાબુ અમીચંદ પનાલાલ | ,, | ,, અમરચંદ ઘેલાભાઇ | ,, |
| શેઠ નગીનભાઇ મંછુભાઇ | ,, | ,, બાપુલાલ લલ્લુભાઇ | ,, |
| ,, હરીચંદ ચોભણ | ,, | ,, કુંવરજી આણંદજી | ભાવનગર. |
| ,, કેશવજી માણેકચંદ | ,, | ,, વલ્લભદાસ ત્રીભોવનદાસ | ,, |
| ,, જેરંતભાઇ જેઠાભાઇ | ,, | ,, ભાઇલાલ અમૃતલાલ | ખેડા. |
| ડૉ. જમનાદાસ પ્રેમચંદ | ,, | ,, મોહનલાલ હેમચંદ | પાદરા. |
| ,, ત્રીભોવનદાસ લહેરચંદ | ,, | ,, દામોદર બાપુશા | યેવલા. |

| | | |
|---|---|---|
| ડૉ. નાનચંદ કસ્તુરચંદ મુંબઇ. | | શેઠ લાલચંદ કલ્યાણચંદ વેરવલા |
| શેઠ હેમચંદ અમરચંદ | ,, | ,, બાલચંદ હીરાચંદ માલેગામ. |
| ,, સોભાગચંદ તલકચદ ઝવેરી | ,, | ,, ચુનીલાલ છગનલાલ સુરત. |
| ,, સવાઇભાઇ જેચંદ | ,, | ,, કેશવલાલ અમથાશા અમદાવાદ. |
| ,, સાકરચંદ માણેકચંદ ધડીઆળી | ,, | ,, ડાહ્યાભાઇ કપુરચંદ મુંબઈ. |
| ,, મોહનલાલ હેમચંદ | ,, | ,, મોતીચંદ હરખચંદ ,, |
| ,, મોહનલાલ મગનલાલ | ,, | ,, મોહનલાલ દલીચંદ દેશાઇ ,, |
| ,, રાયચંદ ખુશાલચંદ | ,, | ,, સ.રાભાઇ ચંદુલાલ ,, |
| ,, દેવકરણ મુળજી | ,, | ,, છોટમલાલ લલ્લુભાઈ ,, |
| ,, વાડીલાલ સાંકળચંદ | ,, | શેઠ રતનજી વીરજી ભાવનગર. |
| ,, ડાહ્યાભાઈ સ્વરૂપચંદ | ,, | ,, જુઠાભાઈ સાકરચંદ ,, |
| ,, હરીશંગ ઝવેરચંદ | ભાવનગર | ,, લલ્લુભાઇ ભાઇચંદ બોટાદ. |

ઉપર જણાવ્યા પ્રમાણે આશરે ૭૫ ગૃહસ્થોએ હાજરી આપી હતી. મીટીંગની શરૂઆતમાં શેઠ મકનજી જુઠાભાઇએ આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવ્યા બાદ શેઠ રતનચંદ ખીમચંદની દરખાસ્તથી અને શેઠ કલ્યાણચંદ શોભાગચંદના ટેકાથી શેઠ ગુલાબચંદ મોતીચંદ દમણીઆને પ્રમુખપદ આપવામાં આવ્યું. ત્યાર બાદ શેઠ ગુલાબચંદ ઢઢ્ઢાએ ભાષણ વાંચી સંભળાવ્યું, તેનો સાર નીચે પ્રમાણે—

## પ્રિય બાંધવો

આપણી આજની મીટીંગ મેળવવાનો હેતુ શું છે તે આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવ્યાથી સૌના ધ્યાનમાં આવ્યું હશે. માટે તેના ઉપર વધારે ટીકા કરવાની જરૂર નથી. આપણે એટલોજ વિચાર કરવાનો છે કે જે સંસ્થાથી આપણી જાગૃતી થઇ છે, આપણામાં ઘણી જાતના સુધારા થવા પામ્યા છે, જેનો ઉદ્દેશ હમેશાં પ્રીતી વધારવા તરફ છે, તે સંસ્થા કાયમ નભાવવામાંજ આપણું તથા આપણી પ્રજાનું હિત છે. આપણે એવે દરજ્જે નથી પહોંચ્યા કે આપણે હવે આ સંસ્થાની જરૂર ન હોય.

આ મહાન સંસ્થાના ઇતિહાસ તરફ નજર કરતાં માલમ પડશે કે કોઇ પણ પ્રકારે આવી સંસ્થા ચાલુ રહેતોજ આ જમાનામાં જૈન કોમની ઉન્નતિ છે એમ સમજાય છે. ખાસ અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના ટ્રસ્ટી સાહેબોએ સં. ૧૯૫૦ ના ફાગણ માસમાં શેઠ આણંદજી કલ્યાણજીના કારખાનાના વહીવટનો ૧૪ વર્ષનો રીપોર્ટ પસાર કરવાને બધા ટ્રસ્ટીઓની જે મીટીંગ બોલાવવામાં આવી હતી. તેમાં હિંદુસ્તાનના જૈન સમાજના આગેવાનોને પત્ર અને તાર દ્વારા આમંત્રણ કરીને બોલા-

વવામાં આવ્યા હતા, અને તે મીટીંગમાં રીપોર્ટ પાસ કરવા ઉપરાંત જૈન કોમના અને તીર્થના સુધારા માટે ઠરાવ પસાર કરાવવામાં આવ્યા હતા, અને તે સભાનું નામ જૈન કોંગ્રેસ રાખવામાં આવ્યું હતું . જો કે તેને આજ ૧૭ વર્ષ થઈ ગયાં છે; તોપણ મને અત્યારે તે વખતના અમદાવાદના સંઘનો ઉત્સાહ, ભકિત અને પ્રીતી બહુ યાદ આવે છે, તેમાં ખાસ કરીને ઘેર લગ્ન પ્રસંગ હોય અને જેટલો ઉત્સાહ હોય તેટલો ઉત્સાહ શેઠ લાલભાઇ દલપતભાઇના ચહેરા ઉપરથી તે સભામાં હાજર થએલા ગૃહસ્થો જાણી શકતા હતા. તે સભામાં હાજર રહેલા સભાસદોને જૈનકોમમાં સુધારાને વાસ્તે આવા પ્રકારની સભાની જરૂરીઆત છે તેનો તે વખતે ખ્યાલ થયો, અને તે વખતે પ-૬ વર્ષ સુધી દર વરસે આવી સભા ભરવાને મુંબઇ, ખંભાત, ભાવનગર, પાલનપુર, પાલીતાણા વગેરે સ્થળો નકી કરવામાં આવ્યાં. તે વખતે આશા હતી કે આ સભા બરાબર ચાલશે, પણ કેટલાએક કારણોને લીધે આ સભાનો ઉદય અને અસ્ત એકજ સ્થાનમાં થયો. એટલે જોકે વરસાદના અભાવથી જેમ બીજ ફળતું નથી તેમ તે સભાનું કાંઇ પરીણામ આવેલ નહી પણ તેની શકિત નાશ પામી નહીં હતી. અને તેને લીધે ફરીથી વખત મેળવીને સને ૧૯૦૨ માં શ્રી પવિત્ર તીર્થ ફલોધી ઉપર તેના અંકુરો પ્રગટ થયાં. બીજી સાલને વાસ્તે શ્રી પવિત્ર સિદ્ધક્ષેત્રમાં મેળાવડો કરવાનો નિશ્ચય કરવામાં આવ્યો, પણ કેટલીએક ખટપટને લીધે તે સ્થળે મેળાવડો કરવાનું બંધ રહ્યું. જેવો ઘાતી ગ્રહ આ મહાન સભાને અત્યારે દેખાય છે તેવો ગ્રહ તે વખતે પણ દેખાતો હતો. જૈન કોમના આગેવાન સદ્ગૃહસ્થો અને ખેરખાંહોને ધન્યછે કે જેઓએ અમદાવાદમાં આવા પ્રકારની મીટીંગ બોલાવીને બીજી સાલનો મેળાવડો આ ( મુંબઈ ) શહેરમાં કરવામાં આવ્યો. ત્યારબાદ વડોદરા, પાટણ, અમદાવાદ, ભાવનગર અને પુનાના ભાગ્યશાળી સંઘોએ આ મહાન સભાને આમંત્રણ કરીને જૈન કોમની સારી સેવા બજાવી છે. લોક રૂઢી એવી ચાલી આવેછે કે બચ્ચાંને આઠમું વર્ષ સંકટનું હોયછે. એ સંકટમાંથી નીકળ્યા પછી તેનું જેટલું આયુષ્ય હોય તે પ્રમાણે ભોગવેછે. એવીજ રીતે આ કોનફરન્સને આઠમા વર્ષની દેહેશત હતી કે જે આપ જુઓ છો. કફ, ખાંસી જ્વરાદિ રોગને લીધે પીડાઇને જેવી રીતે એક કોમળ બાળક ગભરાઇ જાય તેવીજ રીતે આ મહાન સંસ્થાને એવા પ્રકારના રોગોએ ઘેરી લીધેલ છે કે જેની ચિકિત્સાને માટે જીવન ગુટીકા દેવાની જરૂર છે, અને તેમ કરીને બચાવવાની ફરજ આપ સાહેબોના શીરપર આવી પડેલી છે. આ ટુંકા ઇતિહાસથી એટલી વાત સૌ સ્વીકારે છે અને સ્વીકારશે કે ૨૦ વર્ષથી આપણને એક નિશ્ચય એવો થઈ ગયોછે કે આપણી કોમને આપણા ધર્મની રક્ષાને વાસ્તે આવા પ્રકારની એક મહાન સંસ્થાની બહુજ જરૂરીઆત છે. ધર્મ પાંગળો છે. તેને ચલાવવાથી ચાલે છે. જૈની રાજા મહારાજાઓના અભાવથી આપણા સુધારાને વાસ્તે જૈન સમુદાયની એક ચુંટી કાઢેલી સમાજ એ પણ એક મુગટ સમાન છે. તેના કાર્યક્રમમાં મતભેદ થાય છે અને તે મુજબ સુધારા વધારા થયા કરે છે.

આ સમય એવોછે કે હુન્નર હરીફાઇ વગેરેનો પ્રવાહ આગળ વધતો જાય છે, અને તેની સાથે આપણે વધવાથી ઇચ્છીત ફળની પ્રાપ્તી થાય છે. તે પ્રવાહની સાથે નહીં ચાલવાથી એક ખુણા ખોંચરામાં ભરાઇ રહેવાનો પ્રસંગ આવેછે, અને એવી જગ્યામાં ભરાઇ જવાયછે કે છેવટે નાશ થવાનો ડર રહેછે. આપણી મહાન સંસ્થા ચાલુ પ્રવાહની સાથે વહન કરવાને શકિતવાન છે અને શકિતવાન થઇ શકે તેમ છે. તેની દોરી તુટી જવાથી લાકડીના ભારાની માફક સઘળું છુટું પડી જશે તો તેને ફરીને એકઠું કરવાનું કામ બહુ ભારે થઇ પડશે.

જૈન કોમની ઉદારતા અને લાગણીથી જે કામ આ મહાન્ સંસ્થાદ્વારા આઠ વર્ષ લગીમાં થયુંછે તે આપણાથી અજાણ્યું નથી. વખતે વખતે તે કામોનો હેવાલ પ્રગટ કરવામાં આવેછે, તો પણ કાંઇપણ સ્વરૂપ આપની આગળ રજુ કરીશ તેટલું બોલ્યા બાદ કોન્ફરન્સ ઓફીસ તરફથી પ્રગટ થએલ સિંહાવલોકન વાંચી સંભળાવ્યું હતું. તે ઉપરથી એમ જણાયું કે આપણી કોમમાં સારી જાગ્રતી થઇછે કેટલાક ખરાબ રીવાજો બંધ પડવા લાગ્યાછે. જીર્ણોદ્ધાર, પુસ્તકોદ્ધાર વગેરે અનેક રીતના સુધારા વધારા તરફ આપણું લક્ષ દોરાયું છે, આમાં કોઇ પ્રકારની ખામી રહી હોયતો આપ સમજી શકોછો કે દરેક બાબતમાં શરૂઆતમાંજ મુશ્કેલી આવે છે. સુધારાવધારાની કાર્યવાહીનું પરિણામ વખત આવ્યાથી દેખાઇ રહે છે. કારણ કે આપણા હાથમાં સરકારી સત્તા નથી કે કોઇપણ ઠરાવનો અમલ તુરતજ થઇ શકે. આપણામાં સુધારા ધીમે ધીમે થાય છે કે જેનો પ્રકાશ વખત ભરાયાથી અવસ્ય પડયાવિના રહેતો નથી. હવે આપણને આવતી કોન્ફરન્સનો મેળાવડો કયાં ભરવો, કયારે ભરવો અને કેવા ધોરણપર ભરવો. તેનો વિચાર કરીને નિર્ણય ઉપર આવવાની જરૂરીઆત છે, અને તેટલાજ વાસ્તે આપ સાહેબોને આમંત્રણ કરીને તસ્દી આપવામાં આવી છે. વળી જૈન તેહેવારો માટે તથા વાલકેશ્વરના બાબુના દેરાસરને માટે જે ઠરાવ, સરકારમાં થયા તે પણ આ મહાન સંસ્થાનોજ પ્રભાવ છે. પુના કોન્ફરન્સ વખતે ભોયણીજીમાં બેઠક મેળવવાનું નકી થયું હતું પણ સુરત સંઘમાં કેટલીક હીલચાલ થતી સાંભળવામાં હતી પણ તેનું કાંઇ થયું નહીં તો હવે તે ભરવાનું નકી કરવું. આશા છે કે આપના અંતઃકરણમાં નેક સલાહ પ્રગટ થાય અને આપના સુકૃત્યોથી જૈનકોમનું શ્રેય થાય એટલું બોલી બેસી જવાની રજા લઉંછું.

ત્યારબાદ ઘેવલાવાળા શેઠ દામોદર બાપુશાએ કહ્યું કે કોન્ફરન્સ કાયમ રાખવાની જરૂર છે તે બાબત ઢઢ્ઢા સાહેબને મળતું કેટલુંક ભાષણ કરી છેવટ દરખાસ્ત મૂકી કે કોન્ફરન્સ ભરવી. તેને શેઠ ભોગીલાલ વીરચંદ દીપચંદે ટેકો આપ્યા બાદ સર્વાનુમતે તે દરખાસ્ત પસાર કરવામાં આવી.

બીજો ઠરાવ શેઠ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ તરફથી એવો રજુ કરવામાં આવ્યોકે કોન્ફરન્સ મોટા ખર્ચથી ન ભરતાં સાદા રૂપમાં ઓછા ખર્ચે ભરવી. કારણ

કોન્ફરન્સને મોટા ખર્ચે ભરી જે લોકલાગણી વધારવાની હતી તે પ્રમાણે પ્રીતિ વધી છે. હવે સાદા રૂપમાં ઓછા ખર્ચે ભરાવાથી તે પ્રમાણે બીજાઓ તેમ કરવા શકિતવાન થશે, વિગેરે બાબત કેટલુંક બોલ્યા હતા. તેને સુરતના શેઠ ચુનીલાલ છગનલાલે ટેકો આપ્યો. અને કહ્યું કે તે બાબત મુનિ મહારાજ શ્રી આણંદસાગરજીએ બહુ સારી યોજના બતાવી છે; ખુરશી વગેરે ન રાખતાં નીચે બેઠક રાખી સાદાઇથી કોન્ફરન્સ ભરવી એમ હું અનુમોદન આપું છું. ત્યાર બાદ તે ઠરાવ સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો.

ત્યારબાદ શેઠ લલ્લુભાઈ કરમચંદ તરફથી ત્રીજા ઠરાવ માટે દરખાસ્ત મૂકવામાં આવી કે ડેલીગેટોની ફી બહુ ઓછી છે, તો તે વધારી રૂ. ૫) રાખવા. તે બાબત કેટલીક ચર્ચા થયા બાદ શેઠ કુંવરજી આણંદજીએ તે દરખાસ્તને ટેકો આપ્યો હતો. અને કેટલુંક ભાષણ કર્યા બાદ શેઠ કેશવલાલ અમથાશાએ મત આપ્યો હતો કે રૂ. ૫) ફી રાખવી તે દરખાસ્ત સર્વાનુમતે પસાર થઈ હતી. તે દરખાસ્તને શેઠ જેઠાભાઈ નરશી કેશવજીએ ટેકો આપ્યો હતો અને દરખાસ્ત મંજુર થઇ હતી. ત્યારબાદ શેઠ ગુલાબચંદજી ઢઢ્ઢાએ જણાવ્યું કે એક ગંભીર સવાલ કે જેના લીધે અત્યારનો મામલો ભારે ગુંચવણ ભરેલો લાગે છે, તે બાબત વિસ્તારથી કહેવું કે ગોળગોળ કહેવું તે બન્ને સરખું છે, એમ જણાવીને તેઓએ બેજણ (લાલન અને શીવજી)ને વાસ્તે કેટલાક સ્થળોના સંઘોએ ઠરાવ કર્યા છે તે બાબત વધારે વિવેચન કરવાની જરૂર નથી. તેના સંબંધમાં કેટલુંક વિવેચન કર્યું પણ તે સંબંધમાં કોઇપણ નિર્ણય થઇ શકે તેમ નહીં લાગવાથી નીચે પ્રમાણે સર્વનો વિચાર થયો.

"કોન્ફરન્સ કયાં ભરવી, કયારે ભરવી અને ઉત્પન્ન થયેલા સવાલોનો શું નિર્ણય કરવો, તે સંબંધી નિર્ણય કરી રીપોર્ટ કરવા નીચેના ગૃહસ્થોની એક કમીટી નીમવામાં આવે છે અને તેઓએ તેનો રીપોર્ટ ૧ મહીનામાં કરી એકવાર ફરી મીટીંગ બોલાવવી, અને તે વખતે જે નિર્ણય થાય તે અનુસાર કોન્ફરન્સ બોલાવવી.

નીચે જણાવેલા સભાસદો ઉપરાંત વધારે સભાસદો વધારવાની જરૂર પડે તો વધારેમાં વધારે ૪ સભાસદો વધારવાની સત્તા આપવામાં આવી."

## કમીટીનાં સભાસદોનાં નામ.

| | |
|---|---|
| શેઠ રતનચંદ ખીમચંદ મોતીચંદ | શેઠ લખમશી હીરજી મૈસરી |
| ,, ગુલાબચંદ મોતીચંદ દમણીઆ | ,, રા. સા. વસનજી ત્રીકમજી જે. પી. |
| ,, મોતીચંદ હરખચંદ | ,, જેવંતભાઈ જેઠાભાઇ |
| ,, દેવકરણ મુળજી | ,, કુંવરજી આણંદજી |
| ,, ગુલાબચંદજી ઢઢ્ઢા | ,, મોતીચંદ ગિરધરલાલ |
| ,, જેઠાભાઈ નરશી કેશવજી | ,, ભોગીલાલ વીરચંદ દીપચંદ |

ઉપર પ્રમાણે ઠરાવ થયા બાદ બહાર ગામના તથા મુંબઇના પધારેલા આગેવાનોનો ઉપકાર માની મીટીંગ વિસર્જન કરવામાં આવી હતી.

# एक आश्चर्यजनक स्वप्न.

(लेखक शेरसिंह कोठारी—सैलाना)

अनुसंधान पाने ३०४ थी.

एकदिन उस गरीब मित्रने विचारकिया कि मैरा मित्र अमुक देशका दीवान होगयाहै सो अवश्यमेव वह मैरी दरिद्रता दूर करेगा और मुझे किसी कार्यमे लगा देगा, वास्ते मुझे उसके पास जाना चाहिये.

ऐसा बिचारकर उसी वख्त अपने घरसे रवाना होकर अपने दीवान मित्रके पास पहुंचा, और चपरासीके साथ इत्तला करवाई की आपका अमुक मित्र आपको मिलनेको आयाहै. यह सुनकर यह दिवान मित्र बोला " जराठेरो आतेहैं " थोडीही देरीके बाद जबकी वह बाहर आया तो अपने मित्रको देखकर दिलमे बिचार करने लगा कि मै दिवान होकर इसके साथ मित्रके मुवाफिक कैसे पेश आउं. तब बड़े अभिमान के साथ वह दिवान मित्र बोला, " तूं कौन है, और यहां क्यों आया है ? ये शब्द सुनकर बिचारा गरीब मित्र बहुत लज्जित हुवा, मगर अपने दिलमे बिचार करके कि इसका अभिमान उतारना चाहिये, बोला " हे भाई साहब आप मैरा नाम नही पूछते हुवे पहिले मैरे आनेका कारण सुनियेगा:—

मैने सुना के मैरा मित्र जोकि दीवान है, आजकल आंखोसे अंधा हो गया है वास्ते मैभी तुम पुरिषी (condolance) क लिये आयाहुं. अरे मित्र तूं एक उहदे को पाकर क्या इतना अभिमान करता है; थोडेही दिनो पहिले तो अपन साथ २ खेलते थे और आज तूं मैरा नाम पूछता है. वाह मित्र वाह! धन्य है तैरा मित्रताको.! ये बचन सुनकर वह मित्र बहुत लज्जाको प्राप्त हुवा और उस गरीब मित्रको सादर अपने पास रखने लगा—इससे निश्च हुवा कि जो लोग अपने भाईयोका निरादर करते हैं वे मूर्ख शिरोमाणि हैं.

हे भाई, जादे क्या कहुं यदि मैरी सर्व गती कहने लगु तो बडा भारी समय खर्च होगा. वास्ते तूं कमतीमें जादे समझ लेना.

मैं:—हे मातेश्वरी, मै खूब समझ गया. अब आप अपना आसनपर बिराजियेगा. क्योंकि अब मुझे कारुण्य माताके हाल सुनना है.

तत्पश्चात् वह प्रमोद माता सानंद आसनपर बैठ गई तब मै सविनय करजोडकर मैरी कारुण्य मातासे बोला.

हे कारुण्य माता अब तेरीबी छेक दशा कहकर सुनादे. क्योंकि मुझे तेराभी चहरा बहुत उदास मालुम होता है.

का०—हे पुत्र, मैरे नामका अर्थ करनेसे तूं खुद समज सक्ता है कि "अहिंसा परमोधर्मः" की जननी मैही हुं. और जहांतक मुझे अंगीकार नही करेंगे तहां तक प्राणीयोपर दया करना मुश्किल है? परंतु आजकलकी वख्तमे तो मैरी पूछ तक नही होती.

हे वत्स, जैनी लोग दया २ के पोकार तो बड़े जोर २ से करते हैं. मगर सच्ची दया करना अभी तक उनोने नही सीखा है.

हे भक्तिवान् पुत्र, सर्व लोग छोटे २ जन्तुओपर दया बताते हैं. मगर गरीब जैनियोकी सार संभाल तो कोइ विरला पुरुषही करता होगा.

हे भाई, जब अनाथ जैनियोकी तर्फ लक्ष होता है तो सिवाय पछतानेके कुछभी हाथ नहीं लगता. अहा आजकल न्यायशील ब्रिटिश गव्हर्नमेन्ट गरीबोंपर कितनी परवरिश करते हैं! ठाम २ पर मद्रेसें (Schools,) औषधालय (Dispenceries) तथा अनाथालय (Poor houses) बनाकर हजारो अनाथोका पोषण किया है और करते है.

हमारे जैनियोमे सेंकड़ो लोग ऐसे हैं जिनकोकि दोनो वख्तकी रोटिये तक मुश्किलसे मिलतीं हैं! परंतु साथका साथ देखा जावे तो हमारी ही सम्प्रदायम

लाखो श्रीमान मौजूद हैं. उफ! श्रीमानोका इतना नंबर होते हुवेभी हमारे गरीब जैनोपर भीख तक मांगनेका मौका आ जाताहै.

हे भाई, श्रीमान् लोग अपने घरोंमे माल मलिदे उड़ातेहैं परंतु जब कोई गरीब स्वधर्मी भाई उनके मकानपर आकर कुछ याचना करें तो उनके साथ बड़ेही तिस्कारसे पेश आतेहैं, वे धनवान लोग श्रीमानोको तो कदाच मदद दे भी देतेहैं, मगर गरीबोको नही देते. देख नीति शास्त्र वाले क्या कहतेहैं :—

## श्लोक.

दरिद्रान्भर कौन्तेय मा प्रयच्छेश्वरेधनम् ॥
व्याधि तस्यौषधं पथ्यं नीरुजस्य किमौषधं ॥ १ ॥

अर्थ—हे युधिष्ठिर, दरिद्रोंका पोषण करो, न कि श्रीमानोका; सबबकि व्याधिग्रस्त पुरुषको औषधीसे फायदा होताहै निरोगीको नही ॥ १ ॥

हे भाई, अपने शास्त्रोमे जो स्वधर्मी वात्सल्यताका अधिकार चलता है उसका मतलब केवल लड्डु पेड़े बनाकर खाजानेका नहीहै. सच्चा स्वधर्मी वात्सल्य तो उसे उसे कहतेहैं कि गरिब जैन भाईयोकी परवरिश करना.

हे वत्स, न मालुम आजकल जैनियोंके करुणामय चित्त क्योंकरके कठार होगये ?

जबकि हम पूर्व जमानेकी तर्फ दृष्टि करतेहैं तो तेजपाल वस्तुपाल सरीखे महान् मंत्रीश्वर, गधाशाह, भेसाशाह तथा विमलशाह सरीखे बड़े २ शेठ और कुमारपालादि बडे २ राजा आज याद आतेहैं. आजके समयमे उनकी बराबरीतो क्या मगर उनके रजकी बराबरीभी कर नही सक्ते.

हे पुत्र, पहिलेके लोग जब कभी अपने जैन भाईयोंको खराब स्थिति मे देखतेथे तब अपने समान बनानकी कोशीस करतेथे, देख मै तुझे एक छोटासा दाखला बतादेतीहुं:—

इसी प्रसिद्ध मालव देशमें मांडवगड़ नामका एक पवित्र तीर्थ स्थानहै. वहांपर पूर्व जमानेमे नवलाख जैनियोंकी वस्तीथी, और एक २ जैनके पास

नव २ लाख रुप्योंका द्रव्यथा जब कभी कोई गरीब जनी उनके नगरमें चला आता तो एक २ घरसे एक २ रुप्या एक २ इंट तथा एक २ सागटो आदि देकर अपने बराबरका बनाकर एक मोटी हवेलीमे आबाद करदेते थे. धन्यहै २ ऐसे महासियोको. हे वत्स, देख उन्होने कैसा रास्ता निकाला कि किसीको भी भार नही पड़ते हुवे काम बन जाताथा. सचहै, "पंचकी लकडी और एकका भार" अफसोस! अब इस बातका है कि उन महानुभावो के ओलादकी आज क्या दशा हो रहीहै.

हे सुझ पुत्र, यदि जैनियोके दिलमे करुणा होगी तो अवश्यमेव वे मुझ दु:खियाके दु:खको काटेंगें अर्थात् कठोरताको त्यागकर अपने चित्तमे कुछ करुणा पैदा करेंगे.

हे तनय, जबकि लोगोका चित्त अपने स्वधर्मी भ्राताओंके तर्फ भी नहीहै तो दूसराका दु:खतो काटने का समर्थ होही कैसे सक्ते हैं.

हे पुत्र, मै अपना दु:ख कितनाक जाहिर करूं, चाहे कितनाही उपदेश क्यों न दिया जाय मगर कुलिशोपम कठोर हृदय वाल कइयेक जैनियोंके चित्तमें कुछभी असर नही करता और अखीर छारपर लिपनेके मुवाफिक नतीजा होताहै.

हे प्रिय पुत्र अंगज, तूं थोडेमें जादे समझ लेना अब जादे कहनेमें कुछभी फायदा नही समझना. सच पूछे तो जहांतक मुझे धारन नही करेंगे तहांतक लोग जैनी होनका दावा कदापि नही करसकेंगे.

मै:—हे मातेश्वरी, मैने खुब समज लिया है अब आप अपने आसनपर बिराजियेगा, सबब कि मुझ कुछ हाल मेरी मध्यस्थ मातासेभी पूछना है.

(तत्पश्चात कारुण्य माता अपने आसनपर बैठ गई.)

तब मै चौथी मध्यस्थ मातासे करजोड कर सविनय बोला,

अपूर्ण.

# દશેરાના તેહેવાર ઉપર થતો પશુવધ અટકાવવા શ્રી જૈન કોન્ફરન્સો તરફથી કરવામાં આવેલ પ્રયત્ન અને તેનું પરિણામ.

દશેરા એ એક ધાર્મિક પર્વના નામે આનંદના તેહેવાર તરીકે જાણીતો દિવસ છતાં કોઇ વહેમી કારણોના લીધે તે દિવસ પશુઓ માટે એક કૃપણ અને ધાતકીરૂપે કેટલાક વર્ષોથી થઇ પડયો છે અને તે માટે વિચાર કરવાની પણ વચ્ચમાં કેટલાંક વર્ષો સુધી કોઇએ મહેનત ઉઠાવી નહોતી. જેને માટે જૈન કોન્ફરન્સની હયાતી પછી થોડી થોડી હીલચાલ કરવામાં આવી છે. અને બહુ નમ્રપણે વ્યાજબી દલીલો સાથે હિંદના દેશી રાજા રજવાડાઓ પ્રત્યે અરજ ગુજારવામાં આવે છે. જેના પરિણામમાં આ વર્ષના પરિણામને સાથે ઉમેરતાં ૧૦૭ ગામ કે જેમાં નાનાં મોટાં ગામો સાથે કેટલાંક મોટાં રાજ્યો પણ આવેલાં છે તેવાં સ્થળોએથી આ ધાતકી કાર્યને દેશવટો મળ્યો છે. આ રીતે જૈન શ્વેતાંબર કોન્ફરન્સની અરજીઓ પ્રત્યે નામદાર મહારાજાઓ, નવાબો, ઠાકોરો અને જાગીરદારોએ જે લાગણી પૂર્વક ધ્યાન આપી હિંદી પ્રજાને ખુશી કરી છે તે માટે તેઓ જેવાતેવા ધન્યવાદને પાત્ર નથી.

આ વર્ષેજ આગલા ૮૬ માં ૨૧ નામોનો વધારો થવા પામ્યો છે, જેનાં નામો નીચે મુજબ છેઃ—

૧ ગઢકા, ૨ બગસરા, ૩ પોરબંદર, ૪ વીજયનગર, ૫ માન્ડા, ૬ ઓબીશી ૭ વીઠલગઢ, ૮ રામનાદ, ૯ દેવરોટા, ૧૦ સીતવાડા, ૧૧ આજોલ, ૧૨ લાકરોડા ૧૩ મોહનપુર, ૧૪ રણાસણ, ૧૫ રૂપાલ, ૧૬ પીપળીયા, ૧૭ અંકેવાળીઆ, ૧૮ બંભલાવ, ૧૯ જહાંગીરાબાદ, ૨૦ કુચામન, ૨૧ મુલથાન.

ઉપર સિવાયનાં ૮૬ નામો જાહેર પ્રજાની જાણ ખાતર છેવટના ભાગમાં આપવામ આવેલ છે. આ ૨૧ નામો પૈકી પ્રથમનાં ૮ સ્થળોએ તો ઘણા વખતથી બંધ છે. અને બાકીના ૧૩ સ્થળોએ આ વર્ષથીજ બંધ કર્યાનું જણાવે છે.

મળેલા પત્રોમાં કેટલાક પત્રો તો એવા ઉત્તમ છે કે કોન્ફરન્સના કાર્યને તેઓ પોતે પોતાનુંજ કાર્ય માનતા હોય તેમ જણાય છે. કેટલાક ઠાકોરોએ તો ખુદ પોતે પોતાની હદમાં બંધ કરવા સાથે જોડેના ભાઇબંધ રાજ્યો ઉપર પણ વગ ચલાવીને આ કાર્યમાં પોતાનો હીસ્સો આપી અવાચક પ્રાણીઓના આશીર્વાદ મેળવ્યા છે.

કેટલાંક સ્થળોએ તો હિંદુ અને જૈન તેહેવારોમાં અન્ય રીતે થતી હિંસા પણ બંધ થઇ છે. કેટલેક સ્થળે ખાસ તેવા માટે અને ખેતીવાડીનો મુખ્ય આધાર પશુઓ

ઉપર હોવાથી તેઓનાં રક્ષણ માટે રાજ્ય તરફથી ખાસ હુકમો કહાડવામાં આવ્યા છે. કેટલાંક નાનાં સ્થળોના ઠાકોરોએ તો પોતાની પ્રજાની ઇચ્છાને માન આપી દસ્તાવેજ લખી કરી આપ્યા છે; કે જેથી કોઇ વખત ફરી તે માટે સવાલ ઉભો થાયજ નહીં.

આ વર્ષે આ કાર્ય માટેની અરજી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ, સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ તથા દીગમ્બર જૈન મહાસભા એ ત્રણે જૈન સંસ્થાઓએ એકત્રરૂપે કરી હતી અને ઇચ્છે છે કે આવાં કાર્યો એકત્રતાથી વધુ ફતેહમંદ ઉતારવા વધુ ભાગ્યશાળી થાય.

છેવટમાં આ સંસ્થાઓ આવાં ઉત્તમ કાર્ય માટે રાજા, મહારાજાઓ, ઠાકોરો વગેરે સર્વે રાજકર્તાઓનો ખરા અંતઃકરણથી આભાર માને છે, અને ઇચ્છે છે કે બીજા રાજ્યકર્તાઓ તેમનું અનુકરણ કરે.

નામદાર જામનગરના મહારાજા જામ સાહેબે પોતાના રાજ્યમાં આ રીવાજ બે વર્ષ ઉપર બંધ કરેલ પણ આ વર્ષથી તો તેઓએ તે (જીવરક્ષા) નીમીત્તે પોતાના તરફથી રૂ. ૨૦૦૦) જેવી મોટી રકમની મદદ આપવાની લાગણી બતાવી ત્યાંની પ્રજાને ઘણીજ આનંદિત કરી છે. આ પ્રસંગે તેઓશ્રીનો આભાર ખાસ તાર માર્ફતે માનવામાં આવ્યો હતો. અને જાહેર રીતે આ પત્ર માર્ફત ફરી માનવા રજા લઇએ છીએ.

નામદાર ગોંડળ નરેશ, ઉદેપુર નરેશ, જામનગર નરેશ આદિએ વિચાર પૂર્વક લાગણીયુક્ત મનુષ્યો સાથે પશુરક્ષા તરફ જે પ્રીતિથી કામ લેતા જણાયા છે તે અનુકરણીય હોવાથી ફરી તેઓનો આભાર માનવાની રજા લઇએ છીએ.

અગાઉ જે ૮૬ ગામના રાજા મહારાજાઓ તરફથી પશુ વધ બંધ કરવામાં આવેલ તે ગામના નામો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧ અવતગઢ | ૩૦ સીતામહુ | ૫૯ કિશનગઢ |
| ૨ બરાધિપતિ | ૩૧ સુનીરાજધાની | ૬૦ શાહપુરા |
| ૩ બરોડા | ૩૨ સુથલીઆ | ૬૧ કુશલગઢ |
| ૪ બીઆવર | ૩૩ વણોદ | ૬૨ રૂણીજા |
| ૫ ખંભાત | ૩૪ વાંસદા | ૬૩ લુણાવાડા |
| ૬ છોટા ઉદેપુર | ૩૫ વારાહી | ૬૪ ઇચ્છાવર |
| ૭ દેહા | ૩૬ વરસોદા | ૬૫ પોરબંદર |
| ૮ ધરમપુર | ૩૭ એકલારા | ૬૬ વાંકાનેર |
| ૯ ધ્રાંગધ્રા | ૩૮ આરસોડા | ૬૭ મડી |
| ૧૦ દીનાપુર | ૩૯ ચુડા | ૬૮ બરખેડા |
| ૧૧ ધસાયતા | ૪૦ દેડાણ | ૬૯ બડી સાદડી |
| ૧૨ ગોંડલ | ૪૧ દાવડ | ૭૦ લાઠી |

૧૩ ઝ.ણુઆ
૧૪ જામનગર
૧૫ જસદણ
૧૬ કટોસણ
૧૭ કોટડા સાંગાણી
૧૮ કોટીલોઇ
૧૯ કોઠારીઆ
૨૦ લખતર
૨૧ લાયજા મોટા (કચ્છ)
૨૨ લીંબડી
૨૩ મહુડી
૨૪ મોરબી
૨૫ પાટડી
૨૬ રાજુલા
૨૭ સાયલા
૨૮ સરવન
૨૯ શાહપુર
૪૨ ઝલોલ
૪૩ ગઢા
૪૪ કડોલી
૪૫ કલસીઆ
૪૬ ખૈરપુર
૪૭ મેંગણી
૪૮ પાલણપુર
૪૯ રાજકોટ
૫૦ રણસીપુર
૫૧ સચીન
૫૨ સાનોલ
૫૩ જાલીઆ દેવાણી
૫૪ વાવડી (ગજાભાઇની)
૫૫ દેરોલ
૫૬ વખ્તાપુર
૫૭ ભરતપુર
૫૮ અલવર
૭૧ નાગરેચા
૭૨ રાસ
૭૩ વડીયા
૭૪ કોઠલઇ
૭૫ પડેલ
૭૬ ગ.જનદેવી
૭૭ લખમીપુરા
૭૮ ખરદેવરા
૭૯ કરજુ
૮૦ ઉદપુરા ફાચર
૮૧ પાલ.ખેડી
૮૨ વાગેલાકા ખેડા
૮૩ રણવતાકા ખેડા
૮૪ ભુરચડી
૮૫ આરસોડીઆ
૮૬ સરામપુર

## ઉપદેશકના ભાષણથી થએલા ઠરાવ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના ઉપદેશક મી૦ વાડીલાલ સાંકળચંદ પેડોલ (પરડોલ) મુકામે બત્રીશીના પંચ વખતે ગયા હતા તે વખતે તેમણે કોન્ફરન્સના હેતુઓ ઉપર ભાષણો આપી પોતે તન મનથી ઉપદેશકની ફરજ બજાવવામાં કસર રાખી નથી. ઉપદેશની અસરથી કોન્ફરન્સને માન આપી પંચમાં નીચેના ઠરાવ પસાર કરવામાં આવ્યા છે તે ઠરાવોની યાદ નીચે પ્રમાણે.

૧ કન્યાવિક્રય કરવો નહીં, ફક્ત સ્થિતિના અનુસાર કન્યાવિક્રય તરીકે નહીં પણ માંડવા ખર્ચ બદલ ન ચાલતાં રૂ. ૩૫૧) લગીની છુટ છે.
૨ એક સ્ત્રીની ૩૦ વર્ષની ઉમર થયા પહેલાં બીજી સ્ત્રી કરવી નહીં.
૩ પક્ષીઓનાં પીછાંવાળી ચીજો વાપરવી નહીં.
૪ કચકડાની કોઇ પણ ચીજ વાપરવી નહીં.
૫ ફટાણાં ગાણાં ગાવાં નહીં.
૬ બંગડીઓ પહેરવી નહીં.

૭ બુટ નીચે નાળ ખીલા નખાવવા નહીં, તેમ તૈયાર જોડા તેવા કોઈએ વાપરવા નહીં.
૮ લગ્ન પ્રસંગે બળદ દોડાવવા નહીં ને દોડાવે તો તેને ઘી ગોળ આપવાં નહીં. ફક્ત વરવેલને આપવાં.
૯ લગ્ન પ્રસંગે દારૂખાનું ફોડવું નહીં.
૧૦ પંચની સભામાં હોકો પીવો નહીં.
૧૧ સીમંતનું જમવું નહીં. બહારગામની નાત સિવાય આ ઠરાવ પાળવાનો. ફક્ત નાનાં છોકરાંઓને જમવાની છુટ છે.
૧૨ ટીનનાં વાસણ વાપરવાં નહીં.
૧૩ સંચાનો, સોજીનો, મેંદાનો આટો વાપરવો નહીં.
૧૪ ગોરવ રમવો નહીં.
૧૫ હોળીનું પૂજન કરવું નહીં. તેમ કોઇ પણ શ્રાવકે તે દિવસે ભૂખ્યા રહેવું નહીં.
૧૬ પંચમાં કસબી સાડી બંધ કરી છે. ને કોઈ કરે તો રૂ. ૨૫) દંડના આપે.
૧૭ લગ્ન પ્રસંગે છાબમાં જે લુગડાં આપવામાં આવે છે તે આપવાં. રોકડા રૂપીઆ આપવા નહીં
૧૮ કુંવારામાં જે રોકડા રૂપીઆ અપાતા હતા તેના બદલે સોનાની વીંટી કન્યાને રૂ. ૧૫ લગીની આપવી.
૧૯ મરણ પ્રસંગે કાણે આવનારને રોટલી ઘીમાં બોળીને આપવી, પણ પછવાડે ઘીની વાઢી ફેરવવી નહીં.
૨૦ મરણ પ્રસંગે મહેલા સુધી કુટવું પણ બહાર કુટવું નહીં.
૨૧ મરણ પછવાડે કાણે આવનારે દોઢ માસ લગીમાં આવી જવું.
૨૨ કુંવારી કન્યાને રૂ. ૧૨૧) ના દાગીના કરતાં વધારે કરવા નહીં.
૨૩ જુવાનના મરણ પ્રસંગે પાંચમો માસ બેસે એટલે પથરણું ઉપાડી નાખવું ને વૃદ્ધના મરણ પ્રસંગે ૩ માસ પુરા થવાથી ઉપાડી નાખવું.

ઉપર પ્રમાણે થએલા ધારાઓ કોઇ તોડે નહીં તેટલા માટે મહાલક્ષ્મીજીની પ્રતિજ્ઞા લેવડાવી હતી. ત્યાર બાદ જિનેશ્વર ભગવાનની જય બોલાવવામાં આવી હતી. વળીબત્રીસીના પંચે કોન્ફરન્સને માન આપી રૂ. ૩૧ા સવા એકત્રીસની રકમ નિભાવ ફંડમાં આપવા ઉત્સાહ બતાવી તેટલી રકમ મોકલાવેલી છે. આ બાબત મી૦ વાડીલાલે પંચનો આભાર માની સારી રીતે વિવેચન કર્યા બાદ કવિતાઓ વગેરેથી સર્વનાં મન રંજન કર્યાં હતાં. ત્યાર બાદ મી૦ વાડીલાલને શેઠ મહાસુખરામ લક્ષ્મીચંદ બી. એ. તરફથી સારૂં સર્ટીફીકેટ ઈંગ્રેજીમાં લખી આપવામાં આવ્યું હતું.

# શ્રી સુકૃતભંડાર ફંડ.

**સંવત ૧૯૬૬ ના કારતક સુદી ૧ થી કારતક વદી ૧૪ એટલે તા૦ ૧-૧૧-૧૦ થી તા૦૩૧ -૧૧-૧૦ સુધીમાં આવેલા નાણાંની ગામવાર રકમ.**

| | | |
|---|---|---|
| ૩-૧૨-૦ ભીલસા | ૩- ૦-૦ થરાદ | ૧૩- ૦-૦ કપડવંજ |
| ૧૫- ૦-૦ ભાવનગર | ૫- ૮-૦ તેલ્હારા | ૨- ૮-૦ ચેવલા. |
| ૨૧-૪-૦ છોટી સાદરી | ૨- ૪-૦ કારડા | ૦- ૮-૦ સાટોલા. |
| ૮-૧૦-૦ ચીતાખેડા | ૦- ૪-૦ રમાવલી | ૧૨- ૪-૦ ધમોતર. |

૮૭-૧૪-૦

૫-૦-૦ ઉપદેશક કેસરીમલ તરફથી માળવામાંથી આવેલા તેની વિગત આવતા માસમાં આવશે.

ગુજરાતના ગામોમાંથી વસુલ આવેલા તે.

| | | |
|---|---|---|
| ૧-૪-૦ દગાવાડીઆ | ૪-૧૨-૦ કુકરવાડા | ૮- ૦-૦ ટીંટોદણ |
| ૩-૦-૦ ઉપખળ | ૧૯-૧૨-૦ ગવાડા | ૧૭- ૪-૦ લાડોલ |

૫૪- ૦-૦

| | | |
|---|---|---|
| ૮-૦-૦ આરીખાણા | ૭-૧૨-૦ ખીરસરા | ૧- ૦-૦ લાલપર |
| ૧-૦-૦ નવીપીપર | ૫- ૮-૦ રાકુદડ નાની | ૩-૧૨-૦ રાકુદડ મોટી |
| ૬-૦-૦ તુંગી | ૧- ૦-૦ માદેવીયું | ૨-૧૨-૦ ભરૂડીઆ |
| ૧૯-૦-૦ ડબાસંગ | ૧૧-૧૨-૦ સેવકધુણીઆ | ૧- ૦-૦ ગજણા. |
| ૭-૪-૦ હરીપર | | |

૭૫-૧૨-૦

આ ફંડને સારી રીતે વધારવા માટે છોટીસાદરીવાળા શેઠ ચંદનમલ નાગોરી પોતાના આત્મભોગથી તન, મન અને ધનથી સુપ્રયાસ કરી સૌની ઉપર જણાવેલ ગામો પૈકીના રૂ. ૪૫-૨-૦ મોકલાવેલ છે અને હજી પણ પ્રયાસ જારી છે. આવી રીતે દરેક જૈન બંધુ આ ફંડને પોતાના ખરા જીગરથી માન આપી વધાવી લેશે એવી અમારી સર્વ બંધુઓ પ્રત્યે ખાસ વિનંતિ છે. વળી તેજ પ્રમાણે દક્ષિણમાં જુન્નેરના શેઠ બાપુલાલ લાલચંદ બનતી રીતે આગળ પડી સારી રકમ વસુલ કરી હર વખત મોકલાવવા ધ્યાનમાં લે છે. આ વખતે પણ તેમના તરફથી વસુલ થએલ રકમમાંથી રૂ. ૧૫) આવી ગયા છે. વળી હાલમાં મંચર (પુના જીલ્લો)ના શેઠ આણંદરામ માનમલે પણ પોતાના કાર્યમાંથી વખત મેળવી સારી રીતે ફંડ વસુલ કરી રૂ. ૩૧-૧૨-૦ અહીં મોકલાવી આપેલ

છે. તેનું ગામવાર લીસ્ટ આવતા માસમાં બહાર પાડવામાં આવશે. ઉપદેશકો સિવાય પણ આવી રીતે આ ફંડને બનતી રીતે મદદ આપવા આપણા સુજ્ઞ બંધુઓ ધ્યાન આપે છે. તે જાણી સર્વ જૈન કોમ આનંદિત થશે અને પોતાના તરફથી આ ફંડમાં પૈસા મોકલાવ્યા છે કે નહીં તે બાબત ધ્યાનમાં લેશે, એવી અમારી ખાસ ભલામણ છે. કાઠીઆવાડનો ઘણો ખરો ભાગ વસુલ થઇ ગયો છે. હવે કચ્છ તરફ ઉપદેશકને મોકલાવવા છે. તો પણ વિના ઉપદેશકે બનતી રીતે ફંડવસુલ કરી મોકલાવવા તમામ ગામોના આગેવાન ગૃહસ્થોને અરજ ગુજારવામાં આવે છે.

ઉપર જણાવેલ ગામોમાંથી ભીલસા, કપડવંજ, ભાવનગર, તેલ્હારા, થરાદ, યેવલા[1] વગેરે ગામોના સદ્‌ગૃહસ્થોએ પોતે પોતાની મેળે પોતાના અને બીજા ગૃહસ્થોના વસુલ કરી જે રૂપીઆ મોકલાવ્યા છે તે ખાતે તેમને ધન્યવાદ ઘટે છે.

# ધાર્મિક હિસાબ તપાસણી ખાતું.

જીલ્લે ગુજરાત, દેશ વડોદરા, તાબે મીંયાગામ મધ્યે આવેલા શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરજી તથા મહાજન ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ સંસ્થાઓના વહીવટ કર્તા શેઠ નેમચંદ પીતાંબરદાસ તથા શેઠ કલ્યાણચંદ પીતાંબરદાસ તથા શેઠ છગનલાલ જેઠા તથા શેઠ લાલચંદ વૃજલાલ તથા શેઠ કસ્તુર ભગવાન વનમાળી તથા શેઠ કસ્તુર લલુ તથા શેઠ મગનલાલ પીતાંબરદાસ તથા શેઠ જગજીવન મોહનલાલના હસ્તકનો સં. ૧૯૬૦ ના કારતક શુદી ૫ થી સં. ૧૯૬૫ ના ભાદરવા શુદી ૧ સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સદરહુ વહીવટકર્તામાં મુખ્ય વહીવટકર્તા શેઠ નેમચંદ પીતાંબરદાસ છે. પ્રથમ તેમના કાકા વહીવટ ચલાવતા હતા. ત્યાર પછી તેમના પિતા ચલાવતા હતા, તેમનો સ્વર્ગવાસ થયા બાદ તેમના પુત્ર સદરહુ વહીવટકર્તા શેઠ નેમચંદના તાબામાં વહીવટ આવ્યો. ત્યાર બાદ સં. ૧૯૬૦ની સાલમાં મુનિ મહારાજશ્રી તિલકવિજયજી પધારેલા તે વખતે ગામના કેટલાક ગૃહસ્થોએ ઉપર જણાવેલા વહીવટ માટે ફરીઆદ કરેલી. તેથી મુનિમહારાજે શેઠ નેમચંદ પીતાંબરદાસની દેખરેખ હેઠળ આઠ મેમ્બરોની કમીટી નીમી ને એક એક વરસ વારા પ્રમાણે કામ કરવાનું તેમની પાસે કબુલ કરાવ્યું. સદરહુ વહીવટની જંગમ મીલકત થોડી ઘણી શેઠ કસ્તુર લલ્લુને ત્યાં છે અને બાકીની જંગમ મીલકત તથા રોકડ સીલીક શેઠ નેમચંદ પીતાંબરદાસના કબજામાંજ રહે છે, એટલુંજ નહીં પણ મુનિમહારાજ શ્રી તિલકવિજયજીએ નવું બંધારણ કરી જે જે મેમ્બરોની નીમણુક કરી છે તે સર્વ મેમ્બરો સ્વતંત્રપણે

નહીં પણ શેઠ નેમચંદ પીતાંબરદાસની સંમતિ લઇનેજ તેમના ફરમાવ્યા મુજબ કામ કરે છે. તેમજ ગામના ઘણાખરા લોકો સદરહુ વહીવટકર્તા ગૃહસ્થની પછાડી બોલે છે કે સદરહુ વહીવટકર્ત્તા ગૃહસ્થે જે મેમ્બરોની નીમણુક કરાવી છે તે સર્વ તેમના લાગતા વળગતાનીજ કરાવી છે. તેથી તેમના રૂબરૂમાં કોઇ પણ ગૃહસ્થ તેમના વિરૂદ્ધ બોલવાની હિંમત કરતો નથી. માટે વહીવટ કર્તા શેઠ નેમચંદ પીતાંબરદાસે વગર ફોકટનો અપવાદ દૂર કરવા માટે પોતાના ગામમાંથી મહાજનના વહીવટ માટે કોમે કોમના સરળ અને આગેવાન ગૃહસ્થોને ચુંટી કાઢી તથા દેરાસરજીના વહીવટ માટે જૈનીઓમાંથી સરળ માણસની મારફત સદરહુ વહીવટ ચલાવવાની ગોઠવણ કરવાની ખાસ જરૂર છે. વળી દરેક ધાર્મિક સંસ્થાઓનાં નાણાં પોતાની ખુશી પ્રમાણે ગમે તેને વ્યાજે નહીં આપતાં સર્વે વહીવટકર્તાઓ સાથે એકમત થઇ જ્યાં નાણાં વ્યાજે આપવાં ઠરે ત્યાં આપવાં.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવટકર્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે.

---

જીલ્લે ગુજરાત શેહેર અણહીલવાડ પાટણ મહાલક્ષ્મીના પાડામાં આવેલા શ્રી મુનિસુવ્રત સ્વામીજી મહારાજના દેરાસરજીના તથા શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરજીના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ મેહેલાના જૈનીઓમાં દેરાસરજીના વહીવટના સંબંધમાં મતભેદ પડી જવાથી તેઓમાં બે પક્ષ પડવાને લીધે બેઉ પક્ષવાળા જુદો જુદો વહીવટ ચલાવે છે. તેમાં એક પક્ષના વહીવટકર્તા શેઠ નગીનચંદ ગુમાનચંદના હસ્તકનો સં. ૧૯૫૯ ના ભાદરવા શુદી ૧ થી સં. ૧૯૬૩ ના અશાડ વ. ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં મેહેલા મધ્યેના જૈનીઓમાં દેરાસરજીના વહીવટ માટે મતભેદ પડવાથી બે પક્ષ પડી જઇ એટલી બધી અસાકસી ઉપર આવી ગયા છે કે જેથી દેરાસરજીને અનેક પ્રકારનું નુકસાન થાય છે. તે બાબત અમારા તરફથી ઘણી રીતે સમજુત આપવા છતાં કોઇ રીતનો સંપ થયો નથી તે બહુજ દીલગીર થવા જેવું છે, આ બાબત મેહેલા મધ્યેના આગેવાન ગ્રહસ્થોએ બહુ વિચારવા જેવું છે. માટે હવેથી તે ઉપર સરળ મનથી વિચાર કરી કલેશ મટાડી એક સંપ કરવો સારો છે તો આશા રાખીએ છીએ કે તેના લાગતા વળગતાઓ જેમ બને તેમ યોગ્ય બંદોબસ્ત કરશે.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવટકર્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

### શ્રી મુંબઇ બહારકોટ પાયધુની ઉપર આવેલા શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસરજી તથા સાધારણ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ધાર્મિક સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા ટ્રસ્ટી તથા મેનેજર સાહેબ શેઠ મણીભાઇ પ્રેમાભાઇ, શેઠ મનસુખભાઈ ભગુભાઇ, શેઠ ગોકળભાઈ મુળચંદ, શેઠ લાલભાઇ દલપતભાઇ, શેઠ નથુભાઇ સુરચંદ, શેઠ જીવણલાલજી પન્નાલાલજી, શેઠ માનચંદભાઇ લાલભાઇ, શેઠ નગીનચંદ કપુરચંદ, શેઠ ગોકળભાઇ દોલતરામ, શેઠ કલ્યાણચંદ શોભાગચંદ, શેઠ મંગળદાસ જગનલાલ, શેઠ જેશંગભાઈ ઝવેરચંદ, શેઠ વીરચંદભાઇ દીપચંદ તરફથી શેઠ ભોગીલાલ વીરચંદ તથા શેઠ મોતીચંદ હરખચંદના હસ્તકનો સં. ૧૯૬૨ થી તે સં. ૧૯૬૫ ના આસો વદ ૦)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો તે જોતાં સદરહુ વહીવટનું કેટલુંએક નામું અધુરૂં હતું તે આ ખાતા તરફથી મદદ લઇ પુરૂં કરાવ્યું છે. અમોએ પ્રથમ વહીવટ તપાસેલો તે કરતાં થોડો ઘણો સુધારો થએલો દેખાય છે તોપણ સદરહુ વહીવટ ઉપર શેઠ મોતીચંદ હરખચંદ સિવાય બીજા કોઈ પણ ટ્રસ્ટી સાહેબો વહીવટ રીતસર ચાલે છે કે નહીં તે ઉપર પુરતું ધ્યાન આપતા નથી. એક બે ટ્રસ્ટી સાહેબો ટ્રેઝરીની કુંચીઓ રાખી સામાન કાઢી આપવા તથા મુકવાં વગેરેની કેટલીએક મેહેનત લે છે. તો પણ સદરહુ વહીવટને લગતું મોટા ભાગનું કામ શેઠ મોતીચંદ હરખચંદ એકલાની દેખરેખ હેઠળ ચાલે છે. શેઠ મોતીચંદ હરખચંદ પોતાથી બની શકે તેટલી દેખરેખ રાખે છે, પણ એકજ માણસ આવા મોટા વહીવટમાં કેટલું કરી શકે? અને જેટલું કરે તેમાં પણ ટ્રસ્ટીઓમાં મતભેદ હોય તો એકલા શેઠ મોતીચંદ હરખચંદથી આવા વહીવટને પુરતી રીતે પહોંચી શકાય નહીં તે નિર્વિવાદ છે. માટે બીજા એક બે અનુભવી ટ્રસ્ટીઓએ પોતાના થોડા વખતનો ભોગ આપી તેમને મદદ કરવી જોઇએ. કદાચ ટ્રસ્ટી સાહેબોથી તેમ બની શકતું ન હોય તો બહારકોટ પાયધુની ઉપર આવેલા શાંતિનાથ જિનાલય કારોબાર સુધારક સભામાંથી એક બે અનુભવી, સરળ અને ધર્મિષ્ટ ગ્રહસ્થોની સદરહુ વહીવટની દેખરેખ રાખવાને કેટલીએક સત્તા સાથે નિમણુંક કરવી જોઇએ તેમ કરવાથી સદરહુ વહીવટમાં મોટો સુધારો થઇ દેવ દ્રવ્ય તથા સાધારણ દ્રવ્યનો નાશ થતો અટકશે. તે સિવાય બીજી જે જે ખામીઓ દેખાણી તેને લગતુ સુચનાપત્ર સદરહુ વહીવટના મેનેજર સાહેબોને આપવામાં આવ્યું છે. આશા રાખીએ છીએ કે તે ઉપર તાકીદે તેઓ સાહેબો ધ્યાન આપી ટ્રસ્ટી સાહેબોને ભેગા કરી યોગ્ય બંદોબસ્ત કરશે.

---

### શ્રી મુંબઇ બહારકોટ પાયધુની ઉપર આવેલા શ્રી શાંતિનાથજી મહારાજના દેરાસર મધ્યેના ઉપાશ્રય ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ધાર્મિક સંસ્થાના શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ મગનલાલ સવચંદ તરફથી વહીવટ કર્તા શેઠ છગનલાલ સવચંદ હસ્તકનો સંવત્ ૧૯૬૫ના આસો વદ ૦))

સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં સદરહુ વહીવટનું નામું રીતસર રાખી તે મધ્યેથી મોટા ભાગના રૂપીઆ સદરહુ દેરાસરજીના વહીવટમાં જમે કરાવ્યા છે અને બાકી રહેલા નાણામાંથી વહીવટકર્તા ગ્રહસ્થ પોતાના કીંમતી વખતનો ભોગ આપી તન, મન અને ધનથી વહીવટ ચલાવે છે. તે માટે તેમનો પૂરેપૂરો આભાર માની ધન્યવાદ આપીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચના પત્ર વહીવટ કર્તા ગ્રહસ્થને આપવામાં આવ્યું છે.

---

મુંબઇ બહારકોટ મધ્યે લાલબાગમાં આવેલાં શ્રી અજીતનાથજી મહારાજના દેરાસરજી તથા સાધારણ ખાતાના વહીવટને લગતો રીપોર્ટ.

સદરહુ ધાર્મિક સંસ્થાનો શ્રી સંઘ તરફથી વહીવટકર્તા શેઠ દેવકરણ મુળજીભાઇ તથા શેઠ પાનાચંદભાઇ તથા શેઠ તારાચંદભાઇ હસ્તકનો સં. ૧૯૬૨ થી સં. ૧૯૬૪ ના આસો વદ ０)) સુધીનો હિસાબ અમોએ તપાસ્યો. તે જોતાં વહીવટકર્તા ગ્રહસ્થો પોતાના તન, મન અને ધનથી તેમજ પૂરેપૂરી લાગણીથી આ વહીવટ ચલાવે છે, એટલુંજ નહીં પણ નંબર ૧ લાના વહીવટ કર્તા પોતાના કીંમતી વખતનો ભોગ આપી જે વહીવટ ચલાવે છે તેને માટે તેમનો પૂરેપૂરો આભાર માની ધન્યવાદ આપીએ છીએ.

આ ખાતું તપાસી જે જે ખામીઓ દેખાણી તેને લગતું સૂચનાપત્ર વહીવટ-કર્તા ગ્રહસ્થોને આપવામાં આવ્યું છે,

લી० શ્રી સંઘનો સેવક.
**ચુનીલાલ નહાનચંદ**
ઑનરરી ઑડીટર.
શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ.

---

# आवश्यकी सूचना.

सम्पूर्ण जैन श्वेताम्बर (मूर्तिपूजक) भाइयोंको विदित हो कि आगामी सन १९११ ई. मे सारे भारत वर्षकि मनुष्य गणना (मर्दुम शुमारी) सरकार कि ओरसे होनेवाली है, सो उस समय मनुष्य गणना करनेवाले आपसे अपनी ज्ञाति, धर्म और भाषा पुछे, उस वक्त अन्य बातें जैसे, श्रीमाल, ओश्वाल, पोरवाड, हुम्बड, भटेवरा, नीमा आदि जो हो, और धर्म श्री जैन श्वेताम्बर व मातृभाषा जैसी हो साफ २ लिखवाना चाहीए। हमारे कितनेक भ्राता जैसे राजपूतानेवाले

अपनी मातृभाषा उर्दू बतलादेते हैं. यह अनुचित है. क्योंकि राजपूतानेकि मातृभाषा हिन्दी है, इस लिए यथोचित्त विचार कर लिखाना चाहिए जैसे हिन्दी, गुजराती, दक्षिणी आदि, जिससे अपनी ठिक २ स्थिति मालुम होजाय.

श्री संघका हितैषी,
घीया लक्ष्मीचंद
प्रोवन्सियल से.
श्री जैन श्वेताम्बर कोन्फरन्स, प्रतापगढ—मालवा.

---

# ધી ગોકળભાઈ મૂળચંદ જૈન હોસ્ટલ.

ચાલુ વર્ષમાં આ સંસ્થાના નીચેના જાણુ રહેનારા વિદ્યાર્થીઓ નીચેની જુદી જુદી પરીક્ષાઓમાં પાસ થયેલ છે.

**એલએલ. બી.**—મી. મોહનલાલ દલીચંદ દેશાઇ બી. એ. ( જુનમાં )

**એલ. એમ એન્ડ એસ**—મી. કેશવલાલ મલુકચંદ પરીખ
—મી. ચંદુલાલ પોપટલાલ ડોકટર ( જુનમાં )

**બી. એસસી.**—મી. ચુનીલાલ મુળચંદ કાપડીઆ બી. એ. ( બીજા વર્ગમાં )

**બી. એ**—મી. રતિલાલ હરજીવનદાસ વોરા.

**ઇન્ટરમીડીએટ**—મી. છોટાલાલ વમળચંદ શ્રાફ.

**પ્રીવીઅસ**—મી. શ્રીચંદ અંબાઇદાસ ગુજરાથી અને મી. અમ્રતલાલ માણેકચંદ પરીખ.

**મેટ્રીક**—મી. વીરચંદ પાનાચંદ શાહ, મી. ઠાકોરલાલ નેમચંદ શ્રાફ , મી. છોટાલાલ પીતાંબરદાસ મહેતા અને મી. છગનલાલ પ્રેમચંદ કાપડીઆ.

**એમ. બી. બીએસ.** ( ૩ જું વર્ષ )—મી. માણેકલાલ નરસીંહદાસ.

**એલ. એમ એન્ડ એસ** ( ૩ જું વર્ષ )—મી. સાકરચંદ અભેચંદ શાહ.

ઇંગ્રેજી છઠું ધોરણ—મી. તલકચંદ રઘુભાઇ ધામી
મી. અમ્રતલાલ પ્રેમચંદ મહેતા
મી. નગીનદાસ મગનલાલ મહેતા

બહારગામથી પરીક્ષા આપવા આવેલ ૧૨ વિદ્યાર્થીઓમાંથી ૫ વિદ્યાર્થીઓ પાસ થયા છે.

એમ. એ—મી. ચીમનલાલ ડાહ્યાભાઈ દલાલ

ઈન્ટર—મી. હેમચંદ જસવીર મહેતા

બી. એ—મી. છગનલાલ નાગજી ચીનાઈ

—મી. હરખચંદ ત્રિભોવનદાસ ગાંધી ( બીજા વર્ગમાં )

પ્રીવીઅસ—મી. છોટાલાલ બાલાભાઈ કોરા ( બીજા વર્ગમાં )

# સુજ્ઞ ગ્રાહકોને વિજ્ઞપ્તિ.

આ પત્ર નભાવવાનો ખરો આધાર તેના લવાજમ ઉપરજ છે. આ ચાલુ ૧૯૧૦ ની સાલ સુધીનું લવાજમ મોકલવા માટે દરેક ગ્રાહકને પ્રથમ પો. કાર્ડ લખી વિનંતિ કરી હતી. તે પછી ગયા અકટોબર માસનો ( ૧૦ મો ) અંક વી. પી. થી મોકલવાનું શરૂ કરતાં ઘણા બંધુઓ તરફથી લવાજમ વસુલ આવી ગએલ છે. જૂજ ભાગના ગ્રાહકોએ વી. પી. ન સ્વીકારતાં અંક પાછો મોકલ્યો છે. જેઓ તરફથી સદરહુ અંક પાછો આવ્યો છે તેઓને આ અંક સાથે તે અંક મોકલાવેલ છે, કારણકે વચમાં એક અંક ખુટવાથી પુસ્તક અધુરું રહે. માટે મેહેરબાની કરી વી. પી. ન સ્વીકારેલ ગ્રહસ્થોએ આ અંકો મળ્યાથી ૧૯૧૦ ની સાલ સુધીનું લવાજમ તુરત મોકલી આપવા કૃપા કરવી.

જે જે ગૃહસ્થો તરફથી વી. પી. પાછું આવેલ તેઓ સાહેબને લવાજમના બાકી નીકળતા પૈસા માટે છાપેલા પોસ્ટકાર્ડથી તુરત ઉઘરાણી કરવામાં આવતાં ઘણા ખરાભાઈઓએ લવાજમ મોકલી આપેલ છે, તો હવે લવાજમ ન ભર્યું હોય તેઓએ આ જ્ઞાન ખાતાનું દેવું માથે ન રાખતાં તુરત લવાજમ મોકલી આપવું એવી અમારી વિનંતિ છે.

ઘણા ભાઈઓ તો ૮–૧૦ અંકો રાખી છેવટની અણીએ લવાજમ આપવાની વખતે અંક ન રાખતાં પાછો મોકલાવે છે. અને પછી લવાજમના વી. પી. નો સ્વીકાર કરતા નથી, તે ઘણુંજ અયોગ્ય ગણાય. માટે દરેક જૈન બંધુઓએ બનતી રીતે આ પત્રને સહાય આપી વિશેષ ફેલાવામાં લાવવા ઉત્સાહથી શ્રમ લેવાની ખાસ જરૂર છે તે ધ્યાનમાં લેશોજી.

# સને ૧૯૧૦ ની સાલની અનુક્રમણિકા.


આગ ગત વર્ષ ... ... ... ... ૧
ખરી દયા કેમ થાય ? ... ... ... ૩
Vegetarian Prize Essay written by Mahomedan માંસના ખોરાક વિરૂદ્ધ એક મુસલમાન વિદ્વાનનો અભિપ્રાય ૩–૨૯–૫૮–૮૫
મર્હુમ વીરચંદ રાઘવજી ગાંધી... ... ૭
મુનિ મહારાજશ્રી બુદ્ધિસાગરજી અને વર્તમાન જૈન સાહિત્ય... ... .. ૧૧
શેઠ અમરચંદ તલકચંદ જૈન ધાર્મિક પરીક્ષાના સવાલ... ... ... ... ૧૬
શ્રી સુકૃત ભંડાર ફંડ ... ૨૪–૨૫–૭૫–૧૬૩–૧૮૭–૨૧૫–૨૪૮–૨૭૯–૩૧૦–૩૩૪
**सच्चा सो मरा** ... ... २६–४७
જૈન વિવિધ જ્ઞાન... ... ... ... ૩૩
જૈન ધાર્મિક ઇનામી પરીક્ષાનું પરિણામ ૩૬
પાંજરાપોળો અને તપાસણી કામ... ૩૯
ધાર્મિક હિસાબ તપાસણી ખાતું... ૪૪
૧૧૧–૧૩૩–૧૬૧–૨૧૩–૨૩૬–૨૬૯–૩૦૯–૩૩૫
પ્રજાની આબાદી તેજ રાજ્યની આબાદી ૪૬
**दांतकी चुडीका गायन** ... .... ५७
શ્વેતાંબરીય જૈન પ્રજાનું વર્તમાન સાહિત્ય ૬૧
શ્રી નવપદ પ્રકરણની સંક્ષિપ્ત વ્યાખ્યા... ૬૮–૧૦૪
પ્રવાસ વર્ણન ... ... ... ... ૭૭
**प्राचीन तीर्थ श्री वर्द पार्श्वनाथ** ... ८१
**नोटीस** .... .... ... ... ८३
શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડનો પ્રથમ ૭ માસિક રીપોર્ટ ... ... ૯૦
સિદ્ધર્ષિગણિ ... .. ... ... ... ૯૯
૧૨૩-૧૪૫-૧૭૮-૧૯૧
**एक आश्चर्यजनक स्वप्न** ... .... १०९
१२९–१५५–२२३–३०१–३२६
What we need to day ... ... ૧૧૩
જીવદયા–અહિંસા Humanitarianism ૧૧૫
૧૪૧–૧૭૦–૧૯૨–૨૨૫–૨૫૩–૨૯૧–૩૧૬
જૈન ધાર્મિક હરીફાઈની પરીક્ષાના નિયમો તથા અભ્યાસક્રમ ... ... ૧૧૯–૨૭૬
પાંજરાપોળના પશુઓમાં જણાતો સાધારણ રોગ... ૧૨૭
The Institution of Early Marriage... ... ... ... 139
ગુણાનુરાગ કુલક ... ... ... ૧૪૯
A Central Conception for Moral Instruction ... ... 168
Beef -Eating and Islam — 168
જૈન ગુજરાતી સાહિત્ય... ... ૧૭૮–૧૯૮
**हम कौन हैं !** .... ... .... १८४
The First Jain Students Social Gathering ... ... ... 189
હાલના જૈન ગ્રેજ્યુએટો અને વર્તમાન જૈન સાહિત્ય... ૨૦૫
શ્રી રંગુનના સંઘ તરફથી શેઠ અનુપચંદ મલુકચંદ માટે પ્રદર્શિત કરવામાં આવેલો શોક અને જૈન પાઠશાળાની સ્થાપના... ૨૧૬
એક અધ્યાત્મિક પદ્ય... ... ૨૨૨–૨૬૪
પંડિત હેમચંદ્રાચાર્ય... ... ૨૨૮–૨૫૭
જીવદયાના ઠરાવો... ... ... ... ૨૩૯
જૈન ગ્રંથાવલિ વિષે અભિપ્રાય... ... ૨૪૩
An Appeal to Jains ... ... 24
**जावद (माळवा) मां नवी पाठशाळा** २४
મહુવા ગૌરક્ષક સભાની ગાયો માટે મદદની માગણી... ૨૪૯

Ethical Co-operation of Home and School ... ... ... 249
ઉપદેશકના ભાષણથી થયેલા ઠરાવ ... ૨૭૪
૩૦૫—૩૨૨
મહારાજા જામસાહેબનું અમલ્યનું સ્તુતિપાત્ર પગલું ... ૨૭૭
પાલીતાણાના દેરાસરમાંથી ગુમ થયેલા દાગીના... ૨૭૮
Æsop's Fables ... ... 281
અધ્યાત્મરસિક શ્રીમાન્ આનંદઘનજી કૃત ઔપદેશક અને અધ્યાત્મિક પદ્ય ૨૮૮
નિર્વેદ ... ... ... ... ... ૨૯૪
મંચર [જીલ્લા પુના] માં નવી જૈન શ્વેતાંબર લાયબ્રેરી ... ... ... ૩૦૭
દયા કે ઘાતકીપણું ? ... ... ... ૩૦૮
The Sayings of Goethe ... 313
શ્રી જૈન શ્વેતાંબર સંઘની મળેલી મીટીંગ ૩૨૧
દશેરાના તહેવાર ઉપર બંધ થએલો પશુવધ ૩૩૦
શેઠ ગોકળભાઇ મુળચંદ જૈન હોસ્ટેલના પાસ થએલા વિદ્યાર્થીઓ ... ... ૩૩૯

## ધર્મ નીતિની કેળવણી.

ધાર્મિક શિક્ષણ કેવું હોવું જોઇએ ૪૯
ધાર્મિક શિક્ષણની પદ્ધતિ કેવી હોવી જોઇએ ... ... ... ... ...૫૨—૫૩
ધાર્મિક શિક્ષણ માટે કેવાં પુસ્તકો રચાવાં જોઇએ ... ... ... ... ૫૬—૫૭
ક્રિયાકાંડનાં સૂત્રો... ... ... ... ૬૧
કેળવણીનું શાસ્ત્ર અને તેની કળા... ૬૩
ધાર્મિક શિક્ષણનો ક્રમ... ... ૬૫—૭૭
ધર્મશિક્ષણમાં પ્રતિક્રમણ સૂત્રોનું સ્થાન ૬૮
ધર્મ ગ્રહણ કરવાની યોગ્યતા... ... ૭૨
ધર્મ ગ્રહણ કરવાની વિધિ... ... ૭૪
ધાર્મિક શિક્ષણ ક્રમની રૂપરેખા... ૭૫

# તા. ૩૧–૧૨–૧૦ સુધીના લવાજમની પહોંચ.

૧ ૪ ૦ શેઠ લાલભાઇ ત્રીકમલાલ અમદાવાદ.
૧ ૪ ૦ ,, હીરાચંદ કકલભાઇ ,,
૧ ૪ ૦ ,, વાડીલાલ વખતચંદ ,,
૧ ૪ ૦ ,, મનસુખભાઇ ભગુભાઇ ,,
૧ ૩ ,, અમૃતલાલ વીરચંદભાઈ ,,
૧ ૦ ૦ ,, મુળચંદ આશારામ ,,
૧ ૪ ૦ ,, નથમલજી દલીચંદ અહમદનગર
૧ ૪ ૦ ,, મેઘજીભાઇ શામજીભાઇ અગત્રાઇ.
૧ ૪ ૦ ,, મયાચંદ હરખચંદ અમ્ડોર.
૦ ,, હીરાચંદજી સચેતી અજમેર.
૧ ૪ ૦ ,, બુધકરણજી મહેતા ,,
૧ ૧૨ ૦ શ્રી સ્થાનીકવાસી શ્વે. જૈન કોન્ફરન્સ ,,
૧ ૪ ૦ શેઠ વીરાજી નાથાજી અલીરાજપુર.
૧ ૪ ૦ ,, ચુનીલાલ નીહાલચંદ અમલનેર.
૧ ૪ ૦ ,, રતનચંદ દગડુશા ,,
૧ ૪ ૦ ,, મગનલાલ ખીમચંદ ,,
૧ ૪ ૦ ,, રવજીભાઇ લક્ષ્મીચંદ આકલુજ.
૧ ૪ ૦ ,, ભાઇચંદ હેમચંદ ,,
૧ ૪ ૦ ,, મોતીચંદ હેમચંદ આકોની.
૧ ૪ ૦ ,, પનાજી હંસરાજ ,,
૧ ૪ ૦ ,, નાગરદાસ વીરચંદ આસોદર.
,, લલ્લુભાઇ મગનલાલ ,,
૧ ૦ ૦ ,, મેલાપચંદ આનંદચંદ આગ્રરોલ.
૧ ૪ ૦ ,,પુનમચંદજી ગુલાબચંદજી આમગામ
૧ ૪ ૦ ,, ખુબચંદ ઓટાજી આકડોદ
૧ ૪ ૦ ,,ખુરાનમલજી ગેનીરામજી આસોતરા.
૨ ૪ ૦ ,, ધમડસી જુહારમલ ઇંદોર સીટી.
૧ ૪ ૦ ,, નેમીચંદજી મોદી ,,
૧ ૪ ૦ ,, ફુલચંદ માણેકચંદ ઇસલામપુર
૧ ૪ ૦ ,, દલપતભાઇ પ્રભુદાસ ઇખર.
૧ ૪ ૦ ,, મોતીચંદ ડુંગરશી ઇચળકરંજી.
૧ ૪ ૦ ,, ભોગીલાલ ઉતમચંદ ઉન.
૧ ૪ ૦ ,, ચંદનમલજી સુજાનમલજી ઉજ્જેન.
૧ ૪ ૦ ,,બળવંતસીંગજી કોઠારી ઉદેપુર.
૧ ૪ ૦ ,, ચુનીલાલ મયાચંદ ઉંઝા
૧ ૪ ૦ ,, નગીનદાસ છગનલાલ ઉંઝા.
૧ ૪ ૦ ,, મુળચંદ ધર્મચંદ ,,
૧ ૪ ૦ ,, ધામડશી જુહારમલ ઉજ્જેન.
૧ ૪ ૦ ,, દામોદર બાપુશા એવલા
૧ ૪ ૦ ,, સુખલાલ સવજીભાઈ ઓડુ.
૧ ૪ ૦ ,, કસ્તુરચંદ મનજીભાઇ ઓરપાડ.
૧ ૦ ૦ ,,પોપટલાલ ગુલાબચંદ ઔરંગાબાદ.
૧ ૪ ૦ લાલા ગંગારામ બનારસીદાસ. અંબાલા
૧ ૪ ૦ શેઠ નાથાભાઇ લવજીભાઇ અંજાર.
૧ ૪ ૦ ,, લલ્લુભાઇ પીતાંબરદાસ અંબાસણ
૧ ૪ ૦ ,,વલભજી ભુદરદાસ, પો. માસ્તર. મુંદરા.
૨ ૪ ૦ ,, પ્રેમાભાઇ કેવળભાઇ કપડવંજ
૧ ૪ ૦ ,, નાનચંદ મુળચંદ કરમાલા
૧ ૪ ૦ ,, ગુલાબચંદ અમથાભાઇ કરજણ
૧ ૪ ૦ ,, પદમશી દોલતચંદ કરાંચી
૧ ૪ ૦ ,, મણીલાલ મગનલાલ ,,
૧ ૪ ૦ ,, મફતલાલ નારણદાસ ,,
૧ ૪ ૦ ,, બાપુલાલ નીહાલચંદ ,,
૧ ૪ ૦ ,, ભગવાનદાસજી નવલમલજી. ,,
૧ ૪ ૦ ,, લવજીભાઇ ઝવેરચંદ ,,
૧ ૦ ૦ ,, કેશવલાલ પુરશોતમ કડી
૧ ૪ ૦ ,, છગનલાલ ઉતમરામ કઠોર
૧ ૮ ૦ ,, આણંદમલજી સાગરમલજી. કલકત્તા
૧ ૪ ૦ ,, આનંદચંદ રીપાણી ,,
૧ ૪ ૦ ,, ચોથમલજી વૃદ્ધીદાસજી કલ્યાણ
૨ ૪ ૦ ,, નરસીંહ સવજી રીખવ સવજી કરંજા
૨ ૪ ૦ ,, ગીરધારીલાલજી ધરમચંદજી. કટંગી
૨ ૪ ૦ ,, જેઠમલજી ભેરૂદાનજી ,,
૧ ૪ ૦ ,, બીજરાજજી મુળચંદજી ,,
૧ ૪ ૦ ,, જેઠાલાલ ડાહ્યાજી કવેટા
૧ ૦ ૦ ,, મુળચંદજી જેઠમલજી કાંપટી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| २ ४ ० | ,, हरखचंद रीखवदास कारावड | छोटा | १ ४ ० | ,, रामराजजी हवालदार | आजवाणा |
| १ ४ ० | ,, अमथाभाई पीतांबरदास | कासींद्रा | १ ४ ० | ,,लालजीभाई शीवजीभाई | खंडवा |
| | | | १ ४ ० | ,, रवजीभाइ देवराज | खाखर मोटी |
| १ ० ० | ,, दोलतरामजी भंडारी | कारुखेडा | १ ४ ० | ,, मानशंग टोकरशी | खाखरा |
| १ ४ ० | ,, तेजशी रायचंद | कीशनगर | १ ४ ० | ,, सोहानपाळ नारणदास | खाचरोड |
| १ ४ ० | ,, ओपाजी डुंगरचंद | कुकशी | १ ४ ० | ,, [illegible] | [illegible] |
| १ ४ ० | ,, मनरुपजी देवीचंदजी | ,, | १ ४ ० | ,, साहेबचंदजी मेहेता | खीमेल |
| १ ४ ० | ,, प्रेमराज मोतीचंद | कुरकुवाडी | ० ५ ० | ,, उजमचंद वखतचंद | खामत |
| १ ४ ० | मेसर्स लक्ष्मीचंद जीवणु कां. | कुरला | १४ ० | ,, हरगोवींद कसनदास | खेडा |
| १ ४ ० | शेठ मोनजीभाइ त्रीकमभाइ | कुंडला | १ ४ ० | श्री सुमति रत्नसुरी लाइब्रेरी. | ,, |
| १ ४ ० | ,, अमीचंद देवचंद | कुंभण | १ ४ ० | शेठ शोभालालजी श्रीमल | खेतरी |
| १ ४ ० | ,,गोवरधनदास गोपालजी | कोसीन | १ ४ ० | ,, गुलाबचंदजी शोभा गमलजी. | ग्वालीअर |
| १ ४ ० | ,, रुपचंद रामचंद | कोपरगाम | | | |
| ० १२ ० | ,, भीमजी दामजी | कंटवा | २ ४ ० | ,, फुलचंद हकमचंद | गडहींगलाज |
| १ ४ ० | ,, चेलादास लीलाचंद | खरसदा | १ १२ ० | ,, सांवाजी भुधाजी | गांतुर. |

बाकीनुं लीस्ट आवता अंकमां आपवामां आवशे.


## एक बहुतही नवीन सुन्दर ग्रन्थ।

# जैनसम्प्रदायशिक्षा।

## श्वेताम्बर धर्मोपदेष्टा यति श्रीश्रीपालचन्दरचित.

इस महत्वके ग्रन्थमें स्त्रीपुरुषोंका धर्म, पतिपत्नीसम्बंध, पाणिग्रहण, रजोदर्शन, गर्भाधान, गर्भावस्थासे लेकर जन्म, कुमार, युवा और वृद्धावस्थातककी कर्तव्य शिक्षायें, आरोग्यरक्षा, [illegible] पूर्वरूप, उपशम, डाक्टरी और देशी रीतिसे रोगोंकी परीक्षा, चिकित्सा, पथ्यापथ्य, दुग्ध, घृत, तेल, दधि, तक्र, फल, तरकारी, कन्द, मूल, क्षार, नमक, शक्कर, गुड आदि सबको पदार्थोंके गुणदोष, व्यायाम, वायुसेवन, आदि वैद्यकसम्बन्धी सम्पूर्ण वातोंका वर्णन बडे विस्तारके साथ सरल भाषामें कोई पांचसौ पृष्ठोंमें लिखा है. इसके सिवाय, व्याकरण, सामान्यनीति, राजनीति, सुभाषित, ओसवाल, पोरवाल, महेसुरी, जातियोंकी उत्पत्ति, बाहर वा चौरासी जातियोंका वर्णन, ज्योतिष, स्वरोदय, शकुनविद्या, स्वप्नविचार आदि अनेकानेक विषयोंकाभी इसमें संग्रह है। एक बडेही अनुभवी विद्वानने अपने जीवनभरके अनुभवोंको इसमें संग्रह करके सर्व साधारणके उपकारके लिये प्रकाशित किया है। यद्यपि इसका नाम जैनसम्प्रदायसे सम्बंध रखता है, परन्तु यथार्थ तो इसमें जिन विषयोंका वर्णन किया गया है, वे सबहीके लिये उपयोगी हैं। वैद्यक विषयकातो इसको एक अपूर्वही पुस्तक समझना चाहिये। हम प्रत्येक गृहस्थसे आग्रह करते हैं कि, वह इस ग्रन्थकी एक एक प्रति मंगाकर अपने यहां अवश्य ही रक्खें और गृहस्थाश्रमकी शोभाको बढावें। क्योंकि इसका "गृहस्थाश्रमशीलसौभाग्यभूषणमाला" जो दूसरा नाम है, वह बिलकुल ठीक है। सब लोकोंके सुभीतेके लिये रायल आठपेजी साइजके ८०० पृष्ठके इस बडेभारी कपडेकी जिल्द बंधे हुए ग्रन्थकी कीमत केवल ३॥) रुपये रक्खी है। डाकमहसूल ॥) आना.

पुस्तक मिलनेका पता:—**तुकाराम जावजी,**

निर्णयसागर प्रेसके मालिक—**बम्बई.**